વિવિધ

# પૂજાસંગ્રહ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિવિધ પૂજાસંગ્રહ

## ભાગ ૧ થી ૭

શ્રી
જીવનમણિ
ટ્રસ્ટ
સંસ્કારિત
ચૌદમું સંસ્કરણ
વિ. સં. ૨૦૫૦

પ્રકાશક
શ્રી જૈન પ્રકાશન મંદિર
૩૦૯/૪ ખત્રીની ખડકી,
દોશીવાડાની પોળ,
અમદાવાદ-૧

મૂલ્ય :

મૂલ્ય : પાંસઠ રૂપિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્વરૂપે દીસે સાવદ્ય**
**અનુબંધે પૂજા નિરબંધ.**

# અમૃતના ઘૂંટડા

## (ત્રીજી આવૃત્તિમાંથી ઉદ્ધૃત)

**અ**મૃતના પિપાસુ રાજહંસોને અમૃતની પ્રાપ્તિ માટે ભક્તિમાર્ગ જેવો સરલ ને સહજસાધ્ય માર્ગ બીજો કોઈ નથી; એમાંય ગીત, નૃત્ય ને સંગીત ભર્યું પૂજા જેવું પ્રબલ છતાં સુકર ને સુખસાધ્ય અન્ય સાધન જવલ્લે જ જડે એવું છે.

આ ચંચળ યુગમાં નિવૃત્તિની નદીઓમાં તરવું સહજ નથી, ઘોંઘાટિયા જમાનામાં ધ્યાન ધારણાના ડુંગરા ચડવા દોહ્યલા બન્યા છે. ક્રિયા અને તપ એકમાર્ગી બન્યા છે. આજના માનવીને ગળથૂથીમાં જ કીર્તિ ને કાંચનની ભૂખ મળી છે, અને જ્યારે વિષયને વેગળા કરવા એ ખાંડાની ધાર પર ચાલવા જેવું કઠિન બન્યું છે, એવે ટાણે ભક્તિ-ઉત્સવનો આ રંગ ખરેખર જીવન-વધામણાં જેવો બની રહે છે.

પંચમ કાળે જિનબિંબ ને જિનાગમ ધર્મનાં મુલ્ય અવલંબન બન્યાં છે; અને જિનપ્રતિમાને જ્યારે જિનસરખી કહી છે, ત્યારે પૂજા એ ખરેખર હૃદયનો ધર્મ વૈભવ બની રહે છે.

પૂજાના ગીતાર્થ રચયિતાઓએ જિનચરિત્ર ને જિનાગમોનો સકલ સાર પૂજાઓની ગીતીરીતિમાં સહજ રીતે ભરી દીધો છે, જેથી સ્ત્રી, બાળક કે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સામાન્ય ભણેલ જનસમાજને એ અમૃત રસનું પાન ખૂબ સુગમ બને.

આ પૂજાઓ ભવરોગીને નિર્દોષ કાષ્ઠ ઔષધિની જેમ ગુણકારી બને છે; કર્મોદયે કદાચ ગુણકારી ન બને તો પણ અવગુણ તો કરતી જ નથી.

આપણે એટલું યાદ રાખવું જોઈએ કે આધ્યાત્મિક પાયા પર જ ભારત વર્ષનું જીવનગઠિત થયું છે. સાદાઈ, સરળતા, સમાનતા ને ત્યાગ એ ધર્મના ચાર પાયા છે. દેવમંદિરો, ધર્મમંદિરો, જ્ઞાનમંદિરો તો આ ચારના પ્રતીક હોવાં ઘટે.

છીછરી મોટાઈ, નિરર્થક આડંબરો, ખોટાં દેખાવો, ઉદ્ભટ વેશભૂષાઓ ને સાંસારિક આલાપ-પ્રલાપો આ પ્રસંગે સર્વથા વર્જ્ય ગણવા જોઈએ. આત્મા મલ્લ છે, મન પ્રતિમલ્લ છે. મનની મોટાઈ કરતાં આત્મિક મોટાઈ તરફ આ પ્રસંગે ચિત્ત રાખવામાં આવે તો પૂજાની ગીતિ ને નીતિ બંને જરૂર હૃદયને સ્પર્શ્યા વગર રહે નહિ. સહજ ભાવે કલ્યાણ માર્ગ સાંપડી રહે.

પૂજામાં વપરાતા પદાર્થોની સંખ્યા કે શોભા તરફ વિશેષ લક્ષ આપવા કરતાં ગીતાર્થ મુનિઓએ એ પ્રત્યેક વસ્તુને જેના પ્રતીક તરીકે રજૂ કરી છે. એ પ્રતીકોને સ્મરણ કરવાં ઘટે, જેમ કે કેસર પૂજા એ કેવલ જ્ઞાનનું પ્રતીક છે; ફળથી મોક્ષફળની યાદ લાવવાની છે; ધૂપથી ભવતારિણી ત્યાગ વૈભવ ભરી દીક્ષાની કલ્પના કરવાની છે; નૈવેદ્યથી અણાહારી પદની અંતરઝંખના સાકાર કરવાની છે. જળ એ અતાગ ભવસાગરનું પ્રતીક છે. ને સ્વસ્તિક એ દેવ મનુષ્ય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિર્યંચ ને નારકી એ ચાર ગતિનું ચિહ્ન છે.

અક્ષતથી એ ચિંતવવાનું છે કે ફરી ભવબીજ ન પાંગરે તેવા અક્ષત-અણનમ પ્રયત્ન કરવાનો છે.

સંસારમાં ભૂલ કેટલી સ્વાભાવિક છે ને કેટલાંક પાપ કેવાં સહજ છે, એ સર્વની અનુભૂતિની ઘટના છે. એ સર્વ અપરાધોને-દોષોને દૂર કરવા માટે પૂજા પ્રતિક્રમણ વગેરે ચિત્ત શુદ્ધિના પ્રયોગો છે, ક્ષમાપના એ એનું અમૃત છે.

પૂજા-ભાવનાની સફળતા ચિત્તશુદ્ધિમાં છે, નહિ તો તે વ્યર્થ આડંબર બની રહે. કદાચ શુદ્ધિ ઓછી વત્તી થાય તો ય પૂજાપઠન તો અત્તરિયાના દુકાને જવા જેવો ઘાટ છે, ત્યાં માલ વહોરાય તો સારું, નહિ તો ગંધ તો મળવાની જ છે ! ફળની પ્રાપ્તિ કર્મ પર પણ અવલંબિત હોય છે છતાં સાચદિલના સાધકને વહેલી મોડી પણ સિદ્ધિ વર્યા વગર રહેતી નથી, એ સુનિશ્ચિત છે.

ભક્તિમાર્ગનો વેગવંત પ્રવાહ અસ્તિત્વમાં આવ્યો અગિયારમી સદીમાં. ક્યાં જન્મ્યો, કોણે જન્માવ્યો, એ પ્રશ્નો આજે નિરર્થક છે. સમસ્ત ભારત એ માર્ગનું પુણ્યપ્રવાસી બની ગયું. એમાં જૈનોએ રાસ-રાસાઓ વગેરે સાથે આ પૂજાગીતિની રચના દ્વારા અગ્રગણ્ય ભાગ ભજવ્યો. એણે ગુજરાતી પદ્ય સાહિત્યને ઘડવામાં કેટલો મોટો ફાળો આપ્યો તે આજના ભાષા શાસ્ત્રીઓ માટે નિર્ણીત કરવાનો વિષય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



આપણે એવા રચયિતાઓનાં કેટલાંક પુણ્ય નામો અત્રે સ્મરીને તેઓને વંદન કરવાં જોઈએ, જેમાં પંડિત શ્રી વીરવિજયજી, ઉપા. સકલચંદ્રજી પં. ઉત્તમવિજયજી, પં. રૂપવિજયજી, પં. પદ્મવિજયજી, શ્રી જ્ઞાનવિમલસૂરિ, શ્રી દેવચંદ્રજી, શ્રી વિજયલક્ષ્મીસૂરિ, શ્રીમદ્ યશોવિજયજી, શ્રી દીપવિજયજી, શ્રી આત્મારામજી, શ્રી માણેક સિંહસૂરિ, શ્રી બુદ્ધિસાગરસૂરિ, પં. શ્રી ક્ષમાલાભજી, શ્રી મેઘરાજ મુનિ, શ્રી ધર્મચંદ્રજી. આ ઉપરાંત આધુનિક ગીતિકારોનાં નામો પણ ભૂલ્યાં ભુલાય તેમ નથી !

મારા પૂજ્ય પિતાશ્રી (સ્વ. મણિલાલ ઉગરચંદ શાહ) ને પૂજા તરફ અત્યંત અનુરાગ હતો. ને પૂજા સંગ્રહ તેઓને માટે લગ્નપ્રસંગ જેવા ઉલ્લાસનો પ્રેરક હતો. તેઓશ્રીનું અહીં સંસ્મરણ કરી, એ દેહઉપકારીના નિમિત્તે ભવઉપકારક પૂજાઓ સહુ સમક્ષ રજૂ કરી કૃતાર્થ થાઉં છું.

આ પુસ્તકના રૂપરંગમાં મારા મિત્ર શ્રી જયભિખ્ખુનો મોટો હિસ્સો છે, તેની નોંધ લઉં છું. શ્રી જશવંતલાલ શાહે પોતાનો પ્રયત્નહોવા છતાં આ શ્રેય મને આપ્યું, તે તેમની આત્મીયતા દાખવે છે.


**લાલભાઈ મણિલાલ શાહ**
શ્રી જીવનમણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ,
નવા વિકાસગૃહ, ઓપેરા સોસાયટી,
**અમદાવાદ-૭**


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અનુક્રમણિકા


**ભાગ પહેલો, સ્નાત્ર પૂજાઓ**

૧. સ્નાત્ર પૂજાની વિધિ ૧
૨. સ્નાત્ર પૂજા : પંડિત શ્રી વીરવિજયજી ૩
૩. શાંતિજિન કળશ : શ્રી જ્ઞાનવિમલસૂરિ ૨૪
૪. શ્રી અજિતનાથ જિનનો કળશ ૩૬
૫. શ્રી વર્ધમાન જન્માભિષેક કળશ ૩૯
૬. સ્નાત્ર પૂજા : શ્રી દેવચંદ્રજી ૪૬
૭. શ્રી અઢીસો અભિષેક ૫૮

**ભાં. બીજો, પંડિતશ્રી વીરવિજયજીકૃત પૂજાઓ**

૧. શ્રી પંચકલ્યાણક પૂજા ૬૧
૨. **શ્રી નવાણું પ્રકારી પૂજા ૮૧**
૩. **શ્રી બાર વ્રતની પૂજા ૧૦૧**

**ભાગ ત્રીજો**

૧. વીશ સ્થાનક તપ પૂજા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ ૧૨૯
૨. સત્તર ભેદી પૂજા : શ્રી સકલચંદ્રજી ઉપા. ૧૪૫

**ભાગ ચોથો**

૧. નવપદ પૂજા : શ્રીમદ્ ઉપા. યશોવિજયજી ૧૮૪
૨. શ્રી નવપદ પૂજા : પં. શ્રી પદ્મવિજયજી ૨૦૬

**ભાગ પાંચમો**

૧. શ્રી અષ્ટાપદની પૂજા : પં. દીપવિજયજી ૨૨૦
૨. શ્રી નંદીશ્વર દ્વીપ પૂજા : શ્રી ધર્મચંદ્રજી કૃત ૨૪૫
૩. શ્રી વેદનીયકર્મ પૂજા ૨૬૮
૪. મોહનીય કર્મ પૂજા ૨૭૭
૫. અંતરાય કર્મ પૂજા ૨૯૧
૬. શ્રી પ્રભુ પુંખણાંના ત્રણ સ્તવનો ૩૦૮
૭. પંચકલ્યાણક પૂજા તથા વાસ્તુક પૂજા માટે સામગ્રીની યાદી ૩૧૨

**ભાગ ૬ઠ્ઠો**

શ્રી ચોસઠ પ્રકારી પૂજા પંડિત વિરવિજયજી કૃત ૩૨૧




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




| | |
|---|---|
| શ્રી જ્ઞાનવરણીયકર્મ પૂજા | ૩૨૨ |
| **શ્રી દર્શનાવરણીયકર્મ પૂજા** | **૩૩૬** |
| શ્રી આયુકર્મ નિવારણ પૂજા | ૩૪૭ |
| શ્રી નામકર્મ નિવારણ પૂજા | ૩૫૭ |
| શ્રી ગોત્રકર્મ પૂજા | ૩૬૭ |
| શ્રી દેવપાલ કવિકૃત સ્નાત્રપૂજા | ૩૭૮ |
| શ્રી આદિનાથ જન્માભિષેક કળશ | ૩૮૧ |
| શ્રી પાર્શ્વનાથ કળશ | ૩૮૫ |
| શ્રી અષ્ટપ્રકારી પૂજા પં. વિરવિજયજી કૃત | ૩૮૯ |
| શ્રી પિસ્તાલીશઆગમ પૂજા " | ૪૦૫ |
| શ્રી પંચકલ્યાણ પૂજા પં. રૂપવિજયજી કૃત | ૪૨૩ |
| શ્રી નવાણું અભિષેકની પૂજા શ્રી પદ્મવિજયજી કૃત | ૪૪૩ |
| શ્રી સત્તરભેદી પૂજા શ્રીમદ આત્મારામજી કૃત | ૪૫૭ |
| શ્રી વાસ્તુક પૂજા આ. બુદ્ધિસાગરજી કૃત | ૪૭૫ |
| શ્રી વાસ્તુક પૂજા શ્રીમદ્ વિજયમાણિકયસિંહસૂરીશ્વરજી કૃત | ૪૮૪ |
| શ્રી આદિજીન પંચકલ્યાણક પૂજા પં. ધુરંધરવિજયજી કૃત | ૫૦૨ |
| **શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા પં. શ્રી યશોભદ્રવિજયજી કૃત** | **૫૩૨** |
| **ભાગ ૭મો** | |
| શ્રી ગિરનાર મંડન શ્રી નેમિનાથની **૧૦૮ પ્રકારી પૂજા હંસવિજયજી કૃત** | **૫૫૩** |
| શ્રી મહાવીર જિન પંચકલ્યાણક પૂજા માણેકસિંહસૂરિ કૃત | ૫૮૩ |
| શ્રી દાદાસાહેબની પૂજા રામઋદ્ધજી કૃત | ૬૧૭ |
| શ્રી ઋષિમંડલ પૂજા આ. વિજયવલ્લભસૂરિકૃત | ૬૩૫ |
| **પરિશિષ્ટ** | |
| ૧ **શ્રી શાંતિજિન આરતીઓ, મંગલદીવો વિગેરે** | ૧ |
| ૨ **આધ્યાત્મિક પદસંગ્રહ** | ૫ |
| ૩ પૂજા ભણાવતી વખતના રાગોના દુહા | ૯ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આંખને ગમે તેવું

હૃદયને રૂચે તેવું

આત્માને સ્પર્શે તેવું

અપૂર્વ રંગરંગીન પ્રકાશન

શ્રી જિનેન્દ્ર

# દર્શન ચોવીસી

તથા

## અનાનુપૂર્વી

સંપૂર્ણ પરિકર સાથેના પૂર્ણરંગી ધ્યાનયોગ.

**ચોવીસ જિનેન્દ્રનાં ચિત્રો**

શ્રી ગૌતમ ગણધર, શ્રી સિદ્ધચક્ર, વીસ સ્થાનક,
શ્રી ઘંટાકર્ણ, શ્રી માણિભદ્ર, શ્રી પદ્માવતી,
શ્રી અંબિકા, શ્રી ચક્રેશ્વરી તથા શત્રુંજય
આદિ તીર્થોનાં

**૪૮ ચિત્રો સાથે**

તમામ આર્ટ પેપર : પ્લાસ્ટીક કવર સાથે

**વધુ માહિતી માટે**

**લખો**

**જૈન પ્રકાશન મંદિર**

૩૦૯/૪, ખત્રીની ખડકી,
દોશીવાડાની પોળ, અમદાવાદ - ૩૮૦૦૦૧
ફોન ૩૫૬૮૦૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

।। श्री आदीश्वर भगवान ।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-:પ્રકાશક:- શ્રી જૈન પ્રકાશન મંદિર અમદાવાદ-૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री शङ्खेश्वर पार्श्वनाथाय नमः।

# શ્રી વિવિધ પૂજા-સંગ્રહ

પૂજાસંગ્રહ ભાગ પહેલો :–

## સ્નાત્રપૂજાઓ.

[શ્રી પંચ કલ્યાણકાદિક કોઈ પણ પૂજા ભણાવવાની હોય ત્યારે તે પૂજા ભણાવવાનું શરૂ કરતાં પહેલાં સ્નાત્રપૂજા ભણાવવાનો વિધિ છે. તેથી, તેમજ એકલી સ્નાત્રપૂજા પણ ભણાવી શકાય છે તેથી, વિવિધ પૂજા સંગ્રહના પહેલા ભાગમાં 'સ્નાત્ર પૂજાઓ'નો સંગ્રહ આપવામાં આવ્યો છે.

## સ્નાત્રપૂજાનો વિધિ.

પોતાના હૃદયની ભાવશુદ્ધિ તથા સ્નાનાદિકથી દ્રવ્યશુદ્ધિ કરીને પોતાના ભાલે કેસરનું તિલક કરીને.

૧. ઉપર ચંદરવો બાંધેલો હોય એવી જગ્યાએ. ભૂમિ શુદ્ધિ કરીને, ત્રણ ગઢોની કલ્પનાથી ત્રણ સુંદર બાજોઠો પધરાવવા; અને તેના ઉપર સિંહાસન પધરાવવું.

૨. પછી, સૌથી નીચેના બાજોઠ ઉપર વચમાં કુમકુમ-કેસરનો સાથિયો (સ્વસ્તિક) કરી, એ સાથિયા ઉપર અક્ષત–ચોખા પૂરીને તેના ઉપર શ્રીફળ પધરાવવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. પછી, તે સાથિયાની સન્મુખ, બીજા ચાર સાથિયા કુમકુમકેસરના કરવા. આ ચાર સાથિયાઓ ઉપર નાડાછડી બાંધેલા અને પંચામૃત (દૂધ, દહીં, ઘી, પાણી અને સાકરનું મિશ્રણ)થી ભરેલા ચાર કળશો પધરાવવા.

૪. પછી, સિંહાસનના મધ્ય ભાગમાં કેસરનો સાથિયો કરી, તે સાથિયા ઉપર અક્ષત પુરીને, તેના ઉપર રૂપાનાણું મૂકવું અને તે પછી સાથિયા ઉપર ત્રણ નવકાર ગણીને ધાતુના પરિકરવાળા (પંચતીર્થ) પ્રતિમાજી પધરાવવા.

૫. પછી, તે પ્રતિમાજીની આગળ કેસરનો બીજો સાથિયો કરી રૂપનાણું મૂકી તે ઉપર શ્રી સિદ્ધચક્રજી પધરાવવા.

૬. પછી, પ્રતિમાજીની જમણી બાજુએ, પ્રતિમાજીની નાસિકા સુધી ઊંચો ઘીનો દીપક પધરાવવો અને પ્રતિમાજીની ડાબી બાજુએ ધૂપ ગોઠવવો.

૭. પછી, બે સ્નાત્રિયાઓએ પોતાના હાથને કાંડે નાડાછડી બાંધવી. તે પછી સ્નાત્રિયાઓએ પંચામૃતથી ભરેલો કળશ બે હાથમાં લઈ, ત્રણ નવકાર ગણીને પ્રભુજીને તથા શ્રી સિદ્ધચક્રજીને પ્રક્ષાલ કરવો. (અધિક સ્નાત્રિયાઓ પણ ઉભા રહી શકે છે. કેટલીક પૂજાઓમાં અમુક સંખ્યામાં સ્નાત્રિયાઓ ઊભા રાખવાનો વિધિ છે.)

૮. પછી, પ્રતિમાજીને અને શ્રી સિદ્ધચક્રજીને કેસરપોથી, વાળાકુંચી કરીને પાણીનો પ્રક્ષાલ કરી. ત્રણ અંગલૂંછણાં કરી કેસરથી પૂજા કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯. પછી, સ્નાત્રિયાઓએ પોતાના હાથ ધૂપીને પોતાના જમણા હાથની હથેલીમાં કેસરનો ચાંલ્લો કરવો.

૧૦. પછી, જેટલા સ્નાત્રિયાઓ હોય તેટલા કેસર, ચોખા અને પુષ્પના મિશ્રણરૂપ કુસુમાંજલિના થાળ તૈયાર કરવા. કે જેથી જ્યાં કુસુમાંજલિ લઈને ઉભા રહેવાનું હોય, ત્યાં સ્નાત્રિયાઓ કુસુમાંજલિનો થાળ લઈને ઉભા રહી શકે.

ઇતિ શ્રી સ્નાત્રવિધિ

●

# ૧. પંડિત શ્રીવીરવિજયજીકૃત સ્નાત્રપૂજા

(સ્નાત્રિયાઓએ હાથમાં પંચામૃતનો કળશ લઈને ઊભા રહેવું.)

કાવ્યમ્ (દ્રુતવિલમ્બિત-વૃત્તમ્)

સરસશાન્તિસુધારસસાગરં, શુચિતરં ગુણરત્નમહાગરં,
ભવિકપંકજબોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્.૧

દુહો

કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક ।
મજ્જન પીઠે થાપીને, કરિયે જલ અભિષેક ॥ ૨

(અહીં જમણા પગના અંગૂઠે પ્રક્ષાલ અને અંગલૂંછણાં કરી પૂજા કરવી.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ગાથા-આર્યા-ગીતિ

જિણજમ્મસમએ મેરુ-સિહરે રયણ-કણય-કલસેહિં;
દેવાસુરેહિં ણ્હવિઓ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ. ૩

(અહીં કુસુમાંજલિની થાળીને લઈને ઊભા રહેવું.)

### કુસુમાંજલિ-ઢાળ

નિર્મલ જલ કલશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે;
કુસુમાંજલિ મેલો આદિ જિણંદા; સિદ્ધસ્વરૂપી અંગ
પખાલી, આતમ નિર્મલ હુઈ સુકુમાલી—કુ૦ ૪

(અહીં પ્રભુના જમણા પગના અંગૂઠે કુસુમાંજલિ મૂકવી.)

### ગાથા-આર્યા-ગીત

મચકુંદ-ચંપ-માલઈ, કમલાઇં પુપ્ફપંચ-વણ્ણાઈં;
જગનાહ-ણ્હવણ-સમએ, દેવા કુસુમાંજલિં દિન્તિ. ૫

નમોઽર્હત્ સિદ્ધા-ચાર્યો-પાધ્યાય-સર્વસાધુભ્યઃ

### કુસુમાંજલિ-ઢાળ

રયણ-સિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ
પ્રભુચરણે દીજે; કુસુમાંજલિ મેલો શાન્તિ જિણંદા. ૬

### દુહો

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણભંડાર;
તસુ ચરણે કુસુમાંજલિ, ભાવિક દુરિત હરનાર. ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમોઽર્હત્-સિદ્ધા-ચાર્યો-પાધ્યાય-સર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ-ઢાળ

કૃષ્ણાગરુ વરધૂપ ધરીજે, ¹સુગંધવર કુસુમાંજલિ દીજે,
કુસુમાંજલિ મેલો નેમિ-જિણંદા. ૮

ગાથા-આર્યા-ગીતિ

જસુ પરિમલબલદહદિસિ, મહુયરઝંકારસદ્દસંગયા;
જિણચલણો વરિ મુક્કા, સુર નર કુસુમાંજલિ સિદ્ધા. ૯

નમોઽર્હત્-સિદ્ધા-ચાર્યો-પાધ્યાય-સર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ-ઢાળ

સ જિણેસર જગ જયકારી, જલથલ ફૂલ ઉદક કરધારી;
કુસુમાંજલિ મેલો પાર્શ્વ જિણંદા. ૧૦

દુહો

મૂકે કુસુમાંજલિ સુરા, વીર ચરણ સુકુમાલ;
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણ કાલ. ૧૧

નમોઽર્હત્ સિદ્ધા-ચાર્યો-પાધ્યાય-સર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ-ઢાળ

વિવિધ કુસુમવર જાતિ ગહેવી જિનચરણે પણમંત ઠવેવી;
કુસુમાંજલિ મેલો વીર જિણંદા. ૧૨

---

¹ સુગંધકર (પા૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુ-છંદ

ન્હવણ કાલે ન્હવણકાલે દેવદાણવ સમુચ્ચિય,
કુસુમાંજલિ તહિં સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધિય,
જિણ-પય-કમલે નિવડેઇ, વિગ્ઘહર જસ નામ-મંતો;
અનંત ચઉવીસજિન, વાસવ મલીય અસેસ,
સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિશેષ,
કુસુમાંજલિ મેલો ચઉવીસ જિણંદા. ૧૩

નમોઽર્હત્ સિદ્ધા-ચાર્યો-પાધ્યાય સર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ-ઢાળ

અનંત ચઉવીસી જિનજી જુહારું, વર્તમાન ચઉવીસી સંભારું; કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા. ૧૪

દુહો

મહાવિદેહે સંપ્રતિ, વિરહમાન જિન વીશ;
ભક્તિ ભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ. ૧૫

નમોઽર્હત્ સિદ્ધા-ચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ-ઢાળ

અપછરમંડલિ ગીત ઉચ્ચારા, શ્રી શુભ વીરવિજય જયકારા, કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા. ૧૬

શ્રી કુસુમાંજલિ સમાપ્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રદક્ષિણાના દુહા

કાળ અનાદિ અનંતથી, ભવ ભ્રમણનો નહીં પાર,
તે ભ્રમણા નિવારવા, પ્રદક્ષિણા દેઉં ત્રણ વાર. ૧

ભમતીમાં ભમતાં થકાં, ભવ ભાવઠ દૂર પલાય,
દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય. ૨

જન્મ મરણાદિ ભયટળે, સીઝે એ દર્શન કાજ,
રત્નત્રય પ્રાપ્તિ ભણી, દર્શન કરો જિનરાજ. ૩

જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ દેત,
જ્ઞાનવિના જગ જીવડા, ન લહે તત્ત્વ સંકેત. ૪

ચય ને સંચય કર્મનો, રિક્ત કરે વળી જેહ,
ચારિત્ર નિર્યુક્તિએ કહ્યું, વંદો તે ગુણ ગેહ. ૫

દર્શન જ્ઞાન ચારિત્ર એ, રત્નત્રયી શિવ દ્વાર,
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવદુઃખ ભંજનહાર. ૬

(પછી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું)

ઇચ્છા કારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું ? ઇચ્છં.

જગચિંતામણિ જગનાહ, જગગુરૂ, જગરક્ખણ, જગબંધવ, જગસત્થવાહ, જગભાવવિઅક્ખણ, અટ્ઠાવય સંઠવિઅ રૂવ, કમ્મટ્ઠ વિણાસણ, ચઉવીસંપિ જિણવર જયંતુ, અપ્પડિહય સાસણ.

કમ્મભૂમિહિંકમ્મભૂમિહિં, પઢમ સંઘયણિ ઉક્કોસય સત્તરિસય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિણવરાણ વિહરંત લબ્ભઇ, નવકોડિહિં કેવલિણ, કોડિ સહસ્સ નવ સાહૂ ગમ્મઈ; સંપઈ જિણવર વીસ, મુણિ બિહું કોડિહિં વરનાણ; સમણહ કોડિસહસ્સ દુઅ, થુણિજજઈ નિચ્ચ વિહાણિ.

જયઉ સામિય જયઉ સામિય, રિસહ સત્તુંજિ, ઉજ્જિંતિ પહુ નેમિજિણ, જયઉ વીર સચ્ચઉરિમંડણ, ભરૂઅચ્છહિં મુણિસુવ્વય, મુહરિપાસ દુહ–દુરિઅ–ખંડણ, અવર વિદેહિં તિત્થયરા, ચિહું દિસિ વિદિસિ જિંકેવિ; તિઆણાગય–સંપઇય,વંદું જિણ સવ્વેવિ. ૩

સત્તાણવઈ સહસ્સા, લક્ખા છપ્પન્ન અટ્ઠકોડિઓ; બત્તિસય બાસિઆઇં, તિઅલોએ ચેઈએ વંદે. ૪

પનરસ કોડિ સયાઈ; કોડિ બાયાલ લક્ખ અડવન્ના; છત્તીસ સહસ અસિઈ; સાસય બિંબાઈ પણમામિ. ૫.

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ; જાઈ જિણ બિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

પછી બે હાથ જોડીનેઃ—

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઇગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, પુરિસુત્તમાણં, પુરિસસીહાણં પુરિસવરપુંડરીઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩ લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં. ૫. ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટિણં. ૬. અપ્પડિહયવરનાણદંસણધરાણં, વિઅટ્ટછઉમાણં. ૭. જિણાણં, જાવયાણં, તિન્નાણં, તારયાણં, બુદ્ધાણં, બોહયાણં, મુત્તાણં, મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવ–મયલ–મરુઅ–મણંત–મક્ખય–મવ્વાબાહ – મપુણરાવિત્તિ– સિદ્ધિગઈનામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

જાવંતિ ચેઈઆઇં, ઉડ્ઢે અ, અહે અ, તિરિયલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઇહ સંતો તત્થ સંતાઈ. ૧.

ઇચ્છામિ, ખમાસમણો, વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાવંત કેવિ સાહૂ, ભરહેરવય મહાવિદેહે અ; સવ્વેસિં તેસિં પણુઓ, તિવિહેણુ તિદંડ વિરયાણું. ૧.
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વ સાધુભ્યઃ

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મધણુમુક્કં; વિસહર–વિસનિન્નાસં, મંગલ કલ્લાણુ આવાસં. ૧. વિસહર ફુલિંગ મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓઃ તસ્સ ગહ રોગ મારિ, દુટ્ઠજરા જંતિ ઉવસામં. ૨ ચિટ્ઠઉ દૂરે મંતા, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ; નરતિરિએસુવિ, જીવા, પાવંતિ ન દુક્ખદોગચ્ચં. ૩. તુહ સમ્મતે લદ્ધે, ચિંતામણિકપ્પપાયવબ્ભહિએ; પાવંતિ અવિગ્ઘેણું, જીવા અયરામરં ઠાણું. ૪. ઈઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભર નિબ્ભરેણુ હિયએણુ, તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણુચંદ. ૫

પછી લલાટ સુધી બે હાથ જોડી :— જય વીય-રાય જગગુરૂ, હોઉ મમં તુહ પભાવઓ ભયવં, ભવનિવ્વેઓ મગ્ગાણુસારિયા ઈટ્ઠફલ સિદ્ધિ. ૧. લોગ-વિરુદ્ધચ્ચાઓ, ગુરૂજણુપૂઆ પરત્થકરણું ચ; સહગુરૂ-જોગો તવ્વયણુ,–સેવણા આભવમખંડા. ૨. વારિજ્જઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જઈ વિ નિયાણુ બંધણું, વીયરાય તુહ સમએ; તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણું.
૩. દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણું ચ બોહિલાભો અ; સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ પણામ કરણેણું.
૪. સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં, પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ. ૫

(પછી સ્નાત્રીઆએ હાથ ધોઈ ધૂપીને હાથમાં કળશ લઈ મુખકોશ બાંધી ઊભા રહેવું)

**[ પછી સ્નાત્રિયા દુહા સહિત ત્રણ પ્રદક્ષિણાપૂર્વક ત્રણ ખમાસમણ દેવા ]**

**અથ કળશ**

**દુહા**

સયલ જિણેસર પાય નમી, કલ્યાણક વિધિ તાસ;
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ. ૧

**ઢાળ**

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા; વીશ સ્થાનક વિધિએ તપ કરી, એસી ભાવદયા દીલમાં ધરી. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો હોવે મુજ શક્તિ ઇસી, સવિજીવ કરું શાસનરસી;
શુચિ રસ ઢળતે તિહાં બાંધતા, તીર્થંકર નામ નિકાચતા. ૨

સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી;
ચ્યવી પન્નર ક્ષેત્રે અવતરે, મધ્ય ખંડે પણ રાજવી કુલે. ૩

પટરાણી કૂખે ગુણનીલો, જેમ માનસરોવર હંસલો;
સુખ શય્યાએ રજની શેષે, ઊતરતાં ચૌદ સુપન દેખે. ૪

ઢાળ-સ્વપ્નની

પંહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઇઠો;
ત્રિજે કેશરી સિંહ, ચોથે લક્ષ્મી અબીહ. ૧

પાંચમે ફૂલની માળા, છઠ્ઠે ચંદ્ર વિશાળા;
રવિ રાતો ધ્વજ મહોટો, પૂરણ કળશ નહિ છોટો. ૨

દશમે પદ્મ સરોવર, અગીયારમે રત્નાકર;
ભુવન વિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂમ વર્જી ૩

સ્વપ્ન લહી જઇ રાયને ભાષે, રાજા અર્થ પ્રકાશે;
પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફળશે. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુ છંદ

અવધિ–નાણે અવધિ–નાણે, ઊપના જિનરાજ
જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર;
મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મ ઉદય પરભાત સુંદર;
માતા પણ આનંદિયાં, જાગતી ધર્મ વિધાન,
જાણંતિ જળ–તિલક સમો, હોશે પુત્ર પ્રધાન. ૧

દુહો

શુભ લગ્ને જિન જનમીયા, નારકીમાં સુખ જ્યોત;
સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત. ૧

ઢાળ (કડખાની દેશી)

સાંભળો કળશ જિન–મહોત્સવનો ઇહાં,
છપ્પન કુમરી દિશિ વિદિશિ આવે તિહાં;
માય સુત નમીય, આણંદ અધિકો કરે,
અષ્ટ સંવર્ત્ત–વાયુથી કચરો હરે. ૧
વૃષ્ટિ ગંધોદકે, અષ્ટ કુમરી કરે,
અષ્ટ કલશા ભરી, અષ્ટ દર્પણ ધરે.
અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી,
ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘર કરી કેળનાં, માય સુત લાવંતી,
કરણુ શુચિકર્મ, જલ-કળશે ન્હવરાવતી,
કુસુમ પૂજી, અલંકાર પહેરાવતી,
રાખડી બાંધી જઈ, શયન પધરાવતી. ૩

નમીય કહે માય! તુજ, બાળ લીલાવતી,
મેરુ રવિ ચંદ્ર લગે, જીવજો જગપતિ;
સ્વામી-ગુણુ ગાવતી, નિજ ઘર જાવતી,
તેણે સમે ઈન્દ્ર-સિંહાસન કંપતી. ૪

ઢાળ (એકવીશાની દેશી)

જિન જનમ્યાજી, જિણુ વેળા જનની ઘરે,
તિણુ વેળાજી, ઈન્દ્ર-સિંહાસન થરહરે;
દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા,
દિશિનાયકજી, સોહમ ઈશાન બેહુ તદા. ૧

ત્રોટક-છંદ

તદા ચિંતે ઈન્દ્ર મનમાં, કોણુ અવસર એ બન્યો,
જિનજન્મ અવધિનાણે જાણી, હર્ષ આનંદ ઉપન્યો;
સુઘોષ આદે ઘંટ નાદે, ઘોષણા સુરમેં કરે,
સવિ દેવી દેવા જન્મમહોત્સવે, આવજો સુરગિરિવરે. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(અહીં ઘંટ વગાડવો)

ઢાળ-પૂર્વલી

એમ સાંભળીજી, સુરવર કોડી આવી મલે,
જન્મ-મહોત્સવજી, કરવા મેરુ ઉપર ચલે;
સોહમપતિજી, બહુ પરિવારે આવીયા,
માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવીયા. ૩

(અહીં પ્રભુને ચોખાથી વધાવવા.)

ત્રોટક છંદ.

વધાવી બોલે હે રત્નકુક્ષિ-ધારિણી ! તુજ સુતતણો,
હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિઘણો;
એમ કહી જિન-પ્રતિબિંબ સ્થાપી, પંચ રૂપે પ્રભુ ગ્રહી,
દેવ દેવી નાચે હર્ષે સાચે, સુરગિરિ આવ્યા વહી. ૪

ઢાળ-પૂર્વલી.

મેરુ ઉપરજી, પાંડુકવનમેં ચિહું દિશે,
શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે;
તિહાં બેસીજી, શક્રે જિન ખોળે ધર્યા,
હરિ ત્રેસઠજી, બીજા તિહાં આવા મળ્યા. ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રોટક-છંદ

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના,
માગધાદિ જળતીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિના;
અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે,
ક્ષીરજલધિ ગંગા—નીર લાવો, ઝટિતિ જિન મહોત્સવે. ૬

ઢાળ (વિવાહવલાની દેશી)

સુર સાંભળીને સંચરીયા, માગધ વરદામે ચલીયા;
પદ્મ દ્રહ ગંગા આવે, નિર્મલ જલ કલશા ભરાવે. ૧
તીરથ જલ ઔષધિ લેતા, વળી ક્ષીરસમુદ્રે જાતા;
જલ કળશા બહુલ ભરાવે, ફૂલ ચંગેરી થાળ લાવે. ૨
સિંહાસન ચામર ધારી, ધૂપધાણાં રકેબી સારી;
સિદ્ધાંતે ભાખ્યાં જેહ, ઉપકરણ મિલાવે તેહ. ૩
તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે;
કલશાદિક સહુ તિહાં ઠાવે, ભક્તે પ્રભુના ગુણ ગાવે. ૪

(રાગ ધનાશ્રી)

આતમભક્તિ મળ્યા કેઈ દેવા, કેતા મિત્તનુજાઈ
નારી પ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મ સખાઈ;
જોઇસ વ્યંતર ભવનપતિના, વૈમાનિક સુર આવે,
અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને ન્હવરાવે.
આતમ૦ ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અડજાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો,
ચઉસઠ સહસ હુઆ અભિષેકે, અઢીસેં ગુણા કરી જાણો;
સાઠ લાખ ઉપર એક કોડી, કળશાનો અધિકાર,
બાસઠ ઇન્દ્રતણા તિહાં બાસઠ, લોકપાલના ચાર,
આતમ૦ ૨

ચન્દ્રની પંક્તિ છાસઠ છાસઠ, રવિસેણિ નરલોકો,
ગુરુસ્થાનક સુરકેરો એકજ, સામાનિકનો એકો;
સોહમપતિ ઇશાન પતિની, ઇદ્રાણીના સોલ,
અસુરની દશ ઇન્દ્રાણી નાગની, બાર કરે કલ્લોલ,
આતમ૦ ૩

જ્યોતિષ વ્યંતરઇન્દ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો,
કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો;
પરચુરણસુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો,
ઇશાન ઇન્દ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો.
આતમ૦ ૪

તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે,
વૃષભ રૂપ શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગરોલે;
મંગળદીવો આરતિ કરતાં, સુરવર જય જય બોલે.
આતમ૦ ૫

ભેરી ભૂંગલ તાલ બજાવત, વળિયા જિન કર ધારી,
જનની ઘર માતાને સોંપી, એણીપેરે વચન ઉચ્ચારી,
પુત્ર તુમારો સ્વામી હમારો, અમ સેવક આધાર,
પંચ ધાવી રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણુ હાર.
આતમ૦ ૬

બત્રીસ કોડી કનક મણિ માણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે,
પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે;
કરીય અઠ્ઠાઈ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે,
દીક્ષા–કેવલને-અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે.
આતમ૦ ૭

તપગચ્છ ઈસર સિંહ–સૂરીશ્વર, કેરા શિષ્ય વડેરા,
સત્યવિજય પંન્યાસ તણે પદ, કપૂરવિજય ગંભીરા,
ખિમાવિજય તસ સુજસવિજયના, શ્રીશુભવિજય સવાયા;
પંડિત વીરવિજય શિષ્યે જિન,—જન્મ મહોત્સવ ગાયા.
આતમ૦ ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્કૃષ્ટા એકસો ને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ,
અતીત અનાગત કાલે અનંતા, તીર્થંકર જગદીશ;
સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઈ,
મંગલલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ.
આતમ૦૯

[ આરતિ મંગલ દીવા પછી ચૈત્યવંદન કરવું. ]

**શ્રી શાંતિકલશ ભણાવતાં પહેલાંનો વિધિ.**

એક ચોકૂખી કુંડીમાં કંકુનો સાથીઓ કરી, તેના ઉપર રૂપાનાણું ને ફળ મૂકવું, શાંતિકલશ કરનારને કપાળે કંકુનો ચાંલ્લો કરી અક્ષત ચોડી ગળામાં ફુલનો હાર પહેરાવવો, પછી શાન્તિકલશ કરનારના હાથમાં કંકુનો સાથીઓ કરી ( પ્રક્ષાલ જળને ગાળી ) કળશ ભરવો, પછી શાન્તિકલશ કરનારે ત્રણ નવકાર ગણી કલશની ધારા શરૂ કરવી.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વ સાધુભ્યઃ કહી નવકાર અને ઉવસગ્ગહરં ગણી નીચે મુજબ મ્હોટી શાન્તિ કહેવી.

## ।। શ્રી મોટી શાંતિઃ ।।

।। ભો ભો ભવ્યાઃ શૃણુત વચનં, પ્રસ્તુતં સર્વમેતદ્‌,
યે યાત્રાયાં ત્રિભુવન ગુરોરાર્હતા ભક્તિભાજઃ ।। તેષાં
શાંતિર્ભવતુ ભવતા—મર્હદાદિ પ્રભાવા, દારોગ્ય શ્રી ધૃતિ
મતિ કરી ક્લેશ વિધ્વંસહેતુઃ ।।૧।। ભો ભો ભવ્યલોકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈહ હિ ભરતૈરાવત વિદેહસંભવાનાં સમસ્ત તીર્થકૃતાં જન્મન્યાસનપ્રકંપાનંતર મવધિના વિજ્ઞાય સૌધર્માધિપતિઃ સુઘોષા–ઘંટા ચાલનાનંતરં સકલ સુરાસુરેન્દ્રૈઃ સહ સમાગત્ય સવિનય મર્હદ્દૂભટ્ટારકં ગૃહીત્વા ગત્વા કનકાદ્રિશૃંગે વિહિત જન્માભિષેકઃ શાંતિમુદ્દ્ઘોષયતિ યથા તતોઽહં કૃતાનુકારમિતિ કૃત્વા, મહાજનો યેન ગતઃ સ પંથા ઇતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય શાંતિમુદ્દ્ઘોષયામિ, તત્પૂજા યાત્રાસ્નાત્રાદિમહોત્સવાનંતરમિતિ કૃત્વા કર્ણં દત્વા નિશમ્યતાં નિ શમ્યતાં સ્વાહા ।। ૐ પુણ્યાહં પુણ્યાહં, પ્રીયંતાં પ્રીયંતાં ભગવંતોર્હંતઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિન સ્ત્રિલોકનાથા સ્ત્રિલોકમહિતા સ્ત્રિલોક પૂજ્યા સ્ત્રિલોકેશ્વરા સ્ત્રિલોકોદ્યોતકરાઃ ।। ૐ ઋષભ અજિત સંભવ અભિનંદન સુમતિ પદ્મપ્રભ સુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ શીતલ શ્રેયાંસ વાસુપૂજ્ય વિમલ અનંત ધર્મ શાંતિ કુંથુ અર મલ્લિ મુ નસુવ્રત નમિ નેમિ પાર્શ્વ વર્ધમાનાંતા જિનાઃ શાન્તાઃ શાંતિકરા ભવંતુ સ્વાહા ।। ૐ મુનયો મુનિપ્રવરા રિપુ વિજય દુર્ભિક્ષ કાંતારેષુ દુર્ગ માર્ગેષુ રક્ષંતુ વો નિત્યં સ્વાહા ।। ૐ હ્રીં શ્રી ધૃતિ મતિ કીર્ત્તિ કાંતિ બુદ્ધિ લક્ષ્મી મેધા વિદ્યાસાધન પ્રવેશનિવેશનેષુ સુગૃહીત નામાનો જયંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જિનેંદ્રાઃ ।। ૐ રોહિણી પ્રજ્ઞપ્તી વજ્રશૃંખલા વજ્રાં-કુશી અપ્રતિચક્રા પુરૂષદત્તા કાલી મહાકાલી, ગૌરી ગાંધારી સર્વાસ્ત્રા મહાજ્વાલા માનવી વૈરોટયા અચ્છુપ્તા માનસી મહામાનસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષંતુ વો નિત્યં સ્વાહા ।। ૐ આચાર્યોપાધ્યાય પ્રભૃતિ ચાતુર્વર્ણ્યસ્ય શ્રી શ્રમણ સંઘસ્ય શાંતિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિભર્વતુ ।। ૐ ગ્રહાશ્ચંદ્ર સૂર્યાં-ગારક બુધ બૃહસ્પતિ શુક્ર શનૈશ્ચર રાહુ કેતુ સહિતાઃ સલોકપાલાઃ સોમ યમ વરૂણ કુબેર વાસવાદિત્ય સ્કંદ વિનાયકોપેતા યે ચાન્યેપિ ગ્રામ—નગર—ક્ષેત્રદેવતાદયસ્તે સર્વે પ્રીયંતાં પ્રીયંતાં અક્ષીણ કોશ કોષ્ઠાગારા નરપતયશ્ચ ભવંતુ સ્વાહા ।। ૐ પુત્ર મિત્ર, ભ્રાતૃ, કલત્ર, સુહૃત્, સ્વજન સંબંધી બંધુ વર્ગ સહિતા નિત્યં ચામોદ પ્રમોદ-કારિણ,અસ્મિંશ્ચ ભૂમંડલાયતન નિવાસિ સાધુસાધ્વી શ્રાવક શ્રાવિકાણાં રોગોપસર્ગ વ્યાધિ દુઃખ દુર્ભિક્ષ દૌર્મનસ્યોપ-શમનાય શાંતિર્ભવતુ ।। ૐ તુષ્ટિ પુષ્ટિ ઋદ્ધિ વૃદ્ધિ માંગલ્યો-ત્સવાઃ ।। સદા પ્રાદુર્ભૂતાનિ, પાપાનિ શામ્યંતુ દુરિતાનિ ।। શત્રવઃ પરાઙ્મુખા ભવંતુ સ્વાહા ।। શ્રીમતે શાંતિનાથાય, નમઃશાંતિ વિધાયિને ।। ત્રૈલોક્યસ્યામરાધીશ, મુકુટાભ્ય-ર્ચિતાંઘ્રયે ।। ૧ ।। શાંતિઃ શાંતિકરઃ શ્રીમાન્, શાંતિંદિશતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મે ગુરૂ; ।। શાંતિરેવ સદા તેષાં, યેષાં શાંતિગૃંહે ગૃહે ।। ૨ ।। ઉન્મૃષ્ટ રિષ્ટદુષ્ટ ગ્રહગતિ દુ:સ્વપ્ન દુર્નિમિત્તાદિ ।। સંપાદિત હિત સંપન્નામગ્રહણં જયતિ શાંતે: ।।૩।। શ્રી સંઘ જગજ્જન પદ, રાજાધિપરાજસન્નિવેશાનામ્ ।। ગોષ્ઠિક પુર મુખ્યાણાં, વ્યાહરણૈ વ્યાહરેચ્છાંતિમ્ ।।૪।। શ્રી શ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ ।। શ્રી જનપદાનાં શાંતિર્ભવતુ શ્રી રાજાધિપાનાં શાંતિર્ભવતુ. શ્રી રાજસન્નિવેશાનાં શાંતિર્ભવતુ ।। શ્રી ગોષ્ઠિકાનાં શાન્તિ ર્ભવતુ ।। શ્રી પૌરમુખ્યાણાં શાંતિર્ભવતુ ।। શ્રીપૌરજનસ્ય શાંતિર્ભવતુ. શ્રી બ્રહ્મલોકસ્ય શાન્તિર્ભવતુ, ૐ સ્વાહા ૐ સ્વાહા શ્રી પાર્શ્વનાથાય સ્વાહા ।। એષા શાંતિ: પ્રતિષ્ઠા યાત્રા સ્નાત્રાદ્યવસાનેષુ ।। શાંતિ કલશં ગૃહીત્વા ।। કંકુમચંદન કર્પૂરાગરૂ ધૂપ વાસ કુસુમાંજલિ સમેત: ।। સ્નાત્ર ચતુષ્ક-કાયાં શ્રી સંઘસમેત: શુચિ શુચિ વપુ:પુષ્પ વસ્ત્ર ચંદના ભરણાલંકૃત: ।। પુષ્પમાલાં કંઠે કૃત્વા શાંતિ મુદ્ઘોષયિત્વા ।। શાતિપાનીયં મસ્તકે દાતવ્ય મિતિ ।। નૃત્યંતિ નૃત્યં મણિ પુષ્પ વર્ષં, સૃજંતિ ગાયંતિ ચ મંગલાનિ ।। સ્તોત્રાણિ ગોત્રાણિ પઠંતિ મંત્રાન્, કલ્યાણભાજો હિજિના-ભિષેકે. ૧. શિવ મસ્તુ સર્વ જગત: પરહિત નિરતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવંતુ ભૂતગણાઃ ॥ દોષાઃ પ્રયાંતુ નાશં, સર્વત્ર સુખી ભવંતુ લોકાઃ ॥૨॥ અહં તિત્થયરમાયા, સિવાદેવી તુમ્હ નયર નિવાસિની ॥ અમ્હ સિવં તુમ્હ શિવં, અસિવોસમં સિવં ભવતુ સ્વાહા ॥ ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ, છિદ્યંતે વિઘ્નવલ્લયઃ ॥ મનઃપ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ॥૪॥ સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણમ્ ॥ પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૫॥

(અહીં કળશાભિષેક કરી, પંચામૃતનો પખાલ કરવો, પછી પૂજા કરી, પુષ્પ ચઢાવી, લૂણ ઉતારી, આરતી ઉતારવી, પછી પ્રતિમાજીને આડો પડદો રાખી, સ્નાત્રીયાએ પોતાના નવ અંગે કંકુના ચાંલ્લા કરવા, પછી પડદો કાઢી નાખી મંગલ દીવો ઉતારવો. જો સ્નાત્ર ભણાવ્યા પછી તરત જ શાન્તિકલશ ભણાવવો હોય તો આ બધી ક્રિયા પછી કરવી.)

ઇતિ પંડિત શ્રી વીરવિજયજી–કૃત સ્નાત્ર પૂજા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત

## શ્રી શાન્તિનાથજીનો કલશ

(શાર્દૂલવિક્રીડિત-વૃત્તમ્)

શ્રેયઃ શ્રીજયમંગલાભ્યુદયતાવલ્લી પ્રરોહામ્બુદો,
દારિદ્રયદ્રુમકાનનૈકદલને મત્તોધ્ધુરઃ સિન્ધુરઃ ॥
વિશ્વેઽસ્મિન્ પ્રકટપ્રભાવ–મહિમા–સૌભાગ્યભાગ્યોદય;
સ શ્રીશાન્તિજિનેશ્વરોઽભિમતદો જીયાત્ સુવર્ણ–ચ્છવિઃ॥૧॥

ગદ્ય–પાઠ

અહો ! ભવ્યભવ્યાઃ ! શૃણુત તાવત્ સકલમંગલમાલા–કેલિકલનલસત્કમલલીલાસકલકરોલમ્બિતાચિત્તવૃત્તયઃ ॥ વિહિત–શ્રીમજ્જિનેન્દ્ર ભકિતપ્રવૃત્તયઃ ॥ સામ્પ્રતં શ્રીમચ્છાન્તિજિનજન્માભિષેકકલશો ગીયતે ॥

ઢાળ પહેલી

(રાગ વસંત તથા નટ્ટ, દેસાખ.)
(આરામ મંદર ભાવ–એ દેશી)

શ્રી શાન્તિ–જિનવર સયલ સુખકર કળશ ભણીએ તાસ,
જિમ ભવિક–જનને સયલ સંપત્તિ બહુલ લીલ વિલાસ;
કુરુ નામે જનપદ તિલક સમોવડ હત્થિણાઉર સાર,
જિણ નયરી કંચન રયણ ધણ ધણ સુગુણ–જન આધાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિહાં રાય રાજે બહુ દિવાજે વિશ્વસેન—નરિંદ,
નિજ પ્રકૃતિ સોમહ તેજે તપનહ માનું ચંદ દિણુંદ;
તસગુણુહ—ખાણી પટ્ટરાણી નામે અચિરા નાર.
સુખ સેજ સૂતાં ચૌદ પેખે સુપન સાર [૧]દુવાર. ૨

શ્રી શાંતિકરણ જિન શાંતિ જિનેસર દેવ,
જે યોગ—ક્ષેમંકર જગ—હિતકર નિતમેવ;
વિશ્વસેન—નરેસર વંશ મહોદધિ—ચંદ,
મૃગ—લંછન કંચનવાને શમસુખકંદ.

જે પંચમ—ચક્રી સોલસમો જિનરાય,
જસ નામે સઘળા ઇતિ—ઉપદ્રવ જાય;
આવી ઊપન્ના અચિરાદેવી—કૂખે,
નિજ મુખ ઊતરતાં ચૌદસ [૨]સુહણાં દેખે.

દુહો

ભાવારથ જેહવા હુસ્યે, દ્રવ્યભાવથી જેહ,
જિન—ગુણ દાખું લેશથી, મતિમન્દે કહું તેહ. ૧

૧ બે વાર; (શ્રી શાન્તિનાથ ભગવાનને એક ભવમાં 'તીર્થંકરની' અને 'ચક્રવર્તી' એમ બે પદવીઓ હતી, તેથી અચિરા માતાએ-દુવાર—એટલે બે વાર ચૌદ સ્વપ્નાં દેખ્યાં.

૨ સુહણાં—સ્વપ્નાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઢાલ-બીજી

### ( રાગ-વસંત, નટ અને સારંગ )

ઉન્નત સિત ગજવર ચઉવિધ ધર્મ કહંત; માનું મોહમહાગઢ તસ શિર દોટ દિયંત; ઐરાવણપતિ--તતિ સેવિત ચઉગતિ–અંત, તિણ હેતે પ્રથમ ગજ સુપને શુભ ચઉદંત ॥૧॥ સંયમભાર વહેવા ધોરી વૃષભ કહાવે, ભરતે ભવિ–ક્ષેત્રે બોધિબીજ વર વાવે; જસ ઉન્નત કકુદ ઉન્નત ગોત્ર ને વંશ, સિત અમૃત મંગલમુખ, બીજે વૃષભ અવતંસ ॥૨॥ પરતીર્થિક–શ્વાપદ પીડિત ભવિજન રાખે, એકલમલ્લ દુર્ધરસિંહ–પરાક્રમ દાખે; પરીસહ–ગજ ભેદી નહિ સહાય અબીહ, એહવા એ હોશ્યે ત્રીજે આવી એમ કહે સિંહ ॥૩॥ દેઈ વાર્ષિક દાને જિનપદ–લચ્છી લેશે, મુજ ચાપલ દૂષણ એહને સંગે મીટશે; જડ–કંટક–સંગી નિજકજ છંડી વાસ, કહે લક્ષ્મી ચોથે સુપને અર્થ વિલાસ ॥૪॥ ત્રિભુવન શિર ધરશે જસ આણા સુમદામ, નિજ જસભર સુરભિત જગત હુશ્યે ઉદ્દામ; એ પંચમ સુહણે છટ્ઠે શશધર દેખે, નિકલંક હું થાઉં તુજ સુત સંગ વિશેષે ॥૫॥ કુવલયે મુદ દેશ્યે શમ–ચંદ્રાતપ યુક્ત, હવે સપ્તમે દિનકર મિથ્યા તિમિર વિમુક્ત; ભવિ કમલ વિકાસે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનું કહે પુષ્પદંત, તુમ સુત પરિ અમ્હચો નિત્ય ઉદય પભણંત ॥ ૬ ॥ કુલ ધ્વજ તુમ્હ નંદન ધર્મધ્વજે સોહંત, સવિ ત્રિભુવનમાંહે એહિજ એક મહંત; ઈમ અટ્ઠમ સુહણે ભવિકને ભાવ જણાવે, હવે નવમે કુંભો સુપને એમ કહાવે ॥ ૭ ॥ જ્ઞાન–દર્શન–ચરિત્ર ધર્મ મહાપ્રાસાદ, તસ શિખરે ઠવશે આતમ નહિં વિખવાદ; દસમે પદ્મસરોવર સુર–કૃત –કજપદ ઠાવે, એ પાવન કરશ્યે જ્ઞાન–જલ મંગલભાવે ॥ ૮ ॥ તુજ સુત ગુણ–રયણે ગંભીરો સુગુણ મહેટ્ઠો, થયો જાણી સેવે ક્ષીરસમુદ્ર જ મીઠ્ઠો, તેહ ભણી મુજ નીરે હોજ્યો તનુ પરિભોગ, એકાદશે સુહણે માનું એ વિનતિ યોગ ॥ ૯ ॥ વળી ભવન–વિમાનાધિપ ચઉ દેવ–નિકાય, સેવિત એ હોશ્યે પાસે સુર સમુદાય, બારમે એ જાણો તેરમે રયણનો રાશી, ધન કંચન દેઈ કરશ્યે ત્રિગડેવાસી ॥ ૧૦ ॥ જ્ઞાનાદિક ગુણ–મણિ દેશ્યે ભવિને એહ, વર–વરિકા ઘોષી પૂરવપરે ગુણ–ગેહ; નિજ કર્મ–ઈંધણને ધ્યાનાનલશ્યુ જવાલી, નિજ આતમ નિર્મલ કંચન પરે અજુવાળી ॥૧૧॥ નિર્ધૂમ–અગ્નિ સમ ભવિ–સોવન કરી શુદ્ધ, ચૌદસમે સુહણે અષ્ટકર્મ ક્ષયે સિદ્ધ; ચઉદરાજની ઉપરે કરશ્યે જે અહિઠાણુ, તેહ ભણી સંપૂરણ ચૌદ સુપન મંડાણુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ૧૨ ॥ ગુણ—લક્ષણ—લક્ષિત અતિસુન્દર આકાર, જિન માતા ચૌદે દેખે સુપન ઉદાર, પણ ચક્રી—માતા કાંઇક તેજે હીણ, દેખે દોય પદધર દોય વાર ગુણ—પીણ ॥૧૩॥ કુલ-કીરતિ—થંભો કુલાધાર કુલ—મેર, કુલ સુરતરુ પાદપ જેહને નહિ ભવ ફેર; કુલ મંડણ દીપક, જીપક દુશ્મન કોડી; ત્રિભુવન જસ ભગતે નમશ્યે પદ કરજોડી ॥ ૧૪ ॥ વળી હોડ ન એહની કરતા ભુવન મઝાર, લોકોત્તર ચરિતે ધન્ય હોશ્યે અવતાર; વળી જ્ઞાનવિમલ ગુણ જેહના કહેતાં પાર ન લહે મુખ કહેતાં જો વળી સુર—ગુરુ અવતાર ॥ ૧૫ ॥

ઇતિ શ્રી શાન્તિજિનચતુર્દશસ્વપ્નાર્થ-સ્તવનમ્ ।

---

સવ્વટ્ઠ સિદ્ધ વિમાનથી તવ ચવીય ઉયર ઉપ્પન્ન, બહુ ભદ્દ [1]ભદ્દવ—કસિણ—સત્તમી દિવસ ગુણ—સંપન્ન;તવ રોગ સોગ વિયોગ—વિડુર—મારી—ઇતિશમન્ત, વર સયલ મંગલ કેલિ—કમલા ઘરે ઘરે વિલસન્ત, ॥૧ ॥ વર ચંદ યોગે જિટ્ઠે તેરસ વદિ દિન થયો જન્મ, તા મજ્ઝ—રયણી દિશા-કુમરી કરે સૂઇકમ્મ; તવ ચલિય—આસન ઇંદ સુણિય સવિ

---

૧ ભાદરવા વદિ સાતમ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરિ ઘંટ નાદે મેલી. સુરવિંદ સત્થે મેરુ–મત્થે રચે મજ્જન કેલિ ॥ ૨ ॥

## ઢાળ–ત્રીજી

(નાભિરાયા ઘરે નંદન જનમિયા–એ દેશી)

॥ તાલ ॥ વિશ્વસેન નૃપ ઘરે નન્દન જનમીયા એ, તિહુયણ ભવિયણ પ્રેમશું પ્રણમીયા એ ॥ત્રુટક॥ પ્રણમીયા ચઉસટ્ઠ ઈંદ, લેઈ ઠવે મેરુ–ગિરિંદ; સુર–નદીય નીર સમીર, તિહાં ક્ષીરજલનિધિ–નીર ॥૧॥ સિંહાસને સુરરાજ, તિહાં મલ્યા દેવ–સમાજ; સવિ ઔષધિની જાત, વર સરસ કમલ વિખ્યાત ॥૨॥ ઢાલ ॥ વિખ્યાત વિવિધ પરિકર્મના એ, તિહાં હરખભર સુરભિ વરદામના એ ॥ ત્રુટક ॥ વરદામ માગધ નામ, જેહ તીર્થ ઉત્તમ ઠામ; તેહ તણી માટી સર્વ, કર ગ્રહે સર્વ સુપર્વ ॥૩॥ બાવનાચંદન સાર અભિયોગી સુર અધિકાર; મન ધરી અધિક આણંદ, અવ-લોકતા જિનચંદ ॥૪॥ ઢાલ ॥ શ્રી જિનચંદને સુરપતિ સવિ ન્હવરાવતાએ, નિજનિજ જન્મ સુકૃતારથ ભાવતા એ ॥ ત્રુટક ॥ ભાવતા જન્મ પ્રમાણ, અભિષેક કલશ મંડાણ; સાઠ લાખને એક કોડી, શત દોય પંચાસ જોડી ॥ ૫ ॥ આઠ જાતિના તે હોય. ચઉસટ્ઠિ–સહસા જોય; એણિ પરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તિ ઉદાર, કરે પૂજા વિવિધ–પ્રકાર ॥૬॥ ઢાલ ॥ વિવિધ પ્રકારના કરીય શિણુગારશ્યું એ, ભરિય જલ વિમલના વિપુલ ભૃંગારશું એ ॥ ત્રુટક ॥ ભૃંગાર થાલ ચંગેરી. સુપ્રતિષ્ટ પ્રમુખ સુભેરી; સવિ કલશ પરે મંડાણુ, તે વિવિધ વસ્તુ પ્રમાણુ ॥ ૭ ॥ આરતિ મંગલ દીપ, જિનરાજને સમીપ; ભગવતી ચૂરણિ–માંહિ, અધિકાર એહ ઉચ્છાંહિ ॥૮॥ ઢાલ ॥ અધિક ઉચ્છાંહિશ્યું હરખભર જલ ભીંજતા એ, નવ નવ ભાતિશ્યું ભક્તિ ભર કીજતા એ ॥ ત્રુટક કીજતા નાટક રંગ, ગાજતી ગુહીર મૃદંગ; કિટ કિટ તિહાં કડતાલ, ચઉતાલ તાલ કંસાલ ॥૯॥ શંખ પણુવ ભૂંગળ ભેરી, ઝલ્લરી વીણા નફેરી; એક કરે હયહેષાર, એક કરે ગજ ગુલકાર ॥૧૦॥ ॥ ઢાલ ॥ ગુલકાર ગર્જનારવ કરે એ, પાય ધુર ધુરય ઘર સુર ઘરે એ ॥ ત્રુટક ॥ સુર ધરે અધિક બહુમાન, તિહાં કરે નવ નવ તાન; વર વિવિધ જાતિ છંદ જિન ભક્તિ સુરતરુ–કંદ ॥ ૧૧ ॥ વળી કરે મંગલ આઠ, એ જમ્બૂપન્નત્તિ પાઠ; થય થુઈ મંગલ એમ, મન ધરે અતિ બહુ પ્રેમ ॥ ૧૨ ॥ ઢાલ ॥ બહુ પ્રેમ સુઘોષણા પુણ્યની પોષણા સુર સહુ એ, સમકિત–પોષણા શિષ્ટ–સંતોષણા ઇમ બહુ એ ॥ ત્રુટક ॥ બહુ પ્રેમશ્યું સુખ એમ, ઘરે આણીયા નિધિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ; બત્રીસ કોડી સુવન્ન, કરે વૃષ્ટિરયણુની ધન્ન ॥૧૩॥ જિન જિનની પાસે મહેલી, કરે અટ્ઠાઈની કેલી; નન્દીસરે જિનગેહ, કરે મહોત્સવ સસનેહ ॥ ૧૪ ॥

**ઢાલ–ચોથી**

હવે રાય મહોત્સવ કરે રંગભર હુવો જબ પરભાત, સુર પૂજિયો સુત નયણે નિરખી હરખીયો તવ તાત; વર ધવલ મંગલ ગીત ગાતાં સઘવ ગાવે રાસ, બહુ દાને માને સુખીયા કીધા સયલ પૂગી આશ ॥૧॥ તિહાં પંચવરણી-કુસુમ–વાસિત, ભૂમિકા સંલિત્ત, વર અગર કુંદરુ ધૂપ-ધૂપણાં છાંટા કુંકુમ દિત્ત; શિર મુકુટ મંડલ કાને કુંડલ હૈયે નવસર હાર; ઈમ સયલ-ભૂષણુ-ભૂષિતામ્બર જગતજન પરિ-વાર ॥૨॥ જિન જન્મ-કલ્યાણક મહોત્સવે [1]ચૌદ ભુવન ઉદ્યોત, નારકી થાવર પ્રમુખ સુખિયા સકલ મંગલ હોત; દુઃખ દુરિત ઇતિ શમંતિ સઘળાં જિનરાજ જન્મ પ્રતાપ, તિણે હેતે શાન્તિકુમાર ઠવીઉં નામ ઇતિ આલાપ ॥૩॥ એમ શાંતિ–જિનનો કલશ ભણુતાં હોએ મંગલમાલ, કલ્યાણુ કમલા કેલિ કરતાં લહીએ લીલ વિલાસ; જિન-સ્નાત્ર કરીયે સહેજે તરીએ ભવ–સમુદ્ર અપાર, શ્રી જ્ઞાન-વિમલ સૂરિંદ જંપે શ્રી શાન્તિ–જિન જયકાર ॥૪॥

**ઇતિ શ્રીજ્ઞાનવિમલસૂરિ-રચિત**
**શ્રી શાન્તિનાથ–જિનકલશઃ**

૧. ચૌદ રાજલોક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંન્યાસ શ્રી વીરવિજયજી મહારાજ કૃત
અષ્ટપ્રકારી પૂજાના દુહા
(૧) જલપૂજા-દુહા

જલ પૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ; જલ પૂજા ફળ મુજ હજો, માગો એમ પ્રભુ પાસ. ૧ ૐ હ્રીં શ્રીં પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય જલં યજામહે સ્વાહા. ૧

(૨) (ચંદન પૂજા-દુહા)

શીતલગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ; આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ. ૐ હ્રીં શ્રીં પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય ચંદનં યજામહે સ્વાહા. ૨

(૩) પુષ્પપૂજા-દુહા.

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત સંતાપ; સમ જંતુ ભવ્ય જ પરે, કરીએ સમકિત છાપ. ૧ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય પુષ્પાણિ યજામહે સ્વાહા. ૩

(૪) ધૂપપૂજા-દુહા.

ધ્યાન ઘટા પ્રગટાવિએ. વામ નયન જિન ધુપ; મિચ્છત-દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મ સ્વરૂપ. ૧ ૐ હ્રીં શ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ જરા–મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય ધૂપં યજામહે સ્વાહા. ૪

(૫) દીપકપૂજા દુહા.

દ્રવ્ય દીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક; ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક. ૧ ઓં હ્રીં શ્રી પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ–જરા–મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય દીપમાલાં યજામહે સ્વાહા. ૫

(૬) અક્ષતપૂજા-દુહા.

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત્ત વિશાલ; પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળો સકલ જંજાલ. ૧ ઓં હ્રીં શ્રી પરમ પુરૂષાય યપરમેશ્વરાય જન્મ–જરા–મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય અક્ષતાન્ યજામહે સ્વાહા. ૬.

(૭) નૈવેદ્ય પૂજા-દુહા.

અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહ ગઇઅ અનંત; દૂર કરી તે દીજીએ, અણાહારિ શિવસંત. ૧ ૐ હ્રીં શ્રી પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ–જરા–મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય નૈવેદ્યં યજામહે સ્વાહા. ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૮) ફલપૂજા-દુહા.

ઈંદ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ; પુરુષોત્તમ પૂજી કરી, માંગે શિવફલ ત્યાગ. ૧ ૐ હ્રીઁ શ્રીઁ પરમ પુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા--મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય યજામહે સ્વાહા. ૮

લૂણ ઉતારણ.

લૂણ ઉતારો જિનવર અંગે, નિર્મલ જલધારા મનરંગે ॥લૂણ૦ ॥ ૧ ॥ જેમ જેમ તડ તડ લૂણ જ ફૂટે, તેમ તેમ અશુભ કર્મ બંધ ત્રુટે ॥ લૂણ૦ ॥ ૨ ॥ નયન સલૂણાં શ્રી જિનજીનાં, અનુપમ રૂપ દયારસ ભીનાં ॥ લૂણ૦ ॥ ॥૩॥ રૂપ સલૂણું જિનજીનું દિસે, લાજ્યું લૂણ તે જલમાં પેસે ॥ લૂણ૦ ॥ ૪ ॥ ત્રણ પ્રદક્ષિણા દેઈ જલધારા, જલણ ખેપવીયે લૂણ ઉદાર ॥ લૂણ૦ ॥ ૫ ॥ જે જિન ઉપર દુમણો પ્રાણી, તે એમ થાયે લૂણ જ્યું પાણી ॥ ૬ ॥ અગર કૃષ્ણાગરુ કુંદરુ સુગંધે, ધૂપ કરીજે વિવિધ પ્રબંધે ॥ લૂણ૦ ॥ ૭ ॥

---

આરતી

જય જય આરતિ આદિ જિણંદા; નાભિરાયા મરુ—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવીકો નંદા ॥ જય૦ ॥૧॥ પહેલી આરતિ પૂજા કીજે નર; ભવ પામીને લહાવો લીજે ॥ જય૦ ॥ ૨ ॥ દુસરી આરતિ દીન દયાળા; ધુળેવા મંડપમાં જગ અજુવાળા ॥ જય૦ ॥ ૩ ॥તીસરી આરતિ ત્રિભુવન દેવા; સુર નર ઇન્દ્ર કરે તોરી સેવા ॥ જય૦ ॥ ૪ ॥ ચોથી આરતિ ચઉગતિ ચૂરે; મન વાંછિત ફળ શિવસુખ પૂરે ॥ જય૦ ॥ ૫ ॥ પાંચમી આરતિ પુણ્ય ઉપાયા; મૂલચંદે ઋષભ ગુણ ગાયા ॥ જય૦ ॥ ૬ ॥

---

## મંગલ-દીવો

દીવો રે દીવો મંગલિક દીવો આરતિ ઉતારીને બહુ ચિરંજીવો ॥ દીવો૦ ॥ ૧ ॥ સોહામણું ઘર પર્વ દિવાળી, અંબર ખેલે અમરા બાળી ॥દીવો૦ ॥ ૨ ॥ દીપાળ ભણે એણે કુલ અજવાળી, ભાવે ભગતે વિઘન નિવારી ॥ દીવો૦ ॥ ૩ ॥ સફળ હુઓ (દીપાળ ભણે) એણે એ કલિકાલે, આરતિ ઉતારી રાજા કુમારપાલે ॥ દીવો૦॥ ૪ ॥ અમ ઘેર મંગલિક તુમ ઘેર મંગલિક, મંગલિક ચતુર્વિધ સંઘને હોજો ॥ દીવો૦ ॥ ૫ ॥

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી પદ્મવિજયજીગણિ કૃતઃ-

## શ્રી અજીતનાથ જિનનો કલશ.

( પામી સુગુરુ પસાય,-એ દેશી. )

શ્રી કોશલદેશ મધ્યે અયોધ્યા પૂરીમંડણો
તરણ તારણ અશરણ શરણ ભવિજન–
સુખકરણ કુતર્ક વાદી અંગજનો,
શ્રી અજિતનાથ તણો કલશ કહીશું.
નગરી અયોધ્યા નામરે, અતિ ઘણું સોહતી,
વનવાડી આરામસ્યુંએ ગઢ ગઢ મંદિરે પોલીરે,
ચૌટાં ચઉદિશે, બહુ વેપારી ધામશુંએ,
પંડિતજનના વાસરે, ધ્વજ કલશે કરી,
જિનમંદિર જોવા જસ્યુંએ, જિતશત્રુ ભૂપાલરે,
રાજ્ય કરે તિહાં, વિજયા રાણી મન વસ્યાંએ.
એક દિન પશ્ચિમ રાતીરે, સુખભર સુતેલાં,
સુપનાં ચૌદ સોહામણાંએ, દેખ્યાં કહે.ભરતારરે,
"સ્વામી કહો મુજ,સ્યાં ફલ એહ સુપનતણાંએ?

ઢાળ

ગજ ને વૃષભ ઉદારરે, સિંહ પરાક્રમ સારરે,
ચોથે શ્રીદેવી દીઠી રે. જોતાં અતિ ઘણી મીઠીરે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચમે ફૂલની માળરે, છઠે ચંદ્ર વિશાલરે,
સાતમે સૂરજ ઝલકે, આઠમે ધ્વજવર લલકે,
કલશ તે પૂરણ ભરીયો, નવમે કમલે પરવરીયો,
પદમ સરોવર દસમે, દીઠું વિજયાએ રસમે,
અગીયારમે ખીર સમુદ્ર; દેખે વિમાન અક્ષુદ્ર;
તેરમે રયણુની રાશિ; નિરધૂમ અગ્નિ પ્રકાશી;
ભીન ભીન ફલજ દાખે; રાણી ચિત્તમાં રાખે;
"ચૌદનું ફલ વહી એહ; રહેશે ચૌદરાજ શિર જેહ."

ઢાળ

પૂરક માસે પુત્રરે, જન્મ્યો જયકરૂ,
ઘર ઘર રંગ વધામણા એ;
આસન કંપ્યાં જાણીરે, છપ્પન કુમરીઓ;
દશ દિશથી આવે તદા એ;
કરે શુચિકના કાજરે, હીલી મીલી રંગસ્યું;
આસન કંપે ઇંદ્રના એ;
જાણી જન્મ જિણંદરે, અવધિનાણથી,
જન્મ મહોત્સવને આવીયો એ;
મેરૂગિરીંદ લેઈ જાયરે, પંચ રૂપે કરી,
સોહમ ઇંદ્રો હરખસ્યું એ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિલીયા ચોસઠ ઇંદ્ર રે, તીરથ જલ થકી,
બહુ ઓચ્છવ નવરાવતા એ;
અનુક્રમે સુંપી માતરે, નંદીશ્વરે જઈ,
અઠાઈ મહોત્સવ કરે એ;
બાંધો તોરણ ઘરઘરે એ, મંગલ ગાએ ગીતરે,
તવ વિહાણે નરરાયરે;
જન્મ મહોત્સવ કરે, મુક્તાફલ તણા,
સ્વસ્તિક પૂરે આંગણે એ;
શ્રી ગુરુ ઉત્તમ શિષ્ય રે, પદ્મવિજય ભણે,
અજિત જિણંદ ભવતારણો એ.
॥ ઇતિ શ્રી અજિતજિન કલશ સમાપ્ત ॥

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી વર્દ્ધમાનસ્વામી જન્માભિષેક કલશ :

શાર્દૂલવિક્રીડિત છંદ.

શ્રેયઃ પલ્લવયંતુ વા પ્રતિદિનં સંસારદાવાનલં, દ્રાગ્નિર્વાપણ કેલિલંપટતયા તે પુષ્કરાવર્ત્તકાઃ ।। વાચાં વીરજિનેશ્વરસ્ય નિચયાઃસદ્ધર્મ્મકલ્પદ્રુમો—લ્લાસપ્રાણિતમુક્તિયૌવનભરપ્રૌઢસ્પૃહપ્રાણિનાં ।।૧।। દાને કલ્પતરુર્ગભીરિમગુણ રત્નાકરશ્ચંદ્રમાઃ સૌમ્યત્વે પ્રતિપન્નનિશ્ચલતયા ચિંતામણિ નિર્મલઃ ।। લાવણ્યે મદનઃ સ એષ જયતાચ્ચિત્રં ચરિત્રં યતો, યો જિનેશ્વરશાસનસ્ય કુરુતે નિત્યોત્સવામુન્નતિમ્ ।।૨।।

।। અથ ગદ્ય પાઠ ।।

અહો ભવ્યાઃ ! શૃણુત તાવત્સકલકલાકલાપકુતૂહલિતચિત્તવૃત્તયઃ, કંચનાપિ સહૃદયહૃદયવશીકરણુલાલસં, પ્રાપ્તાવસરં શ્રીમન્ મહાવીર જન્માભિષેક કલશમ્ ।। ૧ ।।

।। છવ્વીસો છંદ ।।

આરામમંદિર વાવીસુંદિર તુંગતોરણરમ્મ, પાયાર જિણહર કૂવ સરવર સગ્ગ જણવા ખમ્મ; જહિં કુંડલ ઝલકતિ નેઉર ખલકતિ લહકતિવરનારી, જહિંદિસતિ ગજવડી ઓરિયાવડિ રણુયકંચકારિ. ।।૧।। જહિં તુરયમયગલરથહિં મંડિત અઈસુ અથ્થઈ ઠામ; જહિં અઈ મણોહર સત્તકારહ ખત્તિયકુંડગ્ગામ; તહિં રાઉ અચ્છઈ ગુણુહિં રંજિઉ તિસલા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવીકંત, સિદ્ધથ્થ નામિં નયરગામહિ સમિધ સુંદર સંત ॥૨॥ આસાઢમાસે નવીનઆસો સુદિ છઠ્ઠીહિં વીર ઉવઈન્નુ સામિઅ તિસલદેવી ઉઅરિ અતિ ગંભીર; તા ચિત્તમાસે સુકલિતેરસિ જન્મ હુઓ દેવ, તા દેવ દાણુવ રાય રાણા જાસુ કરિસિ સેવ. ॥ ૩ ॥

તા થિરર થિરર કંપિ આસણિ સુરિંદે કરે કોવ ભરિ ભરિ કુલિસં દગંદે, તઓ ઉહિનાણેણ જાણેઈ જમ્મં, પરં હરિસ ભરિ ભરિ અઈવ રમ્મં ॥ ૧ ॥ તઓ ઘંટ વાજંતિ સોહમ્મલોએ, ત્રિઘંટં ત્રિઘંટં ત્રિઘંટંતિ હોએ; દસ દેવલોઆ દુવે ચંદ સૂરા, વણુમંતરા ઈંદ બત્રીસ પૂરા ॥ ૨ ॥ તઉ વીસ આવંતિ કિર ભુવણવાસી, ઇમ ઝગમગંતા તે ચઉસઠ્ઠિ આસી; સુહમ્માહિવો પંચરૂવો જિણંદ, નિઓચ્છંગિ ધારિત્ત પત્તો ગિરિંદં ॥ ૩ ॥

॥ વસ્તુ છંદ ॥

તિથ્થતિથ્થહુ તિથ્થતિથ્થહુ નીર આણેવિ–દેવાસુર-મિલિય સવે કણુય રયણમય કલસ ભરિયણિ, કુસુમંજલિ પય પટ્ઠવિય ઇંદ હોહી આસં કનિયમણિ; કિમ સહિસી લહુ વીર; જિણ જલહિપમાણિ નીર; તા કંપાવિઅ મેરુ-ગિરિ ચલણંગુલિભરિ ધીર ॥ ૧ ॥

॥ બત્તીસો છંદ ॥

તાર ડડર ડકિકઅ સંગ ઢલકિઅ કુટ્ટિઅ ત્રુટ્ટિઅ ઢોલ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાત્રાટકત્રટકે રણુણુ રણકે રણણિઅ ઝણણિઅ ઝાલ; તાગ-જિજઅ અંબર વજિજઅ જલનિહિ ગુંજિઅ નિજ્જરણાઈ, તા કાયર કંપિઅ કામિણિ હુંક્રિઅ તુટ્ટિઅ આભરણાઈ॥૧॥ તા કુમ્મ કડુક્કિઅ સેસ ધડુક્કિય થરહરિઆ વારાહ, સાયરજલ ફુલિયા, ગિરિ ઢલઢલિયા તહુ તટ્ઠી નરનાહ; દિગ્ગયગડગડિઆ ગિહ ખડખડિઆ નહુ નટ્ઠા માર્ત્તંડ. સહસખ્ખચમકિક અ સુરગણસંકિઅકિર કુટ્ટો બંભંડ ॥૨૨॥ ચલણંડગુલિચાલે મજ્જણકાલે સુરગિરિકંપિતપિખ્ખિ, કોવે ધડહડિયો મોહે નડિઓ સુંઈહ હરિ તિનિખ્ખં; તા ઓહિ પઉંજિયજિણબલુ જાણિય વિમ્હિઅ હિઅડે સખ્ખિ, ન મુણિઅ મઈ મુદ્ધ પભણિઅ ઈંદે વીરજિણેસર રખ્ખિ. ॥ ૩ ॥

॥ ગાથા છંદ ॥

આકંપિઅ તિહુઅણં, ઈંદો નાઊણ ઓહિનાણેણં,
ખામેઈ મહાવીરં, જાણિત્તં પરક્કમં તસ્સ. ૧

॥ સત્તાવીસો છંદ ॥

તાધોંકિ ધોંધોં ધુધુમિ ધુધુમિ દ્રેંગિ જયઢક વજિઅલા કટિદાંગિ દોં દાં ત્રિપુન ત્રિપુનનિ ધુધુમિ ધુધુમિઅ મદ્દલા; તાફરરફરકતિવ જિઅ આઉજ ઝગડદિગિઝગડદિગિ ઝલ્લરી, દંગડદોં કિદોંદોં તિવલિવજિજઅ દુંદુંભિદિગિનગિ દિગમરી. ॥૧॥ તાઓં કિઓંઓંસંખ વજિજઅ તાલરમઝમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચમક્કિઆ, તાક્કિરડક્કિરડંતિ કિરડસંમતિ કાહલી રમઝમચમક્કિઆ; તાઝિઝિમિરિગ્મંઝિઝિમિરિગ્મંઝિઝિમિઝમિકંસાલએ, તાદગડદિગિ દગડદિગિ દિગમિદાંદાંવીણુલીણુઉલાલએ.॥૨॥ ઇમિઇંદ મિલિહુણ કલસભરિહુણિ સુરભિનીરહિં ભરિઅલા, સિરિવીરનાહહિંમેરુમથ્થઇં ઝિઝિમિરમિઝિમિણ્હવિઅલા; તાનેકમંગલતિથ્થકરિહુણિ વીરજણુણીહુ અપ્પિઓ, તા સલયસુરવર ઠામિ પહુતલરગ જગિથિર થપ્પિઓ ॥૩॥ તાવાદીયદેવસૂરિપાયપણુમવિ અનઇંપુણુદેવસૂરિ; તાછંદિઆગમિતક્કિસુંદરુ સુગુરુ રામચંદસૂરિ; જગે જયઓ મંગલસૂરિબુલ્લિઅ મહાવીરઅભિસેઉ તઓ; કણયકલસહિ ણ્હવહુ ભવિઆં પૂજહુ એહ જ દેઓ ॥૪॥

॥ ઇતિ શ્રીમહાવીરજન્માભિષેકકલશઃ ॥

॥ વિધિ ॥

એ પાઠ કહી ચાર પ્રમુખ કલશની એકધારા હુએ તિમ દૂધ ૧, દહીં ૨, ઘી ૩, પાણી ૪, ખાંડ ૫, આદિ મીઠી વસ્તુ પંચામૃતનો પખાલ કીજે. ત્યારબાદ—

॥ ગાથા છંદ ॥

અભિષેકુ તોય ધારા, ધારેવ ધ્યાનમંડલાગ્રસ્ય; ભવભુવનભિત્તિભોગાન્, ભૂયોઽપિ ભિનત્ત ભાગવતી ॥૧॥

॥ વિધિ ॥

એ ગાથા કહીને એક કલશપ્રમુખે વિશુદ્ધિધારાનો અભિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ષેક કીજે. અંગ લૂહી ચંદન પુષ્પાદિકે કરી પૂજીએ. ત્યાર-બાદ આરતિ, મંગલદીવો, કલશ પાણીએ ભર્યો, માટી, મીઠું, કપૂર, ઘી, ગોળ, પુષ્પમાલા, છૂટાં ફૂલ, અખ્યાણું, કંકાવટી, સોપારી, નાણું, એટલી વસ્તુ પૂર્વે મેલીએ. પ્રથમ આરતી મંગલ દીવો ઘીએ પૂરી પ્રગટ કીજે, કંકુનો સાથીઓ કરી ઉપર ચોખા પૂરી બેહુ ઉપરિ પૂગીફલ મૂકીએ, પ્રતિમાથી વામભાગે આરતિ, દક્ષિણભાગે મંગલ દીવો મૂકીએ, મંગલ દીવામાંહી ગોળ તથા કપૂરની વાટ મૂકીએ, બેહુ એક પટ ઉપર મૂકીએ, આરતિ આગલ વામભાગે, પ્રભુથી મૃત્તિકા મીઠું મૂકીએ, કારક—ધારક બેહુ ઊભા થાય. પછે ધારક ઉંચે સ્વરે ગાથા ભણે, તે આ પ્રમાણે :—

ઉવણેઉ મંગલં વો, જિણાણં મુહલાલિજાલસંવલિઆ;
તિત્થપવત્તણસમએ, તિઅસવિમુક્કા કુસુમવુઠ્ઠી. ॥ ૧ ॥

॥ વિધિ ॥

એ ગાથા કહી ફૂલવૃષ્ટિ કરીને બેસે, અગર કરી જાગણા કરે, જિનને વામભાગે રાખુ, કારક હાથે લૂણ આપે ને ત્રણ વાર ગાથા કહે. તે આ પ્રમાણે :—

॥ ગાથા ॥

ઉઅહ પડિભગ્ગપસરં, પયાહિણં મુણિવઈ કરેઊણં;
પડઈ સલોણત્તણલજ્જિઅંવ, લોણં હું અવહમ્મિ ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દોધક છંદ ॥

પિખ્ખેવિણુ મુહ જિણવરહં, દીહરનયણ સલોણુ; નાવઈ ગુરુ મચ્છર ભરિયો, જલણિ પવિસઇ લોણું ॥૧॥ ણ્હવિઉ સુરિંદે જિણહ તણું, અહિયરૂવ તવ સલોણુ, ભાવસારકરયલિ ધરેવિ, ઉત્તારિઅલોણુ ॥૨॥ લોણઉતારહુ જિણવરહ તિણ્ણુ પયાહિણ દેવિ, તડયડસદ્દ કરંતુઅડં, વિજઝાવિજજજલેવિ ॥ ૩ ॥

॥ ગાથા ॥

જં જેણ વિજઝવિજ્જઈ જલણં તં તુંહ નિયછ-છડુસદ્દં; જિણરૂવમચ્છરેણ વ, કુટ્ટઈ લોણં તડપડંતં ॥૧॥ સવ્વંમુણિવઇજડવિજલુ, તં તુહમમડેપાસિ; અહવ ક્યંતસુનિમ્મલો, નિગ્ગુણબુદ્ધિપયાસ ॥ ૧ ॥

॥ દોધક છંદ ॥

જલનિમ્મલકરકમલહિં લેવિણુ, સુરવઈ ભાવે મુણિવઇસેવણુ; પભણઈ જિણવર તુહ પય સરણું, તઇ તુઠ્ઠિંલબ્ભઈ સિદ્ધિગમણું. ॥૨॥ જલ આણેવિણુ જલનિહિ માસહુ, ભરવિ ક્યંજલિ ભાવિં પાસહુ, તિણ્ણિ પયાહિણુ દેવિણુ પાસહુ, જિમ જિઊ છુટ્ટઈ ભવદુહ પાસહુ ॥ ૨ ॥

॥ વિધિ ॥

એ ગાથા ભણતી વખતે લુણ પાણી ઊતારીએ, ત્યાર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાદ આરતિ પૂજાવીયે, ધારકને ઊભો રાખી કારક જિનને ખમાસમણુ દઇને આરતિ ધારકના હાથમાં આપે. ત્યાર પછી બેહુ પાસે પાણીની ધાર દઈ ગાથા ત્રણુ ભણે તે કહે છે.

॥ ગાથા ॥

મરગયમણિઘડિયવિસાલ, થાલમાણિક્કમંડિયપઇવો;
ન્હવણુયર કરુખ્ખિત્તં, ભમઇજિણારત્તિયં તુમ્ભં ॥ ૧ ॥
આરત્તિયં નિયરછડ જિણુસ્સ, સરૂવકસિણાગુરુચ્છાયં,
પાસેસુભમઈ નજ્જઈ, સંગમઓ વિભિન્નદિટ્ઠિવ્વ ॥૨॥
પસમેઉ વો ભવંતર, સમજિજઅં કમ્મરેણુ સંઘાયં;
આરત્તિઆણુ લગ્ગા, ઉચ્છલંતી સલિલધારા ॥૩॥

॥ વિધિ ॥

એ ગાથા કહી તે ભણુતે થકે, દક્ષિણુ પાસેથી જિન પ્રમાણુ ફેરે, વાર અઢી ઉતારી ડાબે પાસે મૂકીએ; ત્યારબાદ મંગલદીવો પૂજાવી, ખમાસમણુ દઈ ધારક હાથે આપીએ, તિલક કીજે, ફૂલનો હાર ઘાલે. જિનને ધારકને લુંછણું કરીએ. કપૂર મંગલદીવામાંહિં મૂકીએ. વાર ૩ તથા ૩ સૃષ્ટિ ફેરવાએ.

॥ ગાથા ॥

કોસંબિસંઠિઅસ્સ વિ, પયાહિણું કુણઈ મઉલિઅપ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇવો; જિણુસોમદંસણે દિણુયરૂવં તુહ મંગલપઇવો ॥૧॥ ભામિજ્જંતો દેવેહિં દેવીહિં, (કેટલેક સ્થળે સુરસુંદરીહિં, એ પાઠ છે) તુહનાહ મંગલ પઇવો; કણુયાયલસ્સ નજ્જઈ, ભાણુવ્વ પયાહિણું દિંતો ॥ ૨ ॥

॥ વિધિ ॥

એ ગાથા કહી મંગલદીવો ઊતારીએ, એ ગાથા પૂરાતનપૂર્વાચાર્ય શ્રીહરિભદ્રસૂરિ કૃત જણાય છે. જે માટે સમરાદિત્યકેવલિચરિત્ર મધ્યે પણ એ ગાથા છે. તે માટે સ્નાત્રના કર્ત્તાકૃત નહી એમ જણાય છે.પછે તો બહુશ્રુત વદે તે પ્રમાણ.



---

# ૩. પંડિત શ્રી દેવચંદ્રજીકૃત સ્નાત્રપૂજા

(સ્નાત્રવિધિ માટે પહેલે પાને જોવું)

## ઢાળ પહેલી (પાંખડી ગાથા)

ચઉતીસે અતિસય જુઓ, વચનાતિસય જુત્ત ॥
સો પરમેસર દેખી ભવિ, સિંહાસણ સંપત્ત ॥ ૧ ॥

॥ ઢાળ ॥

સિંહાસન બેઠા જગભાણુ, દેખી ભવિકજન ગુણમણિ ખાણુ ॥ જે દીઠે તુજ નિર્મળ નાણુ, લહિએ પરમ મહોદય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઠાણ ॥ કુસુમાંજલિ મેલો આદિ જિણંદા, તોરા ચરણ કમલ સેવે ચોસઠ ઇંદા ॥ કુ૦ ॥ ૧ ॥ ચોવીસ વૈરાગી, ચોવીસ સોભાગી, ચોવીસ જિણંદા ॥ કુસુમાં૦ ॥

(પ્રભુના બન્ને ચરણે પૂજા કરવી)

॥ ગાથા ॥

જે નિયગુણ પજ્જવ રમ્યો, તસુ અનુભવ એગત્ત ॥
સહુ પુગ્ગલ આરોપતાં, જો તસુ રંગ નિરત્ત ॥ ૨ ॥

॥ ઢાળ ॥

જો નિજ આતમગુણ આણંદી, પુગ્ગલ સંગે જેહ અ-ફંદી ॥ જે પરમેસર નિજ પદ લીન, પૂજો પ્રણમો ભવ્ય અદીન ॥ કુસુમાંજલિ મેલો શાન્તિજિણંદા ॥ ૨ ॥

(પ્રભુના બન્ને જાનુએ પૂજા કરવી)

॥ ગાથા ॥

નિમ્મલ નાણ પયાસકર, નિમ્મલ ગુણ—સંપન્ન ॥
નિમ્મલ ધમ્મોવએસકર, સો, પરમપ્પા ધન્ન ॥ ૩ ॥

॥ ઢાળ ॥

લોકાલોકપ્રકાશક નાણી ભવિજન તારણ જેહની વાણી ॥ પરમાનંદ તણી નીશાણી, તસુ ભગતે મુજ મતિ ઠહરાણી ॥ કુસુમાંજલિ મેલો નેમિજિણંદા ॥ તો૦ ॥ કુ૦ ॥ ૩ ॥

(પ્રભુના બન્ને કરકમલે પૂજા કરવી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ગાથા ॥

જે સિદ્ધા સિજ્ઝંતિ જે, સિજ્ઝસ્સંતિ અણુંત ॥
જસુ આલંબન ઠવિય મણુ, સો સેવો અરિહંત ॥ ૪ ॥

શિવસુખ કારણુ જેહ ત્રિકાળે, સમ પરિણામે જગત નિહાળે ॥ ઉત્તમ સાધન માર્ગ દેખાડે, ઇન્દ્રાદિક જસુ ચરણુ પખાળે॥ કુસુમાંજલિ મેલો પાસજિણુંદા ॥તો૦॥ કુ૦॥૪॥

॥ ગાથા ॥

સંમદિઠ્ઠી દેસ—જય, સાહુ સાહુણી સાર ॥
આચારજ ઉવજ્ઝાય મુણિ, જે નિમ્મલ આધાર ॥૫॥

॥ ઢાળ ॥

ચઉવિહ સંઘે જે મન ધાર્યું, મોક્ષતણું કારણુ નિરધાર્યું ॥ વિવિહ કુસુમવર જાતિ ગહેવી, તસુ ચરણે પણામંત ઠવેવી ॥ કુસુમાંજલિ મેલી વીર જિણુંદા ॥ તો૦ ॥ ॥ કુ૦ ॥ ૫ ॥

( પ્રભુને મસ્તકે પૂજા કરવી )
( હવે અક્ષત લઈને ઊભા રહેવું. )

વસ્તુ-છંદ

સયલ જિનવર સયલ જિનવર, નમિય મનરંગ, કલ્લાણુકવિહિ સંઠવિય, કરિય ધમ્મ સુપવિત્ત સુંદર ॥ સય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇગસત્તરિ તિત્થંકર, એક સમય વિહરંતિ મહિયલ, ચવન સમય ઇગ વીસ જિણું, જમ્મ સમય ઇગ વીસ ।। ભત્તિય ભાવે પૂજ્યા, કરો સંગ સુજગીસ ।। ૧ ।।

ઢાળ બીજી (એક દિન અચિરા હુલરાવતી—એ દેશી)

ભવ ત્રીજે સમકિત ગુણ રમ્યા, જિન ભક્તિ પ્રમુખ ગુણ પરિણમ્યા ।। તજી ઇંદ્રિય સુખ આશંસના, કરી સ્થાનક વીશની સેવના ।। ૧ ।। અતિ રાગ પ્રશસ્ત પ્રભાવતા, મન ભાવના એહવી ભાવતા ।। સવિ જીવ કરું શાસનરસી, ઇસી ભાવદયા મન ઉલ્લસી ।। ૨ ।। લહી પરિણામ એહવું ભલું, નિપજાવી જિનપદ નિર્મલું ।। આયુબંધ વચ્ચે એક ભવ કરી, શ્રદ્ધા સંવેગ તે થિર ધરી ।। ૩ ।। ત્યાંથી ચવિય લહે નરભવ ઉદાર, ભરતે તેમ ઐરવતે જ સાર ।। મહાવિદેહે વિજયે વર પ્રધાન, મધ્યખંડે અવતરે જિન નિધાન ।। ૪ ।।

ઢાળ ત્રીજી (સ્વપ્નની)

પુણ્ય સુપનહ દેખે, મનમાંહે હર્ષ વિશેષે ।। ગજવર ઉજ્વલ સુંદર, નિર્મલ વૃષભ મનોહર ।। ૧ ।। નિર્ભય કેસરી-સિંહ, લક્ષ્મી અતિહી અબીહ ।। અનુપમ ફૂલનો માલ, નિર્મળ શશી સુકુમાળ ।। ૨ ।। તેજે તરણી અતિ દીપે, ઇન્દ્રધ્વજા જગ ઝીપે ।। પૂરણ કળશ પંડૂર, પદ્મ સરોવર પૂર ।। ૩ ।। અગ્યારમે રયણાયર, દેખે માતાજી ગુણસા-યર ।। બારમે ભુવનવિમાન. તેરમે અનુપમ રત્નનિધાન

વિ. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ૪ ॥ અગ્નિશિખા નિરધૂમ, દેખે માતાજી અનુપમ ॥ હરખી રાયને ભાસે, રાજા અરથ પ્રકાશે ॥ ૫ ॥ જગપતિ જિનવર સુખકરૂ, હોશે પુત્ર મનોહર ॥ ઈન્દ્રાદિક જસુ નમશે, સકલ મનોરથ ફલશે ॥ ૬ ॥

વસ્તુ-છંદ

પુણ્યઉદય પુણ્યઉદય, ઉપના જિનનાહ ॥ માતા તવ રયણી સમે, દેખી સુપને હરખંતી જાગીય ॥ સુપન કહી નિજ કંતને, સુપન અરથ સાંભળે સોભાગીય ॥ ત્રિભુવન-તિલક મહાગુણી, હોશે પુત્ર નિધાન ॥ ઈન્દ્રાદિક જસુ પાય નમી, કરશે સિદ્ધિ વિધાન ॥૧॥

ઢાળ ચોથી (ચંદ્રાવલીની દેશી)

સોહમપતિ આસન કંપીયોએ, દેઈ અવધિમન આણું-દીયોએ ॥ નિજ આતમ નિર્મલ કરણ કાજ, ભવજળ તારણ પ્રગટયો જહાજ ॥૧॥ ભવઅટવી પારગ સથ્થવાહ, કેવળ નાણાઇય ગુણ અગાહ ॥ શિવસાધન ગુણ અંકૂરો જેહ, કારણ ઉલટયો આષાઢી મેહ ॥ ૨ ॥ હરખે વિહસી તવ રોમ-રાય, વલયાદિકમાં નિજ તનુ ન માય ॥ સિંહાસનથી ઉઠયો સુરિંદ, પ્રણમંતો જિન આનંદ કંદ ॥૩॥ સગ અડપય સામો આવી તત્થ, કરી અંજલીય પ્રણમીય મત્થ ॥ મુખે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાખે એ ક્ષણુ આજ સાર, તિય લોય પહુ દીઠો ઉદાર ।।૪।। રેરે નિસુણો સુરલોય દેવ, વિષયાનલ તાપિત તુમ સવેવ ।। તસ શાન્તિકરણુ જળધર સમાન, મિથ્યા વિષ ચૂરણુ ગરુડવાન ।। ૫ ।। તે દેવ સકળ તારણુ સમત્થ, પ્રગટયો તસ પ્રણુમી હુવો સનાથ ।। એમ જંપી શક્રસ્તવ કરેવી, તવ દેવ દેવી હરખે સુણેવી ।।૬।। ગાવે તવ રંભા ગીત ગાન, સુરલોક હુવો મંગલ નિધાન ।। નરક્ષેત્ર આરજ વંશ ઠામ, જિનરાજ વધે સુર હર્ષ ધામ ।।૭।। પિતા માતા ઘરે ઉત્સવ અશેષ, જિન શાસન મંગલ અતિ વિશેષ ।। સુરપતિ દેવાદિક હર્ષ સંગ, સંયમઅર્થી જનને ઉમંગ ।।૮।। શુભ વેળા લગને તીર્થનાથ, જન્મ્યા ઈંદ્રાદિક હર્ષ સાથ ।। સુખ પામ્યા ત્રિભુવન સર્વ જીવ, વધાઈ વધાઇ થઈ અતીવ ।।૯।।

**(પછી જગચિંતામણિનું ચૈત્યવન્દન કહીને જય વીયરાય અરધા સુધી કહેવું. પછી હાથ ધોઈ લૂછી નાંખવા, ને એક નવકાર ગણીને કળશને ધૂપ દઇ હાથમાં લઈને લુગડું ઢાંકી નીચે પ્રમાણે કળશ કહેવો.)**

**।। ઢાળ પાંચમી ।।**

**(શ્રી શાન્તિજિનનો કળશ કહીશું, સાગર પુર–એ દેશી)**

શ્રી તીરથપતિનું કળશ મજજન, ગાઈએ સુખકાર ।। નરખિત્ત મંડણુ દુહવિહંડણુ, ભવિક મન આધાર ।। તિહાં રાય રાણુા હર્ષ ઉત્સવ, થયો જગ જયકાર ।। દિશિકુમરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવધિ વિશેષ જાણી, લહ્યો હર્ષ અપાર ॥૧॥ નિયમ અમર અમરી સંગ કુમરી, ગાવતી ગુણછંદ ॥ જિન જનની પાસે આવી પહોતી, ગહગહતી આણંદ ॥ હે માય ! તેં જિનરાજ જાયો, શુચિ વધાયો રમ્મ ॥ અમ જમ્મ નિમ્મલ કરણ કારણ, કરીશ સૂઇકમ્મ ॥ ૨ ॥ તિહાં ભૂમિ શોધન, દીપદર્પણ વાય વીંજણ ધાર ॥ તિહાં કરીય કદલીગેહ જિનવર, જનની મજ્જનકાર ॥ વર રાખડી જિનપાણી બાંધી, દીયે એમ આશિષ ॥ જુગ કોડાકોડી ચિરંજીવો, ધર્મદાયક ઈશ. ॥૩॥

(આ ઠેકાણે દર્પણ તથા ચામર વીંઝવો)

ઢાળ છઠ્ઠી (એકવીશાની)

જિણ રયણીજી દશદિશિ ઉજ્જવલતા ધરે ॥ શુભ લગનેજી, જ્યોતિષ ચક્ર તે સંચરે ॥ જિન જનમ્યાજી, જેણે અવસર માતા ઘરે ॥ તેણે અવસરજી ઇંદ્રાસન પણ થરહરે ॥

॥ ત્રુટક ॥

થરહરે આસન ઈન્દ્ર ચિંતે, કોણ અવસર એ બન્યો ॥
જિન જન્મ ઉત્સવકાળ જાણી, અતિહી આનંદ ઉપન્યો ॥
નિજ સિદ્ધિ સંપતિ હેતુ જિનવર, જાણી ભકતે ઉન્મહ્યો ॥
વિકસિત વદત પ્રમોદ વધતે, દેવનાયક ગહગહ્યો ॥૧॥

(આ ઠેકાણે ઘંટનાદ કરવો)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥

તવ સુરપતિજી, ઘંટાનાદ કરાવએ ॥ સુરલોકેજી, ઘોષણા એહ દેવરાવ એ ॥ નરક્ષેત્રેજી, જિનવર જન્મ હુઆ અછે ॥ તસુ ભગતેજી, સુરપતિ મંદરગિરિ ગછે ॥

॥ ત્રુટક ॥

ગચ્છેતિ મંદર શિખર ઉપર, ભુવન જીવન જિનતણો ॥ જિન જન્મ ઉત્સવ કરણ કારણ, આવજો સવિ સુરગણો ॥ તુમ સુદ્ધ સમક્તિ થાશે નિર્મલ, દેવાધિદેવ નિહાળતાં, ॥ આપણાં પાતિક સર્વ જાશે, નાથ ચરણ પખાળતાં ॥૨॥

॥ ઢાળ ॥

એમ સાંભળીજી, સુરવર કોડી બહુ મલી ॥ જિન વંદનજી, મંદરગિરિ સામા ચલી ॥ સોહમપતિજી, જિન જનની ઘર આવીયા ॥ જિન માતાજી, વંદી સ્વામી વધાવીયા ॥૨॥

॥ ઢાળ ॥

(આ ઠેકાણે અક્ષતથી વધાવવા)

॥ ત્રુટક ॥

વધાવીયા જિન હર્ષ બહુલે, ધન્ય હું કૃતપુણ્ય એ ॥ ત્રૈલોકયનાયક દેવ દીઠો, મુજ સમો કોણ અન્ય એ ॥ હે જગતજનની પુત્ર તુમચો, મેરુ, મજ્જન વર કરી ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્સંગ તુમચે વલિય થાપીશ, આતમા પુણ્યે ભરી ॥૩॥

॥ ઢાળ ॥

સુરનાયકજી જિન નિજ કરકમલે ઠવ્યા ॥ પંચરૂપેજી અતિશે મહિમાએ સ્તવ્યા ॥ નાટકવિધિજી, તવ બત્રીશ આગળ વહે ॥ સુર કોડીજી, જિન દર્શનને ઉમ્મહે ॥

॥ ત્રુટક ॥

સુર કોડાકોડી નાચતી વળી, નાથ શુચિગુણ ગાવતી । અપ્સરા કોડી હાથ જોડી, હાવભાવ દેખાવતી ॥ જયે જયો તું જિનરાજ જગગુરુ, એમ દે આશિષ એ ॥ અમ્હ ત્રાણુ શરણુ આધાર જીવન, એક તું જગદીશ એ ॥ ૪ ।

॥ ઢાળ ॥

સુરગિરિવરજી, પાંડુકવનમેં ચિહુંદિશે ॥ ગિરિશિલ પરજી, સિંહાસન સાસય વસે ॥ તિહાં આણીજી, શક્રે જિન ખોળે ગ્રહ્યા ॥ ચોસઠજી તિહાં સુરપતિ આવી રહ્યા ॥

॥ ત્રુટક ॥

આવીયા સુરપતિ સર્વ ભકતે, કળશશ્રેણી બનાવએ । સિદ્ધાર્થ પમુહા તીર્થ ઔષધિ, સર્વ વસ્તુ અણાવએ । અચ્યુતપતિ તિહાં હુકમ કીનો, દેવ કોડાકોડીને । જિનમજ્જનારથ નીર લાવો, સવે સુર કર જોડીને ॥ ૫ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઢાળ સાતમી (શાન્તિ કારણે ઈંદ્ર કલશા ભરે—એ દેશી)

આત્મસાધન રસી દેવ કોડી હસી, ઉલ્લસીને ધસી ક્ષીર સાગર દિશી ।। પઉમદ્દહ આદિ વળી ગંગપમુહા નઈ, તીર્થ-જળ અમલ લેવા ભણી તે ગઈ ।। ૧ ।। જાતિ અડકળશ કરી સહસ અઠોતરા, છત્ર ચામર સિંહાસન શુભતરા ।। ઉપગરણ પુપ્ફ ચંગેરી પમુહા સવે, આગમે ભાખિયા તેમ આણી ઠવે ।। ૨ ।। તીર્થજળ ભરિય કર કળશ કરી દેવતા, ગાવતા ગાવતા ધર્મ ઉન્નતિરતા ।। તિરિય નર અમર ને હર્ષ ઉપજાવતા, ધન્ય અમ શક્તિ શુચિ ભક્તિ એમ ભાવતા ।।૩।। સમકિત બીજ નિજ આત્મ આરોપતા, કળશપાણી મિષે ભક્તિજળ સીંચતા ।। મેરુ સિહરોવરે સર્વ આવ્યા વહા, શક્ર ઉત્સંગ જિન દેખી મન ગહગહી ।। ૪ ।।

વસ્તુ-છંદ

હંહો દેવા હંહો દેવા અણાઇ કાલો, અદિઠ્ઠ પુવ્વો તિલોયતારણો, તિલોયબંધુ. મિચ્છત્ત મોહવિદ્ધંસણો અણાઇ તિન્હા વિણાસણો, દેવાહિદેવો દિઠ્ઠ બોહિય કામેહિં ।।૫।।

।। ઢાળ પૂર્વની ।।

એમ પભણંત વણ ભવણ જોઇસરા, દેવ વેમાણિયા ભત્તિ ધમ્માયરા ।। કેવિ કપ્પટ્ઠિયા કેવિ મિત્તાણુગા, કેવિ વર રમણી વયણેણ અઈ ઉચ્છુગા ।। ૬ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ વસ્તુ છંદ ॥

તત્થ અચ્ચુય, તત્થ અચ્ચુય, ઇંદ આદેશ ॥ કરજોડી સવિ દેવગણુ, લેય કળશ આદેશ પામિય ॥ અદ્‌ભૂતરૂપ સરૂપ જુએ, કવણુ એહ સત્સંગે સામિય ॥ ઇંદ કહે જગ તારણો પારગ અમ પરમેસ ॥ નાયક દાયક ધમ્મનિહિ, કરિયે તસુ અભિષેક ॥ ૭ ॥

(કળશમાંથી અડધા જળે અભિષેક કરવો.

॥ ઢાળ આઠમી ॥

(તીર્થંકમળદલ ઉદક ભરીને, પુષ્કર સાગર આવે–એ દેશી)

પૂરણ કળશ શુચિ ઉદકની ધારા, જિનવર અંગે નામે ॥ આતમ નિર્મલ ભાવકરંતા, વધતે શુભ પરિણામે ॥ અચ્યુતાદિક સુરપતિ મજ્જન, લોકપાલ લોકાંત ॥ સામાનિક ઇંદ્રાણી પમુહા, એમ અભિષેક કરંત ॥ ૧ ॥

॥ ગાહા ॥

તવ ઇસાણ સુરિંદો, સક્કં પભણેઇ, કરહ સુપસાઅં ॥ તુમ અંકે મહન્નહો, ખણુમિત્તં અમ્હ અપ્પેહ ॥ ૨ ॥ તા સંકિકદો પભણેઇ, સાહંમિઅવચ્છલંમિ બહુલાહો ॥ આણા એવં તેણું ગિણ્હિય, હોન્તુ કયત્થા ભો ॥ ૩ ॥

( સર્વ સ્નાત્રીઆઓએ કળશથી અભિષેક કરવો.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ પૂર્વની ॥

સોહમ સુરપતિ વૃષભ રૂપ કરી,ન્હવણ કરે પ્રભુ અંગ ॥ કરિય વિલેપણ પુષ્ફમાલ ઠવી, વર આભરણ અભંગ ॥ તવ સુરવર બહુ જય જયરવ કરી, નાચે ધરી આણંદ ॥ મોક્ષ માર્ગ સારથપતિ પામ્યો, ભાંજશું હવે ભવફંદ ॥૪॥ કોડી બત્રીશ સોવન ઉવારી, વાજંતે વર નાદે ॥ સુરપતિ સંઘ અમર શ્રી પ્રભુની, જનનીને સુપ્રસાદે ॥ આણી થાપી એમ પયંપે, અમ નિસ્તરિયા આજ ॥ પુત્ર તમારો ધણી હમારો, તારણહાર જહાજ ॥ ૫ ॥ માત જતન કરી રાખજો એહને, તુમ સુત અમ આધાર ॥ સુરપતિ ભક્તિ સહિત નંદીશ્વર, કરે જિનભક્તિ ઉદાર ॥ નિયનિય કપ્પ ગયા સવિ નિર્જર, કહેતાં પ્રભુ ગુણસાર.॥ દીક્ષા કેવળજ્ઞાન કલ્યાણક, ઇચ્છા ચિત્ત મઝારા ॥ ૬ ॥ ખરતરગચ્છ જિનઆણારંગી, રાજસાગર ઉવઝાય ॥ જ્ઞાન ધર્મ દીપચંદ સુપાઠક, સુગુરુતણો સુપસાય ॥ દેવચંદ્ર જિનભકતે ગાયો, જન્મ મહોત્સવછંદ ॥ બોધિબીજ અંકુરો ઉલસ્યો, સંઘ સયલ આનંદ ॥ ૭ ॥

કળશ (રાગ બિલાવલ)

એમ પૂજા ભકતે કરો, આતમહિત કાજ ॥ તજિય વિભાગ નિજ ભાવમેં, રમતા શિવરાજ ॥ એમ૦ ॥ ॥ ૧ ॥ કાળ અનંતે જે હુઆ, હોશે જેહ જિણંદ ॥ સં-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પચ સીમંધર પ્રભુ, કેવળનાણુ દિણિંદ ॥ એમ૦ ॥ ૨ ॥ જન્મ મહોત્સવ એણીપરે, શ્રાવક રુચિવંત ॥ વિરચે જિન પ્રતિમાતણો, અનુમોદન ખંત ॥ એમ૦ ॥ ૩ ॥ દેવચંદ્ર જિન પૂજના, કરતાં ભવપાર ॥ જિનપડિમા જિન સારખી કહી સૂત્ર મઝાર ॥ એમ પૂજા ભકતે કરો ॥ ૪ ॥

(પછી પ્રભુજીનો શુદ્ધ જળથી પક્ષાલ કરી અંગલૂછણાં ત્રણ કરી, કેસર ચંદનથી પૂજા કરી, પુષ્પ ચડાવી, ધૂપ કરી, અક્ષત ફળ નૈવેદ્ય મૂકી આરતિ તથા મંગળ દીવો ઉતારવો.)

પંડિત શ્રી દેવચંદ્રજીકૃત સ્નાત્રપૂજા સમાપ્ત

## અઢીસો અભિષેકની વિગત

૧૦ વૈમાનિક બાર દેવલોકના દશ ઇંદ્ર તેના દશ અભિષેક,

૨૦ ભવનપતિના વીશ ઇંદ્રના વીશ અભિષેક.

૩૨ વ્યંતરના બત્રીશ ઇંદ્રના બત્રીસ અભિષેક.

૧૩૨ જયોતિષી અઢીદ્વીપમાંના છાસઠ ચંદ્ર અને છાસઠ સૂર્ય મળી એકસો બત્રીસના એકસો ને બત્રીસ અભિષેક.

૮ સૌધર્મેન્દ્રની આઠ અગ્રમહિષીના આઠ અભિષેક.

૮ ઇશાનેંદ્રની આઠ અગ્રમહિષીના આઠ અભિષેક.

૫ ચમરેંદ્રની પાંચ અગ્રમહિષીના પાંચ અભિષેક.

૫ બલીંદ્રની પાંચ અગ્રમહિષીના પાંચ અભિષેક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬ ધરણેંદ્રની છ પટરાણીના છ અભિષેક.
૬ ભૂતાનેંદ્રની છ પટરાણીના છ અભિષેક.
૪ વ્યંતરની ચાર અગ્રમહિષીના ચાર અભિષેક.
૪ જ્યોતિષીની ચાર અગ્રમહિષીના ચાર અભિષેક.
૪ ચાર લોકપાલના ચાર અભિષેક.
૧ એક અંગરક્ષક દેવનો અભિષેક.
૧ સામાનિક દેવોનો એક અભિષેક.
૧ કટકના દેવનો એક અભિષેક.
૧ ત્રાયત્રિંશક દેવનો એક અભિષેક.
૧ પરષદાના દેવોનો એક અભિષેક.
૧ પઈન્નગસુરનો એટલે પ્રજાસ્થાનીય દેવનો એક અભિષેક.

૨૫૦

**પ્રત્યેક પૂજા પૂરી થયા બાદ સામુદાયિક રીતે ગાવા લાયક**

## નવ સ્મરણની ધૂન

૧. ૐ હ્રીઁ અર્હં નમો જિણાણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ
૨. પંચપરમેષ્ઠી નમો જિણાણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ
૩. નવપદ નાયક નમો જિણાણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ
૪. ઉવસગ્ગ ભયહર પાર્શ્વ જિણાણુમ્ ભગવન શરણું નમો જિણાણુમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. સંવિકરં સુખકરં જિણાણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ્
૬. તિજય પહુત નમો નાથ જિણાણુમ્ ભગવન શરણું નમો જિણાણુમ
૭. નમિઊણ પારસ નમો જિણાણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ
૮. અજિત શાંતિને સમરૂં શરણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ
૯. ભક્તામર આદીશ્વર શરણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ
૧૦. કલ્યાણ મંદિર પારસ શરણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ
૧૧. શાંતિ શાંતિ સવિજીવ શરણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ
૧૨. લબ્ધિનિધાના ગોયમ શરણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ
૧૩. ભગવતિ મહાશક્તિ શરણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ્
૧૪. સદ્ગુરુ સાચા તારણ-શરણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ્
૧૫. આનંદઘન ચિદાનંદ શરણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ્
૧૬. જય મહાવીરા જય મહાવીરા, ભગવન શરણું નમો જિણાણુમ્
૧૭. નમું નમું આદીશ્વર શરણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ
૧૮. નમું નમું જગદીશ્વર શરણુમ્, ભગવન શરણું નમો જિણાણુમ
૧૯. નમું નમું ગોડીજી શરણુમ, ભગવન શરણું નમો જિણાણુમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી વિવિધ પૂજા-સંગ્રહ

## પૂજા સંગ્રહ ભાગ બીજો

# પંડિત શ્રી વીરવિજયજી કૃત પૂજાઓ

## શ્રી પંચકલ્યાણક પૂજા

આ પૂજામાં ઉત્કૃષ્ટ ફળ, નૈવેદ્ય પકવાન વગેરે હરેક વસ્તુનાં આઠ આઠ નંગ લાવવાં. આઠ સ્નાત્રીયા ઊભા રાખવા. આઠ કળશ પંચામૃતના ભરવા. આઠ દીપક કરવા અને કુસુમ (ફૂલ), અક્ષત (ચોખા) પ્રમુખ વસ્તુઓ જોઈએ. કદાપિ તે પ્રમાણે જોગ ન બને તેમ હોય તો એકેકી વસ્તુથી પણ પૂજા ભણાવી શકાય.

### વિધિ

૧. પ્રથમ સ્નાત્ર ભણાવવું, પછી સ્નાત્રીયા રકેબીમાં કુસુમ (ફૂલ) લેઈ ઊભા રહે અને પૂજા ભણાવનારાઓ પહેલી પૂજા ભણાવી મંત્ર કહે એટલે સ્નાત્રીય કુસુમ (ફૂલ) પ્રભુજીને ચઢાવે.

૨. બીજી પૂજામાં લવિંગ, એલચી, સોપારી, નાળીએર, બદામ, દ્રાક્ષ, બીજોરાં, દાડમ, નારંગી, કેરી, કેળાં, પ્રમુખ, સરસ, સુગંધિત રમણીય ફળ રકેબીમાં રાખી, રકેબી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણીને પ્રભુ આગળ ફળ ધરે.

૩. ત્રીજી પૂજામાં ઉજ્જવલ અખંડ અક્ષત (ચોખા) રકાબીમાં નાંખી, રકાબી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણી પ્રભુજી આગળ સ્વસ્તિક તથા તંદુલના ત્રણ પુંજ (ઢગલા) કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. ચોથી પૂજામાં નિર્મળ જળે ભરેલા કળશ રકેબીમાં રાખી, રકેબી હાથમાં લેઈ પ્રભુ આગળ રહે પછી પૂજાનો પાઠ ભણીને છેલ્લો મંત્ર કહી જળપૂજા કરે.

૫. પછી પખાળ કરી અંગલૂંછણાથી લુહીને કેસરની કચોળી (વાટકી) રકેબીમાં રાખી હાથમાં લઈ પાંચમી પૂજાનો પાઠ ભણી છેલ્લો મંત્ર કહી ચંદન પૂજા કરે.

૬. છઠ્ઠી પૂજામાં ધૂપધાણુ, રકેબીમાં રાખી હાથમાં લઈ પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણી, પ્રભુની ડાબી બાજુ ધૂપ ઉખેવે.

૭. સાતમી પૂજામાં, મૌલીસૂત્ર પ્રમુખની વાટ (દીવેટ) કરી નિર્મળ સુગંધિત ઘીથી કોડિયાં ભરી દીપક કરી, રકેબીમાં રાખી રકેબી હાથમાં લઈ પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી, પ્રભુજીની જમણી બાજુએ દીપક રાખીએ.

૮. આઠમી પૂજામાં મોદક, સાકર, ખાજાં, પતાસાં પ્રમુખ અનેક ઉત્તમ પકવાન રકેબીમાં ભરી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણી પ્રભુ આગળ નૈવેદ્ય કરે.

છેવટે પૂજાનો કળશ કહી સ્નાત્રીઆઓ આરતિ ઉતારી પ્રભુજીથી અંતરપટ કરી પોતાના નવ અંગે ચાંલ્લા કરી મંગળદીવો ઉતારે.

## ॥ અથ ચ્યવનકલ્યાણકે પ્રથમ પુષ્પપૂજા ॥

દુહા

શ્રી શંખેસર સાહિબો, સુરતરુસમ અવદાત ॥ પુરિસાદાણી પાસજી, ષડદર્શન વિખ્યાત ॥ ૧ ॥ પંચમ આરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાણિયા, સમરે ઉઠી સવાર ॥ વાંછિત પૂરે દુઃખ હરે, વંદું વાર હજાર ॥૨॥ અવસર્પિણી ત્રેવીસમા, પાર્શ્વનાથ જયવંત ॥ તસ ગણધરપદ પામીને, થાશો શિવવધૂ કંત ॥૩॥ દામોદર જિનમુખ સુણી, નિજ આતમ ઉદ્ધાર ॥ તદા આષાઢી શ્રાવકે, મૂર્તિ ભરાવી સાર ॥૪॥ સુવિહિત આચારજ કને, અંજનશલાકા કીધ ॥ પંચકલ્યાણક ઉત્સવે, માનું વચનજ લીધ ॥૫॥ સિદ્ધિસ્વરૂપ રમણ ભણી, નૌતમ પડિમા જેહ ॥ થાપી પંચકલ્યાણકે, પૂજે ધન્ય નર તેહ ॥૬॥ કલ્યાણક ઉત્સવ કરી, પૂરણ હર્ષ નિમિત્ત ॥ નંદીશ્વર જઈ દેવતા, પૂજે શાશ્વત ચૈત્ય ॥ ૭ ॥ કલ્યાણક પૂજન સહિત, રચના રચશું તેમ ॥ દુર્જન વિષધર ડોલશે, સજ્જન મનશું પ્રેમ ॥૮॥ કુસુમ ફળ અક્ષત તણી, જળ ચંદન મનોહાર; ધૂપ દીપ નૈવેદ્યશું, પૂજા અષ્ટ પ્રકાર ॥૯॥

(ઢાળ પ્રથમ પૂરવ દિશે એ—દેશી)

પ્રથમ એક પીઠિકા, ઝગમગે દીપિકા, થાપી પ્રભુ પાસ તે ઉપરે એ ॥ રજત રકેબીઓ, વિવિધ કુસુમે ભરી, હાથ નરનારી ધરી ઉચ્ચરે એ ॥ ૧ ॥ કનકબાહુ ભવે, બંધ જિનનામનો, કરીય દશમે દેવલોકવાસી ॥ સકલ સુરથી ઘણી, તેજ કાન્તિ ભણી, વીસ સાગર સુખ તે વિલાસી ॥૨॥ ક્ષેત્ર દશ જિનવરા, કલ્યાણક પાંચસે, ઉત્સવ કરત સુર સાથશું એ ॥ થઈય અગ્રેસરી શાસય જિનતણી, રચત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજા નિજ હાથશું એ ॥૩॥ યોગશાસ્ત્ર મતા, માસ ષટ્ થાકતા, દેવને દુઃખ બહુ જાતિનું એ ॥ તે નવિ નીપજે, દેવ જિન જીવને, જોવતાં ઠાણ ઉપપાતનું એ ॥૪॥ મુગતિપુર મારગે, શીતળ છાંયડી, તીર્થની ભૂમિ ગંગાજલે એ॥ ચૈત્ય અભિષેકતા સુકૃતતરુસીંચતા, ભકતે બહુલા ભવ ભવિ તરે એ ॥૫॥ વારણ ને અસિ, દોય વચમાં વસી, કાશી વારાણસી નયરીયે એ ॥ અશ્વસેન ભૂપતિ, વામા રાણી સતી, જૈનમતિ રતિ અનુસારિયે એ ॥૬॥ ચાર ગતિ ચોપડા ચ્યવનના ચૂકવી, શિવ ગયા તાસ ઘર નમન જાવે ॥ બાલરૂપે સુર તિહાં, જનની મુખ જોવતાં, શ્રી શુભવીર આનંદ પાવે ॥ ૭ ॥

॥ કાવ્યમ્ ॥ ઉપજાતિવૃત્તમ્ ॥

ભોગી યદાલોકનતોડપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી, કલ્યાણકારી દુરિતાપહારિ દશાવતારી વરદઃ સપાર્શ્વઃ ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ--જરા-મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, પુષ્પાણિ યજામહે સ્વાહા ॥

॥ અથ ચ્યવનકલ્યાણકે દ્વિતીય ફલ પૂજા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥દુહા॥

કૃષ્ણ ચતુર્થી ચૈત્રની પૂર્ણાયુ સુર તેહ ॥
વામા માત ઉદર નિશિ, અવતરિયા ગુણગેહ ॥ ૧ ॥
સુપન ચતુર્દશ મોટકાં, દેખે માતા તામ ॥
રયણી સમે નિજ મંદિરે, સુખ શય્યા વિશ્રામ ॥ ૨ ॥

**॥ ઢાળ ॥ (મિથ્યાત્વ વામીને, કોશ્યા સમકિત પામી રે—એ દેશી ॥**

રૂડો માસ વસંત ફળી વનરાજી રે, રાયણ ને સહકાર વાલા ॥ કેતકી જાય ને માલતી રે, ભ્રમર કરે ઝંકાર વાલા ॥ કોયલ મદભર ટહુકતી રે, બેઠી આંબા ડાળ વાલા ॥ હંસ યુગલ જળ ઝીલતાં રે, વિમલ સરોવર પાળ વાલા ॥ મંદ પવનની લહેરમાં રે, માતા સુપન નિહાળ વાલા ॥ એ આંકણી ॥ દીઠો પ્રથમ ગજ ઉજ્વલો રે, બીજે વૃષભ ગુણવંત વાલા ॥ ત્રીજે સિંહ જ કેસરી રે, ચોથે શ્રીદેવી મહંત વાલા ॥ માળ યુગલ ફૂલ પાંચમે રે, છઠ્ઠે રોહિણી કંત વાલા ॥ ઊગતો સૂરજ સાતમે રે, આઠમે ધ્વજ લહકંત વાલા ॥ રૂડો માસ૦ ॥૧॥ નવમે કળશ રૂપાતણો રે, દશમે પદ્મસર જાણ વાલા ॥ અગ્યારમે રત્નાકરુ રે, બારમે દેવ વિમાન વાલા ॥ ગંજ રત્નનો તેરમે રે, ચઉદમે વહ્નિ વખાણ વાલા ॥ ઉતરતાં આકાશથી રે, પેસતાં વદન પ્રમાણ વાલા ॥ રૂડો૦ ॥ ૨ ॥ માતા સુપન લહી જાગીયાં રે, અવધિ જુવે સુરરાજ વાલા ॥ શક્રસ્તવ કરી વંદીયા રે, જનની ઉદર જિનરાજ વાલા ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એણે સમે ઇંદ્ર તે આવીયા રે, મા આગળ ધરી લાજ વાલા ॥ પુણ્યવતી તુમે પામીયું રે, ત્રણ ભુવનનું રાજ્ય વાલા ॥ ॥ રૂડો૦ ॥ ૩ ॥ ચૌદ સુપનના અર્થ કહી રે, ઇંદ્ર ગયા નિજ ઠામ વાલા ॥ ચઉસઠ ઇંદ્ર મળી ગયા રે, નંદીસર જિનધામ વાલા ॥ ચ્યવન કલ્યાણક ઉત્સવે રે, શ્રીફલપૂજા ઠામ વાલા ॥ શ્રીશુભવીર તેણે સમરે, જગતજીવ વિશ્રામ વાલા ॥રૂડો૦॥૪॥

॥ કાવ્યમ્ ॥ ઉપજાતિવૃત્તમ્ ॥

ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી, કલ્યાણકારી દુરિતાપહારિ, દશાવતારી વરદઃ સપાર્શ્વઃ ॥૧॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, ફલાનિ યજામહે સ્વાહા ॥

॥ અથ જન્મ કલ્યાણકે તૃતીય અક્ષતપૂજા ॥

॥ દુહા ॥

રવિઉદયે નૃપ તેડિયા, સુપનપાઠક નિજ ગેહ ॥
ચઉદ સુપન ફળ સાંભળી, વળીય વિસર્જ્યા તેહ ॥ ૧ ॥
ત્રણ જ્ઞાનશું ઉપના, ત્રેવીશમા અરિહંત ॥
વામા ઉર સર હંસલો, દિન દિન વૃદ્ધિ લહંત ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડોહલા પૂરે ભૂપતિ, સખિયો વૃંદ સમેત ॥
જિન પૂજે અક્ષત ધરી, ચામર પંખા લેત ॥૩॥

**॥ઢાળ ॥ ચિત્ત ચોખે ચોરી નવિ કરીએ—એ દેશી ॥**

રમતી ગમતી હમુને સાહેલી, બિહુ મળી લીજીએ એક તાળી ॥ સખિ આજ અનોપમ દીવાળી ॥ લીલ વિલાસે પૂરણ માસે. પોષ દશમ નિશિ રઢીયાળી ॥ સખિ૦ ॥ ૧ ॥ પશુપંખી વસીયાં વનવાસી, તે પણ સુખીયાં સમકાળી ॥ સખિ૦ ॥ ઇણરાતે ઘર ઘર ઉત્સવસેં, સુખિયા જગતમેં નરનારી ॥ સખિ૦ ॥ ૨ ॥ ઉત્તમગ્રહ વિશાખાયોગે, જન્મ્યા પ્રભુજી જયકારી ॥ સખિ૦ ॥ સાતે નરકે થયાં અજુવાળાં, થાવરને પણ સુખકારી ॥ સખિ૦ ॥ ૩ ॥ માત નમી આઠે દિગકુમરી, અધોલોકની વસનારી ॥ સખિ૦ ॥ સૂતિ ઘર ઇશાને કરતી, યોજન એક અશુચિ ટાળી ॥ સખિ૦ ॥ ૪ ॥ ઊર્ધ્વલોકની આઠ કુમારી, વરસાવે જળ કુસુમાળી ॥ સખિ૦ ॥ પૂર્વ રૂચક અડ દર્પણ ધરતી, દક્ષિણની અડ કલશાળી ॥ સખિ૦॥ ૫ ॥ અડ પચ્છિમની પંખા ધરતી, ઉત્તર અડ ચામર ધારી ॥ સખિ૦ ॥ વિદિશિની ચઉ દીપ ધરંતી, રૂચકદ્વીપની ચઉ બાળી ॥ સખિ૦ ॥ ૬ ॥ કેળ તણાં ઘર ત્રણ્ય કરીને, મર્દન સ્નાન અલંકારી ॥ સખિ૦ ॥ રક્ષા પોટલી બાંધી બિહુને, મંદિર મેલ્યાં શણગારી ॥ સખિ૦॥ ૭ ॥ પ્રભુ મુખકમલે અમરી ભમરી, રાસ રમંતી લટકાળી ॥ સખિ૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુ માતા તું જગતની માતા, જગદીપકની ધરનારી ॥ સખિ૦ ॥ ૮ ॥ માતા તુજ નંદન ઘણું જીવો, ઉત્તમ જીવને ઉપકારી ॥સખિ૦॥ છપ્પન દિગકુમરિ ગુણ ગાતી, શ્રીશુભ-વીર વચનશાળી ॥ સખિ૦ ॥ ૯ ॥

॥ કાવ્યમ્ ॥ ઉપજાતિવૃત્તમ ॥

ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગા, કલ્યાણકારી દુરિતાપહારિ, દશાવતારી વરદઃ સપાર્શ્વઃ ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ–નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, અક્ષતાન્ યજામહે સ્વાહા ॥

॥ અથ જન્મકલ્યાણકે ચતુર્થ જલપૂજા ॥

॥ દુહા ॥

ચલિતાસન સોહમપતિ, રચી વિમાન વિશાળ ॥
પ્રભુ જન્મોત્સવ કારણે, આવંતા તત્કાળ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ કાજ સિદ્ધાં સકળ હવે સાર—એ દેશી

હવે શક્ર સુઘોષા વજાવે, દેવદેવી સર્વ મિલાવે ॥ કરે પાલક સુર અભિધાન, તેણે પાલક નામે વિમાન ॥ ૧ ॥ પ્રભુ પાસનું મુખડું જોવા, ભવોભવનાં પાતિક ખોવા ॥ ચાલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુર નિજ નિજ ટોળે, મુખ મંગળિક માળા બોલે ।।પ્રભુ૦।। ।। ૨ ।। સિંહાસન બેઠા ચલિયા, હરિ બહુ દેવે પરવરિયા ।। નારી મિત્રના પ્રેર્યા આવે, કોઈક પોતાને ભાવે ।। પ્રભુ૦ ।। ।। ૩ ।। હુકમે કેઈ ભક્તિ કરેવા, વળી કેઈક કૌતક જોવા ।। હય કાસર કેસરી નાગ, ફણી ગરુડ ચઢયા કેઇ છાગ ।। પ્રભુ૦।। ।।૪।। વાહન વૈમાન નિવાસ, સંકીર્ણ થયું આકાશ ।। કેઈ બોલે કરતા તાડા, સાંકડા ભાઈ પર્વના દહાડા ।। પ્રભુ૦ ।।૫।। ઈહાં આવ્યા સર્વ આણંદે, જિનજનનીને હરિ વંદે ।। પાંચ રૂપે હરિ પ્રભુ હાથ, એક છત્ર ધરે શિર નાથ ।।પ્રભુ૦।।૬।। બે બાજુ ચામર ઢાલે, એક આગળ વજ્ર ઉલાળે ।। જઈ મેરુ ધરી ઉત્સંગે, ઇંદ્ર ચોસઠ મળિયા રંગે ।। પ્રભુ૦ ।।૭।। ક્ષીરોદક ગંગા વાણી, માગધ વરદામનાં પાણી ।। જાતિ આઠ-ના કળશ ભરીને, અઢીસેં અભિષેક કરીને ।। પ્રભુ૦।। ।।૮।। દીવો મંગળ આરતિ કીજે, ચંદન કુસુમે કરી પૂજે ।। ગીત વાજિંત્રના બહુ ઠાઠ, આલેખે મંગળ આઠ ।। પ્રભુ ।। ૯ ।। ઇત્યાદિક ઉત્સવ કરતા, જઇ માતા પાસે ધરતા ।। કુંડલ-યુગ વસ્ત્ર ઓશીકે, દડો ગેડી રતનમયી મૂકે ।। પ્રભુ૦ ।।૧૦।। કોડી બત્રીશ રત્ન રૂપૈયા વરસાવી ઇંદ્ર ઉચ્ચારિયા ।। જિન માતાશું જે ધરે ખેદ, તસ મસ્તક થાશે છેદ ।। પ્રભુ૦ ।।૧૧।। અંગુઠે અમૃત વાહી, નંદીસર કરે અઠાઈ ।। દેઈ રાજા પુત્ર વધાઈ, ઘર ઘર તોરણ વિરચાઈ ।। પ્રભુ૦ ।। ૧૨ ।। દશ દિન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓચ્છવ મંડાવે, બારમે દિન નાત જિમાવે ॥ નામ થાપે પાર્શ્વકુમાર, શુભ વીરવિજય જયકાર ॥ પ્રભુ૦ ॥ ૧૩ ॥

॥ કાવ્યમ્ ॥ ઉપજાતિવૃત્તમ્ ॥

ભોગી કદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી, કલ્યાણકારી દુરિતાપહારિ, દશાવતારી વરદઃ સપાર્શ્વઃ ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલં યજામહે સ્વાહા ॥

॥ અથ જન્મકલ્યાણકે પંચમ ચંદન પૂજા ॥

॥ દુહા ॥

અમૃતપાને ઉછર્યા, રમતા પાસકુમાર ॥
અહિ લંછન નવ કર તનુ, વરતે અતિશય ચાર ॥ ૧ ॥
યૌવન વય પ્રભુ પામતાં, માત પિતાદિક જેહ ॥
પરણાવે નૃપપુત્રિકા, પ્રભાવતી ગુણગેહ ॥ ૨ ॥
ચંદન ઘસી ઘનસારશું, નિજ ઘર ચૈત્ય વિશાળ ॥
પૂજોપકરણ મેળવી, પૂજે જગતદયાળ ॥ ૩ ॥

॥ ઢાળ ॥ બાળપણે યોગી હુઆ માઈ ભિક્ષા દોને ॥

સોના રૂપાકે સોગઠે, સાંયા ખેલત બાજી ॥ ઈંદ્રાણી મુખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેખતે, હરિ હોત હે રાજી ॥ ૧ ॥ એક દિન ગંગાકે બિચે, સુર સાથ બહેરા ॥ નારી ચકોરા અપ્સરા, બહોત કરત નિહોરા ॥૨॥ ગંગાકે જળ ઝીલતે, છાંહી બાદલિયાં ॥ ખાવન ખેલ ખેલાયકે, સવિ મંદિર વળિયાં ॥ ૩ ॥ બેઠે મંદિર માળિયે, સારી આલમ દેખે ॥ હાથ પૂજાપા લે ચલે, ખાન પાન વિશેષે ॥૪॥ પૂછ્યા પડુત્તર દેત હે, સુનો મોહન મેરે ॥ તાપસકુ બંદન ચલે, ઉઠી લોક સબેરે ॥ ૫ ॥ કમઠયોગી તપ કરે, પંચ અગ્નિકી જ્વાળા ॥ હાથે લાલ કદામણી, ગળે મોહનમાળા ॥૬॥ પાસ કુંવર દેખણ ચલે, તપસીપે આયા; ઓહીનાણે દેખકે, પીછે યોગી બોલાયા ॥૭॥ સુણ તપસી સુખ લેનકું, જપે ફોગટ માલે ॥ અજ્ઞાનસે અગ્નિ બિચે, યોગકું પરજાલે ॥૮॥ કમઠ કહે સુણ રાજવી, તુમે અશ્વ ખેલાઓ ॥ યોગી કે ઘર હે બડે, મતકો બતલાઓ ॥૯॥ તેરા ગુરુ કોન હે બડા, જિણે યોગ ધરાયા ॥ નહિ ઓળખાયા ધર્મકું, તનુ કષ્ટ બતાયા ॥૧૦॥ હમ ગુરુ ધર્મ પિછાનતે, નહિ કવડી પાસે ॥ ભૂલ ગયે દુનિયા દિશા, રહતે વનવાસે ॥૧૧ ॥ વનવાસી પશુ પંખીયા, ઐસે તુમ યોગી, યોગી નહીં પણ ભોગીયા, સંસારકે સંગી ॥ ૧૨ ॥ સંસાર બૂરા છોરકે, સુણ હો લઘુ રાજા ॥ યોગી જંગલ સેવતે, લેઈ ધર્મ અવાજા ॥ ૧૩ ॥ દયા ધર્મકા મૂલ હૈ, ક્યા કાન કુંકાયા ॥ જીવ દયા નહુ જાનતે, તપ ફોગટ માયા ॥ ૧૪ ॥ બાત દયાકી દાખિયે, ભૂલચૂક હમારા ॥ બેર બેર ક્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોલણા, ઐસા ડાકડમાલા ।। ૧૫ ।। સાંઈ હુકમસે સેવકે, બડા કાષ્ટ ચિરાયા ।। નાગ નિકાલા એકીલા, પરજલતી કાયા ।। ૧૬ ।। સેવક મુખ નવકારસેં, ધરણેંદ્ર બનાયા ।। નાગકુમારે દેવતા, બહુ ઋદ્ધિ પાયા ।। ૧૭ ।। રાણી સાથ વસંતમેં, વનભીતર પેઠે ।। પ્રાસાદ સુંદર દેખીને, ઉહાં જાકર બેઠે ।।૧૮।। રાજિમતીકું છોડકે,નેમ સંજમ લીના ।। ચિત્રામણ જિન જોવતે, વૈરાગે ભીના ।। ૧૯ ।। લોકાંતિક સુર તે સમે, બોલે કર જોરી ।। અવસર સંજમ લેનકા, અબ બેર હૈ થોરિ ।। ૨૦ ।। નિજ ઘર આયે નાથજી, પિયા ખિણુ ખિણુ રોવે ।। માતપિતા સમજાયકે, દાન વરસી દેવે ।। ।।૨૧।। દીન દુઃખીયા સુખીયા કિયા, દારિદ્રકું ચૂરે ।। શ્રી શુભવીર હરિ તિહાં, ધન સઘળો પૂરે ।। ૨ ।।

।। કાવ્યમ્ ।। ઉપજાતિવૃત્તમ્ ।।

ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી, કલ્યાણકારી દુરિતાપહારિ, દશાવતારી વરદઃ સપાર્શ્વઃ ।। ૧ ।।

।। અથ મંત્ર ।।

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, ચંદનં યજામહે સ્વાહા ।।

।। અથ દીક્ષાકલ્યાણકે ષષ્ઠ ધૂપપૂજા ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

વરસીદાનને અવસરે, દાન લીયે ભવ્ય તેહ ॥
રોગ હરે ષટ માસનો, પામે સુંદર દેહ ॥ ૧ ॥

ધૂપઘટા ધરી હાથમાં, દીક્ષા અવસર જાણ;
દેવ અસંખ્ય મળ્યા તિહાં, માનું સંજમઠાણ ॥ ૨ ॥

॥ ઢાળ ॥ દેખો ગતિ દેવની રે-એ દેશી ॥

ત્રીસ વરસ ઘરમાં વસ્યા રે, સુખભર વામાનંદ ॥ સંયમ રસિયા જાણીને રે, મળિયા ચોસઠ ઇંદ્ર ॥ નમો નિત્ય નાથજીરે, નિરખત નયનાનંદ ॥ નમો૦॥૧॥ એ આંકણી ॥ તીર્થોદક વર ઔષધિ રે, મેળવતા બહુ ઠાઠ, આઠ જાતિ કળશા ભરી રે, એક સહસ ને આઠ ॥ નમો૦ ॥ ૨ ॥ અશ્વસેન રાજા ધુરે રે, પાછળ સુર અભિષેક ॥ સુર–તરુ પેરે અલંકર્યારે, દેવ ન ભૂલે વિવેક ॥ નમો૦॥ ૩ ॥ વિ-શાલા નૃપ શિબિકા રે, બેઠા સિંહાસન નાથ ॥ બેઠી વડેરી દક્ષિણે રે, પટશાટક લેઈ હાથ ॥ નમો૦ ॥૪॥ વામ દિશે અંબ ધાતરીરે, પાછળ ધરી શણગાર ॥ છત્ર ધરે એક યૌવનારે, ઈશાન ફળ કરનારા ॥ નમો૦ ॥૫॥ અગ્નિ કોણે એક યૌવના રે, રયણમય પંખો હાથ ॥ ચલત શિબિકા ગાવતીરે, સર્વ સાહેલી સાથ ॥નમો૦ ॥૬॥ શક્ર ઈશાન ચામર ધરે રે,વાજિં-ત્રનો નહિ પાર ॥ આઠ મંગળ આગળ ચલે રે, ઇંદ્રધ્વજા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઝલકાર ॥નમો૦॥૭॥ દેવ દેવી નર નારીયો રે, જોઈ કરે પ્રણામ, કુળમાં વડેરા સજ્જના રે, બોલે પ્રભુને તામ ॥ નમો૦ ॥૮॥ જિતનિશાન ચડાવજો રે,મોહની કરી ચકચૂર॥ જેમ સંવત્સર દાનથી રે, દલદર કાઢયું દૂર ॥નમો૦ ॥૯॥ વરઘોડેથી ઉતર્યા રે, કાશીનયરની બહાર ॥ આશ્રમપદ ઉદ્યાનમાં રે, વૃક્ષ અશોક રસાળ ॥ નમો૦ ॥૧૦॥ અઠ્ઠમ તપ ભૂષણ તજી રે, ઉચ્ચરે મહાવ્રત ચાર ॥ પોષ બહુલ એકાદશી રે ॥ ત્રણ્ય સયાં પરિવાર ॥ નમો૦ ૧૧ ॥ મનઃ— પર્યવ તવ ઉપનું રે, ખંધ ધરે જગદીશ ॥ દેવદૂષ્ય ઇંદ્રિ દિયું રે, રહેશે વરસ ચતતીસ ॥નમો૦॥૧૨॥ કાઉસગ્ગ મુદ્રાએ રહ્યા રે, સુર નંદીશ્વર જાત ॥ માત પિતા વંદી વળ્યાં રે, શ્રી શુભવીર પ્રભાત ॥ નમો૦ ॥ ૧૩ ॥

**॥ કાવ્યમ્ ॥ ઉપજાતિવૃત્તમ્ ॥**

ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી, કલ્યાણકારી દુરિતાપહારિ, દશાવતારી વરદઃ સપાર્શ્વઃ ॥ ૧ ॥

**॥ અથ મંત્ર ॥**

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ—જરા—મૃત્યુ—નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, ધૂપં યજામહે સ્વાહા ॥

**॥ અથ કેવલજ્ઞાન કલ્યાણકે સપ્તમ દીપક પૂજા ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

સારથ ધન્ય ઘરે પારણું, પ્રથમ પ્રભુએ કીધા ॥
પંચ દિવ્ય પ્રગટાવીને, તાસ મુક્ત સુખ દીધ ॥ ૧ ॥
જગદીપક પ્રગટાવવા, તપ તપતા રહી રાણ ॥
તેણે દીપકની પૂજના, કરતાં કેવલનાણ ॥ ૨ ॥

॥ ઢાળ ॥ મહાવીર પ્રભુ ઘેર આવે—એ દેશી ॥

પ્રભુ પારસનાથ સીધાવ્યા, કાદંબરી અટવી આવ્યા ॥ કુંડ નામે સરોવર તીરે, ભર્યું પંકજ નિર્મળ નીરે રે ॥મન મોહન સુંદર મેળા, ધન્ય લોક નગર ધન્ય વેળા રે ॥ મન૦ ॥૧॥ એ આંકણી ॥ કાઉસગ્ગ મુદ્રા પ્રભુ ઠાવે, વનહાથી તિહાં એક આવે ॥ જળ શૂંઢ ભરી ન્હવરાવે, જિન અંગે કમળ ચઢાવે રે ॥ મન૦ ॥૨॥ કલિકુંડ તીરથ તિહાં થાવે, હસ્તિ ગતિ દેવની પાવે ॥ વળી કૌત્સુભ વન આણંદે, ધરણેંદ્ર વિનય ધરી વંદે રે ॥ મન૦ ॥૩॥ ત્રણ્ય દિન ફણી છત્ર ધરાવે, અહિછત્રા નગરી વસાવે ॥ ચાલતા તાપસ ઘર પૂંઠે, નિશિ આવી વસ્યા વડ હેઠે રે ॥ મન૦ ॥૪॥ થયો કમઠ મરી મેઘમાળી, આવ્યો વિભંગે નિહાળી ॥ ઉપસર્ગ કર્યા બહુ જાતિ, નિશ્ચલ દીઠી જિન છાતીરે ॥મન૦॥૫॥ ગગને જળ ભરા વાદળીયો, વરસે ગાજે વીજળીયો ॥ પ્રભુ નાસા ઉપર જળ જાવે, ધરણેંદ્ર પ્રિયા સહ આવે રે ॥ મન૦ ॥૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપસર્ગ હરી પ્રભુ પૂજી મેઘમાળી પાપથી ધ્રૂજી ॥ જિન-ભકતે સમકિત પાવે, એહુ જાણુ સ્વર્ગ સિધાવેરે ॥મન૦ ॥૭॥ આવ્યા કાશી ઉદ્યાને, રહ્યા સ્વામી કાઉસગ્ગ ધ્યાને ॥ અપૂરવ વીર્ય ઉલ્લાસે, ઘનઘાતી ચાર વિનાસે રે ॥ મન૦ ॥૮॥ ચોરાશી ગયા દિન આખા, વદિ ચૈતર ચોથ વિશાખા ॥ અઠ્ઠમ તરુ ધાતકી વાસી, થયા લોકાલોક પ્રકાશી રે ॥ મન૦ ॥૯॥ મળે ચોસઠ ઈંદ્ર તે વાર, રચે સમવસરણ મનો-હાર ॥ સિંહાસન સ્વામી સુહાવે, શિર ચામર છત્ર ઢળાવે રે મન૦ ॥૧૦॥ ચોત્રીસ અતિશય થાવે, વનપાળ વધામણી લાવે ॥ અશ્વસેન ને વામારાણી, પ્રભાવતી હર્ષ ભરાણી રે ॥ મન૦ ॥૧૧॥ સામઈયું સજી સહુ વંદે, જિનવાણી સુણી આણંદે ॥ સસરો સાસુ વહુ સાથે, દીક્ષા લીધી પ્રભુ હાથે રે ॥ મત૦ ॥ ૧૨ ॥ સંઘ સાથે ગણીપદ ધરતા, સુર જ્ઞાન મહોત્સવ કરતા ॥ સ્વામી દેવછંદે સોહાવે, શુભવીર વચન રસ ગાવે રે ॥ મન૦ ॥૧૩॥

॥ કાવ્યમ ॥ ઉપજાતિ વૃત્તમ્ ॥

ભોગી યદાલોકનતોऽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયેગી, કલ્યાણકારી દુરિતાપહારિ, દશાવતારી વરદઃ સપાર્શ્વઃ ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, દીપં યજામહે સ્વાહા ।।

અથ નિર્વાણ કલ્યાણકે અષ્ટમ્ નૈવેદ્યપૂજા ।।

।। દુહા ।।

શુભ આદે દશ ગણધરા, સાધુ સોળ હજાર ।।
અડતીસ સહસ તે સાધવી, ચાર મહાવ્રત ધાર ।।૧।।
એક લખ ચઉસઠ સહસ છે, શ્રાવકનો પરિવાર ।।
સગવીસ સહસ તે શ્રાવિકા, તિગ લખ ઉપર ધાર ।।૨।।
દેશવિરતિધર એ સહુ પૂજે જિન ત્રણ કાળ ।।
પ્રભુ પડિમા આગળ ધરે, નિત્ય નૈવેદ્યનો થાળ ।।૩।।

।। ઢાળ ।। એક સમે શામળિયાજી વૃંદાવનમાં એ—દેશી ।।

રંગરસિયા રંગરસ બન્યો ।। મનમોહનજી ।। કોઈ આગળ નવિ કહેવાય ।।મનડું મોહ્યું રે મનમોહનજી।। વેધકતા વેધક લહે ।। મન૦।। બીજા બેઠા વા ખાય ।। મનડું૦।। ।।૧।। લોકોત્તર ફળ નીપજે ।। મન૦।। મ્હોટો પ્રભુનો ઉપકાર ।। મનડું૦।। કેવળનાણ દિવાકરૂ ।। મન૦ વિચરંતા સુર પરિવાર ।।મનડું૦ ।।૨।। કનક કમળ પગલાં ઠવે ।।મન૦।। જળબુંદ કુસુમ વરસાત ।। મનડું૦।। શિર છત્ર વળી ચામર ઢળે ।।મન૦।। તરુ નમતાં મારગ જાત ।। મનડું૦ ।।૩।। ઉપદેશી કેઈ તારિયા ।।મન૦।। ગુણ પાંત્રીસ વાણી રસાળ ।। મનડું૦।। નર નારી સુર અપ્સરા ।। મન૦ ।। પ્રભુ આગળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાટકશાળ ॥ મનડું ॥૪॥ અવનીતળ પાવન કરી ॥મન૦॥ અંતિમ ચોમાસું જાણ ॥મનડું૦॥ સમેતશિખર ગિરિ આ-વીયા ॥ મન૦ ॥ ચડતા શિવઘર સોપાન ॥ મનડું૦॥૫॥ શ્રાવણ સુદિ આઠમ દિને ॥ મન૦ ॥ વિશાખાએ જગદીશ ॥ મનડું૦॥ અણસણ કરી એક માસનું ॥ મન૦ ॥ સાથે મુનિવર તેત્રીસ ॥ મનડું૦ ॥ ૬ ॥ કાઉસગ્ગમાં મુક્તિ વર્યા ॥મન૦॥ સુખ પામ્યા સાદિ અનંત ॥મનડું૦॥ એક સમય સમશ્રેણિથી ॥ મન૦ ॥ નિઃકર્મા ચઉ દૃષ્ટાંત ॥મનડું૦॥૭॥ સુરપતિ સઘળા તિહાં મળે ॥મન૦॥ ક્ષીરોદધિ આણે નીર ॥ ॥મનડું૦॥ સ્નાન વિલેપન ભૂષણે ॥મન૦॥ દેવદૂષ્યે સ્વામી શરીર ॥મનડું૦॥૮॥ શોભાવી ધરી શિબિકા ॥ મન ॥ વાજિંત્રને નાટક ગીત ॥ મનડું૦॥ ચંદન ચય પરજાળતા ॥મન૦॥ સુર ભક્તિ શોકસહિત ॥મનડું૦॥ થૂભ કરે તે ઉપરે ॥મન૦॥ દાઢાદિક સ્વર્ગે સેવ ॥મનડું૦॥ ભાવઉદ્યોત ગયે થકે ॥મન૦॥ દિવાળી કરતા દેવ ॥ મનડું૦ ॥૧૦॥ નંદીસર ઉત્સવ કરે ॥ મન૦ ॥ કલ્યાણક મોક્ષાનંદ ॥ ॥મનડું૦॥ વર્ષ અઢીસેં આંતરું ॥મન૦॥ શુભવીરને પાસ જિણંદ ॥ મનડું૦॥૧૧॥

॥ અથ ગીતં ॥

(ઘરે આવો ઢોલા–એ દેશી.)

ઉત્સવ રંગ વધામણાં, પ્રભુ પાસને નામે । કલ્યાણક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્સવ કિયો, ચઢતે પરિણામે ાા ઉત્સવ૦ ાા૧ાા શતવર્ષાયુ જીવીને, અક્ષયસુખ સ્વામી ાા તુમ પદ સેવા ભક્તિમાં, નવિ રાખું ખામી ાાઉત્સવ૦ ાા૨ાા સાચી ભક્તે સાહેબા, રીઝો એક વેળા ાા શ્રીશુભવીર હુવે સદા, મનવાંછિત મેળા ાાઉત્સવાા૩ાા

ગાયો ગાયો રે, શંખેશ્વર સાહેબ ગાયો ાા યાદવલોકની જરા નિવારી, જિનજી જગત ગવાયો ાા પંચ કલ્યાણક ઉત્સવ કરતાં, અમ ઘર રંગ વધાયોરે ાા શંખેશ્વર૦ ાા૧ાા તપગચ્છ શ્રી સિંહસૂરિના, સત્યવિજય બુધ ઠાયો ાા કપૂરવિજય ગુરુ ખિમાવિજય તસ, જસવિજયો મુનિરાયો રે શંખે૦ ાા૨ાા તાસ શિષ્ય સંવેગી ગીતારથ, શાંત સુધારસ નાહ્યો ાા શ્રી શુભવિજય સુગુરુ સુપસાયે, જયકમળા જગ પાયો રે ાા શંખે૦ ાા ૩ ાા રાજનગરમાં રહી ચોમાસું, કુમતિ કુતર્ક હઠાયો ાા વિજય દેવેંદ્રસૂરીશ્વર રાજ્યે, એ અધિકાર બનાયો રે ાા શંખે૦ ાા૪ાા અઢારસે નેવ્યાશી અક્ષયત્રાજ, અક્ષત પુણ્ય ઉપાયો ાા પંડિત વીરવિજય પદ્માવતી, વાંછિત દાય સુહાયો રે ાા શંખેશ્વર૦ ાા૫ાા

ાા કાવ્યમ્ ાા ઉપજાતિવૃત્તમ્ ાા

ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી, કલ્યાણકારી દુરિતાપહારિ, દશાવતારી વરદઃ સપાર્શ્વઃ ાા ૧ ાા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અર્થ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ—જરા—મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

ઇતિ પંડિત શ્રી વીરવિજયજી કૃત
પંચકલ્યાણક પૂજા સમાપ્ત.

---

॥ પંડિત શ્રી વીરવિજયજી કૃત ॥

## શ્રી નવાણું પ્રકારી પૂજાની વિધિ

જઘન્યથી કળશ ગ્રહણ કરનાર નવ શ્રાવક અને ઉત્કૃષ્ટપણે નવાણું શ્રાવક જાણવા. તથા જઘન્યથી નવ જાતિનાં પ્રત્યેક અગિ-યાર ફળ લેઇને, પ્રત્યેક પુજા દીઠ નવ નવ ફળ મૂકવં. એમ અગિયારને નવ ગુણા કરીયે તે વારે નવાણું ફળ થાય. એમ જ સુખડી આદિ પણ જઘન્યથી નવ જાતિની અગીયાર અગીયાર નંગ લાવીને, પ્રત્યેક પુજા દીઠ નવ નંગ મૂકવાં. તથા નવાણું દીપક વંશમાલે ધરીએ. તંદુલના સાથીયા નવાણું કરીએ.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી શત્રુંજય મહિમા ગર્ભિત-

# શ્રી નવાણું પ્રકારી પૂજા પ્રારંભ

## ॥ પ્રથમ પૂજા ॥

### ॥ દુહા ॥

શ્રી શંખેશ્વર પાસજી, પ્રણમી શુભગુરુ પાય ॥
વિમલાચલ ગુણ ગાઈશું, સમરી શારદ માય ॥ ૧ ॥
પ્રાયે એ ગિરિ શાશ્વતો, મહિમાનો નહિ પાર ॥
પ્રથમ જિણંદ સમોસર્યા, પૂર્વ નવાણું વાર ॥ ૨ ॥
અઢીય દ્વીપમાં એ સમો, તીર્થ નહીં ફળદાય ॥
કળિયુગ કલ્પતરું લહી, મુકતાફળશું વધાય ॥ ૩ ॥
યાત્રા નવાણું જે કરે, ઉત્કૃષ્ટે પરિણામ ॥
પૂજા નવાણું પ્રકારની, રચતાં અવિચળ ધામ ॥ ૪ ॥
નવ કળશે અભિષેક નવ, એમ એકાદશ વાર ॥
પૂજાદીઠ શ્રીફળ પ્રમુખ, ઇમ નવ્વાણું પ્રકાર ॥ ૫ ॥

### ॥ ઢાળ ॥

### ॥ ઝુંબખડાની દેશી ॥

યાત્રા નવાણું કરીએ સલુણા, કરીયે પંચ સનાત ॥ સુનંદાનો કંત નમો ॥ ગુણણું લખ નવકાર ગણીજે, દોય અઠ્ઠમ છઠ્ઠ સાત ॥ સુ૦ ॥ ૧ ॥ રથયાત્રા પ્રદક્ષિણા દીજે, પૂજા નવાણું પ્રકાર ॥ સુ૦ ॥ ધૂપ દીપ ફળ નૈવેદ્ય મૂકી,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમીયે નામ હજાર ॥ સુ૦॥ ૨ ॥ આઠ અધિક શત ટુંક ભલેરી, મ્હોટી તિહાં એકવીસ ॥ સુ૦ ॥ [1]શત્રુંજયગિરિ ટુંક એ પહેલું, નામ નમો નિશદિશ ॥ સુ૦ ॥ ૩ ॥ સહસ અધિક અટ્ઠ મુનિવર સાથે, બાહુબલી શિવઠામ ॥ સુ૦ ॥ બાહુબલી[2] ટુંકનામ એ બીજું, ત્રીજું મરુદેવી[3] નામ ॥સુ૦॥ ॥૪॥ પુંડરીકગિરિ[4] નામ એ ચોથું, પંચ કોડી મુનિ સિદ્ધ ॥સુ૦॥ પાંચમી ટુંક રૈવતગિરિ[5] કહીયે, તેણે એ નામ પ્રસિદ્ધ ॥સુ૦ ॥૫॥ વિમલાચળ[6] સિદ્ધરાજ[7] ભગીરથ[8] પ્રણમીજે સિદ્ધક્ષેત્ર[9] ॥સુ૦॥ છહરી પાળી એણે ગિરિ આવી, કરીયે જન્મ પવિત્ર ॥સુ૦॥ ૬ ॥ પૂજાએ પ્રભુ રીઝવું રે, સાધું કાર્ય અનેક ॥ સુ૦ ॥ શ્રી શુભવીર હૃદયમાં વસો જો, અલબેલા ઘડી એક ॥ સુ૦ ॥ ૭ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં, ઋષભ મુખ્ય જિનાંઘ્રિપવિત્રિતં, હૃદિ નિવેશ્ય જલૈર્જિન-પૂજનં, વિમલમાપ્ય કરોમિ નિજાત્મકં ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ પ્રથમ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૯ સંપૂર્ણ ॥ ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દ્વિતીય પુજા ॥

॥ દુહા ॥

એકેકું ડગલું ભરે, ગિરિ સન્મુખ ઉજમાળ ॥
કોડિ સહસ ભવનાં કર્યાં, પાપ ખપે તત્કાળ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

રાગ પૂર્વી—ઘડી ઘડી સાંભળો સાંઈ સલુણા—એ દેશી ॥

ગિરિવર દરિસણ વિરલા પાવે, પૂરવ સંચિત કર્મ ખપાવે ॥ગિરિ૦॥ ઋષભ જિનેશ્વર પૂજા રચાવે, નવ નવ નામે ગિરિગુણ ગાવે ॥ગિરિ૦॥૧॥ એ આંકણી ॥ સહસ્રકમલ[૧૦]ને મુક્તિનિલય[૧૧]ગિરિ, સિદ્ધાચળ[૧૨]શતકૂટ[૧૩]કહાવે ॥ગિરિ૦॥ ઢંક[૧૪]કદંબને[૧૫]કોડીનિવાસો,[૧૬]લોહિત[૧૭]તાલધ્વજ[૧૮]સુર ગાવે ॥ગિરિ૦॥૨॥ ઢંકાદિક પંચ ટૂંક સજીવન, સુર નર મુનિ મળી નામ થપાવે ॥ ગિરિ૦ ॥ રયણખાણ જડીબૂટી ગુફાઓ, રસકુંપિકા ગુરુ ઇહાં બતાવે ॥ગિરિ૦॥ ૩॥ પણ પુન્યવંતા પ્રાણી પાવે, પુન્ય કારણ પ્રભુ પૂજા રચાવે ॥ગિરિ૦॥ દશકોટી શ્રાવકને જમાડે, જૈન તીર્થ યાત્રા કરી આવે ॥ ગિરિ૦ ॥ ૪ ॥ તેથી એક મુનિ દાન દિયતાં, લાભ ઘણો સિદ્ધાચળ થાવે ॥ગિરિ૦॥ ચંદ્રશેખર નિજ ભગિની ભોગી, તે પણ એ ગિરિ મોક્ષે જાવે ॥ ગિરિ૦ ॥૫॥ ચાર હત્યારા નર પરદારા, દેવ ગુરૂ દ્રવ્ય ચોરી ખાવે ॥ ગિરિ૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૈત્રી કાર્ત્તિકી પૂનમ યાત્રા, તપ જપ ધ્યાનથી પાપ જલાવે ॥ ગિરિ૦॥ ૬ ॥ ઋષભસેન જિન આદે અસંખ્યા, તીર્થંકર મુક્તિસુખ પાવે ॥ ગિરિ૦ ॥ શિવવહુ વરવા મંડપ એ ગિરિ, શ્રી શુભવીર વચન રસ ગાવે ॥ ૭ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં, ઋષભ મુખ્ય જિનાંઘ્રિપવિત્રિતં, હૃદિ નિવેશ્ય જલૈર્જિન-પૂજનં, વિમલમાપ્ય કરોમિ નિજાત્મકં ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ દ્વિતીય પૂજાભિષકે ઉત્તરપૂજા ૧૮ સંપૂર્ણ ॥ ૨ ॥

॥ તૃતીય પુજા ॥

॥ દુહા ॥

નેમિ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા વિમલગિરિંદ ॥
ભાવિ ચોવીશી આવશે, પદ્મનાભાદિ જિણિંદ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ મનમોહન મેરે—એ દેશી ॥

ધન ધન તે જગ પ્રાણિયા, મનમોહન મેરે ॥ કરતા
૧૯ ૨૦
ભક્તિ પવિત્ર ॥ મ૦ ॥ પુણ્યરાશિ મહાબલ ગિરિ ॥મ૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૨૧]દઢશક્તિ [૨૨]શતપત્ર ॥મ૦॥૧॥ [૨૩]વિજયાનંદ વખાણિયે ॥મ૦॥ [૨૪]ભદ્રંકર [૨૫]મહાપીઠ ॥મ૦॥ [૨૬]સુરગિરિ મહાગિરિ પુણ્યથી ॥ મ૦ ॥ આજ મેં નજરે દીઠ ॥ મ૦ ॥ ૨ ॥ એંશી યોજન પ્રથમારકે ॥મ૦॥ સિત્તેર સાઠ પચાસ ॥મ૦॥ બાર યોજન સાત હાથનો ॥મ૦॥ છઠ્ઠે પહોળો પ્રકાશ ॥ મ૦ ॥ ૩ ॥ પંચમકાળે પામવો ॥મ૦॥ દુલહો પ્રભુ દેદાર ॥મ૦॥ એકેંદ્રિય વિકલેંદ્રિમાં ॥મ૦॥ કાઢયો અનંતો કાળ ॥મ૦॥૪॥ પંચેંદ્રિય તિર્યંચમાં ॥મ૦॥ નહીં સુખનો લવલેશ ॥મ૦॥ ઘૂણાક્ષર ન્યાયે લહ્યો ॥મ૦॥ નરભવ ગુરુ ઉપદેશ ॥મ૦॥૫॥ બહુશ્રુત વયણુની સેવના ॥મ૦॥ વસ્તુધર્મ ઓળખાણ ॥મ૦॥ આત્મસ્વરૂપ રમણે રમે ॥મ૦॥ ન કરે જુઠ ડફાણ ॥મ૦॥૬ ॥ કારણે કારજ નીપજે ॥મ૦॥ દ્રવ્ય તે ભાવ નિમિત્ત ॥મ૦॥ નિમિત્તવાસી આતમા ॥મ૦॥ બાવના ચંદનશીત ॥મ૦॥૭॥ અન્વય વ્યતિરેકે કરી ॥મ૦॥ જિનમુખ દર્શન રંગ ॥મ૦॥ શ્રી શુભવીર સુખી સદા ॥મ૦॥ સાધક કિરિયા અસંગ ॥ મનમોહન મેરે૦ ॥૦॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરંવિમલાચલનામકં, ઋષભ મુખ્ય જિનાંઘ્રિપવિધિતં, હૃદિ નિવેશ્ય જલૈર્જિન-પૂજનં, વિમલમાપ્ય કરોમિ નિજાત્મકં ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ—જરા—મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ તૃતીયાભિષેકે ઉત્તરપૂજા ૨૭ સમાપ્તા ॥

॥ ચતુર્થ પૂજા ॥

॥ દુહા ॥

શેત્રુંજી નદી ન્હાઇને, મુખ બાંધી મુખકોશ ॥
દેવયુગાદિ પૂજીયે, આણી મન સંતોષ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ અને હાંરે વ્હાલોજી વાયે છે, વાંસળી રે—એ દેશી ॥

અને હાંરે વ્હાલો વસે વિમલાચલેરે, જિહાં હુઆ ઉદ્ધાર અનંત ॥ વ્હાલો૦ ॥ અને હાંરે વ્હાલાથી નહિ વેગળારે, મુને વ્હાલો સુનંદાનો કંત ॥વ્હા૦॥ ॥૧॥ અ૦॥ આ અવ-સર્પિણી કાળમાં રે, કરે ભરત પ્રથમ ઉદ્ધાર ॥વ્હા૦॥ અ૦॥ બીજો ઉદ્ધાર પાટ આઠમે રે, કરે દંડવીરજ ભૂપાલ ॥વ્હા૦॥ ૨ ॥ અ૦ ॥ સીમંધર વયણાં સુણી રે, ત્રીજો કરે ઇશા નેંદ્ર ॥વ્યા૦॥ અ૦॥ સાગર એક કોડી અંતરે રે, ચોથે ઉદ્ધાર માહેંદ્ર ॥ વ્હા૦ ॥૩॥ અ૦॥ દશ કોડી વળી સાગ રે, કરે પંચમ પંચમ ઇંદ્ર ॥વ્હા૦॥અ૦॥ એક લાખ કોડ સાગરે રે, ઉદ્ધાર કરે ચમરેંદ્ર ॥વ્હા૦ ॥૪॥ અ૦॥ ચા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સગર ઉદ્ધાર તે સાતમો રે,આઠમો વ્યંતરેંદ્રનો સાર ॥વ્હા૦॥ ॥અ૦॥ તે અભિનંદન ચંદ્રપ્રભુ સમેરે, કરે ચંદ્રજશા ઉદ્ધાર ॥વ્હા૦॥ ૫ ॥ અ૦ ॥ નંદન શાંતિ જિણંદના રે, ચક્રાયુધ દશમ ઉદ્ધાર ॥વ્હા૦॥ અ૦ ॥ અગીઆરમો રામચંદ્રનો રે, બારમો પાંડવનો ઉદ્ધાર ॥વ્હા૦ ॥ ૬ ॥ અ૦॥ વીશ કોડી મુનિ સાથે પાંડવા રે, ઇહાં વરિયા પદ મહાનંદ ॥ વ્હા૦॥ ॥અ૦॥ [૨૮] મહાનંદ [૨૯] કર્મસૂડણ [૩૦] કૈલાસ છે રે, [૩૧] પુષ્પદંત [૩૨] જયંત [૩૩] આનંદ ॥વ્હા૦॥૭॥ અ૦ ॥ [૩૪] શ્રીપદ [૩૫] હસ્તગિરિ [૩૬] શાશ્વતો રે, એ નામ તે પરમ નિધાન ॥વ્હા૦॥અ૦॥ શ્રી શુભવીરની વાણીયે રે, ધરી કાન કરો બહુમાન ॥ વ્હા૦ ॥ ૮ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરંવિમલાચલનામકં, ઋષભ મુખ્ય જિનાંધ્રિપવિત્રિતં, હૃદિ નિવેશ્ય જલૈર્જિન-પૂજનં, વિમલમાપ્ય કરોમિ નિજાત્મકં ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ—જરા—મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલાદિકંયજામહે સ્વાહા ॥

॥ ઇતિ ચતુર્થ અભિષેકે ઉત્તર પૂજા ૩૬ સમાપ્ત ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ પંચમ પૂજા ॥

### ॥ દુહા ॥

ચોથે આરે એ થયા, સવિ મોટા ઉદ્ધાર ॥
સૂક્ષ્મ ઉદ્ધાર વચ્ચે થયા, કહેતાં નાવે પાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥ તેજે તરણીથી વડો રે—એ દેશી ॥

સંવત એક અઠલંતરે રે, જાવડશાનો ઉદ્ધાર ॥ ઉદ્ધરજો તુજ સાહિબા રે, નાવે ફરી સંસાર હો જિનજી ॥ ભક્તિ હૃદયમાં ધારજોરે, અંતરવૈરી વારજોરે, તારજો દીનદયાળ ॥ ૧ ॥ એ આંકણી ॥ બાહડમંત્રીએ ચૌદમોરે, તીર્થે કર્યો ઉદ્ધાર ॥ બાર તેરોત્તર વર્ષમાં રે, વંશ શ્રીમાલી સાર હો જિનજી ॥ ભક્તિ૦ ॥ ૧ ॥ સંવત તેર ઈકોત્તરે રે, સમરેશા ઓસવાલ ॥ ન્યાયદ્રવ્ય વિધિ શુદ્ધતા રે, પન્નરમો ઉધ્ધાર હો જિનજી ॥ ભકિત૦ ॥૩॥ પન્નરસેં સત્યાશીયેરે સોલમો એહ ઉદ્ધાર ॥ કર્માશાએ કરાવીઆરે, વરતે છે જયજયકાર હો જિનજી ॥ ભક્તિ૦॥૪॥ સૂરિદુપ્પસહઉપદેશથી રે, વિમલવાહન ભૂપાલ ॥ છેલ્લો ઉદ્ધાર કરાવશે રે, સાસયગિરિ ઉજમાળ હો જિનજી ॥ ભક્તિ ॥ ૫ ॥ ભવ્યગિરિ

૩૮ ૩૯ ૪૦ ૪૧ ૪૨
સિદ્ધશેખરો રે. મહાજસને માલ્યવંત ॥ પૃથ્વીપીઠ દુઃખહર

૪૩ ૪૪
ગિરિ રે, મુક્તિરાજ મણિકંત હો જિનજી ॥ ભક્તિ૦॥૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૫
મેરુમહીધર એ ગિરિ રે, નામે સદા સુખ થાય ॥ શ્રી શુભ-
વીરને ચિત્તથી રે, ઘડીય ન મેલ્હણુ જાય હો જિનજી ॥
ભક્તિ હૃદયમાં ધારજો રે ॥ ૭ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં, ઋષભ મુખ્ય જિનાંધ્રિપ-
વિત્રિતં, હૃદિ નિવેશ્ય જલૈર્જિન-પૂજનં, વિમલમાપ્ય
કરોમિ નિજાત્મકં ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ,
નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલાદિકં યજામહે સ્વાહા ॥

---

॥ દુહા ॥

॥ ષષ્ટ પૂજા ॥

સિદ્ધાચળ સિદ્ધિ વર્યા, ગૃહિ મુનિ લિંગે અનંત ॥
આગે અનંતા સિઝસે, પૂજો ભવિ ભગવંત ॥ ૧ ॥

॥ ઢાળ ॥ ચતુરેમેં ચતુરી કોણ જગતકી મોહની—એ દેશી ॥

સખરેમેં સખરી કોણ, જગતકી મોહની ॥ ઋષભજિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નંદકી પડિમા, જગતકી મોહની ॥ રયણમય મૂર્તિ ભરાઈ જગતકી મોહની ॥ હાં હાં રે ॥ જગ૦ ॥ પ્યારે લાલ જગતકી મોહની ॥ એ આંકણી ॥ ભરતે ભરાઈ સોય, પ્રમાનાલે કરી, કંચનગિરિએ બેઠાઈ, દેખત દુનિયા ઠરી ॥ હાં હાં રે દેખત૦ ॥ પ્યા૦॥ દેખ૦ ॥ સખરે૦॥ ૧॥ સાતમોદ્ધારમેં ચક્રી સગર સુર ચિંતવી ॥ દુ:ષમ કાળ વિચાર, ગુફામેં જા ઠવી ॥ હાંહાંરે ગુફા૦ ॥ પ્યા૦ ॥ ગુ૦ ॥ દેવદેવી હર-રોજ પૂજનકું આવતે, પૂજાકો ઠાઠ બનાય, સાંયું ગુણ ગાવતે ॥ હાંહાંરે સાંયું૦ ॥ પ્યા૦ ॥ સાંયું૦ ॥ સખરે૦॥ ૨॥ અપ્સરા ઘુંઘટ ખોલકે, આગે નાચતે ॥ ગીતગાન ઓર તાન ખડા હરિ દેખતે ॥ હાંહાં રે ખડા૦ ॥ પ્યા૦ ॥ ખ૦॥ જિન ગુણ અમૃતપાનસેં, સકલ ભઈ ઘડી ॥ ઠમ ઠમ ઠમકે પાંઉ, બલૈયાં લે ખડી ॥ હાંહાંરે બલૈયાં૦ ॥ સખરે૦ ॥ ॥ ૩ ॥ યા રીત ભક્તિમગન્નસેં. સુર સેવા કરે ॥ સુર સાન્નિધ્ય નર દર્શન, ભવ ત્રીજે તરે ॥ હાંહાં રે ભવ૦॥ ॥ પ્યા૦॥ ભ૦॥ પશ્ચિમ દિશિ સોવન્ન, ગુફામેં મ્હાલતે ॥ તીણે કંચનગિરિ[૪૬]નામ, કે દુનિયા બોલતે ॥ હાંહાંરે દુનિ૦॥ ॥ પ્યા૦ ॥દુ૦॥ સખરે૦ ॥૪॥ આનંદઘર[૪૭] પુણ્યકંદ[૪૮], જયાનંદ[૪૯] જાણીયે ॥ પાતાલમૂલ[૫૦] વિભાસ[૫૧], વિશાલ[૫૨] વખાણીયે ॥ હાંહાં રે વિશા૦॥ પ્યા૦ ॥ વિ૦ ॥ જગતારણ[૫૩] અકલંક[૫૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ તીરથ માનીયે ॥ શ્રીશુભવીર વિવેકે, પ્રભુકું પીછાનીયે ॥ હાંહાંરે પ્રભુ૦ પ્યા૦ પ્ર૦ ॥ ૫ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલમ્બિતવૃત્તમ્ ॥

ગિરિવરંવિમલાચલનામકં, ઋષભ મુખ્ય જિનાંધ્રિપવિત્રિતં, હૃદિ નિવેશ્ય જલૈર્જિન-પૂજનં, વિમલમાપ્ય કરોમિ નિજાત્મકં ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલાદિકંયજામહે સ્વાહા ॥

॥ ઇતિ ષષ્ઠાભિષેકે ઉત્તર પૂજા ૫૪ સમાપ્ત ॥

॥ સપ્તમ પૂજા ॥

॥ દુહા ॥

નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિરાય ॥
સાથે સિદ્ધિ વધૂ વર્યા, શત્રુંજય સુપસાય ॥ ૧ ॥

॥ ઢાળ ॥ સહસાવનમાં એક દિન સ્વામી—એ દેશી ॥

આવ્યાં છું આશ ભર્યાં રે, વાલાજી અમે આવ્યાં રે આશ ભર્યાં ॥ એ આંકણી ॥ નમિપુત્રી ચોસઠ મળીને ઋષભ પાઉં પર્યાં ॥ કરજોડી વિનયે પ્રભુ આગે એમ વયણાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉચ્ચર્યાં રે ॥ વા૦ ॥૧॥ નમિ વિનમિ જે પુત્ર તુમારા, રાજ્યાભાગ વિસર્યા ॥ દીન દયાળે દીધો પામી આજ લગે વિચર્યા રે ॥વા૦॥૨॥ બાહ્ય રાજ્ય ઉભગી પ્રભુ પાસે, આવે કાજ સર્યાં ॥ અમે પણ તાતજી કારજ સાધ્યું ,સાન્નિધ્ય આપ કર્યાં રે ॥ વા૦ ॥ ૩ ॥ એમ વદંતી પાગે ચડંતી, અનશન ધ્યાન ધર્યાં ॥ કેવલ પામી કર્મને વામી, જ્યોતિસેં જ્યોતિ મલ્યાંરે ॥ વા૦ ॥૪॥ એક અવગાહને સિદ્ધ અનંતા, દુગ ઉપયોગ વર્યા ॥ ફરસિત દેશ પ્રદેશ અસંખિત, ગુણાકાર ઠર્યા રે ॥ વા૦॥૫॥ અકર્મક[૫૫] મહાતીરથ[૫૬] હેમગિરિ[૫૭], અનંત-શક્તિ[૫૮] ભર્યા ॥ પુરુષોત્તમ[૫૯] ને પર્વતરાજા[૬૦],જ્યોતિ સ્વરૂપ[૬૧] વર્યા, ॥વા૦॥૬॥ વિલાસભદ્ર[૬૨] સુભદ્ર[૬૩] એ નામે, સુણતાં ચિત્ત ઠર્યા॥ શ્રીશુભવીર પ્રભુ અભિષેકે, પાતક દૂર કર્યાં રે ॥ વા૦ ॥૭॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં, ઋષભ મુખ્ય જિનાંઘ્રિપવિત્રિતં, હૃદિ નિવેશ્ય જલૈર્જિન-પૂજનં, વિમલમાપ્ય કરોમિ નિજાત્મકં ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય,જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ સપ્તમ અભિષેક ઉત્તર પૂજા ૬૩ સમાપ્તા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ અષ્ટમ પૂજા ॥

### ॥ દુહા ॥

દ્રાવિડ ને વારિખિલ્લજી, દેશ કોડી અણગાર ॥
સાથે સિદ્ધિ વધૂ વર્યા, વંદુ વારંવાર ॥૧॥

ઢાળ ॥ તોરણ આઈ કયું ચલે રે—એ દેશી

ભરતને પાટે ભૂપતિરે, સિદ્ધિ વર્યા એણે ઠાય ॥ સલુણા ॥ અસંખ્યાતા તિહાં લગે રે, હુઆ અજિત જિનરાય સલુણા ॥ ૧ ॥ જિમ જિમ એ ગિરિ ભેટીએ રે, તિમ તિમ પાપ પલાય ॥સ૦॥ અજિત જિનેશ્વર સાહિબા રે, ચોમાસું રહી જાય ॥સ૦ ॥જે૦ ॥૨॥ સાગરમુનિ એક કોડીશું રે, તોડયા કર્મના પાસ ॥સ૦॥ પાંચકોડી મુનિરાજશું રે, ભરત લહ્યા શિવવાસ ॥સ૦॥ જે૦ ॥૩॥ આદીશ્વર ઉપકારથી રે, સત્તર કોડી સાથ ॥સ૦॥ અજિતસેન સિદ્ધાચળે રે, ઝાલ્યો શિવવહુ હાથ ॥સ૦॥જે૦॥૪॥ અજિતનાથ મુનિ ચૈત્રની રે, પૂનમે દશ હજાર ॥સ૦॥ આદિત્યયશા મુક્તિ વર્યા તે. એક લાખ અણગાર ॥સ૦ ॥ જે૦॥ ૫ ॥ [૬૪] અજરામર [૬૫] ક્ષેમંકરૂ રે, [૬૬] અમરકેતુ [૬૭] ગુણકંદ ॥સ૦॥ [૬૮] સહસપત્ર [૬૯] શિવંકરૂ રે, [૭૦] કર્મક્ષય [૭૧] તમોકંદ ॥સ૦॥જે૦॥ ॥૬॥ [૭૨] રાજરાજેશ્વર એ ગિરિ રે, નામ છે મંગળરૂપ ॥સ૦॥ ગિરિવર રજ તરુ—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંજરી રે, શીશ ચઢાવે ભૂપ ાાસ૦ાા જે૦ાા૭ ાા દેવયુગાદિ પૂજતાં રે, કર્મ હોયે ચકચૂર ાાસ૦ ાા શ્રી શુભવીરને સાહિબો રે, રહેજો હઈડા હજુર ાા સલુણા ાા જે૦ ાા ૮ ાા

ાા કાવ્યમ્ ાા દ્રુતવિલંબિતવૃત્તમ્ ાા

ગિરિવરં વિમલાચલનામકં, ઋષભ મુખ્ય જિનાંઘ્રિપ-વિત્રિતં, હૃદિ નિવેશ્ય જલૈર્જિન-પૂજનં, વિમલમાપ્ય કરોમિ નિજાત્મકં ાા ૧ ાા

ાા અથ મંત્ર ાા

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ—જરા—મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલાદિકં યજામહે સ્વાહા ાા

ાા ઇતિ અષ્ટમાભિષેકે ઉત્તરપૂજા ૭૨ સમાપ્ત ાા

ાા નવમ પૂજા ાા

ાા દુહા ાા

રામ ભરત ત્રણ કોડીશું, કોડી મુનિ શ્રીસાર ાા
કોડી સાઠ અઠ શિવ વર્યા, શાંબ પ્રદ્યુમ્ન કુમાર ાા ૧ ાા

ાા ઢાળ ાા ઊંચો ને અળબેલો રે. કામણગારો કાનુડો—એ દેશી

સિદ્ધાચળ શિખરે દીવો રે, આદીશ્વર અલબેલો છે; જાણે દર્શન અમૃત પીવો રે ાા આ૦ ાા શિવ સોમજસાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લારે રે ાાઆ૦ાા તેર કોડી મુનિ પરિવારેરે ાાઆ૦ાાસિં૦ાા ાા૧ાા કરે શિવસુંદરીનું આણું રે ાાઆ ૦ાા નારદજી લાખ એકાણું રે ાા આ ૦ાા વસુદેવની નારી પ્રસિદ્ધિરે ાાઆ૦ાા પાંત્રીશ હજાર તે સિદ્ધિ રે ાા આ૦ ાા સિં૦ ાા ૨ ાા લાખ બાવનને એક કોડી રે ાાઆ ૦ાા પંચાવન સહસને જોડી રે ાા આ ૦ ાા સાતસેં સત્યોતેર સાધુ રે ાાઆ૦ ાા પ્રભુ શાંતિ ચોમાસું કીધું રે ાા આ ૦ાા સિં૦ ાા ૩ ાા તવ એ વરિયા શિવનારીરે ાાઆ૦ાા ચૌદ સહસ મુનિ દમિતારી રે ાાઆ૦ાા પ્રદ્યુમ્નપ્રિયા અચંભીરે ાા આ૦ાા ચૌંઆલીસસે વૈદર્ભી રે ાાઆ૦ાા સિં૦ ાા૪ાા થાવચ્ચાપુત્ર હજારે રે ાાઆ૦ાા શુક પરિવ્રાજક એ ધારે રે ાાઆ૦ાા સેલગ પણસય વિખ્યાત રે ાાઆ૦ાા સુભદ્ર મુનિ સય સાતે રે ાાઆ૦ાા સિં૦ાા ૫ ાા ભવ તરિયા તેણે ભવતારણ ૭૩ રે ાાઆ૦ાા ગજચંદ્ર ૭૪ મહોદય ૭૫ કારણ રે ાાઆ૦ાા સુરકાંત ૭૬ અચલ ૭૭ અભિનંદો ૭૮ રે ાાઆ૦ાા સુમતિ ૭૯ શ્રેષ્ઠા ૮૦ ભયકંદો ૮૧ રે ાાઆ૦ાા સિં૦ ાા ૬ ાા ઇહાં મોક્ષ ગયા કેઈ કોટી રે ાા આ૦ ાા અમને પણ આશા મોટી રે આ૦ ાા શ્રદ્ધા સંવેગે ભરિયો રે ાાઆ૦ાા મેં મોટો દરિયો તરિયો રે ાાઆ૦ ાાસિં૦ ાા૭ાા શ્રદ્ધાવિણ કુણ ઇહાં આવે રે ાાઆ૦ાા લઘુ જળમાં કેમ તે નાવે રે ાા આ૦ ાા તેણે હાથ હવે પ્રભુ ઝાલો રે ાાઆ૦ાા શુભવીરને હઈડે વહાલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રે ॥ અ૦ ॥ સિદ્ધાચળ શિખરે દીવો રે૦ ॥ આ૦ ॥ ૮ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં, ઋષભ મુખ્ય જિનાંધ્રિપવિત્રિતં, હૃદિ નિવેશ્ય જલૈર્જિન–પૂજન, વિમલમાપ્ય કરોમિ નિજાત્મકં ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય,પરમેશ્વરાય,જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ નવમાભિષેકે ઉત્તર પૂજા ૮૧ સમાપ્ત ॥

॥ દશમ પૂજા ॥

॥ દુહા ॥

કદંબ ગણધર ક્રોડશું, વળી સંપ્રતિ જિનરાજ ॥
થાવચ્ચા તસ ગણધરુ, સહસશું સિધ્યા કાજ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ ધન્ય ધન્ય જિનવાણી—એ દેશી ॥

એમ કેઈ સિદ્ધિ વર્યા મુનિરાયા, નામથી નિર્મળ કાયા રે ॥ એ તીરથ તારુ ॥ જાલી મયાલી ને ઉવયાલી, સિધ્યા, અનશન પાળી રે ॥એ૦॥૧॥ દેવકીષટનંદન ઇહાં સિધ્યા, આતમ ઉજ્જવલ કીધા[૮૨] રે ॥એ૦॥ ઉજ્જવલગિરિ[૮૩] મહા-

પદ્મ પ્રમાણો, [૮૪]વિશ્વાનંદ વખાણો રે ॥એ૦ ॥૨॥ [૮૫]વિજયભદ્ર ને [૮૬]ઇંદ્રપ્રકાશો, કહિયે [૮૭]કપર્દી વાસો રે ॥ એ૦ ॥ [૮૮]મુક્તિનિકેતન [૮૯]કેવલદાયક, [૯૦]ચર્ચગિરિ ગુણલાયક રે ॥ એ૦ ॥ ૩ ॥ એ નામે ભય સઘળા નાસે, જય કમળા ઘર વાસે રે એ૦॥ શુકરાજા નિજ રાજ્યવિલાસી, ધ્યાન ધરે ષટમાસીરે ॥એ૦॥ ॥૪॥ દ્રવ્ય સેવનથી સાજા તાજા, જેમ કૂકડો ચંદરાજા રે ॥એ૦॥ ધ્યાતા ધ્યેય ધ્યાનપદ એકે, ભાવથી શિવફળ ટેકે રે ॥એ૦ ॥ ૫ ॥ ડાળને છંડી બ્રહ્મને વળગો, જાણુ ન થાયે અળગો રે ॥ એ૦ ॥ મૂલ ઉર્ધ્વ અધ શાખા ચારે, છંદપુરાણે વિચાર રે ॥ એ૦ ॥ ૬ ॥ ઇંદ્રિય ડાલાં વિષય પ્રવાળા, જાણંતા પણ બાળા રે ॥એ૦॥ અનુભવ અમૃતજ્ઞાનની ધારા, જિનશાસન જયકારારે ॥ એ૦ ॥ ૭ ॥ ચાર દોષ કિરિયા છંડાણી, યોગાવંચક પ્રાણી રે ॥ એ૦ ॥ ગિરિવરદર્શન ફરસનયોગે, સંવેદનને વિયોગે રે ॥એ૦ ॥૮॥ નિર્જરતો ગુણશ્રેણે ચડતો, ધ્યાનાંતર જઈ અડતો રે ॥એ૦॥ શ્રી શુભવીર વસે સુખ મોજે, શિવસુંદરીની સેજે રે ॥એ૦॥ ૯ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં, ઋષભ મુખ્ય જિનાંઘ્રિપવિત્રિતં, હૃદિ નિવેશ્ય જલૈર્જિન–પૂજનં, વિમલમાપ્ય કરોમિ નિજાત્મકં ॥૧॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય, જન્મ—જરા—મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલાદિકંયજામહે સ્વાહા ॥

॥ ઇતિ દશમાભિષેકે ઉતર પૂજા ૯૦ સંપૂર્ણ ॥

॥ એકાંદશ પુજા ॥

શત્રુંજય ગિરિમંડણો, મરુદેવાનો નંદ ॥
યુગલા ધર્મ નિવારકો, નમો યુગાદિ જિણંદ ॥૧॥

॥ ઢાળ ॥ વીરકુંવરની વાતડી કેમે કહીએ—એ દેશી ॥

તીરથની આશાતના નવિ કરીયે ॥ નવિ કરિયે રે નવિ કરિયે, ધૂપધ્યાન ઘટા અનુસરિયે, તરિયે સંસાર ॥તીરથ૦॥ ॥૧॥ એ આંકણી ॥ આશાતના કરતાં થકાં ધનહાણી ॥ ભુખ્યાં ન મળે અન્નપાણી, કાયા વળી રોગે ભરાણી, આ ભવમાં એમ ॥ તીરથ૦ ॥૨॥ પરભવ પરમાધામીને વશ પડશે ॥ વૈતરણી નદીમાં ભળશે. અગ્નિને કુંડે બળશે, નહીં શરણું કોય ॥ તીરથ૦ ॥૩॥ પૂરવ નવાણું નાથજી ઈહાં આવ્યા ॥ સાધુ કેઈ મોક્ષે સિધાવ્યા, શ્રાવક પણ સિદ્ધિ સુહા-યા, જપતાં ગિરિ નામ ॥તીરથ૦ ॥ ૩ ॥ [૯૧] અષ્ટોત્તર શતકૂટ એ ગિરિ ઠામે ॥ [૯૨] સૌંદર્ય [૯૩] યશોધર નામે, [૯૪] પ્રીતિમંડણ [૯૫] કામુક કામે, વળી [૯૬] સહજાનંદ ॥તીરથ૦॥૫॥ [૯૭] મહેન્દ્રધ્વજ [૯૮] સરવારથ સિદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૯

કરિયે ॥ પ્રિયંકર નામ એ લહિયે, ગિરિ શીતલ છાંયે રહીયે, નિત્ય ધરિયે ધ્યાન ॥ તીરથ૦ ॥૬॥ પૂજા નવાણું પ્રકારની એમ કીજે, નવભવનો લાહો લીજે ॥ વળી દાન સુપાત્રે દીજે, ચઢતે પરિણામે ॥ તીરથ૦ ॥ ૭ ॥ સેવન ફળ સંસારમાં કરે લીલા ॥ રમણી ધન સુંદર બાળા ॥ શુભવીર વિનોદ વિશાળા, મંગલ શિવમાળ ॥ તીરથ૦ ॥૮॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરંવિમલાચલનામકં, ઋષભ મુખ્ય જિનાંઘ્રિપવિત્રિતં, હૃદિ નિવેશ્ય જલૈર્જિન–પૂજનં, વિમલમાપ્ય કરોમિ નિજાત્મકં ॥૧॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલાદિકંયજામહે સ્વાહા ॥

॥ ઇતિ એકાદશાભિષેકે ઉતર પૂજા ૯૯ સંપૂર્ણ ॥

॥ અથ કળશ-ધન્યાશ્રી રાગેણ ગીયતે ॥

ગાયો ગાયો રે વિમલાચલ તીરથ ગાયો ॥ પર્વતમાં જેમ મેરુ મહીધર, મુનિમંડળ જિનરાયો ॥ તરુગણમાં જેમ કલ્પ તરુવર, તેમ એ તીરથ સવાયો રે ॥ વિ૦ ॥૧॥ યાત્રા નવાણું ઇહાં અમે કીધી, રંગ તરંગ ભરાયો ॥ તીર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થ વૃણ મુક્તાફળ માળા, સંઘને કંઠે ઠવાયો રે ॥ વિ૦॥૨॥ શેઠ હેમ ભાઈ હુકમ લઈને, પાલીતાણા શિર ઠાયો ॥ મોતીચંદ મલુકચંદ રાજ્યે, સંઘ સકળ હરખાયો રે ॥વિ૦ ॥૩॥ તપગચ્છ સિંહસૂરીશ્વર કેરા, સત્યવિજય સત્ય પાયો ॥ કપૂર વિજય ગુરુ ખિમાવિજય તસ, જસ વિજયો મુનિરાયો રે ॥ વિ૦ ॥ ૪ ॥ શ્રી શુભ વિજય સુગુરુ સુપસાયે, શ્રુત ચિંતામણિ પાયો ॥ વિજયદેવેંદ્રસૂરીશ્વર રાજ્યે, પૂજા અધિકાર રચાયો રે ॥ વિ૦ ॥ ૫ ॥ પૂજા નવાણું પ્રકારી રચાવે , ગાવો એ ગિરિરાયો ॥ વિધિયોગે ફળ પુરણ પ્રગટે, તવ હઠવાદ હઠાયો રે ॥ વિ૦ ॥ ૬ ॥ વેદ ૪ વસુ ૮ ગજ ૮ ચંદ્ર ૧ સંવત્સર (૧૮૮૪) ॥ ચૈત્રીપૂનમ દિન ગાયો ॥ પંડિત વીરવિજય પ્રભુ ધ્યને, આતમ આપ ઠરાયો રે ॥ વિમલાચલ તીરથ ગાયો ॥૭॥ ઇતિ કળશ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

ગિરિવરં વિમલાચલનામકં, ઋષભ મુખ્ય જિનાંઘ્રિપવિત્રિતં, હૃદિ નિવેશ્ય જલૈર્જિન–પૂજનં, વિમલમાપ્ય કરેમિ નિજાત્મકં ॥૧॥

॥ અથ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ પંડિત શ્રી વીરવિજયજીકૃત શ્રી શત્રુંજય મહિમાગર્ભિત શ્રી નવાણું પ્રકારી પૂજા સમાપ્ત ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંડિત શ્રી વીરવિજયજી કૃત–

## ॥ શ્રી દ્વાદશવ્રત પૂજાની વિધિ ॥

વિશાળ જિનભુવનમાં અથવા પીઠિકાની રચના કરીને ત્યાં મહાવીર પ્રભુની પ્રતિમા સ્થાપન કરવી, વામ (ડાબી) દિશાએ કલ્પવૃક્ષ સ્થાપન કરવો. પછી તે પ્રતિમા આગળ પ્રત્યેક પૂજાદીઠ જે જે વસ્તુ પ્રભુને ચઢે છે, તે ચઢાવવી. બાકી દર્પણ, અષ્ટમંગલ અને ધ્વજાઓ, સર્વ મૂકવાં. જઘન્યથી તેર પુરુષ, તેર ઈન્દ્રાણી, શેષ વિધિ અષ્ટપ્રકારી પૂજાની રીતે જાણી લેવી, અને એકસોને ચોવીસ અતિચાર ટાળવા નિમિત્તે એકસો ને ચોવીસ દીપક કરવા.

આ પૂજામાં શ્રાવકના શુદ્ધ સમ્યકત્વાદિ બારે વ્રતનો વિધિ, તથા સમકિતના પાંચ, બારવ્રત તથા કર્માદાનના પંચોતેર, સંલેષણાના પાંચ, જ્ઞાનના આઠ, દર્શનના આઠ, ચારિત્રના આઠ, તપના બાર અને વીર્યના ત્રણ એમ સર્વ મલીને એકસો ચોવીસ અતિચાર ટાળવાના કહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી બાર વ્રતની પૂજા

## ॥ સમકિતારોપણે પ્રથમ જલપૂજા ॥

### ॥ દુહા ॥

સુખકર શંખેશ્વર પ્રભુ, પ્રણમી શુભગુરુ પાય ॥ શાસન નાયક ગાઇશું, વર્ધમાન જિનરાય ॥ ૧ ॥ સમવસરણ સુરવર રચે, વન મહસેન મોઝાર ॥ સંઘ ચતુર્વિધ થાપીને, ભૂતલ કરત વિહાર ॥ ૨ ॥ એક લખ શ્રાવક વ્રતધરા, ઓગણસાઠ હજાર ॥ સૂત્ર ઉપાસક વર્ણવ્યા, દશ શ્રાવક શિરદાર ॥૩॥ પ્રભુ હાથે વ્રત ઉચ્ચરી, બાર તજી અતિચાર ॥ ગુરુ વંદી જિનની કરે, પૂજા વિવિધ પ્રકાર ॥ ૪ ॥ મુનિમારગ ચિંતામણિ, શ્રાવક સુરતરુ સાજ ॥ બેહુ માધવ ગુણઠાણમેં, રાજા ને યુવરાજ ॥ ૫ ॥ શિવમારગ વ્રતની વિધિ, સાતમા અંગ મોઝાર ॥ પંચમ આરે પ્રાણીને, સુણતાં હોય ઉપકાર ॥૬॥ તેણે કારણ પૂજા રચું, અનુપમ તેર પ્રકાર ॥ ઉતરવા ભવજલનિધિ, એ છે આરા બાર ॥૭॥ સુરતરુ રૂપાનો કરી, નીલ વરણમેં પાન ॥ રક્તવરણ ફૂલ રાજતાં, વામ દિશે તસ ઠાણ ॥૮॥ તેર તેર વસ્તુ શુચિ, મેળવીએ નવરંગ ॥ નર નારી કલશા ભરી, તેર ઠવો જિન અંગ ॥૯॥ ન્હવણ, વિલેપન, વાસની, મલિ દીપક ધૂપ ફૂલ ॥ મંગલ, અક્ષત, દર્પણ, નૈવેદ્ય ધ્વજ ફલ પુર ॥૧૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ રત્નમાલાની પ્રથમ પૂરવ દિશે—એ દેશી ॥

ચતુર ચંપાપુરી, વનમાંહે ઉતરી, સોહમ જંબૂને એમ કહે એ ॥ વીરજિન વિચરતા, નવપુર આવતા, વચનકુસુમે વ્રત મહમહે એ ॥૧॥ શાંત સંવેગતા. વસુમતી યોગ્યતા, સમકિત બીજ આરોપ કીજે ॥ સૃષ્ટિ બ્રહ્માતણી, વિષ્ણુ શંકર ધણી, એક રાખે એક સંહરીજે ॥૨॥ ગૌરૂપ ચાટણી, વાવ અમૃતતણી, ત્રિપુર ને કેશવા ત્રણ હણીજે ॥ જૂઠ મંડાણની, વાણી પુરાણની, કુગુરુમુખ ડાકિણી દૂર કીજે ॥૩॥ હરિ હર બંભને; દેવી અચંભને, પામી સમકિત નવિ ચિત્ત ધરીજે ॥ દોષથી વેગળા, દેવ તીર્થંકરા, ઊઠી પ્રભાતે તસ નામ લીજે ॥ ૪ ॥ અતિશયે શોભતા, અન્ય મત થોભતા, વાણી ગુણ પાંત્રીસ જાણીએ એ ॥ નાથ શિવસાર્થવા, જગતના બાંધવા, દેવ વીતરાગ તે માનીએ એ ॥૫॥ યોગ્ય આચારને, સુગુરુ અણગારને, ધર્મ જયણાયુત આદરો એ ॥ સમકિત સારને, છંડી અતિચારને, સિદ્ધ પડિમા નતિ નિત કરો એ ॥૬॥ શ્રેણિક ક્ષાયકે, ક્ષીર ગંગોદકે, જિન અભિષેક નિત્ય તે કરે એ ॥ સિંચી અનુકૂળને, કલ્પ તરુમૂલને, શ્રી શુભવીરપદ અનુસરે એ ॥૭॥

॥ કાવ્યમ્ ॥

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં ॥ સત્કીર્તિ—શાખા વિનયાદિપત્રં ॥ દાનં ફલં માર્ગ્ગણપક્ષિભોજિ ॥ જિયાચ્ચિરં શ્રાવક—કલ્પવૃક્ષઃ ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અથ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ, શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ॥ આ-
નંદાદિકદિગ્મતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥ મોક્ષં
તદ્વ્રતમાચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કરુ ॥ યેન ત્વં વ્રતક-
લ્પપાદપફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ—જરા—મૃત્યુ-
નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ સમકિતારોપણે પ્રથમ જલપૂજા સમાપ્ત ॥

॥ પ્રથમપ્રાણાતિપાતવિરમણવ્રતે દ્વિતીય ચંદન પૂજા ॥

॥ દુહા ॥

દંસણ નાણ ચરણતણા, આઠ આઠ અતિચાર ॥
અણસણ વીર્યાચારના, પણ તિગ તપના બાર ॥૧॥
સુંદર સમકિત ઉચ્ચરી, લહી ચોથું ગુણઠાણ ॥
ચઢી પંચમ પગથાલીયે, થૂલ થકી પચ્ચખ્ખાણ ॥૨॥

॥ ઢાળ ॥ વાલ્હે અમૃત પાઈ ઉછર્યા, વાલ્હાજીયે અમનેરે-એ દેશી ॥

આવો આવો જશોદાના કંત, અમ ઘર આવો રે ॥
ભક્તવત્સલ ભગવંત, નાથ શે નાવો રે ॥ એમ ચંદનબા-
ળા બોલડે, પ્રભુ આવ્યા રે ॥ મુઠી બાકુલ માટે, પાછા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળીને બોલાવ્યા રે ।। આ૦ ।।૧।। સંકેત કરીને સ્વામી, ગયા તુમે વનમાં રે ।। થઈ કેવળી કેવળ કીધ, ધરિ જે મનમાં રે ।। અમે કેસરકેરા કીચ, કરીને પૂજું રે ।। તોહે પહેલે વ્રત અતિચાર, થકી હું ધ્રૂજું રે ।। આ૦ ।। ૨ ।। જીવહિંસાના પચ્ચખ્ખાણ, થૂલથી કરિયે રે ।। દુવિહં તિવિહેણં પાઠ, સદા અનુસરિયે રે ।। વાસીબોળો વિદલ નિશિ ભક્ષ, હિંસા ટાળું રે ।। સવાવિશ્વા કેરી જીવ,–દયા નિત્ય પાળું રે ।। આ૦ ।। ૩ ।। દશ ચ દરૂઆ દશ ઠાણ, બાંધીને રહિયે રે ।। જીવ જાયે એહવી વાત, કેને ન કહિયે રે ।। વધ બંધન ને છવિ છેદ, ભાર ન ભરિયેરે ।। ભાત પાણીનો વિચ્છેદ, પશુને ન કરિયે રે ।। આ૦ ।। ૪ ।। લૌકિક દેવ ગુરુમિથ્યાત્વ, ત્યાશી ભેદે રે ।। તુજ આગમ સુણતા આજ, હોય વિચ્છેદેરે ।। ચોમાસે પણ બહુ કાજ, જયણા પાળું રે ।। પગલે પગલે મહારાજ, વ્રત અજુઆળું રે ।। આ૦ ।। ૫ ।। એક શ્વાસમાંહે સો વાર, સમરૂ તુમને રે ।। ચંદનબાળા જ્યું સાર, આપો અમને રે ।। માછી હરિબળ ફળદાય, એ વ્રત પાળી રે ।। શુભવીર ચરણ સુપસાય, નિત્ય દિવાળી રે ।। આવો ૦ ।। ૬ ।।

।। કાવ્યમ્ ।।

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં ।। સત્કીર્તિ–શાખાવિનયાદિપત્રં ।। દાનં ફલં માર્ગણપક્ષિભોજિ ।। જિયાચ્ચિરં શ્રાવક-કલ્પવૃક્ષઃ ।।૧।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અથ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ, શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ॥ આનંદાદિકદિગ્મતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥ મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ॥ યેન ત્વં વ્રતકલ્પપાદપફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ—જરા-મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, ચંદન યજામહે સ્વાહા ॥

॥ ઇતિ પ્રથમવ્રતે દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણ ॥

॥ દ્વિતીય મૃષાવાદવિરમણવ્રતે તૃતીય વાસપૂજા ॥

॥ દુહા ॥

ચૂરણ સરસ કુસુમે કરી, ઘસી કેસર ઘનસાર ॥
બહુલ સુગંધિવાસથી, પૂજો જગતદયાળ ॥૧॥

॥ઢાળ॥ રાગ ચમન કલ્યાણ–યમુનામે જઈ પડયો રે, બાળક–એ દેશી ॥

મુક્તિસે જાઈ મળ્યો રે, મોહન મેરો મુક્તિસેં જાઈ મળ્યો ॥ મોહસેં ક્યું ન ડર્યો રે, ॥ મોહન ॥ નામ કરમ નિર્જરણા[૧] હેતે, ભક્તિકો ભાવ વસ્યો[૨] રે ॥ મો૦॥ ઉપદેશી શિવમંદિર પહોતા તોસેં, બનાવ ઠસ્યો રે ॥મો૦ ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનંદાદિક દશ યૂં બોલી, તુમ કને વ્રત ઉચર્યો રે ॥મો૦॥ પાંચ મોટકાં જૂઠ ન બોલે, મેં બી આશ ભર્યો રે ॥મો૦॥ ॥૨॥ બીજું વ્રત ધરી જૂઠ ન બોલું, પણ અતિચારે ડર્યો રે ॥ મો૦ ॥ વસુરાજા આસનસે પડીયો, નરકાવાસ જર્યો રે ॥ મો૦ ॥ ૩ ॥ માંસાહારી માતંગી બોલે, ભાનુ પ્રશ્ન ધર્યો રે ॥ મો૦ ॥ જૂઠા નર પગ ભૂમિશોધન, જળ છંટકાવ કર્યો રે॥ મો૦॥૪॥ મંત્ર ભેદ રહનારી ન કીજે અછતી આળ હર્યો રે ॥મો૦॥ કૂટ લેખ મિથ્યા ઉપદેશે, વ્રતકો પાણી ઝર્યો રે ॥ મો૦ ॥ ૫ ॥ કમલ શેઠ એ વ્રતસેં સુખિયો, જુઠસેં નંદ કળ્યો રે ॥ મો૦॥ શ્રી શુભવીર વચન પરતીતે. કલ્પવૃક્ષ ફળ્યો રે ॥ મોહન મેરો૦ ॥૬॥

॥ કાવ્યમ્ ॥

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં ॥ સત્કીર્તિ—શાખાવિનયાદિપત્રં ॥ દાતં ફલં માર્ગણુપક્ષિભોજિ ॥ જિયાચ્ચિરં શ્રાવક-કલ્પવૃક્ષઃ ॥૧॥

॥ અથ કાવ્યમ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ, શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ॥ આનંદાદિકદિગ્મતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥ મોક્ષં તદ્વ્રતમાચરસ્ય સુમતે ચૈત્યાભિષેકં કુરુ ॥ યેન ત્વં વ્રત-કલ્પપાદપફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

૧ ધરી પાઠાં૦ ૨. ભગતકો નામ વર્યો પાઠાં૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, વાસં યજામહે સ્વાહા ॥

ઇતિ દ્વિતીય વ્રતે તૃતીય વાસપૂજા સંપૂર્ણ ॥ ૩ ॥

॥ તૃતીય અદત્તાદાનવિરમણવ્રતે ચતુર્થ પુષ્પમાલપૂજા ॥

॥ દુહા ॥

સુરતરુ જાઈ ને કેતકી, ગુંથી ફૂલની માળ ॥
ત્રિશલાનંદન પૂજીયે, વરિયે શિવ વરમાળ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ હું ને અચારો હરજીવનજી—એ દેશી ॥

પ્રભુ કંઠે ઠવી ફૂલની માળા, થૂલથકી વ્રત ઉચ્ચરીયે રે ॥ ચિત્ત ચોખે ચોરી નવિ કરીએ ॥ સ્વામી અદત્ત કદાપિ ન લીજે, ભેદ અઢારે પરિહરિયે ॥ ચિત્ત૦॥ ॥૧॥ નવિ કરિયે તો ભવજળ તરીયે રે ॥ ચિત્ત૦॥ એ આંકણી ॥ સાત પ્રકારે ચોર કહ્યા છે, તૃણ તુષ માત્ર ન કર ધરિયે રે ॥ ચિત્ત૦ ॥ રાજદંડ ઉપજે તે ચોરી, નાઠું પડયું વળી વિસરિયે રે ॥ ચિત્ત૦ ॥ ૨ ॥ કૂડે તોલે કૂડે માપે, અતિચારે નાવ અતિચરિયે ॥ ચિત્ત ૦॥ આ ભવ પર-ભવ ચોરી કરતાં વધ બંધન જીવિત હરિયે રે ॥ ચિત્ત૦॥ ॥ ૩ ॥ ચોરીનું ધન ન ઠરે ઘરમાં, ચોર સદા ભૂખે મરિયે રે ॥ ચિત્ત૦॥ ચોરનો કોઈ ધણિ નવિ હોવે, પાસે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેઠાં પણ ડરિયે રે ॥ ચિત્ત૦ ॥ ૪ ॥ પરધન લેતાં પ્રાણ જ લીધા, પંચેંદ્રિય હત્યા વરિયે રે ॥ ચિત્ત૦॥ વ્રત ધરતાં જગમાં જસ ઉજ્જવલ, સુર લોકે જઈ અવતરિયે રે ॥ ચિત્ત૦ ॥ ૫ ॥ તિહાં પણ સાસય પડિમા પૂજી, પુણ્યતણો પોઠી ભરિયે રે ॥ ચિત્ત૦॥ જળકળશા ભરી જિન અભિષેકે, કલ્પતરુ રૂડો ફળિયે રે ॥ ચિત્ત૦॥ ॥ ૬ ॥ ધનદત્ત શેઠ ગયો સુરલોકે, એ વ્રત શાખા વિસ્તરિયે રે ॥ ચિત્ત૦ ॥ શ્રીશુભવીર જિનેશ્વર ભક્તે, સાસય સુખ શિવમંદિરિયે રે ॥ ચિત્ત૦ ॥ ૭ ॥

॥ કાવ્યમ્ ॥

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં ॥ સત્કીર્તિ—શાખાવિનયાદિપત્રં ॥ દાનં ફલં માર્ગણપક્ષિભોજિ ॥ જિયાચ્ચિરં શ્રાવણ-કલ્પવૃક્ષ: ॥૧॥

॥ અથ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતંમ વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરા:, શ્રાદ્ધા: શ્રુતે વર્ણિતા: ॥
આનંદાદિકદિગ્મતા: સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥
મોક્ષં તદ્ વ્રત માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ॥
ત્વંવ્રતકલ્પપાદપલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ અથ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, પુષ્પમાલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ તૃતીયવ્રતે ચતુર્થ પુષ્પમાલ પૂજા સંપુર્ણ ॥ ૪ ॥

॥ ચતુર્થ મૈથુનવિરમણવ્રતે પંચમ દીપક—પૂજા ॥

॥ દુહા ॥

ચોથું વ્રત હવે વરણુવું, દીપકસમ જસ જ્યોત ॥
કેવળ દીપક કારણે, દીપકને ઉદ્યોત ॥૧॥

॥ ઢાળ ॥ વૃંદાવનના વાસીરે, વિઠલા તેં મુજને વિસારી-એ દેશી

એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે, એ વ્રત જગમાં દીવો ॥ ટેક ॥ પરમાતમ પૂજીને વિધિશું, ગુરુ આગળ વ્રત લીજે ॥ અતિચાર પણ દૂર કરીને, પરદારા દૂર કીજે ॥મેરે૦॥ નિજ નારી સંતોષી શ્રાવક, અણુવ્રત ચોથું પાળે ॥ દેવ તિરિ નર નારી નજરે, રૂપ રંગ નવિ ભાળે ॥ મેરે૦॥ ॥ ૧ ॥ વ્રતને પીડા કામની ક્રીડા, દુરગંધા જે બાળી ॥ નાસાવિણુ નારી પણ રાગે, પંચાશકમાં ટાળી ॥ મેરે૦ ॥ વિધવા નારી બાળ કુમારી, વેશ્યા પણ પરજાતી ॥ રંગે રાતી દુર્બળ છાતી, નરમારણ એ કાતી ॥ મેરે૦ ॥ ૨ ॥ પરનારી હેતે શ્રાવકને, નવવાડયો નિરધારી ॥ નારાયણ ચેડા મહારાજે, કન્યાદાન નિવારી ॥ મેરે૦ ॥ ભરતરાયને રાજ ભળાવી, રામ રહ્યા વનવાસે ॥ ખરદૂષણ નારી સવિકારી, દેખી ન પડ્યા પાસે ॥ મેરે૦ ॥ ૩ ॥ દશ શિર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાવણ રણમાં રોળ્યો, સીતા સતીમાં મોટી ॥ સર્વથકી જે બ્રહ્મવ્રત પાળે, નાવે દાન હેમ કોટી ॥ મેરે૦ ॥ વૈતરણીની વેદના માંહે, વ્રત ભાંગે તે પેસે ॥ વિરતિને પ્રણામ કરીને, ઈન્દ્ર સભામાં બેસે ॥ મેરે૦ ॥૪॥ મદિરા માંસથી વેદવેરાણે, પાપ ઘણું પરદારા ॥ વિષકન્યા રંડાપણુ અંધા, વ્રતભંજક અવતારા ॥ મેરે૦ ॥ વ્રત સંભાળે પાપ પખાળે, સુર તસ વાંછિત સાધે ॥ કલ્પતરુ ફળદાયક એ વ્રત, જગ જશ કીરતિ વાધે ॥ મેરે૦ ॥ ૫ ॥ દશમે અંગે બત્રીશ ઓપમ, શીલવતી વ્રત પાળી ॥ નાથ નિહાળી ચરણે આયો, નેહ નજર તુમ ભાળી ॥ મેરે૦ ॥ હાથી મુખસેં દાણો નિકસે, કીડી કુટુંબ સહુ ખાવે ॥ શ્રી શુભવીર જિનેશ્વર સાહિબ, શોભા અમ શિર પાવે ॥ મે૦ ॥૬॥

॥ કાવ્યમ્ ॥

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં ॥ સત્કીર્તિ—શાખાવિનયાદિપત્રં ॥ દાનં ફલં માર્ગ્ગણપક્ષિભોજિ ॥ જિયાચ્ચિરં શ્રાવકકલ્પવૃક્ષઃ ॥૧॥

॥ અથ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધા સંયુત દ્વાદશ વ્રતધરાઃ, શ્રદ્ધા શ્રુતે વર્ણિતાઃ । આનંદાદિકદિગ્મતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યતિ વૈ ॥ મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ॥ યેન ત્વં વ્રતકલ્પપાદપફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય. જન્મ—જરા—મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, દીપકં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ ચતુર્થવ્રતે પંચમ દીપક પૂજા સંપૂર્ણ ॥૫॥

**પંચમ પરિગ્રહ પરિમાણ વિરમણવ્રતે ષષ્ઠ ધુપ પૂજા ॥**

॥ દુહા ॥

અણુવ્રત પંચમ આદરી, પાંચ તજી અતિચાર ॥
જિનવર ધૂપે પૂજીયે, ત્રિશલા માત મલ્હાર ॥૧॥

**॥ઢાળ॥ મારી અંબાના વડલા હેઠ, ભર્યાં સરોવર લહલહેરે—એ દેશી॥**

મનમોહનજી જગતાત, વાત સુણો જિનરાજજી રે ॥ નવિ મળિયો આ સંસાર, તુમ સરીખોરે શ્રી નાથજી રે ॥ એ આંકણી ॥ કૃષ્ણાગરુ ધૂપ દશાંગ, ઉખેવી કરું વિનતિ રે ॥ તૃષ્ણા તરુણી રસલીન, હુ રઝલ્યો રે ચારે ગતિ રે ॥ ॥ તિર્યંચ તરુનાં મૂળ, રાખી રહ્યો ધન ઉપરે રે ॥ પંચેંદ્રિ ફણીધરરૂપ, ધન દેખીને મમતા કરે રે ॥ મન૦ ॥૧॥ સુર લોભી છે સંસાર, સંસારી ધન સંહરે રે ॥ ત્રીજે ભવ સમરાદિત્ય, સાધુ ચરિત્રને સાંભળે રે ॥ નરભવમાંહે ધન કાજ, ઝાઝ ચઢયો રણમાં રડયો રે ॥ નીચે સેવા મૂકી લાજ, રાજ્યરસે રણમાં પડયો રે ॥ મન૦ ॥ ૨ ॥ સંસાર માંહે એક સાર, જાણી કંચન કામિની રે ॥ ન ગણી જપ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માળા એક, નાથ નિરંજન નામની રે ॥ ભાગ્યને મળિયા ભગવંત, અવસર પામી વ્રત આદરું રે ॥ ગયો નરકે મમ્મણ શેઠ, સાંભલી લોભથી ઓસરું રે ॥ મન૦ ॥ ૩ ॥ નવવિધ પરિગ્રહ પરિમાણ, આણંદાદિકની પરે રે ॥ અથવા ઇચ્છા પરિમાણ, ધન ધન્નાદિક ઉચ્ચરે રે ॥ વળી સામાન્યે ષટ ભેદ, ઉત્તર ચોસઠ દાખિયા રે ॥—દશવૈકાલિક નિર્યુક્તિ, ભદ્રબાહુ ગુરુ ભાખિયા રે ॥ મન૦ ॥ ૪ ॥ પરિમાણથી અધિકું હોય, તો તીરથે જઈ વાવરો રે ॥ રોકાયે ભવનું પાપ, છાપ ખરી જિનની ધરો રે ॥ ધનશેઠ ધરી ધનમાન ચિત્રાવેલીને પરિહરી રે ॥ શુભવીર પ્રભુને ધ્યાન, સંતોષે શિવસુંદરી ॥ મન૦ ॥ ૫ ॥

॥ કાવ્યમ્ ॥

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં ॥ સત્કીર્તિ—શાખાવિનયાદિપત્રં ॥ દાનં ફલં માર્ગ્ગણપક્ષિભોજિ ॥ જિયાચ્ચિરં શ્રાવક-કલ્પવૃક્ષઃ ॥૧॥

॥ અથ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ, શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ॥ આનંદાદિકદિગ્મતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥ મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ॥ યેન ત્વં વ્રતકલ્પપાદપફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, ધૂપં યજામહે સ્વાહા ॥

॥ ષષ્ઠ દિક્‌પરિમાણવ્રતે સપ્તમ પુષ્પ પૂજા ॥

॥ દુહા ॥

ફૂલ અમુલક મેઘ જ્યું, વરસાવી જિન અંગ ॥
ગુણવ્રત ત્રણ્યે તેહમાં, દિશિ પરિમાણને રંગ ॥૧॥

॥ ઢાળ ॥ રાગ સારંગ–દાયક દિલ વસીયા–એ દેશી ॥

સમવસરણ સુરવર રચે રે, પૂજા ફૂલ અશેષ ॥ સાહિબ શિવ વસિયા ॥ રાયપસેણી સૂત્રમાંરે, કરે સુરિયાભ વિશેષ ॥ ॥ સાહિબ૦ ॥૧॥ પૂજ્યની પૂજા તેમ કરી રે, કરું આશા પરિમાણ ॥ સા૦ ॥ ચાર દિશા વિમલા તમારે, હિંસાયે પચ્ચખ્ખાણ ॥ સા૦ ॥ ૨ ॥ આશ કરું અરિહાતણી રે, પંચ તજી અતિચાર ॥ સા ॥ તુમ સરિખા દીઠા નહીં રે, જગમાં દેવ દયાળ ॥ સા૦ ॥ ૩ ॥ વરસી વરસ્યા તે સમ રે, વિપ્ર ગયો પરદેશ ॥ સા૦ ॥ 'તેહને પણ સુખિયો કર્યો રે, લાખિણો દેઈ ખેસ ॥ સા૦ ॥ ૪ ॥ હું પણ તે દિન કેઈ ગતિ રે, કેવલી જબ જિનરાજ ॥ સા૦॥ શાસન દેખી તાહરું રે, આવ્યો તુમ શિર લાજ ॥ સા ૦ ॥ ૫ ॥ એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્રતથી શિવસુખ લહ્યું રે, જેમ મહાનંદ કુમાર ।। સા૦ ।।
શ્રી શુભવીર જિનેશ્વર રે, અમને પણ આધાર ।। સાહિબ
શિવ વસિયા ।। ૬ ।।

।। કાવ્યમ્ ।।

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં ।। સત્કીર્તિ–શાખાવિનયાદિપત્રં
।। દાનં ફલં માર્ગ્ગણપક્ષિભોજિ ।। જિયાચ્ચિરં શ્રાવક-
કલ્પવૃક્ષઃ ।। ૧ ।।

।। અથ કાવ્યમ્ ।। શાર્દૂલવિક્રીડિત વૃત્તમ્ ।।

શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ, શ્રાદ્ધા શ્રુતે વર્ણિતાઃ આ-
નંદાદિકદિગ્મતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યતિ વૈ ।। મોક્ષં
તદ્વ્રતમાચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।। યેન ત્વં વ્રતક-
લ્પપાદપફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ।।૧।।

।। અથ મંત્ર ।।

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-
નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, પુષ્પં યજામહે સ્વાહા ।।

।।ઇતિ ષષ્ઠવ્રતે સપ્તમ પુષ્પપૂજા સંપૂર્ણ ।।૭।।

।। સપ્તમ ભોગોપભોગપરિમાણ વ્રતે
અષ્ટમ અષ્ટમાંગલિક પૂજા ।।

।। દુહા ।।

અષ્ટમંગળની પૂજના, કરિયે કરી પ્રણામ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠમી પૂજાએ નમો, ભાવ મંગલ જિનનામ ॥ ૧ ॥
ઉપભોગે પરિભોગથી, સપ્તમ વ્રત ઉચ્ચાર ॥
બીજું ગુણવ્રત એહના, વારા તજો અતિચાર ॥ ૨ ॥

**॥ ઢાળ ॥ સુતારીના બેટા તુને વિનવું રે લોલ—એ દેશી ॥**

વ્રત સાતમે વિરતિ આદરૂં રે લોલ, કહો સાહેબજી મુજ મહેર જો ॥ તુજ આગમ આરીસો જોવતાં રે લોલ, દૂર દીઠું છે શિવપુર શહેર જો ॥ મને સંસાર શેરી વિસરી રે લોલ ॥ જિહાં બાર પાડોશી ચાડ જો, નિત્ય રહેવું ને નિત્ય વઢવાડ જો ॥ મને૰ ॥ એ આંકણી ॥૧॥ ફળ તંબોળ અન્ન ઉપભોગમાં રે લોલ, ઘર નારી ચીવર પરિભોગ જો ॥ કરી માન નમું નિત્ય નાથને રે લોલ, જેથી જાએ ભવોભવ શોક જો ॥ મને૰ ॥ ૨ ॥ પ્રભુ પૂજા રચું અષ્ટ મંગળે રે લોલ, પરહાંસી તજી અતિ રોષ જો ॥ અતિઉદ્ભટ વેશ ન પહેરીયે રે લોલ, નવિ ધરીયે મલિનતા વેશ જો ॥ મને૰॥ ॥ ૩ ॥ ચાર મોટી વિગય કરી વેગળી રે લોલ, દશ બાર અભક્ષ્ય નિવાર જો ॥ તિહાં રાત્રિભોજન કરતાં થકાં રે લોલ, મંજાર ઘુવડ અવતાર જો ॥ મને૰ ॥ ૪ ॥ છળે રાક્ષસ વ્યંતર ભૂતડાં રે લોલ, કેશ કંટક જૂનો વિકાર જો ॥ ત્રણ્ય મિત્રચરિત્રને સાંભળ રે લોલ, કરો રાત્રિભોજન ચોવિહાર જો ॥ મને૰ ॥ ૫ ॥ ગાડાં વહેલ વેચે ભાડાં કરે રે લોલ, અંગારકરમ વનકર્મ જો ॥ સીર કૂપ ઉપલ ખણતાં થકાં રે લોલ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવિ રહે શ્રાવકનો ધર્મ જો ॥ મને૦ ॥ ૬ ॥ વિષ શસ્ત્ર વેપાર દાંત લાખનો રે લોલ, રસ કેશ નિલંછનકર્મ જો ॥ શુક મેના ન પાળીએ પાંજરે રે લોલ, વનદાહે દહે શિવ-શર્મ જો ॥ મને૦ ॥ ૭ ॥ યંત્રપીલણ સર નવિ શોષીએ રે લોલ, તેણે કરજો મયા મહારાજ જો ॥ નહિ ખોટ ખજાને દીજીએ રે લોલ, શિવરાજ વધારી લાજ જો ॥ મને૦ ॥૮ ॥ રાજમંત્રીસુતા ફળ પામતી રે લોલ, વ્રતસાધક બાધક ટાળ જો ॥ શુભવીર પ્રભુના નામથી રે લોલ, નિત્ય પામીએ મંગળમાળ જો ॥ મને૦ ॥ ૯ ॥

॥ કાવ્યમ્ ॥

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં ॥ સત્કીર્તિ–શાખાવિનયાદિપત્રં ॥ દાનં ફલં માર્ગણપક્ષિભોજિ ॥ જિયાચ્ચિરં શ્રાવક-કલ્પવૃક્ષઃ ॥ ૧ ॥

॥ અથ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ, શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ॥ આ-નંદાદિકદિગ્મતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥ મોક્ષં તદ્ વ્રત માચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ॥ ત્વં વ્રતકલ્પપાદપફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, અષ્ટમંગલાનિ યજામહે સ્વાહા ॥

॥ ઇતિ સપ્તમવ્રતે અષ્ટ માંગલિક પૂજા સંપૂર્ણ ॥

**॥ અષ્ટમ અનર્થદંડ વિરમણવ્રતે નવમ્ અક્ષત પૂજા ॥**

॥ દુહા ॥

દંડાયે વિણુ હેતુયે, વળગે પાપ પ્રચંડ ॥
પ્રભુ પૂજી વ્રત કારણે, તે કહું અનરથ દંડ ॥ ૧ ॥
સ્વજન શરીરને કારણે, પાપે પેટ ભરાય ॥
તે નવિ અનરથ દંડ છે, એમ ભાખે જિનરાય ॥૨॥

**॥ ઢાળ ॥ વેગળો રહે વરણાગીયા—એ દેશી ॥**

નેક નજર કરો નાથજી, જેમ જાયે દાલિદર આજથી જીહો ॥ નેક૦ ॥ એમ અક્ષત ઉજ્જવલ તંદુલે, કરી પૂજા કહું જિન આગળે જીહો ॥નેક૦॥ આવી પોહોતો છું પંચમ કાળમાં, સંસાર દાવાનળ ઝાળમાં જી હો ॥ નેક૦ ॥ ૧ ॥ ધ્યાન આરત રાદ્રે મંડિયો, ઠામઠામ અનર્થે દંડિયો જી હો ॥ નેક૦ ॥ ઉપદેશ મેં પાપનો દાખિયો, કૂડી વાતે થયો હું સાખિયો જી હો ॥ નેક૦ ॥ ૨ ॥ આરંભ કર્યા ઘણી ભાતિના, મેં યુદ્ધ કર્યાં કોઈ જાતિનાં જી હો ॥ નેક૦ ॥ રથ મૂશલ માગ્યાં આપિયાં, જાતાં પંથે તે તરુવર ચાંપિયાં જી હો ॥ નેક૦ ॥૩॥ [1]વળી વાદે તે વૃષભ દોડાવિયા, કરી વાતો ને

---

૧. અશ્વ વહેલ તે ઘણું દોડાવિયા. પાઠાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોક લડાવિયા જી હો ॥ નેક૦ ॥ ચાર વિકથાએ પુણ્યધન હારિયો, જેમ અનીતિપુર વ્યવહારિયો જી હો ॥નેક૦॥૪॥ તિહાં ચાર ધૂતારા વાણિયા, ભરે પેટ તે પાપે પ્રાણિયા જી હો ॥ નેક૦ ॥ રણવંટા વચન જે પાળીયું, તો રત્નચૂડે ધન વાળીયું જી હો ॥ નેક૦ ॥ ૫ ॥ તિમ અરિહાની આણા પાળશું, વ્રત લેઇને પાપ પખાળશું જી હો ॥ નેક૦ ॥ અતિ-ચાર તે પાંચ નિવારશું, ગુરુશિક્ષા તે દિલમાં ધારશું જી હો ॥ નેક૦ ॥ ૬ ॥ વીરસેન કુસુમસિરિ દો જણાં, વ્રત પાળી થયાં સુખિયાં ઘણાં જી હો ॥ નેક૦ ॥ અમે પામીએ લીલવિલાસને, શુભવીર પ્રભુને શાસને જી હો ॥ નેક૦ ॥ ૭ ॥

॥ કાવ્યમ્ ॥

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં ॥ સત્કીર્તિ–શાખાવિનયાદિપત્રં ॥ દાનં ફલં માર્ગ્ગણપક્ષિભોજિ ॥ જિયાચ્ચિરં શ્રાવક-કલ્પવૃક્ષઃ ॥૧॥

॥ અથ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ, શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ॥ આ-નંદાદિકદિગ્મતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥ મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ॥ યેન ત્વં વ્રતક-લ્પપાદપફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, અક્ષતાન્ યજામહે સ્વાહા ॥

॥ અષ્ટમવ્રતે નવમ અક્ષત પૂજા સંપૂર્ણ ॥ ૯ ॥

**॥ નવમ સામાયિક વ્રતે દશમ દર્પણપૂજા ॥**

દશમી દર્પણ પૂજના, ધરી જિન આગળ સાર ॥
આતમરૂપ નિહાળવા, કહું શિક્ષાવ્રત ચાર ॥ ૧ ॥

હે સુખકારી ! આ સંસાર થકી જો મુજને ઉદ્ધરે ॥ હે ઉપકારી ! એ ઉપકાર તુમારો, કદીય ન વીસરે ॥ એ ટેક ॥ નવમે સામાયિક ઉચ્ચરિયે, અમે દર્પણની પૂજા કરીયે, નિજ આતમ રૂપ અનુસરિયે, સમતા સામાયિક સંવરિયે ॥ હે૦ ॥ ૧ ॥ સામાન્યે જિહાં મુનિવર ભાળે, અતિચાર પાંચ એહના ટાળે ॥ સાધુપરે જીવદયા પાળે, નિજ ઘર ચૈત્ય પૌષધશાળે ॥ હે૦ ॥ ૨ ॥ રાજા મંત્રી ને વ્યવહારી, ઘોડા રથ હાથી શણગારી ॥ વાજિંત્ર ગીત આગળ પાળા, પરશંસે ષટદર્શનવાળા ॥ હે૦ ॥ ૩ ॥ એણી રીતે ગુરુ પાસે આવી, કરે સામાયિક સમતા લાવી ॥ ઘડી બે સામાયિક ઉચ્ચરિયે, વળી બત્રીસ દોષને પરહરિયે ॥ હે૦ ॥ ૪ ॥ લાખ ઓગણસાઠ બાણું કોડી, પચવીશ સહસ નવસેં જોડી ॥ પચવીશ પલ્યોપમ ઝાઝેરૂં, તે બાંધે આયુ સુરકેરૂં ॥હે૦॥ ॥૫॥ સામાયિક વ્રત પાળી યુગતે, તે ભવ ધનમિત્ર ગયો મુગતે ॥ આગમ રીતે વ્રત હું પાળું, પંચમ ગુણઠાણું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજુવાળું ।।હે૦ ।। ૬ ।। તુમે ધ્યેયરૂપે ધ્યાને આવો, શુભ-વીર પ્રભુ કરુણા લાવો ।। નહીં વાર અચળ સુખ સાધંતે, ઘડી દોય મળો જો એકાંતે ।। હે૦ ।। ૭ ।।

।। કાવ્યમ્ ।।

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં ।। સત્કીર્તિ–શાખાવિનયાદિપત્રં ।। દાનં ફલં માર્ગણપક્ષિભોજિ ।। જિયાચ્ચિરં શ્રાવક-કલ્પવૃક્ષઃ ।।૧।।

।। અથ કાવ્યમ્ ।। શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ।।

શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ, શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ।। આ-નંદાદિકદિગ્મતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ।। મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ।। યેન ત્વં વ્રતક-લ્પપાદપફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ।।૧।।

।। અથ મંત્ર ।।

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, દર્પણું યજામહે સ્વાહા ।।

।। ઇતિ નવમવ્રતે દશમ દર્પણપૂજા સંપૂર્ણ ।। ૧૦ ।।

।। દશમ દેશાવકાશિકવ્રતે એકાદશ નૈવેદ્યપૂજા ।।

।। દુહા ।।

વિગ્રહગતિ દૂરે કરી, આપો પદ અણાહાર ।।
ઇમ કહી જિનવર પૂજીએ, ઠવી નૈવેદ્ય રસાળ ।।૧।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ તેજે તરણીથી વડો રે—એ દેશી ॥

દશમે દેશાવકાસિકે રે, ચઉદ નિયમ સંક્ષેપ ॥ વિસ્તારે પ્રભુ પૂજતાં રે, ન રહે કર્મનો લેપ હો જિનજી ॥ ૧ ॥ ભક્તિ સુધારસ ઘોળનો રે, રંગ બન્યો હે ચોળનો રે, પલક ન છોડયો જાય ॥ એ આંકણી ॥ એક મુહૂરત દિન રાતનું રે, પક્ષ માસ પરિમાણ ॥ સંવત્સર ઇચ્છા લગે રે, તે રીતે પચ્ચખ્ખાણ હો જિનજી ॥ ભક્તિ० ॥ ૨ ॥ બારે વ્રતના નિયમનો રે, સંક્ષેપ એહમાં થાય ॥ મંત્રબળે જેમ વીંછીનું રે, ઝેર તે ડંખે જાય હો જિનજી ॥ભક્તિ० ૩॥ ગંઠસી ધરસી દીપસી રે, એહમાં સર્વ સમાય ॥ દીપક જ્યોતે દેવતા રે, ચંદવડંસગ રાય હો જિનજી ॥ ભક્તિ० ॥૪॥ પણ અતિચાર નિવારીને રે, ધનદ ગયો શિવગેહ ॥ શ્રી શુભવીરશું માહરે રે, સાચો ધર્મસનેહ હો જિનજી ॥ ભક્તિ० ॥ ૫ ॥

॥ કાવ્યમ્ ॥

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં ॥ સત્કીર્તિ-શાખા વિનયાદિપત્ર ॥ દાનં ફલં માર્ગ્ગાણુપક્ષિભોજિ ॥ જિયાચ્ચિરં શ્રાવક-કલ્પવૃક્ષઃ ॥૧॥

॥ અથ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ, શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ॥ આનંદાદિકદિગ્મતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥ મોક્ષં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તદ્વ્રતમાચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરુ ॥ યેન ત્વં વ્રતકલ્પપાદપફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય જન્મ—જરા—મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, દીપકં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ દશમવ્રતે એકાદશ નૈવેદ્યપૂજા સંપૂર્ણ ॥ ૧૧ ॥

**॥ એકાદશમ પૌષધોપવાસ વ્રતે દ્વાદશ ધ્વજ પૂજા ॥**

॥ દુહા ॥

પડહ વજાવી અમારિનો, ધ્વજ બાંધો શુભ ધ્યાન ॥
પોસહવ્રત અગિયારમે, ધ્વજપૂજા સુવિધાન ॥ ૧ ॥

॥ ઢાળ ॥ વગડાનો વાસી રે મોર શિદ મારીયો—એ દેશી ॥

પ્રભુ પડિમા પૂજીને પોસહ કરિયે રે, વાતને વિસારી રે વિકથા ચારની ॥ પ્રાયે સુરગતિ સાધે પર્વને દિવસે રે, ધર્મની છાયા રે તરુ સહકારની, શીતળ નહિ છાયા રે આ સંસારની, કુડી છે માયા રે આ સંસારની, કાચની કાયા રે છેવટ છારની, સાચી એક માયા રે જિન અણગારની ॥૧॥ ॥એ આંકણી॥ એંશી ભાંગે દેશ થકી જે પોસહરે, એકાસણુ કહ્યું રે શ્રીસિદ્ધાંતમાં ॥ નિજ ઘર જઇને જયણામંગળ બોલી રે, ભાજન મુખ પૂંજી રે શબ્દ વિના જમે ॥ શીતલ૦ ॥કૂ૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કા૦ ॥ સા૦ ॥ ૨ ॥ સર્વથી આઠ પહોરનો ચઉવિહાર રે; સંથારો નિશિરે કંબલ ડાભનો ॥ પાંચે પરવી ગૌતમ-ગણધર બોલ્યારે, પૂરવ આંક તીસ ગુણો છે લાભનો ॥શી૦॥ ॥કૂ૦॥ કા૦॥ સા૦ ॥ ૩ ॥ કાર્તિક શેઠે પામ્યો હરિ અવતાર રે, શ્રાવક દશ વીશ વર્ષે સ્વર્ગે ગયા ॥ પ્રેતકુમાર વિરાધક-ભાવને પામ્યો રે, દેવકુમાર વ્રત રે આરાધક થયા ॥શી૦॥ ॥કૂ૦॥ કા૦ ॥ સા૦ ॥ ૪ ॥ પણ અતિચાર તજી જિનજી વ્રત પાળું રે, તારક નામ સાચું રે જો મુજ તારશો ॥ નામ ધરાવો નિર્યામક જો નાથ રે, ભવોદધિ પાર રે તો ઉતારશો ॥ શી૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૫ ॥ સુલસાદિક નવજણને જિનપદ દીધાં રે, કરમે તે વેળા રે વસિયો વેગળો ॥ શાસન દીઠું ને વળી લાગ્યું મીઠું રે, આશાભર આવ્યો રે, સ્વામિ એકલો ॥શી૦॥કૂ૦॥કા૦॥સા૦॥૬॥ દાયક નામ ધરાવો તો સુખ આપો રે, સુરતરુની આગે રે શી બહુ માગણી ॥ શ્રી શુભવીર પ્રભુજી મોંઘે કાળે રે, દિયંતા દાન રે શાબાશી ઘણી ॥ શી૦॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૭ ॥

॥ કાવ્યમ્ ॥

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં ॥ સત્કીર્તિ—શાખાવિનયાદિપત્રં ॥ દાનં ફલં માર્ગ્ગણપક્ષિભોજિ ॥ જિયાચ્ચિરં શ્રાવક-કલ્પવૃક્ષઃ ॥૧॥

॥ અથ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ, શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ॥ આ—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નંદાદ્દિક્દિગ્મતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥ મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કરુ ॥ યેન ત્વં વ્રતક–લ્પપાદપફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, ધ્વજં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ એકાદશ વ્રતે દ્વાદશ પૂજા સંપૂર્ણ ॥

॥ દ્વાદશ–અતિથિસંવિભાગ વ્રતે ત્રયોદશ ફલપૂજા ॥

॥ દુહા ॥

અતિથિ કહ્યા અણગારને, સંવિભાગ વ્રત તાસ ॥
ફલપૂજા કરી તેરમી, માગો ફળ પ્રભુ પાસ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ ભમરા ! ભૂધર શેં નાવ્યો—એ દેશી ॥

ઉત્તમ ફળ પૂજા કીજે, મુનિને દાન સદા દીજે ॥ બારમે વ્રત લાહો લીજે રે, શ્રાવક વ્રત સુરતરુ ફળીયો ॥ રૂડો મનમોહન મેળો મળિયો રે ॥શ્રાવક૦॥૧॥એ આંકણી॥ દેશ કાળ શ્રદ્ધા ક્રમિયે ઉત્તર પારણે દાન દિયે, તેહમાં પણ નવિ અતિચરિયે રે ॥શ્રા૦॥ ૨ ॥ વિનતિ કરી મુનિને લાવે, મુનિ બેસણ આસણ ઠાવે, પડિલાભે પોતે ભાવે રે ॥ શ્રા૦ ॥ ૩॥ દશ ડગલા પૂંઠે જાવે, મુનિદાને જે નવિ આવે, વ્રતધારી તે નવિ ખાવે ॥ શ્રા૦ ॥ મુનિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અછતે જમે દિશિ દેખી, પોસહ પારણવિધિ ભાખી, ધર્મ-દાસ ગણી છે સાખી રે ॥ શ્રા૦ ॥ ૫ ॥ એકાદશ પડિમા વહિયા, સુર ઉપસર્ગે નવિ પડિયા, કામદેવ પ્રભુમુખ ચડિયા રે ॥ શ્રા૦॥ ૬ ॥ ગુણકર શેઠ ગયા મુકતે, હું પણ પાળું એ યુકતે, શ્રી શુભવીર પ્રભુ ભકતે રે ॥ શ્રાવક૦ ॥ ૭ ॥

॥ અથ સર્વોપરિ ગીતં ॥

॥ નિશદિન જોઉં વાટડી, ઘરે આવો ઢોલા—એ દેશી ॥

વિરતિપણે હું વિનવું, પ્રભુ અમ ઘર આવો ॥ સેવક સ્વામિભાવથી, નથી કોઈનો દાવો ॥ વિ૦ ॥ લીલ-વિલાસી મુક્તિના, મુજ તેહ દેખાવો ॥ મનમેળો મેલી કરી. ફોગટ લલચાવો વિ૦ ॥૨॥ રંગ રસીલા રીઝીને, ત્રિશલા-સુત આવો ॥ થાયે સેવક તુમ આવતે, ચૌદરાજમાં ચાવો ॥ વિ૦ ॥૩॥ પંથ વચ્ચે પ્રભુજી મળ્યા, હજુ અરધે જાવો ॥ નિર્ભય નિજપુર પામવા, પ્રભુ પાકો વોળાવો ॥ ॥ વિ૦ ॥ ૪ ॥ શ્રેણિ ચઢી શૈલેશિયે, પરિશાટન ભાવો. એક સમય શિવમંદિ રે; જ્યોતે જ્યોત મિલાવો ॥ વિ૦ ॥ ॥ ૫ ॥ નાટક દુનિયા દેખતે, નવિ હોય અભાવો શ્રી શુભવીરને પૂજતાં, ઘેર ઘેર વધાવો ॥ વિ૦ ॥ ૬ ॥

॥ કાવ્યમ્ ॥

ઉચ્ચૈર્ગુણૈર્યસ્યનિબદ્ધમૂલં ॥ સત્કીર્તિ—શાખાવિનયાદિપત્રં ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાનં ફલં માર્ગ્ગણુ પક્ષિભોજિ ॥ જિયાચ્ચિરં શ્રાવક-
કલ્પવૃક્ષ: ॥૧॥

॥ અથ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતં વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરા:, શ્રાદ્ધા: શ્રુતે વર્ણિતા: ॥ આ-
નંદાદિકદિગ્મતા: સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥ મોક્ષં
તદ્વ્રતમાચરસ્વસુમતે ચૈત્યાભિષેકં કુરુ ॥ યેન ત્વં વ્રતક-
કલ્પપાદપફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥૧॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય, જન્મ—જરા—મૃત્યુ-
નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, ફલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ દ્વાદશવ્રતે ત્રયોદશ ફલપૂજા સંપૂર્ણ ॥ ૧૩ ॥

॥ અથ કળશ—રાગ ધન્યાશ્રી ॥

ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો ॥ વીરમુખે
વ્રત ઉચ્ચરિયાં જેમ, નર નારી સમુદાયો ॥ એકસોચોવીશ
અતિચાર પ્રમાણે, ગાથાએ ભાવ બનાયો રે ॥ મહા૦ ॥
॥ ૧ ॥ વ્રતધારીને પૂજાનો વિધિ, ગણધર સૂત્ર ગુંથાયો ॥
નિર્ભય દાવે શિવપુર જાવે, જેમ જગ માલ છપાયો રે ॥
॥ મહા૦ ॥ ॥ ૨ ॥ તપગચ્છ શ્રી વિજયસિંહસૂરિના, સત્ય
વિજય સત્ય પાયો ॥ કપૂરવિજય ગુરુ ખિમાવિજય તસ,
જસવિજયો મુનિરાયો રે ॥ મહા૦ ॥ ૩ ॥ શ્રી શુભવિજય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુગુરુ સુપસાયે, શ્રુતચિંતામણિ પાયો ॥ વિજયદેવેંદ્ર સૂરીશ્વરરાજ્યે, એ અધિકાર રચાયો રે ॥ મહા૦ ॥ ૫ ॥ કષ્ટનિવારે વાંછિત સારે, મધુરે કંઠે મલ્હાયો ॥ રાજનગરમાં પૂજા ભણાવી, ઘર ઘર ઉત્સવ થાયો રે ॥ મહા૦ ॥ ૫ ॥

મુનિ(૭) વસુ(૮) નાગ(૮) શશી(૧) સંવત્સર (૧૮૮૮) દીવાળી દિન ગાયો ॥ પંડિત વીરવિજય પ્રભુધ્યાને, જગજસ પડહ વજાયો રે ॥ મહાવીર ॥ ૬ ॥

॥ ઇતિ શ્રી વીરવિજયજીકૃત દ્વાદશવ્રત પૂજા સમાપ્ત ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી વિવિધ પૂજા-સંગ્રહ

## પૂજા સંગ્રહ-ભાગ ત્રીજો

## શ્રી વિજયલક્ષ્મીસૂરિ કૃત

## વીશસ્થાનક તપપૂજા

રચના સં. ૧૮૪૫

॥ વિધિ ॥

વીશસ્થાનકનું તપ શરૂ કરતાં અથવા એક એક ઓળી સંપૂર્ણ થાય તે વારે, અથવા તપ ન કર્યું હોય અને સ્વભાવિક ભાવ ભક્તિયે પૂજા ભણાવવી હોય, તો તેની વિધિ આ પ્રમાણે છે :—

દિનશુદ્ધિએ શુભ ઉત્સવે ઊંચા આસન ઉપર એક પંક્તિએ વીશ પ્રતિમા અલંકાર સહિત સ્થાપીએ. તેની આગળ વળી ઉપરા ઉપર ત્રણ બાજોઠ માંડીને તેની ઉપર પંચતીર્થી પ્રતિમા સ્થાપન કરીને પ્રથમ લઘુ સ્નાત્ર ભણાવીએ. પછી તીર્થકૂપાદિકનાં પવિત્ર જળ આડંબર સહિત પ્રથમથી જ લાવી મૂકેલાં હોય તે જળને સુવાસિત કરી, તે જળમાંથી થોડે થોડે જળે કરી વીશ કળશ ભરીને પવિત્ર થયેલા વીશ પુરુષના હાથમાં આપી તેમને ઊભા રાખવા.

વળી તે વીશ અભિષેક કરવાને અર્થે એક પુરુષ ફૂલની માળા એક પાત્રમાં રાખે; એક પુરુષ ચંદન કેશરનો પ્યાલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાખે; એક પુરુષ દીવામાં પૂરવાને અર્થે ઘીનું પાત્ર રાખે, એમ જ ફળ, અક્ષત, નૈવેદ્ય, ધૂપ પ્રમુખ જે સામગ્રી મેળવેલી હોય, તે સર્વ ચીજ એક એક પુરુષ પોતપોતાની પાસે રાખે.

ત્યાર પછી એક પંક્તિએ રાખેલી વીશ પ્રતિમા માંહેથી એક પ્રતિમા લઈને સ્નાત્ર ભણાવે. પંચતીર્થી પ્રતિમા પાસે સ્થાપન કરી સર્વજનો વીશસ્થાનકની પૂજા માંહેલું પ્રથમ સ્તવન રૂડી રીતે ભણીને પ્રતિમાજી ઉપર વીશે કળશ નમાવે, ત્યારપછી એક જણ પ્રતિમાજીને અંગલૂહણાં કરે, એક પુરુષ પ્રતિમાનું પૂજન કરે, એક પુરુષ ફૂલની માળા ચઢાવે, એક પુરુષ પ્રતિમા આગળ બાર સ્વસ્તિક કરીને તેની ઉપર ફળ મૂકે, એ રીતે જેમ પ્રથમ શ્રી અરિહંત પદના બાર ગુણ છે તો ત્યાં બાર સ્વસ્તિક કરવા કહ્યાં, તેમજ જે જે પદના જેટલા જેટલા ગુણ હોય તે તે પદની પૂજામાં તેટલા તેટલા સ્વસ્તિક કરવા. એવી રીતે નૈવેદ્યાદિક સર્વ વસ્તુ ચઢાવીને જિન પ્રતિમાને રૂપાનાણે પૂજન કરી ફરી પ્રથમ સ્થાનકે પધરાવીને પછી પૂર્વોક્ત વીશ પ્રતિમાની પંક્તિમાંથી બીજી પ્રતિમા લેઈને પંચતીર્થીની પ્રતિમા પાસે સ્થાપન કરે, ત્યાર પછી ફરી વીશ કળશ વડે થોડે થોડે જળે ભરીને બીજું સ્તવન કહી પ્રથમની પરે બીજી સર્વ વિધિ કરે. એમ વીશે પદને વિષે વિધિ કરવી. વિધિ પૂર્ણ થયા પછી છેવટે આરતી, મંગળદીવો કરે; એ ઉત્કૃષ્ટ વિધિ કહી, અંતમાં "મિચ્છામિ દુક્કડં" દેવું. પછી ગુરુપૂજન, પ્રભાવના, સ્વામિવાત્સલ્ય કરવાં.

અને જો ઘણી શક્તિ ન હોય તો એક પુરુષ એક કળશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લઈ એક એક સ્તવન કહી પંચતીર્થીની જ પૂજા કરે. એમ વીશ વખત વીશ સ્તવન કહીને પૂજે. એમ એકજ પંચતીર્થીની આગળ યથાશક્તિ ક્રિયા કરે તો પણ ચાલે, કારણ કે દ્રવ્ય થકી અશક્તને જો ભાવનું બાહુલ્ય છે, તો તેને એટલું પણ અત્યંત ફળદાયક થાય છે.

## ॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા ॥

### ॥ દુહા ॥

શ્રી શંખેશ્વર પાસજી, સકળજંતુ હિતકાર ॥
પ્રણમી પદયુગ તેહનાં, સ્તવનપૂજા રચું સાર ॥ ૧ ॥
બહુ વિધ તપ જપ દાખિયા, લોક લોકોત્તર સત્થ[૧] ॥
વીશસ્થાનક સમ કો નહિ, સદ્ગુરુ વદે પસત્થ[૨] ॥ ૨ ॥
અરિહંતાદિક પદપણું, કારણ એ તપ સત્ય ॥
ત્રિકયોગે પ્રભુ પૂજિયે, ભાવશું જેહવી શક્તિ ॥ ૩ ॥
નિર્મલ પીઠત્રિકોપરિ, સ્થાપી જિનવર વીશ
પૂજોપકરણ મેળવી, પૂજિયે વિશ્વાવીશ ॥ ૪ ॥
એક એક પદ વર્ણન કરી, પૂજા પંચ પ્રકાર ॥
અડવિધ એકવીશ જાણિયે, સેવો સત્તર ઉદાર ॥ ૫ ॥
સજળ કળસ અડજાતિના, જિનઆણા શિર ધાર ॥
પૂજે સ્થાનક વીશને, તસ નહિ દુરિત પ્રચાર ॥ ૬ ॥

૧. શાસ્ત્રમાં ૨. શુભ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન ॥
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો શ્રી જિનભાણુ ॥ ૭ ॥

**॥ ઢાળ પહેલી ॥ આદિજિણંદ મયા કરો—એ દેશી ॥**

શ્રી અરિહંત પદ ધ્યાઈએ, ચોત્રીશ અતિશયવંતા રે ॥ પાંત્રીશ વાણી ગુણે ભર્યા, બાર ગુણે ગુણવંતા રે ॥ શ્રી૦॥ ॥ ૧ ॥ અડહિય સહસ લક્ષણ દેહે, ઇંદ્ર અસંખ્ય કરે સેવા રે॥ ત્રિહું કાળના જિન વાંદવા, દેવ પંચમ મહાદેવા રે॥ શ્રી॥ ॥૨॥ પંચકલ્યાણક વાસરે, ત્રિભુવન થાય ઉદ્યોતરે ॥ દોષ અઢાર રહિત પ્રભુ, તરણ તારણ જગ પોત રે ॥ શ્રી૦ ॥૩॥ ષટ્કાય ગોકુળ પાળવા, મહાગોપ કહેવાય રે ॥ દયા પડહ વજડાવવા, મહામાહણ જગ તાય રે ॥ શ્રી૦ ॥૪॥ ભવોદધિ પાર પમાડતા, ચોથો વર્ગ દેખાવે રે ॥ ભાવ નિર્યામક ભાવિયા, મહાસથ્થવાહ સોહાવે રે ॥ શ્રી૦ ॥૫॥ અસંખ્ય પ્રદેશનિર્મળ થયા, છતી પર્યાય અનંતા રે ॥ નવનવા જ્ઞેયની વર્તના, અનંત અનંતા જાણંતા રે ॥ શ્રી૦ ॥ ૬ ॥ પિંડ-પદસ્થ રૂપસ્થમાં, દ્રવ્ય ગુણ પર્યાયે ધ્યાયા રે ॥ દેવપાલાદિ સુખી થયા, સૌભાગ્યલક્ષ્મીપદ પાયા રે ॥ શ્રી૦ ॥ ૭ ॥

**॥ અથ મંત્ર ॥**

ૐ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશકતયે જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા ॥

### ॥ દુહો ॥

ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ ।
અષ્ટ કર્મમલ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ ॥ ૧ ।

### ॥ ઢાળ બીજી ॥ ગુણરસિયા—એ દેશી ॥

શ્રી સિદ્ધપદ આરાધિએ રે, ક્ષય કીધા અડ કર્મ રે ॥ શિ૦ વસિયા ॥ અરિહંતે પણ માનિયા રે, સાદિ અનંત સ્થિતિ શર્મ રે ॥ શિવ૦ ॥૧॥ ગુણ એકત્રીશ પરમાતમા રે, તુરિય દશા આસ્વાદ રે ॥ શિવ૦ ॥ એવંભૂત નયે સિદ્ધ થયા રે, ગુણગણનો આલ્હાદ રે ॥ શિવ૦ ॥૨॥ સુરગણ સુખ ત્રિહું કાળનાં રે, અનંતગુણાં તે કીધ રે ॥ શિવ૦ ॥ અનંત વર્ગે બંધ ઉદય ઉદીરણા રે, સત્તા કર્મ અભાવ રે ॥ શિવ૦ ॥ વર્ગિત કર્યાં રે, તો પણ સુખ સમીધ રે ॥ શિવ૦ ॥૩॥ ઊર્ધ્વ ગતિ કરે સિદ્ધજી રે, પૂર્વ પ્રયોગસદ્ભાવ રે ॥ શિવ૦ ॥૪॥ અસંગ ક્રિયા બળે નિર્મળો રે, સિદ્ધગતિનો ઉદ્યોગ રે, ॥ શિવ૦ ॥ ૫ ॥ પએસંતર અણફરસતા રે, એક સમયમાં સિદ્ધ રે ॥ શિવ૦ ॥ ચરમ ત્રિભાગ વિશેષથી રે, અવગાહન ઘન કીધ રે ॥ શિવ૦ ॥ ૬ ॥ સિદ્ધશિલાની ઉપરે રે, જ્યોતિમાં જ્યોતિ નિવાસ રે ॥ શિવ૦ ॥ હસ્તિપાલ પરે સેવના રે, સૌભાગ્યલક્ષ્મી પ્રકાશ રે ॥ શિવ૦ ॥ ૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦ સ્વાહા ॥

॥ તૃતીય શ્રી પ્રવચનપદ પૂજા ॥

॥ દુહો ॥

ભાવામય ઔષધસમી, પ્રવચન અમૃતવૃષ્ટિ ॥
ત્રિભુવન જીવને સુખકારી, જય જય પ્રવચનદષ્ટિ ॥ ૧ ॥

॥ ઢાળ ત્રીજી ॥ મેં કીનો નહિં, પ્રભુ બિનઓરસું રાગ-એ દેશી ॥

પ્રવચનપદને સેવિયે રે, જૈનદર્શન સંઘરૂપ ॥ અરિહા પણ નમે તીર્થને રે સમવસરણના ભૂપ ॥ મેં કીનો સહિ, પ્રવચન પદશું રાગ ॥ પ્રવચન પદશું રાગ, મેં કીનો સહિ ॥ પ્ર૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ પ્રવચન ભક્તિરાગથી રે, થયા સંભવ જિનરાય ॥ સઘળા ધર્મ કારજતણાં રે, એહમાં પુણ્ય સમાય ॥ મેં૦ ॥ ૨ ॥ પાપક્ષેત્ર સાત વારિયે રે, પુણ્યક્ષેત્ર સાત ઠામ ॥ સવા લાખ જિનમંદિરા રે, જિનમંડિત પુર ગ્રામ ॥ મેં૦ ॥ ૩ ॥ સવા કોડી જિનબિંબને રે, ભરાવે સંપ્રતિરાય ॥ જ્ઞાનભંડાર એકવીશ કર્યા રે, કુમર નરિંદ શુભ ઠાય ॥ મેં૦ ॥ ૪ ॥ યથોચિત ચઉવિહ સંઘની રે, ભરતાદિક પરે ભક્તિ ॥ દ્રવ્ય—ભાવથી આદરો રે, યોગ અવંચક શક્તિ ॥ મેં૦ ॥ ૫ ॥ પદસ્થધ્યાને કરી આત્મને રે, તન્મય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરણુ પ્રકાર ॥ સહજાનંદ વિલાસતાં રે, સૌભાગ્યલક્ષ્મ પદ ધાર ॥ મેં કીનો સહિ૦ ॥ પ્રવચન૦ ॥ ૬ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦સ્વાહા ॥

## ॥ ચતુર્થ શ્રી આચાર્યપદ પૂજા ॥

॥ દુહા ॥

છત્રીશ છત્રીશી ગુણે, યુગપ્રધાન મુણીંદ ॥
[1]જિનમત પરમત જાણતા, નમો તેહ સુરીંદ ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥ આવો રે સયણ, ભગવતીસૂત્રને સુણિયે-એ દેશી

સરસતી ત્રિભુવનસ્વામિની દેવી, સીરિદેવી યશરાયા ॥ મંત્રરાજ એ પંચ પ્રસ્થાને, સેવે નિત્ય સુખદાયા ॥ ભવિ-તુમે વંદો રે, સૂરીશ્વર ગચ્છરાયા ॥ એ આંકણી ॥ ત્રણ કાળના જિનવંદન હોયે, મંત્રરાજસ્મરણથી ॥ યુગપ્રધાન સમ ભાવાચારજ, પંચાચાર ચરણથી ॥ ભવિ૦ ॥ ૨ ॥ પડિરૂવાદિક ચૌદ ગુણધારી, ક્ષાંતિ પ્રમુખ દશ ધર્મ ॥ બાર ભાવના ભાવિત નિજઆતમ, એ છત્રીસગુણવર્મ[2] ॥ ભવિ૦ ॥ ૩ ॥ આઠ પ્રમાદ તજી ઉપદેશે, વિકથા સાત નિવારે ॥ ચાર શિક્ષા કરી જન પડિબોહે, ચઉ અનુયોગ સંભારે

૧. નિજ પાઠાં૦ ૨. બખ્તર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ા ભવિ ા ૪ ા બારસેં છન્નુ ગુણે ગુણવંતા, સોહમ જંબૂ મહંતા ા આયરિયા દીઠે તે દીઠા, સ્વરૂપ સમાધિ ઉલ્લસંતા ભવિ૦ ા ૫ ા યુગપ્રધાન સૂરિ ત્રેવીસ ઉદયે, દોય હજાર ને ચા ર ા સમયાગમ અનુભવ અભ્યાસી, થાશે જગજન મનોહાર ા ભવિ૦ ા ૬ ા એ પદ સેવતાં પુરુષોત્તમ નૃપ, જિનવર પદવી લહિયા ા સૌભાગ્યલક્ષ્મીસૂરિ ભાવે ભજતાં, ભવિક જીવ ગહગહિયા[1] ા ભવિ૦ ા ૭ ા

ા અથ મંત્ર ા

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦ સ્વાહા ા

## ા પંચમ શ્રી સ્થવિરપદ પૂજા ા

ા દુહો ા

તજી પરપરિણતિ રમણતા, લહે નિજ ભવિ સ્વરૂપ ા
થિર કરતા ભવિલોકને, જય જય થિવિર અનૂપ ા ૧ ા

ા ઢાળ પાંચમી ા તપશું રંગ લાગ્યો—એ દેશી ા

પંચમ પદને ગાઇયે રે, ભાવ થિવિર અધિકાર રે ા લૌકિક માત પિતા કહ્યાં રે, લોકોત્તર વ્રત ધાર ા ગુણિજન વંદો રે ા વંદો વંદો રે, થિવિર મહારાજ, દુરિત નિકંદો રે ા ૧ ા એ આંકણી ા સંયમયોગે સીદતા રે, બાલગ્લાનાદિ

૧. આનંદ પામ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ રે, યથોચિત સહાય દેવે કરી રે, ટાળે સર્વ ઉપાધિ ॥ ગુ૦ ॥ ૨ ॥ વીશ વર્ષ પર્યાયથી રે, સાઠ વર્ષ વય હું તરે ॥ ચોથા અંગ ઉપર ભણ્યા રે, શ્રુત થિવિરા એ ભણું તરે ॥ગુ૦ ॥ ૩ ॥ મેલ અઈમુત્તા થિર કર્યા રે, ત્રિશલાનંદન દેવ રે ॥ પચાસ સહસ સાધુ સાધવી રે, સંબંધ કહી કામદેવ ॥ ગુ૦ ॥ ॥ ૪ ॥ ઠાણુંગે દશ થિવિરા કહ્યા રે, રત્નત્રયના નિધાન રે ॥ તે ઇહાં પ્રશસ્ત ભાવે ગ્રહ્યા રે, દ્રવ્યાદિક અનુમાન ॥ ગુ૦ ॥ ૫ ॥ તપ[૧]શ્રુત[૨]ધી[૩]રજ[૪]ધ્યાનથી રે, દ્રવ્ય[૫] ગુણ[૬] પર્યાય[૭] જ્ઞાતા[૮] રે ॥ સ્વરૂપરમણુ[૯] થિવિરા ભલા રે, નહિ પલિતાંકુર[૧૦] ત્રાતા ॥ગુ૦॥ ૬ ॥ એ પદ સાધતો ભાવથી રે, પદ્મોત્તર મહારાય રે ॥ તીર્થંકર પદવી લહી રે, સૌભાગ્યલક્ષ્મી સુખદાય ॥ ગુણિજન૦ ॥ ૭ ॥

॥ અથ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રી પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ–જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦ સ્વાહા ॥

## ॥ ષષ્ઠ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

॥ દુહો ॥

બોધ સૂક્ષ્મ વિણુ જીવને, ન હોય તત્ત્વપ્રતીત ॥
ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠક ગીત ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ છઠ્ઠી ॥ રસિયાની દેશી ॥

શ્રી ઉવજ્ઝાય બહુ શ્રુત નમો ભાવશું, અંગ ઉપાંગના જાણ મુણીંદા ॥ ભણે ભણાવે શિષ્યને હિત કરી, કરે નવ પલ્લવ પહાણ વિનીતા ॥ શ્રી૦ ॥ ૧ ॥ અર્થસૂત્ર કહેવાના વિભાગથી, સૂરીશ્વર પાઠક સાર સોહંતા ॥ ભવ ત્રીજે અવિનાશી સુખ લહે, યુવરાજ પરે અણગાર મહંતા ॥ શ્રી૦ ॥ ॥ ૨ ॥ ચૌદ દોષ ભર્યા અવિનીત શિષ્યને, કરે પન્નર ગુણવંત વિદિતા, ગ્રહણ આસેવન શિક્ષા દાનથી, સમય જાણે અનેકાંત સુજ્ઞાની ॥ શ્રી૦ ॥ ૩ ॥ આવશ્યક પચવીશ શીખવે વાંદણે, પચવીશ ક્રિયાનો ત્યાગ વિચારી ॥ પચવીશ ભાવના ભાવે મહાવ્રતી, શુભ પચવીશી ગુણરાગ સુધારી ॥ શ્રી૦ ॥ ૪ ॥ પયભર્યો દક્ષિણાવર્ત્ત શંખ શોભિયે, તેમ નય ભાવ પ્રમાણ પ્રવીણા ॥ હય ગય વૃષભ પંચાનન સારિખા, ટાળે પરવાદી અભિમાન અદીના ॥ શ્રી૦ ॥ ૫ ॥ વાસુદેવ, નરદેવ સુરપતિ ઉપમા, રવિશશી ભંડારી રૂપ દીપંતા ॥ જંબૂસીતાનદી મેરુ મહીધરો, સ્વયંભૂઉદધિ રયણ ભૂપ ભણંતા ॥ શ્રી ૦ ॥ ૬ ॥ એ સોળ ઉપમા બહુશ્રુતને કહી, ઉત્તરાધ્યયને રસાલ જિણિંદા ॥ મહેંદ્રપાલ વાચકપદ સેવતો, સોભાગ્યલક્ષ્મી સુવિશાલ સુરિંદા ॥ શ્રી૦ ॥ ૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ સપ્તમ શ્રી સાધુપદ પૂજા ॥

॥ દુહા ॥

સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ ॥
સાધે શુદ્ધાનંદતા, નમો નમો સાધુ શુભરંગ ॥ ૧ ॥

॥ ઢાળ સાતમી ॥ કર્મ પરીક્ષા કરણ કુમાર ચાલ્યો રે—એ દેશી ॥

મુનિવર તપસી ઋષિ અણગારજી રે, વાચંયમ વ્રત સાધ ॥ ગુણ સત્તાવીશે જેહ અલંકર્યા રે, વિરમી સકલ ઉપાધિ ॥ ભવિયણ વંદો રે, સાતમું પદ ભલું રે ॥ ૧ ॥ એ આંકણી ॥ નવવિધભાવલોચ કરે સંયમી રે, દશમો કેશનો લોચ ॥ ઓગણત્રીશ પાસત્થા ભેદ છે રે, વારે તસ નહિ જગ શોચ ॥ભ૦॥૨॥ દોષ સુડતાલીસ આહારના વારતા રે, અતિક્રમ ન કરે ચાર ॥ મુનિને અર્થે સમારે મંદિરા રે, પરિહરે એહ આચાર ॥ ભ૦ ॥ ૩ ॥ નરના દોષ અઢાર નિવારિને રે, દીક્ષા શિક્ષા દિયે સાર ॥ પુણ્ય પાપ પુદ્ગલ હેયરૂપતા રે, સમભાવે મુગતિ સંસાર ॥ ભ૦ ॥ ૪ ॥ સત્ય હેતુ ભવ અટવી મુકવા રે, ફરશ્યું છટ્ઠું ગુણઠાણું ॥ યોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધ્યાત્મગ્રંથની[1] ચિંતના રે, કિરિયા નાણુ પહાણુ ॥ભ૦॥ ॥૫॥ પૂરવવ્રત વિરાધક યોગથી રે, કૂટલિંગીપણું થાય ॥ દંભજાળ જંજાળ સવિ પરિહરે રે, ચરણ રસિક કહેવાય ॥ ॥ભ૦॥ ૬ ॥ કોડી સહસ નવ સાધુ સંયમી રે, સ્તવિયે ગીતારથ જેહ ॥ વીરભદ્ર પરે તીર્થપતિ હુવે રે, સૌભાગ્યલક્ષ્મી ગુણ ગેહ ॥ ॥ ભવિયણ૦ ॥ ૭ ॥

॥ અથ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦સ્વાહા ॥

॥ અષ્ટમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

॥ દુહા ॥

અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવભ્રમ ભીતિ ॥
સત્યધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ ॥૧॥

॥ ઢાળ આઠમી ॥ અરણિક મુનિવર ચાલ્યા ગોચરી—એ દેશી ॥

જ્ઞાનપદ ભજિયે રે જગત સુહંકરુ, પાંચ એકાવન ભેદે રે ॥ સમ્યગજ્ઞાન જે જિનવરે ભાખિયું, જડતા જનની ઉચ્છેદે રે ॥ જ્ઞાન૦ ॥૧॥ એ આંકણી ॥ ભક્ષાભક્ષ વિવેચન પરગડો, ખીર નીર જેમ હંસો રે ॥ ભાગ અનંતમો રે, અક્ષરનો સદા, અપ્રતિપાતિ પ્રકાશ્યો રે ॥જ્ઞાન૦ ॥૨॥ મનથી

૧. ચેતના પાઠાં૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન જાણે કુંભકરણવિધિ, તેહથી કુંભ કેમ થાશે રે ॥ જ્ઞાન દયાથી રે પ્રથમ છે નિયમા, સદસદ્‌ભાવ વિકાસે રે ॥જ્ઞાન૦ ॥૩॥ કંચનનાણું રે લોચનવંત લહે, અંધો અંધ પીલાય એકાંતવાદી રે, તત્ત્વ પામે નહીં સ્યાદ્‌વાદ રસ સમુદાય રે ॥જ્ઞાન૦॥૪॥ જ્ઞાન ભર્યા ભરતાદિક ભવ તર્યા, જ્ઞાન સકળ ગુણ મૂલ રે ॥ જ્ઞાની જ્ઞાનતણી પરિણતિથકી, પામે ભવજળ કૂલ[1] રે ॥ જ્ઞાન૦ ॥ ૫ ॥ અલ્પાગમ જઈ ઉગ્ર-વિહાર કરે, વિચરે ઉદ્યમવંતરે ॥ ઉપદેશ માળામાં કિરિયા તેહની, કાયક્લેશ તસ હુંત રે ॥ જ્ઞાન૦ ॥ ૬ ॥ જયંત ભૂપો રે જ્ઞાન આરાધતો, તીર્થંકર પદ પામે રે ॥ રવિ શશિ મેહપરે જ્ઞાન અનંતગુણી, સૌભાગ્યલક્ષ્મી હિત કામે રે ॥ જ્ઞાનપદ૦ ॥ ૭ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦ સ્વાહા ॥

॥ નવમ શ્રી સમ્યગ્‌દર્શનપદ પૂજા ॥

॥ દુહા ॥

લોકાલોકના ભાવ જે, કેવલીભાષિત જેહ ॥
સત્ય કરી અવધારતો નમો નમો દર્શન તેહ ॥૧॥

---

૧. કિનારો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ નવમી ॥ નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર—એ દેશી

શ્રી દર્શન પદ પામે પ્રાણી, દર્શનમોહની દૂર રે ॥ કેવલી દીઠું તે મીઠું માને, શ્રદ્ધા સકલ ગુણ ધૂર રે ॥ પ્રભુજી સુખકર સમકિત દીજે ॥ પ્ર૦ ॥૧॥ એ આંકણી ॥ વિઘટે મિથ્યા પુદ્ગલ આતમથી, તેહજ સમકિત વસ્ત રે ॥ જિન પ્રતિમા દર્શન તસ હોવે પામીને સમકિત દસ્ત રે ॥ પ્ર૦ ॥ ૨ ॥ દોવિધ દર્શન શાસ્ત્રે ભાખ્યું, દ્રવ્ય ભાવ અનુસાર રે ॥ જે નિજ નયણે ધર્મને જોવે, તે દ્રવ્ય દર્શન ધાર રે ॥ પ્ર૦ ॥૩॥ જિનદર્શન પૂજન નમનાદિક, ધર્મબીજ નિરધાર રે ॥ યોગદૃષ્ટિ સમુચ્ચયમાંહે, એહ કહ્યો અધિકાર રે ॥ પ્ર૦ ॥ ૪॥ યદ્યપિ અબલ અછે તોહી પણ આયતિ[1] હિતકર સોય રે ॥ સિજ્જંભવપરે એહથી પામે, ભાવદર્શન પણ કોય રે ॥ પ્ર૦ ॥ ૫ ॥ સમકિત સકળ ધર્મનો આશ્રય, એહના ષટ ઉપમાન રે ॥ ચારિત્ર નાણ નહિ વિણ સમકિત, ઉત્તરાધ્યયન વખાણ રે ॥ પ્ર૦ ॥ ૬ ॥ દર્શન વિણ કિરિયા નવિ લેખે, બિંદુ યથા વિણ અંક રે ॥ દશમાંહે નવ અંક અભેદ છે, તેમ કુસંગે નિકલંક રે ॥ ॥ પ્ર૦ ॥ ૭ ॥ અંતર્મુહૂર્ત પણ જે જીવે, પામ્યું દર્શન સાર રે ॥ અર્ધા પુદ્ગલ પરિયટમાંહે, નિશ્ચય તસ સંસાર રે

૧. ભવિષ્યમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ પ્ર૦ ॥ ૮ ॥ ગત સમકિત પૂરવ બદ્ધાયુષ, દો વિનુ સમકિતવંતરે ॥ વિણુ વૈમાનિક આયુ ન બાંધે, વિશેષાવશ્યક કહંત રે ॥ પ્ર૦ ॥ ૯ ॥ ભેદ અનેક છે દર્શન કેરા, સડસઠ ભેદ ઉદાર રે ॥ સેવતો હરિવિક્રમ જિન થાયે, સૌભાગ્યલક્ષ્મી વિસ્તાર રે ॥ પ્રભુજી૦ ॥ ૧૦ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦ સ્વાહા ॥

## ॥ દશમ શ્રી વિનયપદપુજા ॥

॥ દુહા ॥

શૌચમૂલથી મહાગુણી, સર્વ ધર્મનો સાર ॥
ગુણ અનંતનો કંદ એ, નમો નમો વિનયાચાર ॥ ૧ ॥

॥ ઢાળ દશમી ॥ માળા કિહાં છે રે—એ દેશી ॥

વિનય પદ દશમું પ્રકાશ્યું, પંચ ભેદ સામાન્યે રે ॥ દશવિહ તેર પ્રકારે જાણો, બાવન ભેદ વિધાને રે ॥ વિનય પદ સેવો રે ॥ અરિહંતા જિહાં મુખ્ય ॥ વિનય૦ ॥૧॥ એ આંકણી ॥ છાસઠ ભેદ સિદ્ધાંતે ગાયા, સઘળા ગુણનો આધાર રે ॥ શમદમાદિક સવિ ગુણ સાચા, રાચ્યા જે વિનય વિચાર રે ॥ વિનય૦ ॥ ૨ ॥ અરિહાદિકનો ભાવ પ્રશસ્તે, વિધિયે વિનય કરંતો રે, આહારી પણ ઉપવાસ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તણું ફળ, નિરંતર અનુસરતો રે ॥ વિનય૦ ॥૩॥ દોય હજાર ને બોલ ચિહુંતર, દેવવંદનવિધિ સારો રે ॥ ચારશેં બાણું બોલ વિચારી, ગુરુવંદન અવધારો રે ॥ વિનય૦ ॥ ॥ ૪ ॥ ગુરુ વિનયે રત્નત્રય પામે, સંવર તપ નિજ્જરણા રે ॥ કર્મક્ષયે કેવળ ગુણ તેહથી, મોક્ષ અનંત સુખવરણા રે ॥ વિનય૦ ॥ ૫ ॥ પાંચ વંદનમાં ભાવવંદન તે, ઉપયોગે શુભ લહિયે રે ॥ અરિહાદિકનો વિનય ભાવતો, ચેતન તદ્રૂપ કહિયે રે ॥ વિનય૦ ॥ ૬ ॥ દ્રવ્ય ભાવ દોય નય વિશુદ્ધો, ધન્નો એ પદ સેવંતો રે ॥ શ્રદ્ધા ભાસન તત્ત્વરમણ લહી, સૌભાગ્યલક્ષ્મી દીપંતો રે ॥ વિનય૦ ॥ ૭ ॥

॥ અથ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦સ્વાહા ॥

॥ એકાદશ શ્રી ચારિત્રપદ પૂજા ॥

॥ દુહા ॥

રત્નત્રય વિણુ સાધના નિષ્ફળ કહી સદીવ ॥
ભાવરયણનું નિધાન છે, જય જય સંજમ જીવ ॥૧॥

॥ ઢાળ અગિયારમી ॥ અજિત જિણંદશું પ્રીતડી–એ દેશી ॥

ચારિત્રપદ શુભ ચિત્ત વર્યું, જેહ સઘળા હો નયનો ઉદ્ધાર ॥ આઠ કરમ ચય રિક્ત કરે, નિરુક્તિ હો ચારિત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદાર ા ચા૦ ા ૧ ા એ આંકણી ા ચારિત્રમોહ અભાવથી, દેશ સંયમ હો સર્વ સંયમ થાય ા આઠ કષાય મિટાવીને, દેશવિરતિ હો મનમાં ઠહરાય ા ચા૦ ા૨ા બાર કષાય મનથી મટે, સર્વ વિરતિ હો પ્રગટે ગુણરાશ ા દેશથી સર્વ સંયમ વિષે, અનંતગુણી હો વિશુદ્ધિ સમાસ ા ાચા૦ા૩ા સંયમગુણઠાણું ફરશ્યા વિના, તત્વરમણુતા હો કેમ નામ કહેવાય ા ગજપાખર ખર નવિ વહે, એહની ગુરુતા હો આતમમાં સમાય ા ચા૦ ા૪ા વર્ષ સંયમના પર્યાયમાં, અનુત્તરનાં હો સુખ અતિક્રમ હોય ા શુકલ શુકલ પરિણામથી, સંયમથી હો ક્ષણમાં સિદ્ધિ જોય ા ચા૦ ા ા ૫ ા સર્વ સંવર ચારિત્ર લહી, પામે અરિહા હો સહિ મુક્તિનું રાજ ા અનંતર કારણ ચરણ છે, શિવપદનું હો નિશ્ચય મુનિરાજ ા ચા૦ ા ૬ ા સત્તર ભેદ સંયમતણા, ચરણસિત્તરી હો કહી આગમમાંહિ ા વરુણદેવ જિનવર થયો, વિજયલક્ષ્મી હો પ્રગટે ઉત્સાહી ા ચારિત્રપદ૦ ા૭ા

ા અથ મંત્ર ા

ૐ હ્રીઁ શ્રી પરમાત્મને અનંતાનંતજ્ઞાનશકતયે જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦ સ્વાહા ા

## ા દ્વાદશ શ્રી બ્રહ્મચર્યપદ પૂજા ા

ા દુહા ા

જિનપ્રતિમા જિનમંદિરાં, કંચનના કરે જેહ ા
બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે; નમો નમો શિયલ સુદેહ ા ૧ ા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ બારમી ॥

॥ કયું જાણ્યું કયું બની આવહી—એ દેશી ॥

બ્રહ્મચર્યપદ પૂજીયે, વ્રતમાં મુકુટ સમાન હો વિનીત ॥ શિયળ સુરતરુ રાખવા, કહી નવ વાડ ભગવાન હો વિનીત ॥ નમો નમો બંભવયધારિણું ॥ ૧ ॥ એ આંકણી ॥ કૃત કારિત અનુમતિ તજે, દિવ્ય ઔદારિક કામ હો વિનીત ॥ ત્રિકરણયોગે એ પરિહરે, ભેદ અઢાર ગુણધામ હો વિનીત ॥ ॥નમો૦ ॥૨॥ દશ અવસ્થા કામની, ત્રેવીશ વિષય હરંત હો વિનીત ॥ અઢાર સહસ્સ શીલાંગરથે, બેઠા મુનિ વિચરંત હો વિનીત૦ ॥ ૩ ॥ નમો૦ ॥ દ્રવ્યથી ચાર દારા તજે, ભાવે પરપરિણતિ ત્યાગ હો વિનીત ॥ દશ સમાં-હિઠાણ સેવતાં, ત્રીશ અબંભ નામ યાગ હો વિનીત ॥ ॥ નમો૦ ॥પ॥ દિયે દાન સોવન કોડીનું, કંચનચૈત્ય કરાય હો વિનીત ॥ તેહથી બ્રહ્મવ્રત ધારતાં, અગણિત પુણ્ય સમુદાય હો વિનીત ॥ નમો૦ ॥પ॥ ચોરાશી સહસ મુનિ દાનનું, ગૃહસ્થભક્તિ ફળ જોય હો વિનીત ॥ ક્રિયાગુણ-ઠાણે મુની વડા, ભાવતુલ્ય નહિ કોય હો વિનીત ॥નમો૦ ॥૬॥ દશમે અંગ વખાણિયો, ચંદ્રવર્મા નરિંદ હો વિનીત ॥ તેમ આરાધી પ્રભુતા વર્યો, સૌભાગ્યલક્ષ્મી સૂરીંદ હો વિનીત ॥ નમો૦ ॥ ૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦ સ્વાહા ॥

## ॥ ત્રયોદશ શ્રી ક્રિયાપદ પૂજા ॥

॥ દુહા ॥

આત્મબોધ વિણુ જે ક્રિયા, તે તો બાળક ચાલ ॥
તત્વારથથી ધારિયે, નમો નમો ક્રિયા વિશાલ ॥ ૧ ॥

॥ ઢાળ તેરમી ॥ સુણ બહેની પિયુડો પરદેશ—એ દેશી ॥

ધ્યાનક્રિયા મનમાં આણિજે, ધર્મ શુકલ ધ્યાયીજે રે ॥ આર્ત્ત રૌદ્રના કારણ કિરિયા, પચવીશને વારીજે રે ॥ ધ્યાનક્રિયા ભજો નિશ દિન પ્રાણી ॥ એ આંકણી ॥ કંચનકાંતિ પરમેષ્ઠિરૂપે, લોકાલોક પ્રમાણ રે ॥ સર્વ શાંતિકર ભાલ ઠેકાણે, ધ્યાયો પ્રણવ ગુણખાણ રે ॥ ધ્યા૦ ॥૨॥ તેર ક્રિયાઠાણ તેર કાઠિયા તજી, કરણ સિત્તરી ભજીયે રે ॥ યોગ અડદિઠ્ઠી સમ્મત કિરિયા, આતમ સુખકર કહિયે રે ધ્યા૦ ॥૩॥ પહેલી ચઉદિઠ્ઠી જ્ઞાનાધારે, રત્નત્રયાધારે ચાર રે ॥ અડ કર્મક્ષય ઉપસમે વિચિત્રા, ઓઘદૃષ્ટિ બહુ પ્રકાર રે ॥ધ્યા૦॥૪॥ વિષ ગરલ હિનાદિક વારો, તદ્‌હેતુ અમૃત ધારો રે ॥ પ્રીતિ ભક્તિ વચન અસંગે, શુભ પરિણતિ સુધારો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રે ાધ્યા૦ાપા અંતરતત્ત્વ વિષય પ્રતીતે, એ જ્ઞાનકિરિયા સાચી રે ા અક્રિયાવાદીકૃષ્ણપક્ષિયો, શુકલપક્ષિયો કિરિયા વાચી[1] રે ા ધ્યા૦ ા ૬ ા અશુભધ્યાન ઠાણ ત્રેંસઠ વારી, ધ્યાન શતક મન ધારી રે ા હરિવાહન તીર્થંકર હુઆ, સૌભાગ્યલક્ષ્મી દિલ ધારી રે ા ધ્યાન૦ ા ૭ ા

ા અથ મંત્ર ા

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશકતયે જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦ સ્વાહા ા

ા ચતુર્દશ શ્રી તપપદ પૂજા ા

ા દુહા ા

કર્મ તપાવે ચીકણાં, ભાવ મંગળ તપ જાણ ા
પચ્ચાશ લબ્ધિ ઉપજે, જયજય તપ ગુણ ખાણ ા ૧ ા

ા ઢાળ ચૌદમી ા

ા અલગી રહેને, રહેને. રહેને, રહેન, અલગી રહેને,—એ દેશી ા

તપપદને પૂજીજે હો પ્રાણી, તપપદને પૂજીજે ા એ આંકણી ા સર્વ મંગળમાં પહેલું મંગળ, કર્મ નિકાચિત ટાળે ાક્ષમાસહિત જે આહાર નિરીહતા, આતમઋદ્ધિ નિ-

૧ કિરિયાવાદી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાળે હો પ્રાણી ।। તપ૦ ।।૧।। તે ભવ મુક્તિ જાણે જિનવર ત્રણ ચઉ જ્ઞાને નિયમા ।। તોયે તપ આચરણા ન મૂકે, અનંતગુણો તપ મહિમા હો પ્રાણી ।। તપ૦ ।। ૨ ।। પીઠ અને મહાપીઠમુનીશ્વર, પૂરવભવ મલ્લિ જિનનો ।। સાધવી લખમણા તપ નવિ ફળિયું, દંભ ગયો નહિ મનનો ।। તપ૦ ।। ।।૩।। અગ્યાર લાખને એંશીહજાર, પાંચસેં પાંચ દિન ઉણા ।। નંદનઋષિએ માસખમણ કરી, કીધાં કામ સંપુન્ના હો પ્રાણી ।। તપ૦ ।।૪।। તપ તપિયાં ગુણરત્ન સંવત્સર, ખંધક ક્ષમાના દરિયા ।। ચૌદહજાર સાધુમાં અધિકા, ધન્ના તપ-ગુણ ભરિયા હો પ્રાણી ।। તપ૦ ।। ૫ ।। ષડ ભેદ બાહિર તપના પ્રકાશ્યા, અંતરતપ ષડ ભેદ ।। બાર ભેદ તપ તપતાં નિર્મળ, સફળે અનેક ઉમેદ હો પ્રાણી ।। તપ૦ ।। ।। ૬ ।। કનકકેતુ એક પદને આરાધી, સાધી આતમ કાજ ।। તીર્થંકરપદ અનુભવ ઉત્તમ, સૌભાગ્યલક્ષ્મી મહારાજ હો પ્રાણી ।। તપ૦ ।। ૭ ।।

**।। અથ મંત્ર ।।**

ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦ સ્વાહા ।।

**।। પંચદશ શ્રી ગોયમપદ પૂજા ।।**

**।। દુહા ।।**

છઠ્ઠ છઠ્ઠ તપ કરે પારણું, ચઉનાણી ગુણધામ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સમ શુભ પાત્ર કો નહિ, નમો નમો ગોયમસ્વામ ॥૧॥

॥ઢાળ પંદરમી॥ દાદાજીમોહે દર્શન દીજે હો-એ દેશી॥ રાગ-પૂર્વી॥

દાન સુપાત્રે દીજે હો ભવિયાં, દાન સુપાત્રે દીજે ॥ એ આંકણી ॥ લબ્ધિ અઠ્ઠાવીશ જ્ઞાની ગોયમ, ઉત્તમ પાત્ર કહીજે હો ॥ ભ૦ ॥૧ ॥ મુહૂર્તમાં ચૌદ પૂરવ રચિયાં, ત્રિપદી વીરથી પામી ॥ ચૌદસેં બાવન ગણધર વાંદ્યા, એ પદ અંતરજામી હો ॥ ભ૦ ॥૨॥ ગણેશ ગણપતિ મહામંગળ પદ, ગોયમવિણ નવિ દૂજે ॥ સહસ્ત્ર કમલદલ સોવનપંકજ. બેઠા સુર નર પૂજે હો ॥ ભ૦ ॥૩॥ ક્ષીણમોહી મુનિ રત્નપાત્ર સમ, બીજા કંચનસમ પાત્ર ॥ રજતના શ્રાવક સમકિત ત્રંબા, અવિરતિ લોહ મટ્ટા પત્તા હો ॥ ભ૦ ॥૪॥ મિથ્યાત્વી સહસથી એક અણુવ્રતી, અણુવ્રતી સહસથી સાધુ ॥ સાધુ સહસથી ગણધર જિનવર, અધિકા ટાળે ઉપાધિ હો ॥ ભ૦ ॥૫॥ પાંચ દાન દશ દાનમાં મહોટાં, અભય સુપાત્ર વિદિતા ॥ એહથી હરિવાહન હુઆ જિનવર, સૌભાગ્યલક્ષ્મી ગુણગીતા હો ભવિયાં૦ ॥ ૬ ॥

॥ અથ મંત્ર ॥

ઓઁ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશકતયે જન્મજરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦ સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ ષોડશ શ્રી જિનપદ પૂજા ॥

॥ દુહા ॥

દોષ અઢારે ક્ષય ગયા, ઉપના ગુણ જસ અંગ ॥
વયાવચ્ચ કરિયે મુદા, નમો નમો જિનપદ સંગ ॥ ૧ ॥

॥ ઢાળ સોળમી ॥ ચૌદ લોકને પાર કહાવે—એ દેશી ॥

જિનપદ જગમાં જાચું જાણો, સ્વરૂપરમણ સુવિલાસી ॥ સોળ કષાય જિતે તે જિનજી, ગુણગણ અનંતઉજાસી॥જિન પદ જપિયેજી॥જિનપદ જાપયે, જિનપદ ભજિયે, જિનપદ અતિ સુખદાયી ॥૧॥ એ આંકણી ॥ શ્રુત ઓહિ મન.પર્યવ જિનજી, છઉમત્થા વીતરાગી ॥ કેવળી જિનને વચન અગોચર, મહિમા જિન વડભાગી ॥ જિ૦ ॥૨॥ જિનવર સૂરિ
૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦
વાચક સાધુ, બાળ થિવિર ગિલાણી ॥ તપસી ચૈત્ય શ્રમણ સંઘ કેરી, વૈયાવચ કીજે ગુણખાણી ॥ જિ૦॥૩॥ ગુણિજન દશનો વૈયાવચ્ચ કીજે, સહુમાં જિનવર મુખ્ય ॥ વૈયાવચ ગુણ અપ્પડિવાઇ, જિનઆગમ હિત શિખ્ય ॥ જિ૦ ॥ ॥ ૪ ॥ નીચ ગોત્ર બાંધે નહિ કબહી, કરે ઉંચ ગોત્રનો બંધ ॥ ગાઢ કર્મ બંધ શિથિલ હોવે, ઉત્તરાધ્યયને પ્રબંધ ॥ જિ૦ ॥ ૫ ॥ મનશુદ્ધે એ પદને આરાધી, જિમૂતકેતુ જિન હોવે ॥ વિજયસૌભાગ્યલક્ષ્મીસૂરિ સંપદ. પરમાનંદ પદ જોવે ॥ જિ૦ ॥ ॥ ૬ ॥

॥ અથ મંત્ર ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ૐ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં ય૦ સ્વાહા ॥

## ॥ સપ્તદશ શ્રી સંયમપદ પૂજા ॥

### ॥ દુહા ॥

શુદ્ધાતમ ગુણમેં રમેં, તજી ઇંદ્રિય આશંસ ॥
થિર સમાધિ સંતોષમાં, જય જય સંયમવંશ ॥ ૧ ॥

॥ ઢાળ સત્તરમી ॥ કુંવર ગભારો નજરે દેખતાંજી. એ દેશી ॥

સમાધિગુણમય ચારિત્રપદ ભલુંજી, સત્તરમું સુખકાર રે ॥ વીશ અસમાધિ દોષ નિવારીનેજી, ઉપન્યો ગુણસંતોષ શ્રીકારે રે ॥ નમો નમો સંયમપદને મુનિવરાજી ॥ ૧ ॥ એ આંકણી ॥ અનુકંપા દીનાદિકની જે કરે જી, તે કહીયે દ્રવ્ય સમાધિ રે ॥ સારણાદિક કરી ધર્મમાં સ્થિર કરેજી, તે લહિયે ભાવ સમાધિ રે ॥ નમો૦ ॥ ૨ ॥ વ્રત શ્રાવકનાં બાર ભેદે કહ્યાંજી, મુનિના મહાવ્રત પંચ રે ॥ સત્તર એ દ્રવ્ય ભાવથી જાણીનેજી, યથોચિત કરે સંયમ સંચ રે ॥ નમો૦॥ ॥૩॥ ચાર નિક્ષેપે સાત નયે કરીજી, કારણ પાંચ સંભાર રે ॥ ત્રિપદી સાત ભાંગે કરી ધારિયેજી, જ્ઞેયાદિક ત્રિક અવ-ધાર રે ॥ નમો૦ ॥૪॥ ચાર પ્રમાણે ષડ્ દ્રવ્યે કરીજી, નવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્વે દિલ લાવ રે ।। સામાયિક નવ દ્વારે વિચારિયેજી, એમ ષડ આવશ્યક ભાવ રે ।। નમો૦ ।।।। ૫ ।। ચાર સામાયિક આગમમાં કહ્યાંજી, સર્વે વિરતિ અવિરુદ્ધ રે ।। પાંચ ભેદ છે સંજમ ધર્મનાથજી, નિર્મળ પરિણામે સવિ શુદ્ધ રે ।। નમો૦ ।। ૬ ।। સમાધિવર ગણધરજી જાચિયેજી, ચોવીશ જિનને કરી પ્રણામ રે ।। પુરંદર તીર્થંકર થયા એહથીજી, સૌભાગ્યલક્ષ્મી ગુણધામ રે ।। નમો૦ ।। ૭ ।।

**।। અથ મંત્ર ।।**

ૐ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં યજા૦ સ્વાહા ।।

**।। અષ્ટાદશ શ્રી અભિનવજ્ઞાનપદ પૂજા ।।**

**।। દુહા ।।**

જ્ઞાનવૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂળ ।।
અજર અમર પદ ફળ લહો, જિનવર પદવી ફૂલ ।। ૧ ।।

**।। ઢાળ અઢારમી ।। કોઇ લો પર્વત ધુંધલો રે લાલ—એ દેશી ।।**

અભિનવ જ્ઞાન ભણો મુદા રે લાલ, મૂકી પ્રમાદ વિભાવ રે ।। હું વારી લાલ ।। બુદ્ધિના આઠ ગુણ ધારિયે રે લાલ, આઠ દોષનો અભાવ રે ।। હું વારી લાલ ।। પ્રણમો પદ અઢારમું રે લાલ ।। ૧ ।। એ આંકણી ।। દેશારાધક કિરિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહી રે લાલ, સર્વારાધક જ્ઞાન રે ।। હું૦।। મુહૂર્ત્તાદિક કિ-
રિયા કરે રે લાલ, નિરંતર અનુભવ જ્ઞાન રે ।।હું૦।।પ્ર૦।।
।। ૨ ।। જ્ઞાનરહિત કિરિયા કરે રે લાલ, કિરિયા રહિત જે
જ્ઞાન રે ।। હું૦ ।। અંતર ખજુઆ રવિ જિશ્યો રે લાલ,
ષોડશકની એ વાણુ રે ।। હું૦।। પ્ર૦ ।। ૩।। છઠ્ઠ અઠ્ઠમ દિ
તપે કરી રે લાલ, અજ્ઞાની જે શુદ્ધ રે ।। હું૦ ।। તેહથી
અનંતગુણી શુદ્ધતા રે લાલ, જ્ઞાની પ્રગટપણે લદ્ધ રે ।।
।। હું૦ ।।પ્ર૦।।૪।। રાચે ન જૂઠ કિરિયા કરી રે લાલ, જ્ઞાન-
વંત જુઓ યુક્તિ રે ।। હું૦।। જૂઠ સાચ આતમજ્ઞાનથી રે
લાલ, પરખે નિજ નિજ વ્યક્તિ રે ।। હું૦ ।। પ્ર૦ ।। ૫ ।।
પાંચ ભેદ છે જ્ઞાનના રે લાલ, તેહ આરાધે જેહ રે ।।હું૦।।
સાગરચંદ્ર પરે પ્રભુ હુયે રે લાલ, સૌભાગ્યલક્ષ્મી ગુણગેહ
રે ।। હું વારી લાલ ।। પ્રણમો પદ અઢારમું રે લાલ ।।૬।।

।। અથ મંત્ર ।।

ૐ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ-જરા-
મૃત્યુ-નિવારણાયે શ્રીમતે અર્હતે જલાદિકં ય૦ સ્વાહા ।।

### ।। એકોનવિંશતિતમ શ્રી શ્રુતપદ પૂજા ।।

।। દુહા ।।

વકતા શ્રોતા યોગથી, શ્રુત અનુભવ રસ પીન ।।
ધ્યાતા ધ્યેયની એકતા, જય જય શ્રુત સુખ લીન ।।૧।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ઓગણીસમી ॥

॥ અવિનાશીની સેજડીયે રંગ, લાગ્યો મોરી સજનીજી-એ દેશી ॥

શ્રુતપદ નમિયે ભાવે ભવિયા, શ્રુત છે જગત આધાર જી ॥ દુષમ[1] રજની સમયે સાચો, શ્રુતદીપ વ્યવહાર ॥ શ્રુત પદ નમિયેજી ॥૧॥ એ આંકણી ॥ બત્રીશ દોષરહિત પ્રભુ આગમ, આઠ ગુણે કરી ભરિયું[2] જી ॥ અર્થથી અરિહંત-જિયે પ્રકાશ્યું, સૂત્રથી ગણધર રચિયું ॥શ્રુત૦॥૨॥ ગણ-ધર પ્રત્યેકબુદ્ધે ગુંથ્યું, શ્રુતકેવલી દશપૂર્વીજી ॥ સૂત્ર રાજા સમ અર્થ પ્રધાન છે, અનુયોગ ચારની ઉર્વી ॥શ્રુત૦॥૩॥ જેટલા અક્ષર શ્રુતના ભણાવે, તેટલા વર્ષ હજાર જી ॥ સ્વ-ર્ગનાં સુખ અનંતાં વિલસે, પામે ભવજળ પાર ॥શ્રુત૦॥ ॥ ૪ ॥ કેવળથી વાચકતા માટે, છે સુઅનાણુ સમથ્થજી ॥ શ્રુતજ્ઞાની શ્રુતજ્ઞાને જાણે, કેવળી જેમ પચ થ[3] ॥ શ્રુત૦ ॥ ॥ ૫ ॥ કાળ વિનય પ્રમુખ છે અડવિધ, સૂત્રે જ્ઞાનાચાર જી ॥ શ્રુતજ્ઞાનીનો વિનય ન સેવે, તો થાયે અતિચાર ॥ શ્રુત૦ ॥ ૬ ॥ ચઉદ ભેદે શ્રુત વીશ ભેદે છે, સૂત્ર પિસ્તાલીશ ભેદે જી ॥ રત્નચૂડ આરાધતો અરિહા, સૌભાગ્યલક્ષ્મી સુખ વેદે ॥ શ્રુત૦ ॥ ૭ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ-જરા-

---

૧ દુઃષમ કાળનિશામાંહિ તેજ, પાઠાં૦ ૨ ભળિયું. પાઠાં૦ ૩ પસત્થ, પાઠાં૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૃત્યુ-નિવારણાય શ્રીપતે અર્હતે જલાદિકં ય૦ સ્વાહા ॥

## ॥ વિશંતિતમ શ્રી તીર્થપદ પૂજા ॥

### ॥ દુહા ॥

તીરથયાત્રા પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ ॥

પરમાનંદ વિલાસતાં, જય જય તીર્થ જહાજ ॥ ૧ ॥

॥ ઢાળ વીશમી ॥ (ગરુઆ રે ગુણ તુમતણાએ-દેશી ॥

શ્રી તીરથપદ પૂજો ગુણિજન, જેહથી તરિયે તે તીરથ રે અરિહંત ગણધર નિયમા તિરથ, ચઉગિહ સંઘ મહા તીરથ રે ॥શ્રી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ લૌકિક અડસઠ તીર્થને તજીયે, લોકોત્તરને ભજીયે રે ॥ લોકોત્તર દ્રવ્યભાવ દુભેદે, થાવર જંગમ જજિયે રે ॥ શ્રી ॥૨॥ પુંડરીકાદિક પાંચે તીરથ, ચૈત્યના પાંચ પ્રકાર રે, થાવર તીરથ એહ ભણીજે, તીર્થયાત્રા મનોહાર રે ॥શ્રી૦॥ ૩ ॥ વિહરમાન વીશ જંગમતીરથ, બે કોડી કેવળી સાથ રે ॥વિચરંતા દુઃખ દોહગ ટાળે, જંગમ તીરથ નાથ રે ॥શ્રી૦॥ ૪ ॥ સંઘ ચતુર્વિધ જંગમ તોરથ, શાસનને શોભાવે રે ॥ અડતાલીશ ગુણ ગુણવંતા, તીર્થપતિ નમે ભાવે રે ॥શ્રી૦ ॥ ૫ ॥ તીરથપદ ધ્યાવો ગુણ ગાવો, પચરંગી રયણને લાવો રે ॥ થાળ ભરી ભરી તીરથ વધાવો, ગુણ અનંત દિલ લાવો રે ॥શ્રી૦॥૬॥ મેરૂપ્રભુ પરમેશ્વર હુઆ, તીરથને પ્રભાવે રે ॥ વિજય સૌભાગ્યલક્ષ્મીસૂરિસંપદ, પરમ મહોદય પાવે રે ॥શ્રી૦ ॥૭॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ એકવીશમી ॥

॥ ઘણું જીવ તું જીવ જિનરાજ જીવો ઘણું—એ દેશી ॥

ઘણું પૂજ તું પૂજ થાનકપદ પૂજ તું, સમ્યગ્‌ભાવગુણ ચિત્ત આણી ॥ જિનવર પદતણું, હેતુ છે એ ભલું, કો નહીં એહ સમુ સમયવાણી ॥ ઘણું૦ ॥૧॥ એ આંકણી ॥ વીશ વીશ વસ્તુ મેળવી કરી ઊજવો, નરભવ પામીને લાહો લીજો॥ તપફળ વાધશે ઊજમણા થકી, જિનવર ગણધર એમ વદીજે ॥ ઘણું ॥ ૨ ॥ ખંભાતય બંદરે સુંદર ભાવિયા, શ્રાવક શ્રાવિકા પુણ્યવંતા ॥ વીશથાનકતણી ભક્તિ કરે ભાવથી, શાસન ઉન્નતિ અતિ કરંતા ॥ ઘણું૦ ॥૩॥ તાસતણે આગ્રહે સ્તવન પૂજા રચી, શુદ્ધ કરો શ્રુતધરા પુણ્ય જાણી ॥ વિજય આનંદગણિ વિજયસૌભાગ્યસૂરિ, વિજય-લક્ષ્મીસૂરિ જૈનવાણી ઘણું૦ ॥૪॥ ઇતિ ઢાળ સમાપ્ત ॥

॥ કળશ ॥

એમ વીશસ્થાનક સ્તવન કુસુમે, પૂજિયો શંખેશ્વરો ॥ સંવત સમિતિ(૫) વેદ(૪) વસુ(૮) શશી(૧) (૧૮૪૫) વિજયદશામી મન ધરો ॥ તપગચ્છ વિજયાનંદ પટધર, શ્રી વિજયસૌભાગ્ય સૂરિશ્વરો ॥ શ્રી વિજયલક્ષ્મીસૂરી પભણે, સકલ સંઘ મંગલ કરો ॥ ૧ ॥

॥ ઇતિ શ્રી વિજયલક્ષ્મીસૂરિકૃત વિંશતિસ્થાનકપદ પૂજા સમાપ્ત ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી સકલચંદ્રજી ઉપાધ્યાયકૃત
# સત્તરભેદી પૂજા

## ॥ વિધિ ॥

પ્રથમ સ્નાત્ર કરે, પછી અષ્ટપ્રકારી પૂજા કરે, ઉજ્જવલરૂપા પ્રમુખની રકેબીમાં કુંકુમ તથા કેશર વગેરેનો સ્વસ્તિક કરે પછી સુંદર કળશ, કેશર પ્રમુખ મિશ્રિતે શુદ્ધ જળે ભરી સ્થાપનાનો રૂપિયો કળશમાં નાખે, પછી કળશ રકેબીમાં રાખી સ્નાત્રીઓ મુખકોશ ઉતરાસંગથી કરી ત્રણ નવકાર ગણી નમસ્કાર કરે, હાથે ધૂપ દેઈ રકેબી હાથમાં ધારણ કરે, મન સ્થિર રાખે, છીંક વર્જન કરે, સ્નાત્રીયા પ્રભુજી સન્મુખ ઊભા રહે, પંચામૃતનો કળશ અડગ રાખે, અને મુખ થકી પહેલી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પછી પ્રભુને પંચામૃતનું ન્હવણ કરે તથા પ્રભુની ડાબી બાજુના અંગુઠે જળધારા આપે.

૨ પછી સુંદર સૂક્ષ્મ અંગલૂહણે જિનબિંબ પ્રમાર્જી કેશર, ચંદન, મૃગમદ, અગર, કપૂરાદિકથી કચોલી ભરી હાથમાં લઈ ઊભો રહીને મુખથકી બીજી પૂજાનો પાઠ ભણે, તે ભણીને વિલેપન કરી નવ અંગે પૂજન કરે.

૩ પછી અત્યંત સુકોમલ સુગંધિત અમૂલક વસ્ત્રયુગ્મ ઉપર કેશરનો સ્વસ્તિક કરી, પ્રભુજી આગળ ઊભો રહી મુખ થકી ત્રીજી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પ્રભુજી આગળ વસ્ત્ર યુગ્મ ચઢાવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪ પછી અગર, ચંદન, કપૂર, કુંકુમ, કસ્તુરીનું ચૂર્ણ કરી કચોળી ભરી, પ્રભુ આગળ ઊભા રહી, મુખ થકી ચોથી પૂજાનો પાઠ ભણે, તે ભણીને વાસ ચૂર્ણ બિંબ ઉપર છાંટે, જિન મંદિરમાં ચૂર્ણ ઉછાળે.

૫ પછી ગુલાબ, કેતકી, ચંપો, કુંદ મચકુંદ, સોવનજાતિ, જૂઈ, બોલસિરિ ઇત્યાદિ સુગંધયુક્ત પંચવર્ણ ફૂલ લઈ ઊભા રહી, મુખ થકી પાંચમી પૂજાનો પાઠ ભણે. તે ભણીને પંચવર્ણ ફૂલ ચઢાવે.

૬ પછી નાગ, પુન્નાગ, મરુઓ, દમણો, ગુલાબ, પાડલ, મોગરો, સેવંત્રી, ચંબેલી, માલતી પ્રમુખ પંચવર્ણના કુસુમની સુંદર માળા ગુંથીને હાથમાં લઈ ઊભા રહી, છઠ્ઠી પૂજાનો પાઠ ભણે ભણીને કંઠે ફૂલની માળા પહેરાવે.

૭ પછી પંચવર્ણ ફૂલની કેશરથી આંગી રચી, હાથમાં લેઈ મુખથકી સાતમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને સુગંધિત પુષ્પે કરી, અત્યંત ભક્તિએ સહિત ભગવંતના શરીરે આંગી રચે.

૮ પછી ઘનસાર, અગર, સેલારસ પ્રમુખ સુગંધવટી ઇત્યાદિક સુગંધચૂર્ણ રકેબીમાં નાખી રકેબી હાથમાં લઇ પરમેશ્વર આગળ ઊભા રહી, મુખથકી આઠમી પૂજાનો પાઠ ભણે તે ભણીને પ્રભુજીને સુગંધિ ચૂર્ણ ચઢાવે.

૯ પછી સધવા સ્ત્રીઓ એકઠી થઇને. પંચવર્ણી ધ્વજા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધૂપ સહિત સુવર્ણમય દંડે કરી સંયુક્ત, ઉજ્જ્વળ થાળમાં કુંકુમનો સ્વસ્તિક કરી, અક્ષત, શ્રીફળ, રૂપાનાણું ધરીને તે થાળમાં ધ્વજા ધારણ કરે, પછી તે સધવા સ્ત્રીના મસ્તકે રાખી ગીતગાન ગાતાં સર્વ જાતિનાં વાજિંત્ર વાગતાં, ત્રણ પ્રદક્ષિણા આપે. પછી ધ્વજા ઉપર ગુરુ પાસે વાસક્ષેપ કરાવે, પ્રભુ સન્મુખ ગહુંલી કરે, ઉપર અક્ષતથી સ્વસ્તિક કરે. સોપારી ચઢાવી મુખ થકી નવમી પૂજાનો પાઠ ભણે, તે પાઠ ભણી ધ્વજા ચૂર્ણ ચઢાવે.

૧૦ પછી પીરોજા, નીલમ, લસણીયા, મોતી, માણેકથી જડેલા એવા મુકુટ, કુંડલ, હાર, તિલક, બહેરખા, કંદોરા, કડા ઇત્યાદિક આભરણ, લેઈ મુખથકી દસમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને આભરણ તથા રોકડ નાણું ડબલ ચઢાવે.

૧૧ પછી કોલ, અંકોલ, કુંદ, મચકુંદ એવા સુગંધિત પુષ્પોનું ગૃહ બનાવી છાજલી, ગોખ, કોરણી, પ્રમુખની રચના કરી, હાથમાં લેઇ મુખથકી અગીયારમી પૂજાનો પાઠ ભણે; તે ભણીને ફૂલઘર ચઢાવે. ફૂલની વંદનમાળા–તોરણ ફૂલના ચંદરવા, પુંઠીયાં પ્રમુખ બાંધે.

૧૨ પછી પંચવર્ણી સુગંધિત પુષ્પ લેઈ ફૂલનો મેઘ વરસાવતો બારમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પુષ્પ ઉછાળે.

૧૩ પછી અખંડ તંદૂલને રંગી, પંચવર્ણી કરી, એક થાળમાં દર્પણ, ભદ્રાસન, નંદાવર્ત, શરાવસંપુટ, પૂર્ણકુંભ, મત્સ્યયુગ્મ, શ્રીવત્સ વર્ધમાન અને સ્વસ્તિક એ અષ્ટમાંગલિક રચી, તે થાળ હાથમાં લેઈ પ્રભુજીની આગળ ઊભા રહી તેરમી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજાનો પાઠ ભણે, તે ભણીને રૂપાનાણે સંયુક્ત તે થાળ પ્રભુજી આગળ ધરે.

૧૪ પછી કૃષ્ણાગુરુ, કુંદરુક, સેલારસ, સુગંધવટી, ઘનસાર, ચંદન, કસ્તુરી, અંબર ઇત્યાદિક વસ્તુનું ધૂપધાણું રકેબીમાં ધરી મુખથકી ચૌદમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને ધૂપધાણું ઉખેવે.

૧૫ પછી સુંદર સ્વરૂપવાન એવા કુમાર-કુમારિકાઓ મધુર સ્વરે પ્રભુજીની આગળ ઊભા થકી ગીતગાન કરે, અને મુખથકી પંદરમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પંદરમી પૂજા કરે.

૧૬ પછી પંચેંદ્રિયે પરિપૂર્ણ એવા સુંદર કુમાર અને કુમારિકાઓ અથવા સમાન અવસ્થાવાળી સધવા સ્રીઓ અથવા એકલી કુમારિકાઓ સુંદર-વસ્ત્ર આભુષણ પહેરી પ્રભુની સન્મુખ ઊભા રહી શંકા કાંક્ષારહિત નાટક કરે, કદાપિ સ્રીઓનો યોગ ન બને તો સમાન અવસ્થાવાળા પુરુષ મળી નાટક કરતા થકા મુખથકી સોળમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને સોળમી પૂજા કરે.

૧૭ પછી મદ્દલ, કંસાલ, તબલ, તાલ, ઝાંઝ, વીણા, સતાર, તૂરી, ભેરી, ફેરી, દુંદુભિ, શરણાઈ, ચંગ, નફેરી પ્રમુખ સર્વ જાતિનાં વાજિંત્ર બજાવતા થકા મુખથકી સત્તરમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને સત્તરમી પૂજા કરે.

પછી આરતી કરે તેનો વિધિ કહે છેઃ—પૂજા ભણી રહ્યા પછી વસ્ત્ર પ્રમુખ પહેરી, ઉત્તરાસંગ કરે, પછી અંતરપટ દૂર કરી, રકેબીમાં સ્વસ્તિક કરી માંહે રૂપાનાણું, તંદુલ, સોપારી, ધરે, પછી આરતિ દીપક સાથે સંયોજીને પ્રભુની સન્મુખ દક્ષિણાવર્ત્તથી સર્વ વાજિંત્ર વાજતાં આરતી કરે.

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી સકલચંદ્રજી ઉપાધ્યાયકૃત

# સત્તરભેદી પૂજા

## ॥ પ્રથમ ( ન્હવણ ) જલપૂજા ॥

### ॥ દુહા ॥

અરિહંત મુખકજ વાસિની, ભગવતી ભારતી દેવી ॥
સમરી પૂજાવિધિ ભણું, તું મુઝ મુખકજ સેવી ॥ ૧ ॥

[૧] ન્હવણ [૨] વિલેવણ અંગમેં, [૩] ચકખુજુઅલં [૪] ચ, વાસ પૂઆ-
એ, [૫] પુપ્ફારોહણં [૬] માલારોહણં, તહ [૭] વણ્ણયારોહણં ॥ ૧ ॥
[૮] ચુન્નારોહણં જિણપુંગવાણં, [૯] ધયારોહણં [૧૦] આભરણારોહણં
ચેવ; [૧૧] પુપ્ફગિહ [૧૨] પુપ્ફપગરો, આરતાય [૧૩] મંગલપઇવો ॥૨॥
દીવો [૧૪] ધૂવ ઉખેવો, નેવેજ્જં સુહફલાણ [૧૫] ઢાયણયં; [૧૬] ગીયં નટ્ટં
[૧૭] વજ્જં, પૂયા—ભેયા ઈમે સતર ॥ ૩ ॥

### ॥ વસ્તુ છંદ ॥

રયણકંચન રયણકંચન [૧]કલસભિંગાર, ખીરોદધિ વર જલભરિય, અડસહસ્સ ચઉસઠ્ઠિ અનુપમ; ગંગા સિન્ધુ

---

૧ ઝારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાનદી, તીર્થ કુંડ દ્રહ અમિય રસસમ; ભદ્રસાલ નંદન સુમનસ, પંડુક વાપિવારિ; જન્મ સનાથ અમર કરે, ચઉવિહ સુરપરિવાર ॥ ૧ ॥

॥ પૂજા ॥ ઢાલ રત્નમાલાની ॥

પ્રથમ પૂરવ દિશિ, કૃત શુચિ સ્નાનકો, દંત મુખશુદ્ધિ કો ધૌત રાજી; કનક મણિ મંડિતો, વિશદ ગંધોદકે, ભરિય મણિ કનકની કળશ રાજી ॥૧॥ જિનપ ભવનંગતો ભગવદાલોકને,નમતિ તં પ્રથમતો માર્જતીશં; દિવિ યથેંદ્રાદિકસ્તીર્થગંધોદકૈઃ, સ્નપયતિશ્રાવકો તિમ જિનેશં ॥૨॥

॥ ગીત ॥ રાગ અડાણા, મલ્હાર ॥

ભવિ તુમે દેખો, અબ તુમે દેખો, સત્તરભેદ જિનભગતિ; અંગ ઉપાંગ કહી જિન ગણધરે, કુગતિ હરી દિયે મુગતિ ॥ ૧ ॥ ભવિ૦ ॥ શુચિ તનુ ધોતી ધરી ગંધોદકે, ભરિય મણિકનકની કલશઆલી; જિન દીઠેનપિ પૂજીપખાળી; દિયે નિજ પાતિક ગાળી ॥ ૨ ॥ ભ૦ ॥ સમકિત શુદ્ધિ કરી દુઃખહરણી, વિરતાવિરતિ કરણી; જોગીસર પણ ધ્યાને સમરી, ભવસમુદ્રકી તરણી ॥ ૩ ॥ ભ૦ ॥ દેખાવતી નહીં કબહી વૈતરણી, કુમતિકું રવિભરણી; સકલ મુનીસરકું શુભ લહરી, શિવમંદિર નીસરણી ॥ ૪ ॥ ભ૦ ॥ ઈતિ ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ મંત્ર ॥

શચિપતિ: સપ્તદશપ્રકારૈ:, ભૃત્યામરૈ: સંઘટિતોપહારૈ: ॥ સ્વર્ગાંગનાસુ ક્રમગાયિનીશુ, પૂજાં પ્રભો: પાર્શ્વજિનસ્ય ચક્રે ॥૧॥ પુરંદર: પૂરિતહેમ કુંભૈ—રદંભમંભોભિરલં સુગંધૈ:, સાકં સુરૌઘૈ: સ્નપનેન સમ્યક્, પૂજાં જિનેંદો: પ્રથમાં ચકાર ॥ ૨ ॥

॥ ૨ ॥ બીજી વિલેપનની પૂજા ॥

॥ વસ્તુ છંદ ॥

વિમલચંદન વિમલચંદન ઘસિય ઘનસાર, કેસરસુરભિશું મેલવિઅ, ભરિય રત્નકંચન કચોલિય; અંગ વિલેપન વિધિ કરિય, દિવ્વગંધરસ માંહિ મેલિય, પૂજા દ્વિતીય પ્રમોદભર, નિરખું નયણ અલોલ, જિનમૂરતી આલોકતાં, મુજ મન હરખ કલોલ ॥ ૧ ॥

॥ પૂજા ઢાલ ॥ રાગ રામગિરિ ॥ દેશી-જયમાલાની ॥

બાવનાચંદન સરસ ગોસીસમાં, ઘસિય ઘનસારશું કુંકુમાએ; કનકમણિ ભાજનં સુરભિરસપૂરિયં, તિલક નવ કરો પ્રભુ અંગમાં એ ॥ ૧ ॥ ચરણ જાનુ કરે, અંસ શિરભાલ ગલે, કંઠ હૃદય ઉદર જિન દિજિયે એ; દેવના દેવનું ગાત્ર વિલેપતાં, હરી પ્રભુ દુરિત કરિ લીજિયે એ ॥ ૨ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ગીત ॥ રાગ-ટોડી ॥

તિલક કરો પ્રભુ નવ અંગે, કુંકુમ ચંદન ઘસી શુચિ ઘનસાર; પ્રભુ પગ જાનુ કર અંસ શિર ભાલ ગળે, કંઠ હૃદિ ઉદરે સાર, અહો ભાલ થલ કંઠ હૃદિ ઉદરે ચાર, સ્વયં પૂજા કાર ॥ ૧ ॥ તિ૦ ॥ કરિ યક્ષકર્દમ અગરચૂવો મર્દન, લેપો મેરે જગગુરુ ગાત, હરિ જિમ મેરુપરે, રૂષભકી પૂજા કરે, દેખાવત કૌતુક ઔર ઔર ભાત ॥૨॥તિ૦॥ હમ તુમ્હ તનુ લીંપ્યો, તો ભી ભાવ નાંહી છીપ્યો, દેખો પ્રભુ વિલેપનકી બાત: હરો હમ તાપ એ, દૂજી પૂજે વિલેપનકી, ઔર હરી દુરિતકું શુચિ કિનો ગાત ॥ ૩ ॥ તિ૦ ॥ ૨ ॥

॥ મંત્ર ॥

અંગં પ્રમૃજયાંગ–સુગંધ–ગંધ,–કાષાયિકૈનૈષ પટેન બિંદુ–વિલિપનૈઃ કેસર–ચંદનૌઘૈઃ, પૂજાં જિને દારકરોદ્ધ દ્વિતીયામ્ ॥ ૨ ॥

॥ ત્રીજી ચખ્ખુયુગલની પૂજા ॥

॥ વસ્તુ છંદ ॥

દેવનિર્મિત દેવનિર્મિત, વિમલ દોઈ વસ્ત્ર, અતિ ઉજ્જવલ ઉદ્યોતમય, સુગુણગંધકાસાય પરિકર, અખિલ અખંડ અમૂલ્યતર ॥ ચંદ્રકિરણ સમ વિમલ શીતલ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહિરામણિય પવિત્ર ચઢે, પૂજા તૃતીય જિણંદ; પેખિય પરમાનંદશું, અનુમોદે સવિ ઈંદ ॥ ૧ ॥

॥ પૂજા ઢાલ ॥ રાગ રામગિરિ ॥

તિમિર સંકોચનાં રયણનાં લોચનાં, ઈમ કહી જિન મુખે ભવિક થાપો; કેવળજ્ઞાન કે કેવલદર્શન, લોચન હોય એમ દેવ આપો ॥ ૧ ॥ અહવા પાઠાંતરે ત્રીજ્ય પૂજામાં, ભુવનવિરોચન[1] જિનપ આગે. દેવચીવરસમ વસ્ત્રયગ પૂજતાં, સકલ સુખ સ્વામિની લીલ માગે ॥ ૨ ॥

॥ પૂજા ગીત ॥ રાગ ભીમપલાસ ॥

રયણનયન કરિ હોય ચક્ષુવર, માણિક લેકે, મેરે પ્રભુ-મુખ દીજે, કેવલજ્ઞાન ને કેવલદરિસણ, હમપરિ કૃપા કરિ પ્રભુ દીજે ॥ ૧ ॥ દેવદૃષ્ય વસ્ત્ર સમ વસ્ત્રજોડી લેકે, હવે ત્રીજી પૂજા કીજે, ઉપશમ રસભરી નયન કટોરડે, દેખી દેખી પ્રભુમુખ રસ પીજે ॥ ૨ ॥ ઈતિ ॥ ૩ ॥

॥ મંત્ર ॥

વ્યૂતં શશાંકસ્ય મરિચિભિઃ કિં, દિવ્યાંશુકદ્વંદ્વમતીવ ચારુ, યુક્ત્યા નિવેશ્યોભયપાર્શ્વ મંદ્રઃ, પૂજાં જિનેંદોરક-રોત્ તૃતીયાં ॥ ૩ ॥

૧ સૂર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ ૪ ॥ ચોથી શ્રી સુગંધવાસની પૂજા ॥

॥ વસ્તુ છંદ ॥

ગંધસુરભિત ગંધસુરભિત અગરકપૂર, આમોદિત આકાશતલ, કિરણબહુલ નિર્જિણિય સસિકર; અતિ ઉ-જ્જવલતનુ જિનતણું, કરીઅ સાર સંજાત સમકર; ચરણુ કમલ અરિહંત તણે, પૂજાસકલ સુગંધ; ચોથી ચિંતામણી સમી, ફેડે બહુભવબંધ ॥ ૧ ॥

॥ પૂજા ઢાળ ॥ રાગ રામગિરિ ॥

નંદનવનતણાં બાવનચંદનાં, વાસવિધિચૂરણુ ચરચિ-આંએ; જાતિ મંદારશું શુદ્ધ ઘનસારશું, સુરભિવર કુસુમર-શું વિરચિયાં એ; ચોથિય પૂજામાં ગંધવાસે કરી, જિમ જિન સુરપતિ અરચિયા એ; પ્રભુતણે અંગ મન રંગ ભરિ પૂજતાં, આજ ઉચ્ચાટ સવિ ખરચિયા એ ॥ ૧ ॥

॥ પૂજા ગીત ॥ રાગ રામગિરિ ॥

સુણો જિનરાજ તવ મહનં ॥ એ આંકણી ॥ ઇંદ્રાદિક પરે કિમ હમ હોવંત, તો ભી તુમ ગબ સહનં ॥૧॥ સુ૦॥ સત્તરભેદ એ દ્રુપદરાયકી, કુમરી પૂજતી અંગે; જિમ સૂરિયાભ સુરાદિક પ્રભુને, પૂજત ભવિ મનરંગે ॥ ૨ ॥ ॥સુ૦॥ વિવિધ સુગંધિત ચૂરણવાસે, મુંચતી અંગ ઉવંગે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોથી પૂજા કરત મન જાનત, મિલાવતિઆં સુખસંગે ॥ ૩ ॥ સુ૦ ॥ ઇતિ ॥ ૪ ॥

॥ મંત્ર ॥

કર્પૂર–સૌરભ્ય–વિલાસિ–વાસ:, શ્રીખંડવાસૈ: કિલ વાસવોઽથ ॥ વિભાસુર–શ્રી–જિનભાસ્કરેંદો:, પૂજાં જિનેં-દોરકરોચ્ચતુર્થીં ॥ ૪ ॥

॥ પંચમ પંચવરણુ છુટાં ફૂલની પૂજા ॥

॥ વસ્તુ છંદ ॥

કમલપરિમલ કમલપરિમલ કુંદમંદાર,પારિજાત જાતિ સમન, સહસપત્ર શતપત્ર સુંદર; કોરંટ કેતકી સુદલ વૌલવેલી, ગુલાબ ચંપક જલથલ, જાતિસુવર્ણતર મોગર મુકુલિત ફૂલ, પંચમી પૂજા પરિકરિય, પામું સુહ સુરતુલ્ય; પામું સુહ સુરતુલ્ય ॥ ૧ ॥

॥ પૂજા ઢાળ ॥ રાગ આશાવરી ॥

મોગર લાલ ગુલાબ માલતી, ચંપક કેતકીવલી; કુંદ-પ્રિયંગુ નાગરવરજાતિ, બોલિસિરી શુચિ ભેલી ॥ ૧ ॥ મો૦ ॥ ભૂમંડલ જલ મોકલ ફૂલે, તે પણ શુદ્ધ અખંડે; જિનપદ-પંકજ જિઉં હરિ પુજે, તિણિપરી તું ભવિ મંડે ॥ ૨ ॥ ॥ મોગર લાલ ગુ૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ગીત ॥ નૃત્યકી ॥ રાગ આશાવરી નટ્ટસિરી ॥

પારગ તેરે પદ પંકજ પર,વિવિધ કુસુમ સોહે,ઓર દેવનકું આકધંતુરે, તુજ સમો નવિ કો હે ॥૧॥ પા૦ ॥ એહવી વિવિધ કુસુમ જાતિશું જબ,પંચમી પૂજા પૂજે,તબ ભવિજન કે રોગ સોગ સવિ; ઉપદ્રવ ધ્રુજે ॥ ર ॥ પારગ૦॥ ઇતિ પા॥ મંદાર કલ્પદ્રુમ—પારિજાત—જાતૈરલિ વ્રાત—કૃતાનુયાતૈઃ ॥ પુષ્પૈઃ પ્રભોરગ્રથિતૈર્નહાગં,પૂજાં પ્રતેને કિલપંચમી સઃ॥૫॥

॥ ષષ્ઠ પંચવરણ ફુલની પૂજા ॥

॥ વસ્તુ છંદ ॥

વિવિધગુંથિત વિવિધગુથિત હાર સુવિચાર, ચારુ ચતુરનવસારસધર; વિમલ જાતિ સુવિભાંતિ સુમનસ, માલાપરિમલ બહુમિલિત, ભમરવૃંદઝંકારરવરસ; ટોડર સાર સુદામકરી, છઠ્ઠી પૂજા જામ; નયણ અમિયરસપુરિઅં, ક્ષિણ ક્ષિણ કરિય પ્રણામ ॥ ૧ ॥

॥ પૂજા ઢાલ ॥ રાગ દેશાખ ॥

ચંપગાસોગપુન્નાગવર મોગરા, કેતકી માલતી મહમહંતી, નાગપ્રિયંગુ શુચિ કમલશું બોલસિરી, વેલિ વાસંતિકા દમન જાતિ ॥ ૧ ॥ કુંદ મચકુંદ નવમાલિકા વાલકો, પાડલ કોલ શુચિ કુસુમગુંથી, સુરભિવર દામ જિનકંઠ બેઠી વદે, ભમરપરે હો તુમ્હે સુખી અમુથી ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ પૂજા ગીત ॥ રાગ સબાબ ॥

કંઠપીઠે દામ દીઠે, પ્રભુ મેરે પાપ નીઠે; જિઉં શશી દેખત જાએ તનુતાપ, પંચવરણ સબ કુસુમકી કંઠ ઠવે, ગગન સોહંતી જેસી સુરપતિચાપ ॥૧॥ કં૦॥ લાલ ચંપક ગુલાલવેલી, જાઈ મોગર દમન ભેલી; ગુંથી વિવિધ કુસુમકી જાતિ, છહ્રિ માલ ચઢે દિસિ વાસંતી; તવ સુરવધૂપરિ નર વધૂ ગાતી ॥ કં૦ ॥ ઇતિ ॥ ૬ ॥

॥ મંત્ર ॥

તૈરેવ પુષ્પૈર્વિરચય્ય માલાં, સૌરભ્યલોભભ્રમિભૃંગ માલાં ॥ આરોપયન્નાક પતિર્જિનાંગે, પૂજાં પટિષ્ઠી કુરુતે સ્મ ષષ્ઠીં ॥ ૬ ॥

॥ સાતમી કુસુમ આંગી રચનારૂપ પૂજા ॥

॥ વસ્તુ છંદ ॥

કુસુમવર્ણક કુસુમવર્ણક પીત સિત નીલ, મેઘવરણ, તામ્રરસમય, જપા જાતિદલ ફૂલ મરુબક; વિવિધભાંતિ શ્રેણિય સભર, વર્ણ પૂજા સાતમિય મનહર, રચના રંગભરી કરિય પૂજા પ્રભુ વીતરાગ, કુમત ફૂટ ચૂરણ કરિય, પ્રગટયો શિવપુર માગ ॥ ૧ ॥

॥ પૂજા ઢાળ રાગ ગોડીસિંધુઓ ॥

સાતમી પૂજામાં વરણક ફૂલશું ભવિકરે એ, ચંપકદ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મણુલો મરુઓ જાસુલશું ચિત્ત ધરે એ; આંગિય કેતકી વિચિં વિચિં શોભતી દેખિયેએ, આંગીઅ મિસ શિવનારીને કાગલ લેખિયે એ ॥ ૧ ॥

॥ પૂજા ગીતં ॥ રાગ માલવી ગોડી ॥

કુસુમજાતિ આંગી મન ખંતિ, પંચવરણુની જાતિ રે, માંહિ વિવિધ કથીપા જાતિ રે; સૂર્યાભાદિ કરત જિમ પૂજા, સકલસુરાસુર ગાતિ રે ॥ ૧ ॥ કુ૦ ॥ ચંપકશું દમણો મન-રમણો, સંઝારાગશું સામા રે; પંચવરણુ આંગી જિન-અંગે, વિરચતિ જિન સુરરામા રે; તિહાં રિષભકુટ ચક્રિ-નામાં રે ॥ ૨ ॥ કુ૦ ॥ ઇતિ ॥ ૭ ॥

॥ મંત્ર ॥

મંદાકીનીંદીવર–પીવરશ્રી–રક્તોત્પલશ્ચંપકપાટલૌઘૈ: કુર્વન્ પ્રભોર્વર્ણકવર્ણ્ય–શોભાં, પૂજાં પ્રતેને કિલ સપ્તમી સ: ॥ ૭ ॥

॥ આઠમી શ્રીચૂર્ણ- બરાસપૂજા ॥

॥ વસ્તુ છંદ ॥

ચારુ ચૂરણુ ચારુ ચૂરણુ સુરભિ ઉદાર, બાવનાચંદન ઘન ઘસિયમાંહિ; વિમલ કપુર મેલિય, કુંકુમ નવરસ રંગ, ભરી વિપુલવાસ ઉલ્લાસકેલિયે; અષ્ટમી પૂજા અતુલ પરિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિરચિય દેવજિણુંદ, અશુભકર્મ ઉડી ગયાં, પામ્યો પરમાણુંદ ॥ ૧ ॥

॥ પૂજા ॥ ઢાલ ॥ રાગ કેદારો કામોદ કલ્યાણ ॥

ઘનસારાદિક ચૂરણું, મનોહરપાવનગંધ; જિનપતિ અંગ સુપૂજતાં જિનપદ ભવિ કરે બંધ ॥ ૧ ॥ અગરચૂઓ અતિમરદિયો, હિમવાલુકા સમેત; દસદિસિ ગંધે વાસતો, પૂજો જિનપદ હેત ॥ ૨ ॥

॥ પૂજા ગીતં ॥ રાગ કાનડો ॥

પૂરો રે માઈ ચૂરો રે માઈ, જિનવર અંગે સારકપૂરે, સબ સુખપૂરણ ચરણ ચરચિત, તનુ ભરી આનંદ પૂરે ॥ પૂ૦ ॥ ॥ ૧ ॥ પાવનગંધિત ચૂરણભરશું, મુંચતિ અંગ ઉવંગે; અષ્ટમી પૂજા કરત તિમ ભવિજન, ખેલત જિમ સુર સંગે ॥ મિલાવતિઆં સુખસંગે ॥ ૨ ॥ પૂ૦ ॥ ઇતિ ॥ ૮ ॥

॥ મંત્ર ॥

દંભોલિપાણિઃ પરિમૃદ્ય સદ્યઃ, કર્પુરકાલીર્બહુ-ભક્તિશાલી ॥ ચૂર્ણં મુખે ન્યસ્ય જિનસ્ય તૂર્ણં, ચક્રેઽષ્ટમં પૂજનમિષ્ટહેતુ ॥ ૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ નવમી ॥ શ્રી ધ્વજની પૂજા ॥

॥ વસ્તુ છંદ ॥

સહસજોજન સહસજોજન, ધ્વજાધરિદંડ, બહુલપતાકા પરિકલિત, વર્ણરૂપ રસરંગ અતિઘન, ઘંટાનાદસું ઘૂઘરીય, પવ પુરિ વાજંતિ શુભસ્વરિ, નયન કન્નપેખી સુણિય, ધજાતણેં મંડાણ; નવમી પૂજા નિર્મલી, હોએ ત્રિભુવન ભાણ ॥ ૧ ॥

॥ પૂજા ઢાલ ॥ રાગ ગોડી ॥

દેવનિર્મિત દેવનિર્મિત ગગન અતિઉત્તુંગ, ધર્મધજા જનમનહરણ, કનકદંડગત સહસ જોયણ, રણઝણંતિ કિંકિણી નિકર; લઘુ પતાક યુત નયન ભૂષણ, જિમ જિન- આગલિસુર વહે એ, તિમ નિજ ધન અનુસાર; નવમી પૂજા ધ્વજ કરી, કહે પ્રભુ તું હમ તાર ॥ ૧ ॥

॥ પૂજા ઢાળ ॥ રાગ ગોડી નટ્ટ તથા રામગિરિ ॥

માઈ સહસ જોયણ દંડ ઉંચો, જિનકો ધ્વજ રાજે; લઘુ પતાકા કિંકણી ગણ, પવન પ્રેરિત વાજે ॥ ૧ ॥ મા૦॥ સુરનર-મનમોહન શોભિત, જિઉં સુરેધ્વજ કીનો; તિમ ભવિ ધ્વજ પૂજા કરતાં, નરભવ ફલ લીનો ॥ ૨ ॥મા૦॥ ઇતિ ॥૯॥

॥ મંત્ર ॥

પુલોમજા—મૌલિ—નિવેશનેન, પ્રદક્ષિણીકૃત્ય જિના—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લયં તં ॥ મહાધ્વજં કીર્ત્તિમિવ પ્રતત્ય, પૂજામકાર્ષી-
-નવમીં બિડૌજા: ॥ ૯ ॥

॥ દશમી આભરણ પૂજા ॥

॥ વસ્તુ છંદ ॥

જડિત કંચન જડિત કંચન,લલિત લખમૂલ,હીરા પાંચ પ્રધાનતર; હંસગર્ભ સોગંધમોચક, પદ્મરાગ સોભાગકર; રયણરાસિ કલ્યાણકારક, મુગતાફલ મંડિત મુકુંટ, કુંડલ હારિવિચિત્ર; દશમી પૂજા દીપતી, સોહે સાચ પવિત્ર ॥૧॥

॥ પૂજા ઢાલ ॥ રાગ ગોડી ॥

લાલ વર હીરડા, પાંચ પીરોજડા, વિવિ જડયા એ, મોતિય નીલુઆ લસણિયા ભૂષણા, જિહાં જડયા એ; કાને દો કુંડલ, શશી રવિ મંડલ, સમ જિનવરને દીજીએ એ; અંગદ રયણનો મુગટ કંઠાવલી કીજીયે એ ॥ ૧ ॥

॥ પૂજા ગીત રાગ માલવી ॥

મુગટ દિયો કનકેં ઘડયો વિવિધ રયણે જડયો, જિનવર શિશ ચઢયો; ઉરવરહાર રચિત વર ભૂષણ, દૂષણ હર જગદીશ ॥૧॥મુ૦॥ લાલડે ખરે હીરે પાંચ મોતીને, રયણે જડયો દોય કુંડલ સાર; અંગદજડિત સિંહાસન ચામર, દિઓ પદ લિઓ આખંડલ ॥ મુ૦ ॥ ૨ ॥ ૧૦ ॥

॥ અથ મંત્ર ॥

મુક્તાવલી–કુંડલ–બાહુરક્ષ–કોટીર–મુખ્યાભરણા–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વલીનાં ॥ પ્રભોર્યથાસ્થાનનિવેશનેન, પૂજાપ્રકાર્ષીદ્દશમીં બિડૌજાઃ ॥ ૧૦ ॥

## ॥ અગીઆરમી ફૂલઘરની પૂજા ॥

### ॥ વસ્તુ છંદ ॥

પુષ્કર સરોવર પુષ્કર સરોવર, સકલ દિસિ ભાગ મલ્લ, મનોહર સદલતર, બંધ ભાતિ સંધાણુસમતર; સકલવર્ણ-કંદલલતા, ગુચ્છગુલ્મ ચત્રામ સુંદર, નાથ નિરંજન પાખતિય, પુષ્પતણો ઘર રમ્ય; પેખી પૂજા અગ્યારમી, સફલ હુઓ મુજ જન્મ ॥ ૧ ॥

### ॥ પૂજા ઢાળ ॥ રાગ કેદારો ॥

વિવિધ કુસુમે ખચ્યું, વિશ્વકર્મા રચ્યું, કુસુમગેહં; રુચિર સમ ભાગશું, સુરવિમાનં જિશું, રયણરેહં ॥ ૧ ॥ તોરણ જાલીશું, કુસુમની ભાતિશું, શોભતું એ, ગુંથી ચંદ્રોદયં, ઝુંમક વૃંદને, શોભતું એ ॥ ૨ ॥

### ॥ પૂજા ગીત ॥ રાગ કેદારો બિહાગ ॥

મેરો મન રમ્યો જિનવર કુસુમઘરે, કુસુમઘરે હાંરે કુસુમઘરે ॥ મેરો૦॥ વિવિધ જુગતિવર કુસુમકી જાતિ ભાતિ, જૈસે અમર ઘરે ॥ ૧ ॥ મે૦॥ કુસુમઝુમક ચંદ્રોદય તોરણિ, જાલિક મંડપ ભાગ; એકાદશમી પૂજા કરતાં, અવિચલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદ ભવિ માગ ॥ ૨ ॥ મે૦ ॥ ઇતિ ॥ ૧૧ ॥

પુષ્પાવલીભિ; પરિતો વિતત્ય, પુરંદર; પુષ્પગૃહં મનોજ્ઞં ॥ પુષ્પાયુધાજેય જયેતિ જલ્પન્, એકાદશીમાતનુને સ્મ પૂજાં ॥ ૧૧ ॥

॥ બારમી ફૂલનો મેઘ વરસાવવાની પૂજા ॥

॥ વસ્તુ છંદ ॥

ફૂલપરિકર ફૂલપરિકર કરી પ્રભુ પાય, પંચવરણ દલ પુષ્ફમય; પુન્યરેડ પ્રાસાદસંઠિઅ, મહિઅલમંડિત અતિવિમલ, રણુઝણંતિ દિસિ વિદિસિ છપ્પય, દ્વાદશમી પૂજા કરૂં; ફૂલ પગર ઉદાર; સમરસ ઉજ્જવલ અવતર્યો; દીસે પરતક્ષ સાર ॥ ૧ ॥

॥ પૂજા ઢાળ ॥ રાગ મલ્હાર ॥

પંચ વર વરણનો, વિવિધ જિમ કુસુમનો મેઘ વરસે; ભમર ભમરી તણા, જુગલ રસિયા પરે ત્રિજગ હરષે ॥ ૧ ॥ પગર જિમ ફૂલનો, પંચવરણે કરી સુકૃત તરસે; બારમી પૂજામાં હરખ તિમ, જિમ મિલે કનકપૂરસે ॥ ૨ ॥

॥ પૂજા ગીત ॥ રાગ મેઘ મલ્હાર ॥

મેહુલા જિઉં મિલી વરસે, કરી કરી ફૂલપગર હરસે ॥ મેહુલા ૦ ॥ પંચવરણ જાનુ માને, સમવસરણ જિમ સુરમિલી, તેમ કરે શ્રાવક લોક, દ્વાદશમી પ્રભુ પૂજા કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જનમન મુદ ફરસે ॥મે૦॥૧॥ ભમરપેં કહાવતી ઉડતે,જાનુ અધોવૃંત પડતે, તાકું અધોગતિ નાહિ, જો હમ પરે પ્રભુ આગલ પડે, હમ પરે તસુ નહિ પીડા; કુસુમપૂજા કરી સુખ લહે, દિન દિન જશ ચડતે ॥ ઇતિ ॥ ૧૨ ॥

॥ મંત્ર ॥

કરાગ્રમુક્તૈ: કિલ પંચવર્ણૈ–રગ્રંથ પુષ્પૈ: પ્રકરં પુરોઽસ્ય, પ્રપંચયન્, વંચિત–કામ શક્તે:, સ દ્વાદશી, માતનુતે સ્મ પૂજાં ॥ ૧૨ ॥

## ॥ તેરમી શ્રીઅષ્ટમાંગલિક પૂજા ॥

॥ વસ્તુ છંદ ॥

શાલિ ઉજ્જવલ શાલિ ઉજ્જવલ, આણીએ અખંડ, દુર્બલખંડિય બલિછડિએ, માંહિ સુરભિ સુરતરુ સુવાસક, દર્પણુ ભદ્રાસન ભરિય; વર્દ્ધમાન શ્રીવત્સ મત્સ, કલશ અને સ્વસ્તિક વિપુલ, નંદાવર્ત નિવાસ; તેરમી પૂજા મંગલકરણુ, પૂરે મનની આસ ॥ ૧ ॥

॥ પૂજા ઢાલ ॥ રાગ વસંત ॥

રયણુ હીરા જિસ્યા, શાલિવર તંદુલા, વર ફલ્યા એ, [૧] સ્વ-સ્તિક [૨] દર્પણુ, [૩] કુંભ [૪] ભદ્રાસનશું મલ્યા એ; [૫] નંધાવર્તક ચારુ [૬] શ્રીવત્સક [૭] વર્દ્ધમાનં, [૮] મત્સ્યયુગલં લીખી અષ્ટ મંગલ હુસે શોભમાનં ॥ ૧ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ પૂજા ગીત ॥ રાગ મહાવસંત ॥

જિનપ આગલ વિરચો ભવિલોકા જસુ દરિસણે શુભ હોઈ; જ્યુંરે દેખત સમ કોઈ ॥જિ૦॥ અતુલ તંદુલે કરી, અષ્ટમંગલાવલી, તેમ રચો જિમ તુમ ઘર ફિરી હોઈ ॥જિ૦॥ ॥૧॥ સ્વસ્તિકશ્રીવત્સ કુંભ ભદ્રાસન, નંદ્યાવર્ત્તક વર્દ્ધમાનં, મત્સ્યયુગલ દર્પણ તિમ વર ફલગુણ; તેરમી પૂજા સબ કુશલ નિધાનં ॥ ૨ ॥ જિ૦॥ ઇતિ ॥ ૧૩ ॥

॥ મંત્ર ॥

આદર્શ—ભદ્રાસનવર્ધમાન—મુખ્યાષ્ટ સન્માંગલિકૈર્જિનાગ્રે ॥સ રાજત–પ્રોજ્જવલ–તંદુલોત્થૈ–સ્ત્રયોદશીમાતનુતે સ્મ પૂજા ॥ ૧૩ ॥

॥ ચૌદમી શ્રી ધૂપદીપ પૂજા ॥

॥ વસ્તુ છંદ ॥

અગર ઉત્તમ અગર ઉત્તમ માંહિ મૃગમદ, કુંદરુક્કો તરુક્કોમય, મઘમઘંત વર ધૂપવર્ત્તક, કંચન રયણ સુદંડધર; ધૂપધાણું વૈડૂર્ય ચિત્રકર, યતન કરી ઉખેવશું એ; ભોગ ભલીપેરી તાર; ચૌદશમી પૂજા નિપુણ તારે ભવસંસાર ॥૧॥

॥ પૂજા ઢાલ ॥ રાગ માલવગોડી ॥

કૃષ્ણાગરતણું ચૂરણ કરી ઘણું, શુદ્ધ ઘનસારશું ભેલિઉં એ; કુંદરુક્કો તરુક્કો સકસ્તૂરિકા, અંબર તગરશું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભેલિઉં એ ॥૧॥ રયણ કંચનતણું ધૂપધાણું ઘણું, પ્રગટ પ્રદીપશું શોભતું એ, દશ દિશિ મહમહે ધૂપ ઉખેવતાં, ચઉદમી પૂજા રજ ખોભતું એ ॥ ૨ ॥

॥ પૂજા ગીત ॥ રાગ કલ્યાણ ॥

આનીએ ધૂપી ધૂમાલી, જિનમુખ દાહિણાવર્ત્ત કરંતી, દેવગતિ સૂચતિ ચાલી; ભવિકુગતિ શુથતિ બાલી ॥૧॥આ૦॥ કૃષ્ણાગર અંબર મૃગમદશું, ભેલી તિમ ઘનસારો, ધૂપ-પ્રદીપ દશાંગ કરંતાં; ચઉદમી પૂજા ભવ તારો ॥ ૨ ॥ આ૦ ॥ ઇતિ ॥ ૧૪ ॥

॥ મંત્ર ॥

કર્પૂર–કાલાગુરુ–ગંધધૂપ–મુત્ક્ષિપ્ય ધૂમસ્થલ-દૂરિતેનાઃ ॥ ઘંટાનિનાદેન સમં સુરેન્દ્રશ્ચતુર્દશી–માતનુતે સ્મ પૂજાં ॥ ૧૪ ॥

॥ પન્નરમી શ્રી સ્તવન ગીતની પૂજા ॥

॥ વસ્તુ છંદ ॥

તાલમદ્દલ તાલમદ્દલ વંસ વર વીણ, પડહ ભેરી ઝાલર તવર, સંખ પણવ ઘૂઘરિય ઘમઘમ, સિરિમંડલ મહુઅર મણુજ, નિપુણનાદ રસ છંદત; દુંદુભિ દેવતણી ગયણ, વાજે સુરગંભીર, પંદરમી પૂજા કરી, પામો ભવજલ તીર ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ પૂજા ઢાલ ॥ રાગ શ્રીરાગ ગાથાબંધ ॥

ગગનતણું નહિ જિમ માનં, તિમ અનંતફલ જિનગુણ ગાનં; તાન માન લયશું કરી ગીતં, સુખ દિયે જિમ અમૃતપીતં ॥૧॥ વેણુવંસ તલતાલ ઉવંગે, સુરતિ રાખી વજ્રતંતિ મૃદંગે, જયતિ માન પડતાલિકતાલૂં, આયાત ધરી પ્રભુ પાતિક ગાલું ॥ ૨ ॥

॥ પૂજા ગીત ॥ શ્રી રાગ ॥

તમ શુભ પાર નહી સયણો, માનાતીત યથા ગયણો, તામ માન લયશું જિનગીતં, દુરિત હરે જિમ રજ પવણો ॥ ૧ ॥ તુમ૦॥ વંસ ઉપાંગ તાલ સિરિમંડલ, ચંગ મૃદંગ તંતિ વયણો; વાજતી તાન માન કરી ગીતં, પીતામૃત પરિ કરી લીણો ॥ ૨ ॥ તુ૦॥ ગાયતિ સુર ગાયન જિમ મધુરે, તિમ જિનગુણગણ મણિરયણો, સકલ સુરાસુર મોહન તું જિન; ગીત કહ્યો હમ તુમ નયણો ॥ ૩ ॥ તુ૦॥ ઇતિ ॥૧૫॥

॥ મંત્ર ॥

અષ્ટોત્તરં સ્તોત્રશતં પઠિત્વા, જાનુસ્થિતઃ સ્પૃષ્ટધરઃ સુરેશઃ ॥ શક્રસ્તવં પ્રોચ્ય શિરસ્થ–પાણિઃ, નત્વા જિનં સંસદમાલુલોકે ॥ ૧૫ ॥

॥ ૧૬ ॥ સોલમી નાટક પૂજા

ગીત ગુણ મીત ગીત ગુણપ્રીત પાઠ પદબંધ, ધુધુઆ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બ્યત્ર પટ્ટવર જયતમાલ, પ્રત્તમહ્રુતાલગ ત્રિણિ ગ્રામ સુર સપ્તમય એકવીસ મુરછાયસાધક; તાન માન ગુણગાન-લય, નિરમલ નાદ સુરંગ; સોલસમી પૂજા કરી, પામો સમરસ ચંગ ।। ૧ ।।

।। પૂજા ઢાલ ।। રાગ સોરઠ ।।

સરિસ વય વેષ મુખ રૂપ કુચ શોભતી, વિવિધ ભૂષણાંગિની સુરકુમારી; એક શત આઠ સુરકુમર કુમરી ફરે, વિવિધ વીણાદિ વાજિંત્રધારી ।। સરિ૦।।૧।। અભિનવ હસ્ત હાવભાવે કરી, વિવિધ યુગતે બહુ નાચકારી; દેવનાદેવને, દેવરાજી યથા, કરતી નૃત્યં તથા ભૂમિચારી ।।સરિ૦।।૨।।

।। રાગ શુદ્ધનટ ।।

એકશત આઠ નાચે દેવ કુમર કુમરી, દૈં દૈં દૈં દુંદુભિ વાજતી, નાચતી દિએ ભરી ।।એ૦।।૧।। ઘન કુચ યુગ-હાર રાજી, કસી કંચૂકી બાંધી; સોલસ સિંગાર શોભિત,વેણી કુસુમ ગુંથી ।। એ૦ ।। નટકટિ કટ ઠડ ઠહ, વિચ પટતાલ વાજે; દેખાવતી જિનહસ્તકી, નૃત્યકી નવી લાજે ।। ૩ ।। તિના તિના તિના તંતિ બાજે, રણઝણંતિ વીણા, તાંડવ જિમ સુર કરંત, તિમ કરો ભવિ લીણા ।।૪।। ઇતિ।।૧૬।।

।। મંત્ર ।।

આલોકના–કૃત્યવિદો તતોઽસ્ય, ગંધર્વ–નાટચાધિપતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમર્ત્યૌ ॥ તૂર્યત્રિકં સજજયતિ સ્મ તત્ર, પ્રભોર્નિષણ્ણે પુરતઃ સુરેન્દ્ર ॥ ૧૬ ॥

॥ ૧૭ ॥ સતરમી સર્વવાજિંત્રની પૂજા ॥

॥ વસ્તુ છંદ ॥

શાંતરસમય શાંતરસમય, અરથ ઉદાર, અદ્‌ભુત્તરસય કવિતવર, કરિય દેવ અરિહંત ગુણમય, સાત આઠ પદ ઊસરીય, ધરિય પાણિસિર કમલજોડિય, ત્રિણિવાર મસ્તક ધરિય, ભૂમીતલ નિયજાણુ, ચઉરંગુલ ઉંચો ભણે, નમુત્થુણં સદ્દહુ જાણુ ॥ ૧ ॥

॥ પૂજા ગીત ॥ રાગ રામગિરિ ॥

સમવસરણ જિમ વાજાં વાજે, દેવદુંદુભિ અંબર ગાજે, ઢોલ નિસાણુ વિસાલ ॥ ભુંગલ ઝલ્લરિ પણુવ નફેરી, કંસાલા દડવડી વરભેરી, શરણાઈ રણકાર ॥૧॥ મરુજ વંશ સુરતિ નવિ મૂકે, સત્તરમી પૂજા ભવિ નવિ ચૂકે, વીણાવંશ કહે જિન જીવો, આરતિ સાથે મંગળ પઈવો ॥ ૨ ॥

પૂજા ઢાલ ॥ રાગ કેદારો મધુમાલવી ॥

ઘણું જીવ તું જીવ જિનરાજ જીવો ઘણું, શંખ શરણાઈ વાજિંત્ર બોલેઃ મહઅરિ ફિરિ ફિરિ દેવકી દુંદુહી, હે નહિ પ્રભુતણે કોઈ તોલે ॥ઘ૦॥૧॥ ઢોલ નિસાણુ કંસાલસમ તાલશું, ઝલ્લરી પણુવ ભેરી નફેરી; વાજતાં દેવ વાજિંત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણે કહે, સકલ ભવિકું ભવોભવ ન ફેરી ॥ ધ૦॥ ૨ ॥ દેવ[૧] પરિ ભવિક વાજિંત્ર પૂજા કરી, કહે મુખે તુંહી જિન ત્રિજગદીવો, ઇંદ્ર પરિ કિમ હમ, જિનપ પૂજા કરું, આરતિ સાથે મંગલપઈવો ॥ ધ૦ ॥ ૩ ॥

**॥ મંત્ર ॥**

મૃદંગભેરી – વરવેણુ – વીણા – ષડ્‌ભ્રામરી ઝલ્લરી કિંકિણીનાં ॥ ભંભાદિકાનાં ચ તદા નિનાદૈ:, ક્ષણં જગન્નાદમયં બભૂવ ॥ ૧૭ ॥

**॥ કલશ ॥**

**॥ વસ્તુ છંદ ॥**

એહ વિધિવર, એહ વિધિવર સત્તર ગુણભેદ, પૂજા પરમેશ્વર તણી; કરીય દેવ નર નારી શ્રાવક, સમકિતધારી નિપુણ નર, વીતરાગશાંસન પ્રભાવક, સ્વર્ગ મૃત્યુ પાતાલસુર, શ્રીજિન ભુવન મઝાર, સકલ પૂજા અનુમોદતાં કરતાં હરખ અપાર ॥૧॥

॥ ગીત ॥ રાગ ધન્યાશ્રી ॥

થુણીઓ થુણીઓ રે પ્રભુ તું સુરપતિ જેમ થુણિઓ; તીન ભુવન મનમોહન લોચન, પરમ હરષ તવ જણિયો રે ॥૧॥પ્ર૦॥ એકશત આઠ કવિત કરી અનપમ, ગુણમણિ ગુંથી ગુણીઓ; ભવિક જીવ તુમ થય થુઈ કરતાં, દુરિત મિ-

૧ ઇણિ પાઠાં૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્યામતિહણીઆરો ॥૧॥પ્ર૦॥તપગચ્છ અંબર દિનકર સરિખો વિજયદાન ગુરુ મુણિયો, જિનગુણુ સંઘ ભગતિકર ફરસિ કુ-મતિ તિમિર સબ હણીઆ રે ॥૩॥પ્ર૦॥ ઇણિપરિ સત્તરભેદ પૂજાવિધિ, શ્રાવકકું જિન ભણીઆ, સકલ મુનીસર કાઉ-સગધ્યાને, ચિત્તવિત્ત તસ ફળ ચૂણીઆ રે ॥ ૪ ॥પ્ર૦ ॥

॥ શ્રી સકલચંદ્રજી ઉપાધ્યાયકૃત સત્તરભેદી પૂજા સમાપ્ત ॥

શ્રી

# શ્રી વિવિધ પૂજા-સંગ્રહ

## ભાગ ચોથો

## શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયકૃત

## નવપદ પૂજા

### ॥ વિધિ ॥

આ પૂજામાં જે જે ચીજો અવશ્ય જોઈએ તેમાંની કેટલીક ચીજોનાં નામ લખીએ છીએ :—

દૂધ, દહીં ઘૃત, શર્કરા, શુદ્ધ જળ, એ પંચામૃત તથા કેશર, સુગંધી, ચંદન, કર્પુર, કસ્તૂરી, અગર, રોલી, મૌલી, છુટાં ફૂલ, ફૂલોના ચંદ્રવા, ધૂપ, તંદુલ પ્રમુખ નવ નવ જાતિનાં ધાન્ય નવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારનાં નૈવેદ્ય, નવ પ્રકારનાં ફળ, નવ પ્રકારનાં પકવાન, મિશ્રી, પતાસાં, ઓલા, પ્રમુખ, તથા અંગલૂહણાંને વાસ્તે સફેદ વસ્ત્ર, અને પહેરાવવાને વાસ્તે ઉત્તમ રેશમી વસ્ત્ર, વાસક્ષેપ, ગુલાબજળ, અત્તર ઇત્યાદિક બીજા પણ નવ નવ નાલીના કળશ, નવ રકેબી, પરાંત (તાસ) તસલાં, આરતિ, મંગલદીપ, ભગવાનની આંગી; સમવસરણ, ઇત્યાદિક સર્વ વસ્તુ પ્રથમથી ઠીક કરીને રાખવી. એ થકી પૂજામાં વિઘ્ન ન હોય. એ સંક્ષેપ વિધિ કહ્યો, તે વિશેષ વિધિ ગુરૂ થકી જાણવો.

## ॥ કલશઢાલન વિધિ ॥

ચૈત્ર તથા આશ્વિન માસમાં એ પૂજાઓ ભણાય. તે વારે નવ સ્નાત્રિયા કરિયે, મોટા કળશ પ્રમુખમાં પંચામૃત ભરિયે, સ્થાપનામાં શ્રીફળ તથા રોકડનાણું ધરિયે; તેને ગુરુની પાસેથી મંગાવી કેશરથી તિલક કરે, કંકણદોરો હાથે બાંધે, ડાબા હાથમાં સ્વસ્તિક કરીને વિધિસંયુક્ત સ્નાત્ર ભણાવે, પછી શ્રી અરિહંત પદમાં તાંદુલ, ધૂપ, દીપ, નૈવેદ્ય, પ્રમુખ અષ્ટ દ્રવ્ય, વાસક્ષેપ, નાગરવેલ પ્રમુખનાં પાન, રકેબીમાં ધરીને તે રકેબી હાથમાં રાખે, નવ કળશને મૌલી-સૂત્ર બાંધી કુંકુમના સ્વસ્તિક કરી. પંચામૃતથી ભરીને તે કળશો હાથમાં લઈ પ્રથમ, શ્રી અરિહંતપદની પૂજા ભણે તે સંપૂર્ણ ભણી રહ્યા પછી મોટી પરાતમાં (થાળમાં) પ્રતિમાજીને પધરાવે, પછી "ૐ હ્રીઁ નમો અરિહંતાણં" એ પ્રમાણે કહેતો થકો, શ્રીઅરિહંત-પદની પૂજા કરે, અષ્ટ દ્રવ્ય અનુક્રમે ચઢાવે.

૨. બીજું સિદ્ધપદ રકતવર્ણે છે, માટે, ઘઉં રકેબીમાં ધરી શ્રીફળ તથા અષ્ટ દ્રવ્ય લઇને નવ કળશ પંચામૃતથી ભરીને પૂજા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભણે તે સંપૂર્ણ થયાથી, ૐ હ્રીં નમો સિદ્ધાણું" એમ કહી કળશ ઢાળે, અષ્ટ દ્રવ્ય ચઢાવે.

૩. ત્રીજું આચાર્યપદ પીળે વર્ણે છે. માટે ચણાની દાળ, પ્રમુખ અષ્ટ દ્રવ્ય શ્રીફળ પ્રમુખ લઈ નવ કળશ, પંચામૃતથી ભરીને ત્રીજી પૂજાનો પાઠ ભણે તે સંપૂર્ણ થયાથી ૐ હ્રીં નમો આયરિયાણું" એમ કહી કળશ ઢાળે; અષ્ટ દ્રવ્ય ચઢાવે.

૪. ચોથું ઉપાધ્યાયપદ નીલવર્ણ છે. માટે મગ પ્રમુખ તથા અષ્ટ દ્રવ્ય લઈને પૂર્વોક્ત વિધિએ પૂજા ભણી સંપૂર્ણ થયાથી 'ૐ હ્રીં નમો ઉપાધ્યાયેભ્યઃ' એમ કહી કળશ ઢાળે, અષ્ટ દ્રવ્ય ચઢાવે.

૫. પાંચમું શ્રી સાધુપદ શ્યામવર્ણે છે, માટે અડદ પ્રમુખ લઇ બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરી તે પૂજા ભણે. સંપૂર્ણ થયાથી ૐ હ્રીં નમો સાધુભ્યઃ' કહે.

૬. તેમજ છઠ્ઠું દર્શનપદ શ્વેતવર્ણે છે. માટે તાંદુલ પ્રમુખ લેઈ 'ૐ હ્રીં નમો દંસણસ્સ કહેવું'. બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો.

૭. સાતમું જ્ઞાનપદ શ્વેતવર્ણે છે,માટે ચોખાપ્રમુખ લઇ 'ૐ હ્રીં નમો નાણસ્સ' કહેવું. બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો.

૮. આઠમું ચારિત્રપદ પણ શ્વેતવર્ણ છે, માટે ચોખાપ્રમુખ લઈ 'ૐ હ્રીં નમો ચારિતસ્સ' કહેવું. બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો.

૯. નવમું તપપદ શ્વેતવર્ણે છે, માટે ચોખા પ્રમુખ લઈ પૂર્વોક્ત વિધિ કરીને 'ૐ હ્રીં નમો તવસ્સ' કહી કળશ ઢાળે, અષ્ટ દ્રવ્ય ચઢાવે. પછી અષ્ટ પ્રકારી પૂજા કરે. આરતી કરે.

॥ શ્રી નવપદ પૂજા વિધિ સમાપ્ત ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ પ્રથમ શ્રીઅરિહંતપદ પૂજા ॥

॥ કાવ્યં ॥ ઉપજાતિવૃત્તમ્ ॥

ઉપ્પન્નસન્નાણમહોમયાણં, સપ્પાડિહેરાસણસંઠિયાણં ॥
સદ્દેસણાણંદિયસજ્જણાણં નમો નમો હોઉ સયા જિણાણં॥૧॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

નમોઽનંતસંતપ્રમોદપ્રદાન, પ્રધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય ॥ થયા જેહના ધ્યાનથી સૌખ્યભાજા, સદા સિદ્ધચક્રાય શ્રીપાલરાજા ॥ ૨ ॥ કર્યા કર્મ દુર્મમ ચકચૂર જેણે ભલા ભવ્ય નવપદ ધ્યાનેન તેણે ॥ કરી પૂજના ભવ્ય ભાવે ત્રિકાળે, સદા વાસિયો આતમા તેણે કાળે ॥૩॥ જિંકેતીર્થંકર કર્મ ઉદયે કરીને, દિયે દેશના ભવ્યને હિત ધરીને ॥ સદા આઠ મહાપાડિહારે સમેતા, સુરેશે નરેશે સ્તવ્યા બ્રહ્મપુત્તા ॥૪॥ કર્યાં ઘાતિયાં કર્મ ચારે અલગ્ગાં, ભવોપગ્રહી ચાર જે છે વિલગ્ગાં, જગત પંચ કલ્યાણકે સૌખ્ય પામે, નમો તેહ તીર્થંકરા મોક્ષકામે ॥

॥ ઢાળ ઉલાલાની દેશી ॥

તીર્થપતિ અરિહા નમું, ધર્મ ધુરંધર ધીરોજી ॥ દેશના અમૃત વરસતા, નિજ વીરજ વડ વીરોજી ॥૨॥ ઉલાલો ॥ વર અખય નિર્મળ જ્ઞાનભાસન,સર્વભાવ પ્રકાશતા ॥નિજ ॥ શુદ્ધશ્રદ્ધા આત્મભાવે, ચરણથિરતા વાસતા ॥ જિનનામ કર્મપ્રભાવ અતિશય, પ્રાતિહારજ શોભતા ॥ જગજંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરુણાવંત ભગવંત, ભવિકજનને શોભતા ॥ ૨ ॥

॥ પૂજા ॥ ઢાળ શ્રીપાળના રાસની ॥

ત્રીજે ભવ વર સ્થાનક તપ કરી, જેણે બાંધ્યું જિન નામ ॥ [1]ચોસઠ ઇંદ્રે પૂજિત જે જિન, કીજે તાસ પ્રણામ રે ॥ ભવિકા ॥ સિદ્ધચક્રપદ વંદો, જેમ ચિરકાળે નંદો રે ॥ ભવિકા ॥ સિં૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ જેહને હોય કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું ॥ સકળ અધિક ગુણ અતિશય ધારી, તેજિન નમીઅ [2]ઘટાળુ રે ॥ભવિકા ॥સિં૦॥ ॥૨॥ જે તિહું નાણ સમગ્ગ ઉપન્ના, ભોગ કરમ ક્ષીણ જાણી ॥ લેઈ દીક્ષા શિક્ષા દિયે જગને,તે નમિયે જિન નાણીરે ॥ ભવિકા ॥ સિં૦॥૩॥ મહાગોપ મહામાહણ કહિયે, નિર્યામક સથ્થવાહ ॥ ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમિયે ઉત્સાહ રે ॥ ભવિકા સિં૦ ॥ ૪ ॥ આઠ પ્રતિહારજ જસ છાજે પાંત્રીસ ગુણયુત વાણી ॥ જે પ્રતિબોધ કરે જગજનને તે જિન નમિયે પ્રાણી રે ॥ ભવિકા ॥ સિદ્ધચક્ર૦ ॥૫॥

॥ ઢાળ ॥

અરિહંતપદ ધ્યાતો થતો, દવ્વહ ગુણ પજ્જાય રે ॥ ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે ॥ ૧ ॥ વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઇ રે ॥ આત્મધ્યાને

૧. ચોત્રીશ અતિશય રાજિત જે જિન પાઠાં૦ ૨. પાપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપમાં, ઋદ્ધિ મળે શવિ આઈ રે ॥ વીર૦ ॥ ૨ ॥

॥ અરિહંત પદ કાવ્યં ॥ ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

જિયંતરંગારિગણે સુનાણે, સપ્પાડિહેરાઇસયપ્પહાણે ॥
સંદેહસંદોહરયં હરંતે,ઝાએહ નિચ્ચંપિજિણું રહંતે ॥૧॥

॥ કાવ્ય ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

વિમલકેવળભાસનભાસ્કરં, જગતિ જંતુમહોદયકારણં ॥
જિનવરંબહુમાનજલૌઘત:, શુચિમના:સ્નપયામિવિશુદ્ધયે.।૧।

( આ કાવ્ય અને નીચેનો પાઠ પ્રત્યેક પૂજાદીઠ કહેવાં )

સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે, સકલદેવે વિમળ કળશ નીરે ॥ આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા ॥૧॥ હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે ॥ જિહાં લગે સુરગિરિ જંબૂદીવો, અમતણા નાથ દેવાધિદેવો ॥૩॥

## ॥ દ્વિતીય શ્રીસિદ્ધપદ પૂજા

॥ કાવ્યં ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

સિદ્ધાણમાણંદરમાલયાણં, નમો નમોઽણંત ચઉક્કયાણ ॥
સમગ્ગકમ્મક્ખયકારયાણં,જમ્મંજરા દુક્ખનિવારયાણં॥૧॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

કરી આઠ કર્મે ક્ષયે પાર પામ્યા, જરાજન્મમરણાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભય જેણે વામ્યા ॥ નિરાવરણ જે આત્મરૂપે પ્રસિદ્ધા, થયા પાર પામી સદા સિદ્ધ બુદ્ધા ॥૧॥ ત્રિભાગોનદેહાવગાહાત્મદેશા રહ્યા જ્ઞાનમય જાતવર્ણાદિ લેશા ॥ સદાનંદ સૌખ્યાશ્રિતા જ્યોતિરૂપા, અનાબાધ અપુનર્ભવાદિસ્વરૂપા ॥૨॥

॥ ઉલાલાની દેશી ॥

સકલ કરમમલ ક્ષય કરી, પૂરણ શુદ્ધ સ્વરૂપોજી ॥ અવ્યાબાધ પ્રભુતામયી, આતમ સંપત્તિ ભૂપોજી ॥૧॥ ઉલાલો ॥ જેહ ભૂપ આતમ સહજ સંપત્તિ, શક્તિ વ્યક્તિપણે કરી ॥ સ્વદ્રવ્યક્ષેત્ર સ્વકાલભાવે, ગુણ અનંતા આદરી ॥ સુસ્વભાવ ગુણ પર્યાય પરણુતિ, સિદ્ધ સાધન પરભણી ॥ મુનિરાજ માનસહંસ સમવડ, નમો સિદ્ધ મહામુણી॥૨॥

॥ પૂજા ઢાળ ॥ શ્રીપાળના રાસની ॥

સમયપએસંતર અણફરસી,ચરમ તિભાગ વિશેષ ॥ અવગાહન લહી જે શિવ પહોતા, સિદ્ધ નમો તે અશેષ રે ॥ ભવિકા ॥ સિ૦ ॥૬॥ પૂર્વપ્રયોગ ને ગતિપરિણામે, બંધન છેદ અસંગ ॥ સમય એક ઊર્ધ્વગતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગ રે ॥ ભવિકા ॥સિ૦॥૭॥નિર્મળ સિદ્ધશિલાની ઉપરે, જોયણ એક લોગંત ॥ સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની તે સિદ્ધ પ્રણમો સંત રે ॥ભવિકા॥ સિ૦॥૮॥ જાણે પણ શકે કહી પરગુણ, પ્રાકૃત તેમ ગુણ જાસ ॥ ઉપમા વિણ નાણી ભવિમાંહે, તે સિદ્ધ દિયો ઉલ્લાસ રે ॥ ભવિકા ॥સિ૦॥૯॥ જ્યોતિશું જ્યોતિ મળી જસ અનુપમ, વિરમી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સકલ ઉપાધિ ।। આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સકલ સમાધિ રે ।। ભવિકા ।। સિદ્ધચક્ર૦ ।।૧૦।।

।। ઢાળ ।।

રૂપાતીત સ્વભાવ જે, કેવળદંસણ નાણી રે ।। તે ધ્યાતા નિજ આતમા, હોયે સિદ્ધ ગુણખાણી રે ।। વીર૦ ।।૩।।

।। શ્રી સિદ્ધપદ કાવ્યં ।।

દુટ્ઠટ્ઠકમ્માવરણપ્પમુક્કે, અનંતનાણાઈ સિરિચઉક્કે ।।
સમગ્ગલોગગ્ગપયત્થસિદ્ધે,ઝાએહનિચ્ચંપિસમગ્ગસિદ્ધા।।૧।।

## ।। તૃતીય શ્રી આચાર્યપદ પૂજા

।। કાવ્યં ઇંદ્રવજ્રાવૃત્તમ્ ।।

સૂરિણ દૂરીકયકુગ્ગહાણં, નમો નમો સૂરસમપ્પહાણં ।।
સદ્દસણાણં સમાયરાણં, અખંડ છત્તીસગુણાયરાણં ।।૧।।

।। ભૂજંગ પ્રયાતવૃત્તમ્ ।।

નમું સૂરિરાજા સદા તત્ત્વતાજા, જિનેંદ્રાગમે પ્રૌઢ સામ્રાજ્યભાજાઃષડ્વર્ગ વર્ગિત ગુણે શોભમાના,પંચાચારને પાલવે સાવધાના ।। ૧ ।। ભવિપ્રાણીને દેશના દેશ કાળે, સદા અપ્રમત્તા યથા સૂત્ર આલે ।। જિકે શાસનાધારદિગ્દંતિ-કલ્પા, જગે તે ચિરંજીવજો શુદ્ધજલ્પા ।। ૨ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ ઉલાલાની દેશી ॥

આચારજ મુનિપતિગણી; ગુણછત્રીશી ધામોજી ॥ ચિદાનંદ રસ સ્વાદતા, પરભાવે નિઃકામોજી ॥૧॥ ઉલાલો ॥ નિઃકામ નિર્મળ શુદ્ધ ચિદ્‌ઘન, સાધ્યનિજ નિરધારથી । વર જ્ઞાન દર્શન ચરણ વીરજ, સાધના વ્યાપારથી ॥ ભવિજીવ બોધક તત્વશોધક સયલગુણ સંપત્તિધરા ॥ સંવરસમાધિ, ગતઉપાધિ દુવિધ તપગુણ આગરા ॥ ૨ ॥

॥ પૂજા ॥ ઢાળ શ્રીપાળના રાસની ॥

પંચ આચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો ॥ તે આચારજ નમિયે નેહશું, પ્રેમ કરીને જાચો રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૧૧ ॥ વર છત્રીશ ગુણે કરી સોહે, યુગ-પ્રધાન જન મોહે ॥ જગ બોહેન રહે ખિણ કોહે, સૂરિ નમું તે જોહે રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૧૨ ॥ નિત્ય અપ્ર-મત્ત ધર્મ ઉવએસે, નહીં વિકથા ન કષાય ॥ જેહને તે આચારજ નમિયે, અકલુષ અમલ અમાય રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૧૩ ॥ જે દિયે સારણ વારણ ચાયણ, પડિચોયણ વળી જનને ॥ પટધારી ગચ્છ થંભ આચારજ, તે માન્યા મુનિમનને રે ॥ ભવિકા ॥ સિ૦॥૧૪॥ અત્થમિયે જિનસૂ-રજ કેવળ, ચંદે જે જગદીવો ॥ ભુવન પદારથ પ્રકટ ન પટુતે, આચારજ ચિરંજીવો રે ॥ ભવિકા ॥ સિદ્ધચક્ર૦ ॥૧૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે ॥પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે ॥ વીર૦ ॥૪॥

॥ શ્રી આચાર્યપદ કાવ્યં ॥

ન તં સુહં દેઇ પિયા ન માયા,જે દિંતિ જીવાણુ સુરીસપાયાઃ
તમ્હા હુ તે ચેવ સયા ભજેહ,જં મુખ્ખસુખ્ખાઈલહુલહેહ॥૧॥

॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા ॥

॥ કાવ્યં ॥ ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

સુત્તત્થવિત્થારણતપ્પરાણં, નમો નમો વાયગ કુંજરાણં ॥
ગણસ્સસાધારણસારયાણં,સવ્વક્ખણાવજ્જિયમંથરાણં॥૧॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

નહીં સૂરિ પણ સૂરિગણને સહાયા, નમું વાચકા ત્યક્ત મદમોહમાયા ॥ વળી દ્વાદશાંગાદિ સૂત્રાર્થદાને, જિકે સાવધાના નિરુદ્ધાભિમાને ॥૧॥ ધરે પંચને વર્ગ વર્ગિત ગુણોધા પ્રવાદિ દ્વિપોચ્છેદને તુલ્ય સિંધા ॥ ગુણી ગચ્છસંધારણે સ્થંભભૂતા, ઉપાધ્યાય તે વંદિયે ચિતપ્રભૂતા ॥ ૨ ॥

॥ ઢાળ ॥ ઉલાલાની દેશી ॥

ખંતિજુઆ મુત્તિજુઆ, અજ્જવ મદ્દવ જુત્તાજી ॥ સચ્ચં સોયં અકિંચણા, તવ સંજમ ગુણરત્તાજી ॥ ૧ ॥ ઉલાલો ॥ જે રમ્યા બ્રહ્મ સુગુત્તિ ગુત્તા, સમિતિ સમિતા

પૂ. ૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુતધરા ।। સ્યાદ્વાદવાદે તત્ત્વવાદક, આત્મપર વિભજનકરા ।। ભવભીરુ સાધય ધીરસાધન, વહન ધોરી મુનિવરા ।। સિદ્ધાંત વાયણુ દાન સમરથ, નમો પાઠક પદધરા ।। ૨ ।।

।। પૂજા ।। ઢાળ ।। શ્રીપાળના રાસની ।।

દ્વાદશ અંગ સજઝાય કરે જે, પારગ ધારગ તાસ ।। સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસ રે ।। ભવિકા ।। સિ૦ ।। ૧૬ ।। અર્થ સૂત્રને દાન વિભાગે, આચારજ ઉવજ્ઝાય ।। ભવ ત્રીજે જે લહે શિવસંપદ, નમિયે તે સુપસાય રે ।। ભવિકા ।। સિ૦ ।। ૧૭ ।। મૂરખ શિષ્ય નિપાઇજે પ્રભુ, પાહાણુને પલ્લવ આણે ।। તે ઉવજ્ઝાય સકલજન પૂજિત, સૂત્ર અર્થ સવિ જાણે રે ।। ભવિકા ।। સિ૦ ।। ૧૮ ।। રાજકુંવર સરિખા ગણચિંતક, આચારજ પદ યોગ ।। તે ઉવજ્ઝાય સદા જે નમતાં, નાવે ભવભય સોગ રે ।। ભવિકા ।। સિ૦ ।। ૧૯ ।। બાવનાચંદન રસ સમવયણે, અહિતતાપ સવિ ટાળે ।। તે ઉવજ્ઝાય નમીજે જે વળી, જિનશાસર અજુવાળે રે ।। ભવિકા ।। સિદ્ધચક્ર પદ વંદો ।। ૨૦ ।।

તપસજ્ઝાયે રત સદાં, દ્વાદશ અંગનો ધ્યાતા રે ।। ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે વીર૦ ।। ૫ ।।

।। ઉપાધ્યાય કાવ્યં ।।

સુત્તત્થસંવેગમય સુએણં, સંનીરખીરામયવિસ્સુએણં ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પીણંતિ જે તે ઉવજ્ઝાયરાએ,ઝાએહ નિચ્ચં પિકયપ્પસાએ ॥

॥ કાવ્યં ઇંદ્રવજ્રાવૃત્તમ ॥

સાહૂણસંસાહિઅ સંજમાણં, નમો નમો સુદ્ધદયાદમાણં ॥
તિગુત્તિગુત્તાણ સમાહિયાણં,મુણીંદમાણંદપયટ્ઠિઆણં॥૧॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

કરે સેવના સૂરિવાયગ ગણિની,કરૂં વર્ણના તેહની શી મુણિની ॥ સમેતા સદા પંચસમિતિ ત્રિગુપ્તા, ત્રિગુપ્તે નહી કામભોગેષુ લિપ્તા ॥૧॥ વળી બાહ્યઅભ્યંતર ગ્રંથી ટાળી, હોયે મુક્તિને યોગ્ય ચારિત્ર પાળી ॥ શુભાષ્ટાંગ યોગે રમે ચિત્ત વાળી, નમું સાધુને તેહ નિજ પાપ ટાળી ॥ ૨ ॥

॥ ઢાળ ઉલાલાની દેશી ॥

સકલ વિષય વિષ વારીને, નિઃકામી નિઃસંગીજી ॥ ભવદવ તાપ શમાવવા,આતમસાધન રંગીજી ॥૧॥ ઉલાલો ॥ જે રમ્યા શુદ્ધ સ્વરૂપ રમણે,દેહ નિર્મમ નિર્મદા ॥ કાઉસ્સગ્ગ મુદ્રા ધીર આસન, ધ્યાન અભ્યાસી સદા ॥ તપ તેજ દીપે કર્મ ઝીપે, નવ છીપે પરભણી ॥ મુનિરાજ કરૂણાસિંધુ ત્રિભુવન,–બંધુ પ્રણમું હિત ભણી ॥ ૨ ॥

॥ પૂજા ॥ ઢાળ ॥ શ્રી ॥ળના રાસની

જેમ તરૂફૂલે ભમરો બેસે, પીડા તસ નવ ઉપાવે ॥ લેઈ

૧. તેહવી પાઠાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રસ આતમ સંતોષે,તેમ મુનિ ગોચરી જાવે રે ॥ ભવિકા ॥ ॥ સિ૦ ॥૨૧॥ પંચ ઇંદ્રિયને[1] જે નિત્ય ઝીપે. ષટ્ કાયક પ્રતિપાલ ॥ સંયમ સત્તર પ્રકારે આરાધે, વંદું તેહ દયાળ રે ॥ ભવિકા ॥સિ૦ ॥ ૨૨ ॥ અઢાર સહસ્સ શીલાંગના ધોરી, અચળ આચાર ચરિત્ર ॥ મુનિમહંત જયણાયુત વંદી, કીજે જન્મ પવિત્ર રે ॥ ભવિકા૦ ॥સિ૦॥૨૩॥ નવવિધ બ્રહ્મગુપ્તિ જે પાળે, બારસવિહ તપ શૂરા ॥ એહવા મુનિ નમિયે જે પ્રગટે, પૂરવ પુણ્ય અંકુરા રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૨૪ ॥ સોનાતણી પરે પરીક્ષા દીસે. દિન દિન ચઢતે વાને ॥ સંજમખપ કરતા મુનિ નમિયે, દેશ કાળ અનુમાને રે ભવિકા ॥ સિ૦ ॥ ૨૫ ॥

॥ ઢાળ ॥

અપ્રમત્ત જે નિત્ય રહે; નવિ હરખે નવિ શોચે રે ॥
સાધુ સુધા તે આતમા, શું મૂંડે શું લોચે રે ॥ વીર૦ ॥૬॥

॥ શ્રી સાધુપદ કાવ્ય ॥

ખંતેય દંતે ય સુગુત્તિગુત્તે, મુત્તેય સંતેગુણજોગજુત્તે ॥
ગયપ્પમાએ ગયમોહમાએ, ઝાએહનિચ્ચ મુણિરાયપાએ॥

॥ કાવ્ય ॥ ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

જિણુત્તતત્તે રુઇલક્ખણસ્સ, નમોનમો નિમ્મલદંસણસ્સ ॥

---

૧. કષાયને રૂંધે પાઠાં૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિચ્છત્તનાસાઇ સમુગ્ગમસ્સ, મૂલસ્સ સુધમ્મમહાદુમસ્સ ॥૧॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

વિપર્યાસ હઠવાસનારૂપ મિથ્યા, ટળે જે અનાદિ અછે જે કુપથ્યા ॥ જિનોક્તે હોયે સહજથી સદ્ધાનં, કહિયે દર્શનં તેહ પરમં નિધાનં ॥ ૧ ॥ વિના જેહથી જ્ઞાનમજ્ઞાનરૂપં, ચરિત્રં વિચિત્રં ભવારણ્યકૂપં ॥ પ્રકૃતિ સાતને ઉપશમે ક્ષયે તે હોવે, તિહાં આપરૂપે સદા આપ જોવે ॥ ૨ ॥

॥ ઢાળ ॥ ઉલ્લાલાની દેશી ॥

સમ્યગ્દર્શન ગુણ નમો, તત્ત્વ પ્રતીત સ્વરૂપોજી ॥ જસ નિરધાર સ્વભાવ છે, ચેતનગુણ જે અરૂપોજી ॥ ૧॥ ॥ ઉલાલો ॥ જે અનુપ શ્રદ્ધા ધર્મ પ્રગટે, સયલ પરઈહા ટળે ॥ નિજ શુદ્ધસત્તા પ્રગટ અનુભવ, કરણરુચિતા ઊછળે ॥ બહુ માન પરિણતિ વસ્તુતત્વે, અહવ તસુ કારણપણે ॥ નિજ સાધ્યદૃષ્ટે સર્વ કરણી, તત્ત્વતા સંપત્તિ ગણે ॥ ૨ ॥

॥ પૂજા ॥ ઢાળ ॥ શ્રીપાળના રાસની ॥

શુદ્ધદેવ ગુરુધર્મ પરીક્ષા, સદ્દહણા પરિણામ ॥ જેહ પામીજે તેહ નમીજે, સમ્યગ્દર્શન નામ રે ॥ ભવિકા ॥ ॥ સિ૦ ॥ ૨૬॥ મલ ઉપશમ ક્ષયઉપશમ ક્ષયથી, જે હોય, ત્રિવિધ અભંગ ॥ સમ્યગ્દર્શન તેહ નમિજે, જિનધર્મે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રઢ રંગ રે ॥ ભવિકા ॥ સિ૦ ૨૭ ॥ પંચ વાર ઉપશમિય લહીજે, ક્ષયઉપશમિય અસંખ ॥ એક વાર ક્ષાયિક તે સમકિત દર્શન નમિયે અસંખ રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ॥ ૨૮ ॥ જે વિણુ નાણુ પ્રમાણુ ન હોવે, ચારિત્ર તરુ નવિ ફળિયો ॥ સુખ નિર્વાણુ ન જે વિણુ લહિયે, સમકિતદર્શન બળિયો રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૨૯ ॥ સડસઠ બોલે જે અલંકરિયો, જ્ઞાનચારિત્રનું મૂળ ॥ સમકિતદર્શન તે નિત્ય પ્રણમું, શિવપંથનું અનુકૂળ રે ॥ ભવિકા ॥ સિદ્ધચક્ર૦ ॥ ૩૦ ॥

॥ ઢાળ ॥

શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે ॥
દર્શન તેહિજ આતમા, શું હોય નામ ધરાવે રે ॥વીર૦॥૭॥

॥ શ્રી સમ્યગ્દર્શન કાવ્યં ॥

જં અત્થીકાયેસુખુ સદ્દહાણું,તં દંસણું સવ્વગુણપ્પહાણું ॥
કુગ્ગાહ-વાહીઉ વયંતિજેણું,જહાપીએણું ખુરસાયણેણું ॥૬॥

## ॥ સપ્તમ્ શ્રીજ્ઞાનપદ પૂજા ॥

॥ કાવ્યં ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

અન્નાણસંમોહતમોહરસ્સ, નમો નમો નાણદિવાયરસ્સ ॥
પંચપ્પયારસ્સુવગારગસ્સ,સત્તાણ સવ્વત્થપયાસગસ્સ ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

હોયે જેહથી જ્ઞાન શુદ્ધ પ્રબોધ, યથાવર્ણ નાસે વિચિત્રાવબોધ ॥ તેણે જાણિયે વસ્તુ ષડ્ દ્રવ્યભાવા, ન હુયે વિતત્થા (વાદ) નિજેચ્છા સ્વભાવા ॥ ૧ ॥ હોય પંચ મત્યાદિ સુજ્ઞાનભેદે, ગુરૂપાસ્તિથી યોગ્યતા તેહ વેદે ॥ વળી જ્ઞેય હેય ઉપાદેય રૂપે, લહે ચિત્તમાં જેમ ધ્વાંત પ્રદીપે ॥ ૨ ॥

॥ ઢાલ ॥ ઉલાલાની દેશી ॥

ભવ્ય નમો ગુણજ્ઞાનને, સ્વપર પ્રકાશક ભાવેજી ॥ પરજાય ધર્મ અનંતતા, ભેદાભેદ સ્વભાવેજી ॥૧॥ ઉલાલો ॥ જે મુખ્ય પરિણતિ સકલ જ્ઞાયક, બોધ ભાવવિલચ્છના ॥ મતિ આદિ પંચ પ્રકાર નિર્મલ, સિદ્ધિસાધન લચ્છના ॥ સ્યાદ્વાદસંગી તત્ત્વરંગી પ્રથમ ભેદાભેદતા ॥ સવિકલ્પ ને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા ॥૨॥

॥ પૂજા ॥ શ્રીપાળના રાસની ॥

ભક્ષાભક્ષ ન જે વિણ લહિયે, પેય અપેય વિચાર ॥ કૃત્ય અકૃત્ય ન જે વિણ લહિયે, જ્ઞાન તે સકલ આધાર રે ॥ ભવિકા૦ ॥ સિ૦॥૩૧ ॥ પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું, જ્ઞાનને વંદો જ્ઞાન મનિંદો, જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૩૨ ॥ સકલ ક્રિયાનું મૂળ તે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહિયે ॥ તેહ જ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિત નિત વંદિજે,તે વિણુ કહો કેમ રહિયે રે ॥ ભવિકા૦॥ ॥ સિ૦ ॥ ૩૩ ॥ પંચ જ્ઞાનમાંહિ જેહ સદાગમ, સ્વપર પ્રકાશક તેહ ॥ દીપક પરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિ શશી મેહ રે ॥ ભવિકા૦ ॥ સિ૦ ॥ ૩૪ ॥ લોક ઊર્ધ્વ અધો તિર્યગૂ જ્યોતિષ વૈમાનિક ને સિદ્ધ ॥ લોકાલોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાન મુજ શુદ્ધ રે ॥ ભવિકા૦ ॥ સિદ્ધચક્ર૦ ॥ ૩૫ ॥

॥ ઢાળ ॥

જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાયરે ॥ તો હુએ એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાય રે ॥વી૦॥૮॥

॥ શ્રી સમ્યગ્જ્ઞાનપદ કાવ્યં ॥

નાણં પહાણં નયચક્કસિદ્ધં, તત્તત્થબોહીકમયં પસિદ્ધં ॥
ધરેહ ચિત્તાવસહે ફુરંતં, માણિક્કદીઓવ તમો હરંતં ॥૭॥

॥ અષ્ટમ શ્રીચારિત્રપદ પૂજા ॥

॥ કાવ્યં ॥ ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

આરાહિઅખંડિઅસક્કિઅસ્સ, નમોનમોસંજમવીરિઅસ્સ;
સબ્ભાવણાસંગવિવડ્ઢિઅસ્સ,નિવ્વાણદાઇસમુજ્જયસ્સ ॥૧॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

વળી જ્ઞાનફળ ચરણ ધરિયે સુરંગે,નિરાશંસતા દ્વારરોધપ્રસંગે ॥ ભવાંભોધિસંતારણે યાનતુલ્યં, ધરૂં તેહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચારિત્ર અપ્રાપ્તમૂલ્યં ।। ૧ ।। હોયે જાસ મહિમાથકી રંક રાજા વળી દ્વાદશાંગી ભણી હોય તાજા ।। વળી પાપરૂપોપિ નિઃપાપ થાય, થઈ સિદ્ધ તે કર્મને પાર જાય ।। ૨ ।।

ચારિત્રગુણ વળી વળી નમો, તત્ત્વરમણ જસુ મુલોજી ।। પરરમણીયપણું ટળે, સકલ સિદ્ધિ અનુકૂલોજી ।। ૧ ।। ઉલાલો ।। પ્રતિકૂળ આશ્રવ ત્યાગ સંયમ, તત્ત્વથિરતાદમમયી ।। શુચિ પરમ ખંતિ મુત્તિ દશ પદ, પંચ સંવર ઉપચઈ ।। સામાયિકાદિક ભેદ ધર્મે, યથાખ્યાતે પૂર્ણતા ।। અકષાય અકલુષ અમલ ઉજ્જવલ, કામકશ્મલ ચૂર્ણતા ।। ૨ ।।

।। પૂજા ઢાળ ।। શ્રીપાળના રાસની ।।

દેશવિરતિ ને સરવ વિરતિ જે, ગૃહી યતિને અભિરામ ।। તે ચારિત્ર જગત જયવંતું, કીજે તાસ પ્રણામ રે ।। ભવિકા ।। સિ૦।। ૩૬।। તૃણપરે જે ષટ્ખંડ સુખછંડી, ચક્રવર્તી પણ વરિયો ।। તે ચારિત્ર અક્ષયસુખ કારણ, તે મેં મનમાંહે ધરિયો રે ।। ભવિકા૦ ।। સિ૦ ।। ૩૭ ।। હુઆ રાંક પણ જે આદરી, પૂજિત ઇંદ્ર નરિંદે ।। અશરણ શરણ ચરણ તે વંદું, પૂર્યું જ્ઞાન આનંદે રે ।। ભવિકા ।। સિ૦।।૩૮।। બાર માસ પર્યાયે જેહને, અનુત્તર સુખ અતિક્રમિયે ।। શુક્લ શુક્લ અભિજાત્ય તે ઉપરે, તે ચરિત્રને નમિયે રે ।। ભવિકા ।।। ।। સિ૦ ।। ૩૯ ।। ચય તે આઠ કરમનો સંચય, રિક્ત કરે જે તેહ ।। ચારિત્ર નામ નિરુત્તે ભાખ્યું, તે વંદું ગુણગેહ રે ।। ભવિકા ।। સિ૦ ।। ૪૦ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે ॥
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે ॥ વી૦॥૯॥

॥ શ્રી ચારિત્રપદ કાવ્યમ્ ॥

સુસંવરં મોહનિરોધસારં, પંચપ્પયારં વિગમાઇયારં ॥
મૂલોત્તરાણેગગુણં પવિત્તં, પાલેહનિચ્ચં પિહુ સચ્ચરિત્તં ॥૮॥

॥ નવમી શ્રીતપપદ પૂજા ॥

॥ કાવ્યં ॥ ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

કમ્મદ્દુમોમ્મૂલણકુંજરસ્સ, નમો નમો તિવ્વતવોભરસ્સ ॥
અણેગલદ્ધીણનિબંધણસ્સ, દુસઝાયઠાણસ્સપસાહણસ્સ ॥૧॥

॥ માલિનીવૃત્તમ્ ॥

ઇયિ નવપયસિદ્ધં, લદ્ધિવિજ્જાસમિદ્ધં ॥ પયડિયસર-
વગ્ગં હ્રીઁ તિરેહાસમ્મગ્ગં ॥ દિસિવઇસુરસારં, ખોણીપીઢા-
વયારં ॥ તિજય વિજય ચક્કં, સિદ્ધચક્કં નમામિ ॥ ૧ ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

ત્રિકાલિકપણે કર્મ કષાય ટાળે, નિકાચિતપણે બાંધિયાં તેહ બાળે ॥ કહ્યું તેહ તપ બાહ્ય અંતર દુભેદે, ક્ષમાયુક્ત નિર્હેતુ દુર્ધ્યાન છેદે ॥ ૧ ॥ હોયે જાસ મહિમાથકી લબ્ધિ સિદ્ધિ, અવાંછકપણે કર્મ આવરણશુદ્ધિ ॥ તપો તેહ તપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે મહાનંદ હેતે, હોય સિદ્ધિ સીમંતિની જિમ સંકેતે ॥૨॥ ઇશા નવપદ ધ્યાનને જેહ ધ્યાવે, સદાનંદ ચિદ્રૂપતા તેહ પાવે ॥ વળી જ્ઞાનવિમલાદિ ગુણરત્નધામા, નમું તે સદા સિદ્ધચક્ર પ્રધાના ॥ ૩ ॥

॥ માલિનીવૃત્તમ્ ॥

ઈમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે ॥ નવમે ભવ શિવ જાવે, દેવનરભવ પાવે ॥ જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે ॥ સવિ દુરિત શમાવે, વિશ્વ જયકર પાવે ॥ ૫ ॥

॥ ઢાળ ॥ ઉલાલાની દેશી ॥

ઇચ્છારોધન તપ નમો, બાહ્ય અભ્યંતર ભેદે જી ॥ આતમ સત્તા એકતા, પરપરિણતિ ઉચ્છેદેજી ॥૧॥ ઉલાલો ॥ ઉચ્છેદ કર્મ અનાદિ સંતતિ, જેહ સિદ્ધપણું વરે ॥ યોગ સંગે આહાર ટાળી, ભાવ અક્રિયતા કરે ॥ અંતર મૂહૂરત તત્ત્વ સાધે, સર્વ સંવરતા કરી ॥ નિજ આત્મસત્તા પ્રગટ ભાવે, કરો તપ ગુણ આદરી ॥ ૨ ॥

॥ ઢાળ ॥

એમ નવપદ ગુણ મંડલં, ચઉ નિક્ષેપ પ્રમાણે જી ॥ સાત નયે જે આદરે, સમ્યગજ્ઞાને જાણોજી ॥ ૩ ॥ ઉલાલો નિર્દ્ધારસેતી ગુણી ગુણનો, જે કરે બહુમાન એ ॥ તસુ કરણ ઇહા તત્ત્વ રમણે, થાય નિર્મળ ધ્યાન એ ॥ એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધ સત્તા ભજ્યો ચેતન, સકલ સિદ્ધિ અનુસરે ।। અક્ષય અનંત મહંત ચિદ્ઘન, પરમ આનંદતા વરે ।। ૪ ।।

।। અથ કળશ ।।

ઇય સયલ સુખકર ગુણપુરંદર, સિદ્ધચક્ર પદાવલી ।। સવિલદ્ધિ વિજ્જા સિદ્ધિમંદિર, ભવિક પૂજો મનરૂલી ।। ઉવજ્ઝાયવર શ્રી રાજસાગર, જ્ઞાનધર્મસુરાજતા ।। ગુરુદીપચંદ સુચરણ સેવક, દેવચંદ્ર સુશોભતા ।। ૧ ।।

।। પૂજા ઢાળ ।। શ્રીપાળના રાસની ।।

જાણંતા ત્રિહું જ્ઞાને સંયુત, તે ભવ મુક્તિ જિણંદા ।।જેહ આદરે કર્મ ખપેવા, તે તપ શિવતરુ કંદ રે ।। ભવિકા ।। ।। સિ૦ ।।૪૧।। કર્મ નિકાચિત પણ ક્ષય જાયે, ક્ષમા સહિત જે કરતાં ।। તે તપ નમિયે જેહ દીપાવે, જિનશાસન ઉજમંતાં રે ।। ભવિકા ।। સિ૦ ।।૪૨।। આમોસહી પમુહા બહુ લદ્ધિ, હોવે જાસ પ્રભાવે ।। અષ્ટ મહાસિદ્ધિ નવવિધિ પ્રગટે, નમિયે તે તપ ભાવે રે ।। ભવિકા ।। સિ૦ ।। ૪૩ ।। ફળ શિવસુખ મહોટું સુર નરવર, સંપત્તિ જેહનું ફૂલ ।। તે તપ સુરતરુ સરિખો વંદૂં, શમ મકરંદ અમૂલ રે ।। ભવિકા૦ ।।સિ૦।।૪૪।। સર્વ મંગળમાં પહેલું મંગળ, વરણવીયે જે ગ્રંથે ।। તે તપપદ ત્રિહું કાળ નમીજે, વરસ હાય શિવ પંથે રે ।। ભવિકા૦।। સિ૦।।૪૫ ।। એમ નવપદ થુણતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિહાં લીનો, હુઓ તન્મય શ્રીપાળ ॥ સુજસ વિલાસે ચોથે ખંડે, એહ અગ્યારમી ઢાળ રે ॥ભવિકા૦॥ સિદ્ધચક૦॥૪૬॥

॥ ઢાળ ॥

ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે ॥ તપ તે એહિ જ આતમા, વર્તે જિન ગુણ ભોગે રે ॥વીર૦॥૧૦॥ આગમનો આગમતણો, ભાવ તે જાણો સાચો રે ॥ આતમ ભાવે થિર હોજો, પરભાવે મત રાચો રે ॥ વીર૦॥૧॥ અષ્ટ સકલ સમૃદ્ધિની, ઘટમાંહે ઋદ્ધિ દાખીરે ॥ તેમ નવપદ ઋદ્ધિ જાણજો, આતમરામ છે સાખી રે ॥ વીર૦ ॥ ૧૨ ॥ યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે ॥ એહતણે, અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે ॥ વીર૦ ॥ ॥ ૧૩ ॥ ઢાળ બારમી એહવી,[1] ચોથે ખંડે પૂરી રે ॥ વાણી વાચકજસતણી, કોઈ નયે ન અધૂરી રે ॥ વીર૦ ॥ ૪ ॥

॥ શ્રી તપપદ કાવ્યં ॥

બજ્ઝં તહાબ્ભિંતરભેયમેયં, કષાય દુબ્ભેય કુકુમ્મભેયં ॥ દુખ્ખખ્ખયુત્થે કયપાવનાસં, તવેહ દાહાગમયં નિરાસં ॥૯॥

॥ ઇતિ શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયકૃત નવપદ પુજા સમાપ્ત ॥

---

૧. કહી પાઠાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંડિત શ્રી પદ્મવિજયજીકૃત નવપદ પૂજા

શ્રુતદાયક શ્રુત દેવતા, વંદું જિન ચોવીશ ।।
ગુણ સિદ્ધચક્રના ગાવતાં, જગમાં હોય જગીશ ।।૧।।
અરિહંત સિદ્ધ સૂરિ નમું, પાઠક મુનિ ગુણધામ ।।
દંસણ નાણ ચરણ વળી, તપગુણ માંહે ઉદ્દામ ।।૨।।
ઇમ નવપદ ભક્તિ કરી, આરાધો નિતમેવ ।।
જેહથી ભવદુઃખ ઉપશમે, પામે શિવ સ્વયમેવ ।।૩।।
તે નવપદ કાંઈ વરણવું; ધરતો ભાવ ઉલ્લાસ ।।
ગુણિ ગુણગણ ગાતાં થકાં, લહિયે જ્ઞાન પ્રકાશ ।। ૪ ।।
પ્રતિષ્ઠા કલ્પે કહી, નવપદ પૂજા સાર
તેણે નવપદ પૂજા ભણું, કરતો ભક્તિ ઉદાર ।। ૫ ।।

પ્રથમ પદ જિનપતિ, ગાઇએ ગુણતતિ, પાઇએ વિપુલ ફળ સહજ આપ ।। નામ ગોત્રજ સુણ્યાં, કર્મ મહા નિર્જરા જાય ભવ સંતતિ બદ્ધ પાપ ।। ૧ ।। એક વર રૂપમાં, વરણ પંચે હોય, એક તુજ વર્ણ તે જગ ન માયો ।। એક તિમ શ્લોકમાં, વરણ બત્રીશ હોએ, એક તુજ વર્ણ કિણહી ન ગવાયો ।।૨।। વાચ ગુણ અતિશયા, પાડિહેરા સયા, બાહ્ય પણ એ ગુણાકુણે ગવાયા ।। કેવળનાણ તહ, કેવળદંસણ—પમુહ અભ્યંતરા જિનપ પાયા, તેહ મુહ પદ્મથી કેમ કહાયા ।।૩।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

જિન ગુણ અનંત અનંત છે, વાચ ક્રમ મિત દીહ ॥
બુદ્ધિરહિત શક્તિ વિકલ, કેમ કહું એકણ જીહ ॥ ૬ ॥

॥ ઢાળ બીજી રાગ દેશાખ ॥

ભાવ ધરી ભવિ પૂજિયે, તિગ અડ પણ ભેય ॥ તિમ સત્તર ભેદે કરી, પૂજો ગત ખેય ॥ ભા૦ ॥ ૧ ॥ ઇગવીશ અડ-સય ભેદથી, જિન ભાવ સંભારી ॥ પૂજો પરિગલ ભાવશું, પ્રભુ આણાકારી ॥ ભાવ૦ ॥ ૨ ॥ પૂજા કરતાં પૂજ્યની, પૂજ્ય પોતે થાવે ॥ તુજ પદ પદ્મ સેવન તિણે, અક્ષય પદ પાવે ॥ ભા૦ ॥ ૩ ॥

॥ દ્વિતીય શ્રીસિદ્ધપદ પૂજા ॥

॥ દુહા ॥

સિદ્ધ સ્વરૂપી જે થયા, કર્મ મેલ સવિ ધોય ॥
જેહ થશે ને થાય છે, સિદ્ધ નમો સહુ કોય ॥ ૭ ॥

॥ ઢાળ ત્રીજી ॥ પારીરે જાતિનું ફુલ સરગથી—એ દેશી ॥

નમો સિદ્ધાણં હવે પદ બીજે, જે નિજ સંપદ વરિયા રે ॥ જ્ઞાન દર્શન અનંત ખજાનો, અવ્યાબાધ સુખ દરિયા રે ॥ સિદ્ધ સુબુદ્ધ રે સ્વામી નિજરામી રે, હાંરે વાલા પ્રણમો નિજ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણ કામી રે ॥ ગુણકામી ગુણકામી ગુણવંતા, જે વચનાતીત હુઆ રે ॥ ૧ ॥ એ આંકણી ॥ ક્ષાયિક સમકિત ને અક્ષય સ્થિતિ, જેહ અરૂપી નામ ॥ અવગાહન અગુરુલઘુ જેહની, વીર્ય અનંતનું ધામ કે ॥ સિદ્ધ ॥ ૨ ॥ ઈમ અડકર્મ અભાવે અડગુણ, વળી ઈગતીસ કહેવાય ॥ વળીય વિશેષે અનંત અનંતગુણ; નાણ નયણ નિરખાય ॥ નિત્ય નિત્ય વંદના થાય કે ॥ સિ૦ ॥ ૩ ॥

॥ દુહો ॥

જિહાં નિજ એક અવગાહના, તિહાં નમું સિદ્ધ અનંત ॥
ફરસિત દેશ પ્રદેશને, અસંખ્યગુણા ભગવંત ॥ ૮ ॥

॥ ઢાળ ચોથી ॥ રાગ ફાગ ॥

સિદ્ધ ભજો ભગવંત,પ્રાણી પૂર્ણાનંદી॥ સિદ્ધ૦ ॥ લોકાલોક લહે એક સમયે,સિદ્ધિવધૂ વરકંત ॥ પ્રાણી૦ ॥ અજ અવિનાશી અક્ષય અજરામર, સ્વદ્રવ્યાદિકવંત ॥ પ્રાણી૦ ॥ ૧ ॥ વર્ણ ન ગંધ ન રસ નહીં ફરસ ન, દીર્ઘ હ્રસ્વ ન હુંત ॥ પ્રાણી૦ ॥ નહીં સૂક્ષ્મ બાદર ગતવેદી,ત્રસ થાવર ન કહંત ॥ પ્રાણી૦ ॥ ૨ ॥ અક્રોહી, અમાની, અમાયી, અલોભી, ગુણ અનંત ભદંત ॥ પ્રાણી૦॥ પદ્મવિજય નિત્ય સિદ્ધ સ્વામિને, લળિ લળિ લળિ પ્રણમંત ॥પ્રાણી૦ ॥૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

### ॥ દુહો ॥

પડિમા વહે વળી તપ કરે, ભાવના ભાવે બાર ॥
નમિયે તે આચાર્યને, જે પાળે પંચાચાર ॥ ૯ ॥

॥ ઢાળ પાંચમી ॥ સંભવ જિનવર વિનતિ એ—દેશી ॥

આચારજ ત્રીજે પદે, નમિયે જે ગચ્છ ધોરી રે ॥ ઇંદ્રિય તુરંગમ વશ કરે, જે લહી જ્ઞાનની દોરી રે ॥ આચા૦ ॥ ॥ ૧ ॥ શુદ્ધ પ્રરૂપક ગુણ થકી, જે જિનવર સમ ભાખ્યા રે ॥ છત્રીશ છત્રીશી ગુણે; શોભિત સમયમાં દાખ્યા રે ॥ આ૦॥ ॥ ૨ ॥ ઉત્કૃષ્ટા ત્રીજે ભવે, પામે અવિચલ ઠાણ રે ॥ ભાવાચારજવંદના, કરિયે થઈ સાવધાન રે ॥ આચારજ૦ ॥ ૩ ॥

### ॥ દુહો ॥

નવવિધ બ્રહ્મ ગુપ્તિ ધરે, વર્જે પાપ નિયાણ ॥
વિહાર કરે નવ કલ્પ નવ, સૂરિ તત્ત્વના જાણ ॥ ૧૦ ॥

॥ ઢાળ છટ્ઠી ॥ રાગ બિહાગડો ॥ મુજ ઘર આવજો રે નાથ-એ દેશી ॥

સત્તાવીશ ગુણ સાધુના, શોભિત જાસ શરીર ॥ નવકોટી શુદ્ધ આહાર લે, ઇમ ગુણ છત્રીશે ધીર ॥ ભવિજન ભાવશું નમો આજ ॥ ૧ ॥ જિમ પામો અક્ષયરાજ ॥ ભવિ૦ ॥ એ આંકણી ॥ જે પ્રગટ કરવા અતિ નિપુણ, વર લબ્ધિ અઠ્ઠાવીશ ॥ અડવિધ પ્રભાવકપણું ધરે, એ સૂરિગુણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છત્રીશ ।। ભવિ૦ ।। ।। ૨ ।। તજે ચૌદ અંતર ગ્રંથીને, પરિષહ જિતે બાવીશ ।। કહે પદ્મ આચારજ નમો, બહુ સૂરિગુણ છત્રીશ ।। ભવિ૦ ।। ૩ ।।

**।। ચતુર્થ ઉપાધ્યાયપદ પૂજા ।।**

**।। દુહો ।।**

ચોથે પદ પાઠક નમું, સકલ સંઘ આધાર ।।
ભણે ભણાવે સાધુને, સમતા રસ ભંડાર ।। ૧ ।।

**।। ઢાળ સાતમી ।। રાગ વસંત ।।**

**।। તું તો જિન ભજ વિલંબ ન કર હો, હોરીકે ખેલઈયા–એ દેશી ।।**

તું તો પાઠક પદ મન ધર હો રંગીલે જીઉરા ।। રાય રંક જસુ નિકટે આવે, પણ જસ નહિ નિજ પરહો ।। હો રંગીલે૦ ।।૧।। સારણાદિક ગચ્છ માંહે કરતા, પણ રમતા નિજ ઘર હો ।। હો રંગીલે૦ ।।૨।। દ્વાદશાંગ સજઝાય કરણું, જે નિશદિન તત્પર હો ।। રંગીલે૦ ।। ૩ ।। એ ઉવજઝાય નિયામક પામી, તું તો ભવસાગર સુખે તર' હો ।। હો રંગીલે૦ ।।૪ ।। જે પરવાદિ મતંગજ કેરો, ન ધરે હરિપરે ડર હો ।। હો રંગીલે૦ ।। ૫ ।। ઉત્તમ ગુરુપદ પદ્મ સેવનથેં, પકડે શિવવધૂ કર હો ।। હો રંગીલે૦ ।।૬।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહો ॥

આચારજ[1] મુખ આગળે, જે યુવરાજ સમાન ॥
નિદ્રા વિકથા નવિ કરે, સર્વ સમય સાવધાન ॥ ૧૨ ॥

॥ ઢાળ આઠમી ॥ જિનવચન વૈરાગિયો હો ધન્ના—એ દેશી ॥

નમો ઉવજ્ઝાયાણં જપો હો મિત્તા, જેહના ગુણ પચ્ચવીશ રે એકાગર ચિત્તા ॥ એ પદ ધ્યાવો એ ॥ એ પદ ધ્યાવો ધ્યાનમાં હો મિત્તા, મૂકી રાગ ને રીશ રે ॥ એકા૦ ॥૧॥ અંગ ઇગ્યાર પૂરવધરા હો મિત્તા, પરિહસ સહે બાવીશ ॥ ત્રણ્ય ગુપ્તિ ગુપ્તા રહે હો મિત્તા, ભાવે ભાવના પચ્ચવીશ રે ॥ એકા૦॥ ૨ ॥ અંગ ઉપાંગ સોહામણા હો મિત્તા, ધારતા જેહ ગુણીશ ॥ ગણુતા મુખ પદ પદ્મથી હો મિત્તા, નંદી અણુયોગ જગીશ રે, એકાગર ચિત્તા૦ ॥૩॥

॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

॥ દુહો ॥

હવે પંચમ પદે મુનિવરા, જે નિર્મમ નિઃસંગ ॥
દિન દિન કંચનની પરે, દીસે ચઢતે રંગે ॥ ૧૩ ॥

॥ ઢાળ નવમી ॥ રાગ વસંત ॥

॥ મો મન ભવનવિશાલ સાંઇયાં, મો મન—એ દેશી ॥

મુનિવર પરમ દયાલ ભવિયાં ॥ મુનિ૦॥ તુમે પ્રણમોને

---

1 નૃપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવ વિશાલ ॥ ભવિયાં ॥ મુનિ૦ ॥ એ આંકણી ॥ કુખી-સંબલ મુનિવર ભાખ્યા, આહાર દોષ ટાળે ખિયાલ ॥ ભવિયાં ॥ મુનિ૦ ॥ બાહ્ય અભ્યંતર પરિગ્રહ છાંડી, જીણે છાંડી સવિ જંજાલ ॥ ભવિયાં ॥ મુનિ૦ ॥ ૧ ॥ જિણે એ ઋષિનું શરણ કર્યું તિણે, પાણી પહેલી બાંધી પાળ ॥ ભવિયાં ॥ મુનિ૦ ॥ જ્ઞાન ધ્યાન કિરિયા સાધંતા, કાઢે પૂર્વના કાળ ભવિયાં ॥ મુનિ૦ ॥૨॥ સંયમ સત્તર પ્રકારે આરાધે, છ જીવના પ્રતિપાળ ॥ ભવિયાં ॥ મુનિ૦ ॥ ઈમ મુનિગણુ ગાવે તે પહેરે, સિદ્ધિ-વધૂ વરમાળ ॥ ભવિયાં ॥ મુનિ૦ ॥ ૩ ॥

॥ દુહો ॥

પાંચે ઈંદ્રિય વશ કરે, પાળે પંચાચાર ॥
પંચ સમિતિ સમિતા રહે, વંદું ને અણગાર ॥૧૪॥

॥ ઢાળ દશમી ॥ ગિરિરાજકું સદા મોરી વંદના રે—એ દેશી ॥

મનિરાજકું સદા મોરી વંદના રે ॥ મુનિ૦ ॥ ભોગ વમ્યા તે મનશું ન ઇચ્છે, નાગ જ્યું હોય અંગધનારે ॥ મુનિ૦ ॥ પરિસહ ઉપસર્ગે સ્થિર રહેવે, મેરૂપરે નિઃ-કંપના રે ॥ મુનિ ॥ ૧ ॥ ઇચ્છા[૧] મિચ્છા[૨] આવસિયા[૩] નિસીહિયા[૪], તહકાર[૫] નેવલિછંદના[૬] રે ॥ મુનિ૦॥ પૃચ્છા[૭] પ્રતિપૃચ્છા[૮] ઉપસંપદા[૯], સામાચારી નિમંતના[૧૦] રે ॥ મુનિ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ૨ ॥ એ દશવિધ સામાચારી પાળે, કહે પદ્મ લેઉં તસ ભામણા રે ॥ મુનિ૦॥ એ ઋષિરાજ વંદનથી હોવે, ભવભવ પાપ નિકંદના રે ॥ મુનિરાજકું૦ ॥ ૩ ॥

॥ ષષ્ઠ શ્રી દર્શનપદ પૂજા ॥

॥ દુહો ॥

સમક્તિ વિણ નવ પૂરવી, અજ્ઞાની કહેવાય ॥
સમકિત વિણુ સંસારમાં, અરહો પરહો અથડાય ॥૧૫॥

॥ ઢાળ અગિયારમી ॥ રાગ સારંગ ॥

પ્રભુ નિર્મલ દર્શન કીજિયે ॥ એ આંકણી ॥ આતમજ્ઞાનકો અનુભવ દર્શન, સરસ સુધારસ પીજિયે ॥ પ્રભુ૦ ॥૧॥ જસ અનુભવ અનંત પરિયટ્ટા, ભવ સંસાર સહુ છીજિયે ॥ પ્રભુ૦॥ ભિન્ન મુહૂર્ત્ત દર્શન ફરસનથેં, અર્ધ પરિયટ્ટ સીઝિયે ॥ પ્રભુ૦॥૨॥ જેહથી હોવે દેવ ગુરુ કુનિ, ધર્મ રંગ અટ્ઠીમિંજિયે ॥ પ્રભુ૦ ॥ ઇસ્યો ઉત્તમ દર્શન પામી, પદ્મ કહે શિવ લીજિયે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥

॥ દુહો ॥

સમકિતી અડ પવયણ ધણી, પણ જ્ઞાની કહેવાય ॥
અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્તમાં, સકલ કર્મમલ જાય ॥ ૧૬ ॥

॥ ઢાળ બારમી ॥ ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા-એ દેશી ॥

સમ્યગ્દર્શન પદ તુમે પ્રણમો, જે નિજ ધુર ગુણ હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રે ॥ ચારિત્ર વિણુ લહે શાશ્વત પદવી, સમકિત વિણુ નહિ કોય રે ॥ સમ્યગ્૦ ॥ ૧ ॥ સદ્દહણા ચઉ લક્ષણુ દૂષણુ, ભૂષણુ પંચ વિચારો રે ॥ જયણા ભાવણા ઠાણુ આગારા ષટ્ ષટ્ તાસ પ્રકારો રે ॥ સમ્યગ્૦ ॥ ૨ ॥ શુદ્ધિ લિંગ ત્રણુ આઠ પ્રભાવક, દશવિધ વિનય ઉદારો રે ॥ ઇમ સડ-સટ્ઠ ભેદે અલંકરિયો, સમકિત શુદ્ધ આચારો રે ॥ સમ્યગ્૦ ॥૩॥ કેવલી નિરખિત સૂક્ષ્મ અરૂપી, સ જેહને ચિત્ત વસિયો રે ॥ જિન ઉત્તમ પદ પદ્મની સેવા, કરવામાં ઘણું રસિયો રે ॥ સમ્યગ્૦ ॥ ૪ ॥

॥ સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા ॥

॥ દુહો ॥

નાણુ સ્વભાવ જે જીવનો, સ્વપર પ્રકાશક જેહ ॥
તેહ નાણુ દીપક સમું, પ્રણુમો ધર્મ સ્નેહ ॥ ૧૭ ॥

॥ ઢાળ તેરમી ॥ નારાયણુની દેશી ॥

॥ જિમ મધુકર મન માલતી રે—એ દેશી ॥

નાણુ પદારાધન કરો રે, જેમ લહો નિર્મલ નાણુ રે ॥ ભવિકજન ॥ શ્રદ્ધા પણુ થિર તો રહે રે, જો નવતત્ત્વ વિન્નાણુ રે ॥ ભવિક૦॥ નાણુ૦॥ ૧ ॥ અજ્ઞાની કરશે કિશ્યું રે, શું લહેશે પુણ્ય પાપ રે ॥ભવિક૦॥ પુણ્ય પાપ નાણી લહે રે, કરે નિજ નિર્મળ આપ રે ॥ભવિક૦॥નાણુ૦॥૨॥ પ્રથમ જ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી દયા રે, દશવૈકાલિક વાણ રે ।।ભવિક૦।। ભેદ એકાવન તેહના રે, સમજો ચતુર સુજાણ રે ।। ભવિક૦ ।।નાણ૦।।૩।।

।। દુહો ।।

બહુ કોડો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ ।।
જ્ઞાની શ્વાસોશ્વાસમાં કર્મ ખપાવે તેહ ।।૧૮।।

।। ઢાળ ચૌદમી ।। હો મતવાલે સાજના—એ દેશી ।।

નાણ નમો પદ સાતમે, જેહથી જાણે દ્રવ્યભાવ ।। મેરે લાલ ।। જાણે જ્ઞાન ક્રિયા વળી, તેમ ચેતન ને જડભાવ મેરે૦।। નાણ ૦ ।। ૧ ।। નરક સરગ જાણે વળી, જાણે વળી મોક્ષ સંસાર ।। મેરે૦ ।। હેય જ્ઞેય ઉપાદેય લહે, લહે નિશ્ચય ને વ્યવહાર ।। મેરે૦ ।। નાણ૦ ।।૨।। નામ ઠવણ દ્રવ્યભાવ જે, વળી સગ નય ને સપ્તભંગ ।। મેરે૦।। જિન મુખ પદ્મ દ્રહ થકી, લહો જ્ઞાન પ્રવાહ સુગંગ ।। મેરે૦ ।। નાણ૦ ।।૩।।

## ।। અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા ।।

।। દુહો ।।

ચારિત્રધર્મ નમો હવે, જે કરે કર્મ નિરોધ ।।
ચારિત્રધર્મ જસ મન વસ્યો, સફળો તસ અવબોધ ।।૧૯।।

।। ઢાળ પંદરમી ।।

।। ઢુંક અને ટોડા વચ્ચે રે, મેંદી કેરો છોડ,મેંદી રંગ લાગ્યો-એ દેશી ।।

ચારિત્ર પદ નમો આઠમે રે, જેથી ભવ ભય જાય ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંયમ રંગ લાગ્યો ॥ સત્તર ભેદ છે જેહના રે, સીત્તેર ભેદ પણ થાય ॥ સંયમ૦ ॥૧॥ સમિતિ ગુપ્તિ મહાવ્રત વળી રે, દશ ખંત્યાદિક ધર્મ ॥ સંયમ૦ ॥ નાણ કારય વિરતિય છે રે, અનુપમ સમતા શર્મ ॥ સંયમ ॥ ૨ ॥ બાર કષાય ક્ષય ઉપશમે રે, સર્વ વિરતિ ગુણઠાણ ॥ સંયમ૦ ॥ સંયમ ઠાણ અસંખ્ય છે રે, પ્રણમો ભવિક સુજાણ ॥ સંયમ૦ ॥ ૩ ॥

॥ દુહો ॥

હરિકેશી મુનિ રાજિયો, ઉપન્યો કુલ ચંડાલ ॥
પણ નિત્ય સુર સેવા કરે, ચારિત્ર ગુણ અસરાલ ॥ ૨૦ ॥

॥ ઢાળ સોળમી ॥

॥ સાહિબ કબ મિલે સસનેહી પ્યારા હો સા૦—એ દેશી ॥

સંયમ કબ મિલે, સસનેહી પ્યારા હો ॥સંયમ૦॥ એ આંકણી ॥ યું સમકિત ગુણઠાણ ગવારા, આતમસેં કરત વિચાર હો ॥ સંયમ૦ ॥૧॥ દોષ બહેંતાલીશ શુદ્ધ આ-હારા, નવકલ્પી ઉગ્ર વિહારા હો ॥ સંયમ૦ ॥ ૨ ॥ સહસ તેવીશ દોષરહિતનિહારા, આવશ્યક[1] દોયવારાહો ॥ સંયમ૦ ॥૩॥ પરિસહ સહનાદિક પરકારા, એ સબ હે વ્યવહારા હો ॥સંયમ૦॥૪॥ નિશ્ચય નિજગુણ ઠરણ ઉદારા, લહત ઉત્તમ ભવપારા હો ॥ સંયમ૦ ॥૫॥ મોહાદિક પરભાવસે ન્યારા,

૧ દોષ પાઠાં૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુગ નય સંયુત સારા હો ॥ સંયમ૦ ॥ ૬ ॥ પદ્મ કહે ઇમિ સુણી ઉજમાલા, લહે શિવવધૂ વરહારા હો ॥ સંયમ૦ ॥૭॥

**॥ નવમ શ્રી તપપદ પૂજા ॥**

**॥ દુહો ॥**

દ્રઢપ્રહારી હત્યા કરી, કીધાં કર્મ અઘોર ॥
તોપણ તપના પ્રભાવથી, કાઢયાં કર્મ કઠોર ॥ ૨૧ ॥

**॥ ઢાળ સત્તરમી ॥ પુરુષોત્તમ સમતા છે તાહરા ઘટમાં—એ દેશી ॥**

તપ કરીએ સમતા રાખી ઘટમાં ॥ તપ૦ ॥ તપ કરવાલ કરાલ લે કરમાં, [2]અડીએ કર્મ અરિભટમાં ॥ તપ૦ ॥૧॥ ખાવત પીવત મોક્ષ જે માને, તે સિરદાર બહુ જટમાં ॥ તપ૦॥૨॥ એક અચરિજ પ્રતિશ્રોતે તરતાં, આવે ભવસાયર તટમાં ॥ તપ૦ ॥૩॥ કાલ અનાદિકો કર્મ સંગતિથેં, જીઉ પડિયો જ્યું ખટપટમાં ॥ તપ૦ ॥ ૪ ॥ તાસ વિયોગ કરણ એ કરણું, જેણે નવિ ભમિયે ભવતટમાં ॥ તપ૦ ॥ ૫ ॥ હોયે પુરાણા તે કર્મ નિર્જરે, એ સમ નહિ સાધન ઘટમાં ॥ તપ૦ ॥ ૬ ॥ ધ્યાન તપે સવિ કર્મ જલાઈ, શિવવધૂ વરિયે ઝટપટમાં ॥ તપ૦ ॥

**॥ દુહો ॥**

વિઘ્ન ટળે તપ ગુણથકી, તપથી જાય વિકાર ॥

---

૨. લડીએ પાઠાં૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશંસ્યો તપ ગુણથકી, વીરે ધન્નો અણુગાર ॥ ૨ ॥

॥ ઢાળ અઢારમી ॥ સચ્ચા સાંઇ હો, ડંકા જોર બજાયા હો–એ દેશી ।

તપસ્યા કરતાં હો ડંકા જોર બજાયા હો ॥ એ આંકણી૦ ઉજમણા તપ કેરાં કરતા, શાસન સોહા ચઢાયા હો ॥ વીર્ય ઉલ્લાસ વધે તેણે કારણ, કર્મ નિર્જરા પાયા ॥ તપ૦ ॥ ૧ ॥ અડસિદ્ધિ અણિમા લઘિમાદિક, તિમ લદ્ધિ અડવીસા હો ॥ વિષ્ણુકુમારોદિકપરે જગમાં પામત જયંતજગીશા ॥ તપ૦ ॥૨॥ ગૌતમ અષ્ટાપદગિરિ ચઢિયા, તાપસ આહાર કરાયા હો ॥ જે તપકર્મ નિકાચિત તપવે, ક્ષમાસહિત મુનિરાયા ॥ તપ૦ ॥ ૩ ॥ સાડા બાર વરસ જિન ઉત્તમ વીરજી ભૂમિ ન ઠાયા હો ॥ ઘોર તપે કેવળ લહ્યાં તેહના; પદ્મવિજય નમે પાયા ॥ તપ૦ ॥ ૪ ॥

॥ કળશ ॥ રાગ ધન્યાશ્રી ॥

આજ મ્હારે ત્રિભુવન સાહેબ તૂઠો, અનુભવ અમૃત વૂઠો ॥ ગુણી અનુયાયી ચેતના કરતાં, કિશું એ કરે મોહ રૂઠો ॥ ભવિ પ્રાણી હો ॥ આજ૦ ॥ ૧ ॥ એ નવપદનું ધ્યાન ધરંતાં, નવનિધિ ઋદ્ધિ ઘરે આવે ॥ નવ નિયાણાનો ત્યાગ કરીને, નવ ક્ષાયિક પદ પાવે ॥ ભવિ૦ ॥ આજ૦ ॥૨॥ વિજયસિંહસૂરિ શિષ્ય અનુપમ, ગીતારથી ગુણરાગી ॥ સત્યવિજય તસ શિષ્ય વિબુધવર, કપૂરવિજય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વડભાગી ।। ભવિ૦ ।। આજ૦ ।। ૩ ।। તાસ શિષ્ય શ્રી ખિમાવિજયવર, જિનવિજય પંન્યાસ ।। શ્રી ગુરુ ઉત્તમ-વિજય સુશિષ્યો, શાસ્ત્રાભ્યાસ વિલાસ ।। ભવિ૦ ।। આજ૦

।।૪।। ગજ વહ્નિ મદ ચંદ્ર (૧૮૩૮) સંવત્સર, મહા વદિ બીજ ગુરુવારો ।। રહી ચોમાસું લીંબડી નગરે, ઉદ્યમ એહ ઉદારો ।। ભવિ૦ ।। આજ૦ ।। ૫ ।। તપગચ્છ વિજય ધર્મસૂરિ રાજે, શાંતિજિણંદ પસાયો ।। શ્રી ગુરુ ઉત્તમ ક્રમ કજ અલિસમ, પદ્મવિજય ગુણ ગાયો ।। ભવિ૦ ।। આ૦।। ।। ૬ ।। ઇતિ કળશ ।।

।। ઇતિ પંડિત શ્રી પદ્મવિજયકૃત શ્રી નવપદ પૂજા સમાપ્ત ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી વિવિધ પૂજા-સંગ્રહ

## ભાગ પાંચમો

## શ્રી દીપવિજયજીકૃત અષ્ટાપદજીની પૂજા

### ॥ પ્રથમ જલપૂજા ॥

ઋષભ શાંતિ નેમિ પ્રભુ, પારસ શ્રી મહાવીર ॥
નમું પદપંકજ તેહનાં, જે જગતારણ ધીર ॥૧॥
પૂજન દોય પ્રકારનાં, જિનશાસનમાં જેહ ॥
દ્રવ્ય ભાવ પૂજા બહુ, મહાનિશીથમાં તેહ ॥૨॥
ભાવસ્તવ મુનિવર કરે, ચારિત્ર જિન ગુણગ્રામ ॥
જેહથી શિવસંપદ વરે, અક્ષય અવિચલ ઠામ ॥૩॥
દ્રવ્યસ્તવન જિન પૂજના, ત્રિવિધ પંચપ્રકાર ॥
આઠ સત્તર એકવીસની, અષ્ટોત્તર જયકાર ॥૪॥
શ્રાવક કરણી દોય છે, દ્રવ્ય ભાવ ગુણગ્રામ ॥
સીંચે ભાવજલે કરી, સમકિત તરુવર ઠામ ॥૫॥
ભાવે બહુ ફલ સંપજે, ગુણી ગુણાકર જેહ ॥
વર્ણવું ભાવપૂજક ગુણી, વર્તમાન ગુણગેહ ॥૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ પહેલી ॥ શ્રી સિદ્ધપદ આરાધીએ—એ દેશી ॥

લક્ષ્મીસૂરિ તપગચ્છપતિ રે, શ્રુતગંભીર ઉદાર રે ॥ મનવસિયા ॥ ભાવસ્તવન પૂજન કીયો રે. સ્થાનક વીશ પ્રકારે રે ॥ ગુણરસિયા ॥ ૧ ॥ સ્થાનક વીશને સેવતાં રે, તીર્થંકરપદ પાય રે ॥ મન૦ ॥ અહો જગમાં મહિમા વડો રે, કરે રંકને રાય રે ॥ ગુણ૦ ॥ ૨ ॥ વળી જસવિજય વાચક ગણી રે, કીધો પૂજન ભાવ રે ॥ મન૦ ॥ સિદ્ધચક્ર નવપદ ભણી રે, પૂજા વિવિધ બનાવ રે ॥ ગુણ૦ ॥૩॥ રૂપવિજય પૂજન કિયો રે, ભાવસ્તવન ગુણગ્રામ રે ॥મન૦॥ ॥પીસ્તાલીશ આગમ ભણી રે, પંચજ્ઞાન ગુણધામ રે ॥મન૦ ગુણ૦ ॥ વીરવિજય વર્ણન કર્યો રે, ભાવસ્તવન ભગ-વાન રે ॥ મન૦ ॥ અષ્ટ કર્મ સુડણતણી રે, ચોસઠ પૂજા જ્ઞાન રે ॥ ગુણ૦ ॥ ૫ ॥ પીસ્તાલીશ આગમ તણી રે, વળી નવાણું પ્રકાર રે ॥ મન૦ ॥ પૂજા વળી વ્રત બારની રે, શ્રાવકને હિતકાર રે ॥ ગુણ૦ ॥ ૬ ॥ અસ્મત્કૃત પૂજા અછેરે, અડસઠ આગમ દેવ રે ॥ મન૦ ॥ ગણધર વચનો જેહમાં રે, ભાવસ્તવન ગુણ સેવ રે ॥ મન૦ ॥ ૭ ॥ વળી નંદીશ્વર દ્વીપની રે, મહાપૂજા ગુણગ્રામ રે ॥ મન૦ ॥ વર્ત્ત-માન પૂજા અછે રે, શ્રાવક ગુણગણધામ રે ॥ ગુણ૦ ॥ ॥૮॥ વર્ણવું અષ્ટાપદતણી રે, પૂજા અષ્ટ પ્રકાર રે ॥ મન૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટા [1]પદ દૂરે હરે રે, અષ્ટાપદ જયકાર રે ।। મન૦ ।।૯।। ક્રિહાંછે અષ્ટાપદગિરિ રે, કેટલા કોશ પ્રમાણે રે ।। મન૦ ।। કે [2]મ હુવો અષ્ટાપદગિરિ રે, વર્ણવું તાસ વખાણ રે ।।ગુણ૦।। ।।૧૦।। આશરે એક લાખ ઉપરે રે, ગાઉ પંચાસી હજાર રે ।। મન૦।। સિદ્ધગિરિથી છે વેગળો રે, અષ્ટાપદ જયકાર રે ગુણ૦ ।। ૧૧ ।। તેહનો વિધિ સુણીયે સહુ રે, ગુણીજન મન ઉલ્લાસ રે ।। મન૦ ।। અષ્ટાપદ મહોત્સવ કરે રે, જે નર ભાવપ્રકાશ રે ।। ગુણ૦ ।। ૧૨ ।। જાઈ નિરવદ્ય ભૂમિકા રે, શોધન કરો વિચાર રે ।। મન૦ ।। અષ્ટાપદ ગિરિવર– તણો રે, સુંદર કરી આકાર રે ।। ગુણ૦ ।। ૧૩ ।। દોય ચાર અટ્ઠ દસ પ્રભુ રે, પૂરવ દક્ષિણ જાણ રે ।। મન૦ ।। પશ્ચિમ ઉત્તર ચિહું દિશે રે, થાપો જિનવર ભાણ રે ।। ગુણ૦।। ।।૧૪।। [3]આઠ આઠ નર ચિહું દિશે રે, કલશ ગ્રહી મનોહાર રે ।। મન૦ ।। એણીપેરે આઠે દ્રવ્યથી રે, પૂજા કરો વિહાર રે ।। ગુણ૦ ।। ૧૫ ।। દીપવિજયકવિરાજજી રે, સહુ જિનવર મહારાજ રે ।। મન૦ ।। ચઢતે ભાવે પૂજિયે રે, ભવોદધિ તરણ જહાજ રે ।। ગુણરસિયા ।। ૧૬ ।।

।। ઢાળ બીજી ।। રાગ આશાવરી ।।

।। ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા—એ દેશી ।।

ગઇ ચોવીશના ત્રણ જે આરા, સાગર નવ કોડાકોડી રે ।।

---

૧. આઠ આપત્તિઓ. ૨. કંચન. પાઠાં૦ (શુભવીર જૈન ભંડાર, પટાણ) ૩. સોલ સોલ A

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેહમાં યુગલનો કાળ ગવેષો, કહે ગણધર ગણિ જોડી રે ॥ ધન ધન જિનઆગમ સાહિબા ॥ ૧ ॥ ઋષભ ચોવીશીના ત્રણ જે આરા, તેહમાં પણ એ રીત રે ॥ ઋષભ પ્રભુજીના જન્મ સમય લગે, અઢાર કોડાકોડી નીતરે ॥ ધન૦ ॥ ૨ ॥ અઢાર કોડાકોડી સાગર માંહે, છન્નુ ક્ષેત્રે સરખા ભાવ રે તેર બોલે યે સરખી ભૂમિ, દશ ક્ષેત્રે સરિખા ભાવ રે ॥ ભૂમિ થાળીસમ સરખી હોઈ, જંબૂદ્રાપપન્નત્તિ બનાવે રે, જીવાભિગમમાં બનાવે રે ॥ ધન૦ ॥ ૩ ॥ ત્રીજા આરાના વરસ થાકતે, ચોરાશી લખ પૂર્વ વરસે રે ॥ નાભિનૃપ સરિખાનાં કુલમેં, પ્રગટે પ્રથમ જિન હરસે રે ॥ ધન૦ ॥ ॥ ૪ ॥ ત્રીજા આરાનાં વર્ષ ચોરાશી, લાખ પૂર્વ રહે શેષ રે ॥ દશ ક્ષેત્રે સમ કાળે હોઈ, ભરત ક્ષેત્ર પ્રમાણે વાદલ, પ્રગટે તે જલધર વરસે રે ॥ ધન૦ ॥ ૫ ॥ પાંસસહ છવ્વીશ જોજન, છકલો વાદલ પ્રગટ તે જલધર વરસે રે, પંચજાતિના જલધર વરસે રે, સમભૂમિ જળથી ખોદાય રે ॥ નહાના મહોટા પર્વત પ્રગટે, સમભૂમિ વિષમ તે થાય રે ॥ ધન૦ ॥ ૬ ॥ અવસર્પિણી ઉત્સર્પિણી એહવા, લોમ વિલોમ છે ભાવ રે ॥ શાશ્વતા ભાવ કહ્યા વીતરાગે, કાળ સ્વભાવ બનાવ રે, જંબુદ્વીપ પન્નત્તિમાંહી ભાવ રે ॥ ધન૦ ॥ ૭ ॥ જંબૂના દક્ષિણ દરવાજેથી, વૈતાઢ્યથી મધ્યમ ભાગ રે ॥ નયરી અયોધ્યા ભરતની જાણો, કહે ગણધર મહાભાગ રે ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધન૦ ॥ ૮ ॥ જંબૂના ઉત્તર દરવાજેથી, વૈતાઢ્યથી મધ્યમ ભાગ રે ॥ અયોધ્યા ઐરાવતની જાણો; કહે ગણુ-ધર મહાભાગ રે ॥ ધન૦ ॥ ૯ ॥ બાર યોજન છે લાંબી પહોળી, નવ યોજનને પ્રમાણુ રે ॥ નયરી અયોધ્યા નજીક, અષ્ટાપદ, બત્રીસ કોશ ઉંચાણુ રે ॥ ધન૦ ॥ ॥ ૧૦ ॥ તેહ અયોધ્યામાં નાભિ નરપતિ, કુલવહુ મરુ-દેવી નાર રે ॥ ઋષભ પ્રભુજીનાં માતા પિતા એહ, ધન ધન જસ અવતાર રે ॥ ધન૦ ॥ ૧૧ ॥ સરવારથનાં સુર સુખ પાળી, સાગર તેત્રીસ આય રે ॥ અષાઢ વદ ચોથે જિન વચિયા, ચ્યવન કલ્યાણક થાય રે ॥ ધન૦ ॥ ૧૨ ॥ ચૈત્ર વદ નિશિ અષ્ટમી જનમ્યા, ત્રિભુવન થયો ઉદ્યોત રે ॥ દીપવિજય કવિરાજ પ્રભુજી, તારણુ ભવજળ પોત રે ॥ ધન ॥ ૧૩ ॥

॥ કાવ્યં ॥

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જંતુમહોદયકારણમ્;
જિનવરંબહુમાનજલૌઘત:શુચિમના:સ્નપયામિવિશુદ્ધયે.॥૧॥

॥ ૐ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય;

પૂર્વદિશાસંસ્થિત ઋષભ ૧, અજિત ૨, દક્ષિણદિશા-સંસ્થિત સંભવ ૧, અભિનંદન ૨, સુમતિ ૩, પદ્મપ્રભ ૪;

પશ્ચિમદિશાસંસ્થિત સુપાર્શ્વ, ૧. ચંદ્રપ્રભ, ૨. સુવિધિ, ૩. શીતલ, ૪, શ્રેયાંસ, ૫. વાસુપૂજ્ય, ૬. વિમલ, ૭. અનંત, ૮;

ઉત્તરદિશાસંસ્થિત ધર્મ ૧, શાંતિ ૨, કુંથુ ૩, અર ૪, મલ્લિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. મુનિસુવ્રત ૬. નમિ, ૭. નેમિ ૮. પાર્શ્વ, ૯. વર્ધમાન. ૧૦॥ નિષ્કલંકાય, ચત્તારિ, અટ્ઠ દસ દોયજિન વિઘ્નનાથાય દેહવર્ણ લાંછન સહિતાય, ચતુર્વિંશતિજિનાધિપાય, યજામહે સ્વાહા ॥

॥ ચારે કોર કલશ ઢોળે ॥

॥ દ્વિતીય ચંદનપૂજા ॥

॥ દુહો ॥

બીજી પૂજા ભવિ કરો, ચંદનની સુખકાર ॥
ચંદનથી તલે લેપતાં, વાંછિત ફલ દાતાર ॥૧॥

॥ ઢાળ બીજી ॥ દલવાદલનાં પાણી કુણ ભરે– એ દેશી ॥

અષ્ટમી ચૈત્ર વદિની મધ્ય રયણી, ઋષભનાં જન્મ સોહાય છે રે ॥ જેનાં માંગલિક નામ ગવાય છે ॥ કોડા-કોડી દેવ ઇંદ્ર મેરુગિરિ લાવે, જોતાં તે આનંદ થાય છે રે ॥ જેનાં૦ ॥ ૧ ॥ પાંચ રૂપ ઇંદ્ર કરે લાભ લેવા, જોઈ જોઈ ચિત્ત હરખાય છે રે ॥ જેનાં૦ ॥ ગ્રહે પ્રભુ એક રૂપ, વળી ત્રણ રૂપે, ચમર દોય છત્ર ધરાય છે રે ॥ જેનાં૦ ॥ ૨ ॥ રૂપ એકથી ગ્રહી વજ્રને ઉલાળે, પ્રભુ આગળ ઉજાય છે રે ॥ જેનાં૦ ॥ શું કામ કરે દેવરાજ દેવ ઉપરે, સુકૃત લાભ કમાય છે રે ॥ જેનાં૦ ॥ ૩ ॥ કલશા એક કોડ સાઠ લાખ સંખ્યા, તે સહુ નીરથી ભરાય છે રે ॥ જેનાં૦ ॥ અઢીસેં વાર અભિષેક પ્રભુ ઉપરે, દેવ[1]નાં જીત

[1] દેવતા વાજિંત્ર વજડાય છે રે A



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જણાય છે રે ।। જેનાં૦ ।। ૪ ।। બહુ ચિરંજીવો માત મરુદેવા જાયા, ઈમ આશીષ કહાય છે રે ।। જેનાં૦ ।। ચાર ઘડી શેષ રાત પાછલી જે વારે, મરુદેવી માત પાસ લાય છે રે ।। જેનાં૦ ।। અંગુઠડે તે અમૃત ઠવાય છે રે ।। જેનાં૦ ।। ૫ ।। નાભિ નૃપતિ ઈંદ્ર મળી પ્રભુજીના, ઋષભદેવ તે નામ ઠવાય છે રે ।। જેનાં૦ ।। રાણી સુનંદા સુમંગલાની જોડલી, સો બેટા દો બેટડી થાય છે રે ।। જેનાં૦ ।। ૬ ।। ભાઇબેનના સંભોગને નિવારી, યુગલાધર્મને હરાય છે રે ।। જેનાં૦ ।। બાહુબળી બ્રાહ્મી ને ભરત ને સુંદરી, સગપણ વિવાહ ઠરાય છે રે ।। જેનાં૦ ।। ૭ ।। આરા અવસર્પિ-ણીના અનંતા, એહ રીત જીત તે લખાય છે રે જેના૦ ।। ।। દીપવિજયકવિરાજધર્મ નિત્ય એ, ઋષભ પ્રભુના પસાય છે રે ।। જેનાં૦ ।। ૮ ।।

।। ઢાળ ।। ગીત ।।

।। હું તો મોહી રે નંદલાલ મોરલીને તાને, તથા મ્હારે દીવાળી થઈ આજ, પ્રભુ મુખ જોવાને—એ દેશી ।।

ઋષભના વંશ ને ગોત્ર વખાણું, સ્થાપ્યાં જે સુરરાજે રે ।। એક કોડાકોડી સાગર માને, પ્રત્યક્ષ વરતે આજ ।।૧।। ।। ધન એ કુલને રે ।। જેમાં પ્રગટયા જિન બાવીશ, ધન એ કુલને રે ।। એ આંકણી ।। પંચ મેઘથી હુઇ વનરાઈ, હુવો કાસ સમુદાય રે ।। સાત વાર ફરી ફરીને ઉગે, શેલડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેહની થાય ॥ ધન૦ ॥ જેમાં૦ ॥ ૨ ॥ પ્રભુના ગોત્ર વંશને કરવા, હરિ ઉછરંગે જાય રે ॥ મારગમાંથી શેલડી સાંઠા, લેઇ જિન પાસે આવે ॥ ધન૦ ॥ જેમાં૦ ॥ ૩ ॥ હાથ પસારી લેઇ ઋષભજી, ઇંદ્રે અવસર જાણી રે ॥ કાશ્યપગોત્ર વંશ ઇક્ષ્વાકુ એ, થાપે કહી સુરવાણી ॥ ધન૦ ॥ જેમાં૦॥ ॥ ૪ ॥ નેમનાથ મુનિસુવ્રત જિનનો; શ્રીહરિવંશ સોહાવે રે ॥ એ દોય પ્રભુના ગુણ રત્નાકર, ગૌતમ ગોત્ર કહાવે ॥ ધન૦ ॥ જેમાં૦ ॥ ૫ ॥ બાવીસ જિન સહુ કાશ્યપ-ગોત્રી, ઇક્ષ્વાકુ વંશી છાજે રે ॥ એ માંહેથી છત્રીશ કુલ પ્રગટ્યા, રાજકુલીજેહ[1] રાજે ॥ ધન૦ ॥ જેમાં૦ ॥ ૬ ॥ ઇક્ષ્વાકુમાંથી સૂરજવંશી, ભરતેશ્વર નૃપ દીપે રે ॥ ઇક્ષ્વાકુમાંથી ચંદ્રવંશ તે, બાહુબળી જગ જીપે ॥ ધન૦ જેમાં ॥ ૭ ॥ ઋષભાદિક ચોવીસી જિનવરનાં, ગોત્રને વંશ વખાણ્યાં રે ॥ દીપવિજય કવિરાજ પ્રભુજી, કલ્પસૂત્રથી જાણ્યાં ॥ ધન૦ ॥ ॥ જેમાં૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥

સકલમોહતમિસ્રવિનાશનં, પરમશીતલભાવયુતં જિનમ્ ॥
વિનયકુંકુમદર્શનચંદનૈઃ, સહજતત્ત્વવિકાસકૃતેઽર્ચયે ॥૧॥

મંત્રઃ-ૐ હ્રીઁ શ્રીઁ ચંદનં યજામહે સ્વાહા ॥

॥ ચારે કોર ચંદન ધરે ॥

1 જગ A

॥ તૃતીય પુષ્પ પૂજા ॥

॥ દુહો ॥

ત્રીજી પૂજા કુસુમની, કીજે ભવિ ગુણ હેત ॥
ઇહિભવ પરભવ સુખ લહે, સિદ્ધિ તણા સંકેત ॥૧॥
માલતી મારુઓ મોગરો, કેતકી જાઇ ફૂલ ॥
જીનવરહિત જનતા કરી, પૂજો ભાવ અમૂલ ॥ ૨ ॥

॥ ઢાળ ત્રીજી ॥ વેણ મ વાજયો રે, વિઠ્ઠલા વારું તમને–એ દેશી ॥

પ્રભુની રાજનીતિ હવે વર્ણવું, ઇંદ્રે કીધી રણી; કોશ અડતાલીશ ફરતો મંડપ, જેમ હોય રાણી પરણી ॥ ૧ ॥ અવસરપિણીમાં રે પ્રથમ જિણંદનોજીત, ઉત્સર્પિણીમાં રે કુલગરની એ રીત ॥ એ આંકણી ॥ સિંહાસન ઉપર પ્રભુ થાપે, જલ ઓઘે નવરાવે ॥ ચામરછત્ર ને રાજચિહ્ન વળી અલંકાર પહિરાવે ॥ અ૦ ॥ ૨ ॥ યુગલ સહુ જલ લેઈ આવે, ઠામ નહિં અભિષેક ॥ જમણે અંગુઠે જલ સિંચ્યા, મ[1]ન અણી સુવિવેક ॥ અ૦ ॥ ૩ ॥ જુગલ સહુનો વિનય જાણી, વિનીતાનયરી વાસી ॥ નયરી અયોધ્યા એહિ જ વિનીતા, મંદિર [2]માળ ઉજાસી ॥ અ૦ ॥૪॥ એકસો પચવીશ યોજન માને, દક્ષિણ દરવાજેથી ॥ એકસો પચવીશ યોજન માને, મધ્ય વૈતાઢ્ય પર્વતથી ॥ અ૦ ॥ ॥૫॥

૧. આણી હૃદય વિવેક. ૨. A મહેલ A

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નયરી અયોધ્યા એહુ મધ્ય ભાગે, બીજું વિનીતા નામ ॥ જંબૂદીવપન્નત્તિમાંહી; કહે ગણધર ગુણગ્રામ ॥ અ૦ ॥ ॥ ૬ ॥ તે વિનીતાનો રાજા થઈને, પંચશિલ્પ પ્રગટાવે ॥ વીશ વીશ એક એકની પાછળ, એકસો શિલ્પ બતાવે ॥ અ૦ ॥ ૭ ॥ પુરુષ કળા બહોંતેર ને ચોશઠ, નારી કળા પ્રગટાવે ॥ લેખન ગણિતક્રિયા અષ્ટાદશ, ઇમ સહુ જીત બતાવે ॥ અ૦ ॥ ॥૮॥ નિજ નંદનને નામે મહોટા, મહોટા દેશ વસાવે ॥ રાજનીતિ સેના ચતુરંગી, આરજખંડસોહાવે ॥ અ૦ ॥ ૯ ॥ કુમરપણે લખ વીશ પૂર્વને, ત્રેસઠ લખ પૂર્વ રાજ ॥ વરસ ત્યાસી લખ પૂરવ પ્રભુની, ગૃહવાસે જિનરાજ ॥ અ૦ ॥ ૧૦ ॥ ચૈત્ર વદી આઠમને દિવસે, લેઈ સંયમ શુભ ધ્યાન ॥ ચાર હજાર મુનિવર સાથે, પુરિમતાલ ઉદ્યાન ॥ અ૦ ॥ ૧૧ ॥ નમો સિદ્ધાણં પદ ઉચ્ચરતાં પ્રગટે, ચોથું જ્ઞાન ॥ અવટ્ઠિઠય ભાવ અનંતા જિનના, ભૂત ભવિષ્ય વર્ત્તમાન ॥ અ૦ ॥ ૧૨ ॥ એક હજાર વર્ષ લગે જિનજી, છદ્મસ્થાલય પાળે ॥ તેહમાં એક વર્ષ તપ કીધું, સકલ કર્મમલ ટાળે ॥ અ૦ ॥ ૧૩ ॥ પારણું કીધું ઇક્ષુરસથી, દાતા નૃપ શ્રેયાંસ ॥ ચિત્ત વિત્ત ને પાત્ર વડાઈ ઇક્ષાગકુલ અવતંસ ॥ અ૦ ॥ ૧૪ ॥ ઋષભદેવને ઇક્ષુરસ છે, ત્રેવીશ જિનને ખીર, ઋષભપ્રભુને દાતા ક્ષત્રા, ત્રેવીશ બ્રાહ્મણ ધીર ॥ અ૦ ॥ ૧૫ ॥ નિયમા દેવલોકનાં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયુ બાંધે કે શિવ જાવે ।। દીપવિજય કવિરાજ દાનના, મહિમા એહ કહાવે ।। અવસર૦ ।। ૧૬ ।।

।। કાવ્યં ।।

વિકચનિર્મલશુદ્ધમનોરમૈ, ર્વિશદચેતનભાવસમુદ્ભવૈઃ ।।
સુપરિણામપ્રસન્નનૈર્નવઃ, પરમતત્ત્વમયં હિયજામ્યહમ્।।૧।।

।। મંત્ર-ૐ હ્રીઁ શ્રીઁ પુષ્પાણિ યજામહે સ્વાહા ।।
।। ચારે કોર પુષ્પ ચઢાવે ।।

## ।। ચતુર્થ ધૂપ પૂજા ।।

।। દુહો ।।

પૂજા ધૂપતણી કરો ચોથી ચતુર સ્નેહ ।।
ભાવવૃક્ષને સીંચવા, માનું અમૃત મેહ ।। ૧ ।।

।। ઢાળ ચોથી ।।

।। અમે વાટ તુમારી જોતાં રે, સાચું બોલો શામળીયા-દેશી ।।

વિચરંતા પ્રભુજી આયા રે, જગજીવન જગસાહેબિયા ।। વિનીતા નયરી સુખદાયા રે ।। જ૦ ।। વદ અગ્યારશ ફાગુણ માસે રે ।। જ૦ ।। જસ ધ્યાન શુકલ ઉજાશે રે ।। જ૦ ।। ચઉઘાતી કર્મ ખપાવે રે ।। જ૦ ।। દોય કેવલપદ નિપજાવે રે ।। જ૦ ।। ૧ ।। થયા લોકાલોક પ્રકાશી રે ।। જ૦ ।।

૧ અભ્યાસે A

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિમ રેખા હાથ ઉજાસી રે ॥ જ૦ ॥ નૃપ ભરતજી વંદન આવે રે ॥જ૦॥ મારુદેવા માડીને લાવે રે ॥ જ૦ ॥ ૨ ॥ નિસુણી માતા સુરવાણી રે ॥ જ૦ ॥ સુત મુખ જોવા હરખાણી રે ॥ જ૦ ॥ ફાટયાં દોય પડલ ને દેખે રે ॥ જ૦ ॥ મુખ જોઇ જોઇ માતા હરખે રે ॥ જ૦ ॥ ૩ ॥ માતાને નવિ બોલાવ્યાં રે ॥ જ૦ ॥ માડી મન બહુ દુઃખ પાયાં રે ॥ જ૦ ॥ એ તો વીતરાગ નિઃસ્નેહી રે ॥ જ૦ ॥ થયા બંધન પ્રેમ વિછોહી રે ॥ જ૦ ॥ ૪ ॥ ગજ સ્કંધે પદ શિવવરિયાં રે ॥ જ૦ ॥ ॥ ત્રીજે ભવ ભવજળ તરિયાં રે ॥ જ૦ ॥ જિનવાણી અમૃતધારા રે ॥ જ૦ ॥ માડીના શોક નિવાર્યા રે ॥ જ૦ ॥ ૫ ॥ પ્રભુ સંઘ ચતુર્વિધ સ્થાપે રે ॥ જ૦ ॥ જસ કીર્તિ જગમાં વ્યાપે રે ॥ જ૦ ॥ ગણિ ઋષભસેન ગણધાર રે ॥ જ૦ ॥ સાધવી બ્રાહ્મી વ્રતધાર રે ॥ જ૦ ॥૬॥ શ્રાવક નૃપ ભરત સુભદ્રા રે ॥ જ૦ ॥ શ્રાવિકાગુણ ગણ મણિ મુદ્રા રે ॥જ૦॥ એ સંઘ ચતુર્વિધ સ્થાપી રે ॥ જ૦ ॥ હિતશિક્ષા સહુને આપી રે ॥ જ૦ ॥ ૭ ॥ એક લાખ પૂરવ વર્ષ નિર્મળ રે ॥ જ૦ ॥ પાળે પ્રભુ અવિચળ કેવલ રે ॥ જ૦ ॥ નિર્વાણ ભૂમિકા જાણી રે ॥જ૦॥ અષ્ટાપદ ચઢિયા નાણી રે ॥જ૦॥ ॥૮॥ દશ સહસ્ર મુનિવર સંગે રે ॥જ૦॥ કીધાં અણસણ[1] મનરંગે રે ॥જ૦॥ મહા વદિ તેરસ જયકારી રે

૧. ઉછરંગે રે. A

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥જ૦॥ શિવ પહોતા જગજન તારી રે ॥જ૦॥ ॥૯॥
ચોસઠ સુરપતિ સુર આવે રે ॥જ૦॥ [1]ક્ષીરોદકે જિન નવરાવે રે ॥જ૦॥ જિન ગણધર મુનિવર કાજે રે ॥જ૦॥
કીધી ત્રણ ચય સુરરાજે રે ॥જ૦॥ ૧૦ ॥ તિહાં અગ્નિ કુમાર ઉજાળે રે ॥ જ૦ ॥ ચંદન કાષ્ઠે પરજાળે રે ॥જ૦॥
કરી પીઠ પાદુકા સ્થાપે રે ॥જ૦॥ કીર્તિ જગમાં જસ વ્યાપે રે ॥ ૧૧ ॥ જુઓ જંબુદ્વીપપન્નત્તી રે ॥ જ૦ ॥
નિરખો આવશ્યકનિર્યુક્તિ રે ॥જ૦॥ એમ પૂજા ચારમાં વર્ણવી રે ॥જ૦॥ પ્રભુઋષભતણી આચરણી રે ॥જ૦॥૧૨
હવે વર્ણવું અષ્ટાપદ ગિરિ રે ॥જ૦॥ જે વંદે અહોનિશ [2]સુરનર રે ॥જ૦॥ પ્રભુ દીપવિજય કવિ રાજે રે ॥જ૦॥
પડહો જગમાં વાજે રે ॥ જગજીવન૦ ॥ ૧૩ ॥

॥ કાવ્યં ॥

સકલકર્મ–મહેંધનદાહનં, વિમલભાવસુગંધસુધૂ[3]પનમ્ ॥
અશુભપુદ્ગલસંગવિવર્જિતં, જિનપતેઃપુરતોઽસ્તુસુહર્ષિતમ્

॥ મંત્ર–ૐ હ્રીં શ્રીં ધૂપં યજામહે સ્વાહા ॥

॥ ધૂપ ચારે કોરે ઉખેવે ॥

## ॥ પંચમ દીપ પૂજા ॥

॥ દુહો ॥

પૂજા પાંચમી દીપની, કીજે મંગલ હેત ॥

---

૧. ક્ષીરોદધિ. A ૨. સુરવર A ૩. સુધોપમમ્ A

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્ય ભાવ દીપકથકી, ઇચ્છિત ફળ સંકેત ॥ ૧ ॥

॥ ઢાળ પાંચમી ॥ કપૂર હોય અતિ ઉજળો રે—એ દેશી ॥

તાતનું નિર્વાણ સાંભળી રે, ભરતજી શોક ધરાય ॥ આવ્યો ગિરિ અષ્ટાપદે રે, પરિકર લેઈ સમુદાય રે ॥ ૧ ॥ પ્રભુજી! દિયો દર્શન મહારાજ ॥ઇક્ષાગકુલનીલાજરે ॥પ્ર૦॥ કાશ્યપવંશ શિરતાજ રે ॥ પ્ર૦ ॥ મોક્ષનગરની પાજ રે ॥પ્ર૦॥ તારણ તરણ જહાજ રે ॥ પ્ર૦ ॥ એ આંકણી ॥ વંદી થૂભ ને પગલાં પ્રભુનાં, બેસે તેહને તીર ॥ વિનતિ રે ઉપકાર સંભારી, નયન ઝરતે નીર રે ॥ પ્ર૦ ॥ ॥૨॥ થૂભ પરે પ્રાસાદ કરાવે, સિંહ–નિષદ્યા નામ ॥ મંડપે ચોરાશી ચિહું પાસે, ચોમુખ જિનનાં ધામ રે ॥પ્ર૦॥૩॥ નિજનિજ દેહ પ્રમાણે જિનની, પ્રતિમા ભરાવે નરેશ ॥ ઋષભથી વીર જિણંદ લગે રે, ચોવીશ ત્રિભુવનઇશ રે ॥પ્ર૦॥ ૪॥ પૂર્વ દિશિ દોય ચાર દક્ષિણ, આઠ પશ્ચિમ દિશિ જાણ ॥ ઉત્તર દિશિ દશ પ્રભુજી બિરાજે, નાસિકા ભાગ સમાન રે ॥પ્ર૦॥ ૫॥ લાંછન વર્ણ ને દેહ પ્રમાણ, જક્ષિણી જક્ષ પ્રમાણ ॥ ચૌમુખ સરખી ભૂમિ બિરાજે, પ્રત્યક્ષ મુક્તિ સોપાન રે ॥ પ્ર૦॥ ૬ ॥ ભાઈ નવાણું ને મરુદેવી બ્રાહ્મી, સુંદરી સહુ પરિવાર ॥ રયણમાં પ્રતિમા સહુની ભરાવે, ભરતજી જયજયકાર ॥ પ્રભુજી૦ ॥ ૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ઈહાં આગળથી શેર દશ તાંદુલ, કેશરે પાળા કરી રાખવા, તેમાં સોના રૂપાનાં ફૂલડે ચારે કોર વધાવતા જવું અને ભરતજીનું નામવચન ભણતા જવું, પછી વર્તમાન પૂજાકારક સંઘનું નામવચન ભણતા જવું અને તાંદુલ ફૂલથી વધાવતા જવું. ખેલા હોય તે પણ રમે. )

॥ રાગ મારુ ॥

રયણે વધાવે રે, ભરતરાય રયણે વધાવે ॥ ફૂલે વધાવે રે ॥ પ્રભુને રયણે વધાવે રે ॥ સૂર્યજસા રયણે વધાવે રે ॥ વધાવે વધાવે રે ॥ ચંદ્રયશાજી મુક્તાયે વધાવે રે ॥ જિનને મલ્હાવે રે ॥ સુભદ્રાજી રયણે વધાવે રે ॥ ઈક્ષાગકુલ અજુવાળે રે ॥ પ્રભુજીને ફૂલે વધાવે રે ॥

॥ હવે પૂજાકારક સંઘને વિનંતિ ॥

રયણ વધાવો રે, સકલ સંઘ ફૂલે વધાવો રે ॥સ૦॥ ॥ફૂલે૦॥ અષ્ટપદ મોતિયે વધાવો રે ॥ અ૦ ॥ મો૦ ॥ સંઘપતિ ફૂલે વધાવો રે ॥ સંઘપતિ ફૂલે વધાવો રે ॥

॥ ઢાળ ॥ અબોલા રયાના હ્યો છો—એ દેશી ॥

ભરતજી ચિંતે આગળ ભાવી, કોડાકોડી સાગર માન ॥તીરથ એહ જગ જયવંતું ॥ આગળ વિષમ કાળથી હોશે લોભી લોકઅજાણ ॥ તીરથ૦ ॥૧॥ તીરથ આશાતના કોઈ કરશે, ચિંતે ભરત નરેશ ॥તીરથ૦॥ પર્વત ભાગની ભૂમિ જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષમ કીધી પાજ પ્રવેશ ।। તીરથ૦ ।।૧।। બત્રીશ કોશનો પર્વત ઊંચો, આઠ ચોક બત્રીશ ।। તીરથ૦।। યોજન યોજન અંતર કીધાં પગથિયાં આઠ નરેશ ।। તીરથ૦ ।। ૩ ।। ઈમ મહાઅષ્ટાપદ તીરથસ્થાપી, અનુભવી ભરતનાં રાજ ।।તીરથ૦।। આરિસા ભુવનમાં કેવલ લહીને, લીધાં મુક્તિનાં રાજ ।।તીરથ૦।। અનુક્રમે આઠ પાટ લગે કેવલ આરિસાભવન મઝાર ।। તીરથ૦ ।।ઠાણુાંગસૂત્રમાં આઠમે ઠાણે, જોજો નામ વિચાર ।।તીરથ૦ ।। ૫ ।। પાંચમી પૂજામાં તીરથ સ્થાપન, અષ્ટાપદ ગિરિરાજ ।। તીરથ૦।। દીપવિજય કવિરાજ પ્રભુજી ચોવીશે જિનરાજ ।। તીરથ૦ ।।૬।।

।। કાવ્યં ।।

ભવિકનિર્મલબોધ[1] દિવાકરં, જિનગૃહેશુભદીપકદીપ[2]નમ્।।
સુગુણરાગસુવૃત્તિસમન્વિતં, દધતુ નાથપુરઃ શુભદીપકમ્।।૧।।

।। મંત્રઃ–ૐ હ્રીં શ્રી દીપં યજામહે સ્વાહા ।।

।। ચારે કોર દીપ દેખાડે ।।

## ।। ષષ્ઠ અક્ષતપૂજા ।।

।। દુહો ।।

છઠ્ઠી પૂજા ભવિ કરો, અક્ષતની સુખકાર ।।
જેમ વિદ્યાધર સુખ લહ્યો, કીજે તેહ પ્રકાર ।।૧।।

---

૧ વિકાસનમ્. A ૨ વિકાસકમ્ B ૨ દીપકમ્ A

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ છઠ્ઠી ॥

॥ તીરથપતિ અરિહા નમું; ધર્મધુરંધર ધીરો જી—એ દેશી ॥

પચાસ લાખ કોડી સાગરુ, આરા અરધ પ્રમાણજી॥ શાસન અવિચલ પ્રભુ ઋષભનું, સુરપદ શિવપદ ખાણુ જી ॥ટેક॥ સુર ને શિવપદ ખાણુ પરગટ, પાટ, અસંખ્ય મુગતે ગયા ॥ વલી સર્વારથસિદ્ધ પહોતા, સિદ્ધદંડીમાં કહ્યા ॥પદ વિના નૃપ સિદ્ધિ વરિયા, સંખ્ય અસંખ્ય ગણના કહી ॥ નૃપરાજ બળિયા સિંહ સમવડ, વર્ણન આગમમાં સહી ॥ ॥૧॥બ્રહ્મ ક્ષત્રિય વૈશ્ય વળી શુદ્ર, જે વર્ણ એ ચાર અઢારજી, એક એકમાં શિવપદવી વર્યાં, સંખ્ય અસંખ્ય અપારજી ટેક ॥ સંખ્ય અસંખ્ય જીવ મુક્તિ પોહોતા, વર્ણ ચાર અઢારમાં ॥ ધન્ય ધન્ય સહુ એ ઋષભ શાસન ॥ કૃતારથ જૈયકારમાં ॥ દીખ્ખશે તાપસ જોગી જંગમ, મિથ્યા ગુણુ-ઠાણું તજી ॥ સમકિત પામી ક્ષપકશ્રેણી, વેગે સિદ્ધિ વહૂ ભજી ॥ ૨ ॥ અર્ધ આરામાં એક ઋષભનું, શાસન અવિચળ જાણુજી ॥ અર્ધમાં ત્રેવીશ જિનપતિ, શાસન ગુણમણી ખાણુજી ॥ ટેક ॥ શાસન ગુણમણિ ખાણુ જિનના, તીથ સ્થાપન રીત એ ॥ દ્વાદશાંગી પ્રભુ સંઘ તીરથ, સંઘ ચતુર્વિધ રીત એ ત્રેવીશ શાસન માંહી મુનિવર, સંખ્ય અસંખ્ય સિદ્ધિ વર્યા ॥ કવિરાજ દીપ અષ્ટાપદે તે, વેગે ભવસાગર તર્યા ॥ ૩ ॥

---

૧. આએકારમાં A

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥

॥ આઠ કૂવા નવ વાવડી, હું તો શે મિશે દેખણ જાઉં મહારાજ, દધિનો દાણી કાનુડો–એ દેશી ॥

ઋષભ પ્રભુજીને પાટ પરંપર સિદ્ધિ ને કેઈ અનુત્તર રાજ ॥ પ્રભુજીનો વંશ ગુણાગણ આકાર, પાટ અસંખ્ય પ્રભાકર રાજ ॥ આજ સફલ દન એ રૂડો ॥ હું [1]વર્ણવું ત્રિભુવનના ઠાકોર રાજ॥આજ૦॥ ઋષભપ્રભુને ચક્રીભરતજી, અજિતને ચક્રી સગરજી રાજ ॥આજ૦॥ જિતશત્રુ નૃપના પુત્ર સવાઈ, પુણ્ય અતુલ અધિકાઈ રાજ ॥આજ૦ ॥૨॥મહા શુદ અષ્ટમી અજિત જિનેશ્વર, જન્મ્યા જગપરમેશ્વર રાજ ॥આજ૦ ॥ અજિત પ્રભુ જિન ચક્રી સગરજી, બાંધવ દોય ગુણાકર રાજ ॥આજ૦॥ ૩ ॥ એક જિનપતિ એક ચક્રી બિરાજે જોડી જગત દીવાજે રાજ ॥ આજ૦ ॥ દીપવિજય કવિરાજ [2]સવાઈ, જેહની જગત વડાઈ રાજ ॥ આજ૦ ॥૪॥

॥ કાવ્યં ॥

ભવિકનિર્મલબોધ[3]દિવાકરં, જિનગૃહે શુભ અક્ષતઢૌકનમ્॥
સુગુણરાગસુવૃત્તિસમન્વિતં, દધતુનાથપુરોઽક્ષતસ્વસ્તિકમ્॥૧

૧. તો પ્રણમું A ૨. પ્રભુજી A ૩. વિકાસક B

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ મંત્ર :-ૐ હ્રીં શ્રીં પરમ૦ અક્ષતાન્ યજામહે સ્વાહા ॥
॥ ચારે કોર અક્ષત ધરે ॥

## ॥ સપ્તમ ફલપૂજા ॥

### ॥ દુહો ॥

પૂજા ફલની સાતમી, મહા ફળ કારણ હેત ॥
કીજે ભાવિ ભાવે કરી, પુણ્યતણા સંકેત ॥ ૧ ॥

### ॥ ઢાળ સાતમી ॥

॥અવિનાશીની સેજડીએ રંગ લાગ્યો મોરી સજનીજી રે-એ દેશી॥

અષ્ટાપદગિરિ[1] વંદને, રંગ લાગ્યો માહરી સજનીજી રે ॥ એ આંકણી ॥ ચક્રી સાગરના બલવંત યોદ્ધા, પુત્ર તે સાઠ હજાર જી રે ॥અષ્ટાપદ જિનવંદન ચડિયા, દક્ષિણ દિશિ પ્રાકાર ॥ ॥ ૧ ॥ સાંભળ સજનીજી રે ॥ દક્ષિણ દિશિયે શ્રી સંભવથી, પદ્મપ્રભ લગે ચારજી ॥ વીતરાગનાં વંદન કીધાં, તરવા ભવજળ પાર ॥ સાં૦ ॥ ૨ ॥ પશ્ચિમ દિશિ સુપાર્શ્વ પ્રભુથી, અનંત પ્રભુ લગે આઠજી ॥ વંદન કીધાં ભાવભલેરે, નિર્યુક્તિમાં પાઠ ॥ સાં૦ ॥ ૩ ॥ ઉત્તર દિશિ દશ ધર્મ પ્રભુથી, વર્દ્ધમાન લગે વંદેજી ॥ પૂર્વ દિશિ દોય ઋષભ અજિતને, પ્રણમી મન આનંદે ॥ સાં૦ ॥ ૪ ॥ પચાસ

૧. વંદનને C.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાખ ક્રોડ સાગરના, પૂર્વાજ[1]પ્રીતિ સંભારેજી ॥ આપણાં કુળમાં ભરતનરેશ્વર, કીધાં એહ વિહાર ॥ સાં૦ ॥ ॥ ૫ ॥ ધન ભરતેશ્વર ધન મરુદેવા, ધન નવાણું ભાઈજી ॥ લાભ હેતુ એ સુકૃત કીધાં, એ આપણા પીતરાઈ ॥ સાં૦ ॥૬॥ આગળ વિષમ કાળને જાણી, તીરથરક્ષા કાજેજી ॥ યોજન યોજન અંતર કીધાં, પગથિયાં આઠ સમાજે ॥ સાં૦ ॥ ૭॥ ધન તીરથ અષ્ટાપદ ગિરિવર, ધન ભરતેશ્વર રાયા-જી ॥ દીપવિજય કવિરાજ પનોતા, જે જસ સુકૃત કમાયા સાંભળ૦ ॥ ૮ ॥

॥ ઢાળ ॥

॥ ગોપી મહિ વેચવા ચાલી મટુકીમાં ગોરસ ઘાલી —એ દેશી ॥

[2]ચિંતે તિહાં સાઠ હજાર, તીર્થરક્ષાના લાભ અપાર ॥ અષ્ટાપદ[3]આગળ ખાઇ, કરિયે તો સુકૃત[4]વડાઇ ॥૧॥ પહોળી ચાર[5]ગાઉ પ્રમાણો, શેત્રુંજા મહાતમમાં વખાણો ॥ ખરી રજ રેણુ નાગ નિકાઇ, નાગ આવી કહે સુણુ ભાઈ ॥ ૨ ॥ કરી બાળકબુદ્ધિ ઉપાધિ, નાગલોકના છો અપરાધી ॥ અપરાધ જુઓ મનમાંહિ, બાળી ભસ્મ કરું ક્ષણમાંહિ ॥૩॥ પણ ઋષભવંશી છો સપૂતા, તેથી ક્રોધ અમે નથી કરતા ॥ તમે ઈખાગવંશી પનોતા, તેણે ક્રોધ અમે નથી કરતા ॥ તમે

૧ પિતર A. ૨ ચિંતવે A ૩ પાછળ A ૪ કમાઈ A ૫ કોશ A

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચક્રી સગરના સપૂત, તેણે ક્રોધ અમે નથી કરતા ॥૪॥
વળી તીરથ ભાવ સમેતઃ તેણે ક્રોધ અમે નથી કરતા ॥
ભુવન રત્નતણાં જે કહાય, રજ રેણુથી મેલાં થાય ॥૫॥
અમ હિતશિક્ષા સુણો સંતા, હવે માફ કરો ગુણવંતા ॥
કહી નાગ ગયા જે વારે,[1] ચક્રી નંદન એમ વિચારે ॥૬॥
ગંગા નીરથી ભરિયે જો ખાઈ, બહુ કાલ રહે થિર ઠાઇ ॥
ઇમ ચિંતીને દંડ રતનથી, ગંગા ખોદીને લાવ્યા જતનથી
॥૭॥ગંગાજળથી ખાઈભરાય,નીર પહોતાં નાગ નિકાય ॥
ધમધમતા સુર સમકાળે, આવી સાઠ હજાર પ્રજાળે ॥૮॥
તીરથ બહુ ભાવ સમ હોતા, સહુ બારમે સ્વર્ગે પહોતા ॥
કહે દીપવિજય કવિરાજ, જુઓ તીર્થ તણા સામ્રાજ્ય ॥૯॥

॥ કાવ્યં ॥

[2]કટુકકર્મ વિપાકવિનાશનં, સરસપક્વફલકૃતઢૌક નમ્ ॥
વિહિતવૃક્ષફલસ્યવિભોઃપુરઃ,કુરુતસિદ્ધિફલાયમહાજનાઃ॥૧॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ફલાનિ યજામહે સ્વાહા ॥
॥ એમ કહી ફલ ચઢાવવાં ॥

## ॥ અષ્ટમ નૈવેદ્ય પૂજા ॥

॥ દુહા ॥

નૈવેદ્ય પૂજા આઠમી, [3]ભાતિ શત પકવાન્ન ॥
થાળ ભરી જિન આગળે, ઠવિયે ચતુર સુજાણ ॥ ૧ ॥

**૧ ચક્રીતે દિન એમ વિચારે A ૨ સકલ A ૩ ભાત ભાત A**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ આઠમી ॥

॥ શ્રાવણ વરસે રે સ્વામિ, મેલી મ જાઓ રે અંતરજામી–એ દેશી

ભરતેશ્વરને રે વારે, અષ્ટાપદ થયું નામ તે વારો॥ ચક્રી સગરથી રે ખાઈ, અષ્ટાપદ ગિરિરાજ વડાઇ ॥૧॥ વંદો તીરથ રે વારુ ॥ ચોવીશ જિન પડિમા જગ તારુ ॥ વંદો તીરથ૦॥ અજિત જિનેશ્વરથી રે જાણો, પંચમ આરો અંત પ્રમાણો ॥ પચાસ લાખ ક્રોડ રે સાગર, તેવીશ જિનપતિ ગુણ રત્નાકર ॥ અરધો આરો ગુણ રત્નાકર ॥ વંદો૦ ॥ ચોવીશ૦ ॥૨॥ વર્દ્ધમાન જિનને રે વારે, ગોતમ ગણધર જગજયકાર ॥ અષ્ટાપદ ગિરિપર રે જાવે, દક્ષિણ દ્વાર પ્રવેશ સોહાવે ॥વંદો૦॥ ચોવીશ૦॥૩॥પહેલા વંધા રે ચાર, જિમ વંધા ચક્રીસુત પાર ॥ ચત્તારિ અઠ્ઠ દશ દોય ભાતિ, ચાલી જગમાં તેહથી ખ્યાતિ ॥ વંદો૦ ॥ ચોવીશ૦ ॥૪॥ પન્નરસેં ત્રણ તાપસ તારે, ભવજળજળધિ પાર ઉતારે ॥ તાપસ જમતા રે ભાવે, પાંચશેં એકને કેવળ થાવે ॥વંદો૦ ॥ચોવીશ૦ ॥પ॥ સમવસરણને રે જોતાં, પાંચશેં એકને કેવળ હોતાં ॥પ્રભુજીની નીસુણીરે વાણી, પાંચશેં એક હુઆ તિહાં નાણી ॥ વંદો૦ ॥ ચોવીશ૦ ॥૬॥ નમો તિથ્થસ્સ કહી મુખ વાણી, કેવલી પરષદા બેસે નાણી ॥ દીપ–વિજય કવિરાજ સવાઈ, અષ્ટાપદ ગિરિરાજ વડાઈ ॥ વંદો૦ ॥ ચોવીશ૦ ॥ ॥૭॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ રાગ ધન્નાશ્રી ॥ ગિરૂઆ રે ગુણ તુમ તણા–એ દેશી॥

ચત્તારિ અટ્ઠ દસ દોય મળીને, ચોવિશ [1]જિણ ગુણ ગાયા રે ॥ કૈલાસ શિખરે પ્રભુજી બિરાજે ॥ અષ્ટાપદગિરિ શિખર બિરાજે, ભરતે બિંબ ભરાયા રે ॥ અષ્ટાપદ તીરથ ગાયા ॥ લાંછનવર્ણ સોહાયા રે ॥ દેહ પ્રમાણ કહાયા રે ॥ ગાયા રે મેં જિનપતિ ગાયા ॥ ૧ ॥ તપગચ્છપતિ વિજયાનંદ–સૂરિના, લક્ષ્મીસૂરિ ગચ્છરાયા રે ॥ તાસ પરંપરા પટધર સૂરિ, ધનેશ્વરસૂરિ સવાયા રે ॥ ગાયા૦ ॥ ૨ ॥ રાંદેર–બંદર સંઘ વિવેકી, લાયક ગુણ નિપજાયા રે ॥ અષ્ટા–પદના મહોત્સવ કારણ, પૂજા ગુણ ગવરાયા રે ॥ગાયા૦ ॥ ॥ ૩ ॥ આગમ અભ્યાસી ઉપદેશી, રાજેંદ્રવિજય કહાયા રે ॥ તેહના વચન સંકેતને હેતે, સુકૃત લાભ કમાયા રે ॥ગાયા૦ ॥ ૪ ॥ સંવત અઢાર બાણું વરસે, ફાગણ માસ સોહાયા રે ॥ પ્રેમ રત્ન ગુરુચરણ પસાયે, અમૃત ધન વરસાયા રે ॥ ગાયા૦ ॥ ॥ ૫ ॥ દીપવિજય કવિરાજ સવાઈ, મંગલ ધવલ ગવાયા રે ॥ મુગતા અક્ષત ફૂલ વધાવો, અષ્ટાપદ ગિરિરાયા રે ॥ ગાયા૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥

સકલપુદ્ગલસંગવિવર્જનં, સહજચેતનભાવવિલાસનમ્ ॥
સરસભોજનકસ્યનિવેદનાત્પરમનિર્વૃત્તિભાવમહં સૃજે॥૧॥

૧ જિનવર શયા A

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં ॥ નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

॥ સર્વ દિશાએ નૈવેદ્ય ધરે ॥

ઇતિ શ્રી કવિવર શ્રી દીપવિજયજીકૃત ॥ અષ્ટાપદજીની પૂજા સમાપ્ત ॥

[૨]કઠોર નગરનો સંઘ વિવેકી, લાયક ગુણ નિપજાયા રે,
ભગવતી આગમ નિસુણી વાણી, સમકિત લાભ કમાયા રે,
ચિત્ત વિત્ત વળી પાત્ર વડાઈ, જ્ઞાન અમૃત રસ પાયા રે,
ભગવતી સાહેબ મહોચ્છવ કારણ, પૂજા ગુણ ગવરાયા રે,
સંવત અઢાર છન્નુ વરસે, કારતક માસ સોહાયા રે,
પ્રેમ રત્ન ગુરુરાજ પસાયે, અમૃત ધન વરસાયા રે.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી ધર્મચંદ્રજીકૃત શ્રી નંદીશ્વરદ્વીપ પૂજા

## ॥ પ્રથમ પૂજા ॥

### ॥ દુહા ॥

પ્રણમું શાંતિ જિણંદને, ચઉદ રયણપતિ જેહ
કંચનવર્ણે સોહતા, લક્ષણ લક્ષિત દેહ ॥ ૧ ॥
સુરગિરિ અષ્ટાપદ ગિરિ, ગિરિનાર આબુ તેમ ॥
સમેતશિખર એ પાંચને, વંદું ધરી બહુ પ્રેમ ॥ ૨ ॥
સમરી શારદ માતને, હું રચું પૂજા રસાલ ॥
જેમ સુણતાં ભવિ પ્રાણિને, હર્ષ વધે તત્કાળ ॥ ૩ ॥
વિસ્તીરણ જિનભુવનમાં, રચી નંદીશ્વર દ્વીપ ॥
તદનંતર પ્રભુ થાપીને, કરો અભિષેક પ્રદીપ ॥ ૪ ॥
એકાદશ અભિષેક ઈહાં, સામાન્યે ધરો ચિત્ત ॥
આઠ અધિક શત તો કરો, હોયે વિશેષે પ્રીત ॥ ૫ ॥
સકલ સામગ્રી મેળવી, શ્રદ્ધાવંત નરનાર ॥
જળ કળશા નિજ કર ધરો, પામવા ભવજળ પાર ॥ ૬ ॥
રહી સમશ્રેણી બિહું દિશે, વાજતે મંગળ તૂર ॥
પૂજા પ્રભુની ભણાવીયે, કરવા અઘ ચકચૂર ॥ ૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ પહેલી ॥ અને હાંરે વાલો વસે વિમલાચલે રે–એ દેશી ॥

અને હાંરે શાસનનાયક જગ વિભુ રે, સ્યાદ્વાદના ભાષણહાર ॥ જ્ઞાન વડો ગુણ પ્રભુ કહે રે ॥ શ્રી ત્રિશલા નંદન વીર ॥ જ્ઞાન૦ ॥ અને૦ ॥ પાંચ પ્રકારે તે જ્ઞાન છે રે, મતિ શ્રુત અવધિ શ્રીકાર ॥ જ્ઞાન૦ ॥ ॥૧॥ અને૦ ॥ મનઃપર્યવ કેવળ ભલું રે, જે પ્રગટે દુઃખ નહીં કોય ॥જ્ઞા૦॥ ॥અને૦॥ ઊર્ધ્વ અધો તિર્છાલોકનું રે, જે નિશ્ચે જ્ઞાનથી હોય ॥ જ્ઞાન૦ ॥ ૨ ॥ અને૦ ॥ સુરલોક ગ્રૈવિજ્જ અણુત્તરે રે, જિન પ્રતિમા પૂજે જે દેવ ॥ જ્ઞાન૦ ॥ અને૦॥ જાણે તે કેવળજ્ઞાનથી રે, ઊર્ધ્વ લોકે રહ્યા સિદ્ધદેવ ॥ જ્ઞાન૦॥ ॥૩॥અને૦॥ ભુવનપતિ અધોલોકમાં રે, પ્રભુની કરે ભક્તિ રસાળ ॥જ્ઞાન૦॥ અને૦॥ તિર્છાલોકે વ્યંતર જ્યોતિષી રે, જિનપૂજા કરે ત્રણ કાળ ॥ જ્ઞાન૦ ॥ ૪ ॥ અને૦ ॥ જંબુ-ધાતકીખંડમાં રે, પુષ્કરાર્દ્ધદ્વીપ મોઝાર ॥જ્ઞાન૦॥ અને૦॥ [1]કરી ન[2]કરી પ્રતિમાતણી રે, કર પૂજા સુર નર નાર ॥જ્ઞાન૦॥ ॥૫॥ અને૦ ॥ દશ ખેત્રે દશ ચોવીશી રે, પાંચ વિદેહે વીશ વિહરમાન ॥જ્ઞાન૦ ॥ અને૦ ॥ તેહ પ્રભુની વાણી સુણે રે ભવિ પામવા નિશ્ચય જ્ઞાન ॥ જ્ઞાન૦ ॥ ૬ ॥ અને૦ ॥ તે માટે શ્રાવક ભાવશું રે, પ્રભુ પૂજે થઈ ઉજમાળ ॥જ્ઞાન૦॥ ॥ અને૦ ॥ કહે ધર્મચંદ્ર જિનધ્યાનથી રે, લહે કેવળજ્ઞાન વિશાળ ॥ જ્ઞાન૦ ॥ ૭ ॥

---

૧ અશાશ્વતી, ૨ શાશ્વતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કાવ્યં ॥ શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્ ॥

સ્નાતસ્યાપ્રતિમસ્ય મેરુશિખરે શચ્યા વિભોઃ શૈશવે ॥
રૂપાલોકનવિસ્મયાહૃતરસભ્રાંત્યા ભ્રમચ્ચક્ષુષા ॥
ઉન્મૃષ્ટં નયનપ્રભાધવલિતં ક્ષીરોદકાશંકયા ॥
વક્ત્રં યસ્ય પુનઃ પુનઃ સ જયતિ શ્રી વર્ધમાનો જિનઃ ॥૧॥

( એ કાવ્ય પ્રત્યેક પૂજાદીઠ કહેવું, અને ત્યારપછી કળશ ઢાળવા.)

॥ દુહા ॥

સહુ પ્રભુને કલ્યાણકે, ચલિતાસન હરિ હોય ॥
આવી ને ઉત્સવ કરી, જાય નંદીસર સોય ॥ ૧ ॥

એક ગિરિનશ્રાયે કહ્યા, ગિરિ દધિમુખ જે ચાર ॥
ગિરિ રતિકર અડ જાણવા, ચૈત્ય તેર સુવિચાર ॥ ૨ ॥

એમ ચઉદિશિના મેળવ્યાં, બાવન ચૈત્ય તે હોય ॥
બિંબ છ હજાર ચારશેં, અઠતાલીશને જોય ॥ ૩ ॥

હરિ આદે સુર બહુ મળી, મુક્તાફળ લઈ હાથ ॥
હર્ષે વધાવે નાથને, જાચે અવંતી આથ ॥ ૪ ॥

પૂર્વદિશે અંજનગિરે, સોહમઇંદ્ર મનરંગ ॥
આવી તિહાં ઉત્સવ કરે, તજવા ચઉગતિ સંગ ॥ ૫ ॥

॥ ઢાળ બીજી ॥ ભરતને પાટે ભૂપતિ રે—એ દેશી ॥

હવે નંદીશ્વર દ્વીપની રે, દેખી રચના સાર ॥ સલૂણા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુરમન મધુકર જઈ વસ્યા રે, પ્રભુપદ કમલે અપાર ।। ।। સં૦ ।। હવે૦ ।। ૧ ।। સો કોડી ને ત્રેસઠ વળી રે જોયણ ચોરાશી લાખ ।। સં૦।। પહોળપણે દ્વીપ આઠમો રે, સૂત્રમાં જેહની સાખ ।।સં૦।। હવે૦ ।।૨।। પૂર્વ દિશે મધ્ય ભાગમાં રે, ગિરિ અંજન દેવરમણ ।। સં૦ ।। ચોરાશી સહસ્સ તે જોયણા રે, છે ઊંચો કહે શ્રમણ ।। સં૦ ।। હવે૦ ।। ૩ ।। હજાર દસ નીચે ઉપરે રે, જાડપણું એક સહસ્સ ।। સં૦ ।। સહસ્સ જોયણ કંદ છે રે, લહિયે ગુરુથી રહસ્ય ।। સં૦ ।। ।। ૪ ।। છસેં એકત્રીશ સહસ્સ છે રે, ઉપર ત્રેવીશ જાણ ।। સં૦ ।। અધોપરિધિના એ જોયણા રે, અંજનગિરિનાં પ્રમાણ ।। સં૦ ।। હવે૦ ।। ૫ ।। ત્રણ સહસ્સ એકસો બાસઠ રે જે ઊર્ધ્વ પરિધિના હોય ।। સં૦ ।। જગતારક અરિહા વિના રે, કહે ન શકે તે કોય ।। સં૦ ।। હવે૦ ।। ।।૬।। જે દેવરમણે ચૈત્ય છે રે, ઊંચું બહોંતેર જોયણ ।।સં૦।। સો જોયણ લાંબું પહોળું રે, પચ્ચાસ એ પ્રભુ વયણ ।।સં૦।। હવે૦ ।।૭।। ચઉબારો મણિરત્નનો રે, સૂત્રમાં કહે ભગવંત ।।સં૦।। દેવ નામે પૂર્વદ્વાર છે રે, તિહાં દેવ ગુણવંત ।।સં૦।। ।।હવે૦।।૮।। દક્ષિણે અસુર દેવતા રે, પશ્ચિમ ઉત્તર જાણ ।। ।।સં૦।। નાગને સોવન્ન સોહતા રે, એ નામે દ્વાર વખાણ ।।સં૦ ।। હવે૦ ।। ૯ ।। ચૈત્ય મધ્યે મણિપીઠિકા રે, લાંબીને પહોળી સોલ ।। સં૦ ।। જોયણ આઠ ઊંચી કહી રે, લોક-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશ એ બોલ ॥ સ૦ ॥ હવે૦ ॥ ૧૦ ॥ લાંબો પહોળો પીઠિકા સમો રે, દેવછંદો અભિરામ ॥ સ૦ ॥ જોયણુ સોલ અધિકો ઊંચો રે, સોસે પીઠિકા ઠામ ॥સ૦॥ હવે૦ ॥ ॥૧૧॥ તે મધ્યે સિંહાસને રે, જિનપ્રતિમા જયકાર ॥સ૦॥ સગવીશ સગવીશ ચિહું દિશે રે, શાશ્વતી નામે ચાર ॥સ૦॥ ॥હવે૦ ॥ ૧૨ ॥ તે જિનપ્રતિમા વંદીને રે, છાંડી પ્રમાદને છેક ॥ સ૦ ॥ તીર્થજળે કળશા ભરી રે, દેવ કરે અભિષેક ॥ સ૦ ॥ હવે૦ ॥ ૧૩ ॥ કેસરે પૂજી ગુણસ્તવે રે, દેવ દેવી ધરી નેહ ॥ સ૦ ॥ ધર્મચંદ્ર જિન પૂજતાં રે, વર્ષે મોતીના મેહ ॥ સલૂણા ॥ હવે ॥ ૧૪ ॥ કાવ્યં ॥ ॥ સ્નાતસ્યા૦ ॥

## ॥ દ્વિતીય પૂજા ॥

### ॥ દુહા ॥

કરૂં વર્ણન બહુ ભાવથી, શેષ રહ્યા અધિકાર ॥
સુણો ભવિજન એક ચિત્તથી, ન રહે પાપ લગાર ॥૧॥
દક્ષિણે અંજનગિરિ તિહાં, ચમર નામે સુરનાથ ॥
કરે મહોચ્છવ અઠ્ઠાઈનો, વરવા શિવવધૂ હાથ ॥૨॥

॥ ઢાળ ત્રીજી ॥ એ વ્રત જગમા દીવો મેરે પ્યારે—એ દેશી ॥

દક્ષિણે દિશિયે અંજનગિરિ જે, નામે તે નિત્યોદ્યોત ॥ ભમર સમ, જે શ્યામ રતનનો, તેહની છે બહુ જ્યોત ॥ મેરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્યારે, વંદો બે કર જોડી ॥ ૧ ॥ એ નંદીશ્વર ચૈત્યને પૂજ્યાં, નાંખે કર્મને તોડી ॥ મેરે૦ ॥ એ આંકણી ॥ તિહાં પ્રાસાદ દ્વાર ચાર જે, તે ઊંચા જોયણ સોલ ॥ આઠ જોયણ વિસ્તારે છે તેમ, પ્રવેશ જોયણ આઠ બોલ ॥ મેરે૦ ॥ ॥ ૨ ॥ દ્વાર દીઠ એક એક મુખમંડપ, તે વળી પડસાલ સરીખા ॥ તે આગળ પ્રેક્ષામંડપ જે, ઘર સમ જ્ઞાનીએ નિરખ્યા ॥ મેરે૦ ॥ ૩ ॥ એ મંડપ જોયણ સો લાંબા, પહોળા જોયણ પચ્ચાસ ॥ સોળ જોયણના ઊંચા ભાખ્યા, સુણતાં હોય ઉલ્લાસ ॥ મેરે૦ ॥ ૪ ॥ બેહુ મંડપે ત્રણ ત્રણ દ્વાર, તે વળી કહ્યા ચાર ચાર ॥ હવે પ્રેક્ષામંડપ મધ્યે વજા અક્ષાટક સાર ॥ મેરે૦ ॥ ૫ ॥ મધ્યે મણિપીઠિકા એક પહોળી, લાંબી જોયણ આઠ ॥ ચાર જોયણની ઊંચી જાણો, જીવાભિગમે એ પાઠ ॥ મેરે૦ ॥ ૬ ॥ તે ઉપરે હરિ યોગ્ય સિંહાસન, ચંદ્રુવે ઝાકઝમાળ ॥ વચ્ચે વજાને આંકડે વળગી, મુક્તાફળની જે માળ ॥ મેરે૦ ॥ ૭ ॥ તે પ્રેક્ષામંડપની આગળ, મણિપીઠિકા એક સોહે ॥ સોલ જોયણ લાંબી ને પહોળી, દેખતાં સુર મન મોહે ॥મેરે૦॥૮॥ આઠ જોયણ ઊંચી તે ઉપર, ચૈત્ય થૂભ કહે નાણી ॥ તે સોલ જોયણ લાંબી પહોળી, અધિક ઊંચી જાણી ॥ મેરે૦॥ ૯ ॥ તે ઉપર આઠ મંગલ દીપે, તેથી ચાર દિશે ચાર ॥ છે મણિપીઠિકા લાંબી પહોળી, આઠ જોયણ ચિત્ત ધાર ॥ મેરે૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥૧૦॥ ચાર જોયણની છે તે ઊંચી, પીઠ ઉપર ગુણધામ ॥ થૂભ સન્મુખ અરિહંતની પ્રતિમા, બેઠી તસ કીજે પ્રણામ ॥મેરે૦॥૧૧॥ દેવ દેવી તે અરિહા પૂજે, મનમાં આણી વિવેક ॥ કહે ધર્મચંદ્ર ભવિજન પ્રેમે, કરો જિનને અભિષેક ॥ મેરે૦॥ ॥ ૧૨ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

## ॥ તૃતીય પૂજા ॥

### ॥ દુહા ॥

વળી ઈંદ્ર ઓચ્છવ કરે, પશ્ચિમ ગિરિયે સાર ॥
તેહનું વર્ણન હવે કરૂં, બુદ્ધિતણે અનુસાર ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥ સાંભળ રે તુ સજની મોરી—એ દેશી ॥

પશ્ચિમ દિશે અંજનગિરિ જે, ચૈત્ય એક તિહાં લહિયે જીરે ॥ તેહ ચૈત્યનાં દ્વાર ચારથી, મુખમંડપ પ્રેક્ષા કહિયે ॥ જિનવર નમિયે જીરે ॥ જિનવર નમિયે ભાવે ભવિજન, જિન છે જગત આધાર ॥ જિન૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ તે આમળ ચૈત્ય થૂભ ધારો ॥ વાસે મનથી અજ્ઞાન જીરે ॥ મણિપીઠ તે આગળ સોહે, જે થૂભ પીઠિકા સમાન ॥ જિન૦ ॥ ૨ ॥ ચૈત્યતરુ તે ઉપર દીપે, તે ચૈત્યવૃક્ષને આગે જીરે ॥ એક મણિપીઠિકા લાંબી પહોળી, ચંદ્રકલાને અર્ધ ભાગે ॥ જિન૦ ॥ ૩ ॥ ચાર જોયણ ઊંચી તે ઉપર, મહેંદ્રધ્વજ જે રૂડો જીરે ॥ સાઠ જોયણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ઊંચો સોહે, જોયણ એક પહોળો ઊંડો ।। જિન૦ ।।૪।।
નંદા પુષ્કરિણી તે આગે જોયણ સો ને પચ્ચાસ જીરે ।। લાંબી પહોળી ઊંડી દશ જે, દેખતાં હોવે ઉલ્લાસ ।। જિ૦ ।।
।।૫।। તિહાંથી ચાર દિશે વન ચાર વળી, તે નંદીશ્વર દ્વીપે જીરે ।। ઋષભાનન ચંદ્રાનન સ્વામી, વારિષેણ વર્દ્ધમાન દીપે ।। જિન ।। ૬ ।। તે પ્રભુની પૂજા સુર સારે, કરવા ભવભય દૂર જીરે ।। કહે ધર્મચંદ્ર જિન અભિષેક, ભવિ કરો વાજતે તૂર ।। જિન૦ ।। ૭ ।। કાવ્યં સ્નાતસ્યા૦ ।।

## ।। ચતુર્થ પૂજા ।।

### ।। દુહા ।।

ઈશાનવજી ઉત્તર દિશે, અંજન ગિરિયે આય ।।
કરે ઉત્સવ અઠ્ઠાઇના, જિનગુણ રંગે ગાય ।। ૧ ।।

### ।। ઢાળ પાંચમી ।। ધન ધન જિનવાણી—એ દેશી ।।

ઉત્તરદિશે અંજનગિરિ નામ, કહ્યો રમણિક અભિરામ રે ।। ધન ધન જિનવાણી ।। જેમાં સર્વની સંખ્યા વખાણી રે ।। ધન૦ ।। એ આંકણી ।। તિહાં ચૈત્યે એકસો ને આઠ, પડિમા એ સૂત્રમાં પાઠ રે ।। ધન૦ ।। ૧ ।। નાગ ભૂત યક્ષ ને આશાધર, એ દો દો પ્રભુ દીઠ અમર રે ।। ધન૦ ।। પ્રતિમા આઠ એ વિનય કરંતી, પ્રતિમા દોય ચામર વિઝંતી રે ધન૦ ।। ૨ ।। પ્રભુ પૂંઠે એક છત્રધર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણો, એ સાસય ભાવે:વખાણો રે ॥ ધન૦ ॥ હવે પૂજા ઉપકરણ કહિયે, આઠ અધિક સો લહિયે રે ॥ ધન૦ ॥ ॥ ૩ ॥ જે અષ્ટમંગલ ફૂલની દામ, કુંભ ધ્વજ દર્પણ અભિરામ રે ॥ ધન૦ ॥ ૪ ॥ એ આદિ ઉપકરણ ઘણેરાં, રજત મણિનાં ભલેરાં રે ॥ ધન૦ ॥ પ્રાસાદ ભૂમિલે વેલ ને બૂટા, ઠામ ઠામ સોનાના છૂટા રે ॥ ધન૦ ॥ ॥ ૫ ॥ મૂલ પ્રાસાદ મધ્યે શત આઠ, સોલ જિનનો દ્વારે ઠાઠ રે ॥ ધન૦ ॥ સર્વ એ પડિમા એકશો ચોવીશ, સુર પ્રણમે નમાવી શીશ રે ॥ ધન૦ ॥ ૬ ॥ કર ધરી કલશા રજત મણિના, સુર ગુણ ગાયે જગત ધણીના રે ॥ ધન૦॥ વીણા મૃદંગ તાલને અમરી, વજાવે જે રાગ ને સમરી રે ॥ ધન૦ ॥ કરે જિન સ્નાત્ર વિધિયે એમ, ચંદને પૂજે ધરી પ્રેમ રે ॥ ધન૦ ॥ પ્રભુ ગુણ ગાવાની નિત્યમેવ ધર્મચંદ્ર મુનિને એ ટેવ રે ॥ ધન૦ ॥ ૮ ॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

॥ પંચમ પૂજા ॥

॥ દુહા ॥

લોકપાલનો દધિમુખે, ઉત્સવનો અધિકાર ॥
કહિશું ભવિજન સાંભળો, જેમ સુખ લહો અપાર ॥૧॥

॥ ઢાળ છઠ્ઠી ॥ રાગ રસિયા રંગરસ બન્યો એ—દેશી ॥

પ્રભુ શિવરસિયા વસિયા દિલે, મનમોહનજી ॥ વિધિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષ્ણુ શંકર ન સોહાય ।। મનડું મોહ્યું રે મન મોહનજી ।। પૂજતાં પડિમા જિનરાજની ।। મન૦.।। ભવભવનાં દુરિત પલાય ।। મનડું ।। ૧ ।। અંજનગિરિએ ચારથી ।।મન૦।। ચાર દિશાએ લાખ લાખ ।। મનડું ।। જોયણ ગયે જે વાવ્ય છે ।।મન૦।। લાખ જોયણની તે ભાવ્ય ।। મનડું૦ ।। ૨ ।। જોયણ દશ ઊંડી કહી ।।મન૦।। મત્સ્ય વિનાનું જળ સોય ।। મનડું ।। વાવ્ય એકને ચાર દિશે ।। મન૦ ।। ત્રણ ત્રણ સોપન તે હોય ।। મનડું૦ ।। ૩ ।। રત્નતોરણ ચારે દિશે ।। મન૦ ।। તે ઝલકે તેજે અપાર ।। મનડું૦ ।। પણસય જોયણ દૂર વાવ્યથી ।। મન૦ ।। ચઉ દિશાએ નવ ચાર ।। ।। મનડું૦ ।।૪।। પહોળપણે શત પાંચના ।।મન૦।। લાંબા પુષ્કરિણી પ્રમાણ ।। મનડું૦ ।। વાવ્યમધ્યે એક દધિમુખ ।।મન ।। સ્ફટિક રત્નનો જાણ ।। મનડું૦ ।। ૫ ।। ચોસઠ હજાર જોયણ ઊંચો ।। મન૦ ।। નીચે ઉપર દશ હજાર ।। મનડું૦ ।। જાડપણે તે જાણવો ।। મન૦ ।। સહસ્સ જોયણ કંદ વિચાર ।। મનડું૦।। ૬ ।। એમ સોલે દધિમુખ જાણજો ।।મન૦ ।। સર્વ પ્યાલાને આકાર ।। મનડું૦ ।। સોલ ઉપર સોલ ચૈત્ય છે ।।મન૦।। અંજનગિરિ સરખા ધાર ।। મનડું૦ ।।૭।। એકસો ચોવીસ ચૈત્ય દીઠ ।।મન૦।। અરિહંતની પ્રતિમા સાર ।। મનડું૦ ।। લોકપાળ સઘળા તિહાં મળી ।। મન૦ ।। કરે અભિષેક કહે તાર ।। મનડું૦ ।। ૮ ।। તેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રાવક મન રંગશું ॥ મન૦ ॥ જિનવરને કરો અભિષેક ॥ મનડું૦ ॥ કહે ધર્મચંદ્ર જિન પૂજતાં ॥મન૦॥ પામિયે શિવગતિને એક ॥ મનડું૦ ॥ ૯ ॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦॥

॥ ષષ્ઠ પૂજા ॥

॥ દુહા ॥

ચંદ્રકળા બમણી કર્યાં, હોયે રતિકર માન ॥
તિહાં જિન ચૈત્યે મૂરતિ, પાંચશેં ધનુષ પ્રમાણ ॥ ૧ ॥
ભુવનપતિ વ્યંતરતણા, જ્યોતિષીના દેવ ॥
વૈમાનિક સુરવર ઇહાં, કરે જિનવરની સેવ ॥ ૨ ॥

॥ ઢાળ સાતમી ॥ રાગ: સારંગ ॥

જિનરાજ પૂજી લાહો લીજિયે ॥ એ આંકણી ॥ શિવ સુખનો અભિલાષ કરો તો જિન આણા શિર વહીજિયે ॥ જિન૦ ॥ વાવ્ય વાવ્યના અંતર વચ્ચે, રતિકર દો દો લહીજિયે ॥ જિન૦ ॥ ૧ ॥ દશ સહસ જોયણ લાંબા પહોળા એક સહસ ઊંચા કહીજિયે ॥ જિન૦ ॥ પદ્મરાગ મણિના જેદીપે, ઝલ્લરીસંઠાણ સુણીજિયે ॥ જિન૦ ॥ ૨ ॥ બત્રીસ રતિકરે બત્રીસ ચૈત્ય, પ્રભુ વંદી સુર હર્ષીજિયે ॥ જિન૦ ॥ તીર્થોદકના કળશભરીને જિન અભિષેક કરીજિયે ॥જિન૦॥ ॥૩॥ કેસર ચંદન અરિહા પૂજી, ફૂલ ટોડર કંઠે ઠેવીજિયે ॥જિન૦॥ કનક પત્ર કોરણી કરીને, વીચે વીચે રત્ન જ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડોજિયે ।।જિન૦ ।।૪।। સુરપરે ભવિજન પૂજા રચાવી, લ-ખમીનો લાહો લીજિયે ।।જિન૦ ।। કહે ધર્મચંદ્ર જિનેશ્વર સાહિબ, હવે શિવ સુખ મુજ દિજિયે ।।જિન૦।। ।।૫।। કાવ્યં ।। સ્નાતસ્યા૦ ।।

### ।। સપ્તમ પૂજા ।।

।। દુહા ।।

સોહમ ઇશાનેંદ્રની, અગ્રમહિષી આઠ આઠ ।।
તેહના ભદ્ર જે સોલમાં, પ્રભુ ચૈત્યનો ઠાઠ ।।૧।।

।। ઢાળ આઠમી ।। ઝુંમખડાની દેશી ।।

એ દ્વીપના મધ્ય ભાગમાં રે, ચાર વિદિશે જે ચાર ।। પ્રભુ ઉપદેશિયા ।। રતિકર સર્વ રતનમયી રે, સહસના ઊંચા ધાર ।। પ્રભુ૦ ।। ૧ ।। દશ સહસ્સ લાંબાં પહોળા રે અઢીશેં જોયણુ કંદ ।। પ્રભુ૦ ।। એકત્રીસ સહસ ઉપર છશેં રે, ત્રેવીશ કહે જિનચંદ ।।પ્રભુ૦।।૨।। પરિધિના જોયણુ ધારિયે રે, નાખીએ અજ્ઞાન ચૂર ।। પ્રભુ૦ ।। રતિકરથી ચારે દિશે રે, લાખ જોયણુ જઇએ દૂર ।। પ્રભુ૦ ।। ૩ ।। રાજધાની ચારે તિહાં રે, ગિરિ ચાર મળીને સોલ ।। પ્રભુ૦ ।। અગ્નિ નૈઋતનાં ગિરિ પૂંઠે રે, ધુર હરિલલનાની બોલ ।।પ્રભુ૦।। ।।૪।। વાવ્ય ઇશાનના ગિરિ પૂંઠે રે, ઇશાન ઇંદ્રની આઠ ।। પ્રભુ૦ ।। રાજધાની અગ્રમહિષીની રે, સિદ્ધાંતે એ પાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ પ્રભુ૦ ॥૫॥ જોયણ એક લાખ લાખની રે, નગરી સોહે એ સોલ ॥પ્રભુ૦॥ એ પ્રભુવાણી તે સદ્દહે રે જેને ધર્મશું રંગ ચોલ ॥ પ્રભુ૦ ॥ ૬ ॥ જિહાં સોલ ચૈત્ય દીઠ છે રે, પ્રતિમા એકસો વીશ ॥પ્રભુ૦॥ તિહાં અગ્રમહિષી આવીને રે, સ્નાત્ર કરે વિશ્વાવીશ ॥ પ્રભુ૦ ॥ ૭ ॥ તેમ તુમે ભવિજન ભાવશું રે, પૂજો શ્રી અરિહંત ॥ પ્રભુ૦ ॥ ધર્મ કહે જિન સેવતાં રે, પામિયે સુખ અનંત ॥પ્રભુ૦॥ ॥ ૮ ॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

## ॥ અષ્ટમ પૂજા ॥

॥ દુહા ॥

તિર્છા લોકે દેહરાં, બત્રીશશેં મન આણ ॥
ઓગણસાઠ ઉપર કહ્યાં, હવે કરૂં બિંબ વખાણ ॥૧॥
ત્રણ લાખ એકાણું સહસ, ત્રણસેં ને વળી વીશ ॥
શાશ્વતી પડિમા એટલી, હું પ્રણમું નિશદિન ॥૨॥

॥ ઢાળ નવમી ॥ મન મોહના રે—એ દેશી ॥

કુંડલદ્વીપ સોહામણા ॥ મનમોહન મેરે ॥ ચાર તિહાં જિનગેહ ॥મ૦॥ જિનપડિમા ચારશે છન્નું ॥ મન૦ ॥ વંદું હું ધરી નેહ ॥ મન ॥ ૧ ॥ રૂચકદ્વીપે ચાર ચૈત્ય છે ॥ મ૦ ॥ ચારશેં છન્નું જિનરાજ ॥ મન૦ ॥ મેરુવને એંશી દેહરાં ॥ મન૦ ॥ છન્નુંશે જિનવંદું આજ ॥મન૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ૨ પાંચ મેરૂ ચૂલિકાયે ॥ મન૦ ॥ પ્રાસાદે છશેં જિન-
રાય ॥ મન૦ ॥ ગજદંતે વીશ દેહરાં ॥ મ૦ ॥ બિંબ
ચોવીસશેં સમુદાય ॥ મન૦ ॥ ૩ ॥ દેવઉત્તર કુરુક્ષેત્રમાં
॥ મ૦ ॥ જિનઘર દશ વિશાળ ॥મન૦॥ બારશેં બિંબને
પૂજતાં ॥ મ૦ ॥ પાપ જાયે પાયાળ ॥ મન૦ ॥૪॥ એંશી
વખારા ગિરિયે ॥ મ૭ ॥ પ્રાસાદ એંશી ધાર ॥ મન૦ ॥
છસો અધિક જિન શાશ્વતા ॥ મ૦ ॥ પૂજિયે નવ હજાર
॥ મન૦ ॥ ૬ ॥ કુલગિરિએ ત્રીશ દેહરાં ॥ મ૦ ॥ છત્રી-
સશેં જિનવર જાણુ ॥મન૦॥ ચૈત્ય ચાલીશ દિગ્ગજે ॥મન૦॥
અડતાલીશ શત જિનભાણુ ॥ મન૦ ॥ ૬ ॥ દીર્ઘ વૈતાઢયે
દેહરાં ॥ મ૦ ॥ એકસો સિત્તેર પ્રમાણુ ॥ મન ॥ વીશહજાર
બિંબે ચારશેં ॥મ૦॥ ભવિજન પૂજે સુજાણુ ॥મન૦ ॥૭॥
જંબૂ પ્રમુખ તરુયે વળી ॥મ૦॥ ચૈત્ય અગ્યારસેં સિત્તેર
॥મન૦॥ ચાલીશ હજારમે ચારસેં ॥ મ૦ ॥ લાખ પૂજીને
લ્યો શિવશહેર ॥ મન૦ ॥ ૮ ॥ ચૈત્ય હજાર કંચનગિરિયે
॥ મ૦ ॥ બિંબ લાખને વીશ હજાર ॥ મન૦ ॥ એંશી દ્રહે
એંસી દેહરાં ॥મનગા॥ છન્નુંશેં બિંબ જુહાર ॥મન૦॥ ૯॥
ચૈત્ય કુંડે ત્રણસેં એંશી॥મ૦॥ બિંબ પીસ્તાલીશ હજાર ॥
॥મન૦॥ ઉપર છશેં જિનવરા ॥મ૦॥ સમરો ઊઠી સવાર ॥
॥મન૦ ॥૧૦॥ મહાનદિયે સિત્તેર કહ્યા ॥મ૦॥ ચોરાસીશેં
અરિહંત ॥મન૦॥ વીશ પ્રાસાદ યમકગિરે ॥મ૦॥ ચોવીસશેં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવંત ॥ મન૦ ॥ ૧૧ ॥ વૃત્તવૈતાઢચે વીશ છે ॥ મ૦॥ શાશ્વતાં જિનગેહ ॥ મન૦ ॥ બિંબ ચોવીસશે પૂજતાં ॥ મ૦॥ થાયે નિર્મળ દેહ ॥મન૦॥ ૧૨॥ ઈખુકાર ચાર દેહરાં ॥મ૦॥ ચારશેં એંશી જિનબિંબ ॥મન૦॥ તે જિનવરને પૂજતાં ॥મ૦॥ પાપ જાએ અવિલંબ ॥મન૦ ॥૧૩॥ માનુ-ષોત્તરે ચાર દેહરાં ॥મ૦॥ ચારશેં એંશી ભગવાન ॥મન૦॥ વ્યંતરમાહે અસંખ્ય છે ॥ મ૦ ॥ જિનઘર બિંબનું માન ॥ મન૦ ॥ ૧૪ ॥ અસંખ્ય જ્યોતિષીમાં કહ્યાં ॥ મ૦ ॥ જિનઘર ને જિનરાય ॥ મન૦ ॥ ધર્મ કહે પ્રભુ પૂજતાં ॥ મ૦॥ શિવસુખ વહેલું થાય ॥ મનમોહન મેરે ॥ ૧૫ ॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

**॥ નવમ પૂજા ॥**

**॥ દુહા ॥**

સાત કોડી બહોંતેર લાખ, અધોલોકે જિનગેહ ॥
તેરશેં નેવ્યાશી કોડી, સાઠ લાખ બિંબ એહ ॥ ૧ ॥

**॥ ઢાળ દશમી ॥ કાજ સિદ્ધાં સકલ હવે સાર—એ દેશી**

હવે અસુર કુમારે દેહરાં, કહ્યાં ચોસઠ લાખ ભલેરાં એકસો પન્નર કોડી જાણું, પડિમા વીશ લાખ વખાણું ॥ ૧ ॥ સાસય જિનવરને પૂજીજે, નરભવનો લાહો લીજે ॥ ॥ વળી નાગકુમારે કહિયે ચૈત્યે લાખ ચોરાશી લહિયે ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકસોને એકાવન કોડી, વીશ લાખ નમું કર જોડી ॥ ॥ સા૦ ॥ ૨ ॥ ચૈત્ય બહોંતેર લાખ વિચાર, સુવર્ણ-કુમારે શ્રીકાર ॥ એકસો ને ઓગણત્રીશ કોડ, સાઠ લાખ ઉપર જિન જોડ ॥સ૦॥ ૩ ॥ વિધુત અગ્નિ દ્વીપકુમાર, ઉદધિ દિગ સ્તનિત સાર ॥ ચૈત્ય ષડ્નિકાયે વખાણો, લાખ છોંતેર જાણો ॥ સા૦ ॥ ૪ ॥ કોડી એકસો ને છત્રીશ, લાખ એંશી નમો નિશદિશ ॥ એક નિકાયે એટલા હોય, તેમ પાંચ નિકાયે જોય ॥ સા૦ ॥ ૫ ॥ જિનપ્રાસાદ છન્નું લાખ, વાયુકુમાર માંહે ભાખ ॥ કોડ એકસો બહોંતેર જિનરાય, એંશી લાખ પૂજે દુઃખ જાય ॥ સા૦ ॥ ॥ ૬ ॥ અધોલોકના જિનવર ગાયા, જગ સુજસ પડહ વજાયા ॥ કહે ધર્મ ભવિ ઉજમાલ, થઈ પૂજો જગત દયાલ ॥ સાસય૦ ॥ ૭ ॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

॥ દશમ પૂજા ॥

॥ દુહા ॥

ઊર્ધ્વલોકે જિનવર ઘર, લાખ ચોરાશી જાણ ॥
સહસ સત્તાણું ઉપરે, ત્રેવીશનું પરિણામ ॥ ૧ ॥
એકસો બાવન કોડી જિન, લાખ ચોરાણું સાર ॥
સહસ ચુમ્માલીશ વંદિયે, સાતમેં ને સાઠ ધાર ॥ ૨ ॥

॥ ઢાળ અગિયારમી ॥ સિદ્ધાચળ શિખરે દીવો રે, આદેશ્વર-એ દેશી

સૌધર્મે ચૈત્ય જ કહીયે રે, અરિહા પૂજો અલબેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાખ બત્રીશ સંખ્યા લહિયે રે ॥અ૦ લાખ આઠ સત્તાવન કોડી રે ॥અ૦॥ પડિમા વંદો કર જોડી રે ॥ અ૦ ॥૧॥ ચૈ-ત્ય અડવીશ લાખ જાણો રે ॥અ૦॥ ઇશાન સ્વર્ગે વખાણો રે ॥ અ૦ ॥ કોડી પચ્યાશને લાખ ચાલીશ રે ॥અ૦॥ વંદો પ્રતિમા રઢિયાલી રે ॥અ૦॥ ૨॥ જિનવરના બાર લાખ દેહરાં રે ॥ અ૦ ॥ સનતકુમારે ભલેરાં રે ॥ અ૦ ॥ સાઠ લાખને કોડી એકવીશ રે ॥અ૦॥ પડિમા કહે ત્રિજગ ઇશ રે॥ અ૦॥॥૩॥ માહેંદ્ર ચોથું ચિત્ત ધારો રે ॥અ૦॥ પ્રાસાદ આઠ લાખ સંભારો રે ॥અ૦॥ કોડી ચૌદને લાખ ચાલીશ રે ॥અ૦॥ પ્રભુધ્યાને સદા દિવાળી રે ॥અ૦॥૪॥ પાંચમે પ્રાંસાદ લાખ ચાર રે ॥ અ૦ ॥ સાત કોડી વીશ લાખે જિન ધાર રે ॥અ૦॥ લાંતકે સહસ પચ્ચાસ રે ॥ અ૦ ॥ નેવું લાખ જિન નમિયે ઉલ્લાસ રે ॥અ૦॥ ૫ ॥ સાતમે શુક્રે-દેવલોકે રે ॥ અ૦ ॥ પ્રાસાદ ચાલીશ સહસ થોકે રે ॥ અ૦ ॥ પડિમા બહોંતેર લાખ માન રે ॥ અ૦ ॥ સદા ધરિયે એહનું ધ્યાન રે ॥ અ૦ ॥ ૬ ॥ આઠમું સહસાર તે કહિયે રે ॥ અ૦ ॥ જિનઘર હજાર છ લહિયે રે ॥અ૦॥ દશ લાખ ને એંશી હજાર રે ॥ અ૦ ॥ હું પ્રણમું ઊઠી સવાર રે ॥ અ૦ ॥ ૭ ॥ આનત પ્રાણતે જિનગેહ રે ॥ અ૦ ॥ ભાખે ચારશેં અરિહા તેહ રે ॥ અ૦ ॥ બહોં-તેર હજાર જિનરાય રે ॥ અ૦ ॥ જસ પ્રણમ્યાં પાતક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાય રે ા અ૦ ા ૮ ા આરણ અચ્યુતે વંદો રે ા અ૦ ા ચૈત્ય ત્રણશે સુણી આણંદો રે ા અ૦ ા ચોપન સહસ દેવાધિદેવા રે ા અ૦ ા જસ સારે સુરપતિ સેવા રે ા અ૦ ા ા૯ા એકસો અગ્યાર ધુર ત્રિકે રે ા અ૦ ા જિનચૈત્ય ધારો સુવિવેકે રે ા અ૦ ા ત્રણસેં વીશ તેર હજાર રે ા ા અ૦ ા પૂજતાં પામે ભવ પાર રે ા અ૦ ા ૧૦ ા ત્રિક બીજિયે એકસો સાત રે ા અ૦ ા પડિમા બાર સહસ વિખ્યાત રે ા અ૦ ા આઠસેં અધિક નમો ચાલી રે ા ા અ૦ ા સુર પૂજે ભાવે નિહાળી રે ા અ૦ ા ૧૧ ા ત્રિક ત્રીજિયે એકસો સાર રે ા અ૦ ા પ્રણમો બિંબ બાર હજાર રે ા અ૦ ા અનુત્તરે પંચત્ય વિશાળ રે ા અ૦ ા ા છસેં જિન નમો ઉજમાળ રે ા અ૦ ા ૧૨ ા એમ કલ્પ કલ્પાતીત દેવા રે ા અ૦ ા દ્રવ્ય ભાવે કરે જિનસેવા રે ા અ૦ ા કહે ધર્મ ભવિ નિત્ય પૂજો રે ા અ૦ ા જગતારક દેવ ન દૂજો રે ા અરિહા૦ ા ૧૩ ા કાવ્યં ા સ્નાતસ્યા૦ ા

## ા એકાદશ પૂજા ા

### ા દુહા ા

પન્નર ક્ષેત્રે પ્રભુ તણી, પડિમા અસાસય જેહ ા
તેહના પદ પંકજ નમું, કરવા પાપનો છેહ ા ૧ ા

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

॥ ઢાળ બારમી ॥ નેમનાથજીના ચોકની—એ દેશી ॥

હે સાહેબજી ! નેક નજર કરી નાથ સેવકને તારો ॥ હે સાહેબજી ! મહેર કરી પૂજાનું ફળ મુજ આપો ॥ એ આંકણી ॥ પ્રભુ તુજ મુરતિ મોહનવેલી, પૂજે સુર અપછરા અલબેલી, વર ઘનસાર કેસરશું ભેલી ॥ હે સા૦ ॥ ॥૧॥ સિદ્ધાચળ તીર્થ ભવિ સેવો, ચઉદ ક્ષેત્રે તીરથ નહીં એહવો, એમ બોલે દેવાધિદેવો ॥ હે સા૦ ॥ ૨ ॥ ગિરિનારે જઇયે નેમ પાસે, ઇહાં ભાવિ જિન સિદ્ધિ જાસે, જસ ધ્યાને પાતિકડાં નાસે ॥ સા૦ ॥ ૩ ॥ આબૂગઢે આદિ જિનરાયા, નેમનાથ શિવાદેવી જાયા, જસ ચોસઠ ઇંદ્રે ગુણ ગાયા ॥ હે સા૦ ॥ ૪ ॥ વળી સમેતશિખરે જગના ઇશ, ગયા મોક્ષે જિનરાયા વીશ, ધ્યેય ધ્યાવો ભવિજન નિશ દીશ ॥ હે સા૦ ॥ ૫ ॥ અષ્ટાપદે સકલ કરમ ટાળી, પ્રભુ વરિયા શિવવધૂ લટકાળી, આદીશ્વર પૂજતાં દીવાળી ॥ હે સા૦ ॥ ૬ ॥ એ આદે તીર્થ પ્રણમો રંગે, વળી પૂજો પ્રભુને નવ અંગે, કહે ધર્મચંદ્ર અતિ ઉમંગે ॥ હે સાહેબજી૦ ॥ ૭ ॥

॥ અથ કળશ ॥ રાગ ધન્યાશ્રી ॥

ગાયો ગાયો રે, નંદીશ્વર તીર્થ મેં ગાયો ॥ જંઘા વિદ્યાચરણ મુનિવર, જિહાં સુરનો સમુદાયો ॥ કિન્નર કિન્નરી ખેચર આવે, તેમ ચોસઠ સુરરાયો રે ॥ નંદી૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥૧॥ અપચ્છરા ઇંદ્રાણી મનરંગે, સ્નાત્ર કરે સુખદાયો ॥ કરે નૃત્ય સુકંઠે ગાવે, જિન પૂજી મોહ ઘટાયો રે ॥નંદી૦॥ ॥૨॥ તપગચ્છતિ થી દયાસૂરિના, ખુશાલવિજય ઉવ-જ્ઝાયો ॥ તાસ બંધવ સુગુણ ગીતારથ, કલ્યાણચંદ્ર સવાયો રે ॥ નંદી૦॥૩॥ વિજયદેવેંદ્રસૂરીશ્વર રાજ્યે, એ અધિકાર રચાયો ॥ દમણ બંદરે રહી ચોમાસું, ઋષભદેવ સુપસાયો રે ॥ નંદી૦ ॥ ૪ ॥ અઢારશેં છન્નું ભાદ્રપદ માસે, સંવ-ચ્છરી દિન ગાયો ॥ પ્રભુ સમુદાય કવિ ધર્મચંદ્રે, સંઘ સકલ હરખાયો રે ॥ નંદીશ્વર૦ ॥ ૧૧ ॥

॥ ઇતિ કવિ શ્રીધર્મચંદ્રજીકૃત શ્રીનંદીશ્વરદ્વીપ પૂજા સમાપ્ત ॥

---


# વર્ષપ્રબોધ યાને મેઘમહોદય

આ ગ્રંથમાં જ્યોતિષ સાહિત્યને લગતી જેવી કે—ગ્રહ, નક્ષત્ર, તારા, ગ્રહચાર વગેરે જાણવા જેવી ઘણી જ અવનવી બાબતો આપવામાં આવી છે. વેપારી આલમ તથા અન્ય જનોને ઉપયોગી આ ગ્રંથ છે. લગભગ ૬૪૦ પાનાંનો દળદાર આ ગ્રંથ સુંદર કાગળ, સુંદર છપાઈ, જેકેટ વગેરેથી ભરપુર છે. મૂલ્ય રૂા. ૨૦—૦૦

—: શ્રી જૈન પ્રકાશન મંદિર :—

૩૦૯/૪ ખત્રીની ખડકી, દોસીવાડાની પોળ, અમદાવાદ-૧


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ વેદનીયકર્મનિવારણાર્થં પૂજા ॥

### ( આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ )

૧. કસ્તુરી, બરાસવાળું જળ, ૨. કેસર, બરાસ. ૩. ફૂલ-પગર કરીએ. ૪. પંચાંગ ધૂપ. ૫. બે દિવેટનો દીપક. ૬. કમોદ-શાલી અખંડ, ૭. નૈવેદ્ય, ૮. ફળ.

### ॥ પ્રથમ જલપૂજા ॥

॥ દુહા ॥

ત્રીજું અઘાતી વેદની, જાવ લહે શિવશર્મ ॥
સંસારે સવિ જીવને, તબ લગે એહિ જ કર્મ ॥ ૧ ॥
બંધોદય અધ્રુવ કહી, ધ્રુવસત્તાયે હોય ॥
પયડી અઘાતી જાણીયે, શાતા અશાતા દોય ॥ ૨ ॥
કર્મ વિનાશીને હુવા, સિદ્ધ બુદ્ધ ભગવાન ॥
તે કારણ જિનરાજની, પૂજા અષ્ટ વિધાન ॥ ૩ ॥
ન્હવણ વિલેપન કુસુમની, જિન પુર ધૂપ પ્રદીપ ॥
અક્ષત નૈવેદ્ય ફળતણી, કરો જિનરાજ સમીપ ॥ ૪ ॥

॥ ઢાળ ॥ રૂડી ને રઢીયાળી રે વ્હાલા—એ દેશી ॥

ન્હવણની પૂજા રે, નિરમલ આતમા રે ॥ તીર્થોદકનાં જળ મેલાય, મનોહર ગંધે તે ભેળાય ॥ ન્હવણ૦ ॥ ॥ ૧ ॥ સુરગિરિ દેવા રે, સેતા જિનતણી રે ॥ કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન્હવણુ તે નિરમળ થાય, કનક રજત મણિ કળશ ઢળાય ।। ।। ન્હવ૦ ।। ૨ ।। સૂરવહુ નાચે રે, માચે રંગશું રે ।। ગાયક દેત તે જિનગુણ ગાય, વૈશાલિક મુખદર્શન થાય ।। ।। ન્હવ૦ ।। ૩ ।। ચિહુંગતિ સાંહે રે, ચેતન રોળીયો રે ।। સુર નર સુખિયા જે સંસાર, નારક તિરિ દુઃખનો ભંડાર ।। ।। ન્હવ૦ ।। ૪ ।। શે વશ સુખમાં, સ્વામી ન સાંભર્યા રે ।। તેણે હું રઝળ્યો કાળ અનંત, મલિન રતન નવિ તેજ ઝગંત ।। ન્હવ૦ ।। ૫ ।। પ્રભુ નવરાવી રે, મેલ નિવારશું રે ।। વેદની વિઘટે મણિ ઝલકંત, શ્રીશુભવીર મળે એકાંત ।। ન્હવ૦ ।। ૬ ।।

।। કાવ્યં-ઉપજાતિવૃત્તમ્ ।।

તીર્થોદકૈર્મિશ્રિતચંદનૌઘૈઃ, સંસારતાપાહતયે શુશીતૈઃ ।।
જરાજનિપ્રાંતરજોભિશાંત્યૈ, તત્કર્મદાહાર્થમજં યજેહં ।૧।

।। દ્રુતવિલમ્બિતવૃત્તદ્વયમ્ ।।

સુરનદીજલપૂર્ણઘટૈર્ઘનૈ, —ઘુસૃણમિશ્રિતવારિભૃતૈઃ પરૈઃ ।। સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ।। ૨ ।। જનમનોમણિભાજનભારયા, શમરસૈકસુધારસધારયા ।। સરલબોધકલારમણીયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ।। ૩ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય, વેદનીયકર્મ નિવારણાય, શ્રીમતે વીરજિનેંદ્રાય, જલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય ચંદનપૂજા ॥

### ॥ દુહો ॥

વેદની કર્મતણી કહું, ઉત્તર પયડી દોય ॥
જાસ વિવશ ભવચોકમાં, મુંઝાણા સહુ કોય ॥૧॥

॥ ઢાળ ॥ રાગ આશાવરી-સાહિબા સહસફણા એ દેશી ॥

તન વિકસે મન ઉલ્લસે રે, દેખી પ્રભુની રીત ॥ દાયક દિલ વસિયા ॥ ઝૂરણ લાગી જીભડી રે, પૂરણ બાંધી પ્રીત ॥ દા૦ ॥ ૧ ॥ નયન જ્યોતિ સમ પ્રીતડી રે, એક સુરત દોય કાન ॥ દા૦ ॥ વેદની હરી ધનવંતરી રે, કરિયે આપ સમાન ॥ દા૦ ॥ ૨ ॥ વેદની ઘર વાસો વસ્યો રે, નડિયા નાથ કુનાથ ॥ દા૦ ॥ પાણી વલોવ્યું એકલું રે, ચતુર ન ચડિયો હાથ ॥ દા૦ ॥ ૩ ॥ ખડ્ગધાર મધુલેપશું રે, તેહવો એ સંસાર ॥ દા૦ ॥ લક્ષણ વેદની કર્મનું રે, ફળ કિંપાક વિચાર ॥ દા૦ ॥ ૪ ॥ તુજ શાસન પામે થકે રે, પણ લાધ્યો કર્મનો મર્મ ॥ દા૦ ॥ કોડી કપટ કોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાખવે રે, પણ ન તજું તુઝ ધર્મ ॥ દા૦ ॥ ૫ ॥ પૂજ્ય મળે પૂજા રચું રે, કેસર ઘોળી હાથ ॥દા૦॥ શ્રી શુભવીર વિજય પ્રભુ રે, મળિયો અવિહડ સાથ ॥ દા૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

જિનપતેર્વરગંધસુપૂજનં, જનિજરામરણોદ્ભવભીતિહૃત્ ॥ સકલરોગવિયોગવિપદ્ધરં, કુરુકરેણ સદા નિજ પાવનમ્ ॥ ૧ ॥ સહજકર્મકલંકવિનાશનૈ, રમલભાવ–સુવાસનચંદનૈ–રનુપમાન–ગુણાવલિદાયકં સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, વેદનીયકર્મ નિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય, ચંદનં યજામહે સ્વાહા ॥

॥ તૃતીય પુષ્પપૂજા ॥

॥ દુહો ॥

બળિયો સાથ મળે થકે, ચોરતણું નહીં જોર ॥
જિનપદ ફૂલે પૂજતાં, નાસે કર્મ કઠોર ॥ ૧ ॥

॥ ઢાળ ॥ રાગ સારંગ–હો ધન્ના—એ દેશી ॥

કર્મ કઠોર દૂર કરો રે મિત્તા! પામી શ્રી જિનરાજ ॥ ફૂલપગર પૂજા રચો રે મિત્તા ! પામી નરભવ આજ રે ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રંગીલા મિત્તા! એ પ્રભુ સેવોને ॥ એ પ્રભુ સેવો સાનમાં રે મિત્તા! પામો શિવરાજ રે! ॥ રંગી૦ ॥ એ૦ ॥ ૧ ॥ વેદનીવશ તુમે કાં પડો રે મિત્તા! જેહને પ્રભુ શું વેર ॥ સાહિબ વેરી ન વીસરો રે મિત્તા! તો હોય સાહિબ મહેર રે ॥ રંગી ॥ એ૦ ॥ ૨ ॥ છઠ્ઠા ગુણઠાણા લગે રે મિત્તા! બંધ અશાતા જાણ ॥ શાતા બાંધે કેવલી રે મિત્તા! તેરમે પણ ગુણઠાણ રે ॥ રંગી૦ ॥ એ૦ ॥ ૩ ॥ શાતા અશાતા એક પદે રે મિત્તા! ચરમગુણે પરિહાર! સત્તા ઉદયથી કેવલી રે મિત્તા! સહે પરિસહ અગિયાર રે ॥ રંગી૦ ॥ એ૦ ॥ ૪ ॥ તીસ કોડાકોડી સાગરૂ રે મિત્તા! લઘુ સાતૈયા ત્રિભાગ ॥ બંધ અશાતા વેદની રે મિત્તા! હવે શાતા સુ-વિભાગ રે ॥રંગી૦ ॥એ૦ ॥૫॥ પન્નર કોડ કોડી સાગરૂ રે મિત્તા! લઘુ દોય સમય તે થિર ॥ ગોયમ સંશય ટાલિયો રે, મિત્તા! ભગવઈમાં શુભવીર રે ॥ રંગી૦ ॥ એ૦ ॥૬॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુમનસાં ગતિદાયિ વિધાયિના, સુમનસાં નિકરૈઃ પ્રભુ પૂજનમ્ ॥ સુમનસા સુમનોગુણસંગિના, જન! વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને ॥ ૧ ॥ સમયસારસુપુષ્પસુમાલયા, સહજ કર્મકરેણ વિશોધયા ॥ પરમયોગબલેન વશીકૃતં, સહજ સિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ—જરા—મૃત્યુ-નિવારણાય, વેદનીય બંધનિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય, કુસુમાનિ યજામહે સ્વાહા ॥

॥ ચતુર્થ ધૂપપૂજા ॥

॥ દુહા ॥

ઉત્તરાધ્યયને સ્થિતિ લઘુ, અંતર મુહૂર્ત કહાય ॥
પન્નવણામાં બાર તે, શાતાબંધ સંપરાય ॥ ૧ ॥
શાતા વેદની બંધનું, ઠાણ પ્રભુ પુર ધૂપ ॥
મિચ્છત્ત દુર્ગંધ દૂર ટળે, પ્રગટે આત્મસ્વરૂપ ॥૨॥

॥ ઢાળ ॥ વિમલાચળ વેગે વધાવો—એ દેશી ॥

ચઉમાસી પારણું આવે, કરી વિનતિ નિજ ઘર જાવે, પ્રિયા પુત્રને વાત જણાવે, પટકૂળ જરી પથરાવે રે॥ મહાવીર પ્રભુ ઘર આવે ॥ જીરણશેઠ ભાવના ભાવે રે ॥મહા૦॥ ॥૧॥ ઉભી શેરીયે જળ છંટકાવે, જાઈ કેતકી ફૂલ બિછાવે ॥ નિજ ઘર તોરણ બંધાવે, મેવા મીઠાઈ થાળ ભરાવે રે ॥મહા૦ ॥ ૨ ॥ અરિહાને દાનજ દીજે, દેતાં દેખી જે રીઝે ॥ ષટ્ માસી રોગ હરીજે સીઝે દાયક ભવ ત્રીજે રે મહા૦ ॥ ૩ ॥ તે જિનવર સનમુખ જાવું, મુજ મંદિરીયે પધરાવું ॥ પારણું ભલી ભકતે કરાવું, જુગતે જિનપૂજા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રચાવું રે ।। મહા૦ ।। ૪ ।। પછી પ્રભુને વોળાવા જઈશું, કર જોડી સામા રહીશું, નમી વંદી પાવન થઈશું, વિરતિ અતિ રંગે વરશું રે ।। મહા૦ ।। ૫ ।। દયા, દાન, ક્ષમા, શીલ ધરશું, ઉપદેશ સજ્જનને કરશું ।। સત્ય જ્ઞાનદશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે ।। મહા૦ ।। ૬ ।। એમ જીરણશેઠ વદંતા, પરિણામની ધારે ચઢંતા ।। શ્રાવકની સીમે ઠરંતા, દેવદુંદુભિનાદ સુણંતા રે ।। મહા૦ ।। ૭ ।। કરી આયુ પૂરણ શુભ ભાવે, સુરલોક અચ્યુતે જાવે ।। શાતા-વેદની સુખ પાવે, શુભવીર વચનરસ ગાવે રે ।। મહા૦।।૮।।

।। કાવ્યં ।। દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ।।

અગરુમુખ્ય–મનોહરવસ્તુના, સ્વનિરુપાધિગુણૌઘવિધાયિના, પ્રભુશરીરસુગંધસુહેતુના, રચય ધૂપન-પૂજન-મર્હતઃ ।। ૧ ।। નિજગુણાક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલં પ્રવિકર્ષણમ્, વિશદબોધમનંતસુખાત્મકં, સહજ સિદ્ધમહં પરિપૂજયે ।। ૨ ।।

।। અથ મંત્ર ।।

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, શાતાબંધાપહારાય શ્રીમતે વીરજિનેંદ્રાય, ધૂપં યજામહે સ્વાહા ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ પંચમ દીપકપૂજા ॥

### ॥ દુહો ॥

શાતાબંધક પ્રાણીયા, દીપે એણે સંસાર ॥
તેણે દીપક પૂજા કરી, હરિયે દુઃખ અંધાર ॥૧॥

॥ ઢાળ ॥ ચતુરા ચેતો ચેતનાવલી—એ દેશી ॥

સાંભળજો મુનિ સંયમરાગે, ઉપશમણ શ્રેણે ચઢિયા રે ॥ શાતાવેદની બંધ કરીને, શ્રેણી થકી તે પડિયા રે ॥ સાં૦ ॥ ॥૧॥ ભાખે ભગવઈ છઠ્ઠતપ બાકી, સાત લવાયુ ઓછે રે ॥ સર્વારિથસિદ્ધ મુનિ પોહોતા. પૂર્ણાયુ નવિ છોછે રે ॥સાં૦॥ ॥૨॥ શય્યામાં પોઢયા નિત્ય રહેવે, શિવમારગ વિસામો રે ॥ નિર્મળ અવધિનાણે જાણે, કેવળી મન પરિણામો રે ॥સાં૦॥ ॥ ૩ ॥ તે શય્યા ઉપર ચંદરુવે, ઝુંબખડે છે મોતી રે ॥ વિચલું મોતી ચોસઠ મણનું, ઝગમગ જાલિમ જ્યોતિ રે ॥ ॥ સાં૦ ॥ ૪ ॥ બત્રીશ મણના ચઉ પાંખલિયે, સોલમણાં અડસુણિયાં રે ॥ આઠમણાં સોલસ મુક્તાફળ, તિમ બત્રીશ ચઉ મણિયાં રે ॥ સાં૦ ॥ ૫ ॥ દો મણ કેરાં ચોસઠ મોતી, ઇગસય અડવીશ મણિયાં રે ॥ દોસય ને વળી ત્રેપન મોતી, સર્વે થઈને મળિયાં રે ॥ સાં૦ ॥ ૬ ॥ એ સઘળાં વિચલાં મોતીશું, આફળે વાયુ યોગે રે ॥ રાગરાગિણી નાટક પ્રકટે, લવસત્તમ સુર ભોગે રે ॥સાં૦ ॥ ૭ ॥ ભૂખ તરસ છીપે રસ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લીના, સુર સાગર તેત્રીશ રે ।। શાતા લહેરમાં ક્ષણ ક્ષણ સમરે. વીરવિજય જગદીશ રે ।। સાંભળજો૦ ।। ૮ ।।

।। કાવ્યં ।। દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ।।

ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વરસદ્મનિ-શોભરમ્ । સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલ-કારણમાતરમૂ ।। ૧ ।। શુચિમનાત્મચિદુજ્જવલદીપકૈ,-જ્વલિતપાપપતંગસમૂહકૈ: ।। સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહં પરિપૂજયે ।। ૨ ।।

।। અથ મંત્ર ।।

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ—જરા—મૃત્યુ-નિવારણાય, શાતોત્તર સુખપ્રાપણાય શ્રીમતે વીરજિનેંદ્રાય, દીપં યજામહે સ્વાહા ।।

## ।। ષષ્ઠ અક્ષતપૂજા ।।

।। દુહો ।।

અક્ષત પૂજાએ કરી. પૂજો જગત દયાળ ।।
હવે અશાતાવેદની, બંધનાં ઠાણ નિહાળ ।। ૧ ।।

।। ઢાળ ।। બટાઉની—દેશી ।।

પ્રભુ ! તુજ શાસન મીઠડું રે, સમતાસાધન સાર ।। યોગનાલિકા રૂઅડી, તે તો જ્ઞાનીને ઘરબાર રે ।। હું રોળ્યો એણે સંસાર રે, ગુણ અવગુણ સરિખા ધાર રે, હીરો હાથ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખોયો અંધાર રે, ન કરી જ્ઞાનીશું ગોઠડી મેરે લાલ ॥૧॥ શોક કર્યો સંસારમાં રે, પરને પીડા દીધ ॥ ત્રાસ પડાવ્યા જીવને, જીવ બંધીખાને લીધ રે ॥ મુનિરાજની નિંદા કીધ રે, મુનિ સંતાપ્યા બહુવિધ રે, રાજા દેવસેનાભિધરે, એક સરિયશતક પ્રરસિદ્ધરે ॥ ન૦ ॥ ૨ ॥ માણસના વધ આચર્યા રે, છેદન ભેદન તાસ ॥ થાપણ રાખી ઓળવી, કરી ચાડી પડાવ્યા ત્રાસ રે ॥ દમિયા પર ક્રોધ નિવાસ રે, કેઈ ઝુઝવિયા રહી પાસ રે, કેઈ જીવની ભાંગી આસ રે, થયો કરપી કપિલાદાસ રે ॥ ન૦ ॥ ૩ ॥ એમ અશાતાવેદની રે, બાંધે પ્રાણી અનંત ॥ સૂત્ર વિપાકે સાંભળો, મૃગાપુત્રતણો દૃષ્ટાંત રે, સુણી કંપે સમકિતવંત રે, સુખ અક્ષય પામે એકાંતરે, કરો અક્ષતપૂજા સંત રે, શુભવીર ભજો ભગવંત રે ॥ન૦॥૪॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ક્ષિતિતલેઽક્ષતશર્મનિદાનકં, ગણિવરસ્ય પુરોઽક્ષતમંડલમ્ ક્ષતવિનિર્મિત દેહનિવારણં, ભવપયોધિસમુદ્ધરણોદ્યતમ્ ॥ ૧ ॥ સહજભાવસુનિર્મલતંદુલૈ–ર્વિપુલદોષ–વિશોધકમંગલૈઃ ॥ અનુપરોધસુબોધવિધાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવારણાય, અશાતાબંધસ્થાન નિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય, અક્ષતં યજામહે સ્વાહા ॥

॥ સપ્તમ નૈવેદ્યપૂજા ॥

॥ દુહો ॥

ન કરી નૈવેદ્ય પૂજના, ન ધરી ગુરુની શીખ ॥
લહે અશાતા પરભવે, ઘર ઘર માગે ભીખ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ રાગિણી–મ્હારી સહિરે સમાણી—એ દેશી ॥

તુજ શાસનરસ અમૃત મીઠું, સંસારમાં નવિ દીઠું રે ॥ મનમોહન સ્વામી ॥ દીઠું પણ નવિ લાગ્યું મીઠું, નારક દુઃખ તેણે દીઠું રે ॥ મ૦ ॥ ૧ ॥ દશવિધ વેદના અતુલ તે પાવે, દુઃખમાં કાળ ગમાવે રે ॥ મ૦ ॥ પરમાધામી દુઃખ ઉપજાવે, ભવભાવનાયે ભાવે રે ॥ મ૦ ॥ ૨ ॥ જેમ વિષ-ભુક્તિ તલાર અવાજા, એક નગરે એક રાજા રે ॥ મ૦ ॥ શત્રુસૈન્ય સમાગમ પહેલું, ગામ ગામ વિષ ભેળ્યું રે ॥ મ૦ ॥ ૩ ॥ ધાન્ય મીઠાઈ મીઠા જળમાં, ગોળ ખાંડ તરુ ફળમાં રે ॥ મ૦ ॥ પડહો વજાવી એમ ઉપદેશે, જે મીઠાં જળ પીશે રે ॥ મ૦ ॥ ૪ ॥ ભક્ષ્ય ભોજ્ય રસ લીના ખાશે, તે યમમંદિર જાશે રે ॥ મ૦ ॥ દૂર દેશાગત ભોજન કરશે, ખારા પાણી પીશે રે ॥ મન ॥ ૫ ॥ તે ચિરંજીવ લહે સુખશાતા, કદીય ન હોય અશાતા રે ॥ મ૦ ॥ નૃપ આણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરી તે રહ્યા સુખિયા, બીજા મરણ લહે દુઃખીયા રે ॥ મ૦ ॥ ॥ ૬ ॥ વિષમિશ્રિત વિષયારસ લીના, બ્રહ્મદત્ત નરક પહુત્તા રે ॥ મ૦ ॥ મેઘકુમાર ધન્નો સુખભાજા, શ્રી શુભવીર તે રાજા રે ॥ મનમોહન સ્વામી ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ ॥

અનશનં તું મમાસ્તિવતિ ક્ષુદ્બના, રુચિરભોજન-સંચિત ભોજનં ॥ પ્રતિદિનં વિધિના જિનમંદિરે, શુભ-મતે બત ઢૌકય ચેતસા ॥ ૧ ॥ કુમતબોધ વિરોધનિવેદકૈ-ર્વિહિત જાતિજરામરણાંતકૈઃ ॥ નિરશનઃ પ્રચુરાત્મગુણા-લયં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રી પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય, અશાતોદય નિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય, નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

॥ અષ્ટમ ફલપૂજા ॥

॥ દુહો ॥

આત્મિક ફળ પ્રગટાવીયું, ટાળી શાતા અશાત ॥
ત્રિશલા નંદન આગળે, ફળ પૂજા પરભાત ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ઢાળ આઠમી॥નંદકુમાર કેડે પડયો, કેમ જળ અમે ભરીએ-એ દેશી॥

વીર કુંવરની વાતડી કેને કહિયે, કેને કહિયે રે કેને કહિયે ॥ નવિ મંદિર બેસી રહિયે, સુકુમાળ શરીર ॥ વીર૦ ॥ એ આંકણી ॥ બાળપણાથી લાડકો નૃપ ભાવ્યો, મળી ચોસઠ ઇંદ્ર મલ્હાવ્યો ॥ ઇંદ્રાણી મળી હુલરાવ્યો, ગયો રમવા કાજ ॥ વીર૦॥ ૧ ॥ છોરુ ઉછાંછળાં લોકનાં કેમ રહિયે, એની માવડીને શું કહિયે ॥ કહિયે તો અદેખાં થઈયે નાશી આવ્યાં બાળ ॥ વીર૦ ॥ ૨ ॥ આમલકી ક્રીડ વશે વીંટાણો, મોટો ભોરિંગ રોષે ભરાણો ॥ હાથે ઝાલી વારે તાણ્યો, કાઢી નાંખ્યો દૂર ॥ વીર૦ ॥ ૩ ॥ રૂપ પિશાચનું દેવતા કરી ચલિયો, મુજ પુત્રને લેઈ ઉછળિયો ॥વીર મુષ્ટિ પ્રહારે વળિયો, સાંભળીયે એમ ॥ વીર૦ ॥૪॥ ત્રિશલામાતા મોજમાં એમ કહેતી, સખિયોને ઓળંભા દેતી ॥ ક્ષણ ક્ષણ પ્રભુ નામ જ લેતી, તેડાવે બાળ ॥ વીર૦ ॥ ૫ ॥ વાટ જોવંતા વીરજી ઘેર આવ્યા, ખોળે બેસારી હુલરાવ્યા ॥ માતા ત્રિશલાએ નવરાવ્યા, આલિંગન દેત ॥ વીર૦ ॥ ૬ ॥ યૌવનવય પ્રભુ પામતા પરણાવે, પછી સંયમશું દિલ લાવે ॥ ઉપસર્ગની ફોજ હઠાવે, લીધું કેવળનાણ ॥ વીર૦ ॥ ૭ ॥ કર્મસૂદન તપ ભાખિયું જિનરાજે, ત્રણ લોકની ઠકુરાઈ છાજે ॥ ફળ પૂજા કહી શિવકાજે, ભવિને ઉપગાર ॥ વીર૦ ॥ ૮ ॥ શાતા અશાતા વેદની ક્ષય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કીધું, આપે અક્ષય પદ લીધું ॥ શુભવીરજીનું કારજ સીધ્યું, ભાંગે સાદિ અનંત ॥ વીર૦ ॥ ૯ ॥

॥ કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

શિવતરોઃ ફલદાનપરૈર્નવૈ—ર્વરફલૈઃ કિલ પૂજય તાર્થપમ્ ॥ ત્રિદશનાથનતક્રમપંકજં, નિહતમોહમહીધરમંડલમ્ ॥૧॥ શરમસૈકસુધારસમાધુરૈ—રનુભવાખ્ય ફલૈરભયપ્રદૈઃ ॥ અહિતદુઃખહરં વિભવપ્રદં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ—જરા—મૃત્યુ-નિવારણાય, વેદનીયકર્મ દહનાય, શ્રીમતે વીરજિનેંદ્રાય, ફલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ તૃતીય દિવસેઽધ્યાપનીય વેદનીયકર્મ નિવારણાય ॥ તૃતીય—પૂજાષ્ટકં સંપૂર્ણમ ॥

## મોહનીયકર્મસૂદનાર્થં ચતુર્થ પૂજા

( આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ )

૧. દ્રાક્ષનાં પાણી, ૨. બાવનાચંદન, ૩. જાઈ, કેવડો અને જાસુદનાં ફૂલ, ૪. દશાંગ ધૂપ, ૫. બે દીવેટનો દીપક, ૬. વ્રીહિ ૭. અખંડ નૈવેદ્ય, ૮. ફળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ પ્રથમ જલપૂજા ॥

### ॥ દુહા ॥

શ્રી શુભવિજય સુગુરુ નમી, માતપિતા સમ જેહ ॥ બાળપણે બતલાવીયો, આગમનિધિ ગુણગેહ ॥ ૧ ॥ ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુથી લહિયે નાણ ॥ નાણથકી જગ જાણીયે, મોહનીનાં અહિઠાણ ॥ ૨ ॥ કષ્ટ તે કરવું સોહિશું, અજ્ઞાના પશુ ખેલ ॥ જાણપણું જગદોહિલું, જ્ઞાની મોહનવેલ ॥ ૩ ॥ અજ્ઞાની અવિધિ કરે, તપ જપ કિરિયા જેહ ॥ વિરાધક ષટ્ કાયનો, આવશ્યકમાં તેહ ॥ ૪ ॥ મૂરખમુખ આગમસુણી, પડિયા મોહનો પાસ ॥ આગમ લોપે બિહું જણા, નરક નિગોદે વાસ ॥ ૫ ॥ મૂરખસંગ અતિ મળે, તો વસિયે વનવાસ ॥ પંડિતશું વાસો વસી, છેદો મોહનો પાસ ॥ ૬ ॥ કુચ્છ મિચ્છા કષાય સવિ, ભય ધ્રુવબંધિ એહ ॥ શેષ અધ્રુવબંધિ કહી, મિચ્છ ધ્રુવોદય ગેહ ॥ ૭ ॥ સગવીસ અધ્રુવોદય કહી, હવે અધ્રુવ સમમીસ ॥ સત્તાથી દૂરે કરો, ધ્રુવસત્તા છવ્વીસ ॥ ૮ ॥ મોહની દૂર થયે થકે, નાસે કર્મ સંભાર ॥ કારણથી કારજ સધે, પૂજા અષ્ટપ્રકાર ॥ ૯ ॥

॥ ઢાળ ॥ ઓધવ માધવને કહેજો—એ દેશી ॥

જળપૂજા જુગતે કરીએ, મોહની બંધ ઠાણ હરીએ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનતડી પ્રભુને કરીએ રે ॥ ચેતન ચતુર થઈ ચૂકયો ॥ નિજગુણુ મોહવશે મૂકયો રે ॥ ચે૦ ॥ ૧ ॥ જીવ હણ્યા ત્રસ જળ ભેટી, દઈ ફાંસો મોગર કૂટી ॥ મુખ દાબી વાધર વીંટી રે ॥ ચે૦ ॥ ૨ ॥ કલેશ શમ્યો ઊદિરણીયા, અરિહા અવગુણ મુખ ભણીયા ॥ બહુ પ્રતિપાલકને હણિયા રે ॥ ॥ ચે૦ ॥ ૩ ॥ ધર્મી ધર્મથી ચૂકવિયા, સૂરિ પાઠક અવગુણ લવીયા ॥ શ્રુતદાયક ગુરુ હેલવીયા રે ॥ ચે૦ ॥ ૪ ॥ નિમિત્ત વસીકરણે ભરીઆ, તપસી નામ વૃથા ધરીઆ ॥ પંડિત વિનય નવિ કરીઆ રે ॥ ચે૦ ॥ ૫ ॥ ગામ દેશ ઘર પરજાળ્યાં, પાપ કરી અન્ય શિર ઢાળ્યાં ॥ કપટ કરી બહુ જન વાળ્યાં રે ॥ ચે૦ ॥ ૬ ॥ બ્રહ્મચારી થઈ ગવરાણો, પરદારાશું મુંઝાણો ॥ પરધન દેખી દુહવાણો રે ॥ ચે૦ ॥ ૭ ॥ પરદ્રોહી મિથ્યાભાષી, વિશ્વાસઘાતી કૂડશાખી ॥ મુનિ છંડી સેવ્યા ખાખી રે ॥ ચે૦ ॥ ૮ ॥ મોહનીબંધ કરી ફરિયો, સિત્તેર કોડાકોડિ સાગરિયો ॥ હવે તુમ શાસન અવતરિયો રે ॥ ચે૦ ॥ ૯ ॥ શ્રી શુભવીર મયા કીજે, જિમ સેવક કારજ સીઝે ॥ વાંક ગુનો બક્ષી દીજે રે ॥ ચેતન ચતુર થઈ ચૂકયો ॥ ૧૦ ॥

॥ કાવ્યં-ઉપજાતિવૃત્તમ્ ॥

તીર્થોદકૈર્મિશ્રિતચંદનૌઘૈઃ, સંસારતાપાહતયે સુશીતઃ ॥
જરાજનિપ્રાંતરજો-ભિશાંત્યૈ, તત્કર્મદાહાર્થમજંયજેહં ॥૧

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુરનદીજલપૂર્ણઘટૈર્ઘનૈ, —ર્ઘુસૃણમિશ્રિતવારિભૃતૈઃ પરૈઃ ॥ સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ॥ ૨ ॥ જનમનોમણિભાજનભારયા, શમરસૈકસુધારસધારયા ॥ સરલબોધકલારમણીયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૩ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય, મોહનીયબંધસ્થાન નિવારણાય, શ્રીમતે વીર-જિનેંદ્રાય, જલં યજામહે સ્વાહા ॥

॥ દ્વિતીય ચંદનપૂજા ॥

॥ દુહો ॥

બીજી ચંદન પૂજના પૂજો ભેળી કપૂર ॥
અડવીશ પયડી માંહિથી, ચારિત્ર મોહની દૂર ॥ ૧ ॥

॥ રાગ બિહાગ-બિલાવલ, ઘડી ઘડી સાંભળો સાંઈ સલુણા-એ દેશી ॥

ચંદનપૂજા ચતુર રચાવે, મોહમહીપતિ મહેલ ખણાવે, ॥ ચં૦ ॥ ચારિત્રમોહની મૂળ જલાવે, જિનગુણ ધ્યાન અનલ સળગાવે ॥ ચં૦ ॥ ૧ ॥ ચાર અનંતાનુબંધિ વિષ-ધર, સુર વસુદત્ત મુનિરૂપ ધરાવે ॥ ચં૦ ॥ ત્રણ્ય નાગ એક નાગણી મોટી, પડિબોહણ નાગદત્ત ડસાવે ॥ ચં૦ ॥ ૨ ॥ જાવજીવ ચારનું વિષ રહેવે, સજજનને એણી પરે સમજાવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ચં૦ ॥ નરક લહે સમકિત ગુણઘાતે, અંતે સમાધિપણું નવિ પાવે ॥ ચં૦ ॥ ૩ ॥ ચાલીશ સાગર કોડાકોડી, બંધ ઉદય સાસ્વાદન ભાવે ॥ ચં૦ ॥ આઠમે ગુણઠાણે વીશ સત્તા, પર્વતરેખા ક્રોધ કહાવે ॥ ચં૦ ॥ ૪ ॥ આઠ ફણાલો માન મણિધર, પથ્થરથંભને કોણ નમાવે ॥ ચં૦ ॥ ઘનવંશી મૂળ માયા નાયણી, લોભ કિરમજી રંગ કોણ હઠાવે ॥ ચં૦ ॥ ૫ ॥ મેં વશ કીધા મુનિ કિરિયાથી, મંત્રમણિ મહોરે વશ નાવે ॥ચં૦॥ જાંગુલી વાદીને પાણી ભરાવે, નાગદત્ત વસુદત્ત જગાવે ॥ ચં૦ ॥ ૬ ॥ સામાયિક દંડક ઉચ્ચરાવે, એ સમો મંત્ર ન કો જગ આવે ॥ ચં૦ ॥ શ્રી શુભવીરના શાસન માંહે, નાગદત્ત અક્ષયપદ પાવે ॥ ચંદન૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

જિનપતેર્વરગંધસુપૂજનં, જનિજરામરણોદ્ભવભીતિહૃત ॥ સકલરોગવિયોગવિપદ્ધરં, કુરુકરેણ સદા નિજપાવનમ્ ॥ ૧ ॥ સહજકર્મકલંકવિનાશનૈ, રમલભાવસુવાસનચંદનૈ–રનુપમાન–ગુણાવલિદાયકં, શહજસિદ્ધમહં પરિપૂજરે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, અનંતાનુબંધિકષાય દહનાય શ્રીમતે વીરજિનેંદ્રાય, ચંદનં યજામહે સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ તૃતીય પુષ્પપૂજા ॥

### ॥ દુહો ॥

અપચ્ચખ્ખાણી ચોકડી, ટાળી અનાદિની ભૂલ ॥
પરમાતમ પદ પૂજીયે, કેતકી જાયને ફૂલ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ રાણી રૂએ રંગ મ્હેલમાં રે—એ દેશી ॥

ફૂલપૂજા જિનરાજની રે, વિરતિને ઘરબાર રે ॥ ॥ સનેહા ॥ તે ગુણલોપક અપચ્ચખાણી, જે ક્રોધાદિક ચાર રે ॥ સનેહા ॥ ચાર ચતુર ચિત્ત ચોરટા રે, મોહ મહીપતિ ઘેર રે ॥ સ૦ ॥ ચા૦ ॥ ૧ ॥ ચાલીસ સાગર કોડાકોડી, બંધથિતિ અનુસાર રે ॥ સ૦ ॥ ઉદય વિપાક અબાધા કાળે, વર્ષ તે ચાર હજાર રે ॥ સ૦ ॥ ચા૦ ॥ ॥ ૨ ॥ બંધ ઉદય ચોથે ગુણે રે, નવમે સત્તા ટાળ રે ॥ ॥ સ૦ ॥ વર્ષ લગે તે પાપ કરીરે, ન ખમાવે ગુરુ બાળ ॥ રે ॥ સ૦ ॥ ચા૦ ॥ ૩ ॥ તિર્યંચની ગતિ એહથી રે, પુઢવી રેખા ક્રોધ રે ॥ સ૦ ॥ અસ્થિ નમાવ્યું વરસે નમે રે, બાહુબલી નરયોધ રે ॥ સ૦ ॥ ચા૦ ॥ ૪ ॥ માયા મિંઢાસિંગ સારીખી રે, લોભ તે કર્દમરંગ રે ॥ સ૦ ॥ અનીતિપુરે વ્યવહારિયો રે, રણઘંટાને સંગ રે ॥ સ૦ ॥ ચા૦ ॥ ॥ ૫ ॥ ચાર ધૂતારા વાણિયા રે, પાસેથી વાળ્યું ચિત્ત રે ॥ સ૦ ॥ રત્નચૂડ પરે શુભવીરશું[1] રે, લાગે ચતુરનું

---

૧. વિરતિશું પાઠાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિત્ત રે ॥ સ૦ ॥ ચા૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુમનસાં ગતિદાયિ વિધાયિના, સુમનસાં નિકરૈઃ પ્રભુ પૂજનમ્ । સુમનસા સુમનોગુણસંગિના, જન! વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને ॥ ૧ ॥ સમયસારસુપુષ્પસુમાલયા, સહજ કર્મહરેણ વિશોધયા ॥ પરમયોગબલેન વશીકૃતં, સહજ સિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, અપ્રત્યાખ્યાનીયકષાય નિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય, કુસુમાનિ યજામહે સ્વાહા ॥

॥ ચતુર્થ ધૂપપૂજા ॥

॥ દુહો ॥

પ્રત્યાખ્યાની ચોકડી, દહન કરેવા ધૂપ ॥
પૂજક ઊર્ધ્વગતિ લહે, નળી ન પડે ભલકૂપ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ અનિહાર વાલોજી વાયે છે વાંસળી રે—એ દેશી ॥

અનિહાંરે ધૂપ ધરો જિન આગળે રે, કૃષ્ણાગુરુ ધૂપ-દશાંગ ॥ શ્રેણી ભલી ગુણઠાણની રે ॥ અનિહાંરે ધૂપધાણું રયણે જડયું રે, ઘડયું જાત્યમયી કનકાંગ ॥ શ્રેણી૦ ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અ૦ ।। મુનિવર રૂપ ન દાખવે રે, થિતિબંધ પૂરવની રીત ।। શ્રેણી૦ ।। અ૦ ।। બંધોદય ગુણઠાણે પાંચમે રે, હવે ખાયક શ્રેણી વદીત્ત ।। શ્રેણી૦ ।। ૨ ।। અ૦ ।। સોલ સામંતને ભોળવી રે, વચ્ચે ઘેરી હણ્યા લઈ લાગ ।। શ્રેણી૦ ।। ।। અ૦ ।। નાઠા આઠે સેનાપતિ રે, નવમાને બીજે ભાગ ।। શ્રેણી૦ ।। ૩ ।। અ૦ ।। ચઉમાસા લગે એ રહે રે, મરણે નરની ગતિ જાણ ।। શ્રેણી૦ ।। અ૦ ।। રજરેખા સમ ક્રોધ છે રે, કઠ થંભ સમાણો માણ શ્રેણી૦ ।। ૪ ।। અ૦ ।। માયા ગોમૂત્ર સારખી રે, છે લોભ તે ખંજનરંગ ।। શ્રેણી૦ ।। અ૦ ।। મુનિવર મોહને નાસવે રે, રહી શ્રીશુભવીરને સંગ ।। શ્રેણી૦ ।। અ૦ ।। ધૂપ૦ ।। ૫ ।।

।। કાવ્યં ।। દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ।।

અગરુમુખ્ય-મનોહરવસ્તુના, સ્વનિરુપાધિગુણૌઘવિધાયિના, પ્રભુશરીરસુગંધસુહેતુના, રચય ધૂપન-પૂજન-મર્હતઃ ।। ૧ ।। નિજગુણાક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલં પ્રવિકર્ષણમ્ , વિશદબોધમનંતસુખાત્મકં, સહજ સિદ્ધમહં પરિપૂજયે ।। ૨ ।।

।। અથ મંત્ર ।।

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, પ્રત્યાખ્યાનીયકષાયદહનાય શ્રીમતે વીરજિનેંદ્રાય ધૂપં યજામહે સ્વાહા ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ પંચમ દીપકપૂજા ॥

॥ દુહો ॥

સંજવલનની ચોકડી, જબ જારે તબ ગેહ ॥
જ્ઞાન દીવો પરગટ હુવે, દીપક પૂજા તેહ ॥૧॥

॥ ઢાળ ॥ ચંદ્રપ્રભુ જિન ચંદ્રમા રે—એ દેશી ॥

જગદીપકની આગળે રે, દીપકનો ઉદ્યોત ॥ સંજવલનનો જવલતે થકે રે, ભાવ દીપકની જ્યોત ॥ હો જિનજી૦ ॥૧॥ તેજે તરણીથી વડો રે, દોય શિખાનો દીવડો રે, ઝળકે કેવળ જ્યોત ॥ એ આંકણી ॥ બંધસ્થિતિ પૂરવ પરે કે, સંજવલનતિગ જાણ ॥ બંધ ઉદય સત્તા રહે રે, અનિયાટ્ટ ગુણઠાણ ॥ હો જિનજી ॥ તે૦ ॥ ૨ ॥ લોભ દશા અતિ આકરી રે, નવમે બંધ પલાય ॥ ઉદય ને સત્તા જાણિયે રે, જે સૂક્ષ્મ સંપરાય ॥ હો જિનજી ॥ તે૦ ॥ ૩ ॥ સાહિબ શ્રેણી સંચર્યા રે, લોભનો ખંડ પ્રચંડ ॥ ગુણઠાણા સરિખા કરી રે બેરવ્યો ખંડોખંડ ॥ હો જિનજી ॥ તે૦ ॥ ૪ ॥ પક્ષ લગે ગતિ દેવની રે, જળરેખા સમ ક્રોધ ॥ નેત્રલતા સમ માનથી રે, ચરમ ચરણનો રોધ ॥ હો જિનજી ॥ તે૦ ॥ ૫ ॥ માયા અવલેહી સમી રે, લોભ હરિદ્રા રંગ ॥ ક્ષાયિક ભાવે કેવળી રે, શ્રી શુભવીર પ્રસંગ ॥ હો જિનજી ॥ તે૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલમ્બિતવૃત્તદ્વયમ્ ॥

ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વરસદ્મનિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શોભનમ્ । સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલકારણમાતરમ્ ॥ ૧ ॥ શુચિમનાત્મચિદુજ્જવલદીપકૈ,-જ્વલિતપાપતંગસમૂહકૈઃ ॥ સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહં પરિપૂજ્ય ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, સંજ્વલન જ્વલનાર્થં શ્રીમતે વીરજિનેંદ્રાય, દીપં યજામહે સ્વાહા ॥

॥ ષષ્ઠ અક્ષતપૂજા ॥

॥ દુહો ॥

નવ નોકષાય તે ચરણમાં, રાગદ્વેષ પરિણામ ॥
કારણ જેહ કષાયના, તિણુ નોકષાણુ તે નામ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ સહસાવન જઈ વસિયે રે ચાલોને સખી ॥ એ દેશી ॥

વીર કને જઈ વસિયે, ચાલોને સખિ ! વીર કને જઈ વસિયે ॥ એ આંકણી ॥ અક્ષતપૂજા જિનની કરતાં, અક્ષય મંદિર વસિયે ॥ હાસ્યાદિક ષટ્ ખટપટકારી, તાસ વદન નવિ પસિયે ॥ ચા૦ ॥ ૧ ॥ હાસ્યરતિ દશ કોડાકોડી, સાગર બંધન કસિયે ॥ અરતિ ને ભય, શોક દુગંછા, વીશ કોડાકોડી ખસિયે ॥ ચા૦ ॥ ૨ ॥ ભય, રતિ, હાસ્ય, દુગંછા, અપૂરવ, શેષ પ્રમત્ત બંધ ધસિયે ॥ ઉદયે અપૂરવ સત્તા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવમે, પંચમ ભાગે નસિયે ॥ ચા૦ ॥ ૩ ॥ કાલો ઉદ્ધરતાં મુનિ દેખે, સોહમપતિ મોહ વસિયે ॥ મોહ નડિયા નાણુથી પડિયા, કાઉસગ્ગમાં મુનિ હસિયે ॥ ચા૦ ॥ ૪ ॥ મોહની હાસ્ય વિનોદે વસતાં, જેમ તેમ મુખથી ભસિયે ॥ કોઈ દિન રતિ કોઈ દિન અરતિમાં, શોકમસી લેઈ ઘસિયે ॥ ચા૦ ॥ ૫ ॥ સંસારે સુખ લેશ ન દીઠું, ભય મોહની ચિહું દિશિયે ॥ ચરણ દુગંછા ફળ ચંડાળે, જન્મ મેતારજ ઋષિયે ॥ ચા૦ ॥ ૬ ॥ મોહમહીપતિ મહાતોફાને, મુંઝાણા અહોનિશિયે ॥ શ્રી શુભવીર હજૂરે રહેતાં, આનંદ લહેર વિલસિયે ॥ ચા૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ક્ષિતિતલેઽક્ષતશર્મનિદાનકં, ગણિવરસ્ય પુરોઽક્ષતમંડલમ્ ક્ષતવિનિર્મિત દેહનિવારણં, ભવપયોધિસમુદ્ધરણોદ્યતમ્ ॥ ૧ ॥ સહજભાવસુનિર્મલતંદુલૈ-ર્વિપુલદોષ-વિશોધકમંગલૈઃ ॥ અનુપરોધસુબોધવિધાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રી પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ—જરા—મૃત્યુ-નિવારણાય, હાસ્યષટ્ક નિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય, અક્ષતાન્ યજામહે સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ સપ્તમ નૈવેદ્ય પૂજા ॥

॥ દુહો ॥

આહારે વેદ ઉદય વધે, જેહથી બહુ જંજાળ ॥
નિર્વેદી આગળ ઠવો, ભરી નૈવેદ્યનો થાળ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ રાગ મારુ–અમે જાણી તુમારી વાત રે ॥ એ દેશી ॥

મળીને વિછડશો નહીં કોય રે, મનમાન્યા મોહનને ॥ મળીને૦ ॥ એ આંકણી ॥ વેદ વાહ્યો જીવ, વિષયી થયો ॥ ભવમાંહે ઘણું ભટકાય રે ॥ મન૦ ॥ મોહની ઘર વસ્યો, મોહની ખોળતો ॥ મળે મોહન ન ઓળખાય રે ॥ મન૦ ॥ ૧ ॥ જે ગુણશ્રેણે ચડયા, વેદ ઉદયે પડયા ॥ આષાઢાભૂતિ મુનિરાય રે ॥ મ૦ ॥ એમ અનેક તે ચૂકયા, તપ બળ વને મૂકયા ॥ શકયા નહિ વેદ છુપાય રે ॥ મન૦ ॥ ૨ ॥ મહાનિશીથે કહ્યા, ભવ બહુલ લહ્યા ॥ વેદ ઉદયે રૂપી રાય રે ॥ મ૦ ॥ વેદ વિલુદ્ધા પ્રાણી, કરે સંપદહાણી ॥ રાવણ નમે સીતાના પાય રે ॥ મ૦ ॥ ૩ ॥ દેવ અચ્યુતનિવાસી, પૂરવપ્રિયા પાસી ॥ મણુઅનારીશું લપટાય રે ॥ મ૦ ॥ પન્નવણાયે કહ્યા, વેદવિવશ રહ્યા ॥ ઘર છંડી વિદેશ જાય રે ॥ મ૦ ॥ ૪ ॥ ગળે ફાંસો ધરે, ઝંપાપાત કરે ॥ માત પિતાશું ન લજાય રે ॥ મ૦ ॥ વેદ ત્રિહું ઉદયાણે, નવમ ગુણઠાણે ॥ મિથ્યાતે નપું બંધાય રે ॥ મ૦ ॥ ૫ ॥ નવમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૂજા સુધી, પુરુષ પ્રિયા બંધી ॥ હવે સત્તાથી છેદાય રે ॥મ૦॥ નર નપુંસક નારી, નવમેથી હારી ॥ ષડ ત્રણ્ય ચોથાને ભાય રે ॥ મ૦ ॥ ૬ ॥ નરીથ્થી નપું જોડી, સાગર કોડા કોડી ॥ દશ પન્નર વીશ કહાય રે ॥ મ૦ ॥ વેદે નડયો જડયો, સંસારી ઘડયો ॥ નિર્વેદી ચડયો નહી છાંય રે ॥ મ૦ ॥ ૭ ॥ અબ તું સ્વામી માર્યો, નરભવ જ ફળ્યો ॥ નૈવેદ્ય પૂજા ફળદાય રે ॥ મ૦ ॥ શ્રી શુભવીર હજૂરે, રહો આનંદ પૂરે ॥ ભવવેદન વિસરી જાય રે ॥ મ૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

અનશનં તું મમાસ્ત્વિતિ બુદ્ધિના, રુચિરભોજન-સંચિત ભોજનં ॥પ્રતિદિનં વિધિના જિનમંદિરે શુભં-મતે બત ઢૌક્ય ચેતસા ॥ ૧ ॥ કુમતબોધ વિરોધનિવેદકૈ-ર્વિહિત જાતિજરામરણાંતકૈ: ॥ નિરશન: પ્રચુરાત્મગુણા-લયં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ—જરા—મૃત્યુ-નિવારણાય, વેદત્રિક સૂદનાય શ્રીમતે વીરજિનેંદ્રાય, નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

॥ અષ્ટમ ફલપૂજા ॥

॥ દુહો ॥

મોહ મહીભટ કેસરી, નામે તે મિથ્યાત ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફળપૂજા પ્રભુની કરી, કરીશું તેહનો ઘાત ॥ ૧ ॥
॥ ઢાળ ॥ રાગ વસંત-ધુમાલ, અહો મેરે લલના ॥ એ દેશી ॥
મોહ મહીપતિ મહેલમેં બેઠે, દેખો આયો વસંત ॥ લલના ॥ વીરજિણંદ રહે વનવાસે, મોહસેં ન્યારો ભગવંત ॥ ચતુરાકે ચિત્ત ચંદ્રમા હો ॥ ૧ ॥ મંજરી પિંજરી કોયલ ટહુકે ફૂલી ફળી વનરાય ॥ લલના ॥ ધર્મરાજ જિનરાજજી ખેલે, હોરી ગોરી અજજવી કાય ॥ ચ૦ ॥૨॥ સંતોષમંત્રા વડો મુખ આગે, સમકિત મંડળી ભૂપ ॥ લલના ॥ સામંત પંચ મહાવ્રત છાજે, ગાજે માર્દવ ગજરૂપ ॥ ચ૦ ॥ ૩ ॥ ચરણ કરણ ગુણ પાયદળ ચાલે, સેનાની શ્રુતબોધ ॥લલના॥ શિલાંગરથ શિરસાંઈ સુહાવે, અધ્યવસાય જસયોધ ॥ચ૦॥ ॥ ૪ ॥ મોહરાય પણ ઇણે સમે આયો, માયા પ્રિયા સુતકામ ॥ લલના ॥ મંત્રી લોભ ભટ દુર્દ્ધર ક્રોધા, હાસ્યાદિ ષડ્રથ ઠામ ॥ચ૦॥ ૫ ॥ મિથ્યાતમંડળી રાય અટારો, બંધઉદય નિજઠાણ ॥લલના॥ સમકિત મિશ્ર મોહની લઘુ ભાઈ, ઉદયે સત્તમ સમ્મ જાણ ॥ચ૦॥ ૬ ॥ સિત્તર સાગર કોડાકોડી, મિથ્યાત્વનો સ્થિતિબંધ ॥ લલના ॥ સત્તા ત્રણ્યની અડ-ગુણઠાણે, માનહસ્તીયે ચાહે ધંધ ॥ ચ૦ ॥ તસ રક્ષક મન જિન પલટાયો, સોહ તે ભાગ્યો જાય ॥ લલના ॥ ધ્યાન કેશરિયા કેવળ વરીયા, વસંત અનંત ગુણ આય ॥ચ૦॥ તે શુભવીર જિણંદ દાખ્યો, કર્મસૂદનતપ એહ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લલના ॥ તપફળ ફળપૂજા કરી યાચો, સાચો સાંઈશું કરો નેહ ॥ ચ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

શિવતરોઃ ફલદાનપરૈર્નવૈ–ર્વરફલૈઃ કિલ પૂજ્ય તીર્થપમ્ ॥ ત્રિદશનાથનતક્રમપંકજં, નિહતમોહમહીધરમંડલમ્ ॥ ૧ ॥ શમરસૈકસુધારસમાધુરૈ–રનુભવાખ્ય ફલૈરભયપ્રદૈઃ ॥ અહિતદુઃખહરં વિભવપ્રદં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય,દર્શનમોહનીય નિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય, ફલં યજામહે સ્વાહા ॥

અંતરાયકર્મ સૂદનાર્થં

॥ અષ્ટમ પૂજાષ્ટકમ્ ॥

( આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ )

૧. પંચામૃત જળ, ૨. કેશર, ૩. માલતી જાઈનાં ફૂલ, ૪. અષ્ટાંગ ધૂપ, ૫. દીપક તેમજ અહીં એકસો ને અઠ્ઠાવન દીપકની શ્રેણિ, વંશમાલે ધરીએ, ૬. તંદુલનો નંદાવર્ત્ત રકેબીમાં કરીએ, ૭. નૈવેદ્ય, ૮. ફળ.

॥ પ્રથમ જલપૂજા ॥

॥ દુહા ॥

શ્રી શંખેશ્વર શિર ધરી, પ્રણમી શ્રીગુરુપાય ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંછિત પદ વરવા ભણી ટાળીશું અંતરાય ॥ ૧ ॥
જેમ રાજા રીઝયો થકો, દેતો દાન અપાર ॥
ભંડારી ખીજ્યો થકો, વારંતો તેણીવાર ॥ ૨ ॥
તેમ એ કર્મ ઉદય થકી, સંસારી કહેવાય ॥
ધર્મ કર્મ સાધન ભણી, વિઘન કરે અતરય ॥ ૩ ॥
અરિહાને અવલંબને, તરિયે ઈણે સંસાર ॥
અંતરાય ઉચ્છેદવા, પૂજા અષ્ટપ્રકાર ॥ ૪ ॥

॥ ઢાળ ॥ મારી અઆના વડલા હેઠ, ભર્યાં સરોવર લહેર્યાં લે છે રે ॥ એ દેશી ॥

જળપૂજા કરી જિનરાજ, આગળ વાત વીતી કહો રે ॥ કહેતાં નવિ અણો લાજ, કરજોડીને આગળ રહો રે ॥જળ૦॥૧॥ જિનપૂજાનો અંતરાય, આગમ લોપી નિંદા ભજી રે ॥ વિપરીત પ્રરૂપણા થાય, દીનતણી કરુણા તજી રે ॥ જળ૦ ॥ ૨ ॥ તપસી ન નમ્યા અણગાર, જીવતણી મેં હિંસા સજી રે ॥ નવ મળિયો આ સંસાર, તુમ સરિખો રે શ્રી નાથજી રે ॥ જળ૦ ॥ ૩ ॥ રાંક ઉપર કોધો કોપ, મઠાં કર્મ પ્રકાશિયાં રે ॥ ધર્મે મારગનો લોપ, પરમારથ કેતાં હાંસિયાં રે ॥ જળ૦ ॥ ૪ ॥ ભણતાંને કર્યો અંતરાય, દાન દીયંતાં મેં વારિયાં રે ॥ ગીતારથને હેલાય, જૂઠ બોલી ધન ચોરિયાં રે જળ૦ ॥ ૫ ॥ નર પશુઆં બાળક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીન, ભૂખ્યાં રાખી આપે જમ્યો રે ॥ કર્મ વેળાએ બળહીન, પરદારાશું રંગે રમ્યો રે ॥ જળ૦ ॥ ૬ ॥ કૂડે કાગળિયે વ્યાપાર, થાપણ રાખીને ઓળવી રે ॥ વેચ્યાં પરદેશ મોઝાર, બાળ કુમારિકા ભોળવી રે ॥ જળ૦ ॥ ૭ ॥ પંજરીયે પોપટ દીધ, કેતી વાત કહું ઘણી રે ॥ અંતરાયકરમ એમ કીધ, તે સવિ જાણો છો જગધણી રે ॥ જળ૦ ॥ ૮ ॥ જળે પૂજંતી દ્વિજનારી, સોમે સરી મુગતિ વરી રે ॥ શુભવીર જગત આધાર, આણા મેં પણ શિવ ધરી રે ॥ જળ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં-ઉપજાતિવૃત્તમ્ ॥

તીર્થોદકૈર્મિશ્રિતચંદનૌઘૈઃ, સંસારતાપાહતયે સુશીતૈઃ ॥
જરાજનિપ્રાંતરજો-ભિશાંત્યૈ,તત્કર્મદાહાર્થમજંયજેહં ॥૧॥

॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુરનદીજલપૂર્ણઘટૈર્ઘનૈ,—ર્ઘુસૃણમિશ્રિતવારિભૃતઃ પરૈઃ ॥ સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ॥ ૨ ॥ જનમનોમણિભાજનભારયા, શમરસૈકસુધારસધારયા ॥ સરલબોધકલારમણીયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૩ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, વિઘ્નસ્થાનકોચ્છેદનાય શ્રીમતે વીરજિનેંદ્રાય, જલં યજામહે સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દ્વિતીય ચંદનપૂજા

॥ દુહા ॥

શીતળ ગુણ જેહમાં રહ્યો, શીતળ પ્રભુ મુખ રંગ ॥
આત્મ શીતળ કરવા ભણી, પૂજો અરિહા અંગ ॥ ૧ ॥
અંગવિલેપન પૂજના, પૂજો ધરી ધનસાર ॥
ઉત્તરપયડિ પંચમાં, દાનવિઘન પરિહાર ॥ ૨ ॥

॥ કામણગારો એ કૂકડો રે—એ દેશી ॥

કરપી ભૂંડો સંસારમાં રે, જેમ કપિલા નાર ॥ દાન ન દીધું મુનિરાજને રે, શ્રેણીકને દરબાર ॥ ક૦ ॥ ૧ ॥ કરપી શાસ્ત્ર ન સાંભળે રે, તેણે નવિ પામે ધર્મ ॥ ધર્મ વિના પશુ પ્રાણીયા રે, છંડે નહીં કુકર્મ ॥ક૦॥૨॥ દાનતણા અંતરાયથી રે, દાનતણો પરિણામ ॥ નવિ પામે ઉપદેશથી રે, લોક ન લે તસ નામ ॥ ક૦ ॥ ૩ ॥ કૃપણતા અતિ સાંભળી રે, નાવે ઘર અણગાર ॥ વિશ્વાસી ઘર આવતા રે, કલ્પે મુનિ આચાર ॥ ક૦ ॥ ૪ ॥ કરપી લક્ષ્મીવંતને રે, મિત્ર સજ્જન રહે દૂર ॥ અલ્પધની ગુણ દાનથી રે, વંછે લોક પંડુર ॥ક૦ ॥ ૫ ॥ કલ્પતરુ કનકાચલે રે, નવિ કરતા ઉપકાર ॥ તેથી મરુધર રૂડો કેરડો રે, પંથગ છાંય લગાર ॥ ક૦ ॥ ૬ ॥ ચંદનપૂજા ધન વાવરે રે, ક્ષય ઉપશમ અંતરાય ॥ જિમ જયસુર ને શુભમતી રે, ક્ષાયિક ગુણ પ્રગટાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કo ॥ ૭ ॥ શ્રાવક દાન ગુણે કરી રે, તુંગિયા ભંગ દુવાર ॥ શ્રી શુભવીરે વખાણીયા રે, પંચમ અંગ મઝાર ॥ કo ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

જિનપતેર્વરગંધસુપૂજનં, જનિજરામરણોદ્ભવભીતિહત્ ॥ સકલરોગવિયોગવિપદ્ધરં, કુરુકરેણ સદા નિજ પાવનમ્ ॥ ૧ ॥ સહજકર્મકલંકવિનાશનૈ, રમલભાવસુવાસનચંદનૈ–રનુપમાન–ગુણાવલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, દાનાંતરાય નિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય, ચંદનં યજામહે સ્વાહા ॥

તૃતીય પુષ્પપૂજા ॥

॥ દુહો ॥

હવે ત્રીજી સુમનસ તણી, સુમનસ કરણ સ્વભાવ ॥
ભાવસુગંધે કરણ ભણી, દ્રવ્ય કુસુમ પ્રસ્તાવ ॥ ૧ ॥
માલતી ફૂલે પૂજતી, લાભ વિઘન કરી હાણ ॥
વણિક્સુતા લીલાવતી, પામી પદ નિરવાણ ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ ઓરા ઓરાજી આવો રે, કહું એક વાતલડી-એ દેશી ॥

મનમંદિર આવો રે, કહું એક વાતલડી ॥ અજ્ઞાનીની સંગે રે, રમિયો રાતલડી ॥ મન૦ ॥ ૧ ॥ વ્યાપાર કરેવા રે, દેશ વિદેશ ચલે ॥ પરસેવા હેવા રે, કોડી ન એક મળે ॥ મન૦ ॥ ૨ ॥ રાજગૃહી નયરે રે, દ્રુમક એક ફરે ॥ ભિક્ષાચર વૃત્તિયે રે, દુઃખે પેટ ભરે ॥ મન૦ ॥ ૩ ॥ લાભાંતરાયે રે, લોક ન તાસ દીયે ॥ શીલા પાડંતો રે, પોહોતો સાતમીયે ॥ મન૦ ॥ ૪ ॥ ઢંઢણ અણગારો રે, ગોચરી નિત્ય ફરે ॥ પશુઆં અંતરાયે રે, આહાર વિના વિચરે ॥ મન૦ ॥ ૫ ॥ આદીશ્વર સાહિબરે, સંયમભાવ ધરે ॥ વરસીતપ પારણું રે, શ્રેયાંસરાય ધરે ॥ મન૦ ॥૬ ॥ મિથ્યાત્વે વાહ્યો રે, આરત ધ્યાન કરે ॥ તુજ આગમવાણી રે, સમકિતી ચિત્ત ધરે ॥ મન૦ ॥ ૭ ॥ જેમ પૂણિયો શ્રાવક રે, સંતોષ ભાવ ધરી ॥ નિત્ય જિનવર પૂજે રે, ફૂલ પગર ભરી ॥ મન૦ ॥ ૮ ॥ સંસારે ભમતા રે, હું પણ આવી ભજ્યો ॥ અંતરાય નિવારક રે, શ્રી શુભવીર ભજ્યો ॥ મન૦ ॥ ૯ ॥

॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુમનસાં ગતિદાયિ વિધાયિના, સુમનસાં નિકરૈઃ પ્રભુ પૂજનમ્ । સુમનસા સુમનોગુણસંગિના, જન ! વિધેહિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિધેહિ મનોર્ચ્ચને ॥ ૧ ॥ સમયસારસુપુષ્પસુમાલયા, સહજ કર્મકરેણ વિશોધયા ॥ પરમયોગબલેન વશીકૃતં, સહજ સિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-નિવારણાય, લાભાંતરાયોચ્છેદનાય, શ્રીમતે વીરજિનેંદ્રાય, પુષ્પાણિ યજામહે સ્વાહા ॥

## ॥ ચતુર્થ ધૂપપૂજા ॥

॥ દુહા ॥

કર્મ કઠિન કઠ દાહવા, ધ્યાન હુતાશન યોગ ॥
ધૂપે જિન પૂજી દહો, અંતરાય જે ભોગ ॥ ૧ ॥
એકવાર જે ભોગમાં, આવે વસ્તુ અનેક ॥
અશન પાન વિલેપને, ભોગ કહે જિન છેક ॥ ૨ ॥

॥ ઢાળ ॥ રાગ—આશાવરી—છેડો નાજી—એ દેશી ॥

બાજી બાજી બાજી ભૂલ્યો બાજી, ભોગ વિઘનઘન ગાજી ॥ ભૂલ્યો૦ ॥ આગમજ્યોત ન તાજી ॥ ભૂલ્યો૦ ॥ કર્મકુટિલવશ કાજી ॥ ભૂલ્યો૦ ॥ સાહિબ ! સુણ થઈ રાજી ॥ ભૂલ્યો૦ ॥ એ આંકણી ॥ કાળ અનાદિ ચેતન રઝળે, એકે વાત ન સાજી ॥ મયણા ભઈણી ન રહે છાની, મ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ળિયા માતાપિતાજી ॥ ભૂલ્યો૦ ॥ ૧ ॥ અંતરાય થાનક સેવનથી, નિર્ધન ગતિ ઉપરાજી ॥ કૂપની છાયા કૂપ સમાવે, ઇચ્છા તેમ સવિ ભાંજી ॥ ભૂલ્યો૦ ॥ ૨ ॥ નૈગમ એક નારી ધૂતી પણ, ઘેબર ભૂખ ન ભાગી ॥ જમી જમાઈ પાછો વળિયો, જ્ઞાનદશા તવ જાગી ॥ ભૂલ્યો૦ ॥ ૩ ॥ કબહી કષ્ટે ધનપતિ થાવે, અંતરાય ફળ ન આવે ॥ રોગી પરવશ અન્ન અરુચિ, ઉત્તમ ધાન્ય ન ભાવે ॥ ભૂલ્યો૦ ॥ ૪ ॥ ક્ષાયિકભાવે ભોગની લબ્ધે, પૂજા ધૂપ વિશાળા ॥ વીર કહે ભવ સાતમે સિદ્ધા, વિનયંધર ભૂપાળા ॥ ભૂલ્યો૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

અગરુમુખ્ય-મનોહરવસ્તુના, સ્વનિરુપાધિગુણૌઘવિધાયિના, પ્રભુશરીરસુગંધસુહેતુના, રચય ધૂપન-પૂજન-મર્હતઃ ॥ ૧ ॥ નિજગુણાક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલં પ્રવિકર્ષણમ્, વિશદબોધમનંતસુખાત્મકં, સહજ સિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ–નિવારણાય, ભોગાંતરાયદહનાય શ્રીમતે વીરજિનેંદ્રાય ધૂપં યજામહે સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ પંચમ દીપકપૂજા ॥

॥ દુહા ॥

ઉપભોગ વિઘન પતંગીઓ, પડત જગત જઉ જ્યોત ॥
ત્રિશલા નંદન આગળે, દીપકનો ઉદ્યોગ ॥ ૧ ॥
ભોગવી વસ્તુ ભોગવે, તે કહિયે ઉપભોગ ॥
ભૂષણ ચીવર વલ્લભા, ગેહાદિક સંયોગ ॥ ૨ ॥

॥ ઢાળ—રાગ કાફી-અરનાથકું સદા મેરી વંદના—એ દેશી ॥

જિનરાજકું સદા મેરી વંદના ॥ વંદના વંદના વંદના રે ॥ જિનરાજકું સદા૦ ॥ એ આંકણી ॥ ઉપભોગ અંતરાય હઠાવી, ભોગીપદ મહાનંદના રે ॥ જિન૦ ॥ અંતરાય ઉદયે સંસારી, નિરધનને પરછંદના રે ॥ જિન૦ ॥ ૧ ॥ દેશ વિદેશ ઘર ઘર સેવા, ભીમસેન નરિંદનારે ॥ જિન૦ ॥ સુણિય વિપાક સુખી ગિરનારે, હેલક તેહ મુણીંદના રે, ॥ જિ૦ ॥ ૨ ॥ બાવીશ વરસ વિયોગે રહેતી, પવનપ્રિયા સતી અંજના રે ॥ જિ૦ ॥ નળ દમયંતી સતી સીતાજી, ષડ્માસી આક્રંદના રે ॥ જિ૦ ॥ ૩ ॥ મુનિવરને મોદક પડિલાભી, પછી કરી ઘણી નિંદના રે ॥ જિ૦ ॥ શ્રેણિક દેખે પાઉસ નિશિયે, મમ્મણશેઠ વિટંબના રે ॥ જિ૦ ॥ ૪ ॥ એમ સંસાર વિડંબન દેખી, ચાહુ ચરણ જિનચંદના રે ॥ જિ૦ ॥ ચકવી ચાહે ચિત્ત તિમિરારિ, ભોગી ભ્રમર અરવિંદના રે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ જિ૦ ॥ ૫ ॥ જિનમતિ ધનસિર દો સાહેલી, દીપક પૂજા અખંડના રે ॥ જિ૦ ॥ શિવ પામી તેમ ભવિ પદ પૂજો, શ્રી શુભવીર જિણંદના રે ॥ જિનરાજકું સદા ॥૬॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વસરદ્મનિ-શોભનમ્ । સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલ-કારણમાતરમ્ ॥ ૧ ॥ શુચિમનાત્મચિદુજ્જવલદીપકૈ,-ર્જ્વલિતપાપપતંગસમૂહકૈ: ॥ સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય, તુર્ય વિઘ્નોચ્છેદાય શ્રીમતે વીરજિનેંદ્રાય, દીપં યજામહે સ્વાહા ॥

॥ ષષ્ઠ અક્ષતપૂજા ॥

॥ દુહા ॥

વીર્ય વિઘન ઘન પડલસેં, અવરાણું રવિ તેજ ॥
કાલ ગ્રીષ્મ સમ જ્ઞાનથી, દીપે આતમ સતેજ ॥ ૧ ॥
અક્ષત શુદ્ધ અખંડશું, નંદાવર્ત્ત વિશાળ ॥
પૂરી પ્રભુ સન્મુખ રહી, થુણીએ જગત દયાળ ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ સફળ ભઈ મેરી આજુકી ઘડિયાં—એ દેશી ॥
॥ રાગ બંગાળી કેરબો ॥

જિણંદા પ્યારા મુણીંદા પ્યારા, દેખોરી જિણંદા ભગવાન ॥ દેખોરી જિણંદા પ્યારા ॥ એ આંકણી ॥ ચરમ પયડિકો મૂલ વિખરિયાં, ચરમ તીરથ સુલતાન ॥ દે૦ ॥ દર્શન દેખત મગન ભયે હૈ, માગત ક્ષાયિક દાન ॥ દે૦ ॥ ॥ ૧ ॥ પંચમ વિઘનકો ખય ઉપશમસેં, હોવત હમ નહી લીન ॥ દે૦ ॥ પાંગળ બળહીણા દુનિયામેં, વીરો સાળવી દીન ॥ દે૦ ॥ ૨ ॥ હરિબળ ચક્રિ શક્ર જ્યું બળીએ, નિર્બળ કુળ અવતાર ॥ દે૦ ॥ બાહુબળી બળ અક્ષય કીનો, ધન ધન વાલીકુમાર ॥ દે૦ ॥ ૩ ॥ સફળ ભયો નર જન્મ હમેરો, દેખત જિનદેદાર ॥ દે૦ ॥ લોહ ચમક જયું ભગતિસેં હળિયે, પારસ સાંઈ વિચાર ॥ દે૦ ॥ ૪ ॥ કીરયુગલ વ્રીહિ ચંચુમેં ધરતે, જિન પૂજત ભએ દેવ ॥ દે૦ ॥ અક્ષતસેં અક્ષયપદ દેવે, શ્રી શુભવીરકી સેવા ॥ દેખોરી૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ક્ષિતિતલેઽક્ષતશર્મનિદાનકં, ગણિવરસ્ય પુરોઽક્ષતમંડલમ્ ક્ષતવિનિર્મિત દેહનિવારણં, ભવપયોધિસમુદ્ધરણોદ્યતમ્ ॥ ૧ ॥ સહજભાવસુનિર્મલતં દુલૈ–ર્વિપુલદોષવિશોધકમંગલૈઃ ॥ અનુપરોધસુબોધવિધાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય, વીર્યાંતરાય દહનાય શ્રીમતે વીરજિનેંદ્રાય, અક્ષતાન્ યજામહે સ્વાહા ॥

॥ સપ્તમ નૈવેદ્ય પૂજા ॥

॥ દુહા ॥

નિર્વેદી આગળ ધરો, શુચિ નૈવેદ્યનો થાળ ॥
વિવિધજાતિ પકવાનશું, શાળી અમૂલક દાળ ॥ ૧ ॥
અણહારી પદ મેં કર્યા, વિગ્ગહ ગઇઅ અનંત ॥
દૂર કરી એમ કીજીએ, દિયો અણાહારી ભદંત ॥ ૨ ॥

॥ ઢાળ ॥ રાગ કાફી-અખિયનમેં ગુલઝારા—એ દેશી ॥

અખિયનમેં અવિકારા, જિણંદા તેરી અખિયનમેં અવિકારા ॥ એ આંકણી૦ ॥ રાગદ્વેષ પરમાણુ નિપાયા, સંસારી સવિકારા ॥ જિ૦ ॥ શાંતરુચિ પરમણુ નિપાયા, તુજ મુદ્રા મનોહારા ॥ જિ૦ ॥ ૧॥ દ્રવ્ય ગુણ પર્યાય ને મુદ્ર, ચઉગુણ ચૈત્ય ઉદારા ॥ જિ૦ ॥ પંચવિઘન ઘન પડલ પલાયા, દીપત કિરણ હજારા ॥ જિ૦ ॥ ૨ ॥ કર્મ વિનાશી સિદ્ધ સ્વરૂપી, ઇગતીસ ગુણ ઉપચારા ॥ જિ૦ ॥ વરણાદિક વીશ દૂર પલાયા, આગિઇ પંચ નિવારા ॥ જિ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ૩ ॥ તીન વેદકા છેદ કરાયા, સંગ રહિત સંસારા ॥ જિં૦ ॥ અશરીરી ભવબીજ દહાયા, અંગે કહે આચારા ॥ જિં૦ ॥ ॥ ૪ ॥ અરૂપી પણ રૂપારોપણસેં, ઠવણા અનુયોગદ્વારા ॥ જિં૦ ॥ વિષમ કાલ જિનબિંબ જિનાગમ, ભવિયણકું આધારા ॥ જિં૦ ॥ ૫ ॥ મેવા મીઠાઈ થાળ ભરીને, ષટ-રસ ભોજન સારા ॥ જિં૦ ॥ મંગળ તૂર બજાવત આવો, નરનારી કર થારા ॥ જિં૦ ॥ ૬ ॥ નૈવેદ્ય ઠવી જિન આગે માગો, હલિ નૃપ સુર અવતારા ॥ જિં૦ ॥ ટાળી અનાદિ આહાર વિકારા, સાતમે ભવ અણાહારા ॥ જિં૦ ॥ ૭ ॥ સગવિહ શુદ્ધિ સાતમી પૂજા, સગ ગઇ સગ ભય હારા ॥ જિં૦॥ શ્રી શુભવીર વિજય પ્રભુ પ્યારા, જિનઆગમ જયકારા ॥ જિણંદા૦ ॥॥ ૮ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

અનશનં તું મમાસ્ત્વિતિ બુદ્ધિના, રુચિરભોજન-સંચિત ભોજનં ॥ પ્રતિદિનં વિધિના જિનમંદિરે, શુભ-મતે બત ઢૌકય ચેતસા ॥ ૧ ॥ કુમતબોધ વિરોધનિવેદકૈ-ર્વિહિત જાતિજરામરણાંતકૈ: ॥ નિરશન: પ્રચુરાત્મગુણા-લયં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવારણાય, સિદ્ધપદપ્રાપણાય શ્રીમતે વીરજિનેંદ્રાય, નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

## ॥ અષ્ટમ ફલપૂજા ॥

### ॥ દુહા ॥

અષ્ટકર્મદળ ચૂરવા, આઠમી પૂજા સાર ॥
પ્રભુ આગળ ફળ પૂજતાં, ફળથી ફળ નિર્ધાર ॥ ૧ ॥
ઇંદ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ ॥
પુરુષોત્તમ પૂજી કરી માગે શિવ ફળ ત્યાગ ॥ ૨ ॥

**॥ ઢાળ ॥ રાગ-ધન્યાશ્રી-ગિરુઆ રે ગુણ તુમતણા—એ દેશી ॥**

પ્રભુ તુજ શાસન અતિ ભલું, માને સુર નર રાણો રે ॥ મિચ્છ અભવ્ય ન ઓળખે, એક અંધો એક કાણો રે ॥ પ્ર૦ ॥ ૧ ॥ આગમવયણે જાણીયે, કર્મતણી ગતિ ખોટી રે ॥ તીસ કોડાકોડી સાગરુ, અંતરાય થિતિ મોટી રે ॥ પ્ર૦ ॥ ૨ ॥ ધ્રુવબંધી ઉદયી તથા, એ પાંચે ધ્રુવસત્તા રે ॥ દેશઘાતિની એ સહી, પાંચે અપરિયત્તા રે ॥ પ્ર૦ ॥ ૩ ॥ સંપરાય બંધે કહી, સત્તાઉદયે થાકી રે ॥ ગુણઠાણું લઈ બારમું, નાઠી જીવ વિપાકી રે ॥ પ્ર૦ ॥૪॥ જ્ઞાન મહોદય તેં વર્યો, ઋદ્ધિ અનંત વિલાસી રે ॥ ફળપૂજા ફળ આપોએ, અમે પણ તેહના આશી રે ॥ પ્ર૦ ॥૫॥ કીરયુગલશું દુર્ગતા, નારી જેમ શિવ પામી રે ॥ અમે પણ કરશું તેહવી, ભક્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન રાખું ખામી રે ।। પ્ર૦ ।।૬।। શાચી ભકતે રીઝવી, સાહિબ દિલમાં ધરશું રે ।। ઉત્સવરંગ વધામણાં મનવાંછિત સવિ કરશું રે ।। પ્ર૦ ।। કર્મસૂદન તપ તરુફળે, જ્ઞાન અમૃતરસ ધારા રે ।। શ્રી શુભવીરને આશરે, જગમાં જયજયકારા રે ।। પ્ર૦ ।। ૮ ।।

।। કાવ્યં ।। દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્

શિવતરોઃ ફલદાનપરૈર્નવૈ–ર્વરફલૈઃ કિલ પૂજ્ય તીર્થપમ્ ।। ત્રિદશનાથનક્રમપંકજં, નિહતમોહમહીધરમંડલમ્ ।।૧।। શમરસૈકસુધારસમાધુરૈ–રનુભવાખ્ય ફલૈરભકપ્રદૈઃ।। અહિતદુઃખહરં વિભવપ્રદં, સહજસિદ્ધમહં પરિપૂજ્યે ।।૨।।

।। અથ મંત્ર ।।

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ–જરા–મૃત્યુનિવારણાય, અષ્ટકર્મોચ્છેદનાય શ્રીમતે વીરજિનેંદ્રાય, ફલં યજામહે સ્વાહા ।।

।। કળશ ।। રાગ ધન્યાશ્રી તુઠો તુઠો રે—એ દેશી ।।

ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો ।। ત્રિશલામાતા પુત્ર નગીના, જગનો તાત કહાયો ।। તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે ।। મહા૦ ।। ૧ ।। રયણ સિંહાસન બેસી ચઉમુખ, કર્મ સૂડણ તપ ગાયો ।। આચાર દિનકરે વર્દ્ધમાનસૂરિ, ભવિ ઉપગાર રચાયો રે ।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ મહા૦ ॥૨॥ પ્રવચનસારોદ્ધાર કહાવે; સિદ્ધસેન સૂરિરાયો ॥ દિન ચઉસટ્ઠિ પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયો રે ॥ ॥મહા૦॥૩॥ ઉજમણાથી તપફળ વાધે, ઈમ ભાંખે જિનરાયો ॥ જ્ઞાન ગુરૂ ઉપગરણ કરવો, ગુરૂગમ વિધિ વિચરાયો રે ॥ મહા૦ ॥ ૪ ॥ આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો ॥ નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે ॥મહા૦॥૫॥ વિજયજિનેંદ્રસૂરીશ્વરરાજ્યે, તપગચ્છ કેરો રાયો ॥ ખુશાલવિજય માનવિજય વિબુધના, આગ્રહથી વિરચાયો રે ॥ મહા૦ ॥ ૬ ॥ વડ ઓશવાલ ગુમાનચંદસૂત, શાસનરાગ સવાયો ॥ ગુરુભક્તિ શા ભવાનચંદ નિત્ય, અનુમોદન ફળ પાયો રે ॥ મહા૦ ॥ ૭ ॥ મૃગ બળદેવ મુનિ રથકારક, ત્રણ્ય હુઆ એકઠાયો ॥ કરણ કરાવણ ને અનુમોદન, સરિખાં ફળ નિપજાયો રે ॥ મહા૦ ॥ ૮ ॥ શ્રી વિજયસિંહસૂરીશ્વર કેરા, સત્યવિજય બુધ ઠાયો ॥ કપૂરવિજય તસ ખિમાવિજય તસ, વિજય પરંપર ધ્યાયો રે ॥ મહા૦ ॥૯ ॥ પંડિત શ્રી શુભવિજય સુગુરુ મુજ, પામી તાસ પસાયો ॥ તાસ શિષ્ય ધીરવિજય સલૂણા, આગમ રાગ સવાયો રે ॥ મહા૦ ॥ ૧૦ ॥ તસ લઘુ બાંધવ રાજનગરમેં, મિથ્યાત્વપુંજ જલાયો ॥ પંડિત વીરવિજય કવિર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચના, સંઘ સકળ સુખદાયો રે ।। મહા૦ ।। ૧૧ ।। પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો ।। કરતા જેમ નંદીસર દેવા, પૂરણ હર્ષ સવાયો રે ।। મહા૦ ।। ૧૨ ।।

।। કળશ ।।

શ્રુત જ્ઞાનઅનુભવ તાન મંદિર, બજાવત ઘંટા કરી ।।
તવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી ।।
હમ રાજતે જગ ગાજતે દિન, અક્ષય તૃતીયા આજથે ।।
શુભવીર વિક્રમ વેદ (૪) મુનિ (૭) વસુ (૮), ચંદ્ર (૧) (૧૮૭૪) વર્ષ વિરાજતે ।।૧।।

।। ઇતિ અષ્ટમ દિવસેઽધ્યાપનીય અંતરાયકર્મ સૂદનાર્થં અષ્ટમ પૂજાષ્ટકં સંપૂર્ણમ ।।

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# •• પ્રભુ પુંખણાનાં સ્તવનો ••

( કવ્વાલી )

પ્રભુકો પોંખતી ભાવે, સુહાગન નારી હરખાવે:
મનોગત ભાવના સુંદર, અધ્યાત્મ ભાવ દિખલાવે ॥ પ્ર૦ ॥
સમય શ્રી આદિજિન સ્વામી, લગ્ન કે દેવી ઇંદ્રાણી;
વિધિસે પોંખતી પ્રભુકો, ચલા વ્યવહાર વો આવો॥ પ્ર૦ ॥૧॥
ઉખલ મૂસલ મધાની ત્રાક, ઝૂંસરી પંચમી કહીયે,
શલાકા ફેંકતી ચારો, દિશામેં ભાવના ભાવે ॥ પ્ર૦ ॥૨॥
ઉખલ મૂસલકે મિલનેસે, પ્રાહિસેં હોત હૈ ચાવલ,
ગયા છિલકા મિટા અંકુર, ન ફિર પૈદા ભી થાવે પ્ર૦ ॥૩॥
અનાદિ જીવ કર્મોકે, ફસા હૈ ગાઢ બંધનમેં;
ક્રિયા અરુ જ્ઞાન મિલનેસે, નિજાતમરૂપકો પાવે ॥પ્ર૦ ॥૪॥
મધાની ઘૂમતી દધિમેં, પ્રગટ કરતી હૈ માખનકો;
ભાવના શીલ તપ દાને, ચિદાનંદ રૂપ ઉપજાવે ॥પ્ર૦ ॥૫॥
ત્રાકસે સૂત હોતા હૈ, સૂતસે અંગ હૈ ઢકતા;
શુદ્ધમનઇંદ્રિ વસ કરકે, ચીર ગુણ જ્ઞાન નિપજાવે ॥ પ્ર૦ ॥૬॥
ઝૂંસરી ધાર ધોરી હો, જગત, ખેતી બચા લેતા;
ધરમધોરી બની આતમ, સ્વપર આનંદપ્રગટાવે ॥પ્ર૦॥૭॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શલાકા સમ ગતિ ચારો મેં, ફિરતા દુઃખ પાતા હે;
ફેંકતી ક્રોધ માયા માન, લોભકો ફિર ન જગ આવે ॥પ્ર૦॥૮॥
આતમારામ જબ પ્રગટે, આતમરામ હૈ હોતા;
આતમલક્ષ્મી પ્રભુ ચેતન, વલ્લભમનહર્ષ નહીં માવે ॥પ્ર૦॥૯॥

(૨)

જીરે ઇંદ્રાણી પૂછે વેવાણોને રે, જીરે શી કરી કરણી તમે એહ,
પ્રભુને કેમ પોંખીયાએ,
જીરે અમે તેમાં સમજ્યા નહીં, જીરે કારણ દાખવો તેહ,
પ્રભુને કેમ પોંખીયાએ ॥ ૧ ॥

જીરે પહેલું તે ધોંસરું આદર્યું રે, જીરે ધોંસરું ગાડલે હોય;
પ્રભુને એમ પોંખીયાએ,
જીરે સંસારે ધોંસરું નાખીયું રે, જીરે સંસારથી પાર પામે સોય
ધોંસરે એમ પોંખીયાએ ॥ ૨ ॥

જીરે ઇંદ્રાણી પૂછે વેવાણોને રે, જીરે મૂસલ ખાંડણીએ હોય;
પ્રભુને કેમ પોંખીયાએ,
જીરે મૂસલે તંદુલ કાઢીયેરે, જીરે, સંસારથી ઝણ કાઢો જોય;
પ્રભુને એમ પોંખીયાએ ॥ ૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીરે ઇંદ્રાણી પૂછે વેવાણોને રે, જીરે રવૈયો ગોલીયે હોય;
પ્રભુને કેમ પોંખીયાએ,
જીરે રવૈયે માખણ નીપજે રે, જીરે સંસાર સાણરસ હોય;
પ્રભુને એમ પોંખીયાએ ॥ ૪ ॥

જીરે ઇંદ્રાણી પૂછે વેવાણોને રે, જીરે ત્રાક તે રેંટિએ હોય;
ત્રાકે કેમ પોંખીયાએ,
જીરે ત્રાકે સૂતર નીપજે રે, જીરે સંસારથી અર્થ કાઢો સોય,
ત્રાકે એમ પોંખીયાએ ॥ ૫ ॥

જીરે ઇંદ્રાણી પૂછે વેવાણોને રે, જીરે સરીઓ કુંડાને હોય;
સરીએ કેમ પોંખીયાએ,
જીરે સરીયાથી વસ્તુ સહુ નીપજે રે, જીરે મંગલ ધર્મથી એમ
સરીએ એમ પોંખીયાએ ॥૬॥

જીરે પાંચ મંગલ એમ પરવડાં રે, જીરે આદરે સઘળા લોક;
પ્રભુને એમ પોંખીયાએ;
જીરે તેહ કારણ ઇહાં કરું રે, જીરે શું જાણે દેવતા લોક;
પ્રભુને એમ પોંખીયાએ ॥૭॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૩ )

( ભરત નૃપ ભાવશું એ—એ રાગ )

શ્રી જિનરાજને પોંખવાએ, આવે સૈયરનો સાથ,
જિણંદજીને પોંખવાએ,ગાવે ગાવે,સોહાગણ નાર ।।જિ૦।।ટેક
ધ્વજ પૂજન અભિષેકમાંએ, કરો સામઇયામાં સાર ।।જિ૦।।
વલી વરઘોડામાં સાર ।। જિ૦ ।।૧।।

ઇઢી પીંડી ધૂસરને મૂસલ એ, રવૈયો ને સંપુટ કરાય, ।।જિ૦।।
મંગલદ્રવ્ય કરે પુંખણાએ, સંઘને મંગલ થાય ।।જિ૦।।૨।।

પૂર્વે ઇંદ્રાણીએ પુંખિયાએ, વિધિ વિનયે એક તાર,।।જિ૦।।
હેતુ ગુરુગમ ધારીયે એ, ટાલવા કર્મ સંભાર ।।જિ૦।।૩।।

કુંકુમ અક્ષત વધાવીયા એ, મોતીએ તે મોડ ધરાય ।।જિ૦।।
સુંદરી શિરધરી ઘાટડીએ,લળીલળી પ્રણમે પાય ।।જિ૦।।૪।।

કરણી એ ભરણી પુન્યનીએ,મલી મલી વનિતા વૃંદ ।।જિ૦।।
કરશે તરશે અનુક્રમે એ, એમ કહે ખીમચંદ ।। જિ૦ ।।૫।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી પંચકલ્યાણકની પૂજા અથવા વાસ્તુપૂજા

## ◄ માટે લાવવાની સામગ્રીની યાદી ►

જળપૂજા :—

| | |
|---|---|
| ૧ ગાયનું દૂધ, ૫૦૦ ગ્રામ | એ પાંચે મેળવી ગરણાથી ગાળી |
| ૨ ઘરનું મેળવેલું દહીં ૧૦૦,, | લઈ ડોલ અથવા કુંડીમાં જુદું |
| ૩ સાકર.... .... ૧૦,, | ઢાંકી રાખવું. **મધ વાપરવું** |
| ૪ ચોકખું ઘી .... ૨।।,, | **નહીં**. દેગડો ૧) કૂવાનું યા |
| ૫ કૂવાનું પાણી (૧ કીલોગ્રામ) | દેરાસરના ટાંકાનું પાણી. |

**ચંદન પૂજા : કેસર બે આની ભાર, બરાસ** ( અર્ધો તોલો ) સુખડ સાથે ચારથી આઠ વાડકી થાય તેટલું એક વાટકીમાં ઘસાવી લાવવું અને એક વાટકીમાં બરાસ, સુખડ, જુદા ઘસાવી લાવવાં.

**પુષ્પ પૂજા :** જાસૂદ, ગુલાબ, મોગરો, જુઈ, ડમરો, વગેરે ફૂલ લાવવાં. વાસ્તુપૂજા હોય તો આસોપાલવનાં તોરણ મંગાવવા.

**ધૂપ પૂજા :** દશાંગ ધૂપ ગ્રામ ૧૦૦, અગરબત્તી ગ્રામ ૫૦, કુંદ્રુમ ગ્રામ ૨૦૦.

**દીપક પૂજા :** ચોખ્ખું ઘી ગ્રામ ૨૫૦, કોડિયાં નગ ૮ અથવા દીવીચો, દીવેટ માટે રૂ અથવા દીવેટીયાં (બોયાં).

**અક્ષત પૂજા :** આખા અણીશુદ્ધ મોયા વગરના ચોખા ૫૦૦ ગ્રામ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નૈવેદ્ય પૂજા : મગજ, મોહનથાળ, પેંડા, ગલેફાં, કણ-સાઈ (બુંદિલાડુ) દરેક મીઠાઇ પાંચ, પાંચ, અથવા આઠ આઠ, ટુકડા મુજબ તેમજ ★ સાકર ૫૦ ગ્રામ ★ મોટા સાકરિયા ૫૦ ગ્રામ ★ પતાસાં ૫૦ ગ્રામ ★

ફળ પૂજા : શ્રીફળ ( ૬ અથવા ૯ ) લાવવાં * ઋતુ અનુસાર મળતા ફળો પાંચ પાંચ, અથવા આઠ, આઠ, લાવવા. શેરડીના કકડા, સંતરા, મોસંબી, ચીકુ, કેળાં, દાડમ, ટેટી, તરબુચ, પપૈયું, કેરી, અન્નાનસ શક્તિ અનુસાર લાવવા. આખી બદામ ૫૦ ગ્રામ * કમર કાકડી ૨૫ ગ્રામ, આખી કાચી સોપારી ૫૦ ગ્રામ * તજ લવીંગ, એલચી ૧૦ ગ્રામ.

---

## ● અન્ય જરૂરી વસ્તુઓની યાદી ●

★ રૂપેરી વરખની થોકડી ૧)

★ ડીંટાવાળાં અણીશુદ્ધ પાન નં. ૧૫)

★ કંકુ ગ્રામ ૨૫, નાડાછડી ૨૫ ગ્રામ

★ કપુર ગોટી ૧)

★ હાથ લુછવાના બે કકડા.

અંગલુહણાં માટે નેનકલાક મીટર ૦ાા મલમલ મીટર ૧, ( ધોઈ સુકવી ઉપયોગ કરવો ) રૂ, દીવાસળી પેટી ૧) માટીના ગાંગડા, મીઠું, ગાંગડા, સુતરની દોરી ( પુંઠીયું, ચંદરવો, તોરણ બાંધવા ) કંકુમ માટે માટીની કુંડી ૧) અથવા મોટું કોડિયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જુદી જુદી પૂજાઓ અંગેની સામગ્રી માટેની સમજ

| | |
|---|---|
| **શ્રી પંચ કલ્યાણક પૂજા**<br>**શ્રી વાસ્તુપૂજા** | માં ફળનૈવેદ્યની સંખ્યા પાંચ, પાંચ, અથવા આઠ આઠની સમજવી. |
| **શ્રી અષ્ટપ્રકારની પૂજા** | ફળનૈવેદ્ય સંખ્યા આઠ આઠ મુજબ સમજવી. |
| **શ્રી પિસ્તાલીસ આગમપૂજા** | પીસ્તાલીશ આગમપૂજામાટે આગમની સ્થાપના કરવી. |
| **શ્રી સિદ્ધચક્રની પૂજા**<br>**( શ્રી નવપદની પૂજા )** | ફળ નૈવેદ્ય સંખ્યા નવ નવ મુજબ સમજવી. |
| **શ્રી સિદ્ધાચલજીની પૂજા**<br>**નવાણું પ્રકારની પૂજા** | ફળ નૈવેદ્ય સંખ્યા અગિયાર અગિયાર મુજબ સમજવી. |

**શ્રી બારવ્રતની પૂજા**—ફળ, નૈવેદ્ય સંખ્યા તેર તેર સમજવી. આ પૂજામાં ચાલુ સામગ્રી ઉપરાંત ધજા ૧૩, દર્પણ ૧૩ તથા અષ્ટ મંગળની પાટલી લાવવી તેમજ પ્રભુપ્રતિમાજીની ડાબી બાજુ કલ્પવૃક્ષ સ્થાપન કરવો.

**શ્રી વીશસ્થાનક પદની પૂજા** વીશ પ્રભુની પ્રતિમાઓ અથવા ચોવીશી પ્રતિમા સ્થાપના કરવી, ફળ, નૈવેદ્ય સંખ્યા વીશ વીશ મુજબ સમજવી. કળશ ૨૦) ફૂલમાળા ૨૦) દીપક ૨૦) કેસર વાટકી ૨૦) ફૂલ જાતજાતનાં ૨૦) થાળી. અન્ય સૂચના માટે વિધિકારની સલાહ લેવી. આ સામગ્રીમાં કળશ, ફાનસ, કેસરવાટકી, થાળા ઓછામાં ઓછી ૪ થી ૫ સંખ્યામાં હોય તો ચાલી શકે. શક્ય સુગમ સામગ્રી મેળવવા પ્રયત્ન કરવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રી સત્તરભેદી** પૂજા-ફળ નૈવેદ્ય સંખ્યા સત્તર સત્તર મુજબ સમજવી.
વાસક્ષેપ તોલો ૦ાા સુગંધી અત્તર તોલો ૦ા, પંચવિધ ફૂલોની માળા નં. ૭) પાંચ પ્રકારનાં સુગંધી ફૂલ, અષ્ટમંગળની પાટલી, મુકુટ, કુંડળજોડી, ધજા, ચામર, ધોયેલો સોનો, મીટર ૧ા ધોઈને બે અંગલુહણાં, ગડીવાળીને મૂકવા. બરાસ જુદો ઘસાવવો. કેસર, સુગંધિત દ્રવ્ય અગર કસ્તુરી આદિ ઘસાવી જુદું રાખવું. **એકસો આઠ નાળચાનો કળશ લાવવો.**

## —: સૂચના :—

૧ પૂજા માટેની સામગ્રી શક્તિ અનુસાર શક્તિ ગોપવ્યા સિવાય શુદ્ધ, સુંદર, અને તાજી બને ત્યાં સુધી જાતે જ મેળવવા.

૨ પુંઠીયું, ચંદરવો; તોરણ વિધિકારકને પૂછી નક્કી કરાયેલ જગ્યાએ અગાઉથી બાંધી સિંહાસન બાજોઠ ગોઠવવા.

૩ સિંહાસન નજીક પાટ ગોઠવવી. ઉપર સુશોભિત વસ્ત્ર બીછાવી થાળીઓમાં ફળ નૈવેદ્ય વરખ છાપી થાળમાં ગોઠવવા.

૪ પૂજાના સમયે દશાંગધૂપ તેમજ કુંદુપ માટે ધૂપીયામાં અને કુંડીમાં જાગરણ મંગાવી ધૂપ કરવો.

૫ પૂજા ભણાવવાના સ્થાને પ્રભુપ્રતિમા પધરાવતા પહેલાં તે જગ્યા પંચામૃત દૂધને પાણીથી ધોવડાવી ધૂપથી વાસિત કર્યા બાદ સિંહાસન વગેરે ગોઠવી પ્રભુજીની પ્રતિમા પધરાવી સ્નાત્ર આદિ ક્રિયા કરવી.

૬ પૂજા ભણાવતાં **સેવા પૂજાદિના જાણકાર અનુભવી** એવા ઓછામાં ઓછા બે સ્નાત્રીયા જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭ વાસ્તુક નિમિત્તે કુંભનો ઘડો કુંવારી કન્યા પાસે લેવડાવવો, કુંવારીકા પાસે કુંભના ઘડામાં પાણી ભરાવી, પૈસો, સોપારી મુકાવી, ઘડાને નાડાછડી બાંધી ઘડા ઉપર ચાર પાન ને શ્રીફળ મૂકી, ફૂલમાળા નાંખી શુભ મુહૂર્તે નૂતનગૃહમાં પ્રવેશ કરી, ઘરની જમણી બાજુના ખૂણામાં અથવા પાણીયારા પર, સવાશેર ડાંગર અથવા જુવાર મૂકી, તે ઉપર ઘડો મુકાવવો. ઘડો મૂકયા પછી બાજુમાં આખા મીઠાનું એક કોડીયું અને બીજા એક કોડીયામાં ગોળ મૂકવો. બાદ ઘડા પાસે ધૂપ-દીપ કરી સાત સ્મરણ (નમિઉણ-કલ્યાણમંદિર સિવાય) ગણવાં. મહામંગળકારી છે. વાસ્તુના દિવસે વાસ્તુ કરનાર કુટુંબની એક વ્યકિતએ એક આયંબિલની તપશ્ચર્યા કરવી.

૮ મકાનના વાસ્તુ પ્રસંગે શ્રી શાંતિનાથજી ભગવંત અથવા શ્રીપાર્શ્વનાથજી ભગવંતની અથવા ચોવીશી પ્રતિમાજીનું સ્થાપન કર્યું.

૯ ગૃહપ્રવેશ યા નૂતનગૃહ વાસ્તુ નિમિત્તે પ્રભુપ્રતિમાનો પ્રવેશ કરાવતાં પ્રવેશદ્વાર પાસે પ્રભુજીની આગળ પોટલા પર ગહુંલી કઢાવી શ્રીફળ, રૂપીઓ મૂકી પ્રભુજીને પોંખી યા અક્ષતથી વધાવી નૂતનગૃહમાં પ્રવેશ કરાવવો.

૧૦ આસોપાલવનાં તોરણ બંધાવવા. (નૂતનગૃહ વાસ્તુમાં).

૧૧ પ્રભુપ્રતિમા લાવતાં તેમજ પાછા લઈ જતાં કળશની દૂધ ધારા, જમણી બાજુ દીપકનું ફાનસ, ડાબી બાજુ ધૂપ અને આગળ થાળી ડંકો વગાડના જવું જોઈએ.

૧૨ પૂજા પત્યા બાદ આરતિ, મંગળદીવો ઉતારી શાંતિ કળશ કરી ઈરિયાવહી પડિક્કમી, ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ કરીને, અવિધિ-આશાતના અંગે "મિચ્છામિ દુક્કડં" દઈ પ્રભુજીને વધાવી, ત્રણ નવકાર ગણી, પ્રભુપ્રતિમા વિ. જ્યાંથી લાવ્યા હોય ત્યાં લઈ જવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩ સ્નાત્ર તથા પૂજામાં ઉભા રહેનાર સ્નાત્રીયા ભાઈ બહેનોએ કપાળમાં કેસર તિલક કરી, જમણા હાથે નાડાછડી બાંધી, પ્રભુજીની તથા શ્રી સિદ્ધચક્રની, ચંદનપૂજા, પુષ્પપૂજા કરી, કળશ લઈ પ્રતિમાજીની જમણી બાજુ ઊભા રહી સ્નાત્ર ભણાવવું. સ્નાત્ર વિધિ માટે સ્નાત્ર પૂજાની ચોપડીમાં જોઈ લેવું.

૧૪ સ્નાત્રીયા ભાઈ-બહેનોને ભાવભક્તિપૂર્વક જમાડવા તથા યોગ્ય સત્કાર-ભક્તિ કરવી.

卐

# પૂજા ભણાવવા માટે લાવવાનાં ઉપકરણોનો યાદી

૧ શ્રી શાંતિનાથ ભગવંત અથવા પાર્શ્વનાથ ભગવંતની પંચતીર્થિ પ્રતિમા અને શ્રી સિદ્ધચક્રજીની પાટલી,

૨ પુંઠીયું, ચંદરવો, તોરણ

૩ સિંહાસન અને ત્રણ બાજોઠ.

૪ સ્થાપનાજીની દીવી ફાનસ સાથે.

૫ ફાનસ, ધૂપધાણું. ચામર, દર્પણ, પંખો.

૬ કાંસાની થાળી અને ડંકો

૭ કળશ નંગ ૪).

૮ નાની થાળી જર્મનની નંગ ૭).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯ મોટી થાળી જર્મનની નંગ ૭).

૧૦ કેસર બરાસ માટે નાની વાટકી ૮).

૧૧ મોટો થાળો જર્મતનો ૧).

૧૨ કુંડી નંગ ૨) દેગડો ૧) કૂવાના પાણીનો.

૧૩ ડોલ ૧) પીત્તળની અથવા જર્મનની.

૧૪ આરતિ મંગળદીવો.

વાળાકુંચી, ત્રણ અંગલુહણાં.
સ્નાત્રપૂજા પુસ્તિકા,
પૂજાની ચોપડીઓ, સાપડા,
ગવૈયા માટે ખુરશી લાકડાનીહાથાવાળી

પાટપોથું ૧) ગરણું ૧).
પૂજાની સામગ્રી મૂકવા માટે
પાટ ૧). પાટ પર પાથરવાનું
કપડું ૧).

પૂજા સ્થાને પાથરવા, સ્થળના માપ મુજબ, શેત્રંજી ઇત્યાદિ, પુંઠીયું, ચંદરવો, તોરણ યથાસ્થાને બાંધવા માટે, ખીંટી ખીલી લગાવી, સુતરની દોરીથી માપસર બાંધવા.

પ્રતિમાજી સ્થાપન કરતાં સિંહાસન ઉપર પ્રભુજીની ગાદી નીચે રૂપાનાણું અથવા સવા રૂપીઓ રોકડો, તેમ જ પાન ઉપર મૂકવાના છૂટા પૈસા, બત્રીસકોડી દાનના, તથા આરતિ મંગળદીવો અને શાંતિકળશમાં મૂકવાની રોકડ રકમ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# : માર્ગદર્શન :

* શક્ય હોય ત્યાં સુધી યુવાનો, બાળકોએ પ્રભુસેવા કરવા જતાં શુદ્ધ ધોએલ ધોતી ખેસનો ઉપયોગ કરવો. સિલાઈ કરેલ કપડાં કે ફાટેલા જીર્ણવસ્ત્ર, સાંધેલ કપડાંનો ઉપયોગ કરવો શાસ્ત્રનિષેધ છે. લાભાલાભની દષ્ટિએ, સ્થળ-સમય વિચારી વર્તવું. ગળી કરેલ કપડાંનો ઉપયોગ કરવો નહિ.

**વિવિધ જાતિના પુષ્પો અંગે :**

* પ્રભુપૂજામાં સુગંધિત, તાજાં, આખા ફૂલોનો ઉપયોગ કરવો. ખવાઈ ગયેલ, કતરાયેલ, ખંડિત ફૂલ ચઢાવવાં નહીં. ખડચંપો. ચાંદની (તગડી) તેમજ બાગોમાં થતા શોભાના ફૂલો, સુંદર હોવા છતાં ચઢાવી શકાય નહીં. કદમ, પારિજાતક, બોરસલ્લી, ચંપો, વિ. જાતોના ફૂલો તે વૃક્ષ નીચે કપડું બાંધી તેમાં ઝીલાએલ ફૂલોનો ઉપયોગ કરવો. ભોંય પડેલા ફૂલોનો ઉપયોગ કરવો નહીં. શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિ માટે રચાયેલ સ્તુતિ, સ્તવનો, સ્નાત્રપૂજા, પૂજા, ચૈત્યવંદન, મોટીશાંતિ, આદિના પ્રત્યેક શબ્દાક્ષરો મહામંત્ર સમાન હોઈ, બોલવા, ભણવા, ગાવામાં શુદ્ધ સ્વરોચ્ચાર-પૂર્વક સ્પષ્ટ અર્થ સમજાય તેમ બોલવાનો ઉપયોગ રાખવો અત્યંત લાભદાયી છે.

* ગાયનું શુદ્ધ ઘી પ્રભુપૂજામાં ઉત્તમ ગણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી ધીરજલાલ ટોકરશી શાહ રચિત
## () પ્રાણવાન સાહિત્ય ()

| | |
|---|---|
| નમસ્કારમંત્ર સિદ્ધિ | ૧૨–૫૦ |
| ઉવસગ્ગહરં સ્તોત્ર | ૨૦–૦૦ |
| શ્રી ઋષિમંડલ આરાધના | ૧૨–૫૦ |
| સામાયિક વિજ્ઞાન | ૧૨–૫૦ |
| સિદ્ધિદાયક સિદ્ધચક્ર | ૧૫–૦૦ |
| શ્રી પાર્શ્વ–પદ્માવતી આરાધના | ૧૨–૫૦ |
| લોગસ્સ મહાસૂત્ર યાને જૈન ધર્મનો ભક્તિવાદ | ૧૫–૦૦ |
| જીનોપાસના | ૧૨–૫૦ |
| જીવ વિચાર પ્રકાશિકા | ૧૨–૫૦ |
| મંત્ર વિજ્ઞાન | ૧૨–૫૦ |
| મંત્ર ચિંતામણી | ૧૨–૫૦ |
| મંત્ર દિવાકર | ૨૫–૦૦ |
| જપ–ધ્યાન–રહસ્ય આત્મદર્શનની અમોઘ વિદ્યા | ૧૦–૦૦ |
| ગણિત ચમત્કાર આદિ સેટ ( ત્રણ પુસ્તક ) | ૧૫–૦૦ |
| અર્હં મંત્રોપાસના | ૧૫–૦૦ |
| ૐકાર ઉપાસના | ૧૨–૫૦ |
| હ્રીંકાર ઉપાસના | ૧૨–૫૦ |
| જૈન ચરિત્ર માળા ભા. ૧ | ૧૨–૫૦ |
| જિનભક્તિ કલ્પતરૂ | ૧૫–૦૦ |

* આ સિવાય જૈન ધર્મના તમામ પ્રકારના પુસ્તકો મળશે *

---


# જૈન પ્રકાશન મંદિર

૩૦૯/૪ ખત્રીની ખડકી, દોસીવાડાની પોળ, અમદાવાદ–૧.

ફોન નં. ૩૮૭૦૬


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી વિવિધ પૂજાસંગ્રહ

## ભાગ છઠ્ઠો

### પંડિત શ્રી વીરવિજયજીકૃત–

### ॥ શ્રી ચોસઠપ્રકારી પૂજાની વિધિ ॥

| |
|---|
| શ્રી ચોસઠપ્રકારી પૂજા સંપૂર્ણ ભણાવનારે વેદનીય કર્મની પૂજા પેજ નંબર ૨૬૪, મોહનીય કર્મની પૂજા પેજ નંબર ૨૭૭ અને અંતરાય કર્મની પૂજા પેજ નંબર ૨૯૧ પર આપેલી છે તે પ્રમાણે ભણાવવી. |

વિશાળ જિનભુવનને વિષે શુભ મુહૂર્ત્તે જળયાત્રાનો વરઘોડો ચડાવીને તીર્થોદક મેળવવાં, અષ્ટકર્મનું માંડલું અક્ષત રંગી આઠ પાંખડીનું ઉજ્જવલ તંદુલે ભરીએ, રેખા પંચવર્ણી કરીએ, પછી રક્ત ગુલાલે સિદ્ધના આઠ ગુણને સ્થાનકે મંત્રાક્ષર લખીએ. તે મંત્રનાં પદ નીચે મુજબ :—

૧ ૐ હ્રીઁ અનંતજ્ઞાનાત્મકેભ્યો નમઃ ॥

૨ ૐ હ્રીઁ અનંતદર્શનાત્મકેભ્યો નમઃ ॥

૩ ૐ હ્રીઁ અનંતસુખાત્મકેભ્યો નમઃ ॥

૪ ૐ હ્રીઁ અનંતચરણાત્મકેભ્યો નમઃ ॥ (પાઠાંતરે અનંત ક્ષાયિકેભ્યો નમઃ )

૨૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫ ૐ હ્રીં અક્ષયસ્થિતયે નમઃ ।।
૬ ૐ હ્રીં અમૂર્ત્તયે નમઃ ।।
૭ ૐ હ્રીં અગુરુલઘવે નમઃ ।।
૮ ૐ હ્રીં અનંતવીર્યેભ્યો નમઃ ।।

એ રીતે મંત્રપદ લખીએ. મધ્યમાં વૃક્ષ તથા જ્ઞાન પધરાવીએ. વૃક્ષને મૂળે કુહાડો મૂકીએ અખંડ દીપક રાખીએ, ચોસઠ મોદકનો એક થાળ ભરીને મૂકીએ. શ્રી મહાવીર દેવની પ્રતિમાને અભિષેક કરીએ. અને ચોસઠ કુમાર અને ચોસઠ કુમારિકાઓ ઉભા રહે. જઘન્યપણે આઠ કુમાર અને આઠ કુમારિકાઓ ઉભા રહે. એ રીતે અષ્ટપ્રકારી પૂજા આઠ દિવસપર્યંત નિત્ય ભણાવીએ, આઠ દિવસ નૈવેદ્ય ને ફળ નવાં નવાં ધરીએ. એ રીતે આઠ દિવસમાં ચોસઠ પૂજા પૂર્ણ થાય તથા નિત્ય સંઘની વાત્સલ્યતા અને ગુરૂભક્તિ કરવી, જ્ઞાનોપકરણાદિ કરવાં, રાત્રિ જાગરણ કરવાં, પ્રભાવના કરવી, યાચકને દાન આપવું, ઈત્યાદિ વિધિપૂર્ણ વૃક્ષને મહોત્વસહિત દેરાસરમાં પધરાવવો.

## પ્રથમ દિવસે અધ્યાપનીય જ્ઞાનાવરણીયકર્મ સૂદનાય

## ।। પ્રથમ પૂજાષ્ટક પ્રારંભ ।।

### ( આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ )

૧. કુવાનું શુદ્ધ જળ, ૨. કેસર, ૩. કેતકી જાઈનાં ફૂલ, ૪. અગરબત્તી ધૂપ, ૫. પાંચ દીવેટનો દીવો, ૬. ઉજ્જવલ તંદુલ, ૭. ઉત્તમ નૈવેદ્ય, ૮. ઉત્તમ ફળ.

## ।। પ્રથમ જલપૂજા ।।

### ।। દુહા ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી શંખેશ્વર સાહિબો, સમરી સરસ્વતી માય ।। શ્રી શુભવિજય સુગુરુ નમી, કહું તપફળ સુખદાય ।।૧।। જ્ઞાન થકી સવિ જાણતા, તે ભવ મુગતિ જિણંદ ।। વ્રત ધરી ભૂતળ તપ તપ્યા, તપથી પદ મહાનંદ ।।૨।। દાનશક્તિ જો નવિ હુવે, તો તનુશક્તિ વિચાર ।। તપ તપિયે થઈ યોગ્યતા, અલ્પ કષાય આહાર ।। ૩ ।। પરનિંદ છંડી કપટ, વિધિ ગીતારથ પાસ ।। આચાર દિનકર દાખિયો, તે તપ કર્મ વિનાશ ।।૪।। વિવિધ પ્રકારે તપ કહ્યાં, આગમ રયણ ખાણ ।। તેહમાં કર્મ સૂદન તપે, દિન છઉસઠ્ઠિ પ્રમાણ ।।૫।। જ્ઞાનાવરણીય કર્મ અડ, પચ્ચખ્ખાણે છેદાય ।। ઉપવાસાદિક અડ કવલ, અંતિમ તિમ અંતરાય ।।૬।। ઉજમણું તપ પૂરણે, શક્તિતણે અનુસાર ।। તરુવર રૂપાનો કરો, ઘાતિયાં શાખા ચાર ।।૭।। ચાર પ્રશાખા પાતળી, કર્મનો ભાવ વિચાર ।। ઇગસય અડવન પત્ર તસ, કાપવા કનક કુઠાર ।।૮।। ચોસઠ મોદક મૂકિયે, પુસ્તક આગળ સાર ।। ચોસઠ કલશા નામિયે, જિન પડિમા જયકાર ।।૯।। પૂજા સામગ્રી રચી, ભરી ફળ નૈવેદ્યથાળ ।। જ્ઞાનોપગરણ મેળવી, જ્ઞાનભક્તિ મનોહાર ।।૧૦।। જળકળશા ચોસઠ ભરી, ધરીયે પુરુષને હાથ ।। તીર્થોદક કળશા ભરી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોસઠ કુમરી હાથ ॥૧૧॥ ચોસઠ વસ્તુ મેળવી, મંડળ રચિયે સાર ॥ મંગળદીવો રાખીયે, પુસ્તકમધ્ય વિશાલ ॥૧૨॥ સ્નાત્ર મહોત્સવ કીજીએ, પૂજા અષ્ટ પ્રકાર ॥ જ્ઞાનાવરણ હઠાવવા, અડ અભિષેક ઉદાર ॥ ૧૩ ॥

॥ ઢાળ પહેલી ॥

॥ રાગ ॥ જોગીઓ આશાવરી–મોતીવાળા ભમરજી–એ દેશી ॥

ચરમ પ્રભુ મુખ–ચંદ્રમા, સખિ! દેખણ દીજે ॥ હાથ અરિસા બિંબ રે, સખિ! મુને દેખણ દીજે ॥ છપ્પન્ન દિગ્ કુમરી કહે ॥ સખિ૦ ॥ વિકસિત મેઘ કદંબ રે ॥ સખિ૦॥૧॥ ભવમંડલમેં ન દેખીયો ॥સખિ૦॥ પ્રભુજીનો દેદાર રે ॥ સખિ૦ ॥ કૃત્ય કરી ઘર જાવતી ॥ સખિ૦ ॥ ખેલત બાળકુમાર રે ॥ સખિ૦ ॥૨॥ યૌવનવય સુખ ભોગવે ॥ સખિ૦ ॥ શ્રી મહાવીર કુમાર રે ॥ સખિ૦ ॥ જ્ઞાનથી કાળ ગવેષિયો ॥ સખિ૦ ॥ આપ હુવા અણ-ગાર રે ॥ સખિ૦ ॥૩॥ ગુણઠાણું લહી બારમું ॥ સખિ૦ ॥ જ્ઞાનાવરણી હણ્યું જેમ રે ॥ સખિ૦ ॥ કેવળ લહી મુગતે ગયા ॥ સખિ૦ ॥ અમે પણ કરશું તેમ રે ॥ સખિ૦ ॥ ॥૪॥ સ્વામિ સેવાથી લહે ॥ સખિ૦ ॥ સેવક સ્વામિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવે રે ॥ સખિ૦ ॥ સાલંબન નિરાલંબને ॥ સખિ૦ ॥ કરશું એહવો બનાવ રે ॥ સખિ૦ ॥૫॥ તીસ કોડાકોડી સાગરૂ ॥ સખિ૦॥ તિથિ અંતરમુહૂર્ત્ત લઘોશ રે ॥ સખિ૦॥ બંધ ચતુર્વિધ ચેતશું ॥ સખિ૦ ॥ પયઈ ઠિઈ રસ દેસ રે ॥ સખિ૦ ॥૬॥ સૂક્ષ્મ બંધ ઉદય વળી ॥ સખિ૦ ॥ ઉદીરણ સત્તા ખીણ રે ॥ સખિ૦ ॥ સ્નાતક સ્નાન મિષે હુવે ॥ સખિ૦ ॥ જ્ઞાન પડલ મળહીણ રે ॥ સખિ૦ ॥૭॥ સર્વાંગે સ્નાતક થઈ ॥ સખિ૦ ॥ કરશું સાહેલી સંગ રે ॥ સખિ૦ ॥ સહજાનંદ ઘરે રમો ॥ સખિ૦ ॥ શ્રી શુભ-વીરને સંગ રે ॥ સંગ રે ॥ સખિ૦ ॥૮॥

॥ કાવ્યં-ઉપજાતિવૃત્તમ્ ॥

તીર્થોદકૈર્મિશ્રિતચંદનૌઘૈઃ, સંસારતાપાહતયે સુશીતૈઃ ॥
જરાજનિપ્રાંતરજો-મિશાંત્યૈ,તત્કર્મદાહાર્થમજં યજેઽહં ।૧।

॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુરનદીજલપૂર્ણઘટૈર્ઘનૈ,—ર્ઘુસૃણમિશ્રિતવારિભૃતઃ પરૈઃ ॥ સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ॥ ૨ ॥ જનમનો મણિભાજન ભારયા, શમરસૈકસુધારસધારયા ॥ સકલબોધકલારમણીયકં, સહ-જસિદ્ધમહં પરિપૂજયે ॥૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ નિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે વીરજિનેંદ્રાય જલં યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય ચંદન પૂજા ॥

### ॥ દુહા ॥

મૂલ પ્રકૃતિએ એક એ, ઉત્તર પ્રકૃતિ પાંચ ।
મોહ શમે પણ નવિ શમે, વિણ ખાયકની આંચ ॥ ૧ ॥
તિણે તેહિ જ વિધિ સાધવા, પૂજો અરિહા અંગ ।
સિદ્ધ સ્વરૂપ હૃદયે ધરી, ઘોળી કેસર રંગ ॥ ૨ ॥

॥ ઢાળ બીજી ॥ ઝુંમખડાની દેશી ॥

બીજી ચંદનપૂજના રે, કેસરનો કરી ઘોળ ॥ પ્રભુપદ પૂજીયે ॥ બાહિર રંગ ગવેખી રે, રંગ અભ્યંતર ચોળ ॥ પ્ર૦॥ પૂજીયે જિન પૂજીયે રે, આનંદરસ કલ્લોલ ॥ પ્ર૦ ॥ ॥ ૧ ॥ એ આંકણી ॥ ધુર પગઈ ધુર કર્મની રે, બંધ ત્રિભંગ પ્રકાર ॥ પ્ર૦ ॥ ખય ઉપશમ ગુણ નીપજે રે, અટવીશ ઉપર ચાર ॥ પ્ર૦ ॥ ૨ ॥ ત્રણશેં ચાલીશ ઉત્તરૂ રે, બ્રહ્માદિક પદ બાર ॥ પ્ર૦ ॥ પૂજ્ય વિશેષાવશ્યકે રે, નંદીસૂત્ર મોઝાર ॥પ્ર૦॥૩॥ બંધહેતુ હતે પામીયેરે, મતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવરણ બલેણુ ॥ પ્ર૦॥ ધ્રુવબંધિ પ્રકૃતિ ટળે રે, જબ લહે ક્ષાયક શ્રેણુ ॥ પ્ર૦ ॥ ૪ ॥ જિમ રોહે નૃપ રીઝવ્યો રે, રીઝવવો એમ સાંઈ ॥ પ્ર૦ ॥ શ્રી શુભવીરને આશરે રે, નાશે કર્મ બલાઈ ॥ પ્ર૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ ॥

જિનપતેર્વરગંધસુપૂજનં, જનિજરામરણોદ્ભવભીતિહ્રુત્ ॥ સકલરોગવિયોગવિપદ્ધરં, કુરુકરેણ સદા નિજ પાવનમ્ ॥ ૧ ॥ સહજકર્મકલંકવિનાશનૈ, રમલભાવસુવાસનચંદનૈ–રનુપમાન–ગુણાવલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ મતિજ્ઞાનાવરણ નિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ ચંદનં યજામહે ॥ સ્વાહા ॥

## ॥ તૃતીય પુષ્પ પૂજા ॥

### ॥ દુહા ॥

શ્રુતજ્ઞાનાવરણીતણો, તું પ્રભુ ટાલણહાર ॥
ક્ષણમેં શ્રુતકેવળી કર્યા, દેઈ ત્રિપદી ગણધાર ॥ ૧ ॥
સુમનસ વૃષ્ટિ તેણે સમે, સમવસરણ મોઝાર ॥
કરતા સુમનસ સુમનસા, પ્રભુ પૂજા દિલધાર ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ત્રીજી ॥ દ્વેષ ન ધરીએ લાલન દ્વેષ ન ધરીએ-એ દેશી ॥

સમવસરણે શ્રુતજ્ઞાન પ્રકાશે, પૂજે સુરવર ફૂલની રાશે સ્વામિ! ફૂલની રાશે ॥ કેતકી જાઈનાં ફૂલ મંગાવો, ભેદત્રિકે કરી પૂજા રચાવો ॥ સ્વા૦ ॥ ૧ ॥ પ્રભુપદ પ્રણમી શ્રી શ્રુત માગો, શ્રુતજ્ઞાનાવરણુ તે જેમ જાય ભાગો ॥ સ્વા૦ ॥ ખય ઉપશમગુણુ જિમ જિમ થાવે, તિમ તિમ આતમ ગુણુ પ્રગટાવે ॥ સ્વા૦ ॥ ૨ ॥ મતિ વિણુ શ્રુત ન લહે કોઈ પ્રાણી, સમકિતવંતની એક નિશાની ॥ સ્વા૦ ॥ કૃત્યાદિક શ્રુતનાણુ જણાવે, ખીર નીર જિમ હંસ બતાવે ॥ સ્વા૦ ॥૩॥ ગીતારથ વિણુ ઉગ્ર વિહારી, તપિયા પણુ મુનિ બહુલ સંસારી ॥ સ્વા૦ ॥ અલ્પાગમ તપ કલેશ તે જાણો, ધર્મદાસગણી વચન પ્રમાણો ॥ સ્વા૦ ॥ ॥ ૪ ॥ ભેદ ચતુર્દશ વીશ વખાણો, ઓર રીત મતિજ્ઞાન સમાણો ॥ સ્વા૦ ॥ મતિ શ્રુત નાણે ચઉ શિવ જાવે, શ્રુતકેવલી શુભવીર વધાવે ॥૫॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુમનસાં ગતિદાયિ વિધાયિના, સુમનસાં નિકરૈઃ પ્રભુ પૂજનમ્ ॥ સુમનસા સુમનોગુણસંગિના જન! વિધેહી નિધેહિ મનોર્ચ્ચને ॥૧॥ સમયસારસુપુષ્પસુમાલયા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહજ કર્મકરેણુ વિશોધયા ।। પરમયોગબલેન વશીકૃતં, સહજ સિદ્ધમહં પરિપૂજયે

।। મંત્ર ।। ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ।। શ્રુતજ્ઞાનાવરણ નિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય ।। કુસુમાનિ યજામહે સ્વાહા ।।

## ।। ચતુર્થ ધૂપ પૂજા ।।

### ।। દુહો ।।

અવધિજ્ઞાનાવરણના, ક્ષયથી હુઆ ચિદ્રૂપ ।।
તે આવરણ દહનભણી, ઉર્ધ્વગતિરૂપ ધૂપ ।। ૧ ।।

### ।। ઢાળ ચોથી ।।

।। ઢાળ ।। (રાગ-જાતિ ફાગ સમાબ રાગિણી-એ દેશી)

જિનવર જગતદયાળ ભવિયાં! જિનવર જગતદયાળ, એ ગુણજ્ઞાન રસાળ, ભવિયાં! એ ગુણજ્ઞાન રસાળ ।। ધૂપઘટા ધરી, જ્ઞાન છટા વરી, અવિધિ આવરણ પ્રજાળ ।। ભ૦ ।। ષડ્ ભેદાંતર વૃદ્ધિની રચના, જાણે ક્ષેત્ર ને કાળ ।। ભ૦ ।। એ૦ ।।૧।। અંગુલ આવલી સંખમસંખે, પૂરણે કિંચૂણ કાળ ।। ભ૦ ।। પૂર્ણાવલિ અંગુલ પુહુત્ત, હસ્તે મુહૂર્ત વિચાર ।।ભ૦ ।। એ૦ ।।૨।। કોશ દિનાંતર યોજન દિન નવ, દ્રવ્યપર્યાય વિશાળ ।। ભ૦ ।। પણ વીશ યોજન પક્ષ અધુરે, પક્ષે ભરત નિહાળ ।। ભ૦ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ એ૦ ॥૩॥ જંબુદ્વીપ તે માસ અધિકે, વરસે અઢી-દ્વીપ ભાળ ॥ ભ૦ ॥ રૂચકદ્વીપ તે વર્ષ પુહુત્તે, અસંખ્યા-સંખ્યાતો કાળ ॥ ભ૦ ॥ એ૦ ॥૪॥ કાળ અસંખ્ય દ્વીપ સંખમસંખા. જ્ઞાન પ્રત્યક્ષ ત્રિકાળ ॥ ભ૦॥ એકસમે આઠ અધિક શત સીઝે, ટાળી ભવજંજાળ ॥ ભ૦॥ એ૦ ॥ ॥૫॥ શિવરાજ ઋષિ વિભંગને ટાળી, વરિયા શિવ-વરમાળ ॥ ભ૦॥ સાયરદ્વીપ અસંખ્ય દિખાવે, શ્રી શુભ-વીર દયાળ ॥ ભ૦ ॥ એ૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

અગરુમુખ્ય—મનોહરવસ્તુના, સ્વનિરુપાધિગુણૌઘ-વિધાયિના, પ્રભુશરીર સુગંધસુહેતુના, રચય ધૂપન-પૂજન-મર્હતઃ ॥ ૧ ॥ નિજગુણાક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલં પ્રવિકર્ષણિમ્, વિશદબોધમનંતસુખાત્મક, સહજ સિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ મંત્ર ॥ ઓં હ્રીં શ્રીં પરમ૦ ॥ અવધિજ્ઞાનાવરણ-નિવારણાય ॥ શ્રીમતે વીરજિનેંદ્રાય ધુપં ય૦ સ્વાહા ॥

## ॥ પંચમદીપકપૂજા ॥

### ॥ દુહો ॥

મનપજ્જવ આવરણ તમ, હરવા દીપકમાળ ॥
જ્યોતસેં જ્યોત મિલાઇયે, જ્ઞાન વિશેષ વિશાળ ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ પાંચમી ॥ ગોપી વિનવે રે ॥ એ દેશી ॥

જ્યોતિ ઝગમગે રે, અઢીદ્વીપ પ્રમાણ ॥ દો ભેદે કરી રે, અઢી અંગુલનો તરતમ જાણ ॥ જેહ વિપુલમતિ રે, તેહને તે ભવ પદ નિરવાણ ॥ મુનિવેષજ વિના રે, નવિ ઉપજે દો ભેદે નાણ ॥ જ્યોતિ૦ ॥ ૧ ॥ વિમલા તમા દિશા રે, જાણે જ્યોતિષ વ્યંતર ઠાણ ॥ તિર્છાલોકમાં રે, ભાખ્યું એહજ ક્ષેત્રપ્રમાણ ॥ અધોલોકમાં રે, યોજન સો અધિકેરા જાણ ॥ સંજ્ઞી જીવનાં રે, જાણે મનચિંતનમંડાણ ॥ જ્યોતિ૦ ॥ ૨ ॥ ઋજુમતિ દ્રવ્યથી રે, અનંત અનંત પ્રદેશ વિચાર ॥ અસંખિત ભવ કહે રે, પલિય અસંખમ ભાગ ત્રિકાળ ॥ સવિ પરજાયનો રે, ભાગ અનંતમો મનથી સાર ॥ ચારે ભાવથી રે, અધિકા વિપુલમતિ અણગાર ॥ જ્યોતિ૦ ॥૩॥ મતિશ્રુત નાણશું રે, મનપજ્જવ પામ્યા મુનિરાય ॥ ખાયક ભાવથી રે, એક સમય દશ મુક્તિ જાય ॥ ક્ષયઉપશમ પદે રે, મુનિવરને સાતે ગુણઠાણ ॥ શ્રી શુભવીરથી રે, જંબૂસ્વામી લાગે એ નાણ ॥ જ્યોતિ ઝગમગે રે૦ ॥ ૪ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વરસદ્મનિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શોભનમ્ ॥ સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલ-કારણમાતરમ્ ॥ ૧ ॥ શુચિમનાત્મચિદુજ્જવલદીપકૈ,-જ્વલિતપાપપતંગસમૂહકૈઃ ॥ સ્વકપદં વિમલં પરિલે-ભિરે, સહજસિમદ્ધહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીં પરમ૦ ॥ મનઃપર્યવજ્ઞાનાવરણ નિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ દીપં ય૦ ॥ સ્વાહા ॥

## ॥ ષષ્ઠ અક્ષતપૂજા ॥

### ॥ દુહો ॥

ઘનઘાતી ઘાતે કરી, જેહ થયા મુનિ ભૂપ ॥
બહિરાતમ ઉચ્છેદીને, અંતર આતમરૂપ ॥૧॥

॥ ઢાળ છઠ્ઠી ॥ સાહેલડીઆં-એ દેશી ॥

અક્ષતપદ વરવા ભણી, સુણો સંતાજી ॥ અક્ષતપૂજા સાર, ગુણવંતાજી ॥ અક્ષત ઉજ્જવલ તંદુલા ॥ સુ૦॥ ઉજ્જવલજ્ઞાન ઉદાર ॥ ગુ૦ ॥ ૧ ॥ પંચમ પગાઈ ટાળવા ॥સુ૦॥ વરવા પંચમ જ્ઞાન ॥ ગુ૦ ॥ ત્રિશલાનંદ નિહા-ળીએ ॥સુ૦॥ બાર વરસ એક ધ્યાન ॥ ગુ૦ ॥ ૨ ॥ નિંદ સ્વપ્ન જાગર દશા ॥ સુ૦ ॥ તે સવિ દૂરે હોય ॥ ગુ૦ ॥ દેખે ઉજાગરદશા ॥ સુ૦ ॥ ઉજ્જવલ પાયા દોય ॥ગુ૦॥ ॥૩॥ લહી ગુણઠાણું તેરમું ॥ સુ૦ ॥ ધુર સમયે સાકાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ાાગુ૦ાા ભાવજિનેશ્વર વંદીએ ાા સુ૦ ાા નાઠા દોષ અઢાર ાા ાા ગુ૦ ાા ૪ ાા છતી પર્યાયે જ્ઞાનથી ાા સુ૦ ાા જાણે જ્ઞેય અનંત ાા ગુ૦ ાા શ્રી શુભવીરની સેવના ાા સુ૦ ાા આપે પદ અરિહંત ાાગુ૦ ાાપાા

ાા કાવ્યમ્ ાા દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ાા

ક્ષિતિતલેઽક્ષતશર્મનિદાનકં, ગણિવરસ્ય પુરોઽક્ષતમંડલમ્ ાા ક્ષતવિનિર્મિત દેહનિવારણં, ભવપયોધિસમુદ્ધરણોદ્યતમ્ ાા ૧ ાા સહજભાવસુનિર્મલતંદુલૈ–ર્વિપુલદોષવિશોધકમંગલૈઃ ાા અનુપરોધસુબોધવિધાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ાા૨ાા

**ાા અથ મંત્ર ાા ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ાા કેવલજ્ઞાનાવરણ નિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય અક્ષતં ય૦ સ્વાહા ાા**

## ાા સપ્તમ નૈવેદ્ય પૂજા ાા

### ાા દુહો ાા

બાહ્ય રૂપ આહારે વધે, રૂપાંતર અણાહાર ાા
અણાહારી પદ પામવા, ઠવો નૈવેદ્ય રસાળ ાા૧ાા

ાા ઢાળ સાતમી ાા રાગ બિલાવલ ાા

નૈવેદ્ય પ્રભુ આગળ ધરી, બહુ છંદી વાજે ાા જ્ઞાના-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વરણુ નિવારીએ, રૂચકાંતર ભાંજે ।। હાંહાં રે તવ સાંઈ નિવાજે, હાંહાં રે જિનશાસન રાજે ।। નૈવેદ્ય૦ ।। ૧ ।। અજ્ઞાની પુણ્ય પાપનો, નવિ ભેદ તે જાણે ।। ।। નયગમ ભેદપ્રરૂપણા, હઠવાદે તાણે ।। હાંહાં રે એક આપ વખાણે, હાંહાં રે બંધ ઉદય ન જાણે ।। નૈવેદ્ય૦ ।। ૨ ।। આશાતના કરે જ્ઞાનની, જયણા નવિ પાળે ।। સુગુરુ વચન નવિ સદ્દહે, પડયો મોહની જાળે ।। હાંહાં રે તે અનંતે કાળે, હાંહાં રે નરભવ ન નિહાળે ।। નૈવેદ્ય૦ ।। ૩ ।। રોહિત મત્સ્યની ઉપમા, સિધ્ધાંતે લખાવે ।। જ્ઞાનદશા શુભવીરનું, જો દર્શન પાવે ।। હાંહાં રે અજ્ઞ ન હઠાવે, હાંહાં રે જયોતિ નયન જગાવે ।। નૈવેદ્ય૦ ।। ૪ ।।

।। કાવ્યં ।। દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ।।

અનશનં તું મમાસ્ત્વતિ બુદ્ધિના, રુચિરભોજન-સંચિત ભોજનં ।। પ્રતિદિનં વિધિના જિનમંદિરે, શુભમતે બત ઢૌકય ચેતસા ।।૧।। કુમતબોધ વિરોધનિવેદકૈર્વિહિત જાતિજરામણાંતકૈઃ ।। નિરશનઃ પ્રચુરાત્મગુણાલયં, સહજસિદ્ધમહં પરિપૂજયે ।।૨।।

**।। અથ મંત્ર ।। ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ।। અજ્ઞાનોચ્છેદકાય શ્રીમતે વીરજિનેંદ્રાય નૈવેદ્યં ય૦ સ્વાહા ।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ અષ્ટમ ફલ પૂજા ॥

### ॥ દુહા ॥

બંધોદય સત્તા ધ્રુવા, પાંચે પયડી જોય ॥
દેશઘાતિની ચાર છે, કેવળ સર્વથી હોય ॥ ૧ ॥
જ્ઞાનાચારે વરતતાં, ફળ પ્રગટે નિરધાર ॥
તેણે ફળપૂજા પ્રભુતણી, કરિયે વિવિધ પ્રકાર ॥ ૨ ॥

॥ ઢાળ ॥ આઠમી ॥ રાગ-ફાગ, સુરતી મહિનાનો-એ દેશી ॥

એ પાંચે આવરણનો, બંધ દશમ ગુણઠાણ ॥ ઉદય ઉદીરણ સત્તા, ખીણ કહે જગભાણ ॥ ૧ ॥ જ્ઞાનથી સાસ ઉસાસમાં, કઠીન કરમ ક્ષય જાય ॥ ફલવંચકતા તસ ટળે, જોગાવંચક થાય ॥ ૨ ॥ અરિહા પણ તપ કરતા એકાકી રહી રાણ ॥ અણહુંતા સુરકોડી, સેવે પૂરણ નાણ ॥ ૩ ॥ જ્ઞાનદશાવિણુતપ જપ, કિરિયા કરત અનેક ॥ ફળ નવિ પામે રાંક તે, રણમાં રોળ્યો[1] એક ॥ ૪ ॥ તેલી બળદ પરે-કષ્ટ કરે, જીઉવિણુ શ્રુતલહેર ॥ નિશિદિન નયન મીંચાણે, ફરતો ઘેરનો ઘેર ॥ ૫ ॥ જ્ઞાન પ્રથમ પછી જયણા, દશ-વૈકાલિક વાણ ॥ જ્ઞાનીને સુરતરુ ઉપમા, જ્ઞાનથી ફળ નિર્વાણ ॥૬॥ કર્મસૂદન તપ પુરણ, ફલપૂજા ફળ સાર ॥ શ્રી શુભવીરના જ્ઞાનને, વંદિયે વાર હજાર ॥ ૭ ॥

---

૧ રોયો પાઠાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

શિવતરોઃ ફલદાનપરૈર્નવૈ,-ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ્ ॥ ત્રિદશનાથનતક્રમપંકજં, નિહતમોહમહીધરમંડલમ્ ॥૧॥ શમરસૈકસુધારસમાધુરૈ-રનુભવાખ્ય ફલૈરભવપ્રદૈઃ ॥ અહિતદુઃખહરં વિભવપ્રદં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ પ્રથમ કર્મોચ્છેદકાય શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ ફલં યજામહે ॥ સ્વાહા ॥

॥ પ્રથમકર્મોચ્છેદનાર્થં અષ્ટમ ફલપૂજા સંપૂર્ણ ॥

॥ અથ કલશ ગાયો ગાયો રે મહાવીર૦ ॥

॥ ઇતિ પ્રથમદિવસેઽધ્યાપનીય જ્ઞાનાવરણીયકર્મ સૂદનાર્થં પ્રથમ પૂજાષ્ટક સંપૂર્ણ ॥

આ પ્રમાણે હવે પછી પ્રત્યેક દિવસે જે જે પૂજા ભણાવાય તે તે પૂજાનાં જે બે કાવ્યો હોય, તે બે કાવ્ય અનુક્રમે તે તે પૂજાના અંતમાં ભણવાં, તથા મંત્ર પણ સર્વ પૂજાદીઠ કહેવો. અને છેવટની ચોસઠમી પૂજાના અંતમાં લખેલો કળશ જે છે, તે પણ પ્રત્યેક દિવસે જ્યારે આઠ આઠ પૂજા પૂરી થાય ત્યારે છેલ્લો કળશ ભણવો ॥

॥ અથ દ્વિતીયદિવસેઽધ્યાપનીય-દર્શનાવરણીયકર્મ સૂદનાર્થં દ્વિતીય પૂજાષ્ટક પ્રારંભ ॥

( આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ )

૧. નદીનાં જળ, ૨. ચંદન, કેસર, ૩. મરૂઆ–ડમરાનાં ફૂલ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. અષ્ટાંગ ધૂપ, ૫. નવ દીવેટનો દીવો તથા બીજો બે દીવેટનો દીવો, ૬. કમોદના ચોખા, ૭. નૈવેદ્ય, ૮. ફળ.

## ॥ પ્રથમ જલપૂજા ॥

### ॥ દુહા ॥

દર્શનાવરણ તે વરણવું, નવ પગઈ ક્રુરદંત ॥ દર્શન નિદ્રા ભેદથી, ચઉ પણ કહે અરિહંત ॥૧॥ બંધોદય સત્તા ધ્રુવા, પયડી નવ તિમ પંચ ॥ નિદ્રા અધ્રુવોદય કહી, સર્વ ઘાતિ પણ પંચ ॥૨॥ દંસણતિગ દેશઘાતિયા, કેવળદંસણ એક ॥ સર્વઘાતિએ દાખિઓ, વાદલમેઘ વિવેક ॥ ૩ ॥ વિકટ નિકટ ઘટ પટ લહે, જિમ આવરણ વિયોગ ॥ જ્ઞાનાંતર ક્ષણથી સહુ, સામાન્યે ઉપયોગ ॥૪॥ એ આવરણ બળે કરી, ન લહ્યું દર્શન નાથ ॥ નૈગમદર્શને ભટકિયો, પાણી વલોવ્યું હાથ ॥ પૂરણ દર્શન પામવા ભજિએ ભવિ ભગવંત ॥ દૂર કરે આવરણને, જિમ જળથી જળકાંત ॥ ૬ ॥

॥ ઢાળ પહેલી ॥ નમો રે નમો શ્રીશેત્રુંજાગિરિવર—એ દેશી ॥

માગધ ને વરદામ પ્રભાસહ, ગંગાનીર વિવેક રે ॥ દર્શ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાવરણ નિવારણ કારણ, અરિહાને અભિષેક રે ।। નમો રે નમો દર્શનદાયકને ।।૧।। એ આંકણી ।। દર્શનદાયક શ્રી જિનવર તું, લાયકતાને લાગ રે ।। પ્રીતપટંતરદોય ન છાજે, જો હોય સાચો રાગ રે।। નમો૦ ।।૨।। રાગ વિના નવિ રીઝે સાંઈ, નીરાગી વીતરાગ રે ।। જ્ઞાન નયન કરી દર્શન દેખે તે પ્રાણી વડભાગ રે ।।નમો૦।।૩।। ચઉદંસણ પ્રતિ સૂક્ષમબંધે, ઉદયાદિય ખીણ અંત રે ।। તે આવરણ કઠિન મલી ખાલી, સ્નાતક સંત પ્રસંત રે ।।નમો૦।।૪।। ગ્રંથી વિકટ જે પોળ પોળીઆ, રોકે દર્શનભૂપ રે ।। શ્રી શુભવીર જો નયન નિહાળે, સેવક સાધન રૂપ રે ।। નમો૦ ।। ૫ ।।

।। કાવ્ય ।। તીર્થોદકૈઃ ।। ૧ ।। સુરનદી૦ ।। ૨ ।। જનમનો૦ ।। ૩ ।।

।। અથ મંત્ર ।। ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ દર્શનાવરણ બંધોદયસત્તા નિવારણાય ।। શ્રીમતે વીરજિનેંદ્રાય ।। જલં ય૦ ।। સ્વાહા ।।

## ।। દ્વિતીય ચંદન પૂજા ।।

### ।। દુહો ।।

ઉપદેશક નવતત્ત્વના, પ્રભુ નવ અંગ ઉદાર ।।
નવ તિલકે ઉત્તર નવ, પગઈ ટાળણહાર ।। ૧ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ ઢાળ બીજી ॥

(રાગ કાફી–નાયકી, રસિયા દિલ દીઠડી જ્યોતિ ઝગીરી–એ દેશી)

તુજ મૂરતિ મોહનગારી, રસિયા, તુજ મૂરતિ મોહન-ગારી ॥ દ્રવ્ય ગુણ પરજાય ને મુદ્રા, ચઉગુણ પડિમા પ્યારી ॥ રસિયા૦ ॥ તુ૦ ॥ નયગમ ભંગ પ્રમાણે ન નિરખી, કુમતિ કદાગ્રહ ધારી ॥ ૨૦ ॥ તુ૦ ॥ ૧ ॥ જિનવર તીરથ સુવિહિત આગમ, દર્શન નયન નિવારી ॥ ૨૦ ॥ તુ૦ ॥ ચક્ષુદર્શનાવરણકર્મ તે, બાંધે મૂઢ ગમારી ॥ ૨૦ ॥ તુ૦ ॥ ॥૨॥ કાણા નિશદિન જાત્યંધાપણું, દુઃખિયા દીનં અવ-તારી ॥ ૨૦ ॥ તુ૦ ॥ દર્શનાવરણ પ્રથમ ઉદયેથી, પરભવ એહ વિચારી ॥ ૨૦ ॥ તુ૦ ॥ ૩ ॥ અલ્પતેજ નયનાતપ દેખી, જુએ આડો કર ધારી ॥ ૨૦ ॥ તુ૦ ॥ જાણું પૂરવ-ભવ કુમતિની, હજીય ન ટેવ વિસારી ॥ ૨૦ ॥ તુ૦ ॥ ૪ ॥ જયણાયુત ગુરુ આગમ પૂજે, જિનપડિમા જયકારી ॥ ૨૦ ॥ તુ૦ ॥ શ્રી શુભવીરનું શાસન વરતે, એકવીશ વરસ હજારી ॥ રસિયા૦ ॥ તુ૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ જિનપતે ॥ ૧ ॥ સહજકર્મ ॥ ૨ ॥

॥ અથ મંત્ર–ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ ચક્ષુદર્શનાવરણનિવારણાય ॥

॥ શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ ચંદનં૦ ય૦ સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ તૃતીય પુષ્પ પૂજા ॥

### ॥ દુહા ॥

ફૂલ અમૂલક પૂજના, ત્રિશલાનંદન પાય ॥
સુરભિ દુરભિ નાસાપ્રમુખ, અચક્ષુ આવરણ હઠાય ॥ ૧ ॥

॥ ઢાળ ત્રીજી ॥ રાજ ! પધારો મેરે મંદિર—એ દેશી ॥

ડમરો મરુઓ કેતકી ફૂલે, પૂજાફલ પ્રકાશ્યાંજી ॥ ભોગીનિવાસા સંયુતઆશા, લક્ષણવંતી નાસા ॥ ભવ ભવ ઠરીએજી ॥ જિનગુણ માળ રસાળ કંઠે ધરીએજી ॥ ૧ ॥ એ આંકણી ॥ ગુણી બહુમાન જિનાગમ વાણી, કાને ધરી બહુમાને જી ॥ દ્રવ્ય ભાવ બહિરાતમ ટાળી, પરભવ સમજે સાને ॥ ભવ૦ ॥૨॥ પ્રભુગુણ ગાવે ધ્યાન મલ્હાવે, આગમ શુદ્ધ પ્રરૂપે જી ॥ મૂરખ મુંગા ન લહે પરભવ, ન પડે વળી ભવકૂપે ॥ભવ૦॥૩॥ પરમેષ્ઠિને શીશ નમાવે, ફરસે તીરથ ભાવે જી ॥ વિનય વૈયાવચ્ચાદિક કરતાં, ભરતેસર સુખ પાવે ॥ ભવ૦ ॥ ૪॥ જિમ જિમ ક્ષય ઉપશમ આવરણાં, તિમ ગુણ આવિર્ભાવે જી॥ શ્રી શુભવીર વચન રસલબ્ધે, સંભિન્નશ્રોત જણાવે ॥ ભ૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ સુમનસા૦ ॥૧॥ સમયસાર૦ ॥૨॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦॥ અચક્ષુદર્શનાવરણનિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ પુષ્પાણિ ય૦ ॥ સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ ચતુર્થ ધૂપ પૂજા ॥

### ॥ દુહો ॥

અવધિદર્શનાવરણ ક્ષય,–ઉપશમ ચઉગતિ માંહી ॥
ક્ષાયિકભાવે કેવળી, નમો નમો સિદ્ધ ઉચ્છાંહિ ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥ ચંદ્રશેખર રાજા થયો—એ દેશી ॥

અવધિરૂપી ગ્રાહકો, ષડ્ભેદ વિશેષે ॥ અવધિદર્શન તેહનું, સામાન્યે દેખે ॥ ૧ ॥ એ ગુણ લેઈ ઉપન્યા, પરભવથી સ્વામી ॥ આ ભવમાં સુખીયા અમે, તુમ દર્શન પામી ॥ એ આંકણી ॥ દેવ નિરય ગતિથી લહે, ગુણથી નર તિરિયા ॥ કાઉસ્સગ્ગમાં મુનિ હાસ્યથી, હેઠા ઊતરીયા ॥એ ગુણ૦॥૨॥ પરિણામે ચઢતી દશા, રૂપીદ્રવ્ય અનંતા ॥ જઘન્યથી ઉત્કૃષ્ટથી, સવિદ્રવ્ય મુણંતા ॥ એ ગુણ ॥ ૩ ॥ ક્ષેત્ર અસંખ્ય અંગુળ લઘુ, ગુરુ લોક અસંખા ॥ ભાગ અસંખ્ય લઘુ આવલી, ઉસપ્પિણી અસંખા ॥એ ગુણ૦॥૪॥ ચાર ભાવ દ્રવ્ય એકમાં, લઘુ ભાવ વિશેષે ॥ અસંખ્ય પર્યવ દ્રવ્યને, ગુરુદર્શન દેખે ॥ એ ગુણ૦ ॥૫॥ નંદીસૂત્રે એણીપરે, કહ્યું અવધિનાણ ॥ નિરાકાર ઉપયોગથી, દર્શન પરિમાણ ॥ એ ગુણ૦ ॥ ૬ ॥ વિભંગે પણ દાખિયું, દર્શન સિદ્ધાંતે ॥ તત્ત્વારથ ટીકા કહે, સમકિત એકાંતે ॥ એ ગુણ૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥૭॥ તસ આવરણ દહન ભણી, ધૂપપૂજા કરીયે ॥ શ્રી શુભવીર શરણ લહી, ભવસાયર તરીયે ॥ એ ગુણ૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ અગરુમુખ્ય૦ ॥ ૧ ॥ નિજગુણાક્ષય૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ અવધિદર્શનાવરણનિવારણાય ॥ ॥ શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ ધૂપં ય૦ સ્વાહા ॥

## ॥ પંચમ દીપકપૂજા ॥

### ॥ દુહો ॥

કેવળદર્શનાવરણનો, તું પ્રભુ ટાળણહાર ॥
જ્ઞાન દીપકથી દેખીયે, મોટો તુજ આધાર ॥૧॥

॥ ઢાળ પાંચમી ॥ રાગિણી આશાવરી--ગરબાની દેશી ॥

દીપક દીપતો રે, લોકાલોક પ્રમાણ ॥ દર્શન દીવડો રે. હણી આવરણ લહે નિર્વાણ ॥દી૦॥૧॥ એ આંકણી ॥ ક્ષાયિકભાવે અનાદિ ચેતન, આઠ પ્રદેશ ઉઘાડાં રે ॥ અવરનું દર્શન દેખણ ભમિયો, પણ આવરણ તે આડાં ॥ દી૦ ॥ ૨ ॥ તુમ સેવે તે તુમ સમ હોવે, શક્તિ અપૂરવ યોગે રે, ક્ષપકશ્રેણિ આરોહિ અરિહા, ધ્યાનશુક્લ સંયોગે ॥ દી૦ ॥ ૩ ॥ ઘનઘાતીનો ઘાત કરીને, પ્રથમ સમય સાકારે રે ॥ સમયાંતર દર્શન ઉપયોગે, દર્શનાવરણ વિદારે ॥ દી૦ ॥ ૪ ॥ મૂલ એક બંધ ચાર સત્તોદય, ઉત્તર પણ એક બાંધે રે ॥ બહેંતાલીશ ઉદયે પંચાંશી, સત્તા હણી શિવ સાધે ॥ દી૦ ॥ ૫ ॥ ઝગમગ ઝાળાદીપક પૂજા, કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોડી દીવાજા રે ।। શ્રી શુભવીર જિનેશ્વર રાજા, રાજ્યે રહી અતિ તાજા ।। દી૦ ।। ૬ ।।

।। કાવ્યં ।। ભવતિ દી૫૦ ।। ૧ ।। શુચિમનાત્મચિ૦ ।। ૨ ।।

।। અથ મંત્ર ।। ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ।। શ્રી વીર૦ ।। કેવલદર્શનાવરણ નિવારણાય ।। દીપં ય૦ ।। સ્વાહા ।।

## ।। ષષ્ઠ અક્ષત પૂજા ।।

### ।। દુહો ।।

નિદ્રાદુગદળ છેદવા, કરવા નિર્મલ જાત ।।
અક્ષત નિર્મળ પૂજના, પૂજો શ્રી જગતાત ।।૧।।

।। ઢાળ છઠ્ઠી ।। થુલિભદ્ર કહે સુણ બાળા રે—એ દેશી ।।

હવે નિદ્રા પાંચની કોટી રે, મોહરાયતણી એ ચેટી રે ।। સર્વ ઘાતી પયડી મોટી રે, નિદ્રા દુગ બ્હેનો છોટી રે ।। ૧ ।। એ બ્હેનો જગત પિતરાણી રે, નાના મોહોટા મુંઝવ્યા પ્રાણી રે ।। ભાનુદત્ત પૂરવધર પડિયા રે, દીપજ્યોતે જોયા નવ જડિયા રે ।। એ આંકણી ।। સુખે જાગે આળસ મેટી રે, તે નિદ્રા બાળવધૂટી રે ।। ઉભાં બેઠાં નયણાં ઘુંટી રે, જબ લાગે વયણની સોટી રે ।। એ૦ ।। ૨ ।। તવ નયણથી નિંદ વછુટી રે, પ્રચલા લક્ષણ ગતિ ખોટી રે ।। દ્વાદશાંગી ગણિરૂપ પેટી રે, મુનિનયણે નિદ્રા લપેટી રે ।। ।। એ૦ ।। ૩ ।। પૂરવધર પણ શ્રુત મેટી રે, રહ્યા નિગોદમાં દુઃખવેંટીરે ।। અપૂરવે બંધનથી છૂટીરે ।। સત્તાઉદયે બારમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખૂટી રે ॥ એ૦ ॥૪॥ મુનિરાજ મળીને લુંટી રે, અપ્રમત્તને દંડે કૂટી રે ॥ છળ જોતી ને રોતી વખૂટી રે, ધ્યાનલહેર બગાડે બૂટી રે ॥ એ૦ ॥ ૫ ॥ શુભવીર સમા નહીં મોટી રે, નિદ્રાની વરકટી કાટી રે ॥ થઈ સાદિ અનંતની છોટી રે, શિવસુંદરી સહેજે ભેટી રે ॥ એ૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ ક્ષિતિતલે૦ ॥ ૧ ॥ સહજભાવ૦ ॥ ૨ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ શ્રી વીર૦ ॥ નિદ્રા પ્રચલાવિચ્છેદનાય ॥ અક્ષતં ય૦ સ્વાહા ॥

## ॥ સપ્તમ નૈવેદ્ય પૂજા ॥

### ॥ દુહો ॥

આહારે ઉંઘ વધે ઘણી, નિદ્રા દુઃખ ભંડાર ॥
નૈવેદ્ય ધરી પ્રભુ આગળે, વરિયે પદ અણાહાર ॥ ૧ ॥

॥ ઢાળ સાતમી ॥ રાગ ગોડી ॥ તોરણ આઇ કયું ચલે રે–એ દેશી ॥

થીણદ્ધી ત્રિક સાંભળો રે, નિદ્રા જે દુઃખદાય ॥ સલુણા ॥ બંધ બીજા ગુણઠાણસેં રે, છટ્ઠે ઉદય મુનિરાય ॥ સલુણા ॥ જિમ જિમ જિનવર પૂજીયે રે, તિમ તિમ ધ્રૂજે કર્મ ॥ સ૦ ॥ ૧ ॥ સંપ કરી સત્તા રહે રે, નવમાને એક ભાગે ॥ સ૦ ॥ નિદ્રાનિદ્રા તેહમાં રે, કષ્ટે કરી જે જાગે ॥ સ૦ ॥ જિમ૦ ॥ ૨ ॥ પ્રચલા પ્રચલા ચાલતાં રે, નયણે નિંદ તુખાર ॥ સ૦ ॥ જાગે રણસંગ્રામમાં રે, વિજળી જ્યું ઝબકાર ॥ સ૦ ॥ જિમ૦ ॥૩॥ દિનચિંતિત રાત્રે કરે રે, કરણી જે નર નાર ॥ સ૦ ॥ બળદેવનું બળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે સમે રે, નરકગતિ અવતાર ॥ સ૦ ॥ જિમ૦ ॥ ૪ ॥ એમ વિશેષાવશ્યકે રે, વરણવિયો અધિકાર ॥ સ૦ ॥ સાધુમંડળીમાં રહે રે, એક લઘુ અણગાર ॥ સ૦ ॥ જિમ૦ ॥ ૫ ॥ થીણદ્ધી નિદ્રાવશે રે, હણિયો હસ્તિ મહંત ॥ સ૦ ॥ સૂતો ભર નિદ્રાવશે રે; ભૂતલીયે દોયદંત ॥સ૦॥ જિમ૦॥૬॥અંગઅશુચિ શિષ્યનું રે, સંશયભરિયા સાધ ॥ સ૦ ॥ જ્ઞાની વયણે કાઢીયો રે, હંસ વનેથી વ્યાધ ॥ સ૦ ॥ જિમ૦ ॥ ૭ ॥ ષડ્ માસે નિદ્રા લહે રે, શેઠવધૂ દૃષ્ટાંત ॥ સ૦ ॥ નિંદવિયોગે કેવલી રે, શ્રી શુભવીર ભણંત ॥ સ૦ ॥ જિમ૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ અનશનં૦ ॥ ૧ ॥ કુમતબોધ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ શ્રી વીર૦ ॥ થીણદ્ધિત્રિકદહનાય ॥ નૈવેદ્યં ય૦ સ્વાહા ॥

## ॥ અષ્ટમ ફલ પૂજા ॥

### ॥ દુહો ॥

વિવિધ ફળે પ્રભુ પૂજતા, ફળ પ્રગટે નિર્વાણ ॥
દર્શનાવરણ વિલય હુવે, વિઘટે બંધનાં ઠાણ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ આઠમી ॥ રાગ ફાગ દીપચંદીની ચાલ ॥

॥ હોરી ખેલાવત કાન્હાઈયાં. નેમીસર સંગલે ભઈયા —એ દેશી ॥

હોરી ખેલું મેરે સાહેબિયા, સંગે રંગે સુણ હો ભઈયા ॥ હોરી૦ ॥ અબિલ ગુલાલ સુગંધ વિખરીયા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કનક કચોળી કેસરિયા ॥ હોરી૦ ॥ ૧ ॥ ખારેક બીજોરાં ફળ ટેટી, પૂજે ફળ થાળે ભરિયા ॥ ફાગ ગાન ગુણ તાન બજૈયાં, દર્શનાવરણ ભયે ડરીયા ॥ હોરી૦ ॥ ૨ ॥ એ પ્રભુદર્શન વિણ ભવ ફરીયા, કુદેવ કુતીરથ વર્ણવિયા ॥ કુગુરુ કુશાસ્ત્ર પ્રશંસા કરીયા, મિથ્યાત્વધર્મ હઇયે ધરિયા ॥ હોરી૦ ॥ ૩ ॥ બહોત દુઃખે બહુ શોકે ભરિયા. સમકિત દૂષણ આચરિયા ॥ કુવ્રત પાળે ને ચાલે અનઇયા પરમેષ્ઠિ ગુરુ ઓલવીયા ॥ હોરી૦ ॥ ૪ ॥ પડણિયા ગુરુ અભ્યાસણિયા, ભગવઈ ભાખે ગણધરીયા ॥ દર્શનાવરણીકર્મ ઘેરૈયા, તીસ કોડાકોડી સાગરિયા ॥ હોરી૦ ॥ ૫ ॥ એસે બંધકો ધંધ ધટૈયા, સાંયુકી આણા શિર ધરિયા ॥ શૃંગી લવણ મધુરી લેહરિયા, શ્રી શુભવીર પ્રભુ મળિયા ॥ હોરી૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ શિવતરો૦ ॥ ૧ ॥ શમરસૈ૦ ॥ ૨ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ શ્રી વીર૦ ॥ દ્વિતીયદર્શનાવરણીયકર્મદહનાય ॥ ફલં ય૦ ॥ સ્વાહા ॥

॥ કળશ ॥ ગાયો ગાયો રે મહાવીર૦ ॥

॥ ઇતિ દ્વિતીય દિવસેઽધ્યાપનીય દર્શનાવરણીયકર્મસૂદનાર્થં દ્વિતીય પૂજાષ્ટકં સંપૂર્ણમ્ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### પંચમ દિવસેઽધ્યાપનીય આયુકર્મસૂદનાર્થં
### પંચમ પૂજાષ્ટકં–પ્રારંભઃ–

## ( આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ )

૧. સાકરનું પાણી, ૨. કેશર, ૩. જાઇ, અને ચંબેલીનાં ફૂલ, ૪. કુંદરૂં દશાંગ, ૫. ધૂપ, ચાર દિવેટનો દીપક, ૬. અખંડ ચોખા, ૭. નૈવેદ્ય, ૮. ફળ.

## ॥ પ્રથમ જલપૂજા ॥

### ॥ દુહા ॥

પંચમ કર્મતણી કહું, પૂજા અષ્ટ પ્રકાર ॥ મોહરાય દરબારમાં, જીવિત કારાગાર ॥ ૧ ચાર અઘાતી આઉખા, બંધોદય સુવિચાર ॥ સત્તાયે પણ જોડિયે, અધ્રુવપદ નિરધાર ॥ ૨ ॥ ચાર ગતિમાં જીવડો, આયુકર્મ ને યોગ ॥ બંધ ઉદયથી અનુભવે, સુખદુઃખ કેરા ભોગ ॥૩॥ ચરમશરીરી વિણુ જિકે, જીવ ઇણે સંસાર ॥ સમય સમય બાંધે સહી, કર્મ તે સાત પ્રકાર ॥ ૪ ॥ અંતરમુહૂર્તે આઉખું, ભવમાં એક જ વાર ॥ બાંધી અબાધા અનુભવી, સંચરિયા ગતિ ચાર ॥ ૫ ॥ એમ પુદ્ગલ પરાવર્ત્તના, કરી સંસારે અનંત ॥ નિર્ભયદાયક નાથજી, મળિયો તું ભગવંત ॥ ૬ ॥ જળપૂજા જુગતે કરી, ધરી પ્રભુચરણે શીશ ॥ ચાર પયડીમાં સુરગતિ, દાયક ઠાણ કહીશ ॥ ૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ શીતલજિન સહજાનંદી—એ દેશી ॥

તીર્થોદક કલશા ભરિયે, અભિષેક પ્રભુને કરિયે ॥ પ્રાતિહારજ શોભા ધરિયે, લઘુ ગુરુ આશાતના હરિયે ॥ સલુણા સંત એ રીતે કીજે, દેવઆયુ લહે ભવ બીજે ॥ સ૦ ॥ ॥૧॥ પરમાતમ પૂજા રચાવે, સમતારસ ધ્યાન ધરાવે ॥શોક સંતાપ અલ્પ કરાવે, સાધુ સાધવીને વિહરાવે ॥ સ૦ ॥૨॥ ગુણી રાગ ધરે વ્રત પાળે, સમકિત ગુણને અજવાળે ॥ જયણા અનુકંપા ઢાળે, કરે ગુરુવંદન ત્રણ્યકાળે ॥ સ૦ ॥ ॥ ૩ ॥ પંચાગ્નિ તાપ સહંતા, બ્રહ્મચારી વનમાં વસંતા ॥ કષ્ટે કરી દેહ દમંતા, બાળ તપસી નામ ધરંતા ॥ સ૦ ॥ ॥ ૪ ॥ બંધ કરતો સાતમે જાણો, ઉદયે ચોથો ગુણઠાણો, ઓઘે સુરઆયુ પ્રમાણો, સત્તા ઉપશમ ગુણઠાણો ॥ સ૦॥ ॥૫॥ લોક લોકોત્તર ગુણધારી, અંતે પરિણામ સમારી, દેવલોકમાંહે અવતારી, શુભવીર વચન બલિહારી ॥સ૦॥૬॥

॥ કાવ્યં ॥ તીર્થોદકૈ૦ ॥ ॥ સુરનદી૦ ॥ ૨ ॥ જનમનો૦ ॥ ૩ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીર૦ ॥ દેવાયુર્બંધસ્થાન-નિવારણાય જલં ય૦ સ્વાહા૦

## ॥ દ્વિતીય ચંદન પૂજા ॥

॥ દુહો ॥

પર્યાપ્તિ પૂરી કરી, સમકિતદૃષ્ટિ દેવ ॥
ન્હવણ વિલેપન કેશરે, પૂજે જિન તતખેવ ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ કોશ્યા વેશ્યા કહે રાગીજી, મનોહર મનગમતા—એ દેશી ॥

દુનિયામાં દેવ ન દૂજા જી, જિનવર જયકારી ॥ કરૂં અંગે વિલેપન પૂજાજી ॥ જિ૦ ॥ તિમ સમકિત સુરે પૂજે-જી ॥ જિ૦ ॥ મિથ્યાત્વી પણ કેઈ બૂજે જી ॥ જિ૦ ॥૧॥ તિહાં પહેલી ભવન નિકાયજી ॥ જિ૦ ॥ એક સાગર અ-ધિકુ આયજી ॥ જિ૦ ॥ ઉત્તરથી દક્ષિણ હીણોજી ॥જિ૦॥ નવમાં દોય પલિય તે ઉણોજી ॥ જિ૦ ॥ ૨ ॥ વ્યંતર એક પલિયનું આયજી ॥ જિ૦ ॥ સુખ સાહેબ ત્રીજી નિકાયજી ॥ ॥ જિ૦ ॥ સહસ લક્ષ વરસ અધિકેરે જી ॥ જિ૦ ॥ રવિ ચંદ્ર પલ્યોપમ પૂરે જી ॥ જિ૦ ॥ ૩ ॥ ગહ રિખ તારક જોડાયજી ॥ જિ૦ ॥ પલ્ય અર્ધ ને ચોથે પાયજી ॥ જિ૦ ॥ સૌધર્મે સાગર દોયજી ॥ જિ૦ ॥ બીજે અધિકેરાં હોયજી ॥ જિ૦ ॥ ૪ ॥ દોય કલ્પે સગહિય જાણોજી ॥ જિ૦ ॥ એ પરમાયુ પરિમાણો જી ॥ જિ૦ ॥ દશ ચઉદશ સત્તર દીજે જી ॥ જિ૦ ॥ મહાશુક્ર લગે તે લીજે જી ॥ જિ૦ ॥ ૫ ॥ હવે કીજે અધિક એક એકે જી ॥ જિ૦ ॥ એકત્રીસ નવ ગ્રૈવેકે જી ॥ જિ૦ ॥ તેત્રીશ તે પંચ વિમાનેજી ॥ જિ૦ ॥ સમકિતદષ્ટિ તિહાં માને જી ॥ જિ૦ ॥ ૬ ॥ શિવસાધક બાધક ટાણે જી ॥ જિ૦ ॥ સુરસુખ તે દુઃખ કરી જાણેજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ જિ૦ ॥ કલ્યાણક રંગે ભીનાજી ॥ જિ૦ ॥ શુભવીર વચન રસ લીનાજી ॥ જિ૦ ॥ ૭ ॥

કાવ્ય ॥ જિનપતે૦ ॥ ૧ ॥ સહજકર્મ ॥ ૨ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વીર૦ ॥ સુરાસુર્નિગડ-ભંજનાય ॥ ચંદનં ય૦ સ્વાહા ॥

## ॥ તૃતીય પુષ્પપૂજા

### ॥ દુહા ॥

ત્રીજી કુસુમની પૂજના, પૂજો નિત્ય જિનરાય ॥
પંડિત સંગ કરે સદા, શાસ્ત્ર ભણે ધરે ન્યાય ॥ ૧ ॥
ન્યાયે ઉપાર્જન કરે, જયણાયુત મુનિદાન ॥
ભદ્રકભાવે નવિ કરે, આરંભ નિંદા ઠાણ ॥ ૨ ॥
પરઉપકારાદિ ગુણે, આવે મનુઅનું આય ॥
તુજ શાસનરસિયા થઈ, શિવમારગ કેઈ જાય ॥ ૩ ॥

॥ ઢાળ ॥ ત્રીજી ॥ આસણરા યોગી—એ દેશી ॥

કુસુમની પૂજા કર્મ નસાવે, નાગકેતુપરે ભાવે રે ॥ સુણજો જગસ્વામી ॥ આયુ નિકાચિત છે પણ તહવિ, કર્મનું જોર હઠાવે રે ॥ સુ૦ ॥ ૧ ॥ શ્રેણિક સરિખા તુજ ગુણરાગી, કર્મની બેડી ન ભાંગી રે ॥ સુ૦ ॥ સુકુમાલિકા ઉપનય ઇહાં ભાવો, સાર્થવાહ ઘર લાગી રે ॥ સુ૦ ॥ ૨ ॥ ત્યાશી લાખ પૂરવ ઘરવાસે, જિનવર વિરતિ ન આવેરે ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ સુ૦ ॥ બંધતુરિયસત્તા ઉદયેથી, કેવળી અંતે ખપાવે રે ॥ સુ૦ ॥ ૩ ॥ ત્રણ્ય પલ્યોપમ યુગલિક આયુ, કલ્પતરુ ફળ લીના રે ॥ સુ૦ ॥ સંખાયુ નર શિવ અધિકારી, જાય તે ભવ વ્રતહીના રે ॥ ૪ ॥ પૂરવ કોડી ચરણફળ હારે, મુનિ અધિકેરે આય રે ॥ સુ૦ ॥ શ્રી શુભવીર અચલસુખ પાવે, ચરમ ચોમાસું જાય રે ॥ સુણજો જગસ્વામી ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ સુમનસા ॥ ૧ ॥ સમયસાર૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ શ્રીમતે વીર૦ ॥ નરા-યુનિ વારણાય ॥ પુષ્પાણિ૦ ય૦ ॥ સ્વાહા ॥

## ॥ ચતુર્થ ધૂપપૂજા ॥

### ॥ દુહા ॥

કર્મ સમિધ દાહન ભણી, ધૂપઘટા જિન ગેહ ॥
કનક હુતાશન યોગથી, જાત્યમયી નિજ દેહ ॥ ૧ ॥
જિનગુણ રંગ સુગંધમેં, છલકત ઝલકત હંસ ॥
આયુ કલંક ઉતારતાં, શોભે નિર્મળ વંશ ॥ ૨ ॥
નિર્મળ વંશ નિહાળીને, કુળવંતી ઘર નાર ॥
પરઘર રમતો દેખીને, સમજાવે ભરતાર ॥ ૩ ॥

### ॥ ઢાળ ॥

(રાગ–યોગ આશાવરી, ઉઠ ભમરા કંકણી પર બેઠા, નથણીસે લલકારૂંગી, ઉડ જારે ભમરા તુજ મારૂંગી)

જિનગુણ ધૂપઘટા વાસંતી, કુળવંતી પરદારૂંગી ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મત જારે પિયાતુજ વારૂંગી ।। બાલખેલમેં નવિ બતલાયો, અબ નયને લલકારૂંગી ।। મત૦ ।। ૧ ।। માત પિતા સયણા લજવાતે, લાજત દશ દોય દારૂંગી ।। મત ૦ ।। એ તુજ ખ્યાલ બુરો દુનિયા મેં, કયા મેં મુખ દેખારૂંગી ।। મત૦ ।। ૨ ।। રયણી ઘોર મેં ચોર ફિરત હૈ, પિયુ હરરોજ પોકારૂંગી ।। મ૦ ।। ઇતને દીન ઓઝલમેં રહેતી, સહેતી દુનિયા ગારૂંગી ।। મ૦ ।। ૩ ।। તીનલોક સાહિબકી આના, મેં તેરે શિર ધારૂંગી ।। મ૦ ।। દીપક જ્યોતસેં મંદિર રહેનાં પરઘર ચાર વિસારૂંગી મ૦ ।। ૪ ।। ચાર સજાયે ફૂલ બિછાઉં, છતિયાંસે બિ લગારૂંગી ।। મ૦ ।। રંગમહેલમેં સહેલ કરંતાં, ગોદમેં પુત્ત રમારૂંગી ।। મ૦ ।। ૪ ।। ગંગાનીરસે અંગ પખારૂં, નાથ સગાંસે તારૂંગી ।। મ૦ ।। નવલ વધૂસે પુત્તપનોતી, સખિયાં ગીત ઉચ્ચારૂંગી ।। મ૦ ।। શ્રી શુભવીર ચતુર ચોરીમેં, શિર પર લુણ ઊતારૂંગી ।। મ૦ ।।૭।।

।। કાવ્યં ।। અગરુમુખ્ય૦ ।। ૧ ।। નિજગુણાક્ષય૦ ।। ૨ ।।

।। અથ મંત્ર ।। ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ।। નરાયુર્વિંગમાદંતરંગકુટુમ્બપ્રાપ્તયે ।। શ્રીમતે વીરજિનેંદ્રાય ।। ધૂપં યજામહે ।। સ્વાહા ।।

## ।। પંચમ દીપકપૂજા ।।

### ।। દુહો ।।

મનમંદિર દીપક જિસ્યો, દીપે જાસ વિવેક ।।

તસ તિરિઆયુ નહિ કદા, થાનક બંધ અનેક ।। ૧ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ ચોરી વ્યસન નિવારીયે—એ દેશી ॥

દીપકપૂજા જિનતણી, નિત કરતાં હો અવિવેક તે જાય કે ॥ અવિવેકે કરી આતમા, બંધ પાડે હો તિરિયંચનું આય કે ॥ અજ્ઞાની પશુ આતમા ॥ ૧ ॥ એ આંકણી ॥ શીળરહિત પરવંચકા, ઉપદેશે હો પોષે મિથ્યાત કે ॥ વણિજ કરે કૂડ તોલશું, મુખ ભાંખે હો કુકર્મની વાત કે ॥ અ૦ ॥ ૨ ॥ વસ્તુ ઉત્તમ હીણુ જાતિશું, ભેળવીને હો વેચે નાદાન કે ॥ માયા કપટ કૂડ શાખિયો, કરે ચોરી હો નિત્ય આરતધ્યાન કે ॥ અ૦ ॥ ૩ ॥ થઈ ધીરોલી સાધવી, શેઠ સુંદર હો નંદન મણિયાર કે ॥ અવિવેકે પરભવ લહે, ગોહજાતિ હો દેડક અવતાર કે ॥ અ૦ ॥ ૪ ॥ કૂડ કલંક ચઢાવતાં, નીલ કાપોત હો લેશ્યા પરિણામ કે ॥ શ્રી શુભવીરના નિંદકી, તિરિઆયુ હો બાંધે એણે ઠામ કે ॥ અજ્ઞાની૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ ભવતિ દીપ૦ ॥ ૧ ॥ શુચિમનાત્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ તિર્યગાયુર્બંધસ્થાનનિવારણાય ॥ શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ દીપં ય૦ ॥ સ્વાહા ॥

## ॥ ષષ્ઠ અક્ષતપૂજા ॥

### ॥ દુહો ॥

અક્ષતપૂજા કીજીએ, અક્ષયપદ દાતાર ॥
પશુઆં રૂપ નિવારીને, નિજરૂપે કરનાર ॥ ૧ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ મનમોહન મેરે—એ દેશી ॥

તુમ અમ પહેલે એકઠા, મનમોહન મેરે ॥ મળીયા વાર અનંત ॥ મ૦ ॥ શીઘ્રપણે કેમ સાહિબા ॥ મ૦ ॥ આપ હુઆ ભગવંત ॥ મ૦ ॥ ૧ ॥ આળસુ મંદ પરાધીને ॥ મ૦ ॥ અંતર પડીઓ જાય ॥ મ૦ ॥ એકલડા મેં આચર્યાં ॥ મ૦ ॥ તિરિય ગતિનાં આય ॥ મ૦ ॥ ૨ ॥ એકેંદ્રિય માંહે રહ્યો ॥ મ૦ ॥ બાવીસ વરસ હજાર ॥ મ૦ ॥ ક્ષુલ્લકભવ સત્તર કર્યા ॥ મ૦ ॥ શ્વાસોશ્વાસ મોઝાર ॥મ-૦ ॥૩॥ બેઈંદ્રિય ગુરુઆયુથી ॥ મ૦ ॥ જીવે વરસ તે બાર ॥ મ૦ ॥ ઓગણપચાસ વાસરા ॥ મ૦ । તેઈંદ્રિય અવતાર ॥ મ૦ ॥ ૪ ॥ છમાસી ચઉરિંદ્રિયા ॥ મ૦ ॥ પલ્ય પણિંદી તીન ॥ મ૦ ॥ બંધ કહ્યો સાસ્વાદને ॥ મ૦ ॥ ઉદયે પંચમ લીન ॥ મ૦ ॥૫॥ સત્તા ખસી ગઈ સાતમેં ॥ મ૦ ॥ પૂજ્ય હુઆ શુભવીર ॥ મ૦ ॥ હું પણ મળિયો અવસરે ॥ મ૦ ॥ પૂજું અક્ષતે થઈ થીર ॥ મ૦ ॥ ૬॥

॥ કાવ્યં ॥ ક્ષિતિતલે૦ ॥ ૧ ॥ સહજભાવ૦ ॥ ૨ ॥

॥ મંત્ર ॥ ઓઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ શ્રીતિર્યગ્ગાત્યુર્નિવારણાય ॥ શ્રીમતે વીરજિનેંદ્રાય અક્ષતાન્ યજ૦ ॥ સ્વાહા ॥

## ॥ સપ્તમ નૈવેદ્ય પૂજા ॥

### ॥ દુહો ॥

અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહગઇય અણંત ॥
નૈવેદ્ય પૂજા ફળ દિયો, અણાહારી પદ સંત ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ માતા યશોદાજી હુલરાવે, ભાવ્યો મન ગોપાલ, બાળપણે વાહ્યો—એ દેશી ॥

આહાર કરતાં અહોનિશ માચ્યો, નાચ્યો ઈણે સંસાર, ॥ સાંભળ વિશરામી ॥ નૈવેદ્ય થાળ ઠવી જિનઆગે, માગું પદ અણાહાર ॥ સાં૦ ॥ દેતાં નહીં તુજ વાર ॥ સાં૦ ॥ તુજ સરિખો દાતાર ॥ સાં૦ ॥ નહીં કોઈ આ સંસાર ॥ સાં ॥ ત્રિશલામાતા મલ્હાર ॥ સાં૦ ॥ મુજ અવગુણ ન વિચાર ॥ સાં૦ ॥ ૧ ॥ મદ મત્સર લોભી અતિ વિષયી, જીવતણો હણનાર ॥ સાં ॥ મહારંભી મિથ્યાતિ ને રૌદ્રી, ચોરીનો કરનાર ॥ સાં ॥ ઘાતક જિન અણગાર ॥ સાં૦ ॥ વ્રતનો ભંજણહાર ॥ સાં ॥ મદિરા માંસ આહાર ॥સાં૦॥ ભોજનનિશિઅંધાર ॥ સાં૦ ॥ ગુણી નિંદાનો ઢાળ ॥ સાં૦ ॥ લેશ્યા ધુર અધિકાર ॥ સાં૦ ॥ નારકીમાં અવતાર ॥ સાં૦ ॥ ઈણે લક્ષણ નિરધાર ॥ સાં૦ ॥ અવગુણનો નહીં પર ॥ સાં૦ ॥ પણ આવ્યો તુજ દરબાર ॥ સાં૦ ॥ નિજરૂપદિયો એકવાર ॥ સાં૦ ॥ જેમ વિદ્યાધાર ઉપગાર ॥ સાં૦ ॥ સંજીવની બુટી ચાર ॥ સાં૦ ॥ સાજો કીધો ભરતાર ॥ સાં૦ ॥ શુભવીરા વડો આધાર ॥ સાં૦ ॥ ૨ ॥

॥ કાવ્યં ॥ અનશનં૦ ॥ ૧ ॥ કુમતબોધ૦ ॥ ૨ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમણા નરકાયુર્બંધસ્થાન-નિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ નૈવેદ્યં ય૦ ॥ સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ અટષ્મ ફલ પૂજા ॥

### ॥ દુહો ॥

બંધન બેડી ભંજવા, જિનગુણ ધ્યાન કુઠાર ॥
ફળપૂજાથી તે હુવે, ફળથી ફળ નિર્ધાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥ પરિગ્રહ મમતા પરિહરો—એ દેશી ॥

ફળપૂજા વીતરાગની, કરતાં દુઃખ પલાય ॥ સલુણે ॥ અરિહાપૂજ અરોચકા, જીવ તે નરકે જાય ॥ સલુણે ॥૧॥ બંધ સમય ચિત્ત ચેતિયે, શ્યો ઉદયે સંતાપ ॥ સ૦ ॥શોક બંધે સંતાપથી, શોક નરકની છાપ ॥ સ૦ ॥ બંધ૦॥૨॥ ઇગ તિગ સગ દશ સત્તરૂ, બાવીશ ને તેત્રીશ ॥ સ૦ ॥ સાગર સાતે નરકમાં, નારકી પાડે ચીસ ॥ સ૦॥ બંધ૦ ॥ ॥ ૩ ॥ દશવિધ દાહક વેદના, વૈતરણીનાં દુઃખ ॥ સ૦॥ પરમાધામી વશ પડયા, ઘડીય ન પામ્યા સુખ ॥ સ૦॥ ॥ બંધ૦ ॥ ૪ ॥ જાતિસ્મરણે જાણતા, અનુભવિયા અવદાત ॥ સ૦ ॥ તો પણ રાવણ ઝુઝતો, લક્ષ્મણશું કરી ઘાત ॥ સ૦ ॥ બંધ૦ ॥ ૫ ॥ પરમાધામી દેખીને, નાખે અગ્નિમઝાર ॥ સ૦ ॥ ચોથી નરકે બૂઝવ્યા, સિતેંદ્રે તેણી વાર ॥ સ૦ ॥ બંધ૦ ॥ ૬ ॥ રાય વસુ નરકે પડયા, સુભૂમ સરિખા વીર ॥ સ૦ ॥ સાંભળી હઇડાં કમકમે, ધ્રુજ વછુટે શરીર ॥ સ૦ ॥ બંધ૦ ॥ ૭ ॥ આદિ તુરિય બંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદયથી, સત્તા સાતમે ટાળ ॥ સ૦ ॥ કર્મસૂદન તપ ફળ દીયો, શ્રી શુભવીર દયાળ ॥ સ૦ ॥ બંધ૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ શિવતરો૦ ॥ ૧ ॥ શમરસૈ૦ ॥ ૨ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ નરકાયુર્નિગડવિફલ-ત્વાય શ્રીમતે વીર૦ ॥ ફલાનિ ય૦ સ્વાહા ॥

॥ કલશ ॥ ગાયો ગાયો રે મહાવીર૦ ॥

॥ ઇતિ પંચમ દિવસેઽધ્યાપનીય આયુઃકર્મસૂદનાર્થં ॥

પંચમ પૂજાષ્ટકં સંપૂર્ણમ્ ॥

## ॥ ષષ્ઠ દિવસેઽધ્યાપનીય નામકર્મસૂદનાર્થં ॥

## ॥ ષષ્ઠ પૂજાષ્ટક-પ્રારંભ ॥

### ( આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ )

૧. દૂધ, અભિષેક, ૨. સુવર્ણ સાથે ઘસેલું કેસર, ૩. પંચવર્ણી ફૂલે જાળી ભરીએ, ૪. દશાંગ ધૂપ, ૫. બે દીવેટનો દીપક, એવા એકસો ને ત્રણ દીપક કરી વંશમાલે ધરીએ, ૬. અસ્ત પંચવર્ણી ચોખા, ૭. નૈવેદ્ય, ૮. ફળ.

### ॥ પ્રથમ જલપૂજા ॥

### ॥ દુહા ॥

પ્રણમું શ્રી શંખેશ્વરો, સાહિબ સુગુણ પવિત્ત ॥ મુજ શુરુ ઉપકારે કરી, ક્ષણ ક્ષણ આવે ચિત્ત ॥ ૧ ॥ નામકરમ હવે દાખવું, ચિત્રક સરિખું જેહ ॥ નટ જેમ બહુરૂપો કરે, તેમ શુભ અશુભે તેહ ॥ ૨ ॥ ઉંચ નીચ દેહાકૃતિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખંપણ દેહે હોય ।। કૃષ્ણ નીલ જાડો ઘણું, અશુભ નામ તે જોય ।। ૩ ।। રૂપે હરિબળ સારિખા, તે શુભ નામ વખાણ ।। મધ્યતનુ પીત ઉજળો, સુંદર રાતો વાન ।।૪।। જૈનધર્મ રાતો રહે, ગાય ગુણી ગુણગ્રામ ।। તેણે શુભ નામ તે સંપજે, ઈતર અશુભ તે નામ ।। ૫ ।। નામકર્મ દૂરે કરી, પામ્યા ભવનો પાર ।। સિદ્ધ અરૂપી પદ ભણી, પૂજા અષ્ટપ્રકાર ।। ૬ ।।

।। ઢાળ ।। સુતારીના બેટા તને વિનવું રે લોલ—એ દેશી ।।

પિંડપયડી ચૌદ પખાળવારે લોલ, અભિષેક કરું અરિહંત જો ।। જસ જ્ઞાનદશા રળિયામણી રે લોલ ।। કરે જ્ઞાની કરમનો અંત જો ।। જ્ઞાનીની ગોઠડી મીઠડી રે લોલ ।। ૧ ।। નર, દેવ, નિરિય, તિરિયા ગઇ રે લોલ ।। ઇગ, વિગલ, પણિંદિ જાતિ જો ।। તરુ કોડો, કીડી, માંખી થયો રે લોલ, શું વખાણું આપણી બુનિયાત જો ।। જ્ઞા૦ ।।૨।। તનુ ઉરલ વિઉવ્વાહારગા રે લોલ, તેમ કર્મ અનાદિના સાથ જો ।। ત્રણ આદિ ઉપાંગને ટાળવા રે લોલ, તુજ સરિખો ન મળિયો નાથ જો ।। જ્ઞા૦ ।। ૩ ।। ઈણે નામે બંધન સંઘાતના રે લોલ, પણ બંધક ગ્રાહક પાંચ જો ।। ।। ષટ્ સંઘયણ આદિ કેવલી રે લોલ, જો વજ્રઋષભનારાચ જો ।। જ્ઞા ।। ૪ ।। સંસારે ઋષભનારાચ છે રે લોલ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારાચ અરધનારાચ જો ॥ કિલિ છેવટ્ઠું પંચમ કાલમાં રે લોલ, ગયાં રત્ન રહ્યાં તનુ કાચજો ॥ જ્ઞા૦ ॥ ૫ ॥ સમચઉરંસ નિગ્ગોહ સાદિયે રે લોલ, કુબ્બડું વામણ સંઠાણ જો ॥ હુંડવાળાનું એકે ન પાંસરૂં રે લોલ, હવે વર્ણાદિ-વીશ પ્રમાણ જો ॥ જ્ઞા૦ ॥ ૬ ॥ ગંધ વર્ણ ફરસ રસ પુગ્ગલારે લોલ, વીશ સોલ બોલે ગ્રહવાય જો ॥ જીવ યોગ્ય ગ્રહણ અડ વર્ગણા રે લોલ, રાગ દ્વેષનો રસ ઘોલાય જો ॥ જ્ઞા૦ ॥ ૭ ॥ અનુપૂર્વી કહી ગતિ ચારની રે લોલ, જાય તાણ્યો ઋષભ ધર નાથ જો ॥ શુભ અશુભ ચાલ છંડી કરી રે લોલ, શુભવીરને વળગો હાથ જો ॥ જ્ઞાનની ૦ ॥૮॥

॥ કાવ્યં ॥ તીર્થોદકૈઃ ॥ ॥ સુરનદી૦ ॥ ૨ ॥ જનમનો૦ ॥ ૩ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ પિંડપ્રકૃતિવિચ્છેદનાય ॥ શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ જલં યજામહે ॥ સ્વાહા ॥

## ॥ દ્વિતીય ચંદન પૂજા ॥

### ॥ દુહો ॥

દશ તિગ જિન ઘર સાચવી, પૂજીશું અરિહંત ॥
દશ યતિધર્મ આરાધીને, કરૂં થાવર દશ અંત ॥ ૧ ॥

॥ ઢાળ ॥ વજના વાલ્હાને વિંનતિ રે—એ દેશી ॥

સાતે શુદ્ધિ સમાચરીરે, પૂજીશું અમે રંગે લાલ ॥ કેશર [1]ચંદનશું ઘસી રે, સ્વામી વિલેપન અંગે લાલ ॥ લાલ સુરંગી સાહિબા રે ॥ ૧ ॥ ભૂ, જળ, જલણ અનિલ તરુ રે, થાવર પંચ પ્રકારો લાલ ॥ સૂક્ષ્મ નામકરમ થકી રે,

૧. કંચનશું–પાઠાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરિયા લોક મોઝારો લાલ લાલ૦ ॥ ૨॥ નિજ પર્યાપ્તિ પૂર્યા વિનારે, મરતા તે અપજત્તા લાલ ॥ સાધારણ તરુજાતિમાં રે, જીવ શરીરે અનંતા લાલ ॥ લા૦ ॥ ૩॥ અંગ ઉપાંગ જે થિર નહીં રે, નામ અથિર તે દીઠો લાલ॥ નાભિ હેઠેઅશુભાકૃતિ રે, દુર્ભગલોક અનિઠો લાલ ॥ લા૦ ॥ ૪ ॥ ન ગમે જે સ્વર લોકમાં રે, દુઃસ્વર ખેદનું ધામો લાલ ॥ સાચું, લોકને નવિ ગમે રે, વચન અનાદેય નામો લાલ ॥ લા૦ ॥ ૫ ॥ શ્રી શુભવીરને નવિ હોવે રે, એ દશમાંહેની એકો લાલ ॥ લા૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ જિનપતે ॥ ૧॥ સહજકર્મ ॥ ૨॥

॥અથ મંત્ર॥ ૐ હ્રીં શ્રીં પરમ૦॥ સ્થાવરદશકનિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય॥ ચંદનં યજામહે ॥ સ્વાહા ॥

## ॥ તૃતીય પુષ્પપૂજા ॥

### ॥ દુહો ॥

એ દશ પયડિ પાપની, પાપે બંધ કરંત ॥
ત્રણ દશ પામે જીવડો, જિમ અંશે પુણ્યવંત ॥

॥ ઢાળ ॥ રહો રહો રે જાદવ દો ઘડિયાં—એ દેશી ॥

રહો રહો રે રસભર દો ઘડિયાં, દો ઘડિયાં દિલસે અડિયાં ॥ રહો૦ ॥ એ આંકણી ॥ કુસુમની પૂજા કરી ફળ માગું, પરમાતમ પાઉં પાડિયા ॥ રહો૦॥ પુણ્ય ઉદય ત્રસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામ ધરાયો, અબ તુમ વાર નહી ઘડિયાં ॥ રહો ॥૧॥ વિગલેંદ્રિ પંચેદ્રિ કહાયો, પ્રભુ ઓળખાણુ હવે પડિયાં ॥ રહો૦ ॥ બાદર નામ જે નજરે દેખે, ઉવેખે કેમ નજરે ચડિયાં ॥રહો૦ ॥ ૨ ॥ થઈ પર્યાપ્તો લબ્ધિકરણે, ચરણે આયો ન વિછડિયાં ॥ રહો૦ ॥ એક તનુ એક જીવ કહાવે, પ્રત્યેકમાં પણ અમે વડિયાં ॥ રહો૦ ॥ ૩ ॥ દંતાદિક તનુ થિર થિરનામે, તહવિ મન અમે થિર કરિયાં ॥ રહો૦ ॥ નાભિ ઉપર તનુ શુભ સહુ દેખે, તેણે તુમ હ્રદય કમળ ધરિયાં ॥ રહો૦ ॥ ૪ ॥ સરવને વાલ્હો સુભગણુી લાગું, જબ અમ ઘર તુમ પાવડિયાં ॥ રહો૦ ॥ સુસ્વર સુણુતાં લાગે મીઠો, તુમ ગુણુ અંબા મંજરિયાં ॥ રહો૦ ॥ ॥ ૫॥ આદેય નામ વચન જગ માને, શ્રી શુભવીર મુખે ચડિયાં ॥ રહો૦ ॥ જસ ગુણુ ગાવે લોક બનાવે, તે જસ નામ તે તુમ વડિયાં ॥ રહો૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ સુમનસા ॥ ૧ ॥ સમયસાર૦ ॥ ૨ ॥
॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ત્રસદશકનિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ પુષ્પાણિ યજામહે ॥ સ્વાહા ॥

## ॥ ચતુર્થ ધૂપપૂજા ॥

### ॥ દુહો ॥

ધૂપે જિનવર પૂજીયે, પ્રત્યેક દાહનહાર ॥
પયડિ ન જાયે મૂળથી, જબ લગે એ સંસાર ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ વીર જિણંદ જગત ઉપકારી —એ દેશી ॥

આજ ગઈ મન કેરી શંકા, જબ તુજ દર્શન દીઠજી ॥ દૂર ગઈ લોક સન્ના છારી, આગમ અમિય તે મીઠજી ॥ ॥ આજ૦ ॥ ૧ ॥ ગુરુ લઘુ અંગે એક ન હોવે, અગુરુંલઘુ તે જાણજી ॥ સાસ ઉસાસ લીએ પજજત્તો, સાસોસાસ પ્રમાણ જી ॥ આજ૦ ॥ ૨ ॥ લંબગાત્ર મુખનાં પડજીભી, પયડિ ઉદય ઉપઘાતજી॥ બળીયો પણ નવિ મુખ પર આવે, નામ ઉદય પરાઘાતજી ॥ આજ૦ ॥ ૩ ॥ તાપ કરે રવિબિંબ જે જીવા, આતપ નામ કહાયજી ॥ અંગઉપાંગ સુતાર પુતળિયાં, નિર્માણ ઘાટ ઘડાયજી ॥ આજ ૦ ॥૪॥ વૈક્રિય સુર ખજુઆ શશિબિંબે, તાપ વિના પરકાશ જી ॥ ઉદ્યોત નામ કરમ મેં જાણ્યું, આગમ નયન ઉજાસ જી ॥ આજ૦ ॥૫॥ કેવળ ઉપજે ત્રિભુવન પૂજે, વદે અતિશય ગંભીરજી ॥ જિન નામ ઉદયેસમવસરણમાં બેઠા શ્રીશુભવીરજી॥આજ૦॥૬॥

॥ કાવ્યં ॥ અગરુમુખ્ય૦ ॥ ૧ ॥ નિજગુણાક્ષય૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ પ્રત્યેકાષ્ટકપ્રકૃતિનિવારણાય ॥ ॥ શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ ધૂપં યજા૦ ॥ સ્વાહા ॥

## ॥ પંચમ દીપકપૂજા ॥

### ॥ દુહો ॥

વીશ કોડાકોડી સાગરૂ, મુળ ગુરુ થિતિ બંધાય ॥
ઉત્તર પયડિ નિહાળવા, દીપક પૂજા રચાય ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ સાહિબા મોતી દ્યો હમારો—એ દેશી ॥

દીપક પૂજા જ્યોતિ જગાવું, ઉત્તર પયડિ તિમિર હરાવું ॥ સાહિબ તેં થિતિબંધ ખપાવ્યો, સેવકનો હવે લાગ તે ફાવ્યો ॥ સાહિબા સંસાર અટારો, મોહના મુજ તારો ॥૧॥ એ આંકણી ॥ સુહુમ વિગલતિગ બંધ અઢાર, મણુઅ દુગે પન્નર અવધાર ॥ સંઘયણાગિઈ જુગલ કરીશ, દસ ઉપર દુગ વુડ્ઢી તે વીશ ॥ સા૦॥ ॥ ૨ ॥ સુરભિ મધુર સીત શુભ ચઉ ફાસા, થિર છ સુગઈ સુરદુગ દશ ખાસા ॥ પીતામ્લે વળી રક્ત કષાયે, નીલ કટુક વળી કૃષ્ણ તીખાયે ॥સા૦ ॥ ૩ ॥ સાડાબાર પન્નર યુગ એકે, સાડા સત્તર વીશ ઠવિયે વિવેકે ॥ વૈક્રિય નિરયતિરિ ઉરલ દુગંકા, તેઅ પણ અથિર છ તસ સાસ ચઉક્કા ॥ સા૦ ॥ ૪ ॥ થાવર કુખગઈ જાતિ પણિંદી, પાપ ફરસ દુરગંધએગિંદી ॥ છત્રીસ પયડિને વીશશું જોડી, સઘળે સાગર કોડાકોડી ॥ સા૦ ॥ ૫ ॥ આહારક દુગ જિનનામ કરંતો, સાગર એક કોડાકોડી અંતો ॥ જો જિનનામ નિકાચિત કીજે, તો શુભવીર હુવે ભવ ત્રીજે ॥ સાહિબ તેં થિતિબંધ ખપાવ્યો ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ ભવતિ દીપ૦ ॥ ૧ ॥ શુચિમનાત્મ૦ ॥ ૨ ॥

॥ મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ નામકર્મસ્થિતિબંધ નિવારણાય ॥ શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ દીપં ય૦ સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ ષષ્ઠ અક્ષત પૂજા ॥

॥ દુહો ॥

વન્ન ચઉ તેઅ કમ્મણુ, અગુરુલઘુ નિર્માણુ ॥
ઉપઘાત નવ ધ્રુવબંધિ છે, અડવન અધ્રુવા જાણુ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ ત્રીજે ભવ વર થાનક તપ કરી—એ દેશી ॥

અક્ષત પૂજા જિનની કરતાં, નામ કરમ ક્ષય જાવે ॥ નામની સરવ અઘાતિ પયડિ, વરતે નિજ નિજ ભાવે રે ॥ પ્રાણી! અરૂપી ગુણ નિપજાવો ॥ પૂજ્યની પૂજા રચાવો રે ॥ પ્રાણી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ થાવર ચઉ આ તપ છેવટ્ઠું, હુંડ નિરયદુગ જાણું ॥ ઇગ દુ તિ ચઉ જાતિ જીઉ બાંધે, પામી પ્રથમ ગુણઠાણું રે ॥ પ્રાણી૦ ॥ ૨ ॥ મજ્ઝાગિઇ સંઘયણ તિરિ દુગ, દોહગ તિગ ઉદ્યોત ॥ અશુભવિહાયોગતિ સાસ્વાદન, બંધ કહે ભગવંત રે ॥ ॥ પ્રા૦ ॥ ૩ ॥ મણુઅ ઉરલદુગ ધુરસંઘયણ, ચોથે બંધ કહાવે ॥ અજસ અથિર દુગ છટ્ઠે બંધે, દશમે જસ બંધાવે રે ॥ પ્રાણી૦ ॥ ૪ ॥ અગુરુલઘુ ચઉ જિન નિરમાણ, સુરદુગ, સુહગઈ કહિયે ॥ તસ નવ ઉરલ વિણુ તણુવંગા, વર્ણાદિક ચઉ લહિયે રે ॥ પ્રાણી૦ ॥ ૫ ॥ સમચઉરંસ પણિંદી જાતિ, બાંધે અડ ગુણઠાણે ॥ બંધહેતુ શુભવીર ખપાવે, ઉજ્જવલ ધ્યાનને ટાણે રે ॥ પ્રાણી૦ ॥ ૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કાવ્યં ॥ ક્ષિતિતલેo ॥ ૧ ॥ સહજભાવo ॥ ૨ ॥
॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમo ॥ નામકર્મબંધનિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ અક્ષતાન્ યજામહે સ્વાહાo

## ॥ સપ્તમ નૈવેદ્યપૂજા ॥

### ॥ દુહો ॥

ચઉવન્ન તેઅ કમ્મણુ, નિમિણુ અથિર થિર દોય ॥
અગુરુલઘુ ધ્રુવ ઉદયિનો, શેષ અધ્રુવ તે જોય ॥ ૧ ॥

॥ ઢાળ ॥ દેખો ગતિ દૈવની રે—એ દેશી ॥

નૈવેદ્યપૂજા ભાવિયે રે, પુદ્ગલ આહાર ગ્રહંત ॥ભાગ અસંખે આહારતા રે, નિર્જરે ભાગઅનંત ॥ જગતગુરૂ-આપજો રે ॥ આપજો પદ અણાહાર ॥જo॥૧॥ એ આંકણી ॥ એહ રીતે દૂરે હુવે રે, નામ ઉદય જબ જાય ॥ સુહુ-મતિગાયવ ધુર ગુણે રે, ઉદય કહે જિનરાય ॥ જo ॥૨॥ બીજે વિગલ ઇગ થાવરુ રે, ચોથે આણુઇજ્જ દોય ॥ પૂર્વી દુહગ વૈક્રિય દુગે રે, દેવનિરયગતિ જોય ॥જo॥૩॥ તિરિ-ગઇ ઉદ્યોત પાંચમે રે, છટ્ઠે આહારકદોય ॥ ચરમ સંહનન તિમ સાતમે રે, ઋષભદુગ ઉપશમે હોય ॥જo॥૪॥ ઉરલ અથિર ખગઈ દુગા રે, પત્તેય તિગ છ સંઠાણ ॥ તેઅ કમ્મ ધુર સંઘયણને રે, અગુરુલઘુ ચઉ જાણ ॥જo॥૫॥ દૂસર સુસર ચઉવન્ના રે, નિર્માણ ઉદય સંયોગી ॥ સુભ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાઇજજ જસ તસ તિગો રે, નરગઈ પણિંદી અયોગી ॥જ૦॥૬॥ જો જિનનામ ઉદય હુવે રે, તો તીર્થંકર લીધ ॥ યોગ નિરોધ કરી હુઆ રે, શ્રી શુભવીર તે સિદ્ધ ॥જ૦॥૭॥

॥ કાવ્યં ॥ અનશનં૦ ॥ ૧ ॥ કુમતબોધ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ નામકર્મઉદયવિચ્છેદનાય શ્રીમતે વીરજિનેંદ્રાય નૈવેદ્યં ય૦ સ્વાહા ॥

## ॥ પંચમ દીપકપૂજા ॥

### ॥ દુહો ॥

આહારકસગ જિણ નરદુગ, વૈક્રિયની અગિયાર ॥
એ અધ્રુવ સત્તા કહી, બીજી ધ્રુવ સંસાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥ પ્રભાતે ઊઠીને માતા મુખડું જુવે—એ દેશી ॥

આવી રૂડી ભગતિ મેં પહેલાં ન જાણી ॥ પહેલાં ન જાણી રે સ્વામિ, પહેલાં ન જાણી ॥ સંસારની માયામાં મેં વલોવ્યું પાણી ॥ આવી૦ ॥એ આંકણી ॥ કલ્પતરુનાં ફળ લાવીને, જે જિનવર પૂજે ॥ કાળ અનાદિ કર્મ તે સંચિત, સત્તાથી તે ધ્રૂજે ॥ આવી૦॥૧॥થાવર તિરિ નિરયાયવ એ દુગ,ઇગ વિગલા લીજે ॥સાધારણ નવમે ગુણઠાણે ધુર ભાગે છીજે ॥ આવી૦ ॥ ૨ ॥ કેવળ પામી શિવગતિગામી, શૈલેશી ટાણે ॥ ચરમ સમય દો માંહે સ્વામી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતિમ ગુણઠાણે ॥ આવી૦ ॥ ૩ ॥ બાકી નામ કરમની પયડિ, સઘળી તિહાં જાવે ॥ અજરામર નિકલંક સ્વરૂપે, નિઃકર્મા થાવે ॥ આવી૦ ॥ ૪ ॥ તે સિદ્ધકેરી પડિમા પૂજ્યે, સિધ્ધમયી હોવે ॥ નાહી ધોઇ નિર્મળ ચિત્તે, આરીસો જોવે ॥ આવી૦ ॥૫॥ કર્મસૂદન તપ કેરી પૂજા, ફળ તે નર પાવે ॥ શ્રી શુભવીર સ્વરૂપ વિલોકી ॥ શિવવહુ ઘર આવે ॥ આવી૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ શિવતરો૦ ॥ ૧ ॥ શમરસૈ૦ ॥ ૨ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ નામકર્મસત્તાવિચ્છેદનાય શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ ફલાનિ યજામહે ॥ સ્વાહા ॥

॥ કળશ ॥ ગાયો ગાયો રે મહાવીર૦ ॥

॥ ઇતિ ષષ્ઠ દિવસેઽધ્યાપનીય નામકર્મ નિવારણાર્થં ષષ્ઠં ॥ પૂજાષ્ટકં સંપૂર્ણમ્ ॥

卐

## ॥ સપ્તમદિવસે અધ્યાપનીય ગોત્રકર્મસૂદનાય સપ્તમ પૂજાષ્ટકં પ્રારંભ

### ( આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ )

૧. સાકરનું પાણી. ૨. ચંદન, કેશર. ૩. વિવિધ ફૂલ ૪. અગરબત્તી, ધૂપ. ૫. બે દિવેટનો દીપક. ૬. ગોધૂમ, અક્ષત. ૭. નૈવેદ્ય. ૮. ફળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ પ્રથમ જલપૂજા ॥

### ॥ દુહા ॥

ગોત્રકરમ હવે સાતમું, વ્યાપ્યું ઇણે સંસાર ॥
ગોત્રકરમ છેદ્યા વિના, પામે ભવપાર ॥ ૧ ॥
ચક્રદંડ સંયોગથી ઘડતો ઘટ કુંભાર ॥
ઘી ભરિયો ઘટ એકમેં, બીજે મદિરા છાર ॥ ૨ ॥
ઉંચ નીચ ગોત્રે કરી, ભરિયો આ સંસ ર ॥
કર્મદહન કરવા ભણી, પૂજા અષ્ટપ્રકાર ॥ ૩ ॥

॥ ઢાળ ॥ રાગ ॥ અલૈયા—બિલાવલ ॥

॥ મેં કીનો નહીં, પ્રભુ વિના ઓરશું રાગ—એ દેશી ॥

કેશર વાસિત કનક કળશશું, જળપૂજા અભિષેક ॥ સમકિત રંગે સદ્ગુરુ સંગે, ધરતો વિનય વિવેક ॥ મેં કીનો સહી, યા રીત ગોતકો બંધ ॥ યા રીત ગોતકો બંધ ॥ મેં કી૦ ॥ યા૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ બહુશ્રુત ભક્તિ કરતાં સઘળા, પૂજ્યા યુગપરધાન ॥ ગીતારથ એકાકી રહેતાં, પામે જગ બહુમાન ॥ મેં કી૦ ॥ ૨ ॥ અજ્ઞાની ટોળે પણ ભોળે, બોળે પથ્થર નાવ ॥ આલોયણ દેતો ભદ્રકને, પામે વિરાધક ભાવ ॥ મેં કી૦ ॥ ૩॥ ભૌતગુરુને બાણે હણુતો, પગ અણુફરસી રાય ॥ અજ્ઞાની મુનિ ઉગ્રવિહારી, બાજીગરને ન્યાય ॥ મેં કી૦ ॥ ૪ ॥ મંડુઆ શ્રાવકને કહે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વામી, હોય જિનધર્મ આશાત ॥ અણુજાણ્યો શ્રુતઅર્થ વદંતાં, સાચી ગુરુગમ વાત ॥ મેં કી૦ ॥૫॥ જ્ઞાની ગુરૂની સેવા કરતાં, આરાધે જિનધર્મ ॥ અણુવ્રત ધરતો તપ અનુસરતો, નિર્મદ ગુણગ્રહે ધર્મ ॥ મેં કી૦॥૬॥ ભણે ભણાવે વળી જિન આગમ, આશાતન વરજંત ॥ શ્રી શુભવાર જિનેશ્વર ભકતે, ઉત્તમ ગોત્ર બાંધંત ॥મેં કી૦॥૭॥

કાવ્યં ॥ તાથેંદ્દકૈ ॥ ૧ ॥ સુરદીન૦॥ ૨ ॥ જનમનો૦ ॥ ૩ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રી પરમ૦ ॥ ગોત્રકર્મબંધસ્થાનનિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ જલ ॥ ય૦ ॥ સ્વાહા ॥

## ॥ દ્વિતીય ચંદનપૂજા ॥

### ॥ દુહો ॥

જ્ઞાનાદિક ગુણ નવિ હણે, બંધ ઉદયમેં કોય ॥
તિણે અઘાતી તે કહી, ગોત્રની પયડી દોય ॥ ૧ ॥

॥ ઢાળ ॥ પ્રતિમા લોપે પાપીયા, યોગવહનઉપધાન જિનજી–એ દેશી॥

જિનતનુ ચંદન પૂજતાં, ઉત્તમકુળ અવતાર ॥ જિનજી ॥ ગોત્રવડે પ્રાણી વડો, માન લહે સંસાર ॥ જિનજી॥ તું સુખિયો સંસારમાં ॥ ૧ ॥ ઉત્તમ કુળના ઉપન્યા, સૂત્રે કહ્યા અણગાર ॥ જિનજી ॥ વાચક સૂરિપદવી લહે, ઉચ્ચ ગોત્ર અવતાર ॥ જિનજી ॥ તું૦ ॥ ૨ ॥ ઉગ્ર ભોગ વળી રાજવી,હરિવંશે જિનદેવ ॥ જિનજી ॥વાસવકલ્પે આવતાં,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચક્રી હરિ બળદેવ ॥ જિનજી ॥ તું૦ ॥ ૩ ॥ નીચ ગોત્ર થાવરસમા, મણિ હીરો ઝલકંત ॥ જિનજી ॥ ગંગા ક્ષીર-સમુદ્રનાં, યમુના જળ વંદંત ॥ જિનજી ॥ તું૦ ॥ ૪ ॥ કલ્પતરુ સહકારનાં, કેતકી પત્ર ને ફૂલ ॥ જિનજી ॥ મંગળ કારણ શિર ધરે, મંદ પવન અનુકૂળ ॥ જિનજી ॥ તું૦ ॥ ૫ ॥ એમ સંસારે પ્રાણિયા, ઉત્તમ ગોત્ર વિશેષ ॥ જિનજી ॥ માન લહે મઘવા વળી, બાહુબળી ભરતેશ ॥ જિનજી ॥ ॥ તું૦ ॥ ૬ ॥ ધર્મરયણની યોગ્યતા, ઉચ્ચ ગોત્રે કહાય ॥ જિનજી ॥ શ્રી શુભવીર જિનેશ્વરુ, સિદ્ધારથ કુળ જાય ॥ જિનજી ॥ તું૦ ॥ ૭ ॥

કાવ્યં ॥ જિનપતે૦ ॥ ૧ ॥ સહજકર્મ ॥ ૨ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ ઉચ્ચગોત્રાતીતાય શ્રીમતે વીર જિનેંદ્રાય ॥ ચંદનં ય૦ ॥ સ્વાહા ॥

## ॥ તૃતીય પુષ્પપૂજા ॥

### ॥ દુહો ॥

જિનવર ફૂલે પૂજતાં, ઉચ્ચ ગોત્ર બંધાય ॥
ઉત્તમ કુળમાં અવતરી, કર્મ રહિત તે થાય ॥ ૧ ॥

॥ ઢાળ ॥ સુણ ગોવાલણી ગોરસડાં—એ દેશી ॥

સુણ દયાનિધિ, ઉત્તમ કુળ અવતરતાં પાર ન આવ્યો ॥
સદ્‌ગુરુ મળ્યે તુજ આગમ અજવાળે મુજ સમજાવ્યો ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ આંકણી ॥ સમકિત સંયુત વ્રત આચરતાં, જિનપૂજા ફૂલપગર ભરતાં, શ્રાવક મુનિ દશમું ગુણ ધરતાં, ઉંચ ગોત્ર તણો બંધ જ કરતાં ॥ સુ૦ ॥ ૧ ॥ તુમે સત્તા ઉદયે અનુભવિયો, શૈલેશીકરણ કરી ખવિયો ॥ તે રસ ચખવી મુજ હેળવિયો, એક ખામી જે નવિ ભેળવીયો ॥ સુ૦ ॥ ॥ ૨ ॥ એક સમયે એક જ બંધાયે, તેણે અધ્રુવબંધી થાયે ॥ સત્તોદય અધ્રુવ કહેવાયે, સુખિયા થઈએ જબ એ જાયે ॥ સુ૦ ॥ ૩ ॥ લઘુબંધે અડ મુહૂરત કરિયો, ઉચ્ચ-ગોત્ર ગુરુ ઠિઈ આચરિયો ॥ દશ કોડાકોડી સાગરિયો દશસેં વરસે ભોગવી ફરિયો ॥ સુ૦ ॥ ૪ ॥ હવે મેં તુજ આણા શિર ધરિયો, થઈ અંત કોડાકોડી સાગરિયો ॥ મોટો દોરિયો પણ મેં તરિયો, શુભવીર પ્રભુ સેવન ફળિયો ॥ સુણ દયાનિધિ૦ ॥ ૫ ॥

**॥ કાવ્યં ॥ સુમનસા૦ ॥૧॥ સમયસાર૦ ॥ ૨ ॥**

**॥ મંત્ર ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ઉચ્ચગોત્રસ્થિતિવિચ્છેદનાય ॥ શ્રીમતે વીરજિનેંદ્રાય પુષ્પાણિ ય૦ ॥ સ્વાહા ॥**

## ॥ ચતુર્થ ધૂપપૂજા ॥

### ॥ દુહો ॥

પયડિ દોય અઘાતીની, ગોત્ર કરમની એહ ॥
નીચગોત્ર કારણ કહું, જે અનુભવિયાં તેહ ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ઢાળ॥ ગાયો ગૌતમ ગૌત્ર મુણીંદ, રસ વૈરાગ્ય ઘણો આયો–એ દેશી

જિનવર અંગે પૂજા ધૂપ, ધૂપગતિ ઉંચે ભાવી ॥ પામી પંચેંદ્રોનાં રૂપ, નીચ ગતિ મુજ કેમ આવી ॥ ૧ ॥ કહિયે કારણ સુણજો દેવ, તુજ આગમરસ નવિ ભાવ્યો ॥ ન કરી બહુશ્રુત કેરી સેવ, અરુચિપણું અંતર લાવ્યો ॥ ૨ ॥ ભણે ભણાવે મુનિવર જેહ, નિંદા તેહ તણી ભાખી ॥પરગુણ ઢાંકી અવગુણ લેહ, કૂડી વાતતણો સાખી ॥ ૩ ॥ વિણદીઠી અણસાંભળી વાત, લોક વચ્ચે ચલવે પાપી ॥ ચડી કરતાં પાડી જાતિ ॥ વાડી ગુણતણી કાપી ॥ ૪ ॥ ગુણ અવગુણ મેં સરિખાં કીધ, અરિહા ભક્તિ નવિ કીધી ॥ ઉત્તમ કુળજાતિ પ્રસિદ્ધ, વાહ્યો મદ ગારવ ગિદ્ધિ ॥ ૫ ॥ નીચઠાણ સેવંતા નાથ, બંધે નીચ ગોત્ર કરિયો ॥ શ્રી શુભવીરનો ઝાલ્યો હાથ, સહેજે ભવસાયર તરિયો ॥૬ ॥

॥ કાવ્યં ॥ અગરુ મુખ્ય૦ ॥ ૧ ॥ નિજગુણાક્ષય૦ ॥ ૨ ॥

॥ મંત્ર ॥ ઓઁ હ્રીઁ શ્રી પરમ૦ ॥ નીચગોત્રબંધસ્થાનોચ્છેદનાય ॥ શ્રીમતે વીરજિનેંદ્રાય ધૂપં ॥ ય૦ ॥ સ્વાહા ॥

## ॥ પંચમ દીપક પૂજા ॥

### ॥ દુહો ॥

કાગપ્રસંગે હંસ નૃપ, બાણ પ્રાણ પરિહાર ॥
ગંગાજળ જળધિ મળે, નીચ ઠાણ સુવિચાર ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ જુગટું કોઈ રમશો નહી રે—એ દેશી ॥

ફાનસ દીપક જ્યોતિ ધરી રે, ॥ પૂજા રચું મનોહાર ॥ પ્રભુજી ॥ નીચ કુળે હવે નહીં રહું રે ॥ પૂજા અરુચિ ભાવે કરી રે, નીચ કુળે અવતાર પ્ર૦ ॥ ૧ ॥ તુજ આગળ નવિ દીપ ધર્યો રે, નાપિત હાથ મશાલ ॥ પ્ર૦ ॥ માતંગ જુંગિત જાતિ કહી રે, કાઢે અશુચિ ખાળ ॥પ્ર૦॥ ॥ ૨ ॥ માળી ગોવાળી કોળી તેલી રે, મોચી ને શુચિકાર ॥ પ્ર૦ ॥ ત્રણ વનેચર પાપીયા રે, દોય અફાસ વિચાર ॥ ॥ પ્ર૦ ॥ ૩ ॥ વણીમગ માહણ રાંકકુલી રે, ભિક્ષુકકુળ અવતાર ॥ પ્ર૦ ॥ જિનદર્શન નવિ શિર નમે રે, તે શિર વહેતા ભાર ॥ પ્ર૦ ॥ ૪ ॥ ગર્દભ જંબૂક નીચ તિરી રે, કિલ્બિષિયા જે દેવ ॥ પ્ર૦ ॥ ઝાડુ દિયે સુર આગળે રે, પર ભવ નિંદક ટેવ ॥ પ્ર૦ ॥ ૫ ॥ જીવ મરીચિ કુળમદથી રે વિપ્ર ત્રિદંડિક થાય ॥ પ્ર૦ ॥ શ્રી શુભવીર જિનેશ્વરુ યે, દેવાનંદા ઘર જાય ॥ પ્રભુજી૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ ભવતિ દીપ૦ ॥ ૧ ॥ શુચિમનાત્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ઓઁ હ્રૂઁ શ્રૂઁ પરમ૦ ॥ નીચગોત્રક્ષયનિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ દીપં ય૦ ॥ સ્વાહા ॥

## ॥ ષષ્ઠ અક્ષતપૂજા ॥

### ॥ દુહો ॥

નીચ કુલોદય જિનમતિ, દૂર થકી દરબાર ॥
તુજ મુખ દરશન દેખતાં, લોક વડો વ્યવહાર ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ વંદો વીરજિનેશ્વર રાયા—એ દેશી ॥

અક્ષત પૂજા ગોધૂમ કેરી, નીચ ગોત્ર વિખેરી રે ॥ તુજ આગમ રૂપ સુંદર શેરી, વક્ર નહી ભવફેરી રે ॥અક્ષત૦॥ ॥ ૧ ॥ સાસાયણ લગે બંધ કહાવે, પાંચમે ઉદય લાવે રે ॥ ગુણઠાણું જબ છઠ્ઠું આવે, ઉદયથી નીચ ખપાવે રે ॥ ॥ અ૦ ॥ ૨ ॥ હરિકેશી ચંડાલે જાયા, સંયમધર મુનિ-રાયા રે ॥ નીચ ગોત્ર ઉદયેથી પલાયા, ઉંચ કુળે શ્રુત ગાયા રે ॥ અ૦ ॥ ૩ ॥ સમય અયોગી ઉપાંતે આવે, સત્તા નીચ ખપાવે રે ॥ અધ્રુવબંધી ઉદય કહાવે, ધ્રુવસત્તા તિરિભાવે રે અ૦ ॥ ૪ ॥ સાતઈયા દોય ભાગ લઘેરી, જીવ વિપાકી વડેરી રે ॥ વીશ કોડાકોડી સાગર કેરી, એ થિતિબંધ ઘણેરી રે ॥ અ૦ ॥ ૫ ॥ એ થિતિબંધ કરંતા સ્વામી, તુમ સેવા નવિ પામી રે ॥ શ્રી શુભવીર મળ્યા વિશરામી, હવે કેમ દાખું પામી રે ॥ અક્ષતપૂજા ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ ક્ષિતિતલે૦ ॥ ૧ ॥ સહજભાવ૦ ॥ ૨ ॥

॥ મંત્ર ॥ ઓઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ નીચગોત્રસત્તાસ્થિતિબંધનિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ અક્ષતાન્ ય૦ ॥ સ્વાહા ॥

## ॥ સપ્તમ નૈવેદ્યપૂજા ॥

॥ દુહો ॥

નૈવેદ્ય પૂજા સાતમી, સાત ગતિ અપમાન ॥
કરવા, વરવા શિવગતિ, વિવિધ જાતિ પકવાન્ન ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥–રાગ સારંગ–હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં—એ દેશી ॥

મીઠાઈ મેવા જિનપદ ધરતાં, અણાહારી પદ લીજીયે ॥ જિનરાજનાં પૂજા કીજિયે ॥ વિગ્રહગતિમાં વાર અનંતી, પામે પણ નવિ રીઝીયે ॥ જિ૦ ॥ ૧ ॥ ઉંચ નીચ ગોત્રે તે હોવે, કારણ દૂર કરીજીયે ॥ જિ૦॥ અરિહા આગે રાગે માગો, સેવકને શિવ દીજીયે ॥ જિ૦ ॥ ૨ ॥ અગુરુલઘુ-પદ ગોત્ર વિનાશી, પામ્યા બંધન છીજીએ ॥ જિ૦ ॥ યોગ વિયોગી રહત અયોગી, ચરમ તિભાગ ઘટીજીયે ॥ જિ૦ ॥ ॥૩॥ આત્મપ્રદેશમયી અવગાહન, શિવક્ષેત્રે તે રહીજીયે ॥ ॥ જિ૦ ॥ બત્રીશ અંગુલ લઘુ અવગાહન, ખેત્રસમી ગુરુ-લીજીયે ॥ જિ૦ ॥ ૪ ॥ મસ્તકસમ સઘળે લોકાંતે, ગુરુ-ગમભાવ પતીજીયે ॥ જિ૦ ॥ અગુરુલઘુ અવગાહન એકે, સિદ્ધ અનંત નમીજીયે ॥ જિ૦ ॥ ૫ ॥ ફરસિત દેશ પ્રદેશ અસંખહ, ગુણ અનંત ઠવીજીયે ॥ જિ૦ ॥ શ્રી શુભવાર જિનેશ્વર આગમ,—અમૃતનો રસ પીજીયે ॥ ૬ ॥

॥ કાવ્યં૦॥ અનશનં ॥ ૧॥ કુમતબોધ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ અગુરૂલઘુગુણપ્રાપણાય શ્રી૦ વીરજિનેંદ્રાય નૈવેદ્ય ય૦ સ્વાહા ॥

## ॥ અષ્ટમ ફલપૂજા ॥

### ॥ દુહો ॥

ગોત્રકરમ નાશે કરી, સિદ્ધ હુઆ મહારાજ ॥
ફળપૂજા તેહની કરી, માગો અવિચળ રાજ ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ કેરબાની દેશી ॥

મેં બી સેવક તોરા પાયકા, દુનિયાંકે, સાંઇ! મેં બી સેવક તોરા પાયકા ॥ સેવક હમ કેઈ કાલકા, દુનિયાં કે સાંઈ ॥ મેં બી સે૦ ॥ એ આંકણી ॥ સુણિયે દેવાધિદેવા, ફળપૂજાકી સેવા, દીજીયે શિવફળ રાજિયે ॥ દુ૦ ॥ મેં૦ ॥ પરિશાટન થઈ, અકુસમાણ ગઈ, જીત્યો જગત કેરી બાજીયે ॥ દુ૦ મેં ૦॥ ૧ ॥ ગોત્રકરમ હરી, જ્યોતસેં જ્યોત મળી, આપ બિરાજો રંગમહેલમેં ॥ દુ૦ ॥ મેં ૦ ॥ સુખ અનંત લહે, સેવક દૂર રહે, લાજિયે અમો સારા શહેર મેં ॥ દુ૦ ॥ મેં ૦॥૨॥ સંસારસુખ લીયો, વગ્ગ અનંત કીયો, તો ભી ન એક પ્રદેશમેં ॥ દુ૦ ॥ મેં ॥ સિદ્ધકો સુખ લીનો, તાકો એકાંશ કીનો, માવે ન લોકાકાશમેં ॥દુ૦॥ ॥ મેં૦ ॥ ૩ ॥ તાકો જો અંશ દેવે, તામેં ક્યા હાનિ હોવે, સાહિબ ગરીબ નીવાજીયે ॥ દુ૦ ॥ મેં ॥ મહેર નજર જોવે, સેવક કામ હોવે, લોક લોકોત્તર છાજીયે ॥ ॥ દુ૦ ॥ મેં૦ ॥ ૪ ॥ કર્મ કઠિન જડયો, સાંયું કે મુખ ચડયો, બાત કરત હમ લાજીયે ॥ દુ૦ ॥ મેં૦ ॥ આપહિ તેજે ગાયો, કર્મપડલ છાયો, ઈતનો અંતર ભાંજિયે ॥ ॥દુ૦ ॥ મેં૦ ॥ ૫ ॥ શ્રેણિક આદે નવા, ઓ બી સાંયુકી સેવા, જિનપદ લેત બિરાજિયે ॥ દુ૦ ॥ મેં૦ ॥ સાચી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગતિ કહી, કારણ યોગ સહી, કારજ કોડી દિવાજિયે ॥
॥ દુ૦ ॥ મેં૦ ॥ ૬ ॥ કર્મસૂદન તપે, નામ પ્રભુકો જપે,
જાગીયેં જ્ઞાન અવાજિયે ॥ દુ૦ ॥ મેં૦ ॥ કોઇ ન નામ
લેવે, સ્વામી આશિષ દેવે, શ્રી શુભવીર બળે ગાજીયે ॥
॥ દુનિયાં કે સાંઇ ॥ મેં બી૦ ॥ ૭ ॥

॥ કાવ્ય શિવતરો૦॥ ૧ ॥ શમરસૈ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રી પરમ૦ ॥ ગોત્રાતીતાય ॥ શ્રીમતે
વીરજિનેંદ્રાય ॥ ફલાનિ ય૦ સ્વાહા ॥

॥ કળશ ॥ ગાયો ગાયો રે મહાવીર૦ ॥

॥ ઇતિ સપ્તમ દિવસેઽધ્યાપનાય ગોત્રકર્મસૂદનાર્થં
સપ્તમ પૂજાષ્ટકં સંપૂર્ણમ્ ॥

| કર્મની સંખ્યાના આંક | જેને આશ્રયીને કર્મસૂદન તપ કરવું તે કર્મના નામનું કોષ્ટક | ઉપવાસ | એકાસણું | એકસિક્થ | એકઠાણું | એકદત્તી | નીવિ | આંબિલ | આઠ કવળ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણીય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૨ | દર્શનાવરણીય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૩ | વેદનીય કર્મ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૪ | મોહનીય કર્મ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૫ | આયુ કર્મ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૬ | નામ કર્મ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૭ | ગોત્ર કર્મ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૮ | અંતરાય કર્મ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |

॥ ઇતિ પંડિત શ્રી વીરવિજયજીકૃત ॥
॥ ચોસઠ પ્રકારી પૂજા સમાપ્ત ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨. શ્રી દેવપાલ કવિકૃત સ્નાત્રપૂજા

(સ્નાત્રવિધિ માટે પહેલે પાને જોવું.)

ગાથા (આર્યા)

મુકતાલંકાર વિકારસારં, સૌમ્યત્વકાંતિકમનીયમ્
સહજનિજરૂપનિર્જિત–જગત્ત્રયં પાતુજિનબિંબમ્ ॥ ૧

(એ ગાથા કહી પ્રતિમાજીના અલંકાર ઉતારવા.)

અવણીય કુસુમાહરણં, પયઈપઇટ્ઠિય મનોહરચ્છાયં
જિણરૂવં મજ્જણપીઠ–સંઠિયં વો સિવં દિસઉ ॥ ૨

(એ ગાથા કહી નિર્માલ્ય ઉતારવું)

બાલત્તણમ્મિ સામિઅ, સુમેરુસિહરમ્મિ કણયકલસેહિં
તિઅસાસુરેહિં ન્હવિઓ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ ॥ ૩

(એ ગાથા કહી જમણા અંગુઠે પ્રક્ષાલન–અંગલૂંછણ કરી પૂજા કરવી.)

(પછી સ્નાત્રકારે હાથ ધૂપી હાથમાં કુસુમાંજલિ લઈ પ્રભુની જમણી બાજુએ પાટલા ઉપર ઉભા રહેવું.)

નમોઽર્હત્ સિદ્ધા-ચાર્યો-પાધ્યાય-સર્વ-સાધુભ્યઃ કહીને

ઢાલ (ચાલ)

પવિત્ર ઉદક લેઈ અંગ પખાલી, વિવિધ વસ્ત્ર જા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિરમાલી ॥ કુસુમાંજલિ મેલો આદિ જિણંદા, તોરા ચરણકમલ સેવે ચોસઠ ઈંદા ॥ કુસુમાં૰ ॥ ૧ ॥ ( ગાથા-આર્યા) સયવત્ત કુંદમાલઈ,બહુ વિહ કુસુમાઈ પંચવન્નાઈ ॥ જિણનાહન્હવણકાલે, દિંતિ સુરા કુસુમાંજલિં હિટ્ઠા ॥૧॥

( પ્રભુ ચરણે કુસુમાંજલિ ચઢાવવી.)

( ઢાળ-ચાલ ) સિંહાસન સામી થાપીજે, પયકમલે કુસુમાંજલિ દીજે, કુસુમાંજલિ મેલો શાંતિજિણંદા ॥ તોરાચરણ-કમલ સેવે ચોસઠ ઈંદા ॥ કુસુમા૰ ॥ ૨ ॥ ( ગાથા દુહા ) જા મુક્કિય સુરાસુરેહિં, મજ્જણ પઢમ જિનેસ ॥ સા કુસુ-માંજલિ અવહરઉ, ભવિયહ દૂરિય અસેસ ॥ ૧ ॥

( કુસુમાંજલિ ચઢાવવી.)

નમોઽર્હત્ સિદ્ધા૰

( ઢાલ–ચાલ ) કનક કળશ જળ નિર્મળ ભરિયે, સામીને શિર પર ન્હવણ જ કરીએ ॥ કુસુમાંજલિ મેલો નેમિ જિણંદા ॥ તોરા ચરણ૰ ॥ કુસુમાં૰ ॥ ૩ ॥ ( ગાથા -આર્યા ) ગંધાઈઢ્ઢિય મહુયર, મણહર ઝંકાર સદ્દસંગીયા ॥ જિન ચલણોવરિ મુક્કા, હરઉ તુમ્હ કુસુમાંજલિ દુરિયં ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(કુસુમાંજલિ ચઢાવવી.)

નમોઽર્હત્ સિદ્ધા૦

( ઢાળ—ચાલ ) અગર કપૂર ધૂપ કર વાસીજે, કર-સંપુટ ચંદન ચરચીજે ।। કુસુમાંજલિ મેલો પાસ જિણંદા ।। તોરા ચરણ૦ ।। કુસુમાં૦ ।। ૪ ।। ( વસ્તુછંદ ) મુક્ક જિનવર મુક્કજિનવર ન્હવણુ કાલંમિ, કુસુમાંજલિ સુરવરેહિં, મહમહંતિતિહુયણુમહદ્ધિય. નિવડં તુજિનપયકમલિં, હરઉ દુરિય સિરિસમણુસંઘહ, પાસજિણુંદહ પયકમલિં, દેવિહિં મુક્ક સંતોષ ।। સા કુસુમાંજલિ અવહરઉ, ભવિયહ દુરિય અસેસ ।। ૧ ।।

(કુસુમાંજલિ ચઢાવવી.)

નમોઽર્હત્ સિદ્ધા૦

( ઢાળ—ચાલ ) સરસ સેવંતરી માલતી માળા, ગુણુ ગાવે એમ કવિ દેવપાલા ।। ઋષભ અજિત સંભવ ગુણુ ગાઉં, અનંત ચોવીસી જિનની ઓળગ પાઉં ।। કુસુમાંજલિ મેલો વીર જિણંદા ।। તોરા ચરણ૦ ।। કુસુમાં૦ ।।૫।। ( વસ્તુછંદ ) જાઈજુઈહિં જાઈજુઈહિં કુંદ મંદાર, નીલુપ્પલ કમલદલ, સિંદુવાર ચંપય સમુજ્જલ પસરંતુ પરિમલ મલિય, ગંધલુદ્ધ લુહુંત મહુયર, ઇય કુસુમાંજલિ જિન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચલણિં, ચિંતિય પાવપણાસ, મુક્કિય તારાગણ સરિસ, (પાઠાંતરે મુક્કિય તારા અણુસરિસ, ) ભવિયહ પૂરઉ આસ. ॥

કુસુમાંજલિ ચઢાવવી અને છુટાં ફુલથી ભગવંતને વધાવવા, કુસુમનો મેઘ વરસાવવો.

( પછી સ્નાત્રિયા ચૈત્યવંદન કરી, હાથ ધૂપી, કળશ લઈ ઉભા રહી શ્રી આદિનાથનો જન્માભિષેક કળશ કહે.)

## શ્રી આદિનાથ જન્માભિષેક કળશ

(વસ્તુ છંદ) વિણીયનયરી વિણીયનયરી, નાભિ નિવ-ગેહિં ॥ મરુદેવીહિં ઉયરસરિ, રાયહંસસારિચ્છ સામિય ॥ સિરિરિસહેસર પઢમ જિણ, પઢમ રાયવર વસહગામિય ॥ વસહ અલંકિય કણયતણું, જાઓ જગઆધાર ॥ તસુ પયવંદિય સુતતણો, કહિશું જન્મસુવિચાર ॥ ૧ ॥ (ઢાળ) કુલકર સિરિ નાભિનરિંદગેહિં, સુસમ દુ:સમ તિય અરયચ્છેહિં ॥ ૨ ॥

### હરિગીત છંદ

સુસમ દુ:સમ અરયમંડણ, સવ્વવિટ્ઠવિણહ સુર ચવી ॥ સિરિનાભિરાયા કુલમંડણ, અઉજ્ઝાઉરિઅવતરી ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુવિશાલ માળા, પઉઢમુગતા, ગીત નાદ સવે કરી ।। ઉત્સવ જાણી, મન્ન આણી, તિર્થંકર કુળ અવતરી ।। ૩ ।। હવે દાન દીજે પુન્ય કીજે, મન્ન રીઝે અતિ ઘણાં ।। ઘર ઘર મંગળ તરિયાં તોરણ, ઉત્સવ હોય વધામણાં ।। નિસિભરે પોઢી હર્ષ આણી, ઈસ્યું જાણી એમ કહે ।। પાછલી રાતે પ્રભાત વેળા, સુપન મરુદેવા લહે ।।૪।।

## સુપનની ઢાળ (ઉલાળાની)

પ્રથમ ઐરાવણ દીઠો, નયણે અમીય પઇટ્ઠો ।। બીજે વૃષભ ઉદાર, દીઠો અતિ સુખકાર ।। ૧ ।। ત્રીજે મૃગપતિ પેખે, દરિસણ દુરિત ઉવેખે ।। ચોથે લખમીઅ સોહે, જિણ દીઠે જગ મોહે ।। ૨ ।। પાંચમે કુસુમની માળા, છટ્ઠે ચંદ્ર વિશાળા ।। સાતમે તમહરદિનકર, આઠમે ઇંદ્રધ્વજ જયકર ।।૩।। નવમે કળશમનોહર, દસમે પદ્મસરોવર ।। અગિયારમે સાગર સુંદર, બારમે અમરનું મંદિર ।।૪।। તેરમે મણિભર ગગને, ચઉદમે નિર્ધૂમઅગનિ ।। ઇતિસુણી સુપનના પાઠક, બોલ્યા નિજ મુખ વાચક ।।૫।। રાજન્ ! તુમ સુત હોશે, ત્રિભુવન તસ મુખ જોશે ।। નરપતિ અહવા જિણંદ, તુમ કુળ આવ્યો એ ચંદ ।।૬।। રાય દિયે બહુ માન, પાઠકને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણાં દાન, પાઠક સુપન સુણાવે, ઘરણી નિજ ઘર આવે ॥ ૭ ॥

( મૂળ ગાથા ) મરુદેવીહિં ઉયરિ ઉપ્પન્નઉ જામ, ચઉ દશ વર સુપણાં લહિયે તામ ॥ ચિત્તહ વદિ અટ્ઠમી સાઢ રિખ્ખ, ક્રમિ ક્રમિ જિણુ જાઇઓ રહિય દુખ્ખ ॥ ૮ ॥ અટ્ઠ અટ્ઠય અટ્ઠ સટ્ઠય ઉડ્ઢઅહોદિસિહં, દિસિકુમરિ છપ્પન તહિં ॥ રૂવવંત વરભત્તિ જુત્તિય રૂઅગ પવ્વય ચિહું દિસિં ॥ અટ્ઠઅટ્ઠ ચિહું વિદિસિ પહુત્તિય ચઉરો રૂઅગદિવ્વ પુણ, આવીય નાભિ ગેહિં, જનની નમિય આરંભિયો, જન્મ મહોત્સવ તેહિં ॥ ૯ ॥

ઢાળ ( ચાલ )

અટ્ઠસંવત્ત વાએણુ કયવર હરઈ, અટ્ઠ ગંધોદકે વુટ્ઠિ કુમરી કરઈ॥ અટ્ઠદપ્પણધરા અટ્ઠભિંગારિયા, અટ્ઠવર વીંજણા, અટ્ઠચામરજુઆ ૧૦ ॥ ચઉ દીવીધરા, ચઉર રખ્ખાકરા, ગાઇઅ નચ્ચિઅ તિન્નિ કેલીહરા ॥ કરિય જિન મજજણુ, જનની સુકુમારિયા, અપ્પિઓ નિય નિય ઠાણુ સવ્વે ગયા ॥ ૧ ॥ તખ્ખણે ચલિય સિંહાસણુ સુર વઈ, ઘંટનાએણુ તહિં સુર મેલઈ ॥ પાલયારૂઢ જિન જમ્મગિહિઆવીઓ, પંચરૂવેકરીરિસહમેરુનીઓ ॥ ૧૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુ છંદ

ઈંદ તથ્થય, ઈંદ તથ્થય, વીસ ભુવણિંદ. વંતર પહુ બત્તીસ ।। દુવેચંદ સુર કપ્પિંદ દસવર, ચઉસટ્ઠિઅ મિલિઅ હરિ ।। ન્હવઈ નાહ બહુ ભત્તિ નિબ્ભર, અટ્ઠ સહસચઉસટ્ઠિજુઅપંચવન્ન કલસેહિં ।। હવઈ સોહમ્મઉ જિન ન્હવઈ, તં પભણુઉ ધરિ નેહ ।। ૧૩ ।।

ઢાળ (ચાલુ)

ઈસાણિંદ જિન ઉચ્છંગે લઇ, ધવલ વસહ સુરવર કરેઈ ।। તસુ સિંગેહિ અટ્ઠ સુગંધ ધાર, જળ નિવડઈ સુદ્ધ તિયલોય સાર ।।૧૪।। વાજં તઈ મદ્દલ તિવલનાદ, વર ઝલ્લરી ભુંગલ ભેરી સાદ ।। ગાજં તઅંબર દેવી દેવ, જિન મજ્જિય નચ્ચિય કરઇ સેવ ।। ૧૫ ।। પૂજઈ વર કુસુમહિ રિસહનાહ, બહુ ભત્તિઅ ભાવે હુઈ સનાહ ।। આરત્તિઅ મંગળદીવુખેવ, ઉત્તારઈ સુરવઈ રંભદેવ ।। ૧૬ ।।

વસ્તુ છંદ

રિસહમજ્જણુ રિસહમજ્જણુ કરિય સુરરાય, ઉપ્પાડિય જય જય કરિય, જનની પાસેમેલ્હેવિ જેત્તા, નંદીસર અટ્ઠ દિવસ કરિય, દેવદેવી નિયઠાણુ પત્તા, ઇણિપરિ સયલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિણેસરહકરહન્વણુ બહુ ભત્તિ, મુનિરયણાયર પાવહર,
જિમ તુમ દિયઈ વરમુત્તિ ।। ૧૨ ।।

ઇતિ શ્રી આદિનાથ જન્માભિષેક કળશ સમાપ્ત.

(અત્રે કુસુમાંજલિવાળા એક સ્નાત્રિયાએ કુસુમાંજલિનો થાળ મૂકી દઈને, જયવીયરાય પૂરા પર્યન્ત ચૈત્યવંદન કરવું, તેમાં શ્રી જગચિન્તામણિનું ચૈત્યવંદન કહેવું. પછી કળશવાળા એક સ્નાત્રિયાએ કળશ મૂકીને પોતાના હાથ ધોવા, હાથે ચંદન લગાવવું અને હાથ ધૂપવા. પછી મુખકોશ બાંધવો. ત્રણ ખમાસમણ દઈ, એક નવકાર ગણી, પંચામૃતનો કળશ અંગલૂછણે ઢાંકી, તેના ઉપર ફૂલમાળા પહેરાવી, હાથમાં કળશ પોતાના હૃદય પાસે ધરીને ઉભા રહેવું અને શ્રી પાર્શ્વનાથ પ્રભુનો જન્માભિષેક કળશ કહેવો.)

## શ્રી પાર્શ્વનાથ કળશઃ

શ્રી સૌરાષ્ટ્ર દેશ મધ્યે, શ્રી મંગલપુર મંડણો, દુરિત વિહંડણો, અનાથનાથ, અશરણ શરણ, ત્રિભુવન જનમનરંજણો, ત્રેવીશમો તીર્થંકર શ્રી પાર્શ્વનાથ, તેહ તણો કળશ કહીશું.

### ઢાળ

હાંરે વાણારસી નયરી વસેય, અનુપમ ઉપમા અવદાધાર ।। તિહાં વાવી સરોવર નદીય કૂપજળ, વનસ્પતિ ભાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઢાર ॥ તિહાં ગઢ મઢ મંદિરદીસે અભિનવ, સુંદર પોલિ પ્રકાર ॥ કોસીસા પાખલ ફિરતિ ખાઈ, કોટે વિસમા ઘાટ ॥ ૧ ॥ હાંરે જિનમંડપ શિખરબદ્ધ, પ્રાસાદે દંડ કળશ બ્રહ્માંડ ॥ અતિ ગિરૂઆ ગુણસાગર બહુ સોહે, દીસે પુહવી પ્રચંડ ॥ તિહાં હાટ ચઉટાં વસ્તુવિવેકી, વ્યવહારીયા અનેક ॥ લખેસરી કોટી ગઢતલ મંદિર, બોલે વચન વિવેક ॥ ૨ ॥ હાંરે તે નગરી બહુરી વ્યવહારી, ઘર ઘર મંગળ ચાર ॥ નારી કરકંકણ સુંદર ઝળકે, કરી સકલ શિણગાર ॥ તિહાં રાજા અશ્વસેન મહીમંડળ, દાનન ખડ્ગ ઝીપંતા ॥ અતિ ન્યાયવંત દીસે નરનાયક, વામાદેવી કંત ॥૩॥ હાંરે સ્વર્ગ લોકથી ચવિય સુરવર, ઉપ્પન્નો કુળ જાસ ॥ તિહાં કૃષ્ણ ચોથે ચૈત્ર માસે, એહવે અતિ ઉલ્લાસ ॥ તિહાં રાણી પશ્ચિમ રયણી પેખે, સુપનાં ચઉદ વિશાળ ॥ તસ કૂખે અવતરશે જિનવર, જીવદયા પ્રતિપાળ ॥ ૪ ॥

### સ્વપ્નની ઢાળ (ઉલાળાની)

પહેલે ગયવર દીઠો, મુઝ મુખકમળ પઇટ્ઠો ॥ બીજે વૃષભ ઉદાર, દીઠો અતિસુકુમાર ॥૫॥ ત્રીજે સિંહ સંપૂરો, મહીમંડળમાંહે એ સૂરો ॥ ચોથે લખમી એ દીઠી, રતન કમલે એ બેઠી ॥૬॥ ઉર ઉતરતી એ માળ, કુસુમની ઝાકઝમાળ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છઠ્ઠે પૂનમચંદો, અમીય ઝરે સુખ કંદો ॥૭॥ તેજે તપંતો એ ભાણુ, કરતો સફળ વિહાણુ ॥ ધ્વજ ઉતરતો આકાશે, લોટતો અંબર વાસે ॥૮॥ કણુય કળશ શિરે કરિયો, અમીય મહારસ ભરિયો ॥ દશમે પદ્મ સરોવર, દીઠો વામાદેવી મનોહર ॥ ૯ ॥ ખીરસમુદ્ર ઘરે આયો, મુઝ મન સયલ સુહાયો ॥ છંડી નિજ નિજ ઠામ, આવ્યું આવ્યું અમર વિમાન ॥ ૧૦ ॥ પેખી પેખી રયણની રાશિ, સગપણચઢી આકાશિ ॥ જલણુ જલંતો એ દખ્ખિણુ, જાગી વામાદેવી તખ્ખિણુ ॥ ૧૧ ॥

**ઢાળ ( રાગ-ધન્યાશ્રી )**

નવમે માસે આઠમે દિવસે, જોયો જિનવર રાયોજી ॥ ઘર ગૂડી તરિયાં તોરણુ લટકે, જિનમંદિર ઉચ્છાયોજી ॥૧॥ તત્ક્ષણુ છપ્પન કુમરી આવે, વધાવે જિનચંદોજી ॥ દુસ્તર કાળમાંહિ એ જિનવર, પ્રગટયો પૂનમચંદોજી ॥૨॥ ઉલાળી વજ્ર સુર એમ બોલે, આસન કંપે ઇંદોજી ॥ તિહાં જોઈ અવધિનાણે તેણી વેળા, અવતરિયા જિણંદોજી ॥૩॥ તેણે સ્થાનકે જન્મમહોત્સવ કરવા, આવે ચોસઠ ઈંદોજી ॥ મિરુશિખર પર રત્નસિંહાસન, બેઠા પાસજિણંદોજી ॥૪॥ તિહાં હુઓ સનાથ છત્રે શિર સોહે, ઢાળે ચામર સુરિંદોજી ॥ પહુતા સુર મળી પ્રભુથાનક વર, લબ્ધિપાત્ર જયવંતોજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥૫॥ નવપલ્લવજિન મહિમાસાગર, આગરતણો ભંડારોજી ॥ ઇખ્ખાગવંસ તિહુયણુ મનરંજણુ, જિનશાસન શિણુગારોજી ॥ ૬ ॥ ભણે વચ્છભંડારી અમ મન, વસિયો શ્રી અરિહંતોજી ॥ નીલવરણુ તનુ મહિમાસાગર, જયો જયો ભગવંતોજી ॥ ૭ ॥

શ્રી પાર્શ્વનાથ કળશ સંપૂર્ણ

(અહીં સ્નાતસ્યા પ્રતિમસ્ય૦ એ શ્લોક કહીને પંચામૃતનો પ્રક્ષાલ કરી પૂજા કરીને ફૂલ ચઢાવવા. પછી લૂણ ઉતારી આરતિ ઉતારવી. પછી પ્રતિમાજીને આડો પડદો રાખી સ્નાત્રીઆએ પોતાના નવ અંગે કંકુના ચાંલ્લા કરવા. પછી પડદો કાઢી નાંખી મંગલદીવો ઉતારવો.)

મોગર લાલ ગુલાબ માલતી, ચંપક કેતકી વેલી ॥ કુંદપિયંગુ નાગવર જાતિ, બોલસિરી શુચિ મેલી ॥ મો૦ ॥ ૧ ॥ ભૂમંડળ જળ મોકલે ફૂલે, તે પણુ શુદ્ધ અખંડી ॥ જિનપદપંકજ જેમ હરિ પૂજે, તિણુ પરે ભવિ તુમે મંડી ॥ મો૦ ॥ ૨ ॥

ગીત

પારગ તેરે પદપંકજ પર, વિવિધ કુસુમ સોહે ॥ ઓરનકું હૈ આક ધત્તુરે તુમ સમો નહિ કો હે ॥પા૦॥ ॥ વિવિધ કુસુમ જાતિ સોહે, પાંચમી પૂજા પૂજે ॥ તવ ભવિજનકે રોગ સોગ, સવિ ઉપદ્રવ ધ્રૂજે ॥ પા૦ ॥ ૨ ॥

**શ્રી દેવપાલકવિકૃત સ્નાત્રપૂજા સંપૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંડિત શ્રી વીરવિજયજી કૃત—

## શ્રી અષ્ટપ્રકારી પૂજા

આ પૂજામાં ઉત્કૃષ્ટ ફળ, નૈવેદ્ય, પક્વાન્ન વગેરે દરેક વસ્તુનાં આઠ આઠ નંગ લાવવાં. આઠ સ્નાત્રીયા ઉભા રાખવા, આઠ કળશ પંચામૃતના ભરવા, આઠ દીપક કરવા અને કુસુમ (ફૂલ) અક્ષત (ચોખા) પ્રમુખ વસ્તુઓ જોઈએ.

### ॥ વિધિ ॥

૧. પ્રથમ સ્નાત્ર કરી, ઉજ્જવલ ધોયેલાં વસ્ત્ર પહેરી, એક પટ વસ્ત્રનું ઉત્તરાસંગ કરી, મુખકોશ બાંધી, કેશર, ચંદન બરાબર ઘસી અને જુદા જુદા કેશરથી પોતાને લલાટે તિલક કરીએ. તે પછી નિર્માલ્ય ઉતારી મોરપીંછીથી અથવા નિર્મલ સુકોમળ વસ્ત્રથી જયણાએ કરી પ્રમાણુપૂર્વક જિનબિંબ, પ્રમાર્જી, બન્ને હાથને ધૂપ–આપી, પવિત્ર રકેબીમાં કેશરનો સ્વસ્તિક કરી નિર્મળ જળે ભરેલો કળશ રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઈ પ્રભુ આગળ ઉભા રહીએ, પછી પહેલી પૂજાનો પાઠ ભણીને છેલ્લો મંત્ર કહી જળપૂજા કરે.

૨. પછી પખાળ કરી અંગલૂછણાથી લૂહીને કેસરની કચોળી (વાટકી) રકેબીમાં રાખી હાથમાં લઈ બીજી પૂજાનો પાઠ ભણી છેલ્લો મંત્ર કહી ચંદનપૂજા કરે.

૩. ત્રીજી પૂજામાં ફૂલ રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઈ પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર કહી પ્રભુજીને ચઢાવે.

૪. ચોથી પૂજામાં ધૂપધાણું, રકેબીમાં રાખી હાથમાં લેઈ પૂજા પાઠ કહી છેલ્લો મંત્ર ભણી, પ્રભુની ડાબી બાજુ ધૂપ ઉખેવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. પાંચમી પૂજામાં, મૌલીસૂત્ર પ્રમુખની વાટ (દીવેટ) કરી નિર્મળ સુગંધિત ઘીથી કોડિયાં ભરી, દીપક કરી, રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઈ, પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી, પ્રભુજીની જમણી બાજુએ દીપક રાખીએ.

૬. છઠ્ઠી પૂજામાં ઉજ્જવલ અખંડ અક્ષત (ચોખા) રકેબીમાં નાંખી, રકેબી હાથમાં ધરી, પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી પ્રભુજી આગળ સ્વસ્તિક તથા તંદુલના ત્રણ પુંજ (ઢગલા) કરે.

૭. સાતમી પૂજામાં મોદક, સાકર, ખાજાં, પતાસાં, પ્રમુખ અનેક ઉત્તમ પક્વાન્ન રકેબીમાં ભરી, હાથમાં ધરી, પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી પ્રભુ આગળ નૈવેદ્ય ધરે.

૮. આઠમી પૂજામાં લવિંગ, એલચી, સોપારી, નાળીએર, બદામ, દ્રાક્ષ, બીજોરાં, દાડમ, નારંગી, કેરી, કેળાં, પ્રમુખ, સરસ, સુગંધિત, રમણીય ફળ રકેબીમાં રાખી, રકેબી હાથમાં ધરી, પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણીને પ્રભુ આગળ ફળ ધરે.

છેવટે પૂજાનો કળશ કહી સ્નાત્રીઆઓ આરતિ ઉતારી પ્રભુજીથી અંતરપટ કરી પોતાના નવ અંગે ચાંલ્લા કરી મંગળદીવો ઉતારે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી અષ્ટ પ્રકારી પૂજા પ્રારંભ

## ॥ પ્રથમ જલપૂજા ॥

### ॥ દુહા ॥

સરસ વચન રસ વરસતી, બંભી પ્રણમી જેહ ॥
ભગવઈ ધુર વસુધાસુતે, હું પણ પ્રણમું તેહ ॥ ૧ ॥
શ્રી શંખેશ્વર શિર નમી, પ્રભણું પૂજા વિચાર ॥
અંગાદિક ત્રિક પૂજના, ઉત્તર અષ્ટ પ્રકાર ॥ ૨ ॥
ન્હવણ વિલેપન કુસુમની, જિનપુર ધૂપ પ્રદીપ ॥
અક્ષત નૈવેદ્ય ફળતણી, કરો જિનરાજ સમીપ ॥ ૩ ॥
ક્ષીરોદક ચીવર ધરી, તન મન વચન સંતોષ ॥
ઉત્તરાસંગ સુવિધિ કરો, આઠ પડો મુખકોશ ॥ ૪ ॥
પ્રથમ સુગંધ જળે ભરી, કનકકલશની શ્રેણિ ॥
નર નારી કર સંપૂટે, ધરિયે હર્ષ ભરેણ ॥ ૫ ॥

### ॥ ઢાળ ॥ રાગ દેશાખ ॥

વિશદ ગંધોદકે, વાસિત કુસુમાદિકે, વળીય સુવાસના મહમહે એ ॥ ધયો મહમહે એ ॥ ૧ ॥ જડિત મણિ માણેકે, કળશ સોવનતણા, ભરિય ધરી હાથને સુર રહે એ ॥ ધયો સુર રહે એ ॥ ૨ ॥ મેરુગિરિ ઉપરે, મેઘવાહન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે, હર્ષભર હિયડલે જળતણી એ ।। ઈયો જળતણી એ ।। ।। ૩ ।। જિનતણી પૂજના, દુરિત દુઃખ ધ્રૂજના, દ્રવ્ય ને ભાવ ભેદે ભણીએ ।। ઈયો ભેદે ભણીએ ।। ૪ ।।

।। દુહા ।।

જળ પૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ ।।
જળ પૂજા ફળ મુજ હોજો, માગો એમ પ્રભુ પાસ ।। ૧ ।।

।। અથ ગીત ।। અને હોજી રે એ—દેશી ।।

સુરરાજ જ્યું ભવિ, જળપૂજા જુગતે કરો રે ।। સુરરાજ જ્યું ભવિ, માગધ ને વરદામ ।। સનેહા ।। સુર૦ ।। દેવનઇ પરભાસના રે ।। સુર૦ ।। ક્ષીરોદધિ શુચિ ઠામ ।। સનેહા ।। ૧ ।। સુર૦ ।। જળપૂજા જુગતે કરો રે ।। એ આંકણી ।। સુર૦ ।। અડવિધ કળશા જળ ભરી રે ।। સુર૦ ।। ન્હવણ કરે જેમ દેવ ।। સનેહ ।। સુર૦ ।। તેમ તીર્થોદક મેળીને રે ।। સુર૦ ।। અરિહા ન્હવણ કરેવ ।। સનેહા ।।૨।। ।।સુર૦।। મિશ્રિત કેશર ઔષધિરે ।। સુર૦।। કર્મ પડલ દૂર જાય ।।સનેહા ।।સુર૦।। આતમવિમલ કેવલ લહે રે ।।સુર૦।। કારણે કારજ થાય ।।સનેહા ।।૩।।સુર૦।। વિપ્રવધૂ જળપૂજનથી રે ।।સુર૦।। સોમેસરી તસ નામ ।। સનેહા ।।સુર૦।। જગ જસ સુખ સંપદા રે ।।સુર૦।। પામી અવિચલ ઠામ ।। સનેહા ।।૪।। સુર૦।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ -નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય જલં યજામહે સ્વાહા ॥

(એ મંત્ર ભણી કળશ નામીએ)

## ॥ દ્વિતીય ચંદન પૂજા ॥

### ॥ દુહા ॥

આતમગુણ વાસન ભણી, ચંદન પૂજા સાર ॥
જેમ મઘવા અપછર કરે, તેમ કરીયે નર નાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥ રામશ્રી રાગેણ ગીયતે ॥

હર્ષ ઉલટ ધરી, સુરભિ જસ વિસ્તરી, બાવનાચંદન સરસ લીજે ॥૧॥ ઘસિય ઓરસ પરી, માંહી કેસર ધરી, મન વચન કાય થિરતા કરીજે ॥ ૨ ॥ કનકમણિયે ઘડી, રત્ન કચોલડી, માંહે ભરી નેત્ર જિનશું ઠવીજે ॥ ૩ ॥ ચરણ જાનુ કર, અંસ શિર ભાલ ગલે, ઉર ઉદર પ્રભુ તિલક કીજે ॥ ૪ ॥

### ॥ દુહો ॥

શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખરંગ ॥
આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ગીત ॥ રાગ કાફી–ઝુંમખડાની દેશી ॥

હરિચંદન ઘનસારશું રે, દ્રવ્યતિલક નવ અંગ ॥ જિનેસર પૂજીએ ॥ શિવસુંદરી શિર સોહતું રે, ભાવતિલક મન રંગ ॥ જિને૦ ॥૧ ॥ પઢમ ચઉ નિજ થાનકેરે, તિલકવિમલ સુખકાર ॥ જિને૦ ॥ ગાત્ર વિલેપન પૂજનારે; જગતગુરુ, જયકાર ॥ જિને૦ ॥ ૨ ॥ ક્રોધ અનલ શીતળ થયે રે, રીઝ બની તુજ મુજ ॥ જિને૦ ॥ ક્ષણુ ક્ષણુ પુલક પ્રમોદશુ રે, અજબગતિ પ્રભુ પૂજ ॥ જિને૦ ॥૩॥ જિમ જયસુર ને શુભમતી રે, દંપતી પદ નિર્વાણુ ॥ જિને૦ ॥ ચંદનપૂજા જિનતણી રે, કરતાં શુભ કલ્યાણુ ॥ જિને૦ ॥ ૪ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ચંદનં૦ ય૦॥ સ્વાહા ॥

## ॥ તૃતીય પુષ્પપૂજા ॥

### ॥ દુહા ॥

હવે ત્રીજી સુમનસતણી, સુમનસ કરણુ સ્વભાવ ॥
ભાવ સુગંધ કરણુ ભણી, દ્રવ્ય કુસુમ પ્રસ્તાવ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ રાગ મિયાની ધન્યાશ્રી—જાતિ રેખતાનિ ॥
( મોરી માય રે મુને જાન દે—એ દેશી. )

સુરનાથ જ્યું ભવિલોક પૂજે, જિનપદ દૂજે નહિ મળે ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌગંધિ કુસુમ વિવિધ જાતિશું, ઘન મોકળે ॥ સુર ૦ ॥ ॥ ૧ ॥ મોગરો ચંપક માલતી સુમ, કેતકી વર જાસુલે ॥ પિયંગુ ને પુન્નાગ નાગ, દાઉદી વર પાડેલ ॥ સુર ૦ ॥ ૨ ॥ સદા સોહાગણ જાઈ જુઇ, બોલસિરિ સેવંતરે ॥ મચકુંદને ચંબેલી વેલી, ઉગિયાં શુચિ જળથળે ॥ સુર૦ ॥૩॥ લેઈ સુરભિસુમ જિનચરણ પૂજો, .પૂજિયા આખંડલે॥ શિવ-સુંદરી વરમાલિકા સુમ, થાપિયે પારગ ગલે ॥ સુર૦ ॥૪॥

॥ દુહા ॥

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગતસંતાપ ॥
સુમજંતુ ભવ્ય જ પરે, કરીયે સમકિત છાપ ॥૧॥

॥ ગીત ॥ રાગ કાફી —અરનાથકું સદા મેરી વંદના —એ દેશી ॥

પૂજો શ્રી જિનચંદનેરે, ભવિ પૂજો શ્રી જિનચંદને ॥ શિવ વરિયે દુરિત નિકંદીને રે ॥ ભ૦ ॥ એ ટેક૦ ॥ સરસ સુગંધ કુસુમ વર જાતિ, પદ્મ મલ્લિકા કુંદનેરે ॥ ભ૦ ॥ દમણો મરુઓ વર સહકારો, લાવોવળી મચકુંદનેરે ॥ભ૦॥ ॥૧॥ લાલ ગુલાબ બકુલ કોરંટો, કેવડો કુસુમ અખંડને રે ॥ભવિ૦॥ પૂજો ભવિ તમે પરમપ્રમોદે, પૂજ્યા જેમ સંક્રન્દને રે ॥ ભ૦॥૨॥ ધંતૂરે પૂજત શિવ વિષયી, નર વાયસ પિચુમંદનેરે ॥ભ૦॥ નિરીહ કું કુંસુમેં સુરસેવત, પરપુષ્ટા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માકંદને રે ॥ ભા૦॥ ૩ ॥ શુભ ત્રિકયોગે વીર કહે જિન પૂજી હરો ભવફંદને રે ॥ ભ૦ ॥ વણિગધુઆ લીલાવર્ત પૂજન, પામી પદ મહાનંદને રે ॥ ભ૦ ॥ ૪ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ પુષ્પં૦ યજા૦ ॥ સ્વાહા ॥

## ॥ ચતુર્થ ધૂપપૂજા ॥

### ॥ દુહા ॥

કર્મ સમિધ દાહન ભણી, ધ્યાનાનલ સળગાય ॥
દ્રવ્ય ધૂપ કરી આતમા, સહજ સુગંધિત થાય ॥ ૧ ॥

॥ ઢાળ ॥ રાગ—માલવી ગોડી ॥

ભવ ભય ચૂરણો કૃષ્ણ અગરતણો, ચૂરણ કરી સુરભી મને એ ॥૧॥ અંબર તગરનો, શુચિતર અગરનો, વળી ઘનસાર બરાસને એ ॥ ૨ ॥ કુંદરુ તુરુકનો, કસ્તૂરી કપૂરનો, ભેળીયે મેળવી ચંદને એ ॥૩॥ નવ નવ રંગનો, શુદ્ધ દશાંગનો, ધુપ સુગંધ જિણંદને એ ॥ ૪ ॥ ધૂપધાણું ભણ્યું, કંચણ રયણનું, પાવક નિર્ધૂમપરજળે એ ॥૫॥ જિનમંદિર જતાં, ધૂપ ઉખેવતાં, દશ દિશિ મહમહે પરિમલે એ ॥૬॥

### ॥ દુહા ॥

ધ્યાનઘટા પ્રગટાવીયે, વામ નયન નિજ ધૂપ ॥
મિચ્છત્ત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મ સ્વરૂપ ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ગીત સબાબ રાગિણી—જાતિ ફાગ ॥

જિનવર જગત દયાલ ॥ ભવિયાં ॥ જિનવર જગત દયાલ ॥ જિનપદ સેવત ધૂપ ઉખેવત, સુરવર નયન હજાર ॥ ભવિયાં ॥ જિ૦ ॥ તેમ ભવિ શુદ્ધ દશાંગ ઉખેવો, માંહે સાકર ઘનસાર ॥ ભવિ૦॥ જિ૦॥૧॥ પરિમલ વદને ધૂપ કહેત હે, સુણજો બુદ્ધિ વિશાળ ॥ભવિ૦॥ જિ૦॥ જિ-નપદ સેવત ઊર્ધ્વ ગતિહમ, તેમ ભવિ શિવસુખમાલ ॥ ભવિ૦॥ જિન૦॥૨॥ સિદ્ધસ્વરૂપી અરૂપી વિમલતા, વેદી સમય ત્રિકાલ ॥ભવિ૦॥ જિ૦॥ એહવી પ્રભુ પડિમા વા-માંગે, ધરિયે ધૂપ રસાલ ॥ભવિ૦॥ જિ૦॥૩॥ ચોથી પૂજા ચિહું ગતિહારી, લારી કર્મકી જાળ ॥ ભવિ૦ ॥ જિ૦॥ વીર કહે ભવ સાતમે સિદ્ધા, વિનયંધર ભૂપાળ ॥ ભવિ૦ જિ૦ ॥ ૪ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ધૂપં ય૦ ॥ સ્વાહા ॥

## ॥ પંચમ દીપક પૂજા ॥

### ॥ દુહા ॥

પંચમી ગતિ વરવા ભણી, પંચમી પૂજા રસાળ ॥
કેવળરત્ન ગવેષવા, ધરિયે દીપકમાળ ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ રાગ પૂર્વી ॥

દીપક જ્યોતિ બની નવરંગા, દીનદયાળકે દાહિણુ અંગા ॥દીપ૦॥ રયણુજડિત વર્તુલ ભાજનમેં, ધેનુહવિષ ભરિયે ઉછરંગા ॥દી૦॥૧॥ પ્રાણી ઉગારણુ કારણુ ફાનસ, કરિયે જ્યું નવી આય પતંગા ॥ દીપ૦॥ ઝગમગ જ્યોતિશું દીપક ધરીયે, અનુભવ દીપક સમકિત, સંગા ॥ દીપ૦ ॥ ૨ ॥ જિનમંદિર જઈ દીપ પ્રગટ ધરી, આશય શુદ્ધ વિમલ જળગંગા ॥દીપ૦॥ ધ્યાન વિમલ કરતાં ભાવિ નાસે, દીપ વિરાજથી મોહભુજંગા ॥દીપ૦ ॥ ૩ ॥ તિમ મિથ્યાત્વ તિમિરકું હરિયે, શાર્વર તમહર વ્યોમપતંગા ॥દીપ૦॥ [૧]ગોઈન દેખત નાસત તસ્કર, જ્યું જિન દર્શન જાત અનંગા ॥ દીપ૦ ॥ ૪ ॥

॥ દુહા ॥

દ્રવ્યદીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક ॥
ભાવપ્રદીપ પ્રગટ હુવે, ભાસિત લોકાલોક ॥૧॥

॥ ગીત ॥ રાગ આશાવરી—ગરબાની દેશી ॥

દીપક દીપતો રે, લોકાલોક પ્રમાણુ ॥ એહવો દીવડોરે, જેહથી પ્રગટે પદ નિવારણુ ॥દીપ૦॥ દ્રવ્યથકી દીપકની

૧, સૂર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજા, કરતાં દો ગતિ રોકો રે ॥ પ્રભુપડિમા આદર્શ કરીને, આતમરૂપ વિલોકો ॥દી૦॥ એહવો૦ ॥૧॥ શુદ્ધ દશા ચેતનકું પ્રગટે, વિઘટે ભવભય કૂપો રે ॥ ચિદાનંદ ઝકઝોળ ઘટાશું, કેવલ દીપ અનૂપો ॥ દી૦॥ એહવો૦ ॥૨॥ પડત પતંગ ન ધૂમકી રેખા, નહિ ચંચળ મારુતે રે, ઘૃતવિણ પૂરે પાત્ર ન તાપે, વળિ નવિ મેલ પ્રસૂતે ॥દી૦॥ એહવો૦ ॥૩॥ પાપ પતંગ પડત તેમ દીપક, કરતી દો સાહેલી રે ॥ જિનમતી ધનસિરી વરી શિવસુખને, વીર કહે રંગરેલી ॥ દી૦॥ એહવો૦ ॥ ૪ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ દીપમાલાં૦ ય૦ સ્વાહા ॥

## ॥ ષષ્ઠ અક્ષત પૂજા ॥

॥ દુહા ॥

અક્ષયપદ સાધન ભણી, અક્ષત પૂજા સાર ॥
જિન પ્રતિમા આગળ મુદા, ધરિયે ભવિ નર નાર ॥૧॥

॥ ઢાળ ॥ રાગ બિલાવલ ॥

જગત પ્રભુ આગળ ભવિ, વર અક્ષત ધરીયે ॥ મણિ મુક્તાફળ લેઈને, વળી સ્વસ્તિક કરીયે ॥ હાંહાંરે વળી સ્વસ્તિક કરીયે ॥ હાંહાંરે કરી પાતક હરિયે, હાંહાંરે છઠ્ઠી પૂજા સમરિયે ॥ હાંહાંરે પ્રવહણ ભરદરિયે ॥ હાંહાંરે ભવ સાયર તરિયે ॥ હાંહાંરે પદ અક્ષય વરિયે ॥ જગત૦॥૧॥ અથવા ઉજ્જવલ તંદુલા, ભરી થાળને લાવો ॥ સ્વસ્તિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિહુ ગતિ ચૂરણો, વચ્ચે રત્નને ઠાવો ।। હાંહાંરે વચ્ચે રત્નને ઠાવો ।। હાંહાંરે ઘનસાર વસાવો ।। હાંહાંરે ગોધૂમાદિ અણાવો ।। હાંહાંરે તસ પુંજ બનાવો, હાંહાંરે અનુભવ લય લાવો ।। હાંહાંરે હોયે શિવપુર જાવો ।। જગત૦ ।। ૨ ।।

### ।। દુહા ।।

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત્ત વિશાળ ।।
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલજંજાળ ।। ૧ ।।

### ।। ગીતં ।। રાગ—બિહાગડો ।।

શિવનારી મુજ પ્યારી, દિલભર દેખાવ હો શિવનારી ।। હાંરે પ્રભુ તું તેહનો અધિકારી, દિલભર દેખાવ હો શિવનારી ।। એ ટેક ।। શાલિ વ્રીહિ ગોધૂમકો ઢગલો, પ્રભુ સન્મુખ નરનારી ।। દિલ૦ ।। ધરી અક્ષત અક્ષતપદ વરિયે, આધિ વ્યાધિ ભવહારી ।। દિલ૦ ।। ૧ ।। શંભુ સ્વયંભુ જગતકો ત્રાયક, નાયક જગદાધારી ।। દિલ૦ ।। તીર્થપતિ સુલતાન જિનેશ્વર, અવિચળ પદ દાતારી ।। દિલ૦ ।। ૨ ।। દવ્વહ ગુણ પજ્જાય ને મુદ્દા, ચઉગુણ પડિમા પ્યારી ।।દિલ૦।। દ્રવ્યાક્ષત ધરતાં ઇહલોકે, રાજઋદ્ધિ ભંડારી ।। દિલ૦ ।। ।। ૩ ।। મરુદેવા નંદન પદ પૂજત; દ્રવ્ય ભાવ સુખકારી ।। દિલ૦ ।। અનુભવ અમરાલય શુભ સુખને, કીરયુગલ ભવપારી ।। દિલ૦ ।। ૪ ।।

।। અથ મંત્ર–ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ।। અક્ષતાનૂ૦ ય૦ ।। સ્વાહા ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ સપ્તમ નૈવેદ્ય પૂજા ॥

### ॥ દુહા ॥

નિર્વેદી આગળ ઠવો, શુચિ નૈવેદ્ય રસાળ ॥
વિવિધ જાતિ પક્વાનશું, ભરી અષ્ટાપદ થાળ ॥૧॥

### ॥ ઢાળ રાગ કાફી ॥

પુરુષોત્તમ ગુણખાણી હો, પારગ પુરુષોત્તમ ગુણખાણી ॥ એ ટેક ॥ હવે નૈવેદ્ય રસાળ ઠવીજે, પ્રભુ આગળ ભવિ પ્રાણી ॥ મરકી અમૃતપાક પતાસાં, ફેણી સરસ સોહાણી હો ॥ પારગ પુરૂ૦ ॥૧॥ લાખણસાઈ મગદળ સાટા, ઘેબર થાળ ભરાણી ॥ સેવ કંસાર ને સક્કરપારા, પેંડા બરફી આણી હો ॥ પારગ પુરુ૦ ॥ ૨ ॥ ખાજાં ખુરમાં ખીર, ખાંડ ઘૃત, પાપડ પૂરી વખાણી ॥ મોતૈયા કળિસાર ને દોઠાં, એમ પકવાન્ન મિલાણી હો ॥ પારગ-પુરુ૦ ॥૩॥ પ્રભુ પુર ઢોઈ કરો દુઃખહાણી, માગો જોડી પાણિ ॥ પતિતપાવનજિન મુજને દીજે, અણાહારી શિવ-રાણી હો ॥ પારગ પુરુ૦ ॥૪॥

### ॥ દુહા ॥

અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહગઈય અણંત ॥
દૂર કરી તે દીજિયે, અણાહારી શિવ સંત ॥૧॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ગીત ॥ વૃંદાવનમાં એક જ ગોપી—એ દેશી ॥

હાટકથાળ ભરી પક્વાને, શાળ દાળ શાક પાક રે ॥ અનુભવ રસ સંચિત ભવિ લહિયે, અમૃત પદવી નાકરે ॥ હાટક૦ ॥૧॥ તાલ કંસાલ મૃદંગ બજાવત, દેતા અઢળક દાન રે ॥ નર નારી ગુણ ગાવત આવો, જિનમંદિર બહુ માન રે ॥હાટક૦॥૨॥ પ્રભુ આગે નવેદ્ય ઠવીને, અણાહારી પદ માગો રે ॥ પુદ્ગલભાવ અનાદિની ઈહા, ટળી ભજો પ્રભુ રાગો રે ॥હાટક૦॥૩॥ સગભય વારક સાતમી પૂજા, કરતાં ગઈ સગ વારીરે ॥ વીર કહે હલી નૃપ સુરસુખથી, સાતમે ભવ શિવનારી રે ॥ હાટક૦॥ ॥ ૪ ॥

॥અથ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીં પરમ૦॥ નૈવેદ્યં ય૦ ॥ સ્વાહા ॥

## ॥ અટષ્મ ફળ પૂજા ॥

### ॥ દુહા ॥

અષ્ટમ ગતિ વરવા ભણી, આઠમી પૂજા સાર ॥
તરુ સિંચત ફળ પામીએ, ફળથી ફળ નિરધાર.॥૧॥

॥ ઢાળ ॥ રાગ ગોડી—મારુની દેશી ॥

મુગતિ ફળી રે, ફળી અહો, ભવિયાં હો મુગતિ ફળી ॥ કુમાત ટળી, સુમતિ ભળી; એમ નર નારી મળી રે મળી ॥ અહો ભ૦ ॥ મુગ૦ ॥ એ ટેક ॥ ફળપૂજા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીએ ફળકામી, નિર્મલ શ્રીફળ લાય ॥ અહો૦ ॥ દાડિમ દ્રાખ અખોડ બદામ, પૂગીફલ સમુદાય ॥ અહો૦ ॥ ॥ મુગ૦ ॥ કુમ૦ ॥ સુમ૦ ॥ એમ૦ ॥ મિષ્ટાંગ લીંબુ ખારેક કદલી, સીતાફળ અભિરામ ॥ અહો૦ ॥ જમરૂખ તરખુજ નીમજાં કોહલાં, સમરી સમરી જિન નામ ॥ ॥ અહો૦ ॥ મુગ૦ ॥ કુમ૦ ॥ સુમ૦ ॥ એમ૦ ॥૨॥ ચુઅફળ નારિંગ પિસ્તાં ખરબુજ, ફણસ અંગુર જંબીર ॥ ॥અહો૦॥ શુભ ચામીકર થાળ ભરીજે, સિંગોડાં અંજીર અહો૦ ॥ મુગ૦ ॥ કુમ૦ ॥ ॥ સુમ૦॥ એમ૦ ॥ ૩ ॥

॥ દુહા ॥

ઈંદ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ ॥
પુરુષોત્તમ પૂજી કરી, માગે શિવફળ ત્યાગ ॥૧॥

॥ ગીત ઈમનરાગિણી—મારી સહી રે સમાણી—એ દેશી ॥

હરિપરે ફળ માગો ભવિલોકા, ફળથી શિવફળ રોકા રે ॥ ધન ધન જિનરાયા ॥ રાયણ બીજોરાં ફળ ટેટી, પૂજતશિવવહુ ભેટીરે ॥ધન૦॥૧॥ ઇત્યાદિક શુચિફળ ભવિ લાવો, થાળ વિશાળ ભરાવો રે ॥ ધન૦॥ હર્ષ ભરે જિન મંદિર આવો, જિનવર આગળ ઠાવો રે ॥ધન૦॥૨॥ એમ ફળપૂજા જે ભવિ કરશે, તે શિવરમણી વરશે રે ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ધન૦॥ પૂજે ભવિયણ નિર્મળ બુદ્ધિ, પણ કરી સગવિહ શુદ્ધિ રે ॥ ધન૦ ॥૩॥ કીરયુગલશું દુર્ગતા નારી, પૂજ્યા જિન જયકારી રે ॥ ધન૦ ॥ કહે શુભવીર અચળ સુખ લીધો, અંત કરમનો કીધોરે ॥ ધન૦ ॥૪॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦॥ ફલાનિ ॥ ય૦ સ્વાહા ॥

## ॥ અથ કળશ ॥

॥ ધન્યાશ્રી—વામાનંદન જગઃ—એ દેશી ॥

ઇણુવિધિ અષ્ટ પ્રકારી પૂજા, કરશે તસ નિત્ય સુખ-શાતા॥ સિદ્ધબુદ્ધિ દિટ્ઠિ અડ ભવિજન, પામી અડ પયવણુ માતા ॥ હરિપરે ભક્તિ કરો પ્રભુ કેરી ॥૧॥ રાગદ્વેષ ટાળી જિન પૂજત, અષ્ટમીગતિ અનુક્રમે લહે ॥અષ્ટકર્મ સમતાયે બાળી, નિલતરુવન હિમ દહે ॥ હરિપરે૦ ॥૨॥ તપગચ્છ શ્રી વિજયસિંહ સૂરીશ્વર, સત્યવિજય પંન્યાસ વરો ॥ કપૂર સમુજ્વલ ક્ષમાવિજય તસ, વિજય સદા સૌભાગ્ય કરો ॥ હરિપરે૦॥૩॥ તાસ શિષ્ય શુભવિજય સોભાગી, તસ અનુમતિ જિનરાય સહી ॥ ગાવત હર્ષ કલ્લોલ ભરાયા, રાજનગર ચોમાસું રહી ॥ હરિપરે૦॥૪॥ સંવત અઢાર અટ્ઠાવન વરસે, ભાદ્રપદે સિતપક્ષ ભલો ॥દ્વાદશી દિન ગુરુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાર મનોહર, એ અભ્યાસ ભયો સઘળો ॥ હરિપરે૦॥ ૫ ॥ સુરગુરુપણ ન શકે કરી વર્ણન, જિનથુણિયા મેં મંદમતિ ॥ જલધિમાન કહે જેમ બાળક, નિજ શકતે પંખી વદતી ॥ હરિપરે૦॥૬॥ શકિત વિના પણ તિમ પ્રભુ ગાયા, ગુણ-માળા ભવિ કંઠ ધરો ॥ વીર વિજય કહે સંઘ સકળ ભવિ, જઈ શિવમંદિર લીલ કરો ॥ હરિપરે૦॥૭॥ ઈતિ કળશ ॥

॥ ઇતિ પંડિત શ્રી વીરવિજયજી કૃત ॥

॥ અષ્ટ પ્રકારી પૂજા સમાપ્ત ॥

---

# પંડિત શ્રી વીરવિજયજી કૃત—

## ॥ શ્રી પિસ્તાલીસ આગમની પૂજા ॥

વિધિ—આ પૂજા અષ્ટપ્રકારી પૂજાની પેઠે આઠ પૂજાઓથી ભણાવાય છે. માટે વિધિ અષ્ટપ્રકારી પૂજાની પેઠે સમજી લેવી.

### ॥ પ્રથમ જલપૂજા ॥

### ॥ દુહા ॥

શ્રીશંખેશ્વર પાસજી, સાહિબ સુગુણ ગરીઠ ॥ શુભ ગુરુ-ચરણ પસાયથી, શ્રુતનિધિ નજરે દીઠ ॥ ૧ ॥ શાસનના-યક વંદિયે, ત્રિશલામાત મલ્હાર ॥ જસ મુખથી ત્રિપદી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લહી, સૂત રચે ગણધાર ॥૨॥ સુધર્મા ગણધરતણી, રચના વરતે સોય ॥ દ્વાદશ અંગથકી અધિક, સૂત્ર નહી જગ કોય ॥ ૩ ॥ આગે આગમ બહુ હતાં, અર્થવિદિત જગદીશ ॥ કાલવશે સંપ્રતિ રહ્યાં, આગમ પિસ્તાલીશ ॥ ૪ ॥ આથમતે કેવલ-રવિ, મંદિર દીપકજ્યોત ॥ પંચમ આરે પ્રાણીને, આગમનો ઉદ્યોત ॥૫॥ પ્રથમ જ્ઞાન પછી દયા, દશવૈકાલિક વાણ ॥ વસ્તુતત્ત્વ સવિ જાણીએ, જ્ઞાનથી પદ નિર્વાણ ॥૬॥ જ્ઞાન ભક્તિ કરતાં થકાં, પૂજ્યા જિન અણગાર ॥ તે કારણ આગમતણી, પૂજા-ભક્તિ વિશાળ ॥૭॥ જ્ઞાનોપગરણ મેલીયે, પુસ્તક આગળ સાર ॥ પીઠ રચી જિનબિંબને, થાપીજે મનોહાર ॥૮॥ જ્ઞાન ઉદય અરિહાતણી, સાંભળી દેશના સાર ॥ દેવ દેવો નંદીશ્વરે, પૂજા વિવિધપ્રકાર ॥૯॥ તેમ આગમ હૈડે ધરી, પૂજો શ્રી જિનચંદ ॥ ધ્યેય ધ્યાનપદ એકથી, પામો પદ મહાનંદ ॥૧૦॥ ન્હવણ, વિલેપન, કુસુમની, ધૂપ, દીપ, ઝલકાર ॥ અક્ષત, નૈવેદ્ય, ફળતણી, પૂજા અષ્ટ પ્રકાર ॥ ૧૧ ॥

॥ ઢાળ ॥ અને હાંરે વહાલાજી વાગે છે, વાંસળી રે—એ દેશી ॥

અને હાંરે ગંગા ક્ષીરસમુદ્રના રે, જળકળશા ભરી નર નાર, જ્ઞાને વડા શ્રુતકેવલી રે ॥ અ૦ ॥ ન્હવણ કરો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુવીરને રે, દષ્ટિવાદના ભાષણહાર ॥ જ્ઞા૦ ॥૧॥ અ૦॥ પાંચ ભેદ છે તેહના રે, સાંભળતાં વિકસે નાણ ॥ જ્ઞા૦॥ ॥અ૦॥ પરિકરમેં સાત શ્રેણિયોરે, અઠયાશી સૂત્ર વખાણ ॥ જ્ઞા ૦॥ ૨॥ અ૦ ॥ પૂર્વંગતે ચૌદ પૂર્વ છે રે, મહામંત્ર ને વિદ્યા ભરેલ ॥ જ્ઞા૦ ॥ અ૦ ॥ જંબૂવેલંધર દેવતા રે, ધરે પૂર્વ સમુદ્રની વેલ ॥ જ્ઞા૦ ॥ ૩ ॥ અ૦ ॥ દશ વસ્તુ વિનયથી ભણ્યા રે, પહેલે પૂરવ ઉત્પાદ ॥ જ્ઞા૦॥ વસ્તુ ચૌદ અગ્રાયણી રે, અડ વસ્તુ વીર્યપ્રવાદ ॥ જ્ઞા૦ ॥૪॥ ॥ અ૦ ॥ અસ્તિપ્રવાદ અઢાર છે રે, બાર વસ્તુ જ્ઞાનપ્રવાદ ॥ જ્ઞા૦॥ અ૦ ॥ સત્યપ્રવાદે દોય વસ્તુ છે રે, સોલ વસ્તુ આત્મપ્રવાદે ॥ જ્ઞા૦॥૫॥ અ૦ ॥ કર્મપ્રવાદે ત્રીશ ધારિયે રે, વીશ વસ્તુ પૂરવ પચ્ચખ્ખાણ ॥ જ્ઞા૦॥ અ૦॥ પન્નર વિદ્યાપ્રવાદમાં રે, બાર વસ્તુ કહી કલ્યાણ ॥જ્ઞા૦॥ ॥ ૬ ॥ અ૦ ॥ પ્રાણાવાયમાં તેર છે રે, ત્રીશ વસ્તુ ક્રિયા વિશાળ ॥ જ્ઞા૦ ॥ અ૦ ॥ પણવીશે કરી સોહતું રે, ચૌદમું લોકબિંદુસાર ॥ ૭ ॥ અ૦ ॥ પુંજ મસી લખ ત્રણ્યશેં રે, ત્યાશી ગજ સોલ હજાર ॥ જ્ઞા૦ ॥ અ૦ ॥ શ્રી શુભવીરના ગણધરુ રે, રાચતા ત્રીજે અધિકાર ॥ જ્ઞાને વડા શ્રુત કેવળી રે ॥ ૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

દશ પૂરવ પૂરણ ભણે, લબ્ધિ ક્ષીરાશ્રવ હોય ॥
તેણે જિનકલ્પ નિવારિયો, જ્ઞાન સમો નહીં કોઇ ॥૧॥

ગીતં ॥ મનમોહન મેરે—એ દેશી ॥

ભેદ ચોથો હવે સાંભળો ॥ મનમોહન મેરે ॥ દૃષ્ટિવાદ અનુયોગ ॥મ૦॥ દોય ભેદે કરી શીખિયો ॥મ૦॥ જંબુ-ગુરુ સંયોગ ॥મ૦॥૧॥ પંચભેદે કરી ચૂલિકા ॥ મ૦ ॥ પહેલે પૂર્વે ચાર ॥ મ૦ ॥ બાર ને આઠ દશ ચૂલિકા ॥ મ૦ ॥ ચોથા પૂરવ લગે સાર ॥ મ૦ ॥૨॥ દશ પૂરવે નથી ચૂલિકા ॥ મ૦ ॥ નંદી સૂત્ર વિચાર ॥ મ૦ ॥ દૃષ્ટિ-વાદ એ બારમું ॥ મ૦ ॥ અંગ હતું સુખકાર ॥ મ૦ ॥ ॥ ૩ ॥ બાર વરસ દુકાળિયે ॥ મ૦ ॥ બારમું અંગ તે લીધ ॥ મ૦ ॥ સંપ્રતિ કાળે નવિ પડે ॥ મ૦ ॥ એહવો કાળ પ્રસિદ્ધ ॥મ૦॥૪॥ મંદમતિ પરમાદથી ॥ મ૦ ॥ પૂર્વ ગયાં અવિલંબ ॥ મ૦ ॥ શ્રી શુભવીરને શાસને ॥ મ૦॥ પૂજો આગમ જિનબિંબ ॥ મ૦ ॥ ૫ ॥

[ કાવ્ય અને મંત્ર-દરેક પૂજાને અંતે પંડિત શ્રી વીર-વિજયજીકૃત ચોસઠપ્રકારી પૂજાને અંતે આપેલ કાવ્ય અને મંત્ર અનુક્રમે કહેવા. ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દ્વિતીય ચંદન પૂજા ॥
॥ દુહા ॥

હવે પિસ્તાલીશ વરણવું, કલિયુગમાં આધાર ॥
આગમ અગમ અરથ ભર્યાં, તેહમાં અંગ અગ્યાર ॥૧॥

॥ ઢાળ ॥ ઈમનરાગણી–ધન્ય ધન્ય જિનવાણી—એ દેશી ॥

ચંદનપૂજા ચતુર રચાવો, નાગકેતુ પરે ભાવો રે ॥ ધન ધન જિનવાણી ॥ રાય ઉદાયી પ્રભુ ગુણ ગાવે, પદ્માવતીને નચાવે રે ॥ ધ૦ ॥૧॥ કાળ સદા જે અરિહા થાવે, કેવળ-નાણ ઉપાવે રે ॥ધ૦॥ આચારાંગ પ્રથમ ઉપદેશે, નાથની ભજના શેષે રે ॥ ૨ ॥ આચાર રથ વહેતા મુનિ ધોરી, બહુશ્રુત હાથમાં દોરી રે ॥ધ૦॥ પંચ પ્રકારે આચાર વખાણે, ગળિયા બળદ કેમ તાણે રે ॥ ધ૦ ॥ ૩ ॥ દો શ્રુતખંધ આચારાંગ કેરા, સંખિત અણુયોગ દ્વારા રે ॥ ધ૦ ॥ સંખ્યાતી નિર્યુક્તિ કહીરે અજ્ઝયણા પણ-વીશ રે ॥ ધ૦ ॥૪॥ પદની સંખ્યા સહસ અઢાર, નિત્ય ગણતા અણગાર રે ॥ધ૦॥ સૂત્રકૃતાંગે ભાવજીવાદિ, ત્રણસેં ત્રેસઠ વાદી રે ॥ ધ૦ ॥ ૫ ॥ અધ્યયન ત્રેવીશ છે બીજે, અવર પૂરવ પરે લીજે રે ॥ ધ૦ ॥ દુગુણાં પદ હવે સઘળે અંગે, દશ ઠાણા ઠાણાંગે રે ॥ ધ૦ ॥ ૬ ॥ દશ અધ્યયને શ્રુત ખંધ એકો, હવે સમવાયાગ છેકો રે ॥ધ૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શત સમવાય શ્રુતખંધ એકે, ધરિયે અર્થ વિવેકે રે ॥ ॥ ધ૦ ॥૭॥ ભગવતી પાંચમું અંગ વિશેષા, દશ હજાર ઉદ્દેશા રે ॥ ધ૦ ॥ એકતાલીશ શતકે શુભવીરે, ગૌતમ પ્રશ્ન હજુરે ॥ ધન ધન જિનવાણી ॥ ૮ ॥

॥ દુહા ॥

નિર્યુક્તિ પ્રતિપત્તિયો, સઘળે તે સમભાવ ॥
બીજી અર્થપ્રરૂપણા, તે સવિ જુજુઆ ભાવ ॥ ૧ ॥

॥ ગીત ઝુમખડાની—એ દેશી ॥

જ્ઞાતાધર્મ વખાણીયે રે, દશ બોલ્યા તિહાં વર્ગ ॥પ્રભુ ઉપદેશિયા ॥ ઉઠતે કોડીકથા કહીરે, સાંભળતાં અપવર્ગ ॥ પ્રભુ૦॥૧॥ ઓગણીશ અધ્યયને કરી રે, બે શ્રુતખંધ સુભાવ ॥પ્રભુ૦॥ ઉપાસકદશાંગમાં રે, દશશ્રાવકના ભાવ ॥પ્રભુ૦॥૨॥ અંતગડે અડવર્ગ છે રે, અનુત્તરોવવાઈ ત્રણે વર્ગ ॥ પ્રભુ૦॥ એક સૂત્રે મુક્તિ વર્યા રે, બીજે ગયા જે સ્વર્ગ ॥પ્રભુ૦॥૩॥ પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં રે, દશ અધ્યયન વખાણ ॥ પ્રભુ૦ ॥ સૂત્રવિપાકે સાંભળો રે, વીશ અધ્યયન પ્રમાણ ॥પ્રભુ૦॥૪॥ બે શ્રુતખંધે ભાખિયા રે, દુઃખ સુખ કેરા ભોગ ॥પ્રભુ૦॥ એમ એકાદશ અંગનીરે, ભક્તિ કરો ગુરુયોગ ॥ પ્રભુ૦॥૫॥ આગમને અવલંબતાં રે, ઓળ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખિયે અરિહંત ।।પ્રભુ૦।। શ્રી શુભવીરને પૂજતાં રે, પામો સુખ અનંત ।। પ્રભુ૦ ।। ઉપદેશિયા ।। ૬ ।।

## ।। તૃતીય પુષ્પપૂજા ।।

### ।। દુહા ।।

અંગતણાં ઉપાંગ જે, બાર કહ્યાં ભગવંત ।।
ગણધર પૂરવધરતણી, રચના સુણિયે સંત ।।૧।।

### ।। ઢાળ ।। રાગ સારંગ૦ હો ધન્ના—એ દેશી ।।

જ્ઞાનાવરણ દૂરે કરો રે મિત્તા, પામી અંગ ઉપાંગ ।। ફૂલપગર પૂજા રચો રે મિત્તા, વીર જિનેશ્વર અંગ રે, રંગીલા મિત્તા ।। એ પ્રભુ સેવોને ।। એ પ્રભુ સેવો સાનમાં રે મિત્તા, જ્ઞાન લહો ભરપૂર રે, રંગીલા મિત્તા ।। એ પ્રભુ સેવોને ।। એ આંકણી ।।૧।। સામયું ઉવવાઈમાં રે, મિત્તા, કરતા કોણિક ભૂપ ।। અંબર શિષ્યને વરણવ્યા રે મિત્તા, પ્રશ્ન તે સિદ્ધ સ્વરૂપ રે, રંગીલા મિત્તા ।। એ-પ્ર૦।। ૨ ।। રાયપસેણિ સૂત્રમાં રે મિત્તા, સૂર્યાભનો અધિકાર ।। જીવાભિગમ ત્રીજું સુણો રે મિત્તા, દશ અધ્યયન વિચાર રે ।। રંગીલા મિત્તા ।। એ૦।। ૩ ।। શ્યામસૂરિ રચના કરી રે મિત્તા, પન્નવણા મહાસૂત્ર ।। છત્રીશ પદ ગુરુ પસાયથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રે મિત્તા, ધરો અર્થ વિચિત્ર રે ।। રંગીલા મિત્તા ।।એ૦પ્ર૦ ।।૪।। જંબુદ્વીપ પન્નત્તિએ રે મિત્તા, જંબુદ્વીપ વિચાર ।। છઠ્ઠા સૂરપન્નત્તિમાં રે મિત્તા, રવિમંડળ ગ્રહ ચાર રે ।। રંગીલા મિત્તા ।।એ૦।।૫।। કહે ચંદપન્નત્તિ પાહુડેરેમિત્તા, જ્યોતિષચક્ર વિશેષ ।। આગમ પૂજો પ્રાણિયા રે મિત્તા, કહે શુભવીર જિનેશ રે ।। રંગીલા મિત્તા ।। એ૦ ।। ૬ ।।

।। દુહા ।।

ભવમંડલમેં ન દેખિયો, પ્રભુજીનો દેદાર ।।
આગમપંથ લહ્યા વિના, રઝળયો હું સંસાર ।।૧।।

।। ગીત ।। વીર જિણંદ જગત ઉપકારી—એ દેશી ।।

કેતકી જાઈનાં ફૂલ મંગાવી, પૂજો અંગ ઉપાંગજી ।। બંભી લીપી શ્રી ગણધરદેવે, પ્રણમી ભગવઈ અંગ જી ।। કેત૦ ।।૧।। આઠમું નિરયાવલી ઉપાંગે, દેવાદિક અધિકારજી ।। કપ્પવડંસગ નવમ ઉપાંગે, દશમ અધ્યયન ઉદારજી ।। કેત૦ ।। ૨ ।। પુપ્ફિયા નામે ઉપાંગ છે દશમું, વળી પુપ્ફચૂલિયા જાણ જી ।। બારમું વન્હિદશા એ સઘળે, દશ અધ્યયન પ્રમાણ જી ।। કેત૦ ।।૩।। ગીતારથ મુખ અમીય ઝરતું, આગમ લાગ્યું મીઠજી ।। દૂર થઈ લોકસન્ના છારી, તવ પ્રભુદર્શન દીઠ જી ।। કેત૦ ।।૪।। દર્શનથી જે દર્શન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રગટે, વિઘટે ભવજળ પૂરજી ।। ભાવકુટુંબમેં મંદિર મહાલું, શ્રી શુભવીર હજુરજી ।। કેત૦ ।। ૫ ।।

### ।। ચતુર્થ ધૂપ પૂજા ।।

### ।। દુહો ।।

આજ પયન્ના છે ઘણા, પણ લહી એક અધિકાર ।।
દશ પયન્ના તિણે ગણ્યા, પિસ્તાલીશ મઝાર ।। ૧ ।।

।। ઢાળ ।। સાચું બોલો શામળીયા એ—દેશી

એક જન શ્રુત રસિયો બોલે રે ।। હો મનમાન્યા મોહનજી ।। પ્રભુ તાહરે નહીં કોય તોલે રે ।। હો૦ મન૦।। અમે ધૂપની પૂજા કરિયે રે ।। હો૦ ।। દુર્ગંધ અનાદિની હરિયે રે ।। હો૦ ।। ૧ ।। તુમ દર્શન લાગે પ્યારું રે ।।હો૦।। અંતે છે શરણ તુમારું રે ।। હો૦।। ચઉસરણ પયન્નું પહેલું રે ।। હો૦।। અમે શરણ કર્યું છે વહેલું રે ।।હો૦।।૨।। લહી અર્થ અનોપમ રીઝું રે ।। હો૦ ।। આઉર પચ્ચખ્ખાણ તે બીજું રે ।। હો૦ ।। સાંભળતાં ભક્તિ પરિજ્ઞા રે ।। હો૦ ।।પરિહરશું ચારે સંજ્ઞા રે ।।હો૦ ।। ૩ ।। સંથારા પયન્નો સીધો રે ।।હો૦।। સુકોશલ મુનિએ કીધો રે ।। હો૦ ।। ભાખી તંદુલવિયાલી રે ।।હો૦ ।। તુમે ગર્ભની વેદના ટાળી રે ।। હો૦ ।।૪।। અમને પણ દુઃખ એ મોટું રે ।। હો૦ ।। સન્મુખ ન જુઓ તે ખોટું રે ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હો૦ ॥ કાંઈ મહેર નજરથી દેખો રે ॥ હો૦ ॥ શું રાગીને ઉવેખો રે ॥ હો૦ ॥ ૫ ॥ રંગ લાગ્યો ચોલ મજીઠ રે ॥ હો૦॥ નવિ જાયે ડાકણ દીઠ રે ॥હો૦॥ અમે રાગી થઇને કહેશું રે ॥હો૦॥ શુભવીરને ચરણે રહેશું રે ॥ હો૦ ॥૬॥

॥ દુહો ॥

પ્્રભુ ચરણે રહેતાં ભજે, જ્ઞાન સુધારસ કંદ ॥
જિનવાણી રસીયા મુનિ, પામે પરમાનંદ ॥ ૧ ॥

॥ ગીત ॥ માલવી—વંદો વીર જિનેશ્વર રાયા ॥—એ દેશી.

ત્રિશલાનંદન વંદન કીજે, જ્ઞાન અમૃતરસ પીજે રે ॥ છઠ્ઠી ચંદાવિજય પયન્નો, વિનયે વડો મુનિધન્નો રે ॥ત્રિશ૦ ॥ ૧ ॥ ગુરુવિનયે સુકળાયે વાધે, રાધાવેધ તે સાધેરે ॥દેવિંદથુઈ પયન્ને રસિયા, સંથારે મુનિ વસિયા રે ॥ત્રિશ૦॥ ॥૨॥ મરણસમાધિ પયન્ને ભાવે, પ્રભુ સાથે લય લાવે રે ॥ મહાપચ્ચખ્ખાણ પયન્નો ગાવે, પાપ સકળ વોસિરાવે રે ॥ ત્રિશ૦ ॥૩॥ ગણિવિજ્જાએ ભાવ ઘણેરા, જાણે મુનિ ગંભીરા રે ॥ સાધે કાર્ય લગનની હોરા, શ્રી શુભવીર ચકોરા રે ॥ ત્રિશલા૦ ॥ ૪ ॥

★

## ॥ પંચમ દીપક પૂજા ॥

॥ દુહા ॥

જ્ઞાનાવરણી તિમિરને, હરવા દીપકમાળ ॥
જ્યોતિસેં જ્યોતિ મિલાઇએ, જ્ઞાન વિશેષ વિશાળ ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ ચંદ્રપ્રભુ જિન ચંદ્રમા રે—એ દેશી ॥

જગદીપકની આગળેરે, દીપકનો ઉદ્યોત ॥ કરતાં પૂજા પાંચમી રે, ભાવદીપકની જ્યોત હો જિનજી ॥ તેજે તરણીથી વડો રે. દોયશિખાનો દીવડો કે, ઝળકે કેવળ જ્યોત ॥૧॥ છેદસૂત્ર જિન ભાખિયાં રે, નિશીથ ધુદ સિદ્ધાંત ॥ આલોયણો મુનિરાજને રે, ધારે ગંભીરવંત હો જિનજી ॥તે૦॥ દો૦ ॥ ઝ૦ ॥ ૨ ॥ જીતકલ્પમાં સેવતાં રે, ચરણ કરણ અણગાર ॥ પંચકલ્પ છેદે ભણ્યા રે, પંચ ભલા વ્યવહાર હો જિનજી ॥ તે૦ ॥ દો૦ ॥ ઝ૦ ॥ ૩ ॥ વ્યવહારછેદે દાખિયા રે, ઉત્સર્ગને અપવાદ ॥ દશાકલ્પમાં દશ દશા રે, ઉપદેશ્યો અપ્રમાદ હો જિનજી ॥ તે૦ ॥ દો૦ ॥ ઝ૦ ॥ ૪ ॥ છેદ મહાનિશીથમાં રે, ભાખે જગનો નાથ ॥ ઉપધાનાદિ આચારની રે, વાત ગીતારથ હાથ હો જિનજી ॥ તે૦ ॥ દો૦ ॥ ઝ૦ ॥ ૫ ॥ ધર્મ તીર્થ મુનિવંદના રે, વરતે શ્રુત આધાર ॥ શાસન શ્રી શુભવીરનું રે, એકવીશ વરસ હજાર હો જિનજી ॥ તે૦ ॥ દો૦ ॥ ઝ૦ ॥ ૬ ॥

॥ દુહા ॥

શ્રુતજ્ઞાનાવરણી તણો, તું પ્રભુ [1] ટાળણહાર ॥
ક્ષણમેં શ્રુત કેવલી કર્યા, દેઈ ત્રિપદી ગણધાર ॥ ૧ ॥

---

૧ તારણહાર. પા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ગીત તોરણ આઈ કયું ચલે રે—એ દેશી ॥

ધન ધન શ્રી અરિહંતને રે, જેણે ઓળખાવ્યો લોક ॥ સલૂણા ॥ તે પ્રભુની પૂજા વિના રે, જનમ ગુમાવ્યો ફોક ॥ સલૂણા ॥ ૧ ॥ જેમ જેમ અરિહા સેવિએ રે, તેમ તેમ પ્રગટે જ્ઞાન ॥ સ૦॥ જ્ઞાનીના બહુ માનથી રે, જ્ઞાનતણું બહુમાન ॥ સ૦॥ જેમ૦ ॥૨॥ જ્ઞાન વિના આડંબરી—રે, પામે જગ અપમાન ॥ સ૦ ॥ કપટ ક્રિયા જનરંજની રે, મૌનવૃત્તિ બગધ્યાન ॥ સ૦ ॥ જેમ૦ ॥ ૩ ॥ મત્સરી પરમુખ ઉજજવલે રે, કરતા ઉગ્ર વિહાર ॥સ૦॥ પાપશ્રમણ કરી દાખિયા રે, ઉત્તરાધ્યયન મોઝાર ॥સ૦॥જેમ૦॥૪॥ જ્ઞાન વિના મુક્તિ નહીં રે, કિરિયા જ્ઞાનીને પાસ ॥સ૦॥ શ્રી શુભવીરની વાણીયે રે, શિવકમળા ઘરવાસ ॥સ૦॥ જેમ૦ ॥ ૫ ॥

## ॥ ષષ્ઠ અક્ષત પૂજા ॥

ચરમ સમય દુપ્પસહ લગે, વરતે શ્રુત અવિચ્છેદ ॥
મૂળ સત્ર તેણે ભાખિયાં, તે કહેશું ચઉ ભેદ ॥૧॥

॥ ઢાળ ॥ રાગ સારંગ—હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં—એ દેશી ॥

જિનરાજની પૂજા કીજીએ ॥ એ ટેક ॥ જિન પડિમા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગે પ્રભુ રાગે, અક્ષતપૂજા કીજીએ ।। અક્ષતપદ અભિલાષ ધરીને, આગમનો રસ પીજીએ ।। જિન૦ ।।૧।। પ્રભુ-પડિમા દેખી પ્રતિબુદ્ધા, પૂરવથી ઉદ્ધરીજીયો ।। દશવૈકાલિક દશ અધ્યયને, મનકમુનિ હિત કીજીયે ।। જિન૦ ।।૨।। ઉત્તરાધ્યયન તે બીજું આગમ, મૂળસૂત્રમાંગણીજીયે ।। અધ્યયનો છત્રીશ રસાલાં, સદ્‌ગુરુસંગે સુણીજીયે ।।જિન૦।।૩।। સોળપ્રહરની દેશના દેતાં, ચતુર ચકોરા રીઝીયે ।।શ્રીશુભવીર જિનેશ્વર આગમ, અમૃતનો રસ પીજીયે ।। જિન૦ ।।૪।।

।। દુહો ।।

જ્ઞાન ઉદય કરવા ભણી, તપ કરતાં જિનદેવ ।।
જ્ઞાનનિધિ પ્રગટે તદા, સમવરણુ સુર સેવ ।। ૧ ।।

।। ગીત ।। રાગ કાફી-અખિયનમેં ગુલઝારા—એ દેશી ।।

આગમ છે અવિકારા જિણંદા તેરા, આગમ છે અવિકારા ।। એ ટેક ।। જ્ઞાનજ્યોતિ પ્રગટે ઘટમાંહે, જેમ રવિકિરણુ હજારા ।। જિ૦।। મિથ્યાત્વી દુર્નય સવિકારા, તગતગતા નહીં તારા ।। જિણં૦ ।।૧।। ત્રીજું ઓઘનિર્યુક્તિ વખાણ્યું, મુનિવરના આચારા ।।જિ૦।। ચોથું આવશ્યક અનુસરતાં, કેવળી ચંદવબાળા ।। જિ૦ ।।૨।। અલ્પાગમ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપ ક્લેશ તે જાણો, બોલે ઉપદેશમાળા ॥ જિ૦ ॥ જ્ઞાન-ભક્તિ જિનપદ નિપજાવે, નામે જયંત ભૂપાળા ॥ જિ૦॥ ॥ ૩ ॥ સાયરમાં મીઠી મહેરાવલ, શૃંગીમત્સ્ય આહારા ॥ ॥ જિ૦ ॥ શરણવિહીના દીના મીના, આર તે સાયર ખારા ॥ જિ૦ ॥ ૩ ॥ પંચમ કાળ ફણી વિષ જવાળા, મંત્રમણિ વિષહારા ॥ જિ૦ ॥ શ્રી શુભવીર જિનેશ્વર આગમ, જિન-પડિમા જયકારા ॥ જિ૦ ॥ ૫ ॥

## ॥ સપ્તમ નૈવેદ્ય પૂજા ॥

### ॥ દુહા ॥

નૈવેદ્ય પૂજા સાતમી, સાત ગતિ અપહાર ॥
સાત રાજ ઉરધ જઇ, વરિયેં પદ અણાહાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥ રાગ-વિમલાચળ વેગે વધાવો—એ દેશી ॥

નિત્ય જિનવર મંદિર જઈએ, મેવા મીઠાઈ થાળમાં લઇએ ॥ નૈવેદ્યની પૂજા કરિયે, તેમ જ્ઞાનની આગળ ધરિયેરે, શ્રુત આગમ સુંદર સેવો૦ ॥ મનમંદિર આગળ દીવો રે, ॥શ્રુત૦॥૧॥ પહેલું અનુયોગદુવારે, સાતે નયભંગ પ્રકારે ॥ નિક્ષેપાની રચના સારી, ગીતારથવચને ધારી રે ॥ શ્રુત૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ મન૦ ॥ ૨ ॥ બીજું શ્રુત નંદી વંદી, સુણતાં દિલ હોય આનંદી ॥ સવિ સૂત્રતણો સરવાળો, જલ્પે ત્રિશલાનો જાયો રે ॥ શ્રુત ॥ મન૦ ॥૩॥ મતિ આદિ પંચ પ્રકાર, ભાખ્યા છે જ્ઞાન અધિકાર ॥ બહુલા દૃષ્ટાંત દેખાવી, શુભવીરે રીત ઓળખાવીરે ॥ શ્રુત૦ ॥ મન૦ ॥ ૪ ॥

॥ દુહા ॥

એ પિસ્તાળીશ વર્ણવ્યાં, આગમ જિનમતમાંહિ ॥
મનુષ્ય જન્મ પામી કરી, ભક્તિ કરો ઉચ્છાંહિ ॥૧॥

॥ગીત॥રાગ વસંતફાગ–વીરકુંવરની વાતડી કેને કહીએ–એ દેશી ॥

આગમની આશાતના નવિ કરીએ ॥નવિ કરીએ રે નવિ કરિયે ॥ શ્રુતભક્તિ સદા અનુસરીએ, શક્તિ અનુસાર ॥ આગમ૦॥૧॥ જ્ઞાનવિરાધક પ્રાણિયા મતિહીના, તે તો પરભવ દુઃખીયા દીના ॥ ભરે પેટ તે પર આધીના નીચ કુળ અવતાર ॥ આ૦ ॥ ૨ ॥ અંધા લૂલાં પાંગુલા પિંડરોગી, જનમ્યા ને માતવિયોગી ॥ સંતાપ ઘણો ને શોગી, યોગી અવતાર ॥ આ૦ ॥ ૩ ॥ મૂંગા ને વળી બોબડા ધનહીના, પ્રિયા પુત્ર વિયોગે લીના ॥ મૂરખ અવિવેકે ભીના, જાણે રણનું રોઝ ॥ આ૦ ॥૪॥ જ્ઞાનતણી આશાતના કરી દૂરે, જિનભક્તિ કરો ભરપૂરે ॥ રહો શ્રી શુભવીર હજૂરે, સુખમાંહે મગન્ન ॥ આગમની આશાતના નવિ કરિયે ॥૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ અષ્ટમ ફળ પૂજા ॥

### ॥ દુહો ॥

જ્ઞાનાચારે વરતતાં, જ્ઞાન લહે નરનાર ॥
જિન આગમને પૂજતાં, ફળથી ફળ નિરધાર ॥૧॥

॥ ઢાળ ॥ સુણ ગોવાલણી રે—એ દેશી ॥

હો સાહેબજી, પરમાતમ પૂજાનું ફળ મુજ આપો, હો સાહેબજી, લાખેણી પૂજા રે શે ફળ નાપો ॥ ઉત્તમ ઉત્તમ ફળ હું લાવું, અરિહાની આગળ મૂકાવું ॥ આગમવિધિ પૂજા વિરચાવું, ઊભો રહીને ભાવના ભાવું ॥ હો૦ ॥૧॥ જિનવર જિનઆગમ એક રૂપે, સેવંતા ન પડો ભવકૂપે ॥ આરાધન ફળ એહનાં કહિયે, આ ભવમાંહે સુખિયા થઈએ ॥ હો૦ ॥૨॥ પરભવ સુરલોકે તે જાવે, ઇંદ્રાદિક અપછર સુખ પાવે ॥ તિહાં પણ જિન પૂજા વિરચાવે, ઉત્તમ કૂળમાં જઈ ઉપજાવે ॥ હો૦ ॥૩॥ તિહાં રાજઋદ્ધિ પરિકર રંગે, આગમ સુણતાં સદ્ગુરુ સંગે ॥ આગમશું રાગ વળી ધરતા, જિનઆગમ જિનપૂજા કરતા ॥ હો૦ ॥૪॥ સિદ્ધાંત લખાવીને પૂજે, તેથી કર્મ સકળ દૂરે ધ્રૂજે ॥ લહે કેવળ ચરણ ધર્મ પામી, શુભ, વીર મળે જે વિશરામી ॥ હો૦ ॥૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુહો

કેવળનાણુ લહી કરી, પામી અંતર ઝાણુ ।।
શૈલેશી કરણે કરી, પામો અવિચળ ઠાણુ ।।૧।।

।।ગીત।। રાગ પૂર્વી, ઘડી ઘડી સાંભળો સાંઈ સલુણા–એ દેશી ।।

નિત નિત સિદ્ધ ભજો ભવિ ! ભાવે, રૂપાતીત જે સહજ સ્વભાવે ।। નિ૦ ।। જ્ઞાન ને દર્શન દોય વિલાસી, સાકાર ઉપયોગે શિવ જાવે ।। નિ૦ ।। ૧ ।। કર્મ વિયોગી અયોગી કેરે, ચરમ સમય એક સમય સિધાવે ।। નિ૦ ।। નિશ્ચયનયવાદી એમ બોલે, વ્યવહારે સમયાંતર લાવે ।। નિ૦ ।। ૨ ।। અગુરુ–લઘુ અવગાહન રૂપે, એક અવગાહે અનંત વસાવે ।।નિ૦।। ફરસિત દેશ પ્રદેશ અસંખા, સુંદર જ્યોતસેં જ્યોત મિલાવે ।।નિ૦।।૩।। આધિ વ્યાધિ વિઘટી ભવ કેરી, ગર્ભાવાસ તણાં દુઃખ નાવે ।। નિ૦ ।। એક પ્રદેશમાં સુખ અનંતુ, તે પણ લોકાકાશે ન માવે ।। નિ૦ ।। ૪ ।। પરમાતમ રમણીનો ભોગી, યોગીશ્વર પણ જેહને ધ્યાવે ।। નિ૦ ।। ફળ પૂજાથી એ ફળ પાવે, શ્રી શુભવીર વચનરસ ગાવે ।। નિ૦ ।। ૫ ।।

।। કળશ ।।

ગાયો આયો રે મહાવીર જિનેશ્વર ગાયો ।। આગમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાણી અમીય સરોવર, ઝીલત રોગ ઘટાયો ।। મિથ્યાત મેલ ઉતારી શિર પર, આણા મુગટ ધરાયો રે ।। મહા૦।। ।।૧।। તપાગચ્છ શ્રી સિંહસૂરિના, સત્યવિજય બુધ ગાયો, કપૂરવિજય શિષ્ય ખિમાવિજય તસ, જસ વિજયો મુનિ-રાયો રે ।। મહા૦ ।।૨।। તાસ શિષ્ય સંવેગી ગીતારથ, શ્રી શુભ વિજય સવાયો ।। તાસ શિષ્ય શ્રી વીરવિજય કવિ, એ અધિકાર બનાયો રે ।। મહા૦ ।। ૩ ।। રાજનગરમાં રહિય ચોમાસું, અજ્ઞાન હિમ હઠાયો ।। સૂત્ર અર્થ પિસ્તા-લીશ આગમ, સંઘ સુણી હરખાયો રે ।। મહા૦ ।। ૪ ।। અઢારશે એકાશી માગશિર, મૌન એકાદશી ધ્યાયો ।। શ્રી શુભવીર જિનેશ્વર આગમ, સંઘને તિલક કરાયો રે ।।મહા૦ ।। ૫ ।। ઇતિ કળશ સંપૂર્ણ ।।

।। ઇતિ પંડિત શ્રી વીરવિજયજી કૃત ।।

।। ઇતિ પિસ્તાલીશ આગમની પૂજા સમાપ્ત ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંડિત શ્રી રૂપવિજયજી કૃત

## શ્રી પંચકલ્યાણક પૂજા

### સર્વ સાધારણ જિનેશ્વરનાં પાંચ કલ્યાણકની પૂજા

**।। પ્રથમ શ્રી ચ્યવનકલ્યાણક પૂજા ।।**

**।। દુહા ।।**

અમરનિકર નિત જેહના, ભક્તિરસે ભરપૂર ।। પદ-પંકજ પૂજા કરી, કરે કર્મ ચકચૂર ।। ૧ ।। ઉક્કોસય સત્તરિ-સયા, જિનવર જગશિણગાર ।। પ્રણમી ગાશ્યું તેહનાં, પંચ કલ્યાણક સાર ।। ૨ ।। ચ્યવન જનમ વ્રત કેવળી, મોક્ષ તે પંચમ જાણ ।। પ્રેમે પૂજા ભવિ કરી, લહો[1] કલ્યાણ કલ્યાણ ।। ૩ ।। ધન્ય તે ગામ નગર પૂરી, ધન્ય તેહ નર નાર ।। જિહાં કલ્યાણક જિનતણાં, ધન્ય તેહના અવતાર-।। ૪ ।। હરિ જિન કલ્યાણક કરી, જઈ નંદીસર ઠામ ।। અઠ્ઠાઇ મહિમા કરી, જાય નિજ નિજ ધામ ।।૫।। તિણ વિધ શ્રાવક શ્રાવિકા, સમકિતી અણુવ્રતી ખાસ ।। પૂજા કરી જિનરાજની, તોડે કર્મના પાસ ।। ૬ ।। અડ નવ

---

૧ પાઠાંતરે-લહો કલ્યાણક લ્હાણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્તર પ્રકારથી, જિનપૂજા કરી સાર ।। જિનપદ પામી જુગતિથી, લહો ભવિ ભવજળ પાર ।। ૭ ।।

।।ઢાળ।।પહેલી ।। લાવો લાવોને રાજ, મોઘાંમૂલાં મોતી—એ દેશી।।

પૂજો પૂજોને રાજ, જિનવર જગ ઉપકારી ।। ધ્યાવો ધ્યાવોને રાજ, પરિણતિ શુદ્ધસમારી ।। એ ટેક ।। અભયંકર શંકર પરમેશ્વર, જગદીશ્વર ઉપકારી ।। વીશથાનક કરી તીર્થંકરપદ, જેણે બાંધ્યું હિતકારી ।। પૂજો૦ ।। ૧ ।। ત્રણ્યે વેદે તીર્થપતિપદ, મનુજ ગતે નિરધારી ।। તેત્રીશ સાત સાગર નારક, દીરઘ જિન બંધ ધારી ।। પૂજો૦ ।। ૨ ।। અધિક પ્રતાપ તેજ સવિ સુરથી, ચ્યવનાવધિ નિરધારી ।। સકલ અધિક ગુણ અતિશય ધારી, સમકિત નિર્મળકારી ।। પૂજો૦ ।। ૩ ।। કર્મ ભૂમિમાં ઉત્તમ નૃપકુલ, શીલ સુશીલા ન રી ।। કૂખે તાવિષસુખ તજી તાજાં, ઉપજે જગહિતકારી ।। પૂજો૦ ।। ૪ ।। સુર પાતાલિક ગતિગત મતિ શ્રુત, અવધિ જ્ઞાનના ધારી ।। ગર્ભે રહ્યા વાદલગત રવિ પરે, ગૂઢ ગર્ભે હિતકારી ।। પૂજો૦ ।।૫।। અશિવ ઉપદ્રવ દૂર પલાયે, હરખે સુર નરનારી ।। નારકી પણ ક્ષણ સુખ લહે મીઠાં, દુઃખ દોહગ વિસારી ।। પૂજો૦ ।। ૬ ।। તીર્થંકર પદ ઉદયને અભિમુખ, હરિ રવિપરે નિરધારી ।। આસન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કંપે સુરપતિ જંપે, અવધિજ્ઞાને વિચારી ॥ પૂજો૦ ॥ ૭ ॥ સિંહાસનથી સુરપતિ ઊઠી, પાદુકા પગથી ઉતારી ॥ સાત આઠ પદ સન્મુખ જઈને, જિન દિશિ અંબકધારી ॥ પૂજો૦ ॥ ૮ ॥ પ્રભુપદ પદ્મ નમે મનરંગે અંજલિ શિરપર ધારી ॥ રૂપવિજય કહે નમુત્થુણં ભણે, હરિ સમકિત શુચિકારી ॥ પૂજો૦ ॥ ૯॥

॥ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્ ॥

ગર્ભસ્થાઽપિ સ્યાત્સ્તુતો હરિગણૈર્જાતાસ્તુ સ્વર્ણાચલે ॥
સદ્ભક્ત્યા શચીનાયકૈઃ શુચિતરૈઃ કુંભાંબુભિઃ સ્નાપિતઃ ॥
દીક્ષાકેવલજ્ઞાનપર્વણિ મહાનંદાપ્તિકાલે સુરૈઃ ॥
સદ્બોધાપ્તિકૃતેઽર્ચિતાજિનવરાઃપાન્તુસદા દેહિનામ્ ॥૧॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીં પરમાત્માને અનંતાનંતજ્ઞાનશકતયે જન્મ જરા-મૃત્યુ નિવારણાય. શ્રી પરમેષ્ઠિને જલં, ૧. ચંદન, ૨. પુષ્પં, ૩. ધૂપં, ૪. દીપ, ૫. અક્ષતં, ૬. નૈવેદ્યં, ૭. ફલં, ૮. યજામહે ॥ સ્વાહા ॥

॥ આ કાવ્ય તથા મંત્ર દરેક પૂજાદીઠ કહેવાં ॥

॥ પ્રથમ પૂજાનું ગીત ॥

॥ દુહા ॥

મઘવા મન હરખિત થઈ, જઈ જિનજનની પાસ ॥
કહે દેવી સુત તાહરો, પૂરશે જગની આશ ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૌદભુવનનાયક ચતુર, સુરપતિ સેવિત પાય ॥
તીર્થંકર કુળ તુમતણે, હોશે જગ સુખદાય ॥ ૨ ॥
વાસભુવન સુખ સેજમાં, સુતી જગપતિ માય ॥
ચૌદ સુપન દેખી તદા, હરખે પુલકિત થાય ॥ ૩ ॥

॥ ઝાતની ઢાળ ॥ ઋષભ જિનેશ્વર રાયજી—એ દેશી ॥

કંથને જઈ કહે કામિની રે, સામી સુપન દીઠાં સુણો તેહ વાલા ॥ ગયવર પહેલે સોહતો રે, બીજે વૃષભ મનોહર દેહ વાલા ॥૧॥ હરિ સિરી દામ સોહામણી રે, શશિ રવિ ધજ સોહાય વાલા ॥ કલશ ને પદ્મ સરોવરૂ રે, ખીરસાયર આવ્યો દાય વાલા ॥ ૨ ॥ ભુવન વિમાન તે જાણીએ રે, રયણરાશિ મન આણ વાલા ॥ નિર્ધૂમ અગની ચૌદમે રે, દીઠો સુણો ગુણની ખાણ વાલા ॥ ૩ ॥ નૃપ કહે સુત હોશે ગુણી રે, સુપનપાઠક પરભાત વાલા ॥ તેડી પૂછ્યાથી કહે રે, અરિહા સુત હોશે ખ્યાત વાલા ॥૪॥ સાંભળી દંપતિ હરખિયાં રે, દીએ દાન કરી સન્માન વાલા ॥ ગર્ભપોષણ જનની કરે રે, મન ધરતી ધર્મનું ધ્યાન વાલા ॥૫॥ હરિ જિન ભગતિ રસે કરી રે, શ્રીપતિને કહે તામ વાલા ॥ રયણ કંચને નૃપ ઘર ભરી રે, કરો જિનભક્તિ અભિરામ વાલા ॥૬॥ આળસ ટાળી અંગથી રે, કરશું શ્રી જિનસેવ વાલા ॥ પરમેષ્ઠિ પદ ધ્યાઈને રે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમે ગાશું દેવાધિદેવ વાલા ॥ ૭ ॥ શુચિતર સમકિત પાળીને રે, કરશું આતમ શુદ્ધ વાલા ॥ કારણે કારજ નીપજે રે, બોધકથી હોય બુદ્ધ વાલા ॥ ૮॥ જિન ઉત્તમ પદ પદ્મની રે, કરશું ભગતિ એક ચિત્ત વાલા ॥ રૂપવિજય સુખસંપદા અમે, પામશું ચડતી નિત્ય વાલા ૯ ॥

## ॥ દ્વિતીય જન્મકલ્યાણક પૂજા ॥

### ॥ દુહા ॥

મેદિની અન્નભરે ભરી, સુખકારી ગંધવાહ ॥
પુષ્પફલે તરૂગણ લસે, સહુ જન મન ઉત્સાહ ॥ ૧ ॥
અર્કાદિક ગ્રહ ઉચ્ચના, છત્રાદિક બહુ જોગ ॥
મધ્યરયણી જનમે જિના, પ્રગટયા પુન્ય સંજોગ ॥ ૨ ॥
સકલ દિશા સુપ્રસન્ન થઈ, ત્રિભુવન થયો પ્રકાશ ॥
છપ્પન્ન દિશિકુમરી તદા, આવી ધરી ઉલ્લાસ ॥ ૩ ॥

॥ ઢાળ ॥ આવ્યાં છું આશાભર્યાં રે વાલાજી અમે આવ્યા રે આશાભર્યાં—એ દેશી ॥

આવ્યાં અમે હરખ ભર્યાં રે, વાલાજી અમે આવ્યા રે હરખ ભર્યાં ॥ એ ટેક ॥ શ્રી જિનરાજની સેવા કરતાં, સઘળાં કાજ સર્યાં ॥ દુર્લભ જિનમુખ નયણે નીરખત, હરખિત હઈડાં ઠર્યાં રે ॥ વા૦ ॥ ૧ ॥ અડ થાનકથી અષ્ટપ્રકારે, નિજ નિજ કાજ કર્યાં ॥ જ્યોતિ ઝગમગ દેખી પ્રભુની, હરખે હિયડાં ભર્યાં રે ॥ વા૦ ॥ ૨ ॥ જનમ ગેહ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થી જોજન ક્ષેત્રનાં, કચવર દૂર હર્યાં ॥ જાનુ પ્રમાણે જલ થલ કુસુમે, ફૂલનાં પગર ભર્યાં રે ॥ વા૦ ॥ ૩ ॥ રંભા-ત્રિક ઘર જિન જિનઅંબા, ભગતિ રસથી ભર્યાં ॥ પુણ્ય-ની ભરણી સૂતક કરણી, કરી સંસાર તર્યાં રે ॥ વા૦ ॥ ॥ ૪ ॥ વિંજણુ ચામર દરપણુ દીપક, કરમાં કળશ કર્યાં ॥ નિજનિજ દિશા રહી જિન ગુણગાઈ, પરમ પ્રમોદ ભર્યાં રે ॥ વા૦ ॥૫॥ ત્રિભુવન નાયક મુખડું જોતાં, પાતિક દૂર હર્યાં સમકિત શુદ્ધિકરણ કરી કરણી, ભવસાગરને તર્યાં રે ॥ વા૦ ॥ ૬ ॥ ધન્ય ધન્ય સુરભવ ભગતિ અમારી, જન્મકારજ એ કર્યાં ॥ અવિરતિપણે પણ વિરતિતણી પરે, અમ્હ સવિ કાજ સર્યાં રે ॥વા૦ ॥૭॥ શ્રી જિનવર મુખ પદ્મ નિહાળત, ભવસાગરથી તર્યાં ॥ રૂપ કહે જિન-રૂપ નિહાળત, કારજ સકલ સર્યાં રે ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ ગર્ભસ્થાઽપિ૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમાત્માને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમદર્હતે જલં, ચંદનં, યાવત્ ફલં યજામહે સ્વાહા ॥

॥ બીજી પૂજાનું ગીત ॥

॥ દુહા ॥

ઇણે અવસર સવિ ઇન્દ્રના, થિર આસન ડોલાય ॥
અવધિજ્ઞાને જિન જનમિયા, જાણે સવિ સુરરાય ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સન્મુખ જઈ આસન તજી, કરી શક્રસ્તવ પાઠ ॥
જિન જન્મોત્સવ કારણે, કરી રિદ્ધિનો ઠાઠ ॥ ૨ ॥
ત્રેસઠ સુરપતિ સુરસુરી, સાથે સુરગિરિ જાય ॥
સોહમ જિનપતિ ઘરે, નમી જિનજનની પાય ॥ ૩ ॥
ધન્ય કૃતારથ સફળ તુઝ, જીવિત ભાગ્ય અનંત ॥
પ્રાચી સવિતાની પરે, તેં જાયો ભગવંત ॥ ૪ ॥

॥ ઢાળ ચોથી ॥ આવે આવે રે અચિરાનો નંદ, લટકે આવે રે—એ દેશી ॥

આવે આવે રે હરિ જિનગેહ, હરખે આવે રે ॥ જિનરાજતણા ગુણગ્રામ, ભગતે ગાવે રે ॥ એ ટેક ॥ અવસ્વાપિની નિદ્રા દઈ માતને, પડિબિંબ મૂકી પાસે રે ॥ પંચરૂપ કરી જિન કરપુટ ગ્રહી, ધરતો મન ઉલ્લાસ ॥હ૦॥ ॥ ૧ ॥ છત્ર ધરે એક રૂપ કરી હરિ, દો તિમ ચામર વિંઝે રે ॥ પંચમ રૂપે વજ્ર ઉલાળતો, શચીપતિ હિયડે રીઝે ॥ હ૦ ॥ ૨ ॥ સુરગિરિશિખરે આસન ઉપરે, હરિ જિન અંકે થાપે રે ॥ તવ અચ્યુતપતિ સેવક સુરને, આણા ઇણિ પેરે આપે ॥હ૦॥ ૩ ॥ સુરસુરિ સાયર દ્રહ તીરથના, જળકુંભા ભરી લાવો રે ॥ આઠ સહસ ને ચોસઠ કલશા, ઔષધિવાસિત ઠાવો ॥હ૦॥ ૪॥ અચ્યુતપતિ સામા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિક પમુહા, સાથે જિન ન્હાવરાવે રે ॥ અંગ લુહી ચંદને તનુ ચરચી, આભૂષણ પહેરાવે ॥ હ૦ ॥ ૫ ॥ ઇમ ત્રેસઠ સુરનાથે નાથનું, સ્નાત્ર કર્યું મનરંગે રે ॥ ઇશાન ઇંદ્રને અંકે જિનને, હરિ થાપી ઉછરંગે ॥ હ૦ ॥ ૬ ॥ વૃષભ રૂપ ચઉ આઠ સિંગની, ગગનધાર થઈ એક રે ॥ છત્રાકારે જિનતનુ સિંચી, ધરી મન અધિક વિવેક ॥ હ૦ ॥ ૭ ॥ વિધિપૂર્વક પૂજી જિન કર કરી, હરિ આવે જિનગેહ રે ॥ જનની પાસે થાપી જિનને, વરસી ધન ધન મેહ ॥ હ૦ ॥ ॥ ૮ ॥ નિદ્રા અપહરી નંદીસર જઈ, ઉત્સવ કરી ગયા ઠામ રે ॥ રૂપવિજય કહે બીજે કલ્યાણકે, જપો અર્હંત નામ ॥ હ૦ ॥ ૯ ॥

## ॥ તૃતીય શ્રી દીક્ષાકલ્યાણક પૂજા ॥

### ॥ દુહા ॥

નરપતિ પણ સુત જન્મનો, ઉત્સવ કરે પ્રભાત ॥ બંદિખાનાં છોડીયાં ધવળમંગળ વિખ્યાત ॥ ૧ ॥ નગર સકલ શણગારીયું, ઉરણ કીધા લોક ॥ સ્વજન સયલ સનમાનિયા, રયણે કંચન દેઈ રોક ॥ ૨ ॥ માનોન્માન વધારીયાં, દીધાં દાન અપાર ॥ તોરણ બાંધ્યાં ઘરઘરે, ઉત્સવનો નહિ પાર ॥ ૩ ॥ ગુણરૂચિ મતિ અનુમાનથી, શુચિ અભિધા ધરે તામ ॥ કલ્પાંકુરપરે જિનવરા, વધે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિત ગુણ અભિરામ ॥ ૪ ॥ સંદંસક સંચારિયો, અમૃતનું કરે પાન ॥ પણ જિનવર ધાવે નહિ, નિજ પર જનની થાન ॥ ૫ ॥ બાલ કાલ ચેષ્ટા નહીં, જ્ઞાનત્રિકે અભિરામ, મધુરાલાપી પ્રિયંકરા, જગદોત્તમ ગુણધામ ॥ ૬ ॥

॥ ઢાળ પાંચમી ॥

(વૃંદાવનમાં વીણા બજાવી, ગોપીને વિવહ્લ કીધી રે—એ દેશી)

શ્રી જિનરાજ જગત હિતકારી, મૂરતી મોહનગારી રે ॥ સકલકલા પૂરણ શશિની પરે, હું જાઉં બલિહારી રે, ॥ શ્રી૦ ॥ ૧ ॥ દેહ સુગંધી રૂપ અનોપમ, અનુત્તરસુર છબી હારી રે ॥ કમલ સુગંધી શ્વાસ મનોહર, દૃષ્ટિ સુધારસ ક્યારી રે ॥ શ્રી૦ ॥ ૨ ॥ તીનલોકમાં જાસ ન ઉપમ, જગદોત્તમ જયકારી રે ॥ યૌવને ઇન્દ્રીજયી થિર આતમ, તત્ત્વરૂચિ શુચિ ધારી રે ॥ શ્રી૦ ॥ ૩ ॥ ભોગકરમફળ રોગતણી પરે, ભોગવે રાગ નિવારી રે ॥ પરવાલા પરે બાહ્ય રંગ ધરે, પણ અંતર અવિકારી રે ॥ શ્રી૦ ॥ ૪ ॥ હવે જગદીશ્વર દીક્ષા અવસર, જુએ અવધિ સંભારી રે ॥ તવ લોકાંતિક સુર તિહાં આવી, કરે વિનંતિ મનોહારી રે ॥ શ્રી૦ ॥ ૫ ॥ જય જય જગદાનંદ જગતગુરૂ, ધર્મતીરથ વિસ્તારી રે ॥ મોક્ષમારગ સુખસાગર માંહી, ઝીલાવો નર નારી રે ॥ શ્રી૦॥ ૬ ॥ ધર્મ પ્રભાવના કારણ જગગુરૂ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુકંપા પણ ધારી રે ॥ વરસીદાન દીએ જગદીશ્વર, દારિદ્ર રોગ નિવારી રે ॥ શ્રી૦ ॥ ૭ ॥ શ્રી જિનહાથે દાન ગ્રહે જે, ભવ્ય તેહ નરનારી રે ॥ પ્રભુ કર પદ્મ ધરે જસ ઉપર, તે ચિદ્રૂપના ધારી રે ॥ શ્રી૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ ગર્ભસ્થાऽપિ૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય શ્રી પરમાત્મને જલં, ચંદન, યાવત્ ફલં યજામહે સ્વાહા ॥

॥ ત્રીજી પૂજાનું ગીત ॥

॥ દુહા ॥

સુરતરુપરે હવે જિનવરુ, મનવંછિત દિએ દાન ॥
વસ્ત્ર આભૂષણ ગજ તૂરી, ઘણું કરી સન્માન ॥ ૧ ॥
વિવિધ જાતિ ભોજન કરે, સંતોષી બહુ લોક ॥
દિન પ્રતે કોડિ ને લાખ અડ, દિએ સોનૈયા રોક ॥ ૨ ॥
ત્રણસેં અઠયાસી અધિક, કોડિ ઉપર એંસી લાખ ॥
દાન સંવચ્છરી જિન દિએ, કલ્પભાષ્યની શાખ ॥ ૩ ॥
અનુમતિ લેઈ સ્વજનની, કરી ઉચિત તપ ખાસ ॥
વ્રત લેવાને જિનવરા, ધરે મન અધિક ઉલ્લાસ ॥ ૪ ॥

॥ ઢાળ–છઠ્ઠી ॥ મ્હારો પીયુડો વ્રતધર થાય સખી શું કહીએ રે, મને દાખો કોઈ ઉપાય નેમજીને વરીએ રે—એ દેશી ॥

જિનરાજ લીએ વ્રત આજ, સુણો સવિ દેવા રે ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરો ત્રિકરણ જોગ સમારી, ચરણની સેવા રે ॥ એ ટેક ॥ સુરપુરીસમ સોહામણી રે, જિનપુરી સોહે એહ ॥ દીક્ષા કલ્યાણક મહ કરી, અમ્હે કરશું નિર્મળ દેહ ॥ સુ૦ ॥ ॥ ક૦ ॥ ૧ ॥ ભગતિકરણ ભગવંતની રે, સગતિ છતે કરે ન્યૂન ॥ પુણ્યાનુબંધી પુણ્યનાં તે, પામે ફળમાં ઊન ॥ ॥ સુ૦ ॥ ક૦ ॥ ૨ ॥ ઇંદ્રવયણ ભગતિરસે રે, ઇચ્છીતણે અનુસાર ॥ દેવ દેવી હરખે કરી, સહુ આવે જિન દરબાર ॥ સુ૦ ॥ ક૦ ॥ ૩ ॥ ભગતિરસે ભગવંતની રે, રયણ સિંહાસને તાસ ॥ ઔષધિયુત તીર્થોદકે, સામગ્રી કરે અભિરામ ॥ સુ૦ ॥ ક૦ ॥ ૪ ॥ રજત કનક મણિના કરી રે, કલશા શચીપતિ તેહ ॥ નૃપકૃત કલશાંતર ઠવી, અભિષેક કરે ધરી નેહ ॥ સુ૦ ॥ ક૦ ॥ ૫ ॥ નૃપશિબિકા મધ્યે ઠવી રે, સુરશિબિકા અભિરામ ॥ સિંહાસન ઠવો નાથને, વહે નર પૂર્વક સુર તામ ॥ સુ૦ ॥ ક૦ ॥ ૬ ॥ શુક્ર ઇશાન સુરેશ્વરુ રે, વિંજે ચામર દોય પાસ ॥ જયજયધ્વનિ સુનકર કરે રે, મન ધરતા હરખ ઉલ્લાસ ॥ સુ૦ ॥ ક૦ ॥ ૭ ॥ દેવ બજાવે દુંદુભિ રે, વરસે કુસુમના મેહ ॥ નાચે સાથે ભાવથી રે, સુરસુંદરી ધરતી નેહ ॥ સુ૦ ॥ ક૦ ॥ ॥ ૮ ॥ નરનારી થોકે મળી રે, ગાતી જિન ગુણ ગીત ॥ રૂપ કાંતિ સૌભાગ્યતા, અભિલાષ ધરે નિજ ચિત્ત ॥ સુ૦ ॥


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ક૦ ॥ ૯ ॥ નયર બાહિર ઉદ્યાનમાં રે, અશોકતરુને ઠામ ॥ તજી આભૂષણ અનુક્રમે, પંચમુષ્ટિ લોચ કરે તામ ॥ સુ૦ ॥ ક૦ ॥ ૧૦ ॥ કોલાહલ વારે હરિ રે, વ્રત ઉચરે જિનરાજ ॥ દેવદૂષ્ય ખંધે ઠવી, કહે સુરપતિ સારો કાજ ॥ સુ૦ ॥ ક૦ ॥ ૧૧ ॥ "નમો નાથાય" કહી સહુ રે, ઇંદ્ર નંદીસરે જાય ॥ પ્રભુપદ પદ્મ પૂજન કરી, ચિદ્રૂપ વિજય-પદ ધ્યાય ॥ સુણો સવિ દેવા રે, કરો ત્રિકરણજોગ સમારી૦ ॥ ૧૨ ॥

### ચતુર્થ શ્રી કેવલજ્ઞાન કલ્યાણક પૂજા

### ॥ દુહા ॥

ચરણ શુદ્ધ પ્રતિપત્તિને, લગતે સમયે તાસ ॥ ચોથું જ્ઞાન તે ઉપજે, મનઃપર્યવ અભિરામ ॥૧॥ તદનંતર જિન સ્વજનને, પૂછી કરે વિહાર ॥ દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી, નહિ પ્રતિબંધ લગાર ॥ ૨ ॥ કર્મ કઠિન દલ ખંડવા, તપ તપતા જિન સૂર ॥ દિન દિન હાટકની પરે, વરતે ચઢતે નૂર ॥૩॥ પારણું જસ ઘર જિન કરે, કર્મ સબલ મદ મોડી ॥ [1]સોવન વૃષ્ટિ સુર કરે, સાડી બારહ કોડી ॥ ૪ ॥

॥ ઢાળ સાતમી ॥ પંથડો નિહાળું રે બીજા જિનતણો રે—એ દેશી ॥

શ્રી જિન પૂજો રે ભાવે ભવિ જના રે, કરી શુચિ રુચિ નિરધાર ॥ ચરણ કરણ ગુણગણધર જિનવરુ રે, તીનભુ-

---

૧. સોનું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વન શિણગાર ॥ શ્રી૦ ॥ ૧ ॥ પરીષહ ઝીપક દીપક જગતના રે, કરુણા રસભંડાર ॥ ઉપસર્ગ સોલ ટોલ દૂરે કરી રે, પ્રતિમા પાલનહાર ॥ શ્રી૦ ॥ ૨ ॥ સંજમગુણ શ્રેણી પગથાલીએ રે, ચઢતા શ્રી જિનરાજ ॥ ધર્મધ્યાન ધોરી વસુધાતળે, સાધે આતમકાજ ॥ શ્રી૦ ॥ ૩ ॥ નિજ નિજ છઉમત્થકાલ પ્રમાણથી રે, સાધે સાધન સાર ॥ સાધ્યપદે રમતા સમતા ધરે રે, શુકલધ્યાન ધરનાર ॥ ॥શ્રી૦॥ ૪ ॥ ખંતિમુત્તિ મદ્દવ અજ્જવા રે, આલંબન ગ્રહી ચાર ॥ ચઉ અણુપેહાએ સંસારનો રે, ધ્યાયે અસાર પ્રકાર ॥શ્રી૦॥ ૫ ॥ ધ્યાતા ધ્યેય ધ્યાન એકત્વતા રે, દ્રવ્યાદિક ત્રિકમાંહિ ॥ આત્મભેદે સોહંપદ વરુ રે, ન કરે થિરપદ ક્યાંહિ ॥ શ્રી૦ ॥ ૬ ॥ દ્વિતીય ભેદ એકત્વ ગુણે રમે રે, ગુણપર્યાય મઝાર ॥ અંતરમુહૂરત ચઉ ઘાતી હણી રે, થયા સનાતક સાર ॥શ્રી૦॥૭॥ શુકલધ્યાન દોય ભેદે ધ્યાઈને રે, પામ્યા કેવળજ્ઞાન ॥ જિન ઉત્તમ મુખ પદ્મ વચન સુણી રે, લહો ચિદ્‌રૂપ નિધાન ॥ શ્રી૦ ॥ ૮॥

॥ કાવ્યં ॥ ગર્ભસ્થાઽપિ૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે સર્વજ્ઞાય જલં, ચંદન, યાવત્ ફલં યજામહે ॥ સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ ચોથી પૂજાનું ગીત ॥

### ॥ દુહા ॥

જાણે અનંતા દ્રવ્યના, ગુણ પર્યાય અનંત ॥
ત્રણ કાળના તતખિણે, એક સમે ભગવંત ॥ ૧ ॥
ગતિ આગતિ થિતિ જીવની, મન ચિંતિત કૃત જેહ ॥
ભક્તનિસેવિત સવિ લહે, છન્ન પ્રગટ સહિ તેહ ॥ ૨ ॥
વાચ્ય અવાચ્ય અરૂપ રૂપ, જાણે જ્ઞાને તંત ॥
વાચ્ય પદારથનો કહે, અનંત ભાગ ભગવંત ॥ ૩ ॥
તીજે ભવે તીરથપતિ, કર્મ નિકાચ્યું જેહ ॥
ઉદયવિપાકે જિનવરા, આવ્યું ભોગવે તેહ ॥ ૪ ॥
તંતખિણ આસનકંપથી, જાણી ઉપનું નાણ ॥
હરખે સુરપતિ તિહાં મળે, જિહાં વિચરે જિનભાણ ॥ ૫ ॥

### ॥ ઢાળ આઠમી ॥

॥ મોહનજી હો આયા વ્યાહને કાજ, કુરંગ પોકારે હો રથડો તે વાળિયો રે; શામળીયા તું પ્રીત સંભાળ—એ દેશી ॥

સુરપતિ આયા વંદન કાજ, ભગતિ ભરાણા રે હો ॥ કરે જિનપૂજના રે ॥ જિનજી તું ભવ જળતાર, પ્રભુજી તું પાર ઉતાર, સરસ સુધારસી રે હો, દેઈ અમ દેશના રે ॥ એ ટેક ॥ સમવસરણ કરી સાર, જોયણ પ્રમાણે રે હો, ચઉવિહ સુર ઘણા રે ॥ જિનજી૦ ॥ પ્ર૦ ॥ સ૦ ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સગનય ને સગ ભંગ, ચઉ અનુજોગે રે હો, ચઉગઈ વારણી રે ।। જિનજી૦ ।। પ્રં૦ ।। સ૦ ।। ષડ્દ્રવ્ય ગુણ પર્યાય, ગર્ભિત વાણી રે હો, ભવજલ તારણી રે ।। જિનજી૦ ।। પ્રં૦ ।। સ૦ ।। ।। ૨ ।। પાંત્રીસ ગુણથી રસાલ. દેશના વરસી રે હો, જન મન રંજણો રે ।।જિનજી૦।। પ્રં૦ ।।સ૦।। ચોત્રીસ અતિશય ધાર, જિનજી તું સોહે રે હો, સંશય ભંજણો રે, જિન-જી૦ ।। પ્રં૦ ।। સ૦ ।। ૩ ।। સોહે અડ પ્રાતિહાર, જનમન મોહે રે હો, બોહે ગુણ ભરે રે ।।જિનજી૦ ।।પ્રં૦।।સ૦।।ભગ-તિરસે લયલીન, તે ભવિ પ્રાણી રે હો, ચઉગઈ ને તરે રે ।। જિનજી૦।।પ્રં૦ ।। સ૦ ।। ૪ ।। રત્નત્રયી દેઈ ખાસ, ગણધર થાપે રે હો, ચઉવિહ સંઘથી રે ।।જિનજી૦ ।। પ્રં૦ ।।સ૦।। ભૂતલ કરે રે વિહાર, જગજન તારે રે હો, વારે કુધર્મથી રે ।। જિનજી૦ ।। પ્રં૦ ।। સ૦ ।। ૫ ।। ધ્વજ ચક્ર ચામર છત્ર, ગગનમાં ચાલે રે હો, સિંહાસન વળી રે ।। જિનજી૦ ।।પ્રં૦।।સ૦।। ચારનિકાયના દેવ, સેવા સારે રે હો, કોડિગમે મળી રે ।। જિનજી૦ ।। પ્રં૦ ।। સ૦ ।। ૬ ।। નમન સ્તવન કરી ખાસ, જિનજીને પૂજે રે હો, ભવિ ભવ તરે રે ।। જિનજી૦।।પ્રં૦।।સ૦।। પ્રભુપદ પદ્મની સેવ, રૂપવિજય ભાખે રે હો, કરો શિવવહૂ વરે રે ।। જિનજી૦ ।। પ્રં૦।।સ૦।।૭।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ પંચમ શ્રી નિર્વાણ કલ્યાણક પૂજા ॥

### ॥ દુહા ॥

એમ ભૂતલ પરે વિચરતા, કરતા ભવિ ઉપકાર ॥ સ્વાયુ શેષ જાણી વિભુ, કરે અણુસર નિરધાર ॥ ૧ ॥ વેદની આયુ કર્મની, વિષમસ્થિતિ સમ કાજ ॥ સમુદ્ઘાત કરે સાતમો, અડસમયિક જિનરાજ ॥ ૨ ॥ દંડ કપાટ મંથાન તિમ, અંતર પૂરી તામ ॥ સર્વ વ્યાપી ચોથે ક્ષણે, સમ કરે કરમને ઠામ ॥ ૩ ॥ ચાર સમય સંહરણ કરી, રૂંધવા ત્રિકરણ જોગ ॥ ત્રીજે ચરણ જે શુકલનો, ધ્યાએ, ચિદ્ઘનભોગ ॥ ૪ ॥ સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિતા, લક્ષણ આત્મ-અભેદ ॥ સૂક્ષ્મ તનુ જોગે રહી, પંચજોગ કરે છેદ ॥ ૫ ॥

### ॥ ઢાળ નવમી ॥

॥ વાંકું તમારૂં મોળિયું, વાંકો તુમારો ટેક, વાંકા વનમાળી—એ ટેક ॥

વારી જાઉં શ્રી અરિહંતની, જે નિજ ગુણરસ પીન ॥ વંદું જિનરાજા ॥ શૈલેશી કરણે કરી, જોગાતીત પદ લીન ॥ જિનવર જયકારી ॥ એ ટેક ॥૧॥ સમુચ્છિન્ન કિરિયા કરી, સૂક્ષ્મ જોગની જેહ ॥ જિ૦ ॥ સમુચ્છિન્નકિરિયા અનિ-વૃત્તિ, શુક્લ તુરીય ભેદ તેહ ॥ જિ૦ ॥ ૨ ॥ ધ્યેય ધ્યાન ધ્યાતાપદે, આતમને અભિરામ ॥ જિ ॥ પંચહ્રસ્વાક્ષર માનથી, રહી ચઉદમે ગુણઠામ ॥ જિ૦ ॥ ૩ ॥ પયડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચાસી ક્ષય કરી, પામ્યા મહોદય ઠાણ ॥ જિ૦ ॥ આસન કંપે સુરપતિ, જાણી જિન નિર્વાણ ॥ જિ૦ ॥ ૪ ॥ નિજ નિજ પરકરે પરિવર્યા, નિરાનંદ તતખેવ ॥ જિ૦॥ જિન-ભુવન વંદન કરી, ત્રિકરણ કરે જિનસેવ ॥ જિ૦ ॥ ૫ ॥ ઉચિત કરણી સઘળી કરી, લીએ હરિ જમણી દાઢ ॥ જિ૦ ॥ સર્વ ઉપદ્રવ નાશિની, ધરતા ભગતિ તે ગાઢ ॥ જિ૦ ॥૬॥ શેષ સુરાસુર નરવરા, ભૂમિરજ લઇ જાય ॥ જિ૦ ॥ સ-યલ પરાભવ જેહથી, એક પલકમાં જાય ॥ જિ૦ ॥ ૭ ॥ રયણ થૂભ શચિપતિ કરી, જઈ નંદીસર ઠામ ॥ જિ૦॥ અટ્ઠાઈ મહોત્સવ કરી, જાયે નિજ નિજ ધામ ॥ જિ૦॥ ચૈત્યથંભ મણિડાભડે, થાપી સકથા તેહ ॥ જિ૦॥ પ્રભુપદ પદ્મ પૂજનપરે, હરિ પૂજે ધરી નેહ ॥ જિ૦ ॥ ૯ ॥ જિન ઉત્તમ પદ પદ્મની, સેવના કરે ભાવિ જેહ ॥ જિ૦ ॥ રૂપવિજય પદ સંપદા, પામી લહે ચિદ્‌ગેહ ॥ જિનવર જયકારી ॥ ૧૦ ॥

॥ કાવ્યં ॥ ગર્ભસ્થાડપિ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે પારંગતાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં નૈવેદ્યં. ફલં ય૦ ॥ સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ પાંચમી પૂજાનું ગીત ॥

### ॥ દુહા ॥

એક સમય પરમાતમા, લોકશિખર કરી વાસ ॥
આદિ અનંત સુખ અનુભવે, પરમાનંદ વિલાસ ॥ ૧ ॥
સિદ્ધ બુદ્ધ પરમાતમા, પાવન પરમ પ્રધાન ॥
જ્યોતિ સરૂપી જગ જયો, ચિદાનંદ ભગવાન ॥ ૨ ॥
અજર અમર અજ અરુજ જે, અવિનાશી અકલંક ॥
સકલ કરમ મલક્ષય કરી, થયા સિદ્ધ નિકલંક ॥ ૩ ॥

॥ ઢાળ દશમી ॥ વાસળી વૃંદાવન વાજે, અને હો મહારી બેના રે ॥ વાંસલો વૃંદાવન વાજે—એ દેશી ॥

સિદ્ધિએ નમો સિદ્ધ અનંતા, અને હો મ્હારા વ્હાલા રે ॥ એ આંકણી ॥ વર્ણાદિક ચઉ અલગાં કીધાં, ખટ સંઠાણ નહિ પરસિદ્ધા ॥ એ તો સાદિ અનંત સ્થિતિ સિદ્ધા રે ॥ સિ૦॥અ૦॥૧॥ ચિદ્રૂ અવગાહનમાં જે ઠાયા, દેહાતીત તે સિદ્ધ કહાયા ॥ એ તો ચિદાનંદ લય પાયા રે ॥સિ૦॥અ૦॥૨॥ અનંત જ્ઞાન દર્શન સોહાયા, અવ્યાબાધ સુખે વળી ઠાયા ॥ એ તો ખાયક સમકિત પાયા રે સિ૦॥અ૦॥૩॥ એક સમય સગરાજ સધાયા, લોક શિખર ફરસીને ઠાયા ॥ એ તો અજ અવિનાશી કહાયા રે ॥ સિ૦॥ અ૦ ॥૪॥ અરૂપી અક્ષયથિતિ જાસ વખાણી, અગુરુલઘુ અવગાહન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણી ॥ એ અનંતવીરજની ખાણી રે ॥ સિ૦॥ અ૦ ॥૫॥ આપ સરૂપે જેહ સરૂપી, પુદ્ગલત્યાગે વર્તે અરૂપી ॥ એ તો નહિ નહિ રૂપારૂપી રે ॥સિ૦॥અ૦॥૬॥ સકલ સુરાસુર સુખ સમુદાયા, તેહથી અનંત ગુણ સુખ જે પાયા ॥ તે નો વ- ચનાતીત કહાયા રે ॥ સિ૦ ॥અ૦॥૭॥ સિદ્ધ નિરંજનના ગુણ ગાવો, પરમાનંદ મહોદય પાવો ॥ થિર તન મન કરીને ધ્યાવો રે ॥સિ૦॥અ૦॥૮॥ રૂપવિજય કહે સિદ્ધનું ધ્યાન, ધ્યાવે તત્પર થઈ એક તાન ॥ હોવે સિદ્ધ ભગ- વાન રે ॥ સિદ્ધિએ નમો સિદ્ધ અનંતા ॥ ૯ ॥

॥ ઇતિ પંચમ શ્રી નિર્વાણકલ્યાણક પૂજા ગીત સમાપ્ત ॥ ૫ ॥

॥ કળશ ॥ ઢાળ ૧૧ મી ॥ રાગ ધન્યાશ્રી ॥

ગાયા ગાયા રે જિનરાજ, ભગતિરસે ગાયા ॥ એ ટેક ॥ અકલ અસંગ અનંત અરૂપી, પૂર્ણાનંદ પદ પાયા ॥ ધ્યાતા ધ્યેય ધ્યાન એકતાને, આત્મ અભેદે ઠાયા રે ॥ ૧ ॥ સમકિતધારી આણુવ્રતકારી, શુચિ સરધા મન લાયા ॥ પારંગતપદ પૂજન કારણ, ભગતે ચિત્ત ભરાયા રે ॥ જિ૦ ॥ ૨ ॥ તદ્ગતચિત્ત સૂત્ર અનુસારે, ભવની વૃદ્ધિ સોહાયા ॥ જે જિનરાજ ભગતિ કરે રંગે, તસ ઘર સુજસ સવાયા રે ॥ જિ૦ ॥ ૩ ॥ તપગચ્છ વિજયદેવસૂરિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાટે, વિજયસિંહસૂરિરાયા ।। સત્યવિજય તસ શિષ્ય મનોહર, સંવેગ મારગ ધ્યાયા રે ।। જિ૦ ।। ૪ ।। કપૂર ક્ષમા જિન ઉત્તમ નામે, દિન દિન સુજસ સવાયા ।। શ્રી ગુરુ પદ્મવિજય પદપંકજ, નમતાં દુરિત ગમાયા રે જિ૦ ।। ૫ ।। નંદ દિશાગજ ગજ ચંદ (૧૮૮૯) વર્ષે, મધુ સુદિ પૂનમે ધ્યાયા ।। શ્રી સિદ્ધાચળ તીરથ ફરસી, રૂપવિજય ગુણ ગાયા રે ।। જિ૦ ।। ૬ ।।

ઇતિ પંડિત શ્રી રૂપવિજયજીકૃત—
।। પંચકલ્યાણક પૂજા સમાપ્ત ।।


* પંચ પ્રતિક્રમણ વિધિસહિત (સચિત્ર)

જેમાં રાઈય પ્રતિક્રમણ (સવાર) દેવસિય પ્રતિક્રમણ (સાંજ), પાક્ષિક પ્રતિક્રમણ (ચૌદશ), ચૌમાસી પ્રતિક્રમણ સંવત્સરી પ્રતિક્રમણ એમ પાંચ પ્રતિક્રમણની અલગ વિધિ દરેક સૂત્રના ભાવાર્થ સાથે છીંકનો વિધિ, વધારામાં નાના અતિચાર, નવ સ્મરણ, બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, વીશસ્થાનક, પર્યુષણ પર્વ, નવપદ, દિવાળી, સીમંધર સ્વામી, સિદ્ધાચળજીનાં ચૈત્યવંદન, સ્તવન-સ્તુતિ, મહાવીર સ્વામીનું હાલરડું વિગેરે સામગ્રીનો અપૂર્વ સંગ્રહ. પૃષ્ઠ ૫૩૬ સારા કાગળ, પાકું બાઇન્ડીંગ, થ્રીકલર ટાઈટલ.

પ્લાસ્ટીક કવર તથા મુદ્રાદર્શક રંગીન ચિત્રો સહિત.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંડિત શ્રી પદ્મવિજયજી કૃત

## શ્રી શત્રુંજયમહિમાગર્ભિત

# ॥ નવાણું યાત્રા પૂજા ॥

( અપર નામ—નવાણું અભિષેકની પૂજા )

### ॥ પૂજા પહેલી ॥

### ॥ દુહા ॥

ઉત્તમ ગુરુ ચરણે નમી, સમરી શારદ માય;
સિદ્ધગિરિ ગુણ ગાયવા, મુજ મન હરખ ન માય. ૧
રત્નમાંહિ ચિંતામણિ, જ્ઞાનમાં કેવળજ્ઞાન;
સિદ્ધગિરિ તિમ તીર્થમાં, અવર ન એહ સમાન. ૨
શુક્લધ્યાન જિમ ધ્યાનમાં, સીતા સરિતામાંહિ;
તિમ તીરથમાં સિદ્ધગિરિ, નમિયે ધરી ઉચ્છાહી. ૩
પ્રદક્ષિણા રથજાતરા, અઠ્ઠમ દોય છઠ્ઠ સાત;
જાત્રા નવાણું કીજીએ, સ્વામીવચ્છલ વિખ્યાત. ૪
લાખ નવકાર ગણુણું ગણો, પૂજા કરો મન ખાંત;
ફળ નિવેદ્ય ઘણી જાતના, ધૂપ દીપ બહુ ભાત. ૫

॥ ઢાળ પહેલી ॥ રાગ દેશાખ ॥
॥ વિમળાચળ નિતુ વંદીએ—એ દેશી ॥

યાત્રા નવાણું કીજીએ, શ્રી સિદ્ધાચળ કેરી; ભાવ ધરીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવતાં, ટાળે ભવ ફેરી ॥ યાત્રા૦ ॥ ૧ ॥ એંશી યોજન પહિલે આરકે, બીજે સીત્તેર જોય, શાશ્વતપ્રાય એ ગિરિવરુ, પ્રણમી પાતક ધોય ॥ યાત્રા૦ ॥ ૨ ॥ સાઠ યોજન ત્રીજે કહ્યો, ચોથે યોજન પચાસ; શાશ્વતપ્રાય એ ગિરિવરુ, નમતાં હોય અઘ નાશ ॥ યાત્રા૦ ॥ ૩ ॥ પાંચમે બાર યોજનતણો, મૂળ કહ્યો વિસ્તાર; શાશ્વતપ્રાય એ ગિરિવરુ, નમતાં હોય નિસ્તાર ॥યાત્રા૦॥૪॥ સાતહાથનો ભાખિયો, છટ્ઠે આરે જેહ; શાશ્વતપ્રાય સોહામણો, ગિરિવર વંદુ એહ ॥ યાત્રા૦ ॥૫॥ ઉત્સર્પિણી વધતો રહ્યો, એ વિમળ ગિરિરાજ; સુરસરિતા પરે શાશ્વતો, નમતાં અક્ષય રાજ ॥ યાત્રા૦ ॥ ૬ ॥ યાત્રા ભક્તિથકી કરે, 'છરી' પાળે જેહ; ભવ ભયથી રે ટળે, શિવસુંદરી વરે તેહ ॥ યાત્રા૦ ॥ ૭ ॥ સિદ્ધક્ષેત્રે સોહામણો, જિહાં શ્રી ઋષભ જિણંદ; પૂર્વ નવાણું સમોસર્યા, વંદુ તેહ ગિરિંદ ॥ યાત્રા૦ ॥૮॥ ગિરિ સન્મુખ ડગલું ભરે, પદ્મ કહે ભવિ જેહ; કોટિ સહસ ભવ-ફેરડાં, પાપ ખપાવે તેહ ॥ યાત્રા૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥

ભરત ષટ્ અવસર્પિણી આરકે, ચઢત તિમ ઉત્સર્પિણીવારકે; એ ગિરિ ઋષભકૂટ પરે શાશ્વતો, જાસ અભિષેકથી ભવદુઃખ વાર તો ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ મંત્રઃ ॥ ૐ હ્રીઁ શ્રીઁ તીર્થરાજાય, પરમપૂજ્યાય–પરમાનંદ–કંદાય, હ્રીં શ્રી પ્રથમાર્હત પ્રતિષ્ઠિતાય, જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં, યજામહે સ્વાહા ॥

॥ પૂજા ગીત ॥

॥ સંભવ જિનવર વિનતિ એ દેશી ॥

બાહ્ય અભ્યંતર શત્રુનો, જય થાયે જિણુ ઠાણુ રે; સિદ્ધિ પરે સુખ શાશ્વતાં, તિણે 'શત્રુજય' (૧) નામ રે. ગુણવંતો ગિરિ ગાઈએ, ટુંક એક સો આઠ રે; તેમાં એકવીશ મોટકી, થુણતાં હોય ગહગાટ રે. ગુણ૦ ૧. બાહુબલી મુનિસહસશું, આઠ ઉપરિ વળી તામ રે; સિદ્ધિ વર્યા શુભ રીતિશું, તિણે 'બાહુબલી' (૨) નામ રે૦ ગુણ૦ ૨. મરુધરતિ માંહે ધન સમો, તૃષ્ણા ભાંજે[1] ઘામ રે; વિષયપિપાસા સહુ મિટે, ત્રીજું 'મરુદેવી' (૩) નામ રે. ગુણ૦ ૩. ભાંગે જિહાં સંસારનો, અવિરતિરથ ઉદ્દામ રે; ચોથું શત્રુંજયતણું, 'ભાગીરથ' (૪) એણે નામ રે. ગુણ૦ ૪. પંચમ ટુંક રૈવતગિરિ, તેણે 'રૈવત' (૫) એહ નામ રે; પંચમ એહ સોહામણું, પંચમગતિને કામ રે. ગુણ૦ ૫. સહુ તીરથમાં એ વડું ॥ રાજા સમ અભિરામ રે; 'તીરથરાજ' (૬) એ ગિરિતણું, તેણે છઠ્ઠું વર નામ રે. ગુણ૦ ૬. કાંકરે

૧. ગરમી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાંકરે સિદ્ધ થયા, કોડિ અનંત નિઃકામ રે; 'સિદ્ધક્ષેત્ર' (૭) તિણે સાતમું, જાણો એહનું નામ રે. ગુણ૦ ૭. કામિત આપે જે ગિરિ, કરતાં જાસ પ્રણામ રે; સેવતાં સુખ ઉપજે તિણે, 'કામુક' (૮) આઠમું નામ રે. ગુણ૦ ૮. આદિત્ય-કાંત એક લાખથી, સૂર્યયશાસુત જેહ રે; વરિયા જેહ નિજ તત્ત્વને, 'ઢંક' (૯) નામ ગુણગેહ રે. ગુણ૦ ૯. કવડજક્ષ સેવા કરે, નિત નિત થઈ સાવધાન રે; દશમું 'કપર્દી' (૧૦) નામ એ, કરે તસ ગુણ ગાન રે. ગુણ૦ ૧૦. લોહિત ટુંક છે એહની, તિણે 'લોહિત' (૧૧) પણ નામ રે; એકાદ-શમું અતિ ભલું, કીજે તાસ પ્રણામ રે. ગુણ૦ ૧૧. 'તા-લધ્વજ' (૧૨) વળી બારમું, શેત્રુંજાનું અભિધાન રે; સં-સારી તેહને નમી, કીજે જન્મ પ્રમાણ રે. ગુણ૦ ૧૨. કદંબગિરિ પણ ટુંક છે, તેરમું નામ 'કદંબ' (૧૩) રે; મનુષ્ય લોકમાં દોહિલો, જિમ મરુથળમાં અંબ રે. ગુણ૦ ૧૪. 'સહસ્રાબ્જ' (૧૪) ગિરિવર નમો, ચૌદમું એ અભિ-ધાન રે; [1]શ્રીકાલિકમુનિ સહસથી, પામ્યા શિવપુર ઠામ રે. ગુણ૦ ૧૪. પર્વતસર્વશિરોમણિ, 'નગાધીશ' (૧૫) તિણે નામ રે; પંદરમું પ્રેમે નમો, જેહથી દોલત દામ રે. ગુણ૦ ૧૫. સિદ્ધથાનકમાં એ વડું, જાણો રાજ સમાન રે;

---

૧ શ્રી કાલીસ પાઠાં૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'સિદ્ધરાટ' (૧૬) તે સોલમું, શિવપદનું કરે દાન રે. ગુણ૦ ૧૬. સત્તરમું 'શતપત્ર' (૧૭) એ, નામ નમો નિશદિશ રે; નામે નવનિધિ સંપજે, શિવપદ વિશ્વાવીશ રે. ગુણ૦ ૧૭. 'શતકૂટ' (૧૮) નામ અઢારમું, ગુણનિષ્પન્નકહાયરે; સોહે શત અડ કૂટશું, પ્રણમો ભવિ સમુદાય રે. ગુણ૦ ૧૮. એ ગિરિની સેવાથકી, બંધાય પુણ્યની રાશી રે; 'પુણ્યરાશી' (૧૯) ઓગણીશમું, અદ્ભુત નામ પ્રકાશ રે. ગુણ૦ ૧૯. ભવનપતિ વણ જ્યોતિષી, વૈમાનિકના વૃંદ રે; તે સુરને અતિ પ્રિય ઘણું, તેણે 'સુરપ્રિય' (૨૦) સુખકંદ રે. ગુણ૦ ૨૦ 'સહસપત્ર' (૨૧) એકવીશમું, શેત્રુંજ નામ ઉદાર રે; શેત્રુંજ નામ સુણંતડાં, હઇડે હરખ અપાર રે; ગુણ૦ ૨૧. નામ ફેર પાઠાંતરે, તે સવિ હોય પ્રમાણ રે; સહસ આઠમાં સહુ ભણ્યાં, પદ્મ કહે ગુણ ખાણ રે. ગુણ૦ ૨૨.

( પૂજા ૩૧ થઈ )

॥ કાવ્યં ॥

વિમલ સિદ્ધ શેત્રુંજ ગિરિવર તણાં, નામ કહ્યાં શેત્રુંજ-કલ્પે ઘણાં ॥ તેહ જપો અભિષેક કરો સદા, જિમ ભવ-ભવનાં દુઃખ નાવે કદા ॥ ૧ ॥

॥ મંત્ર પ્રથમ પ્રમાણે કહેવો ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ પૂજા ત્રીજી ॥

॥ પ્યારે મોકું લે ચલો–એ–દેશી ॥

॥ સિરૂઆરે ગુણ તુમ તણા–એ દેશી ॥

ચક્રી ભરત નરેશ્વરુ, સાંભળી દેશના તાત હો; પ્રથમ ઉદ્ધાર જેણે કર્યો, એ મોટા અદાવત હો ॥ ૧ ॥ શ્રી સિદ્ધાચળ ભેટીએ, શ્રી વિમલાચળ ભેટીએ, મેટીએ ભવ-દુઃખરાશિ હો, કીજે શેત્રુંજ ગિરિ જાતરા, પામીએ શિ-વપુરવાસ હો ॥શ્રી૦॥એ॥આંકણી॥ કોડી નવાણું નરપતિ, ઉપર નેવ્યાસી લાખ હો; ભરત સંમે થયો સંઘવી, સહસ ચોરાશી ભાખ હો ॥ શ્રી૦ ॥ ૨ ॥ આઠમે પાટે ભરત-તણે, દંડવીરજ નરનાથ હો; કરી ઉદ્ધાર બીજો ઘણે, મેળ્યો શિવપુર સાથ હો ॥ શ્રી૦ ॥ ૩ ॥ દુર્ગતિ નાસે નામથી, સારે વંછિત કાજ હો; શેત્રુંજગિરિ સેવ્યાં થકાં, આપે અવિચળ રાજ હો ॥ શ્રી૦ ॥ ૪ ॥ સીમંધર સ્વા-મી કને, ગિરિ મહિમા અધિકાર હો; ઇશાનેંદ્ર સુણી કરી, કરે ત્રીજો ઉદ્ધાર હો ॥શ્રી૦॥૫ ॥ એક કોડી સાગર વળી ગયે, કરે ચોથો ઉદ્ધાર હો; માહેન્દ્ર નામે સુરપતિ, આ-તમને ઉદ્ધાર હો ॥ શ્રી૦ ॥ ૬ ॥ વળી દશ કોડી સાગર ગયે, પંચમ સુરપતિ જેહ હો, તેણે ઉદ્ધાર કર્યો વળી, પાંચમો ધરિય સનેહ હો ॥ શ્રી૦ ॥ ૭ ॥ એક કોડી લાખ સાગર ગયે, અસુર નિકાયનો સ્વામ હો; ચમરેંદ્રે છઠ્ઠો કર્યો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાર ઉદ્ધાર તે ઠામ હો ।। શ્રી૦ ।। ૮ ।। સૂક્ષ્મ ઉદ્ધાર ઘણા થયા, ઋષભ અજિત વિચે ધાર હો; પચાસ લાખ કોડી સાગરે, કોણ પામે તસ પાર હો ।। શ્રી૦ ।। ૯ ।। સગર નામે ચક્રી થયા અજિત જિણંદના ભ્રાત હો; તેણે ઉદ્ધાર કર્યો સાતમો, વાધ્યો જસ વિખ્યાત હો ।। શ્રી૦ ।। ૧૦ ।। પચાસ કોડી ને ઉપરે, લાખ પંચાણું ભૂપ હો; સહસ પંચોતેર સંઘવી, સગરવારે અનુરૂપ હો ।। શ્રી૦ ૧૧ ।। ત્રીસ કોડી દશ લાખ તિમ વળી, સૂક્ષ્મ થયા ઉદ્ધાર હો, આઠમો વ્યંતર ઇંદ્રનો, અભિનંદન ઉપકાર હો ।। શ્રી૦ ।। ૧૨ ।। શ્રી ચંદ્રપ્રભ વારે હવે, ચંદ્રશેખર સુત સારહો; ચંદ્રયશાએ કીધલો, નવમો તિહાં ઉદ્ધાર હો ।। શ્રી૦ ।। ૧૩ ।। ચક્રાયુધ નરરાજીયો, શાંતિ જિનેશ્વર પુત્ત હો; દશમો ઉદ્ધાર તિણે કર્યો, જેહ અતિ અદ્ભૂત હો ।। શ્રી૦ ।। ૧૪ ।। દશરથસુત રામચંદ્રજી, અગ્યારમો ઉદ્ધાર હો, મુનિસુવ્રત વારે કર્યો, જાણી નિજ નિસ્તાર હો ।। શ્રી૦ ।। ૧૫ ।। રામ ભરત ત્રણ કોડીશું, શિવસુંદરી ભર્ત્તાર હો; પાપ પડળ સવિ ધોઇને, કીધો નિજ ઉદ્ધાર હો ।। શ્રી૦ ।।૧૬।। પાંડવ પાંચે કીધલો, બારસમો ઉદ્ધાર હો; વારે નેમિજિણંદને એહ મોટો વિસ્તાર હો ।। શ્રી૦ ।। ૧૭ ।। સંવત એક અઠલંતરે, જાવડશાહે કીધ હો; ઉદ્ધાર તેરમો તતક્ષણે, લક્ષ્મીનો લાહો લીધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હો ॥ શ્રી૦ ॥ ૧૮ ॥ મંત્રી બાહડે ચૌદમો, કીધો વળી ઉદ્ધાર હો; બાર તેરોત્તેર વર્ષમાં, શ્રીમાળી શિરદાર હો ॥ શ્રી૦ ॥ ૧૯ ॥ સંવત તેર ઇકોતેર, ઓસવંશ શણગાર હો; સમરાશા દ્રવ્યવ્યય કરે, પંદરમો ઉદ્ધાર હો ॥ શ્રી૦ ॥ ૨૦ ॥ સંવત પનર સત્તાશીએ, કરમાશા અભિરામ હો; મંત્રી બાહડની સહાયથી, સોલસમો કરે તામ હો ॥ શ્રી૦ ॥ ૨૧ ॥ વિમળવાહન જે નરપતિ, દુપ્પસહસૂરિ ઉપદેશ હો; છેલ્લો ઉદ્ધાર તે તે કરે, જાણી લાભ વિશેષ હો ॥ શ્રી૦ ॥ ૨૨ ॥ એ અવસર્પિણીના કહ્યા, એમ ઉદ્ધાર અનંત હો; આગે થયા ને થશે વળી પદ્મવિજય પ્રણમંત હો ॥શ્રી૦॥૨૩

( પૂજા ૫૪ થઈ )

॥ કાવ્યં ॥

કૃત ઉદ્ધાર પુરા હિ અનંતકં, સુરનરૈર્ધૃતભાવવિશેષકં ॥ ઠવિઅ તત્થ જિણં પઢમં સુહં, કુરુ અભિષેક દલન ભવભયદુહં ॥ ૧ ॥

### ॥ પૂજા ચોથી ॥

॥ કીડા કરી ઘેર આવીયો—એ દેશી ॥

મુક્તિતણે પંથે વહ્યા, પામી કેવળજ્ઞાનરે; સિદ્ધ અનંત આગે હુઆ, કરતા શેત્રુંજ ધ્યાન રે ॥ ૨ ॥ શ્રી સિદ્ધાચળ સિદ્ધ થયા, મુનિવર ગુણ અભિરામ રે; નામ ગોત્ર તેહનાં સુણી, કરીએ તાસ પ્રણામ રે. શ્રી સિ૦ ॥ ૨ ॥ ઋષભસેન પુંડરીકજી, પાંચ કોડી અણગાર રે; સાથે સિદ્ધિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્યા ઈહાં, નમીએ વારંવાર રે ॥ શ્રી સિ૦ ॥ ૩ ॥ દ્રાવિડ વાલિખિલ્લ બિહું જણાં, મુનિવરશું દશ કોડી રે; આતમતત્ત્વ નિપજાવીઓ, વંદુ તે કર જોડી રે ॥ શ્રી સિ૦ ॥૪॥ ભરત પાટવી કેઇ હુઆ, અસંખ્યાત ઋષિરાય રે; ઈણગિરિ આવીને વર્યા, શાશ્વત અવિચળ ઠાય રે ॥ શ્રી સિ૦ ॥ ૫ ॥ તિમ પુંડરીક ગણપતિતણા, અસંખ્ય પટોધર સાધ રે; એ ગિરિ અણસણ આદરી, સુખ લહ્યા અવ્યાબાધ રે ॥ શ્રી સિ૦ ॥ ૬ ॥ અજિતનાથ ઈણ ગિરિવરે, જાણી લાભ અપાર રે; ચોમાસુ રહી ભવિકને, કરતા બહુ ઉપકાર રે. ॥ શ્રી સિ૦ ॥૭॥ શુકરાજા એ ગિરિતણે, ધ્યાનતણા પરભાવે રે; શત્રુતણો તસ જય હુવો, શેત્રુંજ નામ સોહાવે રે. શ્રી સિ૦ ॥૮॥ શ્રી સીમંધરસ્વામીજી, શક્રને ભાખે એમ રે; શ્રી સિદ્ધાચળ સારિખો, નહી કોઈ તીરથ નેમ રે ॥ શ્રી સિ૦ ॥૯॥ નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિરાય રે; સાથે શિવમંદિરે ગયા, એ ગિરિને સુપસાય રે ॥ શ્રી સિ૦ ॥૧૦॥ સિદ્ધિક્ષેત્ર સઘળેય છે, પણ એ ક્ષેત્ર પ્રભાવે રે; થાયે ચિત્તવિશુદ્ધતા, દિન દિન વધતે ભાવે રે ॥ શ્રી સિ૦ ॥૧૧॥ પાંચ કોડી મુનિરાજશું, ભરત લહ્યા શિવવાસ રે; અજર અમર અજ જે થયા, કેવળજ્ઞાન વિલાસ રે ॥ શ્રી સિ૦ ॥૧૨॥ સાગરમુનિ સમતાધરુ, અનશન કરી મન કોડી રે; ક્ષપકશ્રેણી માંડી વર્યા, શિવવધૂ મુનિવર કોડી રે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ શ્રી સિં૦ ॥૧૩॥ તેમ મુનિવર શ્રીસારજી, કોડી મુનિ પરિવાર રે, અણાહારી પદને વર્યા, અક્ષય સુખ દાતાર રે ॥ શ્રી સિં૦ ॥ ૧૪ ॥ ઋષભદેવ ઉપકારથી, સત્તર કોડી અણગાર રે; પરિવરિ અજિતસેનજી, પાંમ્યા ભવનો પાર રે ॥ શ્રી સિં૦ ॥૧૫॥ શાંબ પ્રદ્યમ્ન બે મુનિવરા, સાડી આઠહ કોડી રે; સાથે શિવપદવી વર્યા, સિદ્ધગિરિની નહીં હોડી રે ॥શ્રી સિં૦ ॥ ૧૬ ॥ શ્રી સિદ્ધાચળ ઉપરે, કીધો જેણે ઉદ્ધાર રે; વીશ કોડી મુનિવૃંદશું, પાંડવા પામ્યા પાર રે॥ ॥ શ્રી સિં૦ ॥૧૭॥ કેવળનાણ પ્રમુખ જે, તીરથપતિ અરિહંત રે; સિદ્ધિ વર્યા ઇણ ગિરિવરે, જેહ અનંત અનંત રે ॥ શ્રી સિં૦ ॥ ૧૮॥ સોમયશા નામે મુનિ, સિદ્ધાચળને સંગ રે; તેર કોડી મુનિશું લહ્યા, શાશ્વતસુખ અભંગ રે॥ શ્રી સિં૦ ॥૧૯॥ લાખ એકાણું મુનિવરા, સાથે નારદ સિદ્ધ રે, એ ગિરિના મહિમાથકી પામ્યા નિજ ગુણ ઋદ્ધ રે ॥ શ્રી સિં૦ ॥ ૨૦ ॥ ભરતપુત્ર આદિત્યયશા, સાથે મુનિ એક લાખ રે; શાશ્વત સુખ પામ્યા જિકે, એ ગિરિ મહિમા દાખ રે ॥ શ્રી સિં૦ ॥ ૨૧ ॥ પાંત્રીસ સહસ અંતેઉરી, શ્રી વસુદેવની જોડ રે; સિદ્ધક્ષેત્રે સિદ્ધિ વર્યા, વળી વળી વંદુ તેહ રે ॥ શ્રી સિં૦ ॥ ૨૨ ॥ દમિતારિ મુનિરાજિયા, તપ સંયમ આરાધી રે; ચૌદ સહસ અણગારશું, સાધ્યું અવ્યાબાધ રે ॥શ્રી સિં૦ ॥૨૩॥ વૈદર્ભી પ્રદ્યુમ્નની.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાણી અતિ ગુણવંત રે, ચૌંઆળીશસેંશું વરી, શાશ્વત સુખ અનંત રે ॥ શ્રી સિ૦ ॥ ૨૪ ॥ અજિતનાથ જિનવરતણા, દશ હજાર મુનિ જાણ રે; ચૈત્રી પૂનમે પામિયા, નિર્મળ કેવળનાણ રે ॥ શ્રી સિ૦ ॥ ૨૫ ॥ શ્રી સુભદ્ર, અણગાર જે, સાતસેં મુનિ પરિવાર રે; વિમળ થયા વિમળાચળે, વંદુ વાર હજાર રે ॥ શ્રી સિ૦ ૨૬ ॥ થાવચ્ચાસુત સંયમી, સહસ મુનિ સંઘાત રે; શૈલેશીકરણે કરી, કીધી કર્મની ઘાત રે ॥ શ્રી સિ૦ ॥ ૨૭ ॥ શુક પરિવ્રાજક તેહના, સહસ મુનિ સંયોગ રે, ઉજ્જવળગિરિ મલક્ષય કરી, પામ્યા નિજ ગુણ ભોગ રે ॥ શ્રી સિ૦ ॥ ૨૮ ॥ પંચસયાં ઋષિરાજશું, અનશન કરિય ઉદાર રે; સેલગ અણુહારી થયા, સિદ્ધગિરિને ઠામ રે ॥ શ્રી સિ૦ ॥ ૨૯ ॥ આણંદઋષિ સિદ્ધાચળે, ભાવના ભાવતાં સાર રે; આતમ કીધો ઉજ્જવળો, પામ્યા ભવોદધિ પાર રે ॥ શ્રી સિ૦ ॥ ૩૦ ॥ શ્રી મુનિસુભદ્ર મુનિવરુ, સાત સયાં ઋષિરાય રે; શ્રી વિમળાચળ ઉપરે, શિવ લહ્યા કર્મ ખપાય રે ॥ શ્રી સિ૦ ॥ ૩૧ ॥ નમિ-પુત્રી ચોસઠ જિકે, પામી કેવળનાણ રે, મધુવદિ ચૌદશે શિવ વરી, સિદ્ધક્ષેત્ર વર ઠાણ રે ॥ શ્રી સિ૦ ॥ ૩૨ ॥ મહિમા મોટો જેહનો, એક જીભે ન કહાય રે: નિઃશ્રેણી શિવમહેલની, પદ્મવિજય ગુણ ગાય રે ॥ શ્રી૦ સિ૦ ॥૩૩॥

(પૂજા ૮૭ થઈ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કાવ્યં ॥

મુનિ અનંતહ કોડી શિવ ગયા, પવિત્ર ક્ષેત્ર મહિમ ઉત્કટ સયા ॥ તહવિ આતમચિત્ત–વિશુદ્ધયા, કરણ કુરુ-અભિષેક–મનીહયા ॥

॥ પૂજા પાંચમી ॥

॥ વારી જાઉં હું અરિહંતની—એ દેશી ॥

નેમિ વિના ત્રેવીશ જિના, આવ્યા ઈણ ગિરિરાય ભવિજન ! મહિમા તેણે શેત્રુંજતણો, કોઈથી કહ્યો ન જાય ભવિજન ! મહિમા મોટો એ ગિરિતણો ॥ એ આંકણી ॥૧॥ શાંતિ જિનેશ્વર સોળમા, પંચમ ચક્રી જેહ ॥ભવિ૦॥ ચોમાસું ઈણ ગિરિ રહ્યા, પ્રણમું આણી નેહ ॥ ભવિ૦॥ ॥ મ૦ ॥ ૨ ॥ દેવકીનંદન ષટ્ ભલા, ઈણ ગિરિ આવ્યા જાણ ॥ ભવિ૦ ॥ અણસણ કરી સિદ્ધિ વર્યા, પ્રણમું તે સુવિહાણ ॥ ભવિ૦ ॥ મ૦ ॥ ૩ ॥ જાલિ મયાલિ ઉવયા-લિયા, ત્રણે ત્રિકરણ શુદ્ધ ॥ ભવિ૦ ॥ અણસણ કરી કેવળ લહી, અનુક્રમે થયા સિદ્ધ બુદ્ધ ॥ ભવિ૦ ॥ મ૦ ॥ ૪ ॥ પીસ્તાળીશ મુનિરાજિયા, નારદ સાતે સિદ્ધ ॥ ભવિ૦॥ શ્રી સિદ્ધાચળ ઉપરે, પામ્યા પરમ સમૃદ્ધ ॥ ભવિ૦॥મ૦ ॥૫॥ બાવન લાખ કોડી ઉપરે, પંચાવન હજાર ॥ભવિ૦॥ સાતમેં સિત્તોત્તર મુનિ, સિદ્ધગિરિ પામ્યા પાર ॥ભવિ૦॥ ॥ મ૦ ॥ ૬॥ અજિત શાંતિજી જય રહ્યા, ગિરિ ઉપર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચઉમાસ ॥ ભવિ૦ ॥ તવ એ વ્યતિકર જાણીએ, આતમ ઋદ્ધિપ્રકાશ ॥ ભવિ૦ ॥ ૭ ॥ અંધકવિષ્ણુ ને ધારિણી, દશ અડ તાસ કુમાર ॥ ભવિ૦ ॥ સિદ્ધિ વર્યા સિદ્ધાચળે, કાઢી કર્મવિકાર ॥ ભવિ૦ ॥ મ૦ ॥ ૮ ॥ શ્રીકદંબ ગણધર જિકે, કોડી મુનિને સાથ ॥ ભવિ૦ ॥ કદંબગિરિ મોક્ષે ગયા, જે થયા જગતના નાથ ॥ ભવિ૦ ॥ મ૦ ॥૯॥ સંપ્રતિ જિન ચોવીશમા, અતીત ચોવીશીએ જેહ ॥ ભવિ૦ ॥ થાવચ્ચા તસ ગણધરૂ, સહસશું સિંધ્યા તેહ ॥ ભવિ૦॥ મ૦ ॥ ૧૦ ॥ વાઘણ પરિસહ સહી તદા, અંતગડ કેવલી થાય ॥ ભવિ૦॥ સુકોમલ વિમલાચલે, પ્રણમું પ્રેમે પાય ॥ભવિ૦॥ ૧૧॥ ૧તરીએ ભવસાગર જિણે, તે તીરથ કહેવાય ॥ભવિ૦॥ એ અર્થે તીરથ નમું, સિદ્ધગિરિનું ઠાય ॥ ભવિ૦ ॥મ૦॥ ૧૨॥ ઈમ ગિરિ ગુણ ગાતાં થકાં, પાવન થઈ મુજ જીહ ॥ ભવિ૦ ॥ પદ્મવિજય કહે પ્રણમીએ, ભાવથકી નિશદિશ ॥ ભવિ૦ ॥ મ૦ ॥ ૧૩ ॥ (પૂજા ૯૯ થઈ)

॥ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્ ॥

શ્રીશત્રુંજયભૂષણં જિનવરં શ્રી નાભિભૂપાત્મજં ॥<br>
સેંદ્રૈર્નાકિવરૈ ર્નરેંદ્રનિકરૈર્ભક્ત્યા પ્રણુન્નૈર્નતં ॥<br>
જ્ઞાનં યસ્ય ત્રિકાલવસ્તુવિષયં લોકોત્તરાભાસિકં,<br>
સર્વેષાં હિતદં કૃપારસમયં વંદે તમાદીશ્વરમ્ ॥ ૧ ॥

૧ છેલ્લા અભિષેકમાં છેલ્લી બે ગાથા બોલી અભિષેક કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાયો ગાયો રે એમ શ્રી સિદ્ધાચળ ગાયો, શ્રી સિદ્ધાચળના ગુણ ગાતાં, મનુઅ જનમ ફળ પાયો રે ॥ એમ શ્રી સિદ્ધાચળ ગાયો ॥ ૧ ॥ એહ ક્ષેત્રમહિમાથી લહિએ, નવ નિધિ ઋદ્ધિ સમુદાયો; પશુ પંખી શત્રુંજય જાવે, ભવ ત્રીજે સિદ્ધ થાયો રે ॥ એમ૦ ॥ ૨ ॥ માંડણી રાણકપુરની રૂડી, ઊંચો તારણગિરિ રાયો, કોરણી અર્બૂદગિરિની જાણો, મહિમા શેત્રુંજ સુખદાયો રે ॥ એમ૦ ॥ ૩ ॥ ચંદ્ર[૧] બાણ[૫] ગજ[૮] શશી[૧] (૧૮૫૧) સંવત્સર, શેત્રુંજ મહિમા ગવાયો; વસંત પંચમી દિવસે રૂડો, આણંદ અંગ ન માયો રે એમ૦ ॥ ૪ ॥ તપગચ્છ વિજયજિનેંદ્રસૂરિ રાજ્યે, ગુરુ ઉત્તમ સુપસાયો, પદ્મવિજય કહે મોટે પુન્યે, શ્રી વિમળાચળ પાયો રે ॥ એમ૦ ॥ ૫ ॥

॥ ઇતિ પં. શ્રીપદ્મવિજયજીકૃત શ્રીસિદ્ધાચળજી નવાણું અભિષેકની ॥ પૂજા યાત્રા—સમાપ્ત ॥

॥ નવાણું અભિષેકની પૂજાની વિધિ ॥

આ પૂજામાં નવાણું અભિષેક કરવાના છે. તે એ રીતે કે પાંચ ઢાળમાંની દરેકની એક એક ગાથા બોલ્યા પછી મંત્ર બોલીને અભિષેક તથા અષ્ટપ્રકારી પૂજા કરવી, અને કાવ્ય આખી ઢાળ પૂરી થયા પછી બોલવું×

॥ મંત્ર :– ૐ હ્રીં શ્રીં તીર્થરાજાય, પરમપૂજ્યાય, પરમાનંદ કન્દાય હ્રીં શ્રીં પ્રથમાર્હત્પ્રતિષ્ઠિતાય જલં, ચંદન, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્ય, ફલં, યજામહે સ્વાહા ॥

× સં. ૧૮૭૭ની હસ્તલિખિત પ્રતમાં દરેક પૂજાને અંતે કાવ્ય તથા મંત્ર બંને બોલવાના જણાવ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીમદ્ આત્મારામજી (વિજયાનંદસૂરિજી)
# કૃત શ્રી સત્તરભેદી પૂજા

॥ દુહા ॥

સકલ જિણંદ મુણીંદની, પૂજા સત્તર પ્રકાર ॥
શ્રાવક શુદ્ધભાવે કરે, પામે ભવનો પાર ॥ ૧ ॥
જ્ઞાતા અંગે દ્રૌપદી, પૂજે શ્રી જિનરાજ ॥
રાયપસેણી ઉપાંગમેં, હિત સુખ શિવફલ તાજ ॥ ૨ ॥
[૧] ન્હવણ [૨] વિલેપન [૩] વસ્ત્રયુગ, [૪] વાસ [૫] ફૂલ [૬] વરમાલ ॥
[૭] વરણ [૮] ચુન્ન [૯] ધ્વજ શોભતી, [૧૦] રત્નાભરણ રસાલ ॥ ૩ ॥
[૧૧] સુમનસ-ગૃહ અતિ શોભતું, [૧૨] પુષ્ફપગર [૧૩] મંગલિક ॥
[૧૪] ધૂપ [૧૫] ગીત [૧૬] નૃત્ય [૧૭] નાદશું, કરત મીટે સબ ભીક ॥ ૪ ॥

## ॥ પ્રથમ ન્હવણ પૂજા ॥

॥ દુહા ॥

શુચિ તનુ વદન વસન ધરી, ભરે સુગંધ વિશાલ ॥
કનક કલશ ગંધોદકે, આણી ભાવ વિશાલ ॥ ૧ ॥
નમત પ્રથમ જિનરાજકો, મુખ બાંધી મુખકોશ ॥
ભક્તિ યુક્તિસેં પૂજતાં, રહે ન રંચક દોષ ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ પૂજા ઢાળ ॥ રાગ ખમાચ ॥ તાલ-પંજાબી ઠેકો ॥
॥ માન તું કાહેપે કરતા-એ દેશી ॥

માનમદ મનસે પરહતા, કરી ન્હવણ જગદીશ ॥ મા૦ ॥ એ આંકણી ॥ સમકિતની કરણી દુઃખ હરણી, જિન પખાલ મનમેં ધરતાં ॥ અંગ ઉપાંગ જિનેશ્વર ભાખી, પાપ પડલ જરતા ॥ ક૦ ॥૧॥ કંચન કળશ ભરિ અતિ સુંદર, પ્રભુસ્નાન ભવિજન કરતા ॥ નરક વૈતરણી કુમતિ નાસે, મહાનંદ પદ વરતા ॥ ક૦ ॥ ૨ ॥ કામ ક્રોધકી તપત મિટાવે, મુક્તિપંથ સુખ પગ ધરતા ॥ ધર્મ કલ્પતરુ કંદ સીંચતાં, અમૃતધન ઝરતા ॥ ક૦ ॥ ૩ ॥ જન્મ મરણકા પંક પખારી, પુણ્યદશા ઉદયે કરતા ॥ મંજરી સંપદ્ તરુ વર્દ્ધનકી, અક્ષય નિધિ ભરતા ॥ ક૦ ॥ ૪ ॥ મનકી તપત મિટી સબ મેરી, પદકજ ધ્યાન હૃદે ધરતા ॥ આતમ અનુભવ રસમેં ભીનો, ભવસમુદ્ર તરતા ॥ ક૦ ॥ ૫ ॥

॥ દ્વિતીય વિલેપન પૂજા ॥
॥ દુહા ॥

ગાત્ર લૂહી મન રંગશું, મહકે અતિહિ સુવાસ ॥
ગંધકાષાયી વસનશું, સકલ ફલે મન આશ ॥ ૧ ॥
ચંદન મૃગમદ કુંકુમે, ભેળી માંહે બરાસ ॥
રત્નજડિત કચોલિયેં, કરી કુમતિનો નાશ ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પગ જાનુ કર ખંધમેં, મસ્તક જિનવર અંગ ॥
ભાલ કંઠ ઉર ઉદરમેં, કરે તિલક અતિ ચંગ ॥૩॥
પૂજક જન નિજ અંગમેં, રચે તિલક શુભ ચાર ॥
ભાલ કંઠ ઉર ઉદરમેં, તપત મિટાવનહાર ॥ ૪ ॥

॥ પૂજા ઢાળ ॥ ઠુમરિ—તાલ પંજાબી ઠેકા ॥
॥ મધુવનમેં મેરે સાંવરીયાં—એ દેશી ॥

કરી વિલેપન જિનવર અંગે, જન્મ સફલ ભવિજન માને ॥ કરી૦ ॥ ૧ ॥ મૃગમદ ચંદન કુંકુમ ઘોલી, નવ અંગે તિલક કરી થાને૦ ॥ કરી૦ ॥ ૨ ॥ ચક્રી નવ નિધિ સંપદ પ્રગટે, કરમ ભરમ સબ ક્ષય જાને ॥ કરી૦ ॥ ૩ ॥ મન તનું શીતળ સબ અઘ ટાળી, જિનભક્તિ મન તનુ ઠાને ॥ કરી૦ ॥૪॥ ચોસઠ સુરપતિ સુરગિરિ રંગે, કરી વિલેપન ધન માને ॥ કરી૦ ॥ ૫ ॥ જાગી ભાગ્યદશા અબ મેરી, જિનવર વચન હૃદે ઠાને ॥ કરી૦ ॥ ૬ ॥ પરમ શિશિરતા પ્રભુ તન કરતાં, ચિત્સુખ અધિકે પ્રગટાને ॥ કરી૦॥૭॥ આત્માનંદી જિનવર પૂજી, શુદ્ધ સ્વરૂપ નિજ ઘટ આને ॥ કરી૦ ॥ ૮ ॥

## ॥ તૃતીય વસ્ત્રયુગલ પૂજા

### ॥ દુહા ॥

વસન યુગલ અતિ ઉજ્જવલમેં, નિર્મલ અતિહિ અભંગ ॥
નેત્રયુગલ સુરિ કહે, યહિ મતાંતર સંગ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોમળ ચંદન ચરચિયે, કનક ખચિત વરચંગ ॥
હય પલ્લવ શુચિ પ્રભુ શિરે, પહેરાવે મનરંગ ॥ ૨ ॥
દ્રાપદી શક્ર સૂરિયાભ તે, પૂજે જિમ જિનચંદ ॥
શ્રાવક તિમ પૂજન કરે, પ્રગટે પરમાનંદ ॥ ૩ ॥
પાયલુહણુ અંગલૂહણાં, દીજે પૂજન કાજે ॥
સકલ કરમ મલ ક્ષય કરી, પામે અવિચળ રાજ ॥ ૪ ॥

॥ પૂજા ઢાળ ॥ રાગ દેશ સોરઠો—પંજાબી ઠેકો ॥
॥ કુબજાને જાદુ ડારા—એ દેશી ॥

જિનદર્શન મોહનગારા, જિને પાપ કલંક પખારા ॥ જિન૦ ॥ એ આંકણી ॥ પૂજા વસ્ત્રયુગલ શુચિ સંગે. ભાવના મનમેં વિચારા ॥ નિશ્ચયવ્યવહારીતુમ ધર્મે, વરનું આનંદકારા ॥ જિ૦ ॥ ૧ ॥ જ્ઞાન ક્રિયા શુદ્ધ અનુભવ રંગે, કરું વિવેચન સારા ॥ સ્વપર સત્તા ધરું હરૂં સબ, કર્મ કલંક પહારા ॥ જિ૦ ॥ ૨ ॥ કેવલ યુગલ વસન અર્ચિતસેં, માંગત હું નિરાધારા ॥ કલ્પતરૂ તું વંછિત પૂરે, ચૂરે કરમ કઠારા ॥જિ૦ ॥ ૩ ॥ ભવોદધિતારણ પોત મિલા તું, ચિદ્દઘન મંગલકારા ॥ શ્રીજિનચંદ જિનેશ્વર મેરે, ચરણુશરણુતુમધારા ॥જ૦ ॥ ૪ ॥ અજરઅમર અજ અલખ નિરંજન, ભંજન કરમ પહારા ॥ આત્માનંદી પાપનિકંદી, જીવન પ્રાણ આધારા ॥ જિન૦ ॥ ૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ ચતુર્થ ગંધ પૂજા ॥

### ॥ દુહા ॥

ચોથી પૂજા વાસકી, વાસિત ચેતનરૂપ ॥
કુમતિ કુગંધી મિટી ગઈ, પ્રગટે આતમરૂપ ॥ ૧ ॥
સુમતિ અતિ હર્ષિત હુઈ, લાગી અનુભવ વાસ ॥
વાસ સુગંધે પૂજતા, મોહ સુભટકો નાસ ॥ ૨ ॥
કુંકુમ ચંદન મૃગમદા, કુસુમ ચૂર્ણ ઘનસાર ॥
જિનવર અંગે પૂજતાં, લહિયે લાભ અપાર ॥ ૩ ॥

॥ પૂજા ઢાળ ॥ રાગ જંગલો-તાલ પંજાબી ઠેકો ॥
॥ અબ મોહે ડાંગરિયાં—એ દેશી ॥

ચિદાનંદ ઘન અંતરજામી, અબ મોહે પાર ઉતાર ॥ જિનંદજી ॥ અબ૦॥ એ આંકણી ॥ વાસખેપસેં પૂજન કરતાં, જનમ મરણ દુઃખ ટાર ॥ જિ૦ ॥ નિજગુણ ગંધ સુગંધી મહકે, દહે કુમતિ મદ માર ॥ જિ૦ ॥૧॥ જિન પૂજન હી મન અતિ રંગે, ભંગે ભરમ અપાર ॥ જિ૦ ॥ પુદગલ સંગી દુર્ગંધ નાઠો, વરતે જયજયકાર ॥ જિ૦॥૨॥ કુંકુમચંદન મૃગમદ ભેલી, કુસુમ ગંધ ઘનસાર ॥ જિ૦॥ જિનવર પૂજન રંગે રાચે, કુમતિ સંગ સબ છાર ॥ જિ૦ ॥ ૩ ॥ વિજય દેવતા જિનવર પૂજે, જીવાભિગમ મોઝાર ॥ જિ૦ ॥ શ્રાવક તિમ જિન વાસે પૂજે, ગૃહસ્થધર્મકો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાર ॥ જિ૦ ॥ ૪ ॥ સમકિતકી કરણી શુભ વરણી, જિન ગણધર હિતકાર ॥ જિ૦॥ આતમ અનુભવ રંગરંગીલા, વાસ યજનકા સાર ॥ જિ૦ ॥ ૫ ॥

## ॥ પંચમ પુષ્પારોહણ પૂજા ॥

### ॥ દુહા ॥

મન વિકસે જિન દેખાતાં, વિકસિત ફૂલ અપાર ॥
જિન પૂજા એ પંચમી, પંચમી ગતિ દાતાર ॥ ૧ ॥
પંચવરણકે ફૂલસેં, પૂજે ત્રિભુવન નાથ ॥
પંચ વિઘ્ન ભવિ ક્ષય કરી, સાધે શિવપુર સાથ ॥ ૨ ॥

॥ પૂજા ઢાળ ॥ રાગ કહેરબા-તાલ ઠુમરી ॥
॥ પાસ જિનંદા પ્રભુ, મેરે મન વસિયા—એ દેશી ॥

અર્હન્ જિણંદા પ્રભુ મેરે મન વસિયા ॥ એ આંકણી ॥
મોગર લાલ ગુલાબ માલતી, ચંપક કેતકી નિરખી હરસિયા ॥અ૦ ॥ ૧ ॥ કુંદ પ્રિયંગુ વેલિ મચકુંદા, બોલસિરિ જાઈ અધિક દરસિયા ॥ અ૦ ॥ ૨ ॥ જલ થલ કુસુમ સુગંધી મહકે, જિનવર પૂજન જિમ હરિ રસિયા ॥ અ૦ ॥ ૩ ॥ [1]પંચબાણ પીડે નહિ મુઝકો, જબ પ્રભુ ચરણે ફૂલ ફરસિયા ॥ અ૦ ॥ ૪ ॥ જડતા દૂર ગઈ સબ મેરી, પંચ આવરણ ઉખાર ધરસિયા ॥ અ૦ ॥ ૫ ॥ અવર દેવકો આક ધત્તુરા, તુમરે પંચરંગ ફૂલ વરસિયા ॥ અ૦ ॥

૧. કામદેવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ૬ ॥ જિન ચરણે સહુ તપત મિટતે હૈ, આતમ અનુ-
ભવ મેઘ વરસિયા ॥ ૭ ॥

## ॥ ષષ્ઠ પુષ્પમાલ પૂજા ॥

॥ દુહા ॥

છઠ્ઠી પૂજા જિનતણી, ગુંથી કુસુમની માલ ॥
જિન કંઠે થાપી કરી, ટાળિયે દુઃખ જંજાલ ॥ ૧ ॥
પંચવરણ કુસુમે કરી, ગુંથી જિન ગુણ માલ ॥
વરમાલા એ મુક્તિકી, વરે ભક્ત સુવિશાલ ॥ ૨ ॥

॥ પૂજા ઢાલ ॥ રાગ જંગલો–તાલ દીપચંદી ॥
॥ પાર્શ્વનાથ જપત હે જો જન, કરમ ન આવે તો કને રે—એ દેશી ॥

કુસુમ માલસેં જે જિન પૂજે, કર્મકલંક નાસે ભવિ તેરે ॥ કુ૦ ॥ એ આંકણી ॥ નાગ પુન્નાગ પ્રિયંગુ કેતકી, ચંપક દમન કુસુમ ઘને રે ॥ મલ્લિકા નવમલ્લિકા શુદ્ધ જાતિ, તિલક વસંતિક સબ રંગ હે રે ॥ કુ૦ ॥ ૧ ॥ કલ્પ અશોક બકુલ મગદંતી, પાડલ મરુક માલતી લે રે ॥ ગુંથી પંચ-વરણકી માલા, પાપપંક સબ દૂર કરે રે ॥ કુ૦ ॥ ૨ ॥ ભાવ વિચારી નિજ ગુણ માલા ॥પ્રભુસેં આગે અરજ કરે રે॥ સર્વ મંગલકી માલા રોપે, બિઘન સકલ સબ સાથ જરે રે ॥ કુ૦ ॥ ૩ ॥ આતમાનંદી જગગુરુ પૂજી, કુમતિ ફંદ સબ દૂર ભગે રે ॥ પૂરણ પુન્યે જિનવર પૂજે, આનંદરૂપ અનુપ જગે રે ॥ કુસુમ૦ ॥ ૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ સપ્તમ અંગરચના પૂજા ॥

### ॥ દુહા ॥

પાંચ વરણકે ફૂલકી, પૂજા સાતમી માન ॥
પ્રભુ અંગે અંગી રચી, લહીએ કેવલજ્ઞાન ॥ ૧ ॥
મુક્તિવધૂકી પત્રિકા, વરણી શ્રી જિનદેવ ॥
શુદ્ધ તત્ત્વ સમજે સહી, મૂઢ ન જાણે ભેવ ॥ ૨ ॥

॥ પૂજા ઢાળ ॥ તુમ દીનકે નાથ દયાલ લાલ—એ દેશી ॥

તુમ ચિદ્દ્ઘનચંદ આનંદ લાલ, તેરે દર્શનકી બલિહારી ॥ તુમ૦ ॥ ૧ ॥ પંચવરણ ફૂલોંસેં અંગિયાં, વિકસે જ્યું કેસર કયારી ॥ તુમ૦ ॥ ૨ ॥ કુંદ ગુલાબ મરૂક અરવિંદો, ચંપકજાતિ મંદારી ॥ તુમ૦ ॥ ૩ ॥ સોવન જાતિ દમનક સોહે, મન તનુતજિતવિકારી ॥ તુમ૦ ॥ ૪ ॥ અલખનિરંજનજ્યોતિ પ્રકાશે, પુદ્ગલસંગ નિવારી ॥ તુમ૦ ॥ ૫ ॥ સમ્યગ્દર્શન જ્ઞાન સ્વરૂપી, પૂર્ણાનંદ વિહારી ॥ તુમ૦ ॥ ૬ ॥ આતમ સત્તા જબહી પ્રગટે, તબ હી લહે ભવપારી ॥ તુમ૦ ॥ ૭ ॥

## ॥ અટ્ઠમ ચૂર્ણ પૂજા ॥

### ॥ દુહા ॥

જિનપતિ પૂજા આઠમી, અગર ભલા ઘનસાર ॥
સેલારસ મૃગ મદ કરી, ચૂરણ કરી અપાર ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચુન્નારોહણ પૂજના, સુમતિ મન આનંદ ॥
કુમતિ જન ખીજે અતિ, ભાગ્યહીન મતિમંદ ॥ ૨ ॥

॥ પૂજા ઢાળ ॥ રાગ જોગિયો ॥

॥ નાથ મુને છાડકે, ગઢ ગિરનાર તું ગયોરી—એ દેશી ॥

કરમ કલંક દહ્યોરી, નાથ જિન પૂજકે ॥ એ આંકણી ॥ અગર સેલારસ મૃગમદ ચૂરી, અતિ ઘનસાર મહ્યોરી ॥નાથ૦॥ ૧ ॥ તીર્થંકર પદ શાંતિ જિનેશ્વર, જિન પૂજીને ગ્રહ્યોરી ॥ નાથ૦॥ ૨ ॥ અષ્ટકરમ દલ ઉદ્ભટ ચૂરી, તત્ત્વ-રમણકો લહ્યોરી ॥ નાથ૦ ॥ ૩ ॥ આઠોંહી પ્રવચન પાલન શૂરી, દૃષ્ટિ આઠ લહ્યોરી ॥ નાથ૦ ॥૪॥ શ્રદ્ધા ભાસનરમ-ણુતા પ્રગટે, શ્રી જિનરાજ કહ્યોરી ॥ નાથ૦ ॥૫॥ આતમ સહજાનંદ હમારા, આઠમી પૂજા ચહ્યોરી ॥ નાથ૦ ॥૬॥

## ॥ નવમ ધ્વજ પૂજા ॥

### ॥ દુહા ॥

પંચવરણ ધ્વજ શોભતી, ઘૂઘરીનો ઘમકાર ॥
હેમ દંડ મન મોહની, લઘુ પતાકા સાર ॥ ૧ ॥
રણઝણ કરતી નાચતી, શોભિત જિનહર શૃંગ ॥
લહકે પવન ઝકોરસે, બાજત નાદ અભંગ ॥ ૨ ॥
ઇંદ્રાણી મસ્તક લઈ, કરે પ્રદક્ષિણા સાર ॥
સધવા તિમ વિધિ સાચવે, પાપ નિવારણ હાર ॥૩॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ પૂજા ઢાળ ॥

॥ ઠુમરી ઝીંટીની તાલ પંજાબી ઠેકો ॥ આઈ ઇંદ્રિનાર-એ દેશી ॥

આઈ સુંદર નાર, કર કર સિંગાર, ઠાડી ચૈત્ય દ્વાર, મન મોદ ધાર, પ્રભુ ગુણ વિચાર, અઘ સબ ક્ષય કીને। ॥ આઈ૦ ॥ ૧ ॥ જોજન ઉત્તુંગ અતિ સહસ ચંગ, ગઈ ગગન લંધ, ભવિ હરખ સંગ, સબ જગ ઉત્તુંગ, પદ છિન-નમેં લીનોં ॥ આઈ૦ ॥૨॥ જિમ ધ્વજ ઉત્તુંગ, તિમ પદ અભંગ, જિનભક્તિ રંગ,ભવિમુક્તિ મંગ, ચિદ્દઘનઆનંદ, સમતારસ ભીને। ॥ આઈ૦ ॥ ૩ ॥ અબ તાર નાથ, મુઝ કર સનાથ, તજ્યો કુગુરુ સાથ, મુઝ પકડ હાથ, દીનોંકે નાથ, જિનવચન રસ પીને। ॥ આઈ૦॥૪॥ આતમ આનંદ, તુમ ચરણ વંદ, સબ કટત ફંદ, ભયો શિશિર ચંદ, જિન પઠિત છંદ, ધ્વજ પૂજન કીને। ॥ આઈ૦ ॥ ૫ ॥

॥ દશમી આભરણ પૂજા ॥

॥ દુહો ॥

શોભિત જિનવર મસ્તકેં, રયણ મુકુટ ઝલકંત ॥
ભાલ તિલક અંગદ ભુજા, કુંડલ અતિ ચમકંત ॥ ૧ ॥
સુરપતિ જિન અંગે રચે, રત્નાભરણ વિશાળ ॥
તિમ શ્રાવક પૂજા કરે, કટે કરમ જંજાળ ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ પૂજા ઢાળ ॥ રાગ જંગલો, તાલ દાદરો—અંગ્રેજી બાજેકી ચાલ

આનંદ કંદ પૂજતાં, જિનવર ચંદ હું ॥ એ આંકણી ॥
મોતિ જ્યોતિ લાલ હીર, હંસ અંક જ્યું ॥ કુંડલ સુધા-રકરણ મુકુટધાર તું ॥ આ૦ ॥ ૧ ॥ સૂર ચંદ કુંડલે, શોભિત કાન દુ ॥ અંગદ કંઠ કંઠલો, મુણીંદ તાર તું ॥ આ૦॥ ૨ ॥ ભાલ તિલક ચંગ રંગ, ખંગ ચંગ જ્યું ॥ ચમક દમક નંદની, કંદર્પજિત તું ॥ આ૦ ॥ ૩ ॥ વ્યવહાર ભાષ્ય ભાખિયો, જિનંદ બિંબયું ॥ કરે સિંગાર ફાર કર્મ, જાર જાર તું ॥ આ૦ ॥ ૪ ॥ વૃદ્ધિ ભાવ આતમા, ઉમંગકાર તું ॥ નિમિત્ત શુદ્ધ ભાવકા, પિયાર ઠાર તું ॥ આનંદ ॥ ૫ ॥

## ॥ એકાદશ પુષ્પગૃહ પૂજા ॥

### ॥ દુહા ॥

પુષ્પ ધરો મન રંજનો, ફૂલે અદ્ભુત ફૂલ ॥
મહકે પરિમલ વાસના, હરકે મંગલમૂલ ॥ ૧ ॥
શોભિત જિનવર બિંબમેં, જિમ તારામેં ચંદ ॥
ભાવિ ચકોર તન મોદસેં, નિરખી લહે આનંદ ॥ ૨ ॥

॥ પૂજા ઢાળ ॥ રાગ ખમાચ—તાલ પંજાબી ઠેકો ॥
॥ શાંતિ વદનકજ દેખ નયન—એ દેશી ॥

ચંદબદન જિન દેખ નયન મન, અમીરસભીનો રે ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ આંકણી ॥ રાય બેલ નવ મલ્લિકા કુંદ, મોગર તિલક જાતિ મચકુંદ ॥ કેતકી દમણુક સરસ રંગ, ચંપક રસ ભીનો રે ॥ ચં૦ ॥ ૧ ॥ ઇત્યાદિક શુભ ફૂલ રસાળ, ઘર વિરચે મનરંજન લાલ ॥ જાલી ઝરોખા ચિતરી શાલ, સુર મંડપ કીનો રે ॥ ચં૦ ॥ ૨ ॥ ગુચ્છ ઝુમખાં લંબા સાર, ચંદ્રુઆ તોરણુ મનોહાર ॥ ઇંદ્રાભુવનકો રંગધાર, ભવ પાતક છીનો રે ॥ ચં૦ ॥ ૩ ॥ કુસુમાયુધકે મારન કાજ, ફૂલઘરે થાપે જિનરાજ ॥ જિમ લહિયે શિવપુરકો રાજ, સબ પાતક ખીનો રે ॥ ચં૦ ॥૪॥ આતમ અનુભવ રસમેં રંગ, કારણુ કારજ સમજ તું ચંગ ॥ દૂર કરો તુમ કુગુરૂ-સંગ, નરભવ ફલ લીનો રે ॥ ચંદબદન૦ ॥ ૫ ॥

॥ દ્વાદશ પુષ્પવર્ષણુ પૂજા ॥

॥ દુહા ॥

બાદલ કરી વર્ષા કરે, પંચવરણુ સુર ફૂલ ॥
હરે તાપ સબ જગતકો, જાનુદઘન અમૂલ ॥ ૧ ॥

॥ પૂજા ઢાળ ॥ અડિલ છંદ ॥

॥ સત્તરમે ભવે સાત સુપનસૂચિત સતી—એ દેશી ॥

ફૂલપગર અતિ ચંગ, રંગ બાદલ કરી ॥ પરિમલ અતિ મહકંત, મિલે નર મધુકરી ॥ જાનુદઘન અતિ સરસ, વિકચ્યં અધો બીંટ હો ॥ વરસે બાધારહિત, રચે જિમ છીંટ હે ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ રાગ કાફી–તાલ દીપચંદી ॥

॥ સાચા સાહેબ મેરા, ચિંતામણિસ્વામી—એ દેશી ॥

મંગલ જિન નામે, આનંદ ભવિકો ઘણેરા ॥ એ આંકણી ॥ ફૂલ પગર બદરી ઝરી રે, હેઠ બીંટ જિનકેરા ॥ મં૦ ॥ ૧ ॥ પીડારહિત ઢીગ મધુકર ગુંજે, ગાવત જિનગુણ તેરા ॥ મં૦ ॥૨॥ [१]તાપ હરે તિહુંલોકકા રે, જિન ચરણે જસ ડેરા ॥ મં૦ ॥ ૩ ॥ અશુભ કરમ દલ દૂર ગયે રે, શ્રી જિન નામ રટેરા ॥ મં૦ ॥ ૪ ॥ આતમ નિર્મલ ભાવ કરીને, પૂજે મિટત અંધેરા ॥ મંગળ૦ ॥ ૫ ॥

## ॥ ત્રયોદશ અષ્ટમંગલ પૂજા ॥

॥ દુહા ॥

સ્વસ્તિક દર્પણ કુંભ હૈ, ભદ્રાસન વર્દ્ધમાન ॥
શ્રીવચ્છ નંદાવર્ત્ત હૈ, મીનયુગળ સુવિધાન ॥ ૧ ॥
અતુલ વિમલ ખંડિત નહિં, પંચવરણકે શાલ ॥
ચંદ્રાકરણસમ ઉજ્જવલે, યુવતી રચે વિશાલ ॥ ૨ ॥
અતિ સલક્ષણ તંદુલે, લેખી મંગલ આઠ ॥
જિનવર અંગે પૂજતાં, આનંદ મંગલ ઠાઠ ॥ ૩ ॥

॥ પૂજા ઢાળ ॥ શ્રી રાગ–જિનગુણગાન શ્રુતિ અમૃતં —એ દેશી ॥

મંગલ પૂજા સુરતરુકંદ ॥ એ આંકણી ॥ સિદ્ધિ આઠ આનંદ પ્રપંચે આઠ, કરમના કાટે ફંદ ॥ મં૦ ॥ ૧ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠો મદ ભયે છિનકમેં દૂરે, પૂરે અડગુણુ ગયે સબ ધંદ ॥ મં૦ ॥ ૨ ॥ જો જિન આઠ મંગલશું પૂજે, તસ ઘર કમલા કેલિ કરંદ ॥ મં ૦ ॥ ૩ ॥ આઠ પ્રવચન સુધારસ પ્રગટે, સૂરિ સંપદા અતિહિ લહંદ ॥ મં૦ ॥૪॥ આતમ અડગુણુ ચિદ્દઘન રાશિ, સહજ વિલાસી આતમ ચંદ ॥ મંગલ પૂજા૦ ॥ ૫ ॥

## ચતુર્દશ ધૂપ પૂજા

॥ દુહા ॥

મૃગમદ અગર સેલારસ, ગંધવટ્ટી ઘનસાર ॥
કૃષ્ણાગર શુદ્ધ કુંદરુ, ચંદન અંબર ભાર ॥ ૧ ॥
સુરભિ દ્રવ્ય મિલાય કે, કરે દશાંગ જ ધૂપ ॥
ધૂપધાણામેં લે કરી, પૂજે ત્રિભૂવન ભૂપ ॥ ૨ ॥

॥ પૂજા ઢાળ ॥ રાગ પીલુ-તાલ દીપચંદી ॥

મેરે જિનંદકી ધૂપસેં પૂજા, કુમતિ કુગંધી દૂર હરી રે ॥ મેરે૦ ॥ એ આંકણી ॥ રોગ હરે કરે નિજ ગુણુ ગંધી, દહે જંજીર કુગુરુકી બંધી ॥ નિર્મળ ભાવ ધરે જગ ધંદી, મુઝે ઉતારો પાર, મેરે કિરતાર, કે અઘ સબ દૂર કરી ॥ મેરે૦ ॥ ૧ ॥ ઉર્ધ્વગતિ સૂચક ભવિ કેરી, પરમબ્રહ્મ તુમ નામ જપેરી ॥ ॥ મિથ્યાવાસ દુઃખરાશિ ઝરે રી, કરો નિરંજનનાથ, મુક્તિકા સાથ, કે મમતા મૂલે જરી રે ॥ મેરે૦॥૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધૂપસેં પૂજા જિનવર કેરી, મુક્તિ વધુ ભઈ છિનકમેં ચેરી ॥ અબ તો કયોં પ્રભુ કીની દેરી, તુમહી નિરંજન રૂપ, ત્રિલોકી ભૂપ, કે વિપદા દૂર કરી રે ॥ મેરે૦॥૩॥ આતમ મંગલ આનંદકારી, તુમરી ચરણુ સરણુ અબ ધારી ॥ પૂજે જેમ હરિ તેમ અગારી, મંગલ કમલા કંદ, શરદકા ચંદ, કે તાપ સબ દૂર હરિ રે ॥ મેરે જિનકી૦ ॥૪॥

॥ પંચદશ ગીતપૂજા ॥

॥ દુહા ॥

ગ્રામ ભલે આલાપીને, ગાવે જિનગુણ ગીત ॥
ભાવે શુધ્ધ જ ભાવના, જાચે પરમ પુનીત ॥ ૧ ॥
ફલ અનંત પંચાશકે, ભાખે શ્રી જગદીશ ॥
ગીત નૃત્ય શુધ્ધ નાદસેં, જો પૂજે જિમ ઈશ ॥ ૨ ॥
તીન ગ્રામ સ્વર સાતસેં, મૂર્ચ્છના એકવીશ ॥
જિન ગુણ ગાવે ભક્તિશું, તાર તીસ ઓગણીશ ॥ ૩ ॥

॥ પૂજા ઢાળ ॥ રાગ સોહણી–ઠેકા પંજાબી ॥

જિનગુણ ગાવત સુરસુંદરી ॥ એ આંકણી ॥ ચંપકવરણી સુર મનહરણી, ચંદ્રમુખી શૃંગાર ધરી ॥ જિન૦ ॥ ॥ ૧ ॥ તાલ મૃદંગ બંસરી મંડલ, તેણુ ઉપાંગ ધુની મધુરી ॥ જિન૦ ॥ ૨ ॥ દેવકુમાર કુમારી આલાપે, જિન ગુણ ગાવે ભક્તિ ભરી ॥ જિન૦॥૩॥ નકુલ મુકુંદ વીણુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતિ ચંગી, તાલ છંદ આયતિ સિમરી ॥ જિન૦ ॥ ૪ ॥ અલખ નિરંજન જ્યોતિ પ્રકાશી, ચિદાનંદ સત રૂપ ધરી ॥ જિન૦ ॥ ૫ ॥ અજર અમર પ્રભુ ઇશ શિવંકર, સર્વ ભયંકર દૂર હરી ॥ જિન૦ ॥ ૬ ॥ આતમ રૂપ આનંદ-ઘન સંગી, રંગી જિનગુણ ગીત કરી ॥ જિન૦ ॥ ૭ ॥

## ॥ ષોડશ નાટક પૂજા ॥

### ॥ દુહા ॥

નાટક પૂજા સોલમી, સજિ સોલે શણગાર ॥
નાચે પ્રભુની આગળે, ભવનાટક સબ ટાર ॥ ૧ ॥
દેવ કુમાર કુમરી મિલી, નાચે એકશત આઠ ॥
રચે સંગીત સુહાવના, બત્તીસ વિધકા નાટ ॥ ૨ ॥
રાવણ ને મંદોદરી, પ્રભાવતી સૂરિયાભ ॥
દ્રૌપદી જ્ઞાતા અંગમેં, લીયો જન્મકો લાભ ॥ ૩ ॥
ટાળો ભવ નાટક સવી, હે જિન ! દીન દયાળ ॥
મિલ કર સુર નાટક કરે, સુધર બજાવે તાલ ॥ ૪ ॥

॥ પૂજા ઢાળ ॥ રાગ કલ્યાણ ॥ તાલ દાદરો ॥

નાચત સુર વૃંદ છંદ, મંગલ ગુનગારી ॥ એ આંકણી ॥ કુમર કુમરી કર સંકેત, આઠ શત મિલ ભમરી દેત ॥ મંદ તાર રણરણાટ, ઘુઘરૂ પગ ધારી ॥ ના૦ ॥ ૧ ॥ બાજત જિહાં મૃદંગ તાલ, ધપ મપ ધુધુમકિટ ધમાલ ॥ રંગ ચંગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રંગ દ્રંગ, ત્રોં ત્રોં ત્રિક તારી ॥ ના૦ ॥ ૧ તાતા થેઇ થેઇ તાન લેત, મુરજ રાગ રંગ દેત ॥ તાન માન ગાન જાન, કિટ નટ ધુનિધારી ॥ ના૦ ॥ ૩ ॥ તું જિનંદ શિશિર ચંદ, મુનિરાજ સબ તાર વૃંદ ॥ મંગલ આનંદ કંદ, જય જય શિવચારી ॥ ના૦ ॥ ૪ ॥ રાવણુ અષ્ટાપદ ગિરિંદ, નાચ્યો સબ સાજ સંગ ॥ બાંધ્યો જિનપદ ઉત્તંગ, આતમ હિતકારી ॥ નાચત૦ ॥ ૫ ॥

॥ સપ્તદશ વાજિંત્ર પૂજા ॥

॥ દુહા ॥

તત વિતત ધન ઝુસરે, વાદ્ય ભેદ એ ચાર ॥
વિવિધ ધ્વનિકર શોભતી, પૂજા સત્તરમી સાર ॥ ૧ ॥
સમવસરણુમેં વાજિયા, નાદતણા ઝંકાર ॥
ઢોલ દદામા દુંદુભી, ભેરી પણુવ ઉદાર ॥ ૨ ॥
વેણુ વીણા કિંકિણી, ષડ્ ભ્રામરી મરદંગ ॥
ઝલ્લરી ભંભા નાદશું, શરણાઈ મુરજંગ ॥ ૩ ॥
પંચ શબ્દ વાજે કરી, પૂજા શ્રી અરિહંત ॥
મનવાંછિત ફળ પામિયે, લહિયે લાભ અનંત ॥ ૪ ॥

॥ પૂજા ઢાળ ॥ રાગ જંગલો—તાલ ઠમરીકી ॥
॥ મન મોહ્યો જંગલકી હરણાને—એ દેશી ॥

ભવિ નંદો જિનંદ જસ વરણીને ॥ એ આંકણી ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીણુ કહે જગ તું ચિર નંદી, ધન ધન જગ તુમ કરણીને ॥ ભવિ૦ ॥૧॥ તું જગનંદી આનંદ કંદી, તબલી કહે ગુણ વરણીને ॥ ભવિ૦ ॥૨॥ નિર્મલ જ્ઞાન વચન મુખ સાચે, તૂણુ કહે દુઃખ હરણીને ॥ ભવિ૦ ॥ ૩ ॥ કુમતિ પંથ સબ છિનમેં નાસે, જિનશાસન ઉદ્દેધરણીને ॥ ભવિ૦ ॥૪॥ મંગલ દીપક આરતી કરતાં, આતમ ચીત્ત શુભ ભરણીને ॥ ભવિ૦ ॥ ૫ ॥

॥ કળશ ॥ રેખતા

જિણંદ જસ આજ મેં ગાયો, ગાયો અઘ દૂર મો મનકો ॥ શત શત અઠ કાવ્ય હૂ કરકે, થુણે સબ દેવ દેવનકો ॥ જિ૦॥ ૧ ॥ તપગચ્છ ગગન રવિ રૂપા, હુઆ વિજય-સિંહ ગુરુ ભૂપા ॥ સત્ય કર્પૂર વિજયરાજા, ક્ષમા જિન ઉત્તમ તાજા ॥ જિ૦ ॥ ૨ ॥ પદ્મ ગુરુ રૂપ ગુણભાજા, કીર્તિ કસ્તૂર જગ છાજા ॥ મણિબુદ્ધિ જગતમેં ગાજા, મુક્તિ ગણિ સંપ્રતિ રાજા ॥ જિ૦ ॥ ૩ ॥ વિજય આનંદ

૯ ૧ ૯ ૧

લઘુ નંદા, નિધિ શશિ અંક હૈ ચંદા (૧૯૧૯) ॥ અંબાલે નગરમેં ગાયો, નિજાતમ રૂપ હું પાયો ॥ જિનંદ૦॥૪॥

॥ ઇતિ શ્રી આત્મારામજી ( વિજયાનંદસૂરિ) કૃત સત્તરભેદી પૂજા સમાપ્ત ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આચાર્ય મહારાજશ્રી બુદ્ધિસાગરસૂરિજી

## કૃત વાસ્તુક પૂજા

### ॥ વિધિ ॥

હરેક વસ્તુ પાંચ પાંચ લેવી. અષ્ટપ્રકારી પૂજાનો સામાન લેવો, આઠ સ્નાત્રિયા કરવા.

એક કળશ ગ્રહણ કરે, બીજો કેશરની વાટકી ગ્રહણ કરે, ત્રીજો ફૂલનો હાર વા છૂટાં ફૂલ ગ્રહણ કરે, ચોથો ધૂપ, પાંચમો દીપક, છઠ્ઠો રકાબીમાં અક્ષતનો સ્વસ્તિક લઈને ઊભો રહે, સાતમો નૈવેદ્ય લઇ ઊભો રહે, અને આઠમો ફળ લઈ ઊભો રહે, હરેક પૂજાએ અભિષેક કરી પૂજા કરવી.

૫ કળશ, ૫ કેશરની વાટકી, ૫ ફૂલના હાર, ૧ ધૂપધાણું, ૫ દીપક, ૫ ચોખાના સાથીઆ, ૫ નૈવેદ્ય, ૫ ફળ.

વાસ્તુક પૂજા જે ઘરે કરે અને તેમાં પ્રવેશ કરે તે ભણાવે, તેને ઘેર આ પૂજા ભણાવતાં આનંદ મંગળ થાય. રોગ, શોક, વહેમ સર્વે નાશ પામે, કુંભની સ્થાપના કરી દીવો કરી, નવસ્મરણ ભણવાં, શક્તિ હોય તો સ્નાત્રિયાને જમાડવા, કન્યાઓ ઇંદ્રાણિઓ થાય તો કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ પ્રથમ પુજા ॥

॥ દુહા ॥

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, ત્રેવીશમા જિનરાય ॥
ધરણેંદ્ર પદ્માવતી, પૂજે જેહના પાય ॥ ૧ ॥
પાર્શ્વ યક્ષ જસ શોભતો, સેવા કરે ચિત્ત લાય ॥
પુરિસાદાણી પાર્શ્વનાથ, ધ્યાતાં શિવસુખ થાય ॥૨॥
વાસ્તુક પૂજા ધરતણી, કરતાં સુખ વિશાળ ॥
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપજે, હોવે મંગલમાળ ॥ ૩ ॥
પંચ પંચ વસ્તુ થકી, શંખેશ્વર પ્રભુ પાસ ॥
પૂજો ભવિ ભાવે કરી, સફળ હોવે મન આશ ॥૪॥
ચિંતામણી સમ પાર્શ્વનાથ ૧પાર્શ્વમણિસમ નામ॥
ધ્યાતાં ગાતાં પ્રાણીનાં, સીઝે સઘળા કામ ॥ ૫ ॥

॥ મલ્લિજિન વંદીએ ભવિ ભાવે રે—એ દેશી ॥

શંખેશ્વર પાસ પ્રભુ નિત્ય ગાવો રે, શાશ્વત શિવ-કમળા પાવો ॥ શંખેશ્વર૦ ॥ કાશીદેશ વાણારસી ગામ રે, વિશ્વસેન રાજા અભિરામ રે ॥ વામા માતા સુખ વિશ્રામ ॥ શંખે૦॥૧॥ પ્રભુ માતા કૂખે જબ આયા રે, ઇંદ્ર ચોસઠ સૂરગિરિ લાયા રે ॥ સુરાસુર મનમાં હરખાયા ॥ શંખે૦ ॥ ૨ ॥ એક લાખ ને સાઠ હજાર રે, આઠ જાતિ કળશ મનોહાર રે ॥ પ્રભુ ન્હવણ કરે જયકાર ॥ શંખે૦॥૩॥

૧ પારસમણિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇંદ્રાણીયો હસતી ગાતીરે, જિનદર્શન કરી હરખાતી રે ॥ નાટક કરી મનમાં માતી ॥ શંખે૦ ॥ ૪ ॥ એવા પાર્શ્વ પ્રભુ ઘર લાવો રે, શુભસિંહાસન પધરાવોરે ॥ પ્રભુ ન્હવણ કરી સુખ પાવો ॥ ॥ શંખે૦ ॥ ૫ ॥ રોગ શોગ સહુ દૂર નાસે રે, પ્રભુશ્રદ્ધા મનમાં વાસે રે ॥ શાશ્વતપદ બુદ્ધિ ભાસે ॥ શંખે૦ ॥ ૬ ॥

॥ મંત્રઃ—ઓં નમો ભગવતે શ્રી શંખેશ્વરનાથાય હ્રીં ધરણેંદ્રપદ્માવતીસહિતાય જન્મજરામૃત્યુનિવારણાય ક્ષુદ્રોપદ્રવશમનાય જલં, ચંદનં, પુષ્પં ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં, યજામહે સ્વાહા ॥

## ॥ દ્વિતીય પૂજા ॥

### ॥ દુહા ॥

સ્નાત્ર ભણાવી પાર્શ્વનું, પૂજા કીજે સાર ॥
પૂજક પૂજ્યની પૂજના, સમજીજે સુખકાર ॥ ૧ ॥
બેઉ પાસે વીંઝીએ, ચામર ચારુ ઉમંગ ॥
દર્પણ પ્રભુ આગળ ધરો, હોવે જય જયરંગ ॥૨ ॥

॥ સુતારીના બેટા તુને વિનવું રે લોલ—એ દેશી ॥

પ્રભુ પાર્શ્વ જિનેશ્વર ગાઇએ રે લાલ, શ્રી શંખેશ્વર પ્રભુ નામ જો ॥ તુજ નામથી નવનિધિ સંપજે રે લોલ, મન વિંછિત સીઝે કામ જો,નામ રૂડું શંખેશ્વર પાસનું રે લોલ ॥ મિથ્યાત્વદશા દૂર થાય જો, શુદ્ધ શ્રદ્ધા હૃદય પ્રગટાય જો ॥ નામ રૂડું ૦ ॥ ૧ ॥ પૂજા વાસ્તુક દોય પ્રકારની રે લોલ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુભ અશુભ ભેદે કહાય જો ।। દ્રવ્ય વાસ્તુક પૂજાના એ કહ્યા રે લોલ, તેહ હરખે કહું ચિત્ત લાય જો ।। નામ૦ ।। ૨ ।। ઘર મહેલ કરાવી તેડિયે રે લોલ, બ્રાહ્મણ હોમાદિક વાસ જો ।। વેદ ગાયત્રી મંત્ર ભણાવીએ રે લોલ, બ્રાહ્મણ જમાડીએ ખાસ જો ।। નામ ૦ ।। ૩ ।। દેવદેવી બ્રહ્માદિક પૂજીયે રે લોલ, પાડા બુદ્ધિએ કોળુ કપાય જો ।। મરી નરકતણાં દુઃખ ભોગવે રે લોલ, મિથ્યા વાસ્તુક પૂજામાં પાપ જો ।। નામ૦।। ।।૪।। ફલશ્રીફલ પ્રમુખને હોમતાં રે લોલ, પંચેદ્રિય હિંસા થાય જો ।। અપમંગલ એહ ખરૂં કહ્યું રે લોલ, અશુભ વાસ્તુક પૂજા કહાય જો ।। નામ૦ ।। ૫ ।। શુભ વાસ્તુક પૂજા વર્ણવું રે લોલ, જેનું રૂડું વિશાળ સ્વરૂપ જો ।। બુદ્ધિ શાશ્વત સંપદા પામીએ રે લોલ, પાસ નામ તે મંગલ-રૂપ જો ।। નામ રૂડું ।। ૬ ।।

।। મંત્રઃ- ૐ નમો ભ૦ શ્રી જલ૦ ચંદનં૦ યજામહે સ્વાહા ।।

## ।। તૃતીય પૂજા ।।

### ।। દુહા ।।

શુભ વાસ્તુક પૂજા કહું, આણી અતિશય ભાવ ।।
સ્વર્ગાદિક સુખ પામીએ, હોવે શિવસુખ દાવ ।। ૧ ।।
દેવ તે અરિહંત જાણીએ, દોષ રહિત અઢાર ।।
ગુરુ સુસાધુ મહાવ્રતી, પાળે પંચાચાર ।। ૨ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનવર ભાષિત સત્ય છે, જૈન ધર્મ જગ જોય ॥
સુખદુઃખ હોવે કર્મથી, અવર ન કર્તા કોય ॥ ૩ ॥

॥ અનિહાંરે ન્હવણ કરો જિનરાજને રે—એ દેશી ॥

અનિહાં રે વાસ્તુક પૂજા શુભ કીજીએ રે, તજી અવર દેવની આશ ॥ સુપાત્રે દાન દીજીએ રે, સૂત્ર શ્રવણરુચિ અભિલાષ ॥ શ્રી શંખેશ્વર પ્રભુ પાસજી રે ॥ ૧ ॥ ભવિ ભાવે દ્રવ્યાર્થિક નયે કરી રે, શાશ્વત છે લોકાલોક ॥ કર્તા તેહનો કો નહિ રે, કિમ કર્તા માનિયે ફોક ॥ શ્રીશંખે૦ ॥૨॥ ઉર્ધ્વ અધો અને તિર્છાલોકની રે, સ્થિતિ છે અનાદિ અનંત ॥ કર્તા તેહનો કો નહિ રે, ઇમ ભાખે શ્રી ભગવંત ॥ શ્રી શંખે૦ ॥ ૩ ॥ નવતત્ત્વ ષડ્દ્રવ્ય છે નિત્ય શાશ્વતાં રે, દ્રવ્ય ગુણ પર્યાય રૂપ ॥ દો ભેદે જીવ દાખિયો રે, તસ લક્ષણ છે ચિદ્રુપ ॥ શ્રીશંખે૦ ॥૪॥ પરિણામી પુદ્ગલ જીવ દો જાણીએ રે, અનાદિ સંબંધ વિચાર ॥ કર્તા કર્મનો આતમા રે, તેમ ભોક્તા હૃદયે ધાર ॥ શ્રી શંખે૦ ॥ ૫ ॥ શુભાશુભ કર્મ ગ્રહી ભોગી આતમા રે, વેદે શાતા અશાતા દોય ॥ દેવ મનુજ નારક તિરિ રે, ચઉગતિમાં ભટકે જોય ॥ શ્રીશંખે૦ ॥૬॥ જીવે કીધાં પુણ્ય પાપ તે ભોગવે રે, પર પુદ્ગલ સંગે ખાસ ॥ રાચ્યો માચ્યો પુદ્ગલમાં વસ્યો રે, બન્યો પુદ્ગલનો જીવ દાસ ॥ શ્રી શંખે૦ ॥ ૭ ॥ પ્રભુ પૂજા કરતાં પ્રાણિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખ લહે રે નાસે કર્માષ્ટક પાસ ।। સામિવચ્છલ નવકારશી રે, હેતુ સુખનાં દીસે ખાસ ।। શ્રી શંખે૦ ।। ૮ ।। શુભ ભાવે નૈવેદ્ય થાળમાં મૂકીને રે, પ્રભુ આગળ ધરીએ ચંગ ।। રત્નત્રયી કમળા વરે રે, બુદ્ધિ શાશ્વત પદરંગ ।।શ્રી શંખે૦ ।।૯।।

**।। મંત્રઃ ।। ૐ નમો ભ૦ શ્રી૦ પાર્શ્વનાથાય જલં૦ ચંદન૦ યજામહે સ્વાહા ।।**

**।। ચતુર્થ પૂજા ।।**

**।। દુહા ।।**

શરીર પુદ્ગલમાં વસ્યો, પુદ્ગલ માની ગેહ ।।
પરભવ સાથ ન આવતું, ક્ષણમાં નાશી તેહ ।। ૧ ।।
દેહ અનંતા છંડિયા, ભટકી આ સંસાર ।।
લાખ ચોરાશી હું ભમ્યો, તાર તાર પ્રભુ તાર ।। ૨ ।।

**।। સાંભળજો મુનિ સંયમ રાગે, ઉપશમ શ્રેણી ચઢાવ્યા રે–એ દેશી ।।**

શ્રીશંખેશ્વર પાર્શ્વ પ્રભુ નિત્ય, મનમંદિરમાં ધરીએ રે ।। ધ્યાવી ગાવી પાપ ગુમાવી, શ્રધ્ધા સમકિત વરીએ રે ।। શ્રી શંખે૦ ।। ૧ ।। યાદવલોકની જરા નિવારી, ષડ્દર્શન વિખ્યાત રે ।। વામાનંદન જગજનવંદન, નમતાં પાવન ગાત્ર રે ।। શ્રી શંખે૦ ।।૨।। પર પરિણતિથી અષ્ટકર્મ ગ્રહી, પરભોગી પરકર્તા રે ।। અતુલબળી કર્મ પિંજરમાં, વસિયો નિજ ગુણ ધર્તા રે ।। શ્રી શંખે૦ ।।૩।। ઔદારિક વૈક્રિય આહારક, તૈજસ કાર્મણ પંચ રે ।। પંચ શરીર ઘર માની વસિયો, કરતો કર્મનો સંચ રે ।। શ્રી શંખે૦ ।। ૪ ।। સુરા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાની બકતો ફરે વળી, ધત્તુર ભક્ષક જેમ રે ॥ અવળી પરિણુતિથી આ આતમ, સ્વરૂપ ભૂલ્યો તેમ રે ॥ શ્રી-શંખે૦ ॥ ૫ ॥ ભવમાં ભમતાં પુણ્યોદયથી, સદ્‌ગુરુ સહેજે મળીયા રે ॥ બુધ્ધિ શિવ સુખ પામે અવિચળ, સકલ મનોરથ ફળિયા રે ॥ શ્રી૦ ॥ ૬ ॥

**॥ મંત્રઃ ॥ ૐ નમો ભગવતે શ્રી જલં૦ ચંદનં૦ યજામહે સ્વાહા ॥**

## ॥ પંચમ પૂજા ॥

### ॥ દુહા ॥

સદ્‌ગુરૂ પંચ મહાવ્રતી, પંચ મહાવ્રત ધાર ॥
ભાવથી વાસ્તુક પૂજના, કહેવે અતિ સુખકાર ॥૧॥
પુદ્‌ગલ દ્રવ્યથી ભિન્ન છે, અચલ અમલ ગુણવાન્ ॥
શુધ્ધ બુધ્ધ પરમાતમા, ચિદાનંદ ભગવાન ॥ ૨ ॥
ઘર આતમનું ઓળખ્યું, જેનો રૂડો મહેલ ॥
વાસ ખરો મુજ એહમાં, વસતાં શિવસુખ સહેલ ॥૩॥

**॥ નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર—એ દેશી ॥**

વાસ્તુક ભાવપૂજા નિજ ભાવે, ચેતનની શુધ્ધ દાખી રે ॥ વાસ વસે ચેતન જે મધ્યે, તેહની પૂજા ભાખી રે ॥ શ્રી શંખેશ્વર પાસજી ગાવો ॥૧ ॥ અસંખ્ય પ્રદેશ આતમના જાણો, શુદ્ધ વાસ જીવ જોય રે ॥ ગુણપર્યાય સ્વભાવ અનંતા, એકેક પ્રદેશે જોય રે ॥ શ્રી શંખે૦ ॥ ૨ ॥ જ્ઞાતા જ્ઞેય ને જ્ઞાન ત્રિભંગી, આતમમાંહી સમાય રે ॥ અસ્તિ નાસ્તિ સ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મકાલે સાધે, એવો આતમરાય રે ॥ શ્રી શંખે૦ ॥ ૩ ॥ ધર્મ ને પુદ્ગલાકાશ, તેહ તણા પ્રદેશ રે ॥ ગુણપર્યાય ધર્મ તસ કેરા, નહિ એક જીવ ગુણ લેશ રે ॥ શ્રી શંખે૦ ॥ ૪ ॥ શુદ્ધ બુદ્ધ પરમાત્મ સ્વરૂપ, અવ્યાબાધ અભંગ રે ॥ અવિનાશી અકલંક અભોગી, ભોગી અયોગી અસંગ રે ॥ શ્રી શંખે૦ ॥૫॥ નિત્યાનિત્ય ને એકાનેક, સદ્ગતભાવ વિચાર રે ॥ વક્તવ્યાવક્તવ્ય એ આઠ, પક્ષતણો આધાર રે ॥ શ્રી શંખે૦ ॥૬॥ શુદ્ધસ્વરૂપી જ્ઞાનાનંદી, ચેતન વાસ કહાય રે ॥ સુખ અનંતું ચેતન ઘરમાં, વચન અગોચર થાય રે ॥ શ્રી શંખે૦ ॥૭॥ આત્મા થકી છૂટે જબ કર્મ, તબ પામે શિવ સ્થાન રે ॥ શાશ્વત અમલ અચલપદ ભાવે, વાસ્તુકપૂજા માન રે ॥ શ્રી શંખે૦ ॥૮॥ એણીપેરે વાસ્તુકપૂજા કરશે, તે તરશે સંસાર રે ॥ બુદ્ધિસાગર ક્ષાયિક સમકિત, પામી લહે ભવપાર રે ॥ શ્રી શંખેશ્વર૦ ॥ ૯ ॥

॥ અથ કળશ ॥

ગાઈ ગાઈ રે એ વાસ્તુક પૂજા ગાઈ, અચલ અમલ અભંગ મહોદય, શુદ્ધ સત્તા નિજ ધ્યાયી ॥ સમકિતદાયક હેતે પૂજા, કરતાં હર્ષ વધાઈ રે ॥ એ વાસ્તુક પૂજા ગાઈ ॥ ૧ ॥ મિથ્યા પરિણતિ નાશક તારક, આત્મ સ્વભાવે સુહાઈ ॥ પરમાતમપદ પ્રાપ્તિકારક, સુખકર સમકિત દાઈ રે ॥ એ વાસ્તુક૦ ॥૨॥ ધરણેંદ્ર પદ્માવતી દેવી, જેહની સારે સેવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ સુરપતિ યતિ નતિ ભૂપતિ પૂજિત, શ્રી શંખેશ્વર દેવ રે ॥ એ વાસ્તુક૦ ॥ ૩ ॥ તાસ પસાયે પૂજા રચિયે, હર્ષ અતિ દિલ લાઈ ॥ જયજય મંગલમાળા કમળા, આતમમાં પ્રગટાઈ રે ॥ એ વાસ્તુક૦ ॥ ૪ ॥ જન્મભૂમિ વિજાપુર ગામે, માસ કલ્પ કરી સાર ॥ માઘ શુકલ બારસ દિન રચતાં, સંઘમાં હર્ષ અપાર રે ॥ એ વાસ્તુક૦ ॥ ૫ ॥ વિદ્યાદાયક ધર્મ સહાયક, ગંભીર શ્રદ્ધાવંત ॥ દોશી નથુભાઈ મંછારામ, હેતે એહ રચંત રે ॥ એ વાસ્તુક૦ ॥૬॥ શેઠ છગનલાલ બેચર કાજે, કીધી રચના ભાવે ॥ સંઘ સકલમાં આનંદ મંગળ, ઋદ્ધિ વૃદ્ધિ સુખ થાવે રે ॥ એ વાસ્તુક૦ ॥ ૭ ॥ તપગચ્છ મંડન હીરવિજયસૂરિ, જસગુણ સુરનર ગાયા ॥ તાસ શિષ્ય શ્રી સહેજસાગરજી, ઉપાધ્યાય કહાયા રે ॥ એ વાસ્તુક૦ ॥૮॥ પાટપરંપર નેમસાગરજી, ક્રિયાવંત મહંત ॥ તાસ શિષ્ય શ્રી રવિસાગરજી, વૈરાગી ગુણવંત રે ॥ એ વાસ્તુક૦ ॥૯॥ સંવેગી આતમ ગુણરંગી, સુખસાગર ગુરુ રાયા ॥ ગામો ગામ વિહાર કરંતા, વિદ્યાપુરમાં આયા રે ॥ એ વાસ્તુક૦ ॥૧૦॥ ચઢતે ભાવે હર્ષ ઉલ્લાસે, કીધી રચના એહ ॥ ભવ્યજીવને અમૃત સમ એ, ચાતકને જેમ મેહ રે ॥ એ વાસ્તુક૦ ॥૧૧॥ શાંતિ તુષ્ટિ સુખ સંપદા થાવે, રોગ શોગ દૂર જાય ॥ બુદ્ધિસાગર શાશ્વતપદ લહી, મુક્તિવધૂ સુખ પાય રે ॥ એ વાસ્તુક૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥૧૨॥ શ્રી શંખેશ્વર પાસ પ્રભુજી, ગાતાં સુખ વિશાળ ॥ શ્રી વિદ્યાપુર સકળ સંઘમાં, હોવે મંગલ માળ રે ॥ એ વાસ્તુક૦ ॥૧૩॥

॥ મંત્ર—ૐ નમો ભગવતે જલં૦ ચંદનં૦ યજામહે સ્વાહા ॥

॥ ઇતિ શ્રી બુદ્ધિસાગરસૂરિજીકૃત વાસ્તુક પૂજા સમાપ્ત ॥

# વાચનાચાર્ય શ્રીમદ્ વિજયમાણિક્યસિંહ—સૂરીશ્વરજી મહારાજ વિરચિત

## ॥ શ્રી વાસ્તુક પૂજા ભણાવવાની વિધિ ॥

સર્વ વસ્તુ પાચ પાંચ લાવીએ, અષ્ટ દ્રવ્ય લાવવાં, આઠ સ્નાત્રિયા કરવા, એક કળશ લઈ ને ઊભો રહે, બીજો કેશરચંદનની વાટકી, ત્રીજો ફૂલ, ચોથો ધૂપ, પાંચમો દીવો, છઠ્ઠો અક્ષત—ચોખા, સાતમો નૈવેદ્ય અને આઠમો ફલ લઈ ને ઊભો રહે, પછી પહેલી પૂજા ભણાવી, કાવ્ય મંત્ર ભણી, પ્રભુને જલ સ્નાત્ર કરી, ચંદન વડે પૂજી, ફૂલ ચઢાવી, ધૂપ ઉખેવિયે. એમ અષ્ટ દ્રવ્યથી પૂજીયે. એ રીતે પાંચ પૂજાઓ ભણાવીયે. પૂજા ભણાવ્યા પછી આરતિ મંગલ દીવો કરીયે, જે ઘેર વાસ્તુક કરવાનું હોય, તે નવા ઘરમાં શુભમુહૂર્તે કુંભસ્થાપના કરી, સાત સ્મરણ ગણવાં. પછી પૂજા ભણાવવી. શક્તિ હોય તો સ્નાત્રિયાને જમાડવા.

॥ ઈતિ શ્રી વાસ્તુક પૂજા ભણાવવાનો સંક્ષેપ વિધિ :

# વાચનાચાર્ય શ્રી વિજયમાણિક્યસિંહ સુરિકૃત ॥ શ્રી વાસ્તુકપૂજા પ્રારંભ ॥

॥ દુહા ॥

સ્વસ્તિ શ્રી સુખ સંપદા, દાયક દેવ દયાલ ॥
વિશ્વંભર શાંતિ વિભુ, વંદુ ભાવ વિશાલ ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમરી સારદ [1]શારદા, પ્રણમી સદ્‍ગુરુ પાય ॥
[2]વર વાસ્તુક પૂજા રચું, દિવ્ય [3]મહોદય દાય ॥ ૨ ॥
પાવન વાસ્તુક પૂજના, કરવા [4]વાંછિત કામ ॥
વંદન [5]માલિકાદિકે, શણગારી જિન [6]ધામ ॥ ૩ ॥
પીઠ ત્રિક ઉપર ઠવી, સિંહાસન શ્રીકાર ॥
પધરાવી શાંતિ પ્રભુ, અરચો ભાવ ઉદાર ॥ ૪ ॥
જલ ચંદન [7]સુમ ધૂપની, દીપક અક્ષત સાર ॥
[8]શોભાન ભોજન ફલ તણી, પૂજા અષ્ટ પ્રકાર ॥ ૫ ॥

## ॥ અથ પ્રથમ પૂજા ॥

### ॥ દુહા ॥

શાંતિનાથ જિન સોલમા, શાંતિ કારક સાર ॥
પૂરણ પ્રેમે પૂજતાં, વરિયે સુખ વિસ્તાર ॥ ૧ ॥

### ॥ ઢાળ ॥

॥ નાગર વેલીઓ રોપાવ, તારા રાજ મહેલોમાં–એ દેશી ॥

[9]મંજુલ સિંહાસન મંડાવ, તારા નવીન [10]આવાસે
॥ પાવન શાંતિ પ્રભુ પધરાવ, તારા નવીન પ્રાસાદે ॥ એ

---

૧. સરસ્વતી. ૨. સુન્દર. ૩. મોટો ઉદય. ૪. ઇચ્છિત ફલ પામવા માટે. ૫. તોરણ પ્રમુખ. ૬. ઘર. ૭. ફૂલ. ૮. સુંદર. ૯. સુંદર. ૧૦. ઘરમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટેક ॥ નિર્મલ નીરે ન્હવરાવી, ચંદન ચરચી પુષ્પ ચઢાવી ॥ ધૂપ સુગંધિત સરસ ધરાવ, તારા નવીન પ્રાસાદે ॥ મંજુલ૦ ॥ ૧ ॥ લાવી [1]ગવરીનું ઘી તાજુ, [2]બંધુર દીપક જમણી બાજુ ॥ પરમ [3]પ્રમોદ ધરી પ્રગટાવ, તારા નવીન પ્રાસાદે ॥ મંજુલ૦ ॥ ૨ ॥ અક્ષત નૈવેદ્ય ફલ જિન આગે, મૂકી સુંદર સુસ્વર રાગે ॥ ગંભીર ગીત મધુર ગવરાવ, તારા નવીન પ્રાસાદે ॥ મંજુલ૦ ॥ ૩ ॥ કોડે જિન પુર નૃત્ય કરાવી, વાજિંતર બહુવિધ વજડાવી ॥ ભાવે ભવ્ય ભાવના ભાવ, તારા નવીન પ્રાસાદે ॥ મંજુલ૦ ॥ ૪ ॥ [4]જગતી માણક અંતરજામી, ઇણવિધ પૂજી શાંતિ સ્વામી ॥ લક્ષ્મી લીલા મંગલ લાવ, તારા નવીન પ્રાસાદે ॥ મંજુલ૦ ॥ ૫ ॥

॥ દુહા ॥

ગાવે ગુણ શાંતિ તણા, ભાવે ભવિયણ જેહ ॥
રિદ્ધિ સિદ્ધિ સુખ સંપદા, પાવે નિશ્ચે તેહ ॥ ૧ ॥

૧ ગાયનું. ૨. સુંદર. ૩. આનંદ. ૪. જગતમાં રત્ન સમાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ રાગ કાલિંગડો ॥ અથવા શ્રીરાગ ॥
॥ વંદો વિશ્વાનંદન વીર–એ દેશી ॥

ગાવો શાંતિ ગુણ પુણ્યવાન ॥ એ આંકણી ॥ જંબૂ ભરત કુરૂ દેશે જાણો, પુર હસ્તિનાપુર પ્રધાન ॥ રાજ કરે ત્યાં રુડી રીતે, વિશ્વસેન નામે રાજન ॥ ગાવો૦ ॥ ૧ ॥ તસ રાણી અચિરા ગુણખાણી, રૂપે ઇંદ્રાણી ઉપમાન ॥ સુંદર શયન ભવનમાં સૂતિ, [૧]પ્રમીલા લેતી અલ્પ પ્રમાણ ॥ ગાવો૦ ॥ [૨]ચારુસર્વારથથી ચવિયા, [૩]ભાદ્ર વદી સાતમ ભગવાન ॥ આવી તાસ ઉદર અવતરિયા, [૪]સહગત મતિશ્રુત અવધિ જ્ઞાન ॥ ગાવો૦ ॥ ૩ ॥ ચૌદ સુપન તવ દેખે ચતુરા નિરુપમ સુખ કલ્યાણ નિદાન ॥ ઊઠી નિજ [૫]શય્યાથી ઉતરી, હર્ષિત પુલકિત હર્ષ [૬]અમાન ॥ ગાવો૦ ॥ ૪ ॥ [૭]પ્રિયતમ પાસે આવી પ્રીતે, વદતી કોમલ મધુરી વાણ ॥ [૮]ભૂપતિ માણુક આગલ ભાખે, મનહર ચૌદ સ્વપ્ન મહાન ॥ ગાવો૦ ॥ ૫ ॥

---

૧. નિદ્રા. ૨. સુંદર. ૩. ભાદરવો ૪. સાથે રહ્યાં છે. ૫ પલંગ ૬. ઘણો. ૭. પતિ. ૮. રાજાઓને વિષે રત્ન સમાન. (વિશ્વસેન)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કાવ્યં ॥ ગીતવૃત્તં ॥

કાંતં કાંચનકાંતિં, ભવ્યનિશાંતં ચ ધ્વસ્તભવભ્રાંતિં ॥
શાંતંભુવિ કૃતશાંતિં, સ્તુવે નિતાંતં જિનેશ્વરં શાંતિં ॥૧॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુનિવારણાય શ્રીમતે શાંતિજિનેંદ્રાય જલં, ચંદનં, પુષ્પ, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, યજામહે સ્વાહા ॥

॥ ઇતિ પ્રથમ પૂજા સંપૂર્ણ ॥

॥ આ પૂજામાં આવેલ કાવ્યનો ભાવાર્થ ॥

ભવ ભ્રાંતિનો નાશ કરનાર, પૃથ્વીમાં શાંતિના કરનાર, સુવર્ણ સમાન કાંતિવાળા, કલ્યાણનું ઘર, સુન્દર અને શાંત એવા શ્રી શાંતિનાથ જિનેશ્વરને હું અત્યંત સ્તવું છું.

## ॥ અથ દ્વિતીય પૂજા પ્રારંભ ॥

॥ દુહા ॥

સૂતાં સુખભર સેજમાં આનંદે મેં આજ ॥
ભાલ્યાં ચૌદસુપન ભલાં, તે સુણજો શિરતાજ ॥૧॥

॥ ઢાળ ॥ રાગ આઠ ॥

॥ ભાવથા નિત્ય ભજીયે વીર ભદંત—એ દેશી ॥

સુપન મેં આજ લહ્યાં શ્રીકાર, નિસુણો પ્રિય પ્રાણાધાર ॥ સુપન મેં આજ લહ્યાં શ્રીકાર ॥ આંકણી ॥
[1]આદ્ય સુપનમાં દીઠો ઉજ્જવલ, [2]દંતાવલ [3]ચઉદંત ॥
[4]ઉન્નત કકુદ તથા અતિ ઉત્તમ, વૃષણ બીજે બલવંત ॥
[5]મૃગારિ ત્રીજા સુપન મઝાર ॥ સુપન૦ ॥ નિસુણો૦ ॥૧॥

૧. પ્રથમ. ૨ હાથી. ૩ ચાર દાંતવાળો. ૪ ઊંચા સ્કંધવાળો. ૫. સિંહ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોથે લક્ષ્મીદેવી [૧]ચારુ, જ્યોતિ ઝાક ઝમાલ ॥ પંચમ સુપને [૨]સુરભિ પાવન, [૩]મંજુલ ફૂલની માલ, [૪]સુધાકર છટ્ઠે સુપને સાર ॥ સુપન૦॥ નિસુણો૦॥૨॥ સાતમે સુપને ઉગતો સૂરજ, આઠમે ધ્વજ [૫]ઉત્તંગ ॥ નિરુપમ કલશ રૂપાનો નવમે; પદ્મ સરોવર ચંગ, સુપન દશમે દીઠું સુખકાર ॥ સુપન૦ ॥ નિસુણો૦ ॥ ૩ ॥ અગિઆરમે ક્ષીર સાગર અનુપમ, બારમે દેવ વિમાન ॥ તેરમે [૬]રત્ન નિકર તેજસ્વી, [૭]નિર્ધૂમ વહ્નિપ્રધાન, નિહાળ્યો ચૌદશમે નિરધાર ॥ સુપન૦ ॥ નિસુણો૦ ॥ ૪ ॥ [૮]વ્યોમ થકી ઉતરતાં [૯]વદને, [૧૦]પ્રવિશત પેખ્યાં એહ ॥ માનું થશે કિમ ફલ વૃત્તિ મુજ, ગુણ ગુણ માણુક [૧૧]ગેહ, વિચારી ભાખો તાસ વિચાર ॥ સુપન૦ ॥ નિસુણો૦ ॥ ૫ ॥

## દુહો

સ્વપ્ન ચતુર્દશ સાંભલી, રાણી મુખથી રાય ॥
[૧૨]પ્રમુદિત [૧૩]નિજ પ્રજ્ઞા થકી, [૧૪]દાખે ફલ સુખદાય ॥ ૧ ॥

---

૧ સુંદર. ૨. સુગંધયુક્ત. ૩ સુંદર. ૪ ચંદ્ર. ૫ ઊંચો. ૬ રત્નનો ઢગલો. ૭ ધુમાડા વિનાનો અગ્નિ. ૮ આકાશથી. ૯ મુખમાં ૧૦ પેસતાં. ૧૧ ઘર. ૧૨ આનંદિત. ૧૩ પોતાની બુદ્ધિથી. ૧૪ ભાખે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાલ ॥ રાગ કેરબો ॥
॥ ગોપીચંદ લડકા બાદલ વરસેરે કંચન મહેલમેં ॥ એ દેશી ॥

[1]દેવાનુપ્રિયા તેં, સ્વપ્ન સારામાં સારાં દેખિયાં ॥ એ આંકણી ॥ [2]રમણીય ધન કણ કાંચન રિદ્ધિ, સુખ સંપદ [3]સંભાર ॥ ॥ રાજ્ય વૃદ્ધિ મનવાંછિત સિદ્ધિ, હોશે મંગલ માલ રે ॥ દેવાનુપ્રિયા ॥ ૧ ॥ અમ કુલ [4]કેતુ અમ કુલ દીપક, અમ કુલ તિલક સમાન ॥ કુલ [5]તરુ વર કુલ મંડણ [6]મૌલી, કુલ[7]ભૂધર કુલ [8]ભાણુ રે ॥ દેવાનુપ્રિયા૦ ॥ ૨ ॥ કુલ કીર્તિકર કુલવૃતિકર, કુલ-જસકર આધાર ॥ કુલ [9]નંદિકર કુલ વૃધ્ધિકર, કોમળ [10]કર પદ સાર રે ॥ દેવાનુપ્રિયા૦ ॥ ૩ ॥ સુંદર લક્ષણ લક્ષિત [11]તનુધર, [12]શશિ સમ સૌમ્યાકાર ॥ પ્રિયદર્શન તુજ પુત્ર થશે વર, રૂપ કલાભંડાર રે ॥ દેવાનુપ્રિયા૦ ॥
તુજ પુત્ર થશે વર, રૂપ કલાભંડાર રે ॥ દેવાનુપ્રિયા૦ ॥
॥ ૪ ॥ [13]પ્રિયતમ વાણી સત્ય પ્રમાણી, બેઠી જઈ નિજ ઠામ ॥ હર્ષ ભરાણી જપતી શાણી, જિન ગુરુ માણુક નામ રે ॥ દેવાનુપ્રિયા, તેં, સ્વપ્ન સારામાં સારાં દેખિયાં ॥ ૫ ॥

---

૧ સરલસ્વભાવ. ૨ સુંદર. ૩ સમૂહ. ૪ ધ્વજ. ૫ વૃક્ષ. ૬ મુગુટ. ૭ પર્વત, ૮ સૂર્ય. ૯ સમૃદ્ધિ. ૧૦ હાથપગ. ૧૧ શરીર. ૧૨ ચંદ્ર. ૧૩ સ્વામી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કાવ્યં ॥ ગીતિવૃત્તં ॥

કાંતં કાંચનકાંતિં, ભવ્યનિશાંતં ચ ધ્વસ્તભવભ્રાંતિં ॥
શાંતં ભુવિ કૃતશાંતિ, સ્તુવે નિતાંતં જિનેશ્વરં શાંતિ ॥૧॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે શાંતિજિનેંદ્રાય જલં૦ ચંદનં૦ પુષ્પં૦ ધૂપં૦ દીપં૦ અક્ષતં૦ નૈવેદ્યં, ફલં૦ યજામહે સ્વાહા ॥

॥ ઇતિ દ્વિતીય પૂજા સંપૂર્ણ ॥

## ॥ અથ તૃતીય પૂજા પ્રારંભ ॥

### ॥ દુહા ॥

[૧]પંડિતને તેડી [૨]પ્રગે, રંગે પૂછે રાય ॥
સરસ સુપન ફલ સાંભલી, [૩]વિગતે કરે વિદાય ॥ ૧ ॥

॥ ઢાલં ॥ રાગ-કેરબો ॥
હમ દમ દેકે સેતાન ઘર જાના-એ દેશી ॥

શાંતિ જિણંદ નમો નરનારી, નમો નરનારી નમો નરનારી ॥ શાંતિ જિણંદ નમો નરનારી ॥ એ આંકણી ॥ મહિમા મંદિર પ્રભુ [૪]મહી મંડલ, ગર્ભ થકી પણ [૫]મારી નિવારી ॥ શાંતિ૦ ॥ જનની ઉદર ગત [૬]નાકીશ્વર નત,

૧ સુપન પાઠક. ૨ સવારમાં. ૩ દાન સન્માન કરીને. ૪ પૃથ્વી ૫ મારી રોગ. ૬ ઇંદ્ર નમસ્કાર કરાએલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિન દિન વૃદ્ધિ લહે હિતકારી ॥ શાંતિ૦ ॥ ૧ ॥ ગર્ભનું પોષણ કરતી રાણી, સખિયો દેતી શિખામણ સારી ॥ શાંતિ૦ ॥ [૧]પૃથ્વીપતિ સવી [૨]દોહદ પૂરે, અંતર અતિશય ઉલટ ધારી ॥ શાંતિ૦ ॥ ૨ ॥ આનંદ ભર વિચરંતા આવી, જેઠ વદી તેરસ મનોહારી ॥ શાંતિ૦ ॥ ભૂમિ [૩]પુષ્કલ ધાન્ય ભરાણી, [૪]વસુધાસર્પી વાયુ વિહારી ॥ શાંતિ૦ ॥ ॥ ૩ ॥ [૫]આશા સઘલી થઈ અજુવાલી, [૬]શુકન સકલ જય જય[૭]રવ કારી શાંતિ૦ ॥ [૮]પ્રમદ વિલાસી [૯]જનપદ વાસી, સુખિયા જગમાં સહુ સંસારી ॥ શાંતિ૦ ॥ ૪ ॥ [૧૦]હરિ મુખ ગ્રહ ઉત્તમ શુભ લગ્ને [૧૧]રજની નાયક ભરણી ચારી ॥ શાંતિ૦ ॥ મધ્ય નિશા સમયે મનમોહન, જનમ્યા જિનમાણુક જયકારી ॥ શાંતિ૦ ॥ જિણંદ ॥૫ ॥

॥ દુહો ॥

છપ્પન દિક્કુમરી તદા, આણી હર્ષ અપાર ॥
સૂતી કરણી કરવા ભણી, આવી અવધિ વિચાર ॥ ૧ ॥

---

૧ રાજા. ૨ દોહલા. ૩ બહુ. ૪ પૃથ્વીને ફરસતો. ૫ દિશા. ૬ પક્ષી. ૭ શબ્દ. ૮ આનંદ. ૯ દેશના લોકો. ૧૦ સૂર્યપ્રમુખ ૧૧ ચંદ્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ રાગ માઢ ॥
॥ મેરે ગમકા તરાના ॥ એ ચાલ ॥
(વાસુપુજ્ય વિલાસી, ચંપાના વાસી—એ દેશી)

અતિ ઉલટ ધારી, દિશા કુમારી, ઊત્સવ કરતી ઉદાર ॥ [1]નિજ કલ્પ વિચારી, મંગલકારી, દિશાકુમારી, ઉત્સવ કરતી ઉદાર ॥ એ આંકણી ॥ જિન જિન-જનનીને વંદી જુગતે, આઠ કુમારી, [2]ઇશાન ॥ [3]બંધુર સૂતિ [4]સદન બનાવે, એક યોજના પરિમાણ રે ॥ [5]કચવર અપહારી, ભૂમિ સમારી, દિશા કુમારી, ઉત્સવ કરતી ઉદાર ॥ અતિ ઉલટ૦ ॥ ૧ ॥ આઠ કુમારી [6]સુરભિ [7]અનુત્તર, વરસાવે જલ ફૂલ ॥ આઠ કુમારી આગલ ઉભી, દર્પણ લેઈ અમૂલ રે ॥ આઠ જલની [8]ઝારી, હાથમાં ધારી, દિશાકુમારી, ઉત્સવ કરતી ઉદાર ॥ અતિ ઉલટ૦ ॥ ૨ ॥ આઠ કુમારી પંખા ધરતી, ચામર ઢાલે આઠ ॥ ચાર કુમારી દીપક [9]ચારુ, લેઈ ઉભી બહુ ઠાઠ રે ॥ દેખવા મનોહારી, મોક્ષની બારી, દિશા કુમારી, ઉત્સવ કરતી ઉદાર ॥ અતિ ઉલટ૦ ॥ ૩ ॥ [10]કદલી સદન રચી ચાર કુમારી, જિન જિન [11]અંબા

૧ પોતાના આચાર. ૨ ઈશાન કોણમાં. ૩ સુંદર. ૪ ઘર. ૫ કચરો. ૬ સુગંધીદાર. ૭ ઉત્તમ. ૮ કલશ. ૯ સુંદર. ૧૦ ત્રણ કેળનાં ઘર ૧૧ માતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંગ ॥ [1]અભ્યંજન પૂર્વક ન્હવરાવી પહેરાવે [2]ભૂષણ ચંગ રે ॥ બાંધી[3]રાખડી સાર, મંદિર ધારી, દિશાકુમારી, ઉત્સવ કરતી ઉદાર ॥ અતિ ઉલટ૦ ॥૪ ॥ જગ ચિંતામણી જગધણી જગગુરૂ, જગ બાંધવ જયકાર ॥ [4]શશિ [5] રવિ [6]ગિરિ સમ જીવજો સ્વામી, ગુણમાણુક ભંડાર રે ॥ ઇમ આશીશ ભારી, મુખ ઉચ્ચારી, દિશાકુમારી, ઉત્સવ કરતી ઉદાર ॥ અતિ ઊલટ ધારી૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ ગીતિવૃત્તમ્ ॥

કાંતં કાંચનકાંતિં, ભવ્યનિશાંતં ચ ધ્વસ્તભવભ્રાંતિં ॥
શાંતં ભુવિકૃતશાંતિં, સ્તુવે નિતાંતં જિનેશ્વરં શાંતિં ॥૧॥

॥ મંત્રઃ ૐ હ્રીં શ્રી પરમપુરૂષાય પરમેશ્વરરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે શાંતિજિનેંદ્રાય જલં૦ ચંદનં૦ પુષ્પં૦ ધૂપં૦ દીપં૦ અક્ષતં૦ નૈવેદ્યં૦ ફલ૦ યજામહે સ્વાહા ॥

॥ ઇતિ તૃતીય પૂજા સંપૂર્ણ ॥

## ॥ અથ ચતુર્થ પૂજા પ્રારંભ ॥

### ॥ દુહો ॥

જાણી અવધિ જ્ઞાનથી, [7]સોહમપતિ સુર સંગ ॥
જન્મોત્સવ કરવા હવે, આવે ધરી ઊછરંગ ॥ ૧ ॥

---

૧ તૈલ મર્દન. ૨ અલંકાર. ૩ રક્ષાપોટલી. ૪ ચંદ્ર. ૫ સૂર્ય. ૬ પર્વત. ૭ ઇંદ્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥ રાગ કેરબો ॥

॥ ઉભો રહેને ગોવાલિયા, તારી વાંસળી મીઠી વાય–એ દેશી ॥

આવે આવે, [૧]જંભારી જિનવર મંદિર ધરી ઉલ્લાસ ॥ એ આંકણી ॥ માતને વંદી ભાખે [૨]મઘવા, પુણ્યવતી તુજ ધન્ય ॥ રત્ન કૂખ ધારિણી તેં તો, જાયો પુત્ર રતન્ન ॥ આવે આવે૦ ॥ ૧ ॥ સોહમ નામે [૩]સુરપતિ હું છું, ભય નવ ધરશો માતા ॥ તુજ નંદનનો જન્મ મહોત્સવ, કરીશ આજ[૪]અવદાત ॥ આવે આવે૦ ॥ ૨ ॥ એમ કહી દેઈ [૫]અવસ્વાપિની, પ્રતિબિંબ મૂકી પાસ ॥ પંચ રૂપ કરી લાવે પ્રભુને, મેરુ શિખર પર ખાસ ॥ આવે આવે૦ ॥૩॥ જિનને ખોલામાં લઈ જુગતે, આસન બેસે ઈંદ્ર ॥ તેસઠ સુરપતિ મલિયા તવ ત્યાં, આણી મન આનંદ ॥ આવે આવે૦ ॥૪॥ [૬]કલશાદિક સવી સ્નાત્ર પૂજાની, સામગ્રી શ્રીકાર ॥ જિનમાણિક જન્મોત્સવ કારણ, કરતા સુર તૈયાર ॥ આવે આવે જંભારી, જિનવર મંદિર ધરી ઉલ્લાસ ॥ આવે આવે૦ ॥ ૫ ॥

---

૧ ઈંદ્ર. ૨. ઈંદ્ર. ૩ ઈંદ્ર. ૪ સુંદર–ઉજ્જવલ. ૫ એ નામની નિંદ્રા. ૬ કલશ વિગેરે સર્વ ઉપકરણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

[1]અમલ કમલ જલ ઔષધિ, [2]તીર્થ મૃદાદિ તમામ ॥
[3]અચ્યુતપતિ આદેશથી, આણે [4]સુર [5]અભિરામ ॥ ૧ ॥

॥ ઢાલ ॥ રાગ વંસત ॥

॥ હોઈ આનંદ બહાર રે, પ્રભુ બેઠે મગનમેં-એ દેશી ॥

જિન જન્મોત્સવ સાર રે, કરે ઇંદ્રિ ઉમંગે ॥ એ આંકણી ॥ આઠ જાતિના કલના [6]અનુત્તર, [7]પ્રત્યેક આઠ હજારે રે ॥ કરે૦ ॥ તીર્થોદક ભરી તીર્થપતિને, ન્હવરાવે નિરધાર રે ॥ કરે૦ ॥ ૧॥ ઈમ અઢીસે અભિષેક કરીને, પૂજે વિવિધ પ્રકાર રે ॥ કરે૦ ॥ [8]કમનીય [9]ભૂષણ પહેરાવી કરે, [10]સ્તવન [11]નમન સુખકાર રે ॥ કરે૦ ॥૨॥ [12]મરુત સકલ તવ રાચે, માચે, નાચે હર્ષ અપાર રે રે ॥ કરે૦ ॥ બહુવિધ વર વાદિત્ર બજાવે, ગાવે ગીત ઉદાર રે ॥ કરે૦ ॥ ॥ ૩ ॥ જનની પાસે જઈ જિનવરને, સ્થાપે [13]હરિ ધરી પ્યાર રે ॥ કરે૦ ॥ અપહરી નિદ્રા પ્રભુ અંગુઠે, કરી

---

૧ નિર્મલ. ૨ માગધ વિગેરે તીર્થોની માટી. ફૂલ, ફલ, ધોલા સરસવ, સુગંધીદાર સર્વ વસ્તુ. ૩ બારમા દેવલોકનો ઇંદ્ર. ૪ આભિયોગિક દેવ—સેવક દેવ૦ ૫ સુંદર. ૬ ઉત્તમ. ૭ દરેક જાતિના. ૮ સુંદર. ૯ અલંકાર. ૧૦ સ્તુતિ. ૧૧ નમસ્કાર. ૧૨ દેવ. ૧૩ ઇંદ્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમૃત સંચારે ॥ કરે૦ ॥ ૪ ॥ બત્તીસ કોડી રત્ન રૂપૈયા, વરસાવી શ્રીકાર રે ॥ કરે૦ ॥ નંદીશ્વર મહ કરી પૂજે; જિનમાણુક જયકાર રે ॥ કરે ઇંદ્ર ઉમંગે૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ ગીતિવૃત્તમ્ ॥

કાંતં કાંચનકાંતિં, ભવ્યનિશાંતં ચ ધ્વસ્તભવભ્રાંતિં ॥
શાંતં ભુવિ કૃતશાંતિં; સ્તુવે નિતાંતં જિનેશ્વરં શાંતિં ॥૧॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં૦ પરમપુરૂષાય, પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુનિવારણાય, શ્રીમતે શાંતિજિનેંદ્રાય જલં૦ ચંદનં૦ પુષ્પં૦ ધૂપં૦ દીપં૦ અક્ષતં૦ નૈવેદ્યં૦ ફલં૦ યજામહે સ્વાહા ॥

॥ ઇતિ ચતુર્થ પૂજા સંપૂર્ણ. ॥

## ॥ અથ પંચમ પૂજા પ્રારંભ ॥

॥ દુહા ॥

૧ પુરંદર પૂજિત ૨પ્રગે, ભાલી ૩સુતને ૪ભૂપ ॥
હર્ષિત ૫પુલકિત થઈ હવે, ઉત્સવ કરે ૬અનૂપ ॥ ૧

॥ ઢાલ ॥ રાગ-ધોલ ॥

॥ રામ લક્ષ્મણ વનમાં સિધાવતા ॥ એ દેશી ॥

હવે ૭પૃથિવિપતિ નિજ પુત્રનો, કરે જન્મ મહોત્સવ

૧ ઇંદ્રે પૂજેલ. ૨ સવારમાં. ૩ પુત્રને. ૪ રાજા. ૫ રોમાંચિત. ૬ નિરૂપમ. ૭ રાજા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંગ,ધરી મનરંગ ॥ મોહન વાજાં વાગિયાં ॥ સવી બંધીખાનાં છોડાવિયાં, વધરાવિયાં, માનોન્માન, [1]પ્રમોદ [2]નિદાન ॥ મોહન વાજાં વાગિયાં ॥ વાજાં વાગ્યાં જિનેશ્વર દ્વાર, આનંદ અપાર ॥ મોહન વાજાં વાગિયાં ॥ એ આંકણી ॥ ૧ ॥ [3]ગજપુર નગર શણગારિયું, સુરભિ જલ[4] ભૂ સિંચાય, [5]પ્રસૂન પથરાય ॥ મોહન૦ ॥ ઘર ઘર તોરણ બંધાવિયાં, ધૂપ ધાણાં ઘણાં મહકાય, દવજા લહકાય ॥ મોહન૦ ॥ ૨ ॥ પ્રિય મોતિના ચોક પૂરાવિયા, વર ધવલ મંગલ વરતાય, સુકૃત્ય કરાય ॥ મોહન૦ ॥ [7]ઋણ મુક્ત કર્યા સહુ લોકને, દીધાં યાચકને બહુ દાન, કરી સન્માન ॥ મોહન૦ ॥ ૩ ॥ ઇમ [8]સ્થિતિપતિતા ઉત્સવ કરી, જુગતીથી જમાડી નાત, ભોજન ભલી ભ્રાત ॥ મોહન૦ ॥ નિજ સ્વજન વરણ સત્કારિયા, દેઇ વસ્ત્રાભરણ શ્રીકાર, અનેક પ્રકાર ॥ મોહન૦ ॥ ૪ ॥ પ્રભુ ગર્ભથી મારી નિવારીને, કરી શાંતિ સકલ સુખકાર, મહી [9]મોઝાર ॥ મોહન૦ ॥ તિણે કારણ [10]સુત માણક તણું, ઠવ્યું નામ શ્રી શાંતિકુમાર, થયો જયકાર ॥ મોહન વાજાં વાગિયા૦ ॥ ૫ ॥

---

૧ આનંદ. ૨ કારણ. ૩ હસ્તિનાપુર. ૪ પૃથ્વી. ૫ ફૂલ. ૬ સુંદર. ૭ કરજ રહિત. ૮ કુલ મર્યાદા. ૯ પૃથ્વી. ૧૦ પુત્ર રત્નનું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહો ॥

[1]નયનામૃત ગુણ–[2]નીરધિ, અચિરા દેવ નંદ ॥
પુરુષોત્તમ પ્રભુ પૂજતાં, પ્રગટે પરમાનંદ ॥ ૧ ॥

॥ વારી વારી જાવું, શ્રી ધર્મનાથકી ॥ દેશી ॥

વારી વારી જાવું, શ્રી શાંતિનાથની મુદ્રા દેખી રાજી થાવું ॥ એ આંકણી ॥ સહસ અષ્ટોત્તર લક્ષણ લક્ષિત, કાંચન વરણી કાય ॥ મૃગ લંછન મંગલમય મૂર્તિ, નિરખી મન હરખાય ॥ વારી૦ ॥ ૧ ॥ કોટી [3]સોમ સૂરજ મેલવિયે, તોએ ન આવે હોડ ॥ રૂપ [4]અનુત્તર સુરથી અધિકું, જગમાં નહી જસ જોડ ॥ વારી૦ ॥ ૨ ॥ પ્રિયદર્શન [5]શંકર પરમેશ્વર, ભદ્રંકર ભગવાન ॥ પ્રભુજી મ્હારે ઘેર પધાર્યા, કરવા મુજ કલ્યાણ ॥ વરી૦ ॥ ૩ ॥ ચિંતામણી મુજ[6] કર તલ ચઢિયો, [7]સુર તરુ ફલિયો આજ ॥ શાંતિ જિનેશ્વર સેવન કરતાં, સિદ્ધયાં સઘલાં કાજ ॥ વારી૦ ॥ ૪ ॥ એણીપેરે વાસ્તુ પૂજા કરિયે, હરિયે [8]પાતક [9]જાલ ॥ સૂરિમાણુક શ્રી શાંતિ સમરિયે, વરિયે મંગલ માલ ॥ વારી વારી જાવું, શ્રી શાંતિનાથની મુદ્રા દેખી૦ ॥ ૫ ॥

---

૧ આંખોને અમૃત જેવા. ૨ સમુદ્ર. ૩ ચંદ્ર. ૪ અનુત્તર વિમાનના દેવ. ૫ સુખ કરનાર. ૬ હાથ. ૭ કલ્પવૃક્ષ. ૮ પાપ. ૯ સમૂહ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાવ્યં ॥ ગીતિવૃત્તમ્ ॥

કાંતં કાંચનકાંતિં, ભવ્યનિશાંતં ચ ધ્વસ્તભવભ્રાંતિં ॥
શાંતં ભુવિકૃતશાંતિ, સ્તુવે નિતાંતં જિનેશ્વરં શાંતિ ॥૧॥

॥ મંત્ર :- ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય, જન્મજરા-મૃત્યુનિવારણાય, શ્રીમતે શાંતિજિનેંદ્રાય જલં૦ ચંદનં૦ પુષ્પં૦ ધૂપ૦ દીપં૦ અક્ષતં૦ નૈવેદ્યં૦ ફલં૦ યજામહે સ્વાહા ॥

॥ ઇતિ પંચમ પૂજા સંપૂર્ણ. ॥

॥ અથ કલશ ॥ સેવો સજ્જન સેવો સજ્જન ॥ એ દેશી ॥

સેવો સજ્જન સેવો સજજન, શાંતિનાથ સુખદાયા ॥ [1]કમનીય વાસ્તુક પૂજન કારણ, ઉત્તમ એહ ઉપાયા સેવો૦॥ એ આંકણી ॥ લૌકિક લોકોત્તર દો ભેદે, વાસ્તુક [2]યજન કહાયા ॥ [3]દુરિત નિમિત્ત લૌકિક દર્શાયા, લોકોત્તર [4]શુભ ગાયા ॥ સેવો૦ ॥ ૨ ॥ લોકોત્તર વાસ્તુક આચરવા, સ્થિર કરી મન વચ કાયા ॥ પ્રેમે અષ્ટ પ્રકારે પૂજો, શ્રીશાંતિ જિનરાયા ॥ સેવો૦ ॥ ૨ ॥ એથી આધિ વ્યાધિ ઉપદ્રવ, નાશે સર્વ [5]અપાયા ॥ મંગલ માલા વિમલા [6]કમલા, લહિયે સુખ [7]સમુદાયા ॥ સેવો૦ ॥ ૩ ॥ તપગણ [8]ગગન [9]ગગનમણિ ગિરૂઆ, વિજયસિંહ સૂરિરાયા ॥

૧ સુંદર. ૨ પૂજન. ૩ પાપનું કારણ. (મિથ્યાત્વ હોમાદિયુક્ત). ૪ કલ્યાણકારી. ૫ સંકટ, કષ્ટ. ૬ લક્ષ્મી. ૭ સમૂહ. ૮ આકાશ. ૯ સૂર્ય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્ય કપૂર ક્ષમા જિન ઉત્તમ, વિજય પદે સોહાયા ॥ ॥ સેવો૦ ॥ ૪ ॥ પદ્મ રૂપ વર કીર્તિવિજયના શ્રી ઉદ્યોત અમાયા ॥ અસર ગુમાન વિજય ગુણવંતા, શિષ્ય પરંપર આયા ॥ સેવો૦ ॥ ૫ ॥ સુગુરુ પ્રતાપવિજય સુપ્રતાપે, [1]પ્રિય [2]શ્રુત માણુક પાયા ॥ મેઘવિજય નિજ શિષ્ય વચનથી, એ, અધિકાર રચાયા ॥ સેવો૦ ॥ ૬ ॥ વસુધા[૧]નિધિ[૯] નિધિ[૯] વસુધા[૧]વર્ષે, (૧૯૯૧) મૃગશિરમાસ મનાયા ॥ [3]વર પૂર્ણિમા દિન ગુરુવારે, પૂર્ણાનંદ પમાયા ॥ સેવો૦॥ ॥ ૭ ॥ રાજનગરમાં રહી ચોમાસુ, દોહલા પાસ પસાયા ॥ શ્રદ્ધાલુ શ્રાવક હિત હેતે, પૂજન એહ બનાયા ॥ સેવો૦ ॥ ॥ ૯ ॥ શાંતિ ધારક શાંતિ કારક, શાંતિ નામ ધરાયા ॥ સૂરિમાણુક શ્રી શાંતિ જિનેશ્વર, [4]ગુણ માણુકથી વધાયા ॥ સેવો સજ્જન સેવો સજ્જન, શાંતિનાથ સુખદાયા ॥ ૬ ॥

॥ ઇતિ વાચનાચાર્ય શ્રી વિજયમાણિક્યસિંહસૂરિકૃત
શ્રી વાસ્તુક પૂજા સંપૂર્ણ ॥

---

૧ સુંદર. ૨ જ્ઞાનરૂપ રત્ન. ૩ સુંદર (સિદ્ધિયોગયુક્ત) ૪ ગુણરૂપરત્નથી.

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પં. શ્રી ધુરંધરવિજયજી કૃત
# આદિજિન પંચકલ્યાણક પૂજા

આ પૂજામાં ઉત્કૃષ્ટ ફળ નૈવેદ્ય ( પક્વાન્ન દરેક વસ્તુના આઠ આઠ નંગ લાવવાં, આઠ સ્નાત્રિયા ઊભા રાખવા, આઠ કળશ પંચામૃતના ભરવા, આઠ દીપક કરવા અને કુસુમ (ફૂલ,) અક્ષત (ચોખા) પ્રમુખ વસ્તુઓ જોઈએ. કદાપિ તે પ્રમાણે જોગ ન બને તેમ હોય તો એકેકી વસ્તુથી પણ પૂજા ભણાવી શકાય.

॥ વિધિ ॥

૧. પ્રથમ સ્નાત્ર ભણાવવું પછી સ્નાત્રિયા નિર્મલ જળથી ભરેલ કળશ રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઈ પ્રભુ આગળ ઉભા રહે. પછી પૂજા ભણાવી છેલ્લે કાવ્ય-મંત્ર કહી જળપૂજા કરે.

૨. બીજી પૂજામાં પખાળ ને અંગલૂછણાં થયા પછી કેશરની કચોળી (વાટકી) રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઈ ઊભા રહે, પૂજા ભણાવ્યા પછી, કાવ્ય-મંત્ર કહી ચંદનપૂજા કરે.

૩. ત્રીજી પૂજામાં રકેબીમાં કુસુમ (ફૂલ) લઈ ઊભા રહે, પૂજા ભણાઈ રહે એટલે કાવ્ય-મંત્ર બોલી પ્રભુજીને કુસુમ (પુષ્પ) ચડાવે.

૪. ચોથી પૂજામાં ધૂપધાણું રકેબીમાં રાખી, હાથમાં લઈ ઊભા રહે, પૂજા ભણાવ્યા બાદ કાવ્ય-મંત્ર કહી પ્રભુજીની ડાબી બાજુ ધૂપ ઉખેવે.

૫. પાંચમી પૂજામાં મૌલિસૂત્ર પ્રમુખની વાટ (દીવેટ) કરી, નિર્મલ સુગંધિત ઘૃતથી કોડિયાં ભરી, દીપક કરી, રકેબીમાં રાખી ઊભા રહે, પૂજાનો પાઠ કહ્યા પછી છેલ્લે કાવ્ય-મંત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભણી, પ્રભુજીની દક્ષિણ (જમણી) બાજુએ દીપક સ્થાપન કરે.

૬. છઠ્ઠી પૂજામાં ઉજ્જવલ અખંડ અક્ષત (ચોખા) રકેબીમાં રાખી, રકેબી હાથમાં ધરી ઊભા રહે, પૂજા ભણાવ્યા પછી કાવ્ય-મંત્ર કહી, પ્રભુજીની સન્મુખ તે અક્ષતથી સ્વસ્તિક, (સાથીઓ) ત્રણ પુંજ (ઢગલી) અને સિદ્ધશિલા કરે.

૭. સાતમી પૂજામાં મોદક, (લાડુ) સાકર, ખાજાં, પતાસાં પ્રમુખ અનેક પક્વાન્ન રકેબીમાં ભરી, રકેબી હાથમાં ધરી, પૂજા ભણાવ્યા બાદ છેલ્લે કાવ્ય-મંત્ર કહી પ્રભુજી આગળ નૈવેદ્ય ધરે.

૮. આઠમી પૂજામાં લવિંગ, એલચી, સોપારી, નાળીયેર, બદામ, દ્રાક્ષ, બીજોરાં, દાડિમ, નારંગી, આંબા,—(કેરી) કેળાં વગેરે; સરસ સુગંધિત રમણીય ફળો રકેબીમાં રાખી, રકેબી હાથમાં ધરી, પૂજા ભણાઈ રહે એટલે કાવ્ય-મંત્ર બોલીને પ્રભુજી પાસે ફળ ધરે.

છેવટે પૂજાનો કળશ કહી સ્નાત્રિઆઓ આરતિ ઉતારી, પ્રભુજીથી અંતરપટ કરી, પોતાના નવ અંગે ચાંલ્લા કરી મંગળદીવો ઉતારે.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ શ્રી ગૌતમસ્વામિને નમઃ ॥

# શ્રી આદિજિન પંચકલ્યાણક પૂજા

## ॥ ચ્યવનકલ્યાણકે પ્રથમ જલપૂજા ॥

॥ દુહા ॥

સ્વસ્તિ શ્રી ભગવંતને, પ્રણમી પ્રથમ જિણંદ ॥
લોક લોકોત્તર ધર્મના, શાસક ભુવન દિણંદ ॥ ૧ ॥
આ કાળે આ ભરતમાં, પ્રથમ પ્રભુ ગુણગેહ ॥
પંચકલ્યાક તેહનાં, ગાશું શુભ સસ્નેહ ॥ ૨ ॥
શ્રી ધન સાર્થ–પતિ ભવે, પામ્યા સમકિત રત્ન ॥
પામી પ્રભુતા મેળવી, કરી ધર્મમાં યત્ન ॥ ૩ ॥
બાંધ્યું શ્રી જિનનામને, આરાધી વીશ સ્થાન ॥
વજ્ર–નાભ ચક્રિભવે, પછી સર્વાર્થ વિમાન ॥ ૪ ॥
તેત્રીસ સાગર ત્યાં રહી, વિલાસી લીલવિલાસ ॥
અન્તે અવધે જોવતા, ચ્યવન ક્ષેત્ર શુભ વાસ ॥ ૫ ॥

॥ મંગલ ગીત ॥
( રાગ–યમન કલ્યાણ )

વન્દો ઋષભ જિણંદ પ્રેમ ધરી, (૨) મંગલ કમલા કેલિ નિકેતન, ચેતન કૈરવ ચન્દ ॥ પ્રેમ૦ ॥૧ ॥ કલ્યાણક કલ્યાણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે જસ, મળે મુક્તિ આનંદ ।। પ્રેમ૦ ।। ૨ ।। નંદીશ્વર જઈ ઓચ્છવ કરતા, જાસ કલ્યાણક ઈન્દ ।। પ્રેમ૦ ।। ૩ ।। પંચ કલ્યાણક ગાતાં સૂણતાં, તૂટે ભવભય ફન્દ ।।પ્રેમ૦।।૪।। ધર્મ ધુરંધર[1]ધુરજિનવરએ, સુખકરસુખનાકંદ ।।પ્રેમધરી૦।।૫।।

।। ઢાળ ।।

(રાગ-ભૈરવ)

વાજે મંગલ તૂર[2]આજ, નાભિરાજ દ્વારે ।। મરુદેવી દેવી સાથ, કરે ક્રીડા નાભિનાથ ।। કામ રાગ મન્દ આથ, કર્મના ઉછારે ।। વાજે૦ ।।૧।। પુણ્યને પ્રતાપ તાપ, અન્યથી અધિક આ આપ ।। નહિ કાંઈ કરે પાપ, મૈત્રી ભાવ ધારે ।। વાજે૦ ।। ૨।। અવસર્પિણીના દોય આર, વીત્યા ચાલે તીજે સાર ।। તે પણ બહુ પૂર્ણપાર, ધર્મની સવારે ।। વાજે૦ ।।૩।। કલ્પવૃક્ષના પ્રભાવ, ઘટ્યા પણ પૂર્ણ ભાવ ।। જિન કુળમાં જિન પ્રભાવ, સત્યને વધારે ।। વાજે૦ ।। ।।૪।। તુર્યાંગ વાજે બહુ મધુર, નાદ મૂર્છનાથી પૂર ।। સારેગમ પધની સૂર, તાલને ઇસારે ।। વાજે૦ ।। ૫ ।। લાખ ચઉરાશી પૂરવ, અધિક પક્ષ એંશી નવ ।। બાકી ત્રીજા આરો જવ, ચ્યવ્યા જિન ત્યારે ।। વાજે૦ । ૬ ।। કાંઈ નહિં તેજોહાણુ, ત્યજી સર્વારથ વિમાન ।। પ્રભુજી યુક્ત

૧ પ્રથમ. ૨ વાજિંત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણ જ્ઞાન, ગર્ભમાં વધારે ।। વાજે૦ ।।૭।। ચલિતાસન શક્ર આય, સન્મુખ સાત આઠ પાય ।। શક્ર–સ્તવ પ્રેમે ગાય, ભક્તિભાવ ધારે ।। વાજે૦ ।।૮।। અષાઢ કૃષ્ણ ચોથ દિન, ચન્દ્ર ઉત્તરાષાઢ લીન ।। મરુદેવા માત[1]સુમિણ, ચઉદ ત્યાં નિહાળે ।।વાજે૦ ।।૯।। સાંભળીને સ્વપ્ન સાર, નાભિરાય ફલ વિચાર ।। કહે પુત્ર કુલાધાર, થાશે પૂર્ણ કાળે ।।વાજે૦ ।।૧૦।। શક્ર સમજી નિજાચાર, આવે શીઘ્ર સપરિવાર ।। કહે સ્વપ્ન ફલ વિસ્તાર, હર્ષને વિસ્તારે ।। વાજે૦ ।।૧૧।। પોષણ ગર્ભતણું માત, કરે શુભ દિવસ રાત ।। થાય સહુ સારી વાત, ધુરન્ધરને પ્યારે ।। વાજે૦ ।। ૧૨ ।।

।। કાવ્યં ।।

યદીયે કલ્યાણે મનુદનુજગીર્વાણમહિતેઽ ।।
વતારે જન્માપ્તૌ વિરતિ–વરણે કેવલદિને ।।
તથા નિર્વાણેઽભૂત્ ત્રિભુવન–જને સૌખ્યમતુલં ।।
તમાદીશં વન્દે પ્રશમશમદં મંગલહિતમ્ ।। ૧ ।।

।। મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે પરમેષ્ઠિને જિનેન્દ્રાય જલં ય૦ સ્વાહા ।।

।। ઇતિ ચ્યવનકલ્યાણકે પ્રથમ જળપૂજા ।।

---

૧ સ્વપ્ન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ જન્મકલ્યાણકે દ્વિતીય ચન્દન પૂજા ॥

### ॥ દુહા ॥

સાડા સાત દિવસ અધિક, નવ મહિના જવ થાય ॥
ચૈત્ર વદિ આઠમ દિને, ઉત્તરાષાઢ સુહાય ॥ ૧ ॥
ધન રાશિમાં ચન્દ્રમા, ઉચ્ચ સ્થળે ગ્રહ સર્વ ॥
ત્રણ જગતના જન્તુનું, જાણે આવ્યું પર્વ ॥ ૨ ॥
આનન્દ મંગળ વિશ્વમાં, વર્તે જયજયકાર ॥
મરુ–દેવાની કુક્ષિએ, જિન જનમ્યા હિતકાર ॥ ૩ ॥

### ॥ ઢાળ ॥
### ॥ રાગ-આશાવરી ॥

જનમ્યા જગહિતકાર–જિનવર, જનમ્યા જગ હિત-કાર ॥ ત્રણ લોકમાં પ્રકાશ થયો ને, દૂર ગયો અંધકાર ॥ ગન્ધોદકની વૃષ્ટિ થઇ ને, કરે પંખી જયકાર ॥ જિન૦ ॥ ॥ ૧ ॥ [1]સમીરણ વહેતો ધીરે ધીરે, પૃથ્વી બની મનો-હાર ॥ ગાજે ગગને દેવ દુંદુભિ, ઘંટાના રણકાર ॥ ॥ જિન૦ ॥ ૨ ॥ છપ્પન દિક્કુમરીનાં આસન, કંપ્યાં પણ તે વાર ॥ સૂતિકર્મ કરણ ઝટ આવે, હિલમિલ નિજ પરિવાર ॥ જિન૦ ॥ ૩ ॥ જિન જનનીને દેઈ પ્રદક્ષિણા,

૧ વાયુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિજ નિજ કાર્ય પ્રકાર ।। કરતી હરતી પાપ પૂંજને; તરવા ભવજલ પાર ।। જિન૦ ।।૪।। અધોલોકની આઠ કુમારી; ઇશાન કોણ મોઝાર ।। રચે પૂર્વમુખ પ્રસૂતિઘરને, જેમાં સ્તંભ હજાર ।। જિન૦ ।।૫।। ઉર્ધ્વલોકની કુસુમ વરસાવે, ભમરાના ઝંકાર ।। પૂર્વ રુચકથી આવે ગાતી, દર્પણની ધરનાર ।। જિન૦ ।।૬।। કળશ ધરી રહી દક્ષિણ દિશિના, રુચકની રહેનાર ।। પશ્ચિમની પંખાને ધારે, ચામર ઉત્તર ધાર ।। જિન૦ ।।૭ ।। દીપ ધરીને ઊભી રહેતી, ચાર ખૂણાની ચાર ।। દ્વીપ રુચકની ચાર આવીને, સ્થાપે પ્રભુની નાળ ।। જિન૦ ।।૮।। અભ્યંગન ને સ્નાન કરાવી, ચન્દન ચર્ચે સાર ।। વસ્ત્રાભૂષણ પહેરાવીને, ભક્તિ કરે સુપ્રકાર ।। જિ૦ ।। ૯ ।। રક્ષા પોટલી બાંધી બોલે, આ-શિષ અપરંપાર ।। પર્વત આયુ હોજો સ્વામી, ત્રણ જગત આધાર ।। જિ૦ ।। ૧૦ ।। એ ઓચ્છવને કરતી ધરતી, હૈયે હર્ષ અપાર ।। ધર્મ ધુરન્ધર જિનથી જગમાં, થાશે જયજયકાર ।। જિન ।। ૧૧ ।।

।। ગીત ।।

( સંયમ રંગ લાગ્યો—એ રાગ )

મરુદેવાનો લાડલો રે. નાભિરાયા કુલચન્દ જિન-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર ઘણું જીવો ।। આસન કંપે ઇન્દ્રનું રે, શ્રી જિન પુણ્ય પ્રભાવ ।। જિન૦ ।। જ્ઞાને જાણી નમી સ્તવી રે, ઇન્દ્ર રચે પ્રસ્તાવ ।। જિન૦ ।।૧।। ઘંટ સુઘોષા વગાડતાં રે, હરિણિગમેષી દેવ ।। જિન૦ ।। જન્મ મહોત્સવ કારણે રે; આવ્યા સર્વે દેવ ।। જિન૦।। ૨ ।। મરુદેવા માતાને વંદીને રે, ઇન્દ્ર સ્તવે બહુ વાર ।। જિન૦ ।। સ્નાત્ર કારણ હું આવિયો રે, ભીતિ ન લહો લગાર ।। જિન૦ ।।૩।। અવસ્વાપિની આપીનેરે, પાસે મૂકે પ્રતિબિમ્બ ।। જિ૦ ।। પ્રભુને લેઇ પાંચ રૂપ ધરીરે, પહોંચ્યા શ્રી મેરુશૃંગ ।। જિન૦ ।। ।। ૪ ।। અતિપાંડુકમ્બલા શિલારે, પાંડુક વન મોઝાર ।। જિન૦ ।। પૂર્વ મુખ બેસી ખોળે ધરીરે, કળશા આઠ પ્રકાર ।। જિન૦ ।। ૫ ।। ગંગા માગધના શુભ જળે રે, નવરાવે જિનરાય ।। જિન૦ ।। એક ક્રોડ સાઠ લાખ સ્નાત્રથીરે, હૈડે હર્ષ ન માય ।। જિન૦ ।। અંગૂઠે અમૃત ઠવીરે; નન્દીશ્વર ઉલ્લાસ ।। જિન૦ ।।૭।। વિધવિધ ઓચ્છવરાય કરે રે, દેશ કાળ અનુસાર ।। જિન૦।। જેણે એ ઉત્સવ ઉજવ્યો રે, તે લહેશે ભવપાર ।। જિન૦ ।। ૮ ।। દિવસે દિવસે દીપતા રે, સૂર્ય શશિની જેમ ।। જિન૦ ।। ધર્મ ધુરન્ધર નાથથીરે, સર્વ વાતે યોગ ક્ષેમ ।। જિન૦ ।। ૯ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યદીયે કલ્યાણે મનુદનુજગીર્વાણમહિતેઽ ॥
વતારે જન્માપ્તૌ વિરતિ–વરણે કેવલદિને ॥
તથા નિર્વાણઽભૂત્ ત્રિભુવન–જને સૌખ્યમતુલ ॥
તમાદીશં વન્દે પ્રશમશમદં મંગલહિતમ્ ॥ ૧ ॥

॥ કાવ્યં ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રી પરમપુરુષાય, પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુનિવારણાય શ્રીમતે અર્હતે જિનેંદ્રાય ચંદનં યજા૦ સ્વાહા ॥

॥ ઈતિ જન્મકલ્યાણકે દ્વિતીય ચંદનપૂજા સમાપ્ત ॥

## ॥ જન્મકલ્યાણકે તૃતીય પુષ્પ પૂજા ॥

### ॥ દુહા ॥

પ્રથમ સ્વપ્ન શુભ વૃષભનું, લહ્યું હતું અભિરામ;
શોભે લાંછન વૃષભનું, જમણી જંઘે સ્વામ ॥ ૧ ॥
એમ વિચારી નાભિરાય, પ્રભુનું ઋષભકુમાર;
નામ કરે સુંદર [૧]શુચિ, સાર્થક ગુણ અનુસાર ॥ ૨ ॥
[૨]ઇક્ષુ લઈને હાથમાં, આવે સુરના સ્વામ,
પ્રભુ ઇચ્છાએ વંશનું, ઇક્ષ્વાકુ કર્યું નામ ॥ ૩ ॥
સ્થાપી કાશ્યપ ગોત્રને, ઇન્દ્ર ગયા નિજવાસ;
દેવો બાળક રૂપ લઇ, કરે પ્રભુશું સુવિલાસ ॥ ૪ ॥

---
૧ પવિત્ર. ૨. શેરડી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુક્રમે યૌવન પામિયાં, ધનુષ પાંચસેં કાય,
કનક વર્ણ એક સહસ આઠ, લક્ષણ શુભ સોહાય ।। ૫ ।।

॥ ઢાળ ॥

॥ રાગ-સારંગ-હો સાહેબજી પરમાતમ પૂજાનું ફલ મને આપો-એ દેશી ॥

શ્રી ઋષભ પ્રભુ! દેખી મન હરખાય, અતિશય માહરૂં, શ્રી આદિ પ્રભુ! રતિપતિથી પણ અધિકું, રૂપ છે તાહરું; ઉત્તર કુરુથી ફળ લઈ આવે, સુર આપે પ્રભુને બહુ ભાવે; પ્રભુ તોલે જગમાં કોઈ નાવે, એ અનુપમ અદ્ભુત સોહાવે. ॥ શ્રી૦॥૧॥ એક તાડ તળે હતું યુગલિયું, ફળ પડયું શિશુકનું સ્વર્ગ થયું; કન્યા પાલન નાભિરાયે કર્યું, થશે ઋષભપત્ની એમ ઉચ્ચરિયું ॥ શ્રી૦ ॥ ૨ ॥ પ્રભુ વિવાહ અવસર વિચારી, કરે નાભિ રાજા તૈયારી; આવે સુરપતિ નિજ આચારી, પરિવાર સહિત ઉત્સવ ભારી ॥ શ્રી૦ ॥ ૩ ॥ સુનન્દા સુમંગલાના પ્યારે, વસ્ત્રાભૂષણ પણ બહુ ભારે, દેવીઓ બંનેને શણગારે, મધુરાં મધુરાં ગીત ઉચ્ચારે ॥ શ્રી૦ ॥ ૪ ॥ પ્રભુને પણ ઇન્દ્રે શણગાર્યા, ચોરીમાં લઈ જઇ બેસાર્યા, કરે થૈ થૈ વાજાં વગડાવ્યાં, વિધિપૂર્વક પ્રેમે પરણાવ્યા ॥શ્રી૦॥૫॥ યુગલિયાં એક બીજા ઝગડે, નાભિરાય કને ફરિયાદ કરે; એક રાજાની પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જરૂર પડે, હો ઋષભજી રાજા ઉચિત ખરે ॥ શ્રી૦ ॥૬॥ ચલિતાસન ઇંદ્ર આવીને કરે, રાજ્યાભિષેક શિર મુકુટ ધરે; જલ આવી યુગલિયાં વિચાર કરે, કરે ચરણ અભિષેક વિનયવડે ॥ શ્રી૦ ॥ ૭ ॥ સુરપતિની આજ્ઞા થઈ ભારી, ૧વૈશ્રમણે કીધી તૈયારી; બાર ને નવ યોજન વિસ્તારી, વસી વિનીતા નયરી બહુ સારી ॥ શ્રી૦ ॥ ૮ ॥ પ્રભુ પ્રથમ નરેશ્વર કહેવાયા, ભોગ ભોગવિયા આદિરાયા, એ યુગલ છ લાખ પૂરવે જાયા, પ્રભુ ધર્મ ધુરંધર ગુણ ગાયા ॥ શ્રી ઋષભ૦ ॥ ૯ ॥

॥ ગીત ॥

॥ રાગ-તપ પદને પૂજો જે હો પ્રાની—એ દેશી ॥

જ્ઞાન દીપક પ્રગટાવો—હો પ્રભુજી, જ્ઞાન દીપક પ્રગટાવો ॥ જ્ઞાન દીપકવિણ મહા અંધારે, આથડિયે સંસારે ॥ શિક્ષણ દઈ સુખીયા કરો સ્વામિ, રહ્યા છીએ તુમ આધારે ॥ હો૦ ॥ ૧ ॥ નથી પચતું આ અન્ન અમોને, વધુ શું કહીએ તમને ? અમે યુગલિયાં અભણ ને ભોળાં, સમજ ન કાંઇ એ અમને ॥ હો૦ ॥ ૨ ॥ મસળી પસળી

૧ કુબેર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાખે રાખી, ખાવાનું કહે સ્વામી ॥ કાળ પ્રભાવે એ પણ ન જરે, અગ્નિની છે ખામી ॥ હો૦ ॥ ૩ ॥ ઝાડે ઝાડ ઘસાયાં અતિશે, શુષ્ક થઈને પવને ॥ ઝગમગ ઝગમગ જયોતિ જાગ્યો, લાગ્યો યમ યુગલિકને ॥ હો૦ ॥૪॥ પ્રભુ પાસે સૌ દોડી આવ્યા, માટી પ્રભુએ મંગાવી ॥ હસ્તિ-કુંભે કુંભ ભાગ કરાવી, કુલાલ[1] કકળાને બતાવી ॥ હો૦ ॥ ૫ ॥ પાંચ શિલ્પ મૂળ વીશ ભેદે, શિખવી અજ્ઞતા છેદે ॥ પ્રથમ પ્રભુનો એ ધર્મ ગૃહિપણે, લૌકિક નીતિ ઉપદેશે ॥ હો૦ ॥ ૬ ॥ ત્યાશી લાખ પૂરવ એમ વીત્યાં, ગૃહવાસે પ્રભુ વસિયા ॥ ધર્મધુરંધર જિમ જગ જિત્યા, સુખ વિલસ્યા બહુ રસિયા ॥ હો૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥

યદીયે કલ્યાણે મનુદનુજગીર્વાણમહિતેઽ ॥
વતારે જન્માપ્તૌ વિરતિ-વરણે કેવલદિને ॥
તથા નિર્વાણેઽભૂત્ ત્રિભુવન-જને સૌખ્યમતુલં ॥
તમાદીશં વંદે પ્રશમશમદં મંગલહિતમ્ ॥ ૧ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રી પરમપુરૂષાય, પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય પુષ્પં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ જન્મકલ્યાણકે તૃતીય પુષ્પપૂજા સમાપ્ત ॥

---

૧ કુંભાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ દીક્ષાકલ્યાણકે ચતુર્થ ધૂપપૂજા ॥

### ॥ દુહા ॥

સો પુત્રો બે પુત્રીઓ, ગુણ ગણના ભંડાર ॥
પ્રભુએ પોતે કેળવ્યા, અર્પી કળા અપાર ॥ ૧ ॥
લીપી શીખવી બ્રાહ્મીને, ગણિત સુંદરી સાર ॥
ભરત બાહુબલને દીધા, બહોંતેર કળા વિચાર ॥ ૨ ॥
સો પુત્રોને સોંપીને, જુદા જુદા મહારાજ્ય ॥
પોતે લેવા નીકળ્યા, આત્માનું સામ્રાજ્ય ॥ ૩ ॥
લોકાન્તિક સુર વિનવે, શાસન સ્થાપો નાથ ॥
દાન સંવત્સરી આપીને, સાધો શિવપુર સાથ ॥ ૪ ॥
સમજાવી પરિવારને, માતાને બહુ વાર ॥
તૈયારી કરી સ્વામીએ, લેવા સંયમભાર ॥ ૫ ॥

### ॥ ઢાળ ॥

॥ રાગ ધનાશ્રી–મુનિવર પરમ દયાળ—એ દેશી ॥

સંયમ લે સુખકાર, ઋષભજી (૨) દીક્ષા મહોત્સવનો વરઘોડો, સુંદર ને શ્રીકાર ॥ ઋષભજી૰ ॥ સ્વામી સુદર્શન શિબિકા શોભે, દેવ દેવી નરનાર ॥ ઋષભજી૰ ॥ ॥ ૧ ॥ સિદ્ધારથ ઉદ્યાને પહોંચ્યા, વૃક્ષ અશોક રસાળ ॥ ઋષભજી૰ ॥ અલંકાર ઉતારી સર્વે, લોચ કરે મુઠી ચાર ॥ ઋષભજી૰ ॥ ૨ ॥ કનક કલશ પર નીલ કમલશી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શોભી રહી કેશવાળ ।। ઋષભજી૦ ।। સુરપતિની વિનતીથી રાખી, ભક્તવત્સલ અણગાર ।। ઋષભજી૦ ।। ૩ ।। નિર્જલ છઠ્ઠ તપે ચૈત્ર વદિની, અષ્ટમી તિથિ મનોહાર ।।ઋષભજી૦।। 'કરેમિ સામાઈયં' જવ ઉચ્ચરે, ચોથું જ્ઞાન વિશાલ ।। ઋષભજી૦ ।। ૪ ।। સાથે કચ્છ મહાકચ્છાદિક, રાજવી ચાર હજાર ।। ઋષભજી૦ ।। ધર્મ ધુરંધર એ મુનિવરથી, હોશે મંગલમાળ ।। ઋષભજી૦ ।। ૫ ।।

।। ગીત ।।

।।રાગ ભૈરવી–આવો આવો હે વીરસ્વામી,મારા અંતરમાં–એ દેશી।।

લ્યોને લ્યોને આ ભિક્ષા ભાવે, ઋષભ દેવ ભગવાન ।। શિખવ્યું નહિ સ્વામીએ પહેલાં, પૂછ્યું નહિ તે વાર ।। નિરૂપાએ એ તાપસ થઇને, રહેતા ચાર હજાર ।। લ્યોને૦ ।। ૧ ।। રાજ્ય ભાગ લેવાને આવે, નમિ વિનમિ બે કુમાર ।। પુષ્પ બિછાવી જલ છંટકાવી, કરે સેવા વિધિસાર ।।। લ્યોને૦ ।। ૨ ।। ધરણ ઇંદ્ર પ્રભુ વંદન આવે, જોવે ભક્તિભાવ ।। ગોરી આદિ વિદ્યા આપી, વૈતાઢયે નગર વસાવ ।। લ્યોને૦ ।। ૩ ।। પૂર્વ જન્મના પ્રભુ અંતરાયે, વિચરે વિણ આહાર ।। અધિક વર્ષ વીત્યું એ રીતે, કરે કુરૂ દેશ વિહાર ।। લ્યોને૦ ।। ૪ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ કનકનાં ભૂષણ આપે, આપે કન્યા કોય ॥ ભિક્ષાનો વ્યવહાર ન જાણે, એમાં તે શું હોય ॥ લ્યોને૦ ॥ ૫ ॥ કાંઈ નથી લેતાં શું કરીએ? લોક કરે પોકાર ॥ હસ્તિ-નાગપુરના યુવરાજા, શ્રી શ્રેયાંસકુમાર ॥ લ્યોને૦ ॥ ૬ ॥ શબ્દ સાંભળી પ્રભુને દેખી, જાતિ સ્મરણ ઉપન્યું ॥ પ્રાસુક ઇક્ષુરસ વહોરાવ્યો, સ્વપ્ન સર્વનું ફળિયું ॥લ્યોને૦॥ ॥ ૭ ॥ અક્ષય તૃતીયાને શુભ દિવસે, પારણું પ્રભુએ કીધું ॥ પંચ દિવ્ય પ્રગટયાં શ્રેયાંસે, દાન પ્રથમ ત્યાં દીધું ॥લ્યોને૦॥૮॥ એકહજાર વર્ષ જિન વિચર્યા, દેશ નગર પુર ગામ ॥ વિણ પ્રતિબંધે ધર્મ ધુરંધર, જગત સર્વ વિશ્રામ ॥ ॥ લ્યોને ॥ ૯ ॥

॥ કાવ્યં ॥

યદીયે કલ્યાણે મનુદનુજગીર્વાણ મહિતેઽ ॥
વતારે જન્માપ્તૌ વિરતિ-વરણે કેવલદિને ॥
તથા નિર્વાણેઽદ્ભુત્ ત્રિભુવન-જને સૌખ્યમતુલં ॥
તમાદીશં વંદે પ્રશમશમદં મંગલહિતં ॥ ૧ ॥

॥ઃ- મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુનિવારણાય શ્રીમતે નાથાય જિનેંદ્રાય ધૂપં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ દીક્ષાકલ્યાણકે ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કેવલજ્ઞાનકલ્યાણકે પંચમ દીપ ॥

॥ દુહા ॥

પાળે પ્રવચન માતને, ટાળે ચાર કષાય ॥
બાળે કર્મનાં મર્મને, ગાળે કોમળ કાય ॥ ૧ ॥
બહલી દેશે વિચરી, પાછા ફર્યા તત્કાળ ॥
બાહુબલી પોકારતા, દાદા આતમ તાર ॥ ૨ ॥
અનુક્રમે જિનજી આવીયા, અયોધ્યા નગરી બહાર ॥
ઉત્તમ દિશિ રાજે પરું, પુરિમતાલ મનોહાર ॥ ૩ ॥
શકટાનન ઉદ્યાનમાં, વડનું સુંદર ઝાડ ॥
ફાગણ વદિ એકાદશી, નક્ષત્ર ઉત્તરાષાઢ ॥ ૪ ॥
કમળ સમા નિર્લેપ ને, ગગન સમા નિઃસંગ ॥
ઉજ્જવલ યશ વિસ્તારતા, ગંગ તરંગશું રંગ ॥ ૫ ॥
ક્ષપકશ્રેણિ આરોહીને, ધ્યાતા ઉજ્જવળ ધ્યાન ॥
ઘાતિ કર્મનો ક્ષય કરી, પામ્યા કેવળજ્ઞાન ॥ ૬ ॥

॥ ઢાળ ॥

॥ વ્રત સાતમે વિરતિ આદરૂં રે લોલ—એ દેશી ॥

શુભ સમવસરણ ઇન્દ્ર રચ્યું રે લોલ, ગઢ પ્રથમ રજતનો વિશાળ જો ॥ કોટ કાંચનનો વચમાં વિરાજતો રે લોલ, ત્રીજો રાજે રતનનો થાળ જો ॥ ચાલો જઇએ પ્ર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભુજીને વાંદવા રે લોલ ।।૧।। જિહાં વૃક્ષ અશોક શોક દૂર કરે રે લોલ પુષ્પવૃષ્ટિ હોય જાનુ પ્રમાણુ જો ।। દિવ્ય ધ્વનિ સુભવ્ય ગાજી રહ્યો રે લોલ, ૧ચારુ ચામર વીંઝાય સુજાણુ જો ।। ચાલો૦ ।। ૨ ।। પ્રભુ બેઠા મણિમય આ-સને રે લોલ, પ્રભા–મંડલ જિન દર્શન કાજ જો ।। દેવદુ-ન્દુભિ નાદ ગંભીર ઘણો રે લોલ, ત્રણ છત્રે ત્રિભુવન રાજ જો ।। ચાલો૦ ।। ૩ ।। પ્રભુ ચોત્રીસ અતિશય શોભતા રે લોલ, ગુણ પાંત્રીશ વાણી રસાળ જો ।। દેવ ક્રોડો ૨સ-દૈવ સેવા કરે રે લોલ, પ્રેમે પૂજે ને બૂજે પૃથ્વીપાળ જો ।। ।। ચાલો૦ ।। ૪ ।। રાય ભરતને આપી વધામણી રે લોલ, સાથે ચક્ર રત્નનો વૃત્તાન્ત જો ।। શું કરવું ? ક્ષણ એક વિચારતાં રે લોલ, મોત સતાવે સન્તને મહન્ત જો ।। ચા-લો૦ ।। ૫ ।। માત પાસે આવીને વિનવે રે લોલ, તુમ પુત્ર પધાર્યા પુર બહાર જો ।। ચાલો વંદન જુઓ તુમ નંદને રે લોલ, ઋદ્ધિ સિદ્ધિ ઠકુરાઈ અપાર જો ।। ચાલો૦ ।। ૬ ।। સજી સાજ શણગારે ગજરાજને રે લોલ, સ્કન્ધે બેસાર્યા મરુદેવા માત જો ।। ધીરે ધીરે પધાર્યા પ્રભુ સ-

---

૧ મનોહર. ૨ હંમેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન્મુખે રે લોલ, જહાં ખીલ્યું છે ધર્મ પ્રભાત જો ॥ ચાલો૦ ॥ ૭ ॥ મહાઋદ્ધિ સ્વામીની શ્રવણે સુણી રે લોલ, ઉર આનંદ અતિ ઉભરાય જો ॥ હર્ષ સાગર ઊલટયો ને ઊછળ્યો રે લોલ, કોઈ રીતે ન હૃદયે સમાય જો ॥ ચાલો૦ ॥ ॥ ૮ ॥ ખોલી નાખ્યાં નયનનાં બારણાં રે લોલ, હતાં બન્ધને અન્ધ દિન રાત જો ॥ કદી દર્શન ધુરંધર નાથના રે લોલ, ભાવે અન્યત્વ ભાવના માત જો ॥ ચાલો૦ ॥ ૯ ॥

॥ દુહા ॥

વન વન વિચરી દુઃખ સહે, ભૂખ્યો દિનરાત ॥
અન્ય કોઈ સાથે નહીં, લોક કરે છે વાત ॥ ૧ ॥
કોમળ એની કાય છે, અંગો છે સુકુમાળ ॥
સુખ ને દુઃખમાં એહની, કોણ કરે સંભાળ ? ॥ ૨ ॥
શીયાળે ઠંડી ઘણી, ગણી, ઉનાળે લૂ વાય ॥
ચોમાસુ અતિ દોહિલું, દુઃખમાં દિવસો જાય ॥ ૩ ॥
એ મુજ નાનો બાલુડો, એક જ મુજ સંતાન ॥
વિકટ પંથ એણે ગ્રહ્યો, ત્યજી મમતા ને માન ॥ ૪ ॥
નજરે આજે નિરખું, ઋદ્ધિ એની અપાર ॥
દુઃખમાં એ ન્યારો રહ્યો, સુખમાં પણ અવિકાર ॥ ૫ ॥

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

॥ ગીત ॥

(પંખીડા સંદેશો કહેજો મારા શ્યામને—એ દેશી)

આ સંસાર અસાર સગું કોઈ એ નથી, સ્વારથની શી કરવી જગતમાં વાત જો ॥ પોત પોતાને માટે ચાહે અન્યને, સ્વારથ સરે પછી કોણ તાત ને માત જો ॥ ચેતન ચિન્તા પરની શાને તું કરે? ॥ ૧ ॥ રાત દિવસ રોતી હું સુત સંતાપથી, દેતી ઠપકો ભરતને ભારોભાર જો ॥ રુદન કરી કરી આંખો પણ ઓછી કરી, પલપલ પૂછું, તેનાં હિ સમાચાર જો ॥ ચેતન૦ ॥૨॥ એને દુઃખે દુઃખી થઈ શોકે રહી, વર્ષોથી કરતી અતિશે વલોપાત જો ॥ ॥ મારો નંદન મારો સ્નેહી પુત્ર એ, મારો રિખવો એમજ કરતી વાત જો ॥ ચેતન૦ ॥ ૩ ॥ જોયું આજે અનુભવ કરી હું બ્હાવરી, બની હતી આ પુત્રની પાછળ વ્યર્થ જો ॥ સુખ વિલસે એ આજે અધિકું સર્વથી, નથી પડી મુજ એણે જોયો સ્વાર્થ જો ॥ ચેતન૦ ॥ ૪ ॥ આત્મા મારો એક જ મુજ સાથે થશે, શુદ્ધ બુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ જો ॥ બાહ્ય ઉપાધિ વળગી તે અળગી કરું, તો મુજને મળશે મુજ શુદ્ધ સ્વરૂપ જો ॥ ચેતન૦ ॥ ૫ ॥ હાથીની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંબાડી ઉપર સ્થિર થઈ, વધતે ભાવે વરિયા કેવળજ્ઞાન જો ॥ ધર્મ ધુરંધર પુત્રદંસૂ મુખ દેખવા, પામ્યા જલદી જિનજનની નિર્વાણ જો ॥ ચેતનગા ૬ ॥

॥ કાવ્ય ॥

ચતુર્થે કલ્યાણે મનુદનુજગીર્વાણમહિતે ॥
વતારે જન્માપ્તૌ વિરતિ—રમણે કેવલદિને ॥
તથા નિર્વાણેઽભૂત્ ત્રિભુવન—જને સૌખ્યમતુલં ॥
તમાદીશં વંદે પ્રથમશમંદં મંગલહિતમ્ ॥ ૧ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય જન્મજરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે સર્વજ્ઞાય જિનેંદ્રાય દીપં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ કેવળજ્ઞાન કલ્યાણકે પંચમ દીપપૂજા સંપૂર્ણ ॥

## ॥ કેવલજ્ઞાનકલ્યાણકે ષષ્ઠ અક્ષત પૂજા ॥

### ॥ દુહા ॥

પ્રભુએ ધર્મ બતાવીયો, દાન શીયળ તપ ભાવ ॥
સંઘ ચતુર્વિધ સ્થાપિયો, ભવ જલ તરવા નાવ ॥૧॥
ઋષભસેનાદિક પાંચસેં, ભરત રાયના પુત્ર ॥
સંયમ લે સવિ સાથમાં, સાતસેં પુત્રના પુત્ર ॥ ૨ ॥
બ્રાહ્મી પ્રથમા સાધવી, શ્રાવક ભરત મહારાય ॥
પ્રથમ શ્રાવિકા સુન્દરી, પૂજે પ્રભુના પાય ॥ ૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોરાસી ગણધર થયા, ત્રિપદી રચના સાર ॥
કચ્છાદિક બે બંધુ વિણ, તાપસ સવિ અણગાર ॥૪॥
શક્રે શોક દૂરે કર્યો, ભરત ગયા નિજ વાસ ॥
સ્વામી વિચરે સવિ સ્થળે, કરતા ધર્મ પ્રકાશ ॥૫॥

॥ ઢાળ ॥

॥ પ્રભુ પ્રતિમા પૂજીને પોસહ કરીએ રે—એ દેશી ॥

પૂજી ચક્રને ચક્રી ભરતને સાધે રે, ખંડ ખંડ ફરી રે જયમાળા વરે ॥ તો પણ ચક્ર ન આયુધ શાળે પેસે રે, નવ્વાણું ભાઈ રે આણા નવિ ધરે ॥૧ ॥ મોહને છોડી રે, માયા દૂર કરો, સાચી નિજ શુદ્ધિ રે, સંયમ લઈ વરો ॥ અવિનાશી એકરે, શિવસુખ અનુસરો ॥ એ આંકણી ॥
પ્રભુજી પાસે જઈ અટ્ઠાણું પૂછે રે, મારગ શુદ્ધ રાખો રે, શું કરીએ અમે ? યુદ્ધ કરો નિજ આતમ અરિની સાથે રે, શ્રી મુખ જિન ભાખે રે, સહુને તે ગમે ॥ મોહને૦ ॥૨॥
વૈતાલિક અધ્યયન સુણીને સમજ્યા રે, દીક્ષાને લેઈ રે, કેવળ વર વર્યા ॥ શ્રી જિનશાસન જગ જયવંતું વર્તે રે, પામ્યા શુભ હિત રે, જે એ અનુસર્યા ॥ મોહને૦ ॥૩॥
સુંદરી સાઠ હજાર વરસ તપ તપતી રે, કાયાને ગાળી રે, માયા દૂર કરી ॥ અનુમતિ ભરતની પામી પ્રભુને હાથ રે, સંયમ શુદ્ધ લેઈ રે, ભવસાયર તરી ॥ મોહને૦ ॥ ૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ અનેક જીવોને જિન પ્રતિબોધે રે, આપે શિવસુખરે, દુઃખ દૂર કરે ॥ ધર્મ ધુરંધર નાથ ચરણ જે સેવે રે, કલ્પતરૂની છાયા રે, મન વાંછિત વરે ॥ મોહને૦ ॥

॥ ગીત ॥

॥ બન્દે જીવન હૈ સંગ્રામ—એ દેશી ॥

મંગલકારી પ્રભુજીને પૂજી, તજો તમે અભિમાન, બધું સજ્જન બુદ્ધિનિધાન ॥ બંધુ૦ ॥ બાહુબલી આજ્ઞા નવિ માને, ભરત કરે સંગ્રામ ॥ બંધુ૦ ॥ ચતુરંગી સેના સજી આવ્યા, બને સામોસામ ॥ બંધુ૦ ॥ ૧ ॥ અનુચિત જાણી ઇંદ્ર પધારે, સમજાવે શુભ રીત ॥ બંધુ૦ ॥ દૃષ્ટિ મુષ્ટિ ગર્જન ભુજ વાલન, દંડે સાધો જિત ॥ બંધુ૦ ॥ ॥ ૨ ॥ પામે પરાજય રોષ ધરીને, ચક્રી ચક્ર ચલાવે ॥ ॥ બંધુ૦ ॥ દેઈ પ્રદક્ષિણા પાછું ફરિયું, એક ગોત્ર નહિ ફાવે ॥ બંધુ૦ ॥ ૩ ॥ ક્રોધ કરીને બાહુબલિજી, વજ્ર મુષ્ટિ ઉગામે ॥ બંધુ૦ ॥ થર થર ધ્રૂજે સૌ જોનારા, ચક્રી પણ ભય પામે ॥ બંધુ૦ ॥ ૪ ॥ મુષ્ટિ ઊંચી રહી બાહુબલી, ચડે વિશુદ્ધ વિચારે ॥ બંધુ૦ ॥ પિતા સમા મુજ બંધવ પર હું, કરું શું આ અત્યારે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ બંધુ૦ ॥૫॥ પછી ન ફરે મૂઠ ઉગામી, લોચ કરે એ બળિયા ॥ બંધુ૦ ॥ ભાઈ ખમાવી પાછા વળીયા, મુનિ અભિમાને ચડીયા ॥ બંધુ ॥ ૬ ॥ કેમ કરું લઘુ બંધવ વંદન? કેવળ લઈને જઈશું ॥ બંધુ૦ ॥ પ્રભુ કને પછી સૌની સાથે, શુદ્ધપણે વિચરશું ॥ બંધુ ॥ ૭ ॥ સંવત્સર વીત્યું બે બેની, આવી બોધ પમાડે ॥ બંધુ૦ ॥ ગજ પર બેઠા હેઠા ઉતરો, ફંધ અનાદિ ઉડાડે ॥ બંધુ૦ ॥ ૮ ॥ વિચાર કરતાં સમજુ સમજ્યા, દૂર કર્યું અભિમાન ॥ ॥ બંધુ૦ ॥ ધર્મ ધુરંધર જિનના નન્દન, પામ્યા કેવળ-જ્ઞાન બંધુ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥

યદીયે કલ્યાણે મનુદનુજગીર્વાણમહિતેઽ ॥
વતારે જન્માપ્તૌ વિરતિ–વરણે કેવલદિને ॥
તથા નિર્વાણેઽભુત્ ત્રિભુવન–જને સૌખ્યમતુલં ॥
તમાદીશં વંદે પ્રશમશમંદ મંગલહિતમ્ ॥ ૧॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય, જન્મજરા-મૃત્યુ નિવારણાય, શ્રીમતે સર્વજ્ઞાય જિનેંદ્રાય અક્ષતં યજામહે સ્વાહા॥

॥ ઇતિ કેવળજ્ઞાનકલ્યાણકે ષષ્ઠ અક્ષત પૂજા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ નિર્વાણકલ્યાણકે સપ્તમ નૈવેદ્ય પૂજા ॥

### ॥ દુહા ॥

વંદે શ્રી ગિરિરાજને, જિહાં યુગાદિ જિણિંદ ॥
સ્વામી આવી સમોસર્યા, સાથે મુનિજન વૃંદ ॥૧॥
કલ્પતરૂ ચિંતામણિ, કામકુંભ જગ જોય ॥
ત્રણ ભુવનમાં એહની, તોલે નાવે કોય ॥ ૨ ॥
ધ્યાન ધરો ગિરિરાજનું, સાધો સઘળા કાજ ॥
રાજે સિદ્ધાચલગિરિ, ગિરિવરમાં શિરતાજ ॥ ૩ ॥

### ॥ ઢાળ ॥

( રાગ ભૈરવી )

ભવિ ગિરિરાજનું ધ્યાન ધરો, ભવિ ઋદ્ધિ ને સિદ્ધિ વરો ॥ભવિગિરિ૦॥ પૂર્વનવાણું આદિજિનેશ્વર, સમવસર્યા એ સમરો ॥ ભવિ૦ ॥ આઠ યોજન ઊંચો એ ગિરિવર, પચ્ચાસ યોજન વિસ્તરો ॥ ભવિ૦॥૧॥ દશ યોજન શિખરે શોભિતો, નામે પાતિક હરો ॥ ભવિ૦ ॥ રૂડી રાયણ રુખ છાયામાં, વહે ઉપદેશનો ઝરો ॥ભવિ૦॥૨॥અણસણ પુંડરીક ગણધર સાથે, પાંચ કોડ મુનિવરો ॥ ભવિ૦ ॥ ચૈત્રી પૂનમ દિન એ ગિરિવરનું, ધ્યાન હૃદયમાં ધરે ॥ ભવિ૦॥૩॥ ત્રણ લોકમાં તીર્થ એ મોટું, જેનો મહિમા ખરો ॥ ભવિ૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંગલકારી અણુઓ એના, સેવી ભવને તરો ॥ ભવિ૦॥૪॥
આઠ આધક શત ટૂંક મનોહર, ભાવે ભક્તિ કરો ॥ ભવિ૦ ॥
ધર્મધુરંધરનાથ નિહાળી, મનમાં વાંછિત ફળો ॥ભવિ૦॥૫॥

॥ ગીત ॥

(સિધ્ધાચળના વાસી જિનને કોડો પ્રણામ—એ દેશી)

શ્રેયસ્કર એ સ્વામિ, વંદો આદિ જિણુંદ, વન્દો આદિ જિણુંદ ॥ અષ્ટાપદ પર પ્રભુ પધારે, પર્યંકાસન મુદ્રા ધારે, ધ્યાવે ઉજ્જવલ ધ્યાન ॥ વંદો૦ ॥ ૧ ॥ પાદ-પોપગમ અણુસણુ કરતા, ષટ્ ઉપવાસે કર્મ નિજર્જરતા, ઋષભદેવ ભગવાન ॥ વંદો૦ ॥૨॥ સાથે દશ સહસ મુનિ-રાયા, મુક્તિ વરિયા કર્મ ખપાયા, જ્યોતે જ્યોતિ મિલાય ॥ વંદો૦ ॥૩॥ અષ્ટાધિક શત એક જ સમયે, ઉત્કૃષ્ટા અવગાહે શિવ લે, પ્રથમ અચ્છેરું થાય ॥ વંદો૦ ॥ ૪ ॥ તહા વદિ તેરસ રઢિયાળી, વર્યા પ્રભુ શિવ વહુ લટકાળી, અભિજિત રાજે ચંદ ॥ વંદો૦ ॥ ૫ ॥ રુદન કરે ચક્રી-જિનવિરહે, ઇન્દ્રાદિક શોકે અવગાહે, પામ્યા પ્રભુ નિર્વાણ ॥ વંદો૦ ॥ ૬ ॥ ક્ષીર નીરથી સ્નાન કરાવી, નન્દન વનથી ચન્દન લાવી, રચી ચિતા ત્રણે સાર ॥વંદો૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ૭ ॥ જિન ગણધર મુનિ દેહ પ્રજાળે, દાઢાદિક પૂજી દુઃખ ટાળે, પામે મંગળમાળ ॥ વંદો૦ ॥ ૮ ॥ પ્રથમ ભૂપ એ પ્રથમ મુનિવર, પ્રથમ તીર્થપતિ ધર્મધુરંધર, વંદો વારંવાર ॥ વંદો૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥

યદીયે કલ્યાણે મનુદનુજગીર્વાણમહિતેઽ ॥
વતારે જન્માપ્તૌ વિરતિ–વરણે કેવલદિને ॥
તથા નિર્વાણેઽભૂત્ ત્રિભુવન-જને સૌખ્યમતુલં ॥
તમાદિશં વંદે પ્રશમશમદં મંગલહિતમ્ ॥ ૧ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરા મૃત્યુ નિવારણાય શ્રીમતે પારંગતાય જિનેંદ્રાય નવેદ્યં યજામહે સ્વાહા ॥

ઇત નિર્વાણકલ્યાણકે સપ્તમ નૈવેદ્યપૂજા સમાપ્ત ॥

## ॥ નિર્વાણકલ્યાણકે અટ્ઠમ ફલપૂજા ॥

### ॥ દુહા ॥

પાંચ મહાવ્રતધર મુનિ, એંશી ચાર હજાર ॥
ત્રણ લાખ શુભ સાધવી, ત્રણ લાખ પાંચ હજાર ॥ ૧ ॥
શ્રાવક દ્વાદશ વ્રતધરા, પાળે શુભ આચાર ॥
પાંચ લાખ ચોપન સહસ, શુદ્ધ શ્રાવિકા ધાર ॥ ૨ ॥
બીજો પણ બહુએ કહ્યો, પ્રભુજીનો પરિવાર ॥
જિનભકતે એ શિવ વરી, લેશે સુખ અવિકાર ॥ ૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાળ ॥

॥ રાગ-માલકોશ ॥

પ્રભુ આદિ જિણંદ વર વંદન હો (૨) ॥ લોક લોકોત્તર ધર્મ પ્રરૂપક, ત્યાગી વૈરાગી યોગીજી ॥ સૌભાગી બડભાગી યોગી, શિવરમણીના ભોગીજી ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ યુગલા ધર્મ નિવારક તારક, ભવ જલધિ ભવિ પ્રાણીજી ॥ રોમ રોમ ચેતન પ્રગટાવે, જેની મધુરી વાણીજી ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ અષ્ટાપદ પર્વત શિવકારી, પ્રભુ પામ્યા નિર્વાણજી॥ રાય ભરત તિહાં જિનવર ભક્તે, કરે મંદિર મંડાણજી ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ સોનાનું મંદિર રચાવ્યું, ચોવીશ જિનની સ્થાપીજી ॥ દેહ પ્રમાણ મણિમય મૂર્તિ, તરણિ તેજે વ્યાપીજી ॥ પ્રભુ૦ ॥ ૪ ॥ આરીસાભવને કેવળ પાયા, જિન કુળ પુણ્ય પ્રભાવેજી ॥ મરીચિ જેવા પૌત્ર પ્રભુના વીરજિન થઈ શિવ પાવેજી ॥ પ્રભુ૦॥ પ્રભુની પરંપર સારી, અવિચ્છિન્ન રહેનારીજી ॥ જ્યાં લગી અજિત જિનેશ્વર હોવે, ત્યાં લગે શિવ દેનારીજી ॥ પ્રભુ૦ ॥ ૬ ॥ મંગલ એવું નહિ કોઈ જગમાં, જે ન મળે જિન નામેજી ॥ ધર્મ ધુરંધર નાથ પ્રભાવે, અવિચલ લક્ષ્મી પામે જી ॥ પ્રભુ૦ ॥ ૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ગીત ॥

॥ મેં કિનો નહિ તુમ બિન ઓરશું રાગ—એ દેશી ॥

ભવિ પૂજો સહી ઋષભદેવ ભગવાન (૨) ॥ વદન સુધાકર દેખી હરખો, ઝરતી મધુરી વાણ ॥ કામિત પૂરણ કલ્પતરુ એ, કોટિ કરે કલ્યાણ ॥ ભવિ ૦॥ ૧ ॥ લોકાલોક પ્રકાશક એ જિન, કેવલજ્ઞાન નિધાન ॥ ધર્મતણા સંસ્થાપક મધુરા, મુક્તિના મહેમાન ॥ ભવિ૦ ॥૩॥ ગોમુખ યક્ષ ચક્રેશ્વરી દેવી, સેવક પ્રભુના જાણ ॥ શાસનરક્ષા કરે બહુ ભક્તે, રાત દિવસ એ તાન ॥ ભવિ૦ ॥ ૩ ॥ નિર્મલ દર્શન માંગો પ્રભુ શું, યાચો સાચું જ્ઞાન ॥ શિવમંદિર સુંદર મેળવવા, એક જ એ એંધાણ ॥ ભવિ૦ ॥ ૪ ॥ કલ્યાણક એ પ્રભુનાં પાંચે, ગાયાં ધરી બહુમાન ॥ ધર્મધુરંધર જિન એ એક જ, મુજ મન શાંતિ સ્થાન ॥ ભવિ૦ ॥ ૫ ॥

॥ કાવ્યં

યદીયે કલ્યાણે મનુદનુજગીર્વાણમહિતેઽ ॥
વતારે જન્માપ્તૌ વિરતિ–વરણે કેવલદિને ॥
તથા નિર્વાણેઽભૂત્ ત્રિભુવન-જને સૌખ્યમતુલં ॥
તમાદીશં વંદે પ્રશમશમદં મંગલહિતમ્ ॥૧॥


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે પારંગતાય જિનેંદ્રાય ફલં યજામહે સ્વાહા ॥

॥ કળશ ॥

॥ તપસ્યા કરતાં કરતાં હો, ડંકા જોર બજાયા હો—એ દેશી ॥

ઋષભ જિન થુણતાં હો, સમકિત રંગ બઢાયા હો (૨) ॥ નાભિનન્દન આદિ જિનેશ્વર, મરુદેવીના જાયા હો ॥ સંયમ ધરી વરી કેવળ જગમાં, ધર્મ પંથ દીખાયા ॥ ઋષભ૦ ॥ ૧ ॥ વીર જિનેશ્વર પટ્ટપરમ્પર, સિંહસૂરીશ્વર રાયા હો ॥ ક્રિયા ઉદ્ધારક સત્યવિજય ગણી, સંયમ-શુદ્ધ ધરાયા ॥ ઋષભ૦ ॥ ૨ ॥ તાસ પાટ નવમીએ સોહે, મણિવિજય ગુરુરાયા હો ॥ તાસ શિષ્ય ભદ્રિક પ્રભાવક, બુદ્ધિવિજય બુટેરાયા ॥ ઋષભ૦ ॥ ૩ ॥ વૃદ્ધિવિજય ગુરુ ગુણગંભીરા, શાંત દાંત વખણાયા હો ॥ એ ગુરુવરની શાખા સારી, વડતરૂ સમ ફેલાયા ॥ ઋષભ૦ ॥૪॥ તાસ પટ્ટપ્રભાવક શાસન—દીપક જગ પંકાયા હો ॥ તપાગચ્છ નાયક વર દાયક, સૂરિસમ્રાટ કહાયા ॥ ઋષભ૦ ॥ ૫ ॥ શ્રીમન્નેમિસૂરીશ્વર રાજે, તેજે તપે સવાયા હો ॥ વિશાળ શિષ્ય પરમ્પર જેમાં, સાત સાત સૂરરિાયા ॥ ઋષભ૦ ॥ ॥ ૬ ॥ શાસ્ત્રવિશારદ કવિરત્નને, પીયૂષપાણિ પાયો હો ॥ વિજયામૃતસૂરીશ્વર શાસન—રાગે હૃદય રંગાયા ॥ ઋષભ૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ૭ ॥ તાસ વિનેય વિનય ગુણ પૂરા, શૂરા તપે તપાયા હો ॥ કાયા માયા દૂર કરી મુનિ, પુણ્ય વિજય મુનિરાયા ॥ । ઋષભ૦ ॥ ૮ ॥ નિજ સુત હિત કરવા ભવ તરવા, કુટુમ્બ મોહ ત્યજાયા હો । એ સમ સદ્ગુરુ પૂજ્ય જનક એ, મનક ગુરુ સમ ધ્યાયા ॥ ઋષભ૦ ॥ ૯ ॥ શશિ[1] મુનિ[7] [4]જિનસમ[2] (૨૪૭૧) વીર જિન વર્ષે, ગોયમ કેવલ દિવસે હો ॥ જામનગરમાં રહી ચોમાસું, બાર ચૈત્ય જ્યાં વિલસે ॥ ઋષભ૦ ॥ ૧૦ ॥ ભક્તિ ભાવ ધરી સમકિત નિર્મલ, કરવા એહ ઉપાયા હો ॥ ધુરંધરવિજય ઋષભજિન થુણતાં, જય મંગલ વરતાયા ॥ ઋષભ૦ ॥ ૧૧ ॥ પહેલી પૂજા ભાવનગરમાં, સંઘ મળી સમુદાયા હો ॥ મૂળનાયક આદિજિન ચૈત્યે, પૂરણ હર્ષ પઢાયા ॥ ઋષભ૦ ॥ ૧૨ ॥

॥ ઇતિ શ્રી આદિજિન પંચકલ્યાણકપૂજા સંપૂર્ણ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંન્યાસ શ્રી યશોભદ્રવિજયજીકૃત ચરમ જિનપતિ શ્રી મહાવીર પ્રભુ પંચકલ્યાણક પૂજા

## ॥ વિધિ ॥

આ પૂજા ભણાવવા માટે પહેલાં સ્નાત્ર ભણાવવું, પછી ફલ, નૈવેદ્ય વગેરે સર્વ વસ્તુ પાંચ પાંચ લાવવી, પછી અષ્ટ દ્રવ્યથી પાંચે રકેબી ભરવી, એક જણ રકેબી લઈને ઊભો રહે અને બીજો રકેબીમાં કલશ વગેરે લઈ ઉભો રહે. ત્યારબાદ પૂજાની બે ઢાળો કહી કાવ્ય—મંત્ર ભણી પ્રભુજીને જલસ્નાત્ર કરી ચંદન, પુષ્પ, ધુપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળથી અષ્ટપ્રકારી પૂજા કરવી. પાંચે પૂજા ભણાવ્યા બાદ આરતિ મંગળદીવો ઉતારવો.

---

## ॥ દુહા ॥

વંદું શ્રી મહાવીરને, પૂરણ પ્રેમ સહિત ॥
શારદ કસ્તુર ગુરુ નમી, રચું કલ્યાણક ગીત ॥ ૧ ॥
દેવો જ્યમ ઉત્સવ કરે, નંદીશ્વર શુભ ઠામ ॥
ત્યમ કલ્યાણક પૂજના, કાપે કષ્ટ તમામ ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસન સૂર્યમણિ સમા, શ્રી મહાવીર ભગવંત ॥
સમકિત રૂડું પામિયા, ભવ નયસાર કહંત ॥ ૩ ॥
મુનિવર નંદનના ભવે, પૂજી પ્રભુ નિષ્કામ ॥
વીશસ્થાનક પદ સેવીને, બાંધ્યું શ્રી જિનનામ ॥ ૪ ॥
દેવરૂપ પામી રહ્યા, સ્વર્ગે સાગર વીશ ॥
દેવી સુખ અધિકતર, ભોગવતા અહોનિશ ॥ ૫ ॥

॥ ચ્યવનકલ્યાણક પૂજા પ્રારંભ ॥

॥ દુહા ॥

પૂરણ પ્રેમે પૂજીએ, પ્રભુ નવ અંગ ઉદાર ॥
ચ્યવન કલ્યાણક વીરતણું, ચઉગતિ ચૂરણહાર ॥ ૧ ॥

॥ ઢાળ—૧ ॥

॥ રાગ આશાવરી ॥

ભવિયા શ્રી જિન પૂજો ભાવે ॥ સ્વામી સેવાથી સુખ થાવે ॥ ભવિયા૦ ॥ જંબૂદ્વીપે સુંદર નયરી, માહણ-કુંડ સોહાવે ॥ વિપ્ર ઋષભદત્ત દેવાનંદા, પત્ની તાસ કહાવે ॥ ભવિયા૦ ॥ ૧ ॥ અષાઢી સુદ છટ્ઠ નિશિ જિનવર, તાસ ઉદર ચ્યવી આવે ॥ ચૌદ સુપન દેખી તે વિપ્રા, અતિશય આનંદ પાવે ॥ ભવિયા૦ ॥ ૨ ॥ અવધિ જ્ઞાને ઈંદ્રે જાણ્યું, પ્રભુની સન્મુખ આવે ॥ નમુ-ત્થુણું ઉચરી શિર નામી, નિજ સ્થાનક પ્રતિ જાવે ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવિયા૦ ॥ ૩ ॥ સૌધર્મેંદ્રે સંશય કીધો, જિન ક્ષત્રિય કુલ આવે ॥ અંતિમ જિનવર નીચ કુલ આવ્યા, વિપરીત કયમ એ થાવે ॥ ભવિયા૦ ॥ ૪ ॥ મરિચિને ભવ ઉત્તમ–કુલમદ, નીચ ગોત્ર બંધાવે ॥ તો પણ જિનવર કેરા જન્મ, નીચ કુલે નવિ થાવે ॥ ભવિયા૦ ॥ ૫ ॥ હરિણગમેષીને તેડાવી, ઇંદ્ર કહે શુભ ભાવે ॥ ઉત્તમ કુલમાં જિનને મૂકવા, સત્ય સહુ સમજાવે ॥ ભવિયા૦ ॥ ॥ ૬ ॥ સિદ્ધારથ નૃપ ક્ષત્રિયકુંડ, નગરનો રાય કહાવે ॥ તસ પટરાણી ત્રિશલા કન્યા, કેરો ગર્ભ ધરાવે ॥ ભવિયા૦ ॥ ૭ ॥ તે કન્યાને દેવાનંદા, કેરા ગર્ભે લાવે ॥ શ્રી મહાવીરને ત્રિશલા રાણી–ની કુખમાં પધરાવે ॥ ભવિયા૦ ॥ ૮ ॥ ॥ ચૌદ સુપન દેખે તવ રાણી, અદ્‌ભુત રૂપ બતાવે ॥ યશોભદ્ર પ્રફુલ્લિત જિન જનની, પતિને વાત જણાવે ॥ ભવિયા૦ ॥ ૯ ॥

॥ દુહો ॥

ચૌદ સુપન દેખી અનુપ, ત્રિશલા જાગ્રત થાય ॥
પતિ પાસે જઈ પ્રેમથી, વાત કહે સુખદાય ॥ ૧ ॥

॥ ઢાળ–૨ ॥

॥ રાગ–ઓ પ્રેમનગરના પંખેરૂં, તન પૂછું એક જ વાત ॥

ઉલ્લાસભરી સિદ્ધારથને જઈ, કહેતી પ્રભુની માત,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુંદર સ્વપ્ના કેરી વાત, સુંદર સ્વપ્ના કેરી વાત ।। ટેક ।।
પહેલે સ્વપ્ને ગજવર દીઠો, વૃષભ પછી હે નાથ ।। કેશરી-સિંહ વલી શ્રીદેવી, દેખી થાઉં સનાથ ।। સુંદર૦ ।। ।। ૧ ।। માલ કુસુમની પંચમ સ્વપ્ને, છઠ્ઠે શશિ સુખ-કાર ।। તમનાશક અવલોકયો સૂરજ, ધ્વજ સોહે મનહાર ।। સુંદર૦ ।। ૨ ।। કલશ અનુપમ પદ્મ સરોવર, પદ્મ થકી સોહાય ।। ક્ષીરસાગર સ્વપ્નું અગિયારમું, દેખી કૌતુક થાય ।। સુંદર૦ ।।૩ ।। બારમે દેવવિમાન તેરમે, ગંજ રત્નનો રમ્ય; ચૌદમે સ્વપ્ને ધૂપ વિનાનો, અગ્નિ દીઠો અગમ્ય ।। સુંદર૦ ।। ૪ ।। ચિંતન કરતા ચૌદ સુપનનો, અર્થ ઘટાવે રાય ।। સુંદર સદ્‌ગુણવાળો થાશે, સુત સહુને સુખદાય ।। સુંદર૦ ।। ૫ ।। ત્રિશલા રાણી પ્રમુદિત ડોલે, ધર્મ કરે બહુ ભાત ।। સ્વપ્ન પાઠકને રાજા પૂછે, જ્યારે થયું પ્રભાત ।। સુંદર૦ ।। ૬ ।। જોષી કહેતા સ્વપ્ન ચ-તુર્દશ, દેખે જિનની માત ।। ચક્રી જનની તેટલા દેખે, વાસુદેવની સાત ।। સુંદર૦ ।। ૭ ।। ચાર સ્વપ્ન બલદેવની માતા, નીરખે સત્ય વિચાર ।। જનની મંડલીક કેરી નિહાલે, સ્વપ્નું એક ઉદાર ।। સુંદર૦ ।। ૮ ।। કુલ અ-જવાલે જગ અજવાલે, થાશે પુત્ર મહાન ।। ચક્રવર્તી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થંકર થાશે, ત્રિભુવન તિલક સમાન ॥ સુંદર૦ ॥૯॥
હર્ષિત નૃપતિ દાન દીએ વલી, ધર્મ કરે બહુ ભાત ॥
ઋદ્ધિ સિદ્ધિદંપતી પામ્યા, ટળ્યા સહુ ઉત્પાત સુંદર૦ ॥
॥ ૧૦ ॥ દોહદ ઉપજે ત્રિશલાજીને, પૂર્ણ કરે સહુ રાય॥
અરિહા ભકિત પૂજન કરતાં, યશોભદ્ર ગુણ ગાય ॥
॥ સુંદર૦ ॥ ૧૧ ॥

॥ કાવ્યં ॥

જસ્સાવયારે તહજમ્મણુમ્મિ, ચરિત્તનાણે સિવસુક્ખકાલે ॥
મહંકરેજ્જાડસુરસુરઇંદા, જએઉ સો વીર-જિણિંદ નાહો ।૧॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરરાય જન્મજરા મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮ યજામહે સ્વાહા ॥

(આ કાવ્ય તથા મંત્ર દરેક પૂજા દીઠ કહેવાં)

ચ્યવન કલ્યાણકે પ્રથમ પૂજા સમાપ્ત ॥ ૧ ॥

## ॥ શ્રી જન્મકલ્યાણક પૂજા પ્રારંભ ॥

॥ દુહા ॥

અચળ રહ્યા પ્રભુ ગર્ભમાં, માતની જાણી દાઝ ॥
વિપરીત સમજી મા રડે, સવળ્યા ત્રિભુવન રાજ ॥ ૧ ॥
માતપિતા જીવતાં સુધી, દીક્ષા ન લેવી મ્હારે ॥
અંતર્યામી તે સમે, અભિગ્રહ એવો ધારે ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંગલ દિન મંગલ ઘડી, મંગલ યોગ અનુપ ॥
મંગલ કારણ જગતમાં, જન્મ્યા ત્રિભુવન ભૂપ ॥ ૩ ॥

॥ ઢાળ ૧ ॥

॥ પારેવડા જાજે વીરાના દેશમાં—એ રાગ ॥

સોહામણી ધન્ય ઘડી એક આવતી, વીર જન્મના વધામણાં લાવતી ॥ સોહામણી૦ ॥૧॥ ચૈત્ર શુદિ તેરશની રાતડી અનોખી, જ્યોત ત્રિલોકમાં ફેલાવતી ॥સોહામણી૦॥ ॥ ૨ ॥ સાતે નરક પણ અજવાળાં પામિયાં, સ્થાવરનાં દુઃખડાં મિટાવતી ॥ સોહામણી૦ ॥૩॥ છપ્પન્ન દિગ્કુમરી તિહાં હોંશથી, સૂતિકરણ કાજ આવતી ॥ સોહામણી૦ ॥ ॥૪॥ પ્રભુને નમી પ્રભુ માતને નમી, નિજનિજ કરણી બજાવતી ॥ સોહામણી૦ ॥ ૫ ॥ જોજન ક્ષેત્રની શુદ્ધ કરી ધરણી, જલ કુસુમ વરસાવતી ॥ સોહામણી૦ ॥૬॥ વીંજણ ચામર દર્પણદીપક, કલશ ભરી ભરી લાવતી ॥સોહામણી૦॥ ॥૭॥ નવણ કરાવી માત પ્રભુને, રંભાગૃહે[1] પધરાવતી ॥ ॥ સોહામણી૦ ॥૮॥ શણગારી બાંધતી રક્ષાની પોટલી, ચરણોમાં શિર નમાવતી ॥ સોહામણી૦ ॥૯॥ દુનિયાનો દીવો જાયો એ માતને, ધન્યવાદ આપી ગુણ ગાવતી ॥ સોહામણી૦ ॥૧૦॥ સુત ઘણુ જીવજો આશિષ દઈ સંચરે, યશોભદ્ર મન ભાવતી ॥ સોહામણી૦ ॥ ૧૧ ॥

---

૧ કેળના ઘરમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

આસન કંપે ઇંદ્રનું, પ્રભુ જન્મ્યા સમજાય ॥
જઈ જિનને વંદન કરી, હરિ હર્ષિત અતિ થાય ॥ ૧ ॥
નિદ્રા આપી માતને, મૂકી બિંબ અનુપ ॥
સુરગિરિ પ્રભુને લાવિયા, હરિ ધરી પંચરૂપ ॥ ૨ ॥
ચોસઠ સુર નરનારીઓ, મલિયા સુરગિરિ શૃંગ ॥
પ્રભુ જન્મોત્સવ કારણે, અંતર અતિ ઉમંગ ॥ ૩ ॥

॥ ઢાળ—૨ ॥

॥ જબ તુમહી ચલે પરદેશ—એ રાગ ॥

ભક્તિથી ઉર ભરપૂર. ચોસઠ સુર સુરગિરિ આયા, અભિષેક કરી સુખ પાયા (ટેક) માગધ વરદામ ક્ષીરોદધિ જલ, પૂજા સામગ્રી રચી નિર્મલ ॥ પાંડુકશિલા પર આસન રમ્ય બનાયા ॥ અભિષેક૦ ॥ ૧ ॥ હરિ પ્રભુબળની શંકા લાવે, અંગુઠે મેરુ ધ્રૂજાવે ॥ ભ્રમ દૂર થતાં ચરણોમાં શિર નમાયા ॥ અભિષેક૦ ॥૨॥ અભિષેકે ચોસઠ સહસ કલશ, એવાં અઢીસેં અભિષેક સરસ ॥ વૈમાનિક સુર સુરનારી મલીને ચડાયા ॥ અભિષેક૦ ॥૩॥ પ્રભુ અંગ લૂંછી ચરચી ચંદન, ફૂલ ધૂપ દીપ ધરી રમ્ય વસન ॥ ગીત નર્તન નવનવ ભાવ કરી રીઝાયા ॥ અભિષેક૦ ॥૪॥ હરિ જિન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જનની પાસે આવે, વંદન કરી પ્રભુને પધરાવે ।। અવ-
સ્વાપિની નિદ્રા બિંબને દૂર હટાયા ।। અભિષેક૦ ।।૫।।
અંગુઠે અમૃત રસ ધરતા, ઋદ્ધિ સિદ્ધિ નવ નિધિ ભરતા ।।
નિજ કૃત્ય કરી ચાલ્યા હરખે સુરરાયા ।। અભિષેક૦ ।।૬।।
નંદીશ્વર પર સહુ સુર જતા, અટ્ઠાઈ મહોત્સવ ઉજવતા ।।
અદ્ભુત આનંદ સમીરે મન લહેરાયા ।। અભિષેક૦ ।।૭।।
વીર જિનનાં ગુણગાન કરી, પૂજા કરીએ ભવિ ભાવ ધરી ।।
યશોભદ્ર જિન જન્મ કલ્યાણક ગાયા ।। અભિષેક૦ ।।૮।।

।। કાવ્યં ।।

જસ્સાવયારે તહ જમ્મણુમ્મિ, ચરિત્તનાણે સિવસુક્ખકાલે ।।
મહંકરેજજાઽસુરસુઇંદા, જયેઉ સો વીર જિણિંદનાહો ।।૧।।

।। મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરા-
મૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩,
ધૂપં ૪, દીપં ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮ યજામહે સ્વાહા ।।
।। જન્મકલ્યાણકે દ્વિતીય પૂજા સમાપ્ત ।।

## ।। શ્રી દીક્ષાકલ્યાણક પૂજા પ્રારંભ ।।

### ।। દુહા ।।

જન્મોત્સવ લાવી ઉષા, સિદ્ધારથને ધામ ।।
બંધ છુટયા હરખી પ્રજા, નાસે દુઃખ તમામ ।। ૧ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દશ દિન ઓચ્છવ બારમે, દિને કરે, નામાભિમાન ॥
સુખસંપદ વૃદ્ધિ થતા, ધરે નામ વર્ધમાન ॥ ૨ ॥

॥ ઢાળ ૧ ॥

॥ આવો આવો દેવ મારા—એ રાગ ॥

ત્રિશલાજીનો લાડકવાયો, સિદ્ધારથનો નંદ, પ્રગટયો દુનિયાનો દીવો ॥ એ–ટેક ॥ સકલ સુઅંગ સુગંધિત સુંદર, વર્ધમાન સુકુમાર ॥ વર્ણ સુવર્ણ વળી સિંહ લંછન, વદન કાંતિ મનોહાર ॥ પ્રગટયો૦ ॥૧॥ શ્વેત રક્ત યુત નિર્મલ કાયા, સુગંધિત શ્વાસોશ્વાસ ॥ ત્રણ જ્ઞાનનો જ્ઞાતા જન્મે, પૂરે મનની આશ ॥ પ્રગટયો૦ ॥૨॥ ઇંદ્ર સભામાં પ્રભુના બળના, ભક્તિથી ગુણ ગાય ॥ શંકા કરતો દેવ મિથ્યાત્વી, આવ્યો અવની માંહ્ય ॥ પ્રગટયો૦ ॥ ૩ ॥ આમલકી ક્રીડા ખેલે જિનજી, નિજ નિજ બાળક સંગે ॥ સર્પ બની વૃક્ષે વીંટળાયો, સુર પણ તેજ પ્રસંગે ॥ પ્રગટયો૦ ॥૪॥ સર્પ ફૂંફાડે બાળક ભાગ્યા, પ્રભ ભયભીત ન થાવે ॥ કરમાં ઝાલીને દૂર ફેંકયો, ભીતી સકળ શમાવે ॥ ॥ પ્રગટયો૦ ॥૫॥ પ્રભુને પૃષ્ઠ પરે લઈ સુર તે, સાત તાલ રૂપ ધારે ॥ વજ્ર મુષ્ટિનો પ્રહાર દઈને, શંકા તેની નિવારે ॥ પ્રગટયો૦ ॥૬॥ મહાવીર નામ દઇને સુર તે, ચાલ્યો શિવ નામી ॥ અભય અતુલ બળના ધરનારા, કોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે ના ફાવી ॥ પ્રગટયો૦ ॥ ૭ ॥ વીર વિભુને ભણવા મુકિયા, આઠમે વર્ષે નિશાળે ॥ જિનેંદ્ર વ્યાકરણ પ્રગટયું ત્યારે, ગુરુના સંશય ટાળે ॥ પ્રગટયો૦ ॥૮॥ સુદર્શના નામે છે ભગિની, નંદિવર્ધન ભાઇ ॥ યૌવન વયમાં વીરજી પરણ્યા, યશોમતિ સુખદાઈ ॥ પ્રગટયો૦ ॥ ૯ ॥ માત પિતા સ્વર્ગે સીધાવ્યા, અટ્ઠાવીસમે વરસે ॥ યશોભદ્રના સ્વામી સંયમ, લેવા કાજે તલસે ॥ પ્રગટયો૦ ॥ ૧૦ ॥

॥ દુહો ॥

સંયમ કાજે સંમતિ, વડીલ ભ્રાતની ચ્હાય ॥
દોય વરસ થોભી જવા, વિનવે પ્રભુને ત્યાંય ॥૧॥
વડીલ વચન હૈયે ધરી, થોભ્યા જગદાધાર ॥
બ્રહ્મચર્ય પાળે વલી, કરે પ્રાસુક આહાર ॥ ૨ ॥

॥ ઢાળ ૨ ॥
॥ સાંભળજો મુનિ સંયમ રાગે ॥

સંયમ રસિયા રહી શુભ ધ્યાને, દોય વરસ વીતાવે રે ॥ અવધ થયે લોકાંતિક દેવો, વિનવે પ્રભુને ભાવે રે ॥ સંયમ૦ ॥ ૧ ॥ જય જય નંદ નંદા જય જય ભદ્રા, ધર્મ-તીરથ તુમે થાપો રે ॥ બૂઝો બૂઝો હે ત્રિભુવન નાયક, જગજનનાં દુઃખ કાપો રે ॥ સંયમ૦ ॥ ૨ ॥ સંયમ અવસર જાણી જિનજી, દેતા વરસીદાન રે ॥ એક ક્રોડ અડ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લખ સોનૈયા, પ્રતિદિન દે વર્દ્ધમાન રે ।। સંયમ૦ ।।૩।।
એમ સંવત્સર દાન દીયે પ્રભુ, હરિ સહુ ધન ઉપજાવે રે ।।
જિનવર હાક્ષે દાન ગ્રહે જે, પીડા રહિત તે થાવે રે ।।
।। સંયમ૦ ।।૪।। સંમતિ પામી દીક્ષા કાજે, વીરજી તત્પર
થાયેરે ।। ચોસઠ ઇંદ્રો દેવ દેવી સહુ, ક્ષત્રિયકુંડે જાય રે
।। સંયમ૦ ।।૫।। કનક મણિના કલશ અનુપમ, તીરથ જળ
ભરો લાવે રે ।। પ્રેમ કરી પ્રભુને નવરાવી, શણગાર
સજાવે રે ।।સંયમ૦ ।।૬।। ચંદ્રપ્રભા શિબિકા અતિ સુંદર,
સિંહાસન પધરાવ્યા રે ।। સુર ઉપાડે મંગલ ગાવે, કુસુમે
નાથ વધાવે રે ।। સંયમ૦ ।।૭।। દુંદુભી વાજે જય જય
ગાજે, આવ્યા જ્ઞાન ઉદ્યાને રે ।। પ્રભુ મુખ પદ્મ નિહાળી
જન સહુ, ધન ધનજીવ માને રે ।। સંયમ૦ ।।૮।। શુભ
મુહૂર્તે અશોક નીચે, આભૂષણ સવિ ત્યાગે રે ।। લોચ કરે
નમી સિદ્ધ ધરે વ્રત, મનઃપર્યવ જ્ઞાન જાગે રે ।। સંયમ૦ ।।
।।૯।। ઇંદ્ર પ્રભુને ડાબે ખંધે, દેવદૂષ્ય પધરાવે રે ।। વંદન
કરી નંદીશ્વર જઈ સુર, નિજ નિજ સ્થાનક જાવે રે ।।
।। સંયમ૦ ।।૧૦।। છોડી સહુ સંસાર સંબંધી, વીર બન્યા
અણગારી રે ।। વીતરાગી વીર ચરણે વંદન, યશોભદ્ર સુખ-
કારી રે ।। સંયમ૦ ।। ૧૧ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કાવ્યં ॥

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ, ચરિત્તનાણેસિવસુક્ખકાલે ॥
મહંકરેજન્નાડસુરજરઇંદ્રા, જયઉ સોવીર-જિણિંદનાહો ॥૧॥

॥ મંત્રઃ- ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-
જરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય, જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩;
ધૂપં ૪, દીપં ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮, યજામહે સ્વાહા ॥
દીક્ષાકલ્યાણકે તૃતીય પૂજા સમાપ્ત ॥

॥ શ્રી કેવલ જ્ઞાન કલ્યાણક પૂજા પ્રારંભ ॥

॥ દુહા ॥

વિહાર કરતાં વીરજી, છોડી સહુ સમુદાય ॥
કુમાર ગામે આવિયા, બે ઘડી દિન દેખાય ॥ ૧ ॥
કાઉસ્સગ્ગ મુદ્રા ધારીને, જિનવર ઉભા જ્યાંય ॥
પીડા કરતા ગોપને, હરિ સમજાવે ત્યાંય ॥ ૨ ॥
ઉપસર્ગો પ્રભુને અતિ, સહાય થવાને કાજ ॥
સ્વામી સંગે વિહરવા, વિનતિ કરે સુરરાજ ॥ ૩ ॥
અન્ય બળે અરિહંત નવ, ચાહે કેવલજ્ઞાન ॥
એમ કહીને વિહરતા, અવનીપર ભગવાન ॥ ૪ ॥

॥ ઢાળ ૧ ॥

॥ ન્હવણની પૂજા રે નિરમલ આતમા રે-એ રાગ ॥

પ્રભુજી સીધાવ્યા રે, કર્મદળ જિતવા રે ॥ ટેક ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીરજી સીધાવ્યા રે, કર્મદળ જિતવા રે ॥ સહેતા પરિસહ અતિ દુઃખકાર, અભિગ્રહ ધારે વિવિધ પ્રકાર ॥ કર્મ ખપાવે રે સમ્યગ્ ભાવથી રે ॥ પ્રભુજી૦ ॥ ૧ ॥ પીડતો શૂળપાણિ લેઈ લાગ, ડશીઓ ચંડકોશીઓ નાગ ॥ નાગ-કુમારે રે પ્રભુજીને દૂભવ્યા રે ॥ પ્રભુજી૦ ॥ ૨ ॥ ગોશાલો કટપૂતના ક્રૂર, વ્યંતરી શાલાર્યા મગરૂર ॥ સંગમ દેવે રે ઉપસર્ગો કર્યા રે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ મનમાં આણી અતિ-શય કોપ, કર્ણે ખીલા ઠોકે ગોપ ॥ નાદ કરંતા રે ભૈરવ વન થયું રે ॥ પ્રભુજી૦ ॥૪॥ ચંદનબાળાને ભુવન, વ્હોરે બાકુળા ભોજન ॥ અભિગ્રહ ધારે રે અગણિત કષ્ટના રે ॥ ॥ પ્રભુજી૦ ॥ ૫ ॥ ષડ્માસી ॥ પંચઉણુ ષડ્માસી, નવ ચોમાસી બે ત્રણુ માસી ॥ બે અઢી માસી રે ષડ્ બે માસી કરી રે ॥ પ્રભુજી૦ ॥ ૬ ॥ બે દોઢ માસી દ્વાદશ માસ, બ્હોંતેર કીધાં છે અર્ધમાસ ॥ દ્વાદશ કીધાં રે અટ્ઠમ તપ ભલાં રે ॥ પ્રભુજી૦ ॥ ૭ ॥ છટ્ઠ તપ બસેં ઓગણત્રીસ, દો ચાર દશ દિન ત્રિભુવન ઈશ ॥ પ્રતિમા ધારે રે ભદ્રાદિક તણી ॥ પ્રભુજી૦ ॥ ૮ ॥ પારણાં ત્રણસેં ઓગણપચાસ, તપીઆ તપ ઇમ ધરી ઉલ્લાસ ॥ જલ વિણ કીધાં રે પ્રભુએ તપ સહુ રે ॥ પ્રભુજી૦ ॥ ૯ ॥ પ્રભુએ પારણાં કીધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જયાંય, કરતા પંચ દિવ્ય સુર ત્યાંય ॥ જગ ઉપકારી રે જગમાં વિહર્યા રે ॥ પ્રભુજી૦ ॥ ૧૦ ॥ વિહર્યા વર્ષ તે સાડાબાર, યશોભદ્ર જીવન આધાર ॥ ધીરજ ધારી રે કર્મ વિદારિયાં રે ॥ પ્રભુજી૦ ॥૧૧॥

॥ દુહા ॥

આઠે પ્રવચન પાળતા. શુદ્ધ ચારિત્ર અપાર ॥
પંચ મહાવ્રત ધારતા. વીર પ્રભુ અણુગાર ॥ ૧ ॥
નિરાશ્રય નિર્ભય સદા. નિસ્નેહી નિર્ગ્રંથ ॥
નિર્લેપી નિર્મલ અચલ. વલી નવિ ચઉ પ્રતિબંધ ॥૨॥

॥ લાખ લાખ દીવડા—એ રાગ ॥ ઢાળ ૨ ॥

લાખ લાખ કર્મોની ફોજને વિદારતા, રાગદ્વેષ દૂર કરનાર. વીતરાગી વીર જિન પૂજીએ ॥ મમતા ન ધારતા, સમતા સોહાવતા. ચારિત્ર ગુણભંડાર ॥વી૦॥૧॥ નિરાલંબન પંચ ઇન્દ્રિયને વશ કરે સમરથ સૂર્ય સમા તેજસ્વી અઘ દહે. નિંદ શયન ત્યજનાર ॥ વી૦ ॥૨॥ શાંતિ ક્ષમા જ્ઞાન દર્શનમાં રમે. આર્જવ માર્દવ નિર્લોભતા ગમે ॥ સાધ્ય પદે રમનાર ॥ વી૦ ॥ ૩ ॥ વૈશાખ સુદ દશમીને મધ્યાહ્નને. ક્ષપક શ્રેણી ચઢી શુક્લધ્યાને ॥ ઘનઘાતી કીધાં સંહાર ॥ વી૦ ॥૩॥ શાલ વૃક્ષ નીચે સુશોભિત અવસરે,


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવળજ્ઞાન અણુમૂલું પ્રભુ વરે ॥ વરત્યો ત્યાં જય જયકાર ॥ ॥ વી૦ ॥૪॥ લોક અલોકના ભાવો જાણે બધા, સમવસરણમાં દીધી જ્યાં દેશના ॥ નિષ્ફલ જાય તેણીવાર ॥ વી૦ ॥ ॥ ૫ ॥ નયરી અપાપા મહાસેન વનમાં, સમવસરણ સુર રચતા ઉમંગમાં ॥ ત્રણ ગઢ ચઉ ચઉ દ્વાર ॥ વી૦ ॥૬॥ રત્નસિંહાસને જિનજી બિરાજતા, માલકોશ રાગમાં દેશના ત્યાં આપતા ॥ વાણી યોજન વિસ્તાર ॥ વી૦ ॥૭॥ ગૌતમ આદિના સંશય ટાલીયા, ચારિત્ર દઇ ગણધર પદેસ્થાપિયા ॥ સમજાવ્યો સ્યાદ્વાદ સાર ॥ વીર૦ ॥૮॥ સ્થાપીયો ચતુર્વિધ સંઘ તેણે સમે, સુર નર તિર્યંચ સર્વ સુખમાં રમે ॥ ઉત્સવ રંગ અપાર ॥ વી૦ ॥ ૯ ॥ શાસન સ્વામી દેવછંદે સોહવતા, યશોભદ્ર અરિહંત ગુણ ગાવતા, ભવ ભય ભંજનહાર ॥ વી૦ ॥ ૧૦ ॥

॥ કાવ્યં ॥

જસ્સાવયારે તહજમ્મણમ્મિ, ચરિત્તનાણેસિવસુક્ખકાલે ॥
મહંકરેજ્જાઉસુરસુરઇંદા, જે એઉસોવીર-જિણિંદનાહો॥૧॥

॥ મંત્રઃ—ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય, જલં૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં, ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮, યજામહે સ્વાહા ॥

ઇતિ કેવળજ્ઞાન કલ્યાણકે ચતુર્થ પૂજા સમાપ્ત ॥ ૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ નિર્વાણકલ્યાણક પ્રારંભ ॥

॥ દુહા ॥

તીર્થંકર જિન કેવલી, ચોત્રીસ અતિશયવંત ॥
પ્રેમ થકી પૂજો ભવિ, સિદ્ધ બુદ્ધ ભગવંત ॥ ૧ ॥
ચાર અતિશય જન્મથી, કેવળી થયે અગિયાર ॥
નવ દશ અતિશય સુર કરે, અદ્‌ભુત ગુણ ભંડાર ॥૨॥

॥ ઢાળ ૧ ॥

॥ કેરપા ભૂંડો સંસારમાં—એ રાગ ॥

આનંદકારી અરિહંતજી રે, ચોવીશમા જિનરાજ ॥ પરમાનંદી પરમાતમા રે, શાસનના શિરતાજ ॥ આ૦ ॥ ॥ ૧ ॥ નિર્મલ નિરોગી તન અતિ રે, શ્વાસે સુગંધ અપાર ॥ માંસ રુધિર અતિ ઉજળું રે, દેખે ન કોઈ આહાર ॥ આ૦ ॥ ૨ ॥ યોજન–ગામી વાણી વદે રે, પાંત્રીશ ગુણયુત્ત સાર ॥ તાપ ત્રિવિધ નડે નહી રે, પાંચશે કોશ વિસ્તાર ॥ આ૦ ॥ ૩ ॥ ધર્મચક્ર ધ્વજ ચામરે રે સિંહાસન ત્રણ છત્ર ॥ કનક કમલ પ્રભુ પગ ઠવે રે, મંદ પવન સર્વત્ર ॥ આ૦ ॥ ॥ ૪ ॥ વરસે ફૂલ સુગંધ-જારે, ઋતુ અનુકૂલ થાય ॥ નખ કેશ વધતા નહીં રે, સુર કોડી સેવે સદાય ॥ આ૦ ॥ ૫ ॥ ચાર મુખે દીયે દેશના રે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોત્રીશ અતિશયવંત ॥ વિહરતા અવનિ પર રે, કરે ઉદ્ધાર અનંત ॥ આ૦ ॥ ૬ ॥ માત પિતા પ્રસન્નચંદ્રજી રે, દશાર્ણ આર્દ્ર કુમાર ॥ શાલિભદ્ર ધનશેઠજી રે, શ્રેણિક મેઘકુમાર ॥ આ૦ ॥૭॥ ચંદનબાલા ને મૃગાવતી રે, સુજયેષ્ઠા સન્નાર ॥ નર નારી એમ તારિયા રે, જિનવર પરમ ઉદાર ॥ આ૦ ॥૮॥ ચૌદ સહસ સાધુ થયા રે, ગણધર છે અગિયાર ॥ છત્તીસ સહસ તે સાધવી રે, કેવળી સાતસેં સાર ॥ આ૦ ॥ ૯ ॥ અવધિજ્ઞાની તેરસે રે, વાદી ચઉ શત સાચ ॥ વૈક્રિયલબ્ધિ મુનિ સાતસેં રે, મનઃપર્યવ શત પાંચ ॥ આ૦॥૧૦॥ નવ સહસ દોઢ લાખ છે રે, શ્રાવક શુદ્ધાચાર ॥ સહસ અઢાર ત્રણ લાખનો રે, શ્રાવિકા પરિવાર ॥ આ૦॥૧૧॥ ચઉદસ પૂરવી ત્રણસેં રે, સુર નરનારી વિશેષ ॥ અધમ ઉદ્ધારણ નાથજી રે, વિચરે દેશ વિદેશ ॥ આ૦ ॥૧૨ ॥ ચંપા ભદ્રિકા ને મિથિલા રે, વૈશાલી પુર વાસ ॥ રાજગૃહી આદિ પુરી રે, સ્વામી રહ્યા ચોમાસ ॥ આ૦ ।૧૩ ॥ પ્રભુજી આવ્યા પાવાપુરી રે, ચરમ ચોમાસા કાજ ॥ યશોભદ્ર વીર વંદિયે રે, જગજીવન જિનરાજ ॥ આ૦ ॥ ૧૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

કાર્તિકમાસ અમાવસી, રજની સ્વાતિ ચંદ ॥
સોલ પ્રહર દેઇ દેશના, શ્રી મહાવીર જિણંદ ॥ ૧ ॥
છટ્ઠ તપશાલી નાથજી, સુરવંદિત જગભાણ ॥
પૂરણ પરમાનંદ યુત, પામ્યા પદ નિર્વાણ ॥ ૨ ॥
ભાવ દીપક જાતા થકાં, દીવડા કરતા રાય ॥
સુર સહુ નિજ કરણી કરે, જય જય ધ્વનિ થાય ॥ ૩ ॥
દાઢાદિક લઈ ને રચે, રત્ન થૂભ મનોહાર ॥
નંદીશ્વર ઉત્સવ કરે, કલ્યાણક સુખકાર ॥ ૪ ॥

॥ ઢાળ-૨ ॥
(રાગ-ભૈરવી)

જય મહાવીર જગત ઉપકારી ॥ એ ટેક ॥ ત્રિભુવન નાયક તીર્થંકર પ્રભુ, તાર્યા કંઈ નરનારી ॥ જય૦ ॥ સિદ્ધ બુદ્ધ મુક્તાત્મા સ્વામી, આત્માનંદી આતમરામી ॥ ચોત્રીશ અતિશયધારી ॥ જય૦ ॥ ૧ ॥ પૂર્ણ પુરૂષ પરમાતમ દેવા, સુર નર ઇંદ કરે નિત સેવા ॥ જિનવર જ્યોતિધારી ॥ જય૦ ॥ ૨ ॥ અજર અમર પ્રભુ નાથ નિરંજન, કર્મ અનંતા કરે નિકંદન ॥ સકલ જંતુ હિતકારી ॥ જય૦ ॥ ૩ ॥ અકલ અસંગ વળી અવિ-નાશી, કેવલી લોકાલોક પ્રકાશી ॥ અદ્ભુત આનંદકારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ જય૦ ॥ ૪ ॥ મહા ગોપ મહામાહણ સ્વામી, દોષ અઢાર રહિત નિષ્કામી ॥ ગુણ અનંતા ધારી ॥ જય૦ ॥ ॥૫॥ દ્રવ્ય ગુણ પર્યાયને જાણે, સહજાનંદ સમાધિ માણે ॥ અક્ષય પદ દાતારી ॥ જય૦ ॥ ૬ ॥ વર્ષ બહોંતેર કેરું આયુ, પૂરણ પુન્યથકી સોહાયું ॥ આપ વર્યા શિવનારી ॥ જય૦ ॥ ૭ ॥ ગૌતમ દૂર હતો તે ટાણે, સુણી નિર્વાણ વિષાદ તે આણે ॥ શોક કરે બહુ ભારી ॥ જય૦ ॥ ૮ ॥ શોક કરંતા સમતા ધારે, કેવલજ્ઞાન થયું તે વારે ॥ ઉત્સવ શોભા ન્યારી ॥ જય૦ ॥૯॥ પારસનાથને વીર જિનેશ્વર, વરસ અઢીસેં કેરું અંતર, શાસનના સુખકારી ॥ જય૦ ॥ ૧૦ ॥ પંચકલ્યાણક ઉત્સવ કરિયે, પૂજન કરતાં ભવ દુઃખ હરિયે, મૂરતિ મંગલકારી ॥ જય૦ ॥ ૧૧ ॥ પૂજા કરતા ભાવના ભાવો, ઘર ઘર આનંદ મંગલ ગાવો ॥ ગાવો જિનવર જયકારી ॥ જય૦ ॥ ૧૨ ॥ તીર્થોદ્ધારક નેમિસૂરીશ્વર, સૂરિ વિજ્ઞાન ને કસ્તુર ગુરુવર ॥ યશોભદ્ર જાઉં વારી ॥ જય૦ ॥ ૧૩ ॥

॥ કાવ્યં ॥

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ, ચરિત્તનાણે સિવસુક્ખકાલે ॥
મહંકરેજ્જાડસુરસુરઇંદા,જયઓઉસો વીર-જિણિંદનાહો ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ મંત્ર :- ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય, જન્મજરા-મૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮, યજામહે સ્વાહા ॥

॥ શ્રી નિર્વાણકલ્યાણકે પંચમપૂજા સમાપ્ત ॥

## —કળશ—

॥ જિણંદા પ્યારા મુણિંદા પ્યારા—એ રાગ ॥

આજ મેં તો ગાયા, મહાવીર જિનારાયા (૨) ચોવીશમા અરિહંત, વીર જિનેશ્વર ગાયા. (ટેક) ત્રિશલા-નંદન, ભવદુઃખભંજન, ભવદુઃખભંજન ॥ સિદ્ધ બુદ્ધ ભગવંત, વીર જિનેશ્વર ગાયા ॥ વીર ॥ ૧ ॥ તપગચ્છદીવો સિંહસૂરીશ્વરઃ સત્યવિજય ગણિરાજ ॥ વીર૦ ॥ મણિ બુદ્ધિ વૃદ્ધિ મુનિરાયા, સંવેગી શિરતાજ ॥ વીર૦ ॥ ૨ ॥ તેહની પાટે વીરશાસનમાં, સૂરિજી જગતપ્રસિદ્ધ ॥વીર૦॥ ષડ્દર્શનમાં જ્ઞાની અનુપમ, બોધ્યા નૃપ બહુવિધ ॥વીર૦॥ ॥૩॥ સિંહ સમ શુરા તીર્થોદ્ધારક, સૂરિસમ્રાટ કહાય ॥ વીર૦ ॥ બાલ બ્રહ્મચારી પ્રખર પ્રતાપી, વિજય નેમિ-સૂરિરાય ॥ વીર૦ ॥૪॥ વિજય વિજ્ઞાન સૂરિ તસ પટધર, ગુણગણના ભંડાર ॥ વીર૦ ॥ સંયમ દાતા છે સૂરિરાયા, મુજ આતમના ઉદ્ધાર ॥ વીર૦ ॥૫॥ તેહના પટધર શાસ્ત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવીણ છે, કસ્તુરસૂરિ ગુરુરાજ ।। વીર૦ મન વચ કાયે પાવનકારક, વ્રતદાતા સૂરિરાજ ।।વીર૦ ।।૬।। બોટાદ નગરે રમ્ય મનોહર, ત્રણ ચૈત્યો સોહાય ।। વીર૦ ।। વિક્રમ દોય સહસ ને છમાં, ચોમાસું ત્યાં થાય ।। વીર૦ ।। ૭ ।। શિષ્ય શુભંકરવિજય આગ્રહથી, પૂજા રચી શ્રીકાર ।। વી૦ ।। ભગવતીસૂત્રના યોગને કરતો, ગુરુ નિશ્રા સુખકાર ।।વીર૦ ।।૮।। યશોભદ્ર વિજયે જિન ગાયા, સંઘ સકલ હરખાય. ।।વીર ૦।। મહાવીર પંચકલ્યાણક પૂજતાં; ઘર ઘર મંગળ થાય ।। વીર૦ ।।૯।।

અમારું નવું પ્રકાશન

**શ્રી જિનેન્દ્ર દર્શન ચોવીશી તથા અનાનુપૂર્વી**

( આવૃત્તિ અગિયારમી )

સંપૂર્ણ પરિકર સાથેના ચોવીશ ભગવાન-તથા ગૌતમસ્વામી, સિદ્ધચક્ર, વીશસ્થાનક, ઘંટાકર્ણ, માણિભદ્ર, પદ્માવતીદેવી, ચક્રેશ્વરીદેવી, અંબિકાદેવી તથા શત્રુંજયાદિ તીર્થો સાથે ૪૪ પૂર્ણરંગી ચિત્રો સાથે ભારે આર્ટ પેપર ઉપર સુઘડ છપાઈ સાથે પ્લાસ્ટીક કવર સાથે કીં. રૂા. ૭-૦૦ વધુ લેનારને યોગ્ય કમિશન આપવામાં આવશે.

**ઠે. જૈન પ્રકાશન મંદિર**

૩૦૯/૪, દોશીવાડાની પોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री

# श्री विविध पूजासंग्रह

## भाग सातमो

मुनिराज श्री हंसविजयजीकृत

## गिरनारमंडन श्री नेमिनाथजीकी १०८ प्रकारी पूजा

---

॥ दुहा ॥

श्री चंद्रप्रभ जिन नमुं, उपगारी अरिहंत;
प्रभासको तीरथ कीया, समवसरी भगवंत. ॥ १ ॥
विजयानंदसूरि नमुं, नमुं गुरु अति गुणवान;
श्रीयुत लक्ष्मीविजय को, जिम आवे शुभ शान. ॥ २ ॥
जिनवर वाणी भारती, मनकी पुरे आश;
अरिहंत मुख कमले वसे, पेंतीस गुण हे तास. ॥ ३ ॥
जास परम परतापसें, जिनशासन जयकार;
वर्त रहा कलिकालमें, कोइ न रोकणहार. ॥ ४ ॥
देव गुरु अरु सरस्वती, त्रिवेणी तुल्य तीन;
दिल दरियामें धारके, मीन परे हो लीन. ॥ ५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ગિરનાર ગિરીંદકે, મંડન નેમિનાથ;
પૂજા ઇનોંકી રચું, તરનેકો ભવપાર. ॥ ૬ ॥
નવ કલસે અભિષેક નવ, કરના બારાં વાર;
અષ્ટોત્તર શત ઇણ વિધે, પૂજન કે પરકાર. ॥ ૭ ॥
પ્રતિપૂજા ફલ ફુલસેં, ભરકે સુંદર થાલ;
વસ્તુ વિવિધસેં પૂજિયે, ટરે દુઃખજંજાલ. ॥ ૮ ॥
ચ્યવન જન્મ દીક્ષા અરૂ, જ્ઞાન મોક્ષ [1]મહકાર;
ઇંદ્રાદિક બહુ દેવને, કિયા સફળ અવતાર. ॥ ૯ ॥

---

॥ અથ પ્રથમા પૂજા ॥

॥ દુહા ॥

ધનેશ્વરી સૂરિ રાજકા, ઐસા હે ફરમાન;
નેમિનાથ નિર્વાણસેં, વર્ષ સહસ દો માન. ॥ ૧ ॥
[2]વીત ગયે બ્રહ્મેંદ્રકા નેમિ જિન બિંબ સાર;
રત્ન શેઠ પધરાયકે, ઉતર ગયા ભવ પાર. ॥ ૨ ॥
મુખ્ય મંદિરે બિંબ સો, દિવસ હે વર્તમાન;
પૂજો પ્રણમો પ્રેમસેં, કરકે પ્રભુ ગુણ ગાન. ॥ ૩ ॥

---

૧ મહોત્સવ. ૨ બે હજાર વર્ષ વ્યતીત થયે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ રાગ કાફી હોરી ॥ નેમ નિરંજન ધ્યાવોરે ॥ યહ ચાલ ॥

ગિરનાર ગિરિપર પૂજો રે, શ્રીનેમિ જિણંદા ॥ગિર૦॥ એ આંકણી ॥ શિવાદેવી સુત જગત શુભંકર, કલ્યાણ વલ્લીકા કંદારે ॥ શ્રી૦ ॥ ૧ ॥ સમુદ્ર વિજય કુલ કમલ વિકાસન, કારણ જૈસા દિણંદારે, ॥ શ્રી૦ ॥ ૨ ॥ શંખ લંછન શોભે સાથલમેં, શંખ ધ્વનિ દે આણંદારે ॥ શ્રી૦ ॥ ૩ ॥ શાંત વદન શીતલતા અર્પે, જેસે ગગનમેં ચંદારે. ॥ શ્રી ॥ ૪ ॥ બાલ બ્રહ્મચારી દેવ હે ચંગા, કામી દેવ સબ ગંદારે. ॥ શ્રી૦ ॥ ૫ ॥ શ્યામ વરણ છબ્બી લાગત પ્યારી,સેવો તુમે ભવિ બંદારે ॥ શ્રી૦॥૬॥ આતમ લક્ષ્મી હંસપરે લહો, ટારો ભવો ભવ ફંદારે. ॥ શ્રી૦ ॥ ૭ ॥

॥ હોઈ આનંદ બહારરે, પ્રભુ બેઠે મગનમે ॥ યહ ચાલ ॥

અરિષ્ઠ નેમિ ભગવાનકી, પૂજા વિધિસેં કરની. ॥ એ અંચલી ॥ પૃથ્વી તથા ઉપકરણકી શુદ્ધિ, સ્થિતિ શુદ્ધિ કરી સારરે. ॥ પૂજા૦ ॥ ૧ ॥ મન વચ કાય વસ્ત્રકી શુદ્ધિ, સદા હૃદયમેં ધારરે. ॥ પૂજા૦ ॥ ૨ ॥ જૈન તત્ત્વાદર્શ ગ્રંથમેં ગાવે, શુદ્ધિ સાત પ્રકારરે. ॥ પૂજા૦ ॥ ૩ ॥ વિજયાનંદ સૂરીશ્વર સ્વામી, આત્મારામ અણગારરે. ॥ પૂજા૦ ॥૪॥ જેસલમેરકે મંદિર બાહીર, ચોકીયાં હે સપ્રણાલરે. ॥ પૂજા૦ ॥ ૫ ॥ ઐસી પથ્થરકી ચોકીપર કરે, સ્નાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રદ્ધાણુ ઉદ્ધાર રે. ॥ પૂજા૦ ॥ ૬ ॥ પ્રક્ષાલ જલકો શુષ્ક જગોમેં, છંટકાવે સાગારરે. ॥ પૂજા૦ ॥ ૭ ॥ ઇસ વિધ પૂજાસેં તર જાવે, હંસ પરે નર નારરે. ॥ પૂજા૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ તોટક વૃતં.

કમલોદર કોમલ પાદ તલં, ગણના પરિવર્જિત બાહુબલં;
પ્રણુમામિ જગત્રય બોધિકરં, ગિરનાર વિભૂષણ-નેમિ જિનં ॥૧॥

॥ મંત્રઃ- ૐ હ્રીઁ શ્રી પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરા-
મૃત્યુનિવારણાય શ્રી ગિરનાર ગિરિ વિભૂષણાય,
શ્રી નેમિ જિનાય, જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અથ દ્વિતીય પૂજા ॥

### ॥ દુહા ॥

માલતી ફૂલ મનોહરૂ, રૈવત પરવત જેહ;
ભૂમિ ભામિની મસ્તકે, ધમ્મિલ સમ હૈ તેહ. ॥ ૧ ॥
મેઘ ઘટા સમ શૈલકો, દેખ ઠૌર પર ઠોર;
કલા કરી કેકારવે, ઠમ ઠમ નાચત મોર. ॥ ૨ ॥
ક્રીડા કંદુક સારીખા, શિવ નારીકા સાર;
નેમિ ચૈત્યકે અગ્રમેં, શોભે કલસ અપાર. ॥ ૩ ॥
ભીમસેન અતિ પાતકી, માત તાત હણનાર;
સાવથ્થી નગરી ધણી, ચોર જાર ધાકાર. ॥ ૪ ॥
ચાર વર્ષ સેવા કરી, નેમિનાથકી સાર;
શ્રી ગિરનારકે ઉપરે, મોક્ષ ગયા અનગાર. ॥ ૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ વારી વારી જાવું, શ્રીધર્મનાથકા મંડપ ॥ યહ ચાલ ॥

વારી વારી જાઉં, શ્રી નેમિનાથકી પૂજાસેં ખુશ ખુશ બન જાવું, ॥ એ આંકણી૦ ॥

અમરીસ વાણી બોલતે, બુદ્ધિકે ભંડાર;
બાલપણમેં મિત્રોંકે સંગ, રમતે નેમિ કુમાર. ॥ વા૦॥૧॥
એક દિન આયુધ-શાલામેં જા,કીયા ધનુષ્ય ટંકાર,
શંખ ચક્ર ઓર ગદા ગોવિંદકી,નિરખે વારંવાર ॥વા૦॥૨॥
આયુદ્ધ રક્ષક કહે નેમજી, કૃષ્ણતણાં એ કામ;
ચક્રાદિક ચલાનેમેં કોઈ, ઓર ન ધાલે હામ. ॥વા૦॥૩॥
કુમાલ ચાક પર ચક્ર ફીરાયા, શંખ બજાયા જોર,
ધરા ધડધડી લોક ચમકીયે, કરને લાગે સોર. ॥વા૦॥૪॥
મોરારિ મન ચિંતવે એસા, યહ કયા હુવા ઉતપાત;
હંસ કહે ધીરજ ધારણસેં,હોવે સબ સુખ શાન ॥વા૦॥૫॥

---

કેસરીયા થાસું, પ્રીત કરીરે સાચા ભાવશું–એ દેશી ॥

નેમિ જિન કેરી પૂજા કરો રે સાચા ભાવસેં, નેમિ. ॥ એ આંકણી ॥ ન્હાકે શ્રાવક અંગ સફા કર, કંબલ પહેરે સાફ; ટુંકી ફાટી કંબલકા હૈ, ગુના ન હોગા માફ રે ॥ ને૦॥૧॥ ગિલ્લે પાંવમેં લગે તો હોવે, જલદી જીવ વિનાશ; આચાર ઉપદેશકા ફરમાના, મહા પાપ હૈ તાસરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"નેο॥૨॥ જિન આણા સમ તિલક ભાલમેં; કરે શિખરબંધ સાર;આઠ પુડા મુખ કોસકો બાંધે, લાગે ન થુંક લગાર રે ॥ નેમિο ॥૩॥ અંગ અગ્ર ઔર ભાવ ભેદસેં, પૂજા કરે નરનાર; હંસ પરે વોહ ભાગ્યશાલી ઝટ, ઉતરેંગે ભવપાર રે ॥ નેમિο॥ ૪ ॥

॥ કાવ્યં ॥ તોટક વૃતં ॥

કમલોદર કોમલ પાદ તલં, ગણના પરિવર્જિત બાહુબલં;
પ્રણમામિ જગત્રય બોધિકરં, ગિરનાર વિભૂષણ–નેમિ જિનં ॥૧॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય, પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રી ગિરનાર ગિરિ વિભૂષણાય, શ્રી નેમિ જિનાય, જલાદિકં યજામહે સ્વાહા ॥

---

## ॥ અથ તૃતીય પૂજા ॥

### ॥ દુહા ॥

રક્ષા કારણ રાખડી, સમ શોભે ગિરનાર;
સ્વર્ણ કલશ હે બીચમેં, નીલ વૃક્ષકી લાર. ॥ ૧ ॥
આંબા તોરણ બદ્ધહે, [1]કદલી–ફલકા સ્થાન;
નરનારીકે ગીતસેં, હમેશ ઉત્સવ વાન. ॥ ૨ ॥
રાત્રે ઔષધિ દીપ હે, દિવસમેં હે [2]દિન ઈન;
[3]કદલી દલ ધ્વજ પટસેં, [4]કોટી–ધ્વજ પદ લિન. ॥ ૩ ॥
પીડિત દારિદ્ર દુઃખસેં, ક્ષત્રિય અશોકચંદ;
રૈવત પર જા તપ કરે, કાટનકો દુઃખ દંદ. ॥ ૪ ॥

---

૧ કેલ. ૨ સૂર્ય. ૩ કેલકેપત્તે. ૪ ક્રોડપતિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પારસમણિ દે અંબિકા, મનમેં હો પરસન્ન
અશોકચંદ્ર અવનીપતિ, હુવા પાયકે ધન્ન ॥ ૫ ॥
સદ્ગુણી સંઘપતિ બની, આયા ગઢ ગિરનાર;
દીક્ષા શિક્ષા ધ્યાનસેં, પાયા મોક્ષ ઉદાર, ॥ ૬ ॥

॥ વારી જાવું રે સાંવરીયા, તોપે વારણા રે—એ દેશી ॥

પૂજા નેમિનાથ જિનવરકો, દિલમેં ધારનારે. (૨) ॥ એ આંકણી ॥ સુગુણ સોભાગી સાહસી શુરા, સબી વાતમેં નેમિ હે પુરા, [1]વનમાલી કરે મનમેં ઐસી વિચારનારે (૨) ॥ પૂજા૦ ॥ ૧ ॥ મુજસેં યહ બલવંત હે ભારી, બલભદ્ર આગે બોલે, [2]મુરારિ, રાજ્ય હમારા લેગા કૈસા નિવારનારે (૨) ॥ પૂજા૦ ॥ ૨ ॥ ઈતનેમેં આયે ગુણ ખાના, હાથ પસારા સારંગ પાણી; બોલે પરીક્ષા કરીએ, કિસકા હારનારે. (૨) ॥ પૂજા૦ ॥ ૩ ॥ [3]કરચી કણ યર કંબીકિ સમ, નેમિને હાથ ફિરાયા એકદમ, કિયા સ્વામીને, અપના હાથપસારનારે (૨) ॥ પૂજા૦ ॥૪॥ [4]હરિ પરે [5]હરિ લિપટ ગયે ભારી, હિંદોલે હાચે [6]ગિરધારી, [7]વિઠ્ઠલજી કહે યહ બ્રહ્મચારી, હંસ સમ તારનારે (૨) ॥ પૂજા૦ ॥ ૫ ॥

---

૧ કૃષ્ણ. ૨ વિષ્ણુ. ૩ કાચી કણેરકી લતા. ૪ વાંદરો. ૫ વિષ્ણુ ૬ કૃષ્ણ. ૭ શ્રીકૃષ્ણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ રાગ ચલત ॥

॥ રાખું રે હમારા ઘટમેં, જિનરાજ નામ તેરારે–એ રાહ ॥

પ્રભુ અંગપૂજા કીજે, નેમિનાથ જિનવર કેરીરે. પ્રભુ.
॥ એ આંકણી ॥

ગીતાર્થ ગુરુ ફરમાવે, નિર્માલ્ય વોહ થાવે;
સંઘાચાર વૃત્તિ ગાવેરે, પ્રભુ અંગ પૂજા કીજે ॥૧॥

જિન બિંબ અર્પિત ખાસી, વસ્તુ જો હોય વિનાસી:
પુષ્પાદિ જેહ વાસીરે, પ્રભુ અંગ પૂજા કીજે. ॥૨॥

નિર્માલ્ય ચીજ સારી, મોર પીછી સેં ઉતારી.
કરે સ્નાત્રકી તૈયારીરે, પ્રભુ અંગ પૂજા કીજે ॥૩॥

કુસુમાંજલી ચઢાવે, સભી કલસકો મંજાવે:
પંચામૃતે ભરાવેરે, પ્રભુ અંગ પૂજા કીજે. ॥૪॥

અભિષેક સ્વચ્છ કરાવે, સુર રાજ જેમ ભાવે;
નિજ હંસ ઉજજવલ બનાવેરે, પ્રભુ અંગ પૂજા કીજે ॥૫॥

॥ કાવ્યં ॥ તોટક વૃતં ॥

કમલોદર કોમલ પાદ તલં, ગણના પરિવર્જિત બાહુબલં,
પ્રણમામિ જગત્રય બોધિકરં, ગિરનાર વિભૂષણ–નેમિ જિન ॥૧॥

॥ મંત્રઃ ૐ હ્રીં શ્રી પરમપુરૂષાય પરમેશ્વરરાય જન્મજરા-
મૃત્યુ નિવારણાય શ્રી ગિરનાર ગિરિ વિભૂષણાય.
શ્રી નેમિ જિનાય, જલાદિકં યજામહે સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ અથ ચતુર્થી પૂજા ॥

॥ દુહા ॥

રોહણ મેરુ [૧]મહિધ્રકી, સંપતકા ધરનાર;
વિવિધ પત્ર ફલ ફૂલસેં, શોભત હે ગિરનાર. ॥ ૧ ॥
નિર્ઝરણાં કે નીરસેં, હંમેશ હે વાચાલ;
શેષનાગ સમ શ્વેતહિ, વહતે પાની ખાલ. ॥ ૨ ॥
એસા ઉત્તમ તીર્થકો; દેખે ભરત ભૂપાલ;
વાસ કરાવે સંઘકા, કર ઉપવાસ સકાલ. ॥ ૩ ॥

॥ રાગ જંગલો ॥

॥ અબ મોયે ડાંગરીયાં હે જિણંદજી અબ ॥ એ ચાલ ॥

પૂજીયે નેમિકુમાર, ભવિક જન પૂજી૦ ભવોદધિ પાર ઉતાર. ભવિક૦ ॥ એ આંકણી. ॥
બાલ બ્રહ્મચારી બલવંત એ, એ પરણાવું એક નાર;
તો બલ હીન હોવો કછુ ઇનકા કૃષ્ણજી કરે વિચાર; ॥પૂ૦॥૧॥ [૨]વિઠલજીને ગોપી ગણકો, કહા વિવાહ સ્વીકાર,
નેમિકુમારકો મનવા દો તુમ, કર સ્ત્રી ચરિત્ર ઉદાર ॥ પૂ૦ ॥૨॥ જલક્રીડા કરકે સબ રાણીયાં, ખડી હે ઘેરા ડાર,
પરણી દેવરીયા દેરાણી કે, દિખાવો હમકો દિદાર ॥પૂ૦॥૩॥

---

૧ પર્વત. ૨ કૃષ્ણ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક ચક્રસેં રથ નહી ચલતા, તૈસે યહ સંસાર;
નિર વહનેકા નારી વિના કહો, દેવર કોણ પ્રકારાાપૂ૦ાા૪ાા
નારી રત્નકી ખાણુ સમી હે, તીર્થંકર ગણધાર;
ચક્રી સંત મહંત સબીકા, ઈસમેં હૈ અવતાર ાાપૂ૦ાા૫ાા
ઇત્યાદિક [૧]ભાભી ભાષણસેં, મુહ મલકાયા લગાર;
પરણેંગે યહ હંસ ગામિની, ફેલા દિયા દરબાર ાાપૂ૦ ાા૬ાા

ાા બલીહારી, બલીહારી, બલીહારી ાા યહ ચાલ ાા

હિતકારી હિતકારો હિતકારી, જગનાથ પૂજા પ્યારી,
રાયપસેણી સૂત્રે સૂર્યાભ સાખીયોજી ાા હિતકારી૦ ાા
ાા એ આંકણી ાા કોમલ અંગ લુહણે સારે, મેલ ન હોય
લગારે, ધૂપિત કરે સુગંધકારી, જગનાથ પૂજા પ્યારી ાા૧ાા
ચંદન કેસર કેરી, પૂજા તો હોત ભલેરી,
પણ જો [૨]રેલેકી ન હોય ધારી, જગનાથ પૂજા પ્યારી ાા૨ાા
હીરા માણેકકી અંગી, નીલમસેં લાગે ચંગી,
પંચવર્ણી મુગટ મનોહારી, જગનાથ પૂજા પ્યારી ાા૩ાા
મોતિકે તુર્રે લટકે, દર્શનસેં મન નહી ભટકે,
છટકે વિષય વાસના સારો, જગનાથ પૂજા પ્યારી. ાા૪ાા
કલગીકી હે છબ સુંદર, પૂજત હે દેવ પુરંદર,
હંસ સમ ઉતરે ભવપારી, જગનાથ પૂજા પ્યારી. ાા૫ાા

૧ ભોજાઈ. ૨ કેસરકા રેલા ઉતરને ન પાવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કાવ્યં ॥ તોટક વૃત્તં.

કમલોદર કોમલ પાદ તલં, ગણુના પરિવર્જિત બાહુબલં,
પ્રણમામિ જગત્ત્રય બોધિકરં ગિરનાર વિભૂષણ–નેમિ જિનં ॥૧॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં૦ પરમપુરૂષાય, પરમેશ્વરરાય જન્મજરા-
મૃત્યુ નિવારણાય, શ્રી ગિરનાર ગિરિ વિભુષણાય,
શ્રી નેમિ જિનાય, જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અથ પંચમી પૂજા ॥

### ॥ દુહા ॥

ભરતરાય નિજ ભાવસેં, શત્રુંજય સમ સાર;
સર્વ સંઘકે સાથ મેં, પૂજે શ્રી ગિરનાર ॥ ૧ ॥
શક્તિસિંહ રાજા સબલ, ભરતનાથ કે સાથ;
સંઘ જિમાવે ૧ગિરિ તટે, તરણેકો ભવ પાથ ॥ ૨ ॥
દુર્ગમ રૈવત જાણકે, પાવડિયાં ચઉ પાસ;
ચક્રી યક્ષ હજારસેં, નિપજાવે ધરિ ખાસ. ॥ ૩ ॥

॥ થઈ પ્રેમ વસ પાતલીઆ ॥ એ ચાલ ॥

શ્રી નેમિનાથ સાંવરીયા, રાજુલ પરણવા ચલીયારે શ્રી ॥ એ આંકણી ॥ સોલ હજાર રાજા સંગ સ્વારી, ચઢી અતિ મનોહારી; હરખે બલભદ્ર મોરારિ, રાજુલ પરણવા ચલીયારે. ॥૧॥ ડંકા નિસાન રસાલાકે સંગ, પાયદલ ધરી રંગ; તાલબંધ પાય ધરે ચંગ, રાજુલ પરણવા ચલીયારે. ॥ ૨ ॥ લાખ બેયાલીસ મયગલ માતા,

૧ તલેટી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મલપતા લહે સુખ શાતા; રથ વાજીંત્ર નાદ વિખ્યાતા, રાજુલ પરણુવા ચલીયારે. ॥ ૩ ॥ પોઠી ચોલિ પીતાંબર પેહરા, ઝરકસી જામા ઘેહરા, શણગાર સજી ધરા શેહરા, રાજુલ પરણુવા ચલીયારે. ॥૪॥ વરઘોડે ચઢીયે વર રાજા, પુન્ય પ્રબલ હે તાજા; આયે ઉગ્રસેન દરવાજા, રાજુલ પરણુવા ચલીયારે. ॥ ૫ ॥ હંસ ગતિગામી વર પામી, રાજુલ ખડી શિરનામી; હરખે કહે નહી કુચ્છ ખામી, રાજુલ પરણુવા ચલીયારે. ॥૬॥

---

જાવો જાવો નેમિ પિયા થારી ગતિ જાનીરે–એ દેશી ॥

નેમિ જિનવરકી પૂજા, કરે પુન્યશાલીરે ॥એ અંચલી ॥

જ્ઞાતા **સૂત્ર** રચે અંગ, ગણધર ધરી રંગ,
સુધરમા વાણી પાણી; પાપ દે પખાલી રે ॥ નેમિ૦ ॥૧॥
પાંડવકી રાણી શ્યાણી, દ્રૌપદી ગુણોકી ખાણી;
કરી પૂજા ખરે સમયે,, પ્રતિજ્ઞાકો પાલીરે. નેમિ૦ ॥૨॥
[1]વસ્તુપાલ તેજપાલ, રત્ન સોનાકે વિશાલ;
સવા લાખ બિંબ પૂજે, આભરણુ ઘાલીરે ॥ નેમિ૦ ॥૩॥
જાઈ જુઈ જાસુદ અંગ, ચઢાવે ચંપેલી ચંગ;
ફુલ માલા ગુંથી પૂજે, પ્રભુ ગળે ડાલી રે ॥ નેમિ૦ ॥૪॥

---

૧ વસ્તુપાલને રત્ન તથા સોનાકે આભરણુ ચઢાયે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવડા કેતકી ફૂલ, ચઢાવે ન કરે ભૂલ;
હંસ પરે [1]તરે જો ન ઢકે કીકી કાલી રે૦ ॥ નેમિ૦॥ ૫ ॥

॥ કાવ્યં ॥ તોટક વૃત્તં.

કમલોદર કોમલ પાદ તાલં, ગણના પરિવર્જિત બાહુબલં;
પ્રણમામિ જગત્ત્રય બોધિકરં, ગિરનાર વિભૂષણ–નેમિ જિનં. ૧

અથ ॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય જન્મજરા-
મૃત્યુ નિવારણાય શ્રી ગિરનાર ગિરિ વિભૂષણાય,
શ્રી નેમિ જિનાય, જલાદિક યજામહે સ્વાહા ॥

---

## ॥ અથ છઠ્ઠી પૂજા ॥

### ॥ દુહા ॥

મહી મહેલા ભાલમેં, મંડનકાર ઉદાર;
કસ્તૂરીકા તિલક સમ, શોભત હે ગિરનાર. ॥ ૧ ॥
ઉચ્ચ મનોરથકી તરાં, ચઢકે ભરત નૃપાલ;
ચૈત્ય કરાવે અભિનવા, મંપ જાસ[2] ચુમાલ. ॥ ૨ ॥
સ્ફટિક ચોમુખ ચૈત્યમેં, [3]નિલમ પડિમા સાર;
ભાવિ નેમિ કુમારકી, શોભે અપરંપાર. ॥ ૩ ॥

॥ અર્જી તો કર રહાહું, ચાહે માનો યા ન માનો ॥ યહ રાગ ॥
કુમારરાજ [4]ગરજી, ગુજારે હમ અરજી ॥ એ આંકણી

---

૧ જો મનુષ્ય ફૂલ ચઢાનેમેં પ્રભુકા મુખસહિત ચક્ષુકો ઢક દેનેકી ગફલત ન કરે સો તર જાના હૈ. ૨ પ્રત્યેક દિશામેં ૨૧. ૩ પન્નાકી. ૪ ગર્જ વાલે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ પશુ પક્ષી હે ખજાના, આલમકા બાગ મજાના; રક્ષણુ તાસ કરજી, ગુજારે૦ ॥ કુ૦ ॥ ૧ ॥ પશુ ભૂખ તરસ સહતે, ઘી દૂધ ઊન દેતે; સંકટ ઊનોકા હરજી, ગુજારે૦ ॥ કુ૦ ॥ ૨ ॥ પરણોંગે તો સુજાણુ, પશુ કે જાવેંગે પ્રાણુ; માનો ન માનો મરજી, ગુજારે૦ ॥ કુ૦ ॥૩॥ પ્રાણી પુકાર સુણુકે, છોડાયે સબ ગુણુકે; તોરણસેં ગયે ફીરજી, ગુજારે૦ ॥ કુ૦ ॥ ૪ ॥ હરણી હરણુ સગલે. આશિષ્ય દેવે [1]છગલે; કહે હંસ સમ તરજી, ગુજારે૦ ॥ કુ૦ ॥ ૫ ॥

॥ રાગ કાનડા ॥
॥ પૂજન વિમલ જિનેશ્વર કીજે ॥ એ ચાલ ॥

પૂજા નેમિ જિણુંદકી પ્યારી ॥ એ અંચલી. ॥ એકલ પ્રતિમા વ્યકત કહાવે, અરિહંતકી સુખકારી. ॥ પૂજા૦॥૧॥ પાન સોપારી બિજોરાદિક ફલ, હાથમેં ધરે સાગારી. ॥ પૂજા૦ ॥ ૨ ॥ ભરત ઐરવત ચોવિશી પટ્ટ, ક્ષેત્ર પ્રતિમા ઉચ્ચારી. ॥પૂજા૦॥ ૩ ॥ એકસો સીત્તેર જિન હે સુંદર, મહા પ્રતિમા નામધારી. ॥ પૂજા૦ ॥ ૪ ॥ અષ્ટાપદ પર પિછલેં ભવમેં, દમયંતી નલનારી. ॥ પૂજા૦ ॥ ૫ ॥ રત્ન તિલક ચઢવાકે ઉતરી, હંસ પરે ભવ પારી. પૂજા૦ ॥ ૬॥

૧ બકરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કાવ્યં ॥ તોટક વૃત્તં.

કમલોદર કોમલ પાદ તલં, ગણના પરિવર્જિત બાહુબલં;
પ્રણમામિ જગત્ત્રય બોધિકરં, ગિરનાર વિભુષણ નેમિ જિનં ॥૧॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરા-
મૃત્યુ નિવારણાય ગિરનાર ગિરિ વિભૂષણાય,
શ્રી નેમિ જિનાય, જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ અથ સપ્તમી પૂજા ॥

### ॥ દુહા ॥

ઐરાવણ પર બેઠકે, વંદન કરને કાજ;
નેમિનાથ ભગવાનકો, આવત હૈ સુરરાજ. ॥૧॥
[1]ગગનાં ગણુસેં ઊતરી, આયે ગઢ ગિરનાર;
ગજ પદસેં. [2]અગ દાબકે, નીર નિકાલે સાર. ॥૨॥
સાકર કંકર સારખી, સિંધુ ન હોત [3]બંધુર;
એસા ગજપદ કુંડકા, મધુર હૈ પાની પૂર. ॥૩॥
તિસ જલસેં સુરપતિ ભરે સ્વર્ણ રત્ન [4]ભૃંગાર,
સ્નાત્ર સમય એકસો અરૂ, આઠ પડે જલધાર. ॥૪॥

॥ બુટી લાનેકા કેસા બહાના હુવા ॥ યહ રાહ ॥

રાજુલ પોકારે નેમ, પશુ બહાના હુવા. સચ્ચ પૂછો તો સ્વામી ઠગાના હુવા, ॥ રાજુલ૦ ॥ એ આંકણી ॥ કુંકુમ

૧ આકાશસેં. ૨ પર્વત. ૩ અચ્છી. ૪ એકસો આઠ નાલકા કલશ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પત્રિ લિખાય, વરઘોડા ચઢાય, જાન જુગત ચલાય, વાપસ જાના થા તો કયું આના હુવા, ।। રાજુલ૦ ।।૧।। ચારૂ ચૌરી રચી, ધુમ ધામ મચી, બાત બનાઈ કચી, જાના ગિરનાર થા તો કયું લજાના હુવા. ।। રાજુલ૦ ।। ૨ ।। આંખે કજ્જલ અંજાય, ઠાઠ માઠ બનાય, ગાન [1]ભાભી સંગવાય, જાના થા તો ગાના કયું ગવાના હુવા. ।।રાજુલ૦ ।। ૩ ।। આઠ ભવ રહે સાથ, પ્રિત પાળી પૂર્ણ નાથ, અબ મીલાકે હાથ, નવમે ભવ કયું ન નિભાના હુવા. ।। ।। રાજુલ૦ ।।૪।। રાજુલ કરે વિચાર, યહ કર્મોકી માર, મીટાઉંગી જાલ્હાર, હંસ સમા વિવેકકા પાના હુવા. ।। રાજુલ૦ ।। ૫ ।।

---

।। પુનમ ચાંદણી આજ ખીલી રહીરે ।। યહ રાહ ।।

પૂજા પૂજ્ય પાપ સંહારણીરે, શ્રાવક કરે હિત ધરકે અપાર, નાગકેતુપરે કેવળ જ્ઞાન કારણીરે ।।એ આંકણી. ।।

---

૧ ભોજાઈયાં પાસ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ સાખી ॥

ભાષ્યકાર ભગવાનકા, વચન કરો પરમાણ;
એકલ પ્રતિમા ભક્તજન, ભરાવે ગુણ ખાણ.
ઋદ્ધિ દેખન પ્રભુકી, પ્રાતિહાર્ય ધારણી રે ॥પૂજા૦॥૧॥

॥ સાખી ॥

દર્શન જ્ઞાન ચારિત્રકી, આરાધન કે કાજ;
તીનતીર્થી બનાવાય કે, પૂજે શ્રી જિનરાજ.
જાણુ કે પૂજા રાજ્ય, લક્ષ્મીકી,સહચારણી રે ॥પૂજા૦॥૨॥

॥ સાખી ॥

કોઈક પંચ પરમેષ્ઠીકે, આરાધનકે નિમિત્ત;
પંચતીર્થી પ્રતિમા ભલી, બનાવે સુવિનીત.
પૂજે ઉજમણે પધરાકે, દુઃખ નિવારણી રે ॥પૂજા૦॥૩॥

॥ સાખી ॥

ભરત ક્ષેત્રકે ભક્તજન, ચોવીશ જિનકે સાર;
કલ્યાણક તપ કારણે, ઉજમણામેં ઉદાર.
સ્થાપે ચોવીશીકો, પુણ્ય પ્રવાહકી સારણી રે ॥પૂજા૦॥૪॥

॥ સાખી ॥

મનુષ્ય લોકમેં વિચરતે, જિન લાભે એક કાલ;
એકસો સીત્તેરકી ભાવક, કરાવે ઘરકે ખ્યાલ.
પ્રતિમા હંસપરે,ભવસાગર પાર ઉતારણી રે ॥પૂજા૦॥૫॥

॥ કાવ્યં ॥ કમલોદર૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ અષ્ટમ પૂજા ॥

### ॥ દુહા ॥

કંચન જડી જિસ બીચ હે, કંચનકી કરનાર;
અમૃતવેલ હોવે ઈહાં, મહિમા જાસ અપાર ॥ ૧ ॥
સંપદકા આલય સમા, ઉજ્જયંત સુખકંદ;
શાંતિનાથ સુત ચક્રધર, આવે હરવા ફંદ ॥ ૨ ॥
મન્મથ ઉન્માથક પ્રભુ, નમી શ્રી નેમિનાથ;
ચૈત્ય કરાવે અભિનવા, તરણેકો ભવપાથ ॥ ૩ ॥

**॥ મેં એકલી વનમેં ફુલજાયા, મેરા બોલ બોલ બોલ–એ ચાલ ॥**

લિયે સંયમ નેમિ સ્વામિ,સંબંધ તોડ તોડ તોડ ॥ એ અંચલી ॥ શિવા માતા કહે સુણ નેમિ,તું હિ હે મેરા બહુ પ્રેમી, વનમેં મત જા બન વેમી, મુજકો છોડ છોડ છોડ ॥ લિ૰॥ ૧ ॥ કહે નેમિ સુણ મા મેરી, દે આજ્ઞા કર ના દેરી; ટાલું મેં ભવકી ફેરી, દીક્ષા જોડ જોડ જોડ ॥લિ૰॥ ॥ ૨ ॥ આજ્ઞા લીની તવ આવે, લોકાંતિકસુર નિજ ભાવે; દીક્ષાઅવસરકો જણાવે, પાપ ઘટ ફોડ ફોડ ફોડ ॥ લિ૰॥ ॥ ૩ ॥ દિયે દાન વાર્ષિક સ્વામી, પ્રતિ પ્રભાતમેં ગુણધામી; સોનૈયા આઠ લાખ નામી, ઓર એક ક્રોડ ક્રોડ ક્રોડ ॥લિ૰ ॥૪॥ દારિદ્ર રોગ નિવારી, ભવ્ય હંસતણી છાપકારી; લિયે દાન રિસાયત સારી,માન નિજ મોડ મોડ મોડ ॥લિ૰॥૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ રાગ–સોરઠ-દાદરો ॥ દીન કે દયાલ નેમિનાથ સરન ચાહું એ,ચાલ ॥

અગ્રપૂજા અરહનકી, ભાષ્યમેં જણાવું ॥ એ આંકણી ॥ શ્રાવક શ્રેણિક રાજા પરે, કરે સો દિખાવું, એકશત આઠ જવ, સોનેકે કરાવું ॥ અગ્ર૦ ॥ ૧ ॥ ચાર ગતિ ચૂરણ કાજ, સાથિયા બનાવું; રૂપા સોના કલમ શાલી, ચોખા ચાવલ લાવું ॥ અગ્ર૦ ॥ ૨ ॥ મંગલ કરણ મંગલ આઠ, પ્રેમસેં રચાવું; દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ; પુંજ તીન ઠાવું ॥ અગ્ર૦ ॥ ૩ ॥ અશન પાન ખાદિમ સ્વાદિમ, નૈવેદ ચઢાવું, તૃપ્તિ મલે ઐસી પ્રભુ, મિટ જાય ખાવું ॥ અગ્ર૦ ॥ ॥૪॥ પીસતાં ચારોલી નારી, એલ આદિ લાવું; ફલપૂજા ॥ મુક્તાફલ, હું સકું ચુગાવું ॥ અગ્ર૦ ॥ ૫ ॥ કાવ્યં ॥ કમલોદર૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રી૦ જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ નવમી પૂજા ॥

### ॥ દુહા ॥

શ્રી ઉપદેશ તરંગિણી, ગ્રંથ તણે અનુસાર;
કલ્યાણક તિગ તિગ હુવે, જિન અનંત કે ધાર ॥ ૧ ॥
શ્રી નેમીશ્વર દેવકે, કલ્યાણક તિગ ખાસ;
હુવૈ વહાં કેશવ તીન, ચૈત્ય કરાવે તાસ ॥ ૨ ॥
સિદ્ધાચલકા સાર હે, પર્વત ગઢ ગિરનાર;
અસંખ્ય મુનિવરકો હુવા, કેવલનાણ પ્રચાર ॥ ૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ રાગ બરવા-કહેરબા ધન્ય ધન્ય વો જગમેં નરનાર-એ ચાલ ॥

ધન્ય ધન્ય દેવી નર નાર, દીક્ષા દર્શન પાનેવાલે ॥ ધન્ય૦ (૨) ॥ એ આંકણી ॥ શ્રી નેમિનાથ મહારાજ, દીક્ષા અભિષેકકે કાજ; આવે ઈન્દ્ર ઈન્દ્રાણી સમાજ, દિવ્ય વાજિંત્ર બજનેવાલે ॥ ધન્ય૦ ॥ ૧ ॥ કરવા કે સ્નાન શણગાર, ઉત્તર કુરા નામ ઉદાર; શિબકા રત્નકી સુખકાર, બીચ પ્રભુકો પધરાનેવાલે ॥ ધન્ય૦ ॥ ૨ ॥ સુરનાથ ઔર નર નાર, ઉઠાવે પાલખી સાથ; શક્રેંદ્ર ઇશાન નિજ હાથ, ચારુ ચામર ઉડાનેવાલે ॥ ધન્ય૦ ॥ ૩ ॥ ધરે છત્ર સનત્કુમાર, માહેંદ્ર ખડ્ગ ધરનાર, બ્રહ્મેંદ્ર રત્નકા સાર, દિવ્ય દરપણ દિખલાનેવાલે ॥ ધન્ય૦ ॥ ૪ ॥ લાંતક વાસવ કુંભ ધરે, મહાશુક્ર સ્વસ્તિક કરે; સહસ્ત્રાર ધનુષ્ય અનુસરે, સ્વામી સેવાકો ઉઠાનેવાલે ॥ધન્ય॥ ૫॥ શ્રી વત્સ પ્રાણતપતિ ધરી, નંદાવર્ત્ત આગે કરી; બારમા દેવલોકકા હરિ, આવે ભક્તિ દિખલાનેવાલે ॥ ધન્ય૦ ॥ ૬ ॥ ચમરેંદ્ર પ્રમુખ સબ ઈન્દ્ર, ધરે વિવિધ શસ્ત્રકા વૃંદ; જય જીવ શિવાદેવી નંદ, ઐસી આશિષ પઢાનેવાલે ॥ ધન્ય૦ ॥ ૭ ॥ માત તાત બલદેવ વાસુદેવ, હજારો રાય કરે સેવ, સહસાવનમેં તતખેવ, આયે પ્રભુ પાપ હટાને વાલે ॥ ધન્ય૦ ॥૮॥ હજાર રાયકે સંગ, પ્રભુ દીક્ષા લે ધરી રંગ; શ્રાવણ સુદિ છઠ્ઠ દિન ચંગ, હંસ સમ તરકે તરાનેવાલે ॥ ધન્ય૦ ॥ ૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ પાલુ ભરવા કહેરબા, નાથ નિજ નગર દેખાડી રે -એ ચાલ ॥

નાથ સુરનાથકે સેવો રે, અનાથકે નાથ, જ્ઞાની નેમિનાથ, નાથ સુરનાથકે૦॥એ આંકણી ॥ મહાનિશીથ સિદ્ધાંતમેં તીસરે, અધ્યયને ફરમાયા રે, પ્રભુ પૂજાસેં તીર્થ ઉન્નતિ, કરના બતાયા રે ॥ અનાથ૦ ॥૧॥ અરિહંતાણું ભગવંતાણુ, પૂજાપાઠ પ્રત્યક્ષ રે; ધૂપ દીપ સત્કાર આદિ બહુ, ભેદ હે દક્ષ રે ॥ અનાથ૦ ॥૨॥ દીપતા દીપક પ્રતિદિન કરના, રત્નાદિકકા ખાસરે, કાનસમેં ધરકે પ્રભુ આગે, કરના ઉજાસ રે ॥ અનાથ૦ ॥૩॥ જિનઘરમેં દીપક પૂજાસેં, નિજ હૃદયે પ્રગટાના રે, જ્ઞાન દીપક જિસસેં ઝટ નાસે, તમો વિતાના રે ॥ અનાથ૦ ॥૪॥ યતના પૂર્વક ધૂપસેં વાસિત, જિનાવાસકો કરના રે; હંસ સમ કીર્તિ કપૂરસે, મહીતલ ભરના રે ॥ અનાથ૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ કમલોદર૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ શ્રી૦ જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ દશમી પૂજા ॥

### ॥ દુહા ॥

શ્રી શત્રુંજય તીર્થકા, શિખર પાંચમા સાર,
દાયક પંચમ નાણુકા, નામ છ તાસ ઉદાર. ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હેમચંદ્ર ગુરુ મુખ સુણે, નરપતિ કુમારપાલ,
પ્રથમ નામ કૈલાસ હૈ, કટે કર્મ જંજાલ ॥ ૨ ॥
ઉજજયંત દુસરા ભલા, આરેમેં જસ નામ;
રૈવત તીસરેમેં હુવા, જાણે લોક તમામ ॥ ૩ ॥
સ્વર્ણાચલ ચોથે ભયા, દુષમ આરે ગિરનાર;
નંદભદ્ર આરે છઠે, નામ જગત જયકાર ॥ ૪ ॥

॥ રાગ બરવા–પહાડી ॥ રસદીબુંદાંમપરી ॥ અરચન સુંદર બના ॥ યહ ચાલ ॥

શ્રી નેમિનાથ ભગવાન, સુંદર સાધુ બને ॥ એ આંકણી ॥ જિસ દિન દીક્ષા લીની સ્વામી, ઉસ દિન મનઃ પર્યવજ્ઞાન પામી, વિચરે મહિતલમેં ગુણધામી, રાજિમતી ધરે ધ્યાન ॥ સુંદર૦ ॥૧॥ ભાવિત આત્મા હુએ અણગાર, સુરગુરુ ગુણકા પાવે ન પાર; રાજિમતી કરે દીક્ષા વિચાર, દિન જાય વર્ષ સમાન ॥ સુંદર૦॥ ॥૨ ॥ શંખ સમાન નિરંજન શોભે, વાયુ પરે પ્રતિબંધ ન થોભે; પડે નહિ લવલેશ ન લોભે, પ્રભુ સદ્‌ગુણકી ખાન ॥ સુંદર૦ ॥ ૩ ॥ ભારંડ પરે પરમાદ રહિત હૈ, ઇંદ્રાદિક દેવોસેં મહિત હૈ; સિંહ જૈસા પરમાદ સહિત હૈ, ઘાતિ કર્મ કરે હાન ॥સુંદર૦॥ ॥૪॥ વિહાર કર ચોપન દિન આયે, સહસાવનમેં સ્વામી સધાયે; હંસ સમ શુકલ ધ્યાન ધ્યાવે, હો ગયા કેવલજ્ઞાન ॥ ॥ સુંદર૦ ॥ ૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઉભો રહેને હો જીવડા ,તું તો સાંભળ આગમ વેણુ એ ચાલ ॥

પૂજો પૂજો પ્રેમે પરમેશ્વર, નેમિનાથ ભગવાન ॥ પૂજો૦ ॥ એ આંકણી ॥ આસો માસ અમાવાસ્યએ, કેવળજ્ઞાન કલ્યાણ; વેતસ વૃક્ષ તલે પ્રભુજીકો, હુવા સકલ ગુણખાણ ॥ પૂજો૦ પૂજોા૦ા૧॥ સુણો સ્વાદ્દ્વાદમાં જરી, કરે સપર્યા સાર; સુરાસુર નિકાય નાયકો, હોકે બહુ હુંશિયાર ॥ પૂજો૦॥ પૂજો૦॥૨॥ સુંદર ભક્તિભર નિર્ભરસે,અષ્ટમહા પ્રાતિહાર્ય, પૂજાકે ઉપચારસે પ્રભુકા, કરે કલ્યાણ કાર્ય ॥પૂજો૦॥ પૂજો૦॥૩॥ કંકેલી છાયા કરે, ફૂલવૃષ્ટિ વડાં હોય, દિવ્ય ધ્વનિ ચામર ઉડે, આસન ભામંડલ જોય ॥ પૂજો૦ પૂજો૦ ॥૪॥ દેવ દુંદુભિ ગગને ગાજે, છત્ર ચાલે આકાશ, હંસ કહે પ્રભુ પૂજાસે હોય, પાપ કર્મકા નાશ ॥ પૂજો૦॥ પુજો૦॥ ૫ ॥ કાવ્યં ॥ કમલોદર૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીં પરમ૦ શ્રી જલાદિક યજામહે૦ સ્વાહા ॥

## ॥ એકાદશી પૂજા ॥

### ॥ દુહા ॥

કહા પ્રભાસ પુરાણમેં, વામનકે અવતાર;
જાકે રૈવત પરવતે, તપ કીના હરિ સાર ॥૧॥
મહા ઘોર કલિ કાલમેં, કલિ કલ્ક કરે નાશ,
કોડ યક્ષ ફલકો દિરે, નેમિનાથ જિન ખાસ ॥૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહા વદિ ચૌદશ દિને, જાગરણે ગુણ ગાય;
ઉજ્જયંત ગિરિ ઉપરે, હરિ નિર્મલ હો જાય ॥ ૩ ॥
નારદ લિખિત રૈવતકા, સ્તોત્ર કલ્પ અનુસાર;
ભાવી ચોવીશીકે સબી, તીર્થંકર સુખકાર ॥ ૪ ॥
અનશન કરી રૈવતગિરિ, પાવેંગે નિર્વાણ;
નેમીશ્વરાદિક આઠકે, અતીત તિગ કલ્યાણ ॥ ૫ ॥
સ્થાન અન્યમેં ભિ રહા, ધ્યાન ધરે ગિરનાર,
ચોથે ભવ શિવ સુખ લહે, પાવે ભવકા પાર ॥ ૬ ॥

॥ રાગ શામ કલ્યાણ ॥

॥ પૂજો પ્રભુ કેવળજ્ઞાન આધારી પૂજા ॥ યહ ચાલ ॥

પૂજો નેમિજિનકો ગોકુલ ગિરધારી ॥ પૂજો૦॥ એ આંકણી॥ રેવતશૈલ પાલકને જાકે, દિની વધાઈ મુરારી ॥પૂજો૦॥ ૧ ॥ સહસા વનમેં સમવસરે હૈ, નેમિ કેવલ જ્ઞાન ધારી ॥ પૂજો૦ ॥૨॥ સાડેબાર કોટી રૂપૈયે, દાન દેવે કૈટભારિ ॥ પૂજો૦ ॥૩॥ માત ભ્રાત દશાર્હકી સાથે, સજી સકલ અસવારી॥ પૂજો૦ ॥૪॥ સોલ હજાર રાજા સંગ જાકે, રાજ્ય ચિન્હકો નિવારી ॥ પૂજો૦ ॥૫॥ સમવસણમેં ઉત્તર દરવાજે, હોકે જાય કંસારિ ॥ પૂજો૦॥ ૬ ॥ પ્રદક્ષિણા દેઈ નમક બૈઠે, શક્ર પીછે દૈત્યારિ ॥ પૂજો૦ ॥૭॥ ઇંદ્ર ઉપેંદ્ર, જિનેન્દ્રકી સુંદર, સ્તુતિ કરુ સુખકારી ॥ પૂજો૦ ॥૮॥હંસ કહે ઇસ વિધિસે પાવે, આતમ લક્ષ્મી અપારો ॥ પૂજો૦॥૯॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કવ્વાલી ॥

॥ સુનો પ્રભુ વિનતી એસી, હમે સંસારસેં તારો—યહ ચાલ ॥

પૂજન દ્રવ્ય ભાવસેં હોવે, સાધુ સિદ્ધાંત દિખલાવે ॥ દ્રવ્યસેં ભાવ પૂજાકા, અનંતગુણા ફલ ફરમાવે ॥ ૧ ॥ સમજ કે નેમિસ્વામી કે, ઈંદ્ર ઉપેંદ્ર ગુણ ગાવે ॥ દયાલુ બાલ બ્રહ્મચારી, હમે નમિયે પ્રભુ ભાવે ॥ ૨ ॥ લલિત લલના તણે લટકે, પીગલે દિલ અન્ય દેવનકે ॥ ૨ અભેદી વજ્રકે જેસા, હૃદય તુમ બ્રહ્મ સેવનકે ॥ ૩ ॥ યદુકુલકે વિભૂષણ હો, ત્રિભુવનકે તુમે સ્વામી ॥ હમારે મન માન-સમેં, બિરાજો હંસગતિ ગામી ॥૪॥ કાવ્યં ॥કમલોદર૦॥

॥ મંત્ર :-ૐ હ્રીં શ્રીં૦ પરમ૦ શ્રી જલાદિકં ય૦ સ્વાહા ॥

## ॥ દ્વાદશી પૂજા ॥

### ॥ દુહા ॥

ઈસ અવસર્પિણી બિચમેં, રૈવત ગિરિકા માન;
રૈવત પરવત કલ્પસેં, સુનિયે ભવિક સુજાણ ॥ ૧ ॥
છવીશ વીશ અરુ સોલ દશ, દો યોજન સો ચાપ;
છ આરેમેં અનુક્રમે, સદા ખપાવે પાપ ॥ ૨ ॥
યાગકાર ગોમેધકા, કોઢી દુખિયા દીન;
યક્ષ બના ગોમેધ વો, ગિરિમેં હો લયલીન ॥ ૩ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ગીત ભૈરવી ॥ તાલ કહરવા ॥

॥ અબ તો પ્રભુજી મોહે લેલો શરણુ—એ દેશી ॥

ઉપદેશ દેવે પ્રભુ નેમિ જિણુંદ ॥ એ આંકણી ॥ વૈર વિસારકે પશુ પક્ષી ગણુ, સુણુતે હે સુર નર નારીકે વૃંદ ॥ ઉપદેશ૦ ॥ ૧ ॥ સંબંધિ સંજોગ વિયોગ વાલે હે, ચપલા જેસી ચપલ લક્ષ્મી કહંદ ॥ ૨ ॥ ઉપદેશ૦ ॥૨॥ વાદલકી છાયા સમાન યૌવન હૈ, પરપોટા જેસી કાચી કાયા લહંદ ॥ ૨ ॥ ઉપદેશ૦ ॥૩॥ અસાર સંસારમેં સાર ધરમ હૈ, સુણુકે પાયે સબ અતિ આનંદ ॥ ૨ ॥ ઉપદેશ૦ ॥૪॥ દોય હજાર રાજા સંગ દીક્ષા, લેકે હુવે વરદત્ત ગણીંદ ॥૨॥ઉપદેશ૦॥૫॥ રાજિમતિ રાજકન્યાને પાયા, સંયમ થા જો દિલકો પસંદ ॥ ૨ ॥ ઉપદેશ૦ ॥૬॥ અંબિકા હુઈ કોડીનાર નિવાસી, શાસન સુરી કટે સંઘકા ફંદ ॥૨॥ ઉપદેશ૦॥૭॥ આર્ય અનાર્ય દેશોમેં વિચરકે, મોક્ષ સમય આયે ગિરનાર ગિરીંદ ॥૨॥ ઉપદેશ૦ ॥૮॥ પાંચસો છ ત્તીસ સાધુકી સાથે, મહિનેકા અનશન કિયા મુનીંદ ॥૨॥ ઉપદેશ૦ ॥૯॥ અષાડ સુદિ આઠમ ચિત્રામેં, મોક્ષ ગયે નેમિનાથ જિણુંદ ॥૨॥ ઉપદેશ૦ ॥૧૦॥ હજાર વર્ષકા આયુષ્ય પ્રાંતે, સુખ પાયે અવિનાશી અદ્વંદ ॥૨॥ ઉપ-દેશ૦ ॥૧૧॥ અવિનાશી અકલંક અગોચર, અલખ ગતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હો ગયે જિનચંદ ॥ ૨ ॥ ઉપદેશ૦ ॥૧૨॥ હંસ કહે પ્રભુ ભાવ પૂજાસેં, મુનિજનકો હોય હર્ષ અમંદ ॥ ૨ ॥ ઉપદેશ૦ ॥ ૧૩ ॥

॥રાગ પીલુ ॥ તીર્થ ઉજારો અબ કરીએ અભિક વૃંદ–એ દેશી ॥

ભાવ પૂજા ભલી કરીએ ભવિક નર, દાખી રે નિશીથ સૂત્ર માંહે ખરી રે ॥ ભાવ પૂજા૦ ॥ એ આંકણી ॥ પૂજાકે પ્રકાર દોય, દ્રવ્ય ભાવ સેંતિ હોય, દ્રવ્ય પૂજા દુઃખ ખોય, ભાવ મોક્ષ કરી રે ॥ ભાવ૦ ॥ ૧ ॥ અવગ્રહ સાઠ હાથ, જઘન્ય નવ હાથ સાથ, એક કહે હાથ નાથ, દિલમેં ધરી રે ॥ ભાવ૦ ॥ ૨ ॥ વિશાલ દેવલ જાંહી, લઘુ જિનાલય તાંહી, ઘર દેરાસર માંહીં, ક્રમસે પરિહારી રે ॥ ભાવ૦ ॥ ૩ ॥ પૂજા નેમિ જિન કેરી, પાપ પુંજ દે વિખેરી, ટલે ભવો ભવ ફેરી, ગુરુ ઉચ્ચરી રે ॥ ભાવ૦ ॥ ૪ ॥ વસુદેવ હીંડી સાખે, ચૈત્યવંદન કર આખે, આતમકો વશ રાખે, હંસ જાય તરી રે ॥ભાવ૦ ॥ ૫ ॥ કાવ્યં ॥ કમલોદર૦ ॥

॥ મંત્ર ॥ ઔઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ શ્રી જલાદિકં ય૦ સ્વાહા ॥

॥ અથ કળશ ॥ રેખતા ॥

જિનાલયે પૂજ જિનચંદા, રૈવતગિરિ ઉપરે બંદા ॥ નેમિ જિનરાજ સુખકંદા, અમીઝરા પાસ હરે ફંદા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિના૦ ।। ૧ ।। દેવલ દરિયા સમા ગાજે, ગંગા પરે દેરિયાં છાજે ।। મેકરવાસી સહસફણા રાજે, નમો ભવિ ભાવથી આજે ।। જિના૦ ।। ૨ ।। નરપતિ સંપ્રતિ કેરા, કુમારપાલ ભૂપકા દેરાના, અદ્ભૂત બાબા જગત સેહેરા, મિટાવે ભવ તણા ફેરા ।।જિના૦।।૩।। વસ્તુપાલ ઓર તેજપાલા, મંત્રીશ્વર હો ગયા લાલા ।। દેવલ ઈનકા જગત વ્હાલા, ગુફામેં સતી રાજુલ બાલા ।।જિના૦।। ૪ ।। પાંચમી ટુંક પર થાવે, નેમિ નિર્વાણ કહલાવે ।। નમો પ્રભુ પાદુકા ભાવે, નેમીશ્વર મૂર્તિ વહાં ઠાવે ।। જિના૦ ।।૫।। ઇત્યાદિક ચૈત્ય પરિપાટી, કરો ચઢી પાઢકી ઘાટી ।। ઈસ વિધિ કર્મ કો કાટી, નમો આદિનાથ તલ્હાટી ।। જિના૦।।૬।। જુનાગઢ શહેર અભંગા, મહાવીર સ્વામી ચૈત્યચંગા ।। શરણ પ્રભુ વીરકામંગા, નેમિ વહાં જિતઅનંગા ।। જિના૦ ।।૭।। તપાગચ્છમેં હુવે નામિ, વિજય આનંદસૂરિ સ્વામી ।। અપર નામે આતમરામી, કીર્તિ અમેરિકા ગામી ।। જિના૦।।૮।। રાજા અરુ રંક આ નમતે, દુર્જન સબ દૂર જા ભમતે ।।આક્ષેપોકારકો દમતે, આતમ આરામમેં રમતે ।। જિના૦ ।।૯।। હુવે તસ શિષ્ય મંડલમેં, જેસે દ્વિજરાજ વાદલમેં ।। વિજયલક્ષ્મી ગુરુકુલમેં, છલે નહી ગએ ઢુંઢત છલમેં ।। જિના૦ ।। ૧૦ ।। જિનોને સિદ્ધહેમ દેખા, ન્યાય સિદ્ધાંત સબ પેખા ।। પરી-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષકમેં પાઈ રેખા, પઢાતે જેસે ગુરુ લેખા ।। જિના૦।।૧૧।। ઈનોંકે શિષ્ય હુવે ભૂરિ, જિન્હોમેસે હુવે સૂરિ ।। વિજય-કમલ બને ધૂરી; ઇનોંકી પ્રીતિ હે પૂરી ।।જિના૦।।૧૨।। પ્રવ-તર્ક હે વિજય કાંતિ, ધરે દિલ માંહે જો ક્ષાંતિ ।। પ્રથમ પન્યાસ દિયે શાંતિ, સંપતવિજય ટાલે ભ્રાંતિ ।। જિના૦ ।। ।।૧૩।। ઇનકી અર્જ દિલ ધારી, પૂજન રચના રમત ન્યારી।। બનાઈ બાલપરે પ્યારી, નેમિજિન જન્મ તિથિ સારી ।। જિના૦ ।। ૧૪ ।। મહોબતખાનજી હર્ષે, નવાબ સાહેબ જિસ વર્ષે ।। ગાદિપર બૈઠે તિસ અરસે, આયે યાત્રા કે હમ તરસે ।। જિના૦ ।। ૧૫ ।। સંવત[૧]રસ [૭]સાગરસંગે, [૯]ગ્રહ-[૧]શશિ વિક્રમે ચંગે (૧૯૭૬) ।। ચોમાસા ઠેહેરકે રંગે, ગાયે પ્રભુ ગુણ ઉમંગે ।। જિના૦।।૧૬।।ગુરુલક્ષ્મી વિજયત્રાતા, વિજય કમલ ગુરુ ભ્રાતા ।। માફી ગફલતકી ચ્હાતા, હંસ નમે નેમિ ગુણ ગાતા ।। જિના૦ ।। ૧૭ ।।

।। ઇતિ મુનિરાજ શ્રી હંસવિજયજીકૃત ગિરનારમંડન શ્રી નેમિ-નાથકી ૧૦૮ પ્રકારી પૂજા સંપૂર્ણ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વાચનાચાર્ય શ્રીવિજયમાણેકસિંહસૂરિકૃત શ્રી મહાવીરજિન પંચકલ્યાણક પૂજા

## અધ્યાપન વિધિ

સર્વ વસ્તુ પાંચ પાંચ લાવિયે, અષ્ટદ્રવ્યથી પાંચ રકેબીઓ ભરીએ, એક સ્નાત્રિયો રકેબી લઇને ઉભો રહે, બીજા કલશ લઇને ઉભા રહે, પાંચ ઢાલો કહી, કાવ્યમંત્ર ભણી, પ્રભુને જલસ્નાત્ર કરી, ચંદને પૂજી, પુષ્પ ચઢાવી, ધૂપ ઉખેવિયે. એમ અષ્ટદ્રવ્યથી પૂજીએ, પછી બીજી રકેબી લેવી, આ રીતે પાંચ પૂજાઓ ભણાવીએ, ત્રીજી પૂજામાં વરસીદાન વખતે યથાશક્તિ યાચકને દાન આપીએ, પૂજા ભણાવ્યા પછી આરતી મંગલ દીવો કરીએ.

॥ ઇતિ શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા અધ્યાપનસંક્ષેપવિધિઃ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વાચનાચાર્ય શ્રી વિજયમાણેકસિંહસૂરિકૃત
# શ્રી મહાવીરજિન પંચકલ્યાણક પૂજા.

॥ દુહા ॥

પરમ ધરમ પૂરણ કલા, પરમાનંદ પ્રકાશ ॥
પ્રણમું પંચાસર પ્રભુ, પુરિસાદણી પાસ ॥ ૧ ॥
સમરી શારદ શારદા, વંદી ગુરુ ગુણ વાસ ॥
કલ્યાણક પૂજા રચું, આણી મન ઉલ્લાસ ॥ ૨ ॥
શાસન નાયક સાહિબો, ત્રિશલા નંદન તાસ ॥
કલ્યાણક કીર્ત્તન કરી, લહીયે લીલ વિલાસ ॥ ૩ ॥
ચ્યવન જનમ પાવન ચરણ, કેવલ મોક્ષ નિવાસ ॥
પંચ કલ્યાણક પૂજતાં, નિશ્ચે પાતક નાશ ॥ ૪ ॥
કલ્યાણક પ્રભુનાં કરી, સર્વ સુરાસુર સાથ ॥
[1]જિષ્ણુ નંદીશ્વર જઈ, નમી શાશ્વત જિન નાથ ॥ ૫ ॥
કલ્યાણક મહિમા તિહાં, આઠ દિવસ અભિરામ ॥
કરતાં પૂરણ કોડથી, લેવા અવિચલ ધામ ॥ ૬ ॥
તિણવિધિ તીર્થપતિતણી, પૂજા અષ્ટ પ્રકાર ॥
કરી વરી કેવલ રમા, પામો ભવજલ પાર ॥ ૭ ॥
ઇગદશ લખ એંસી સહસ, છસ્સે પીસ્તાલીશ ॥
માસખમણ કરી મુનિપણે, સેવી સ્થાનક વીશ ॥ ૮ ॥

---

1 ઇંદ્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નંદન ભવ જિન નામનો, બંધ કરી બલવંત ॥
પ્રાણુત સ્વર્ગ ગયા પ્રભુ, મંજુલ ભાગ્ય મહંત ॥ ૯ ॥
વિલસે સાગર વિંશતિ, આયુષ્ય ત્યાં અભિરામ ॥
અખિલ અમર ગણુથી અધિક, રૂપકાંતિ ગુણુધામ ॥૧૦॥
શાશ્વત જિનવર સેવતા, સુંદર ભક્તિ સહિત ॥
સુખ ભોગવતાં સ્વર્ગનાં, કરતા કાલ વ્યતીત ॥૧૧॥

## ॥ પ્રથમ ચ્યવનકલ્યાણુક પૂજા ॥

### ॥ દુહા ॥

વર્ત્તમાન શાસન વિભુ, વર્દ્ધમાન ભગવાન ॥
પરમેષ્ટિ પ્રભુ પૂજિયે, પ્રથમ ચ્યવન કલ્યાણુ ॥૧॥

### ॥ ઢાળ પહેલી ॥

॥ રાગ પીલુ બરવો ॥ મેરે સજનસેં યું જા કહના–એ દેશી ॥

શાસન નાયક જિનપતિ સેવો, ભવિજન નિર્મલ ભાવ ધરી રે ॥ ॥ આંકણી ॥ જંબૂ દક્ષિણુ ભરતે જાણો, માહણુકુંડ નગર વર માનો, વિપ્ર રિષભદત્ત નામ વખાણો ॥ દેવાનંદા નામની, તસ ગજગામિની, કામની ગુણુ ભરી રે ॥ શાસન૦ ॥૧॥ અષાઢ સુદ છઠ રજની અમંદે, ઉત્તરા ફાલ્ગુની ઉડુગત ચંદે, પ્રાણુત પુષ્પોત્તરથી જિણુંદે ॥ તાસ ઉદર અવતાર, ધર્યો નિરધાર, અનંતર ચ્યવન કરી રે ॥ શાસન૦ ॥ ૨ ॥ વારણુ વૃષભ સિંહાદિક વારુ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુરા ચૌદ સુપન જોઈ ચારુ, પતિ પુર કહત વચન વદી પ્યારુ ।। વિપ્ર વદે તવ વાણુ, થશે ગુણ ખાણુ, તનુ જ તું જ તેજ હરિ રે ।। શાસન૦ ।।૩।। પ્રીતમ વાણી સત્ય પ્રમાણી, સુખ ભોગવતી વિચરે શાણી, પેખે તવ અવધે પ[1]વિપાણી ।। જગમાણક જિનરાય, નમે નિર્માય, નમુથ્થુણં ઉચરી રે ।। શાસન નાયક જિનપતિ સેવો૦ ।। ૪ ।।

।। દુહા ।।

સંક્રંદન સિંહાસને, જઈને બેસે જામ ।।
સંશય એવો સંપજે, તેના મનમાં તામ ।। ૧ ।।
નીચ કુલ આવે નહિ, જિન ચક્રી હરિ રામ ।।
આવે ઉત્તમ અન્વયે, આગમ રીતિ આમ ।। ૨ ।।
અંતિમ જિન કિમ આવીયા, વાડવ કુલ વિપરીત ।।
એ અતિ અણઘટતું થયું, ચિંતે પુરુહુત ચિત્ત ।। ૩ ।।

।। ઢાળ બીજી ।।

।। રાગ વહંસ ।। નાથ કૈસે ગજકો બંધ છુડાયો—એ દેશી ।।

[1]બિડૌજા એણીપેરે ચિત્ત વિચારે ।। અનુપમ આગમને આધારે ।। બિડૌજા૦ ।। એ આંકણી ।। ઉત્સર્પિણી અવસર્પિણી, જાય અનંતી જ્યારે ।। અચ્છેરાભૂત ઉપજે એવા, કોઈક પદારથ ત્યારે ।। બિડૌજા૦ ।।૧।। નીચ ગોત્ર કુલમદથી નિકાચ્યું, મરિચિ તણે અવતારે આવી બ્રાહ્મણ કુલ

૧. ઇંદ્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવતરિયા, એક કરમ અનુસારે ॥ બિડૌજા૦ ॥૨॥ જો કદિ ઉમ ઉપજે પણ જિન જનિ, નીચ કુલે નવિ ધારે ॥ ઇંદ્રાચારથી ઉત્તમ કુલમાં, સંક્રંદન સંચારે ॥ બિડૌજા૦ ॥૩॥ માટે મહાકુલ જિનમાણેકને, મૂકવા જોઈએ મ્હારે ॥ એતાદશ અભિલાષ અંકુઠિત, આખંડલ અવધારે ॥ બિડૌજા એણીપેરે ચિત્ત વિચારે ॥૪॥

॥ દુહા ॥

હરિનૈગમેષીને હરિ, તેડી કહે તત્કાલ ॥
માહણકુંડ નગર જઈ, લઈ, જિન જગત દયાલ ॥ ૧ ॥
ક્ષત્રિયકુંડ નગર વિષે, સિદ્ધારથ ભૂપાલ ॥
તસ રાણી ત્રિશલાતણે, ઉદર ધરો ઉજમાલ ॥ ૨ ॥
ગર્ભ સુતા રૂપ તેહનો, માહણી કૂખ મઝાર ॥
થાપી પ્રત્યર્પણ કરો, આણા એહ ઉદાર ॥ ૩ ॥

॥ ઢાળ ત્રીજી ॥

॥ રાગ ઠુમરી ॥ પ્રેમ વચન શરથી મન વીંધી—એ દેશી ॥

વાસવ આણા વચન વિનયથી, અંજલી કરી શિર અંગીકરે રે ॥ વાસર રજની બ્યાસી વ્યતીતે, કાર્ય સકલ તે દેવ કરે રે ॥ વાસવ૦ ॥૧॥ જબ તે નિર્જર શ્રી જિનવરને, ત્રિશલા રાણીની કૂખ ધરે રે ॥ દેખે તવ સા દેવાનંદા, ત્રિશલા ચૌદશ સ્વપ્ન હરે રે ॥ વાસવ૦ ॥ તે રજની સા ત્રિશલા રાણી, સુતી સુંદર શયન ધરે રે ॥ ચૌદ સુપન જોઇ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાગી ચતુરા, હર્ષિત પુલકિત હર્ષ ભરે રે ।। વાસવ૦।।૩।।
જગજીવન જિન માણુક જનની, ઉઠી શય્યા થકી ઉતરે રે ।।
હંસ ગતિ જઈ મન હરખંતી ।। ઉર્વીપતિ આગળ ઉચરે
રે ।। વાસવ આણુા વચન૦ ।।૪।।

।। દુહા ।।

વલ્લભ વાસભવન વિષે, સૂતાં સુખભર સેજ ।।
આજે મેં અવલોકિયાં, ચૌદ સુપન ઘન તેજ ।। ૧ ।।

।। ઢાળ ચોથી ।। રાગ બિહાગ, તાલ–ત્રિતાલ ।।
।। નગીના રે નેહ નજર કરી આજ–એ દેશી ।।

સલૂણા રે સ્વપ્ન લહ્યાં મેં સાર ।। એ આંકણી ।। પહેલે સુપને ગજવર પેખ્યો, બીજે વૃષભ ઉદાર ।। સલૂણા રે૦ ।। તીજે કમનીય કેશરી, ચોથે શ્રીદેવી શ્રીકાર ।। ।। સ૦ ।। ૧ ।। પંચમ ફૂલની માલા પાવન, છટ્ઠે શશી સુખકાર ।। સ૦ ।। સાતમે સવિતા આઠમે ધ્વજ શુભ, નવમે ઘટ નિરધાર ।। સ૦ ।। ૨ ।। દીઠું પદ્મ સરોવર દશમે, અગિયારમે અકૂપાર[1] ।। સ૦ ।। બારમે દેવ વિમાન તેરમે, રમ્ય રતન અંબાર ।। સ૦ ।। ૪ ।। જેઈ ધનંજય[2] ચાૈદમે જાગી, પ્રીતમ પ્રાણુાધાર ।। સ૦ ।। માનું થશે એ સ્વપ્ન માણુકથી, ફલ મંજુલ કિમ ફાર ।। સલુણા રે સ્વપ્ન લહ્યાં મેં સાર ।।૪।।

૧ સમુદ્ર. ૨. અગ્નિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

સ્વપ્ન પ્રિય મુખ સાંભલી, આણી હર્ષ અપાર ॥
અર્થ કહે અવનીપતિ, નિજ મતિને અનુસાર ॥ ૧ ॥

॥ ઢાલ પાંચમી ॥ રાગ દેશ ॥
॥ વિમલા નવ કરશો ઉચ્ચાટ કે વહેલા આવશું રે—એ દેશી ॥

જલ્પે જાયા આગલ સ્વપ્ન અર્થ જગતીપતિ રે ॥ ભાખે ત્રિશલા આગલ સ્વપ્ન અર્થ ભૂમિપતિ રે ॥॥ એ આંકણી ॥ વિપુલ અર્થ સુખ ભોગ વિશાલા, મંજુ મહોદય મંગલ માલા, થાશે રંગ રસાલા, રમ્ય રમા અતિ રે ॥ ॥ જલ્પે૦ ॥ ૧ ॥ પરમ પ્રતાપી પુણ્યે પૂરો, ઉત્તમ ગુણથી નહીં અધુરો હોશે સુત બહુ શૂરો, તુજ હરિત ગતિ રે ॥ જલ્પે૦ ॥ ૨ ॥ વલ્લભ મુખની વલ્લભ વાણી, સાંભળી રાણી હર્ષ ભરાણી, સત્ય પ્રમાણી બેઠી જઈ શય્યા પ્રતિ રે ॥જલ્પે૦॥૩॥જિન ગુરુ માણુક કથા કરંતી, પરમ ધરમનું ધ્યાન ધરંતી, સમરતી વિચારે પુણ્યવતી સતી રે ॥ જલ્પે જાયા આગલ સ્વપ્ન અર્થ જગતીપતિ રે ॥ ૪ ॥

॥ કાવ્યં ॥ શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્ ॥

ગર્ભસ્થોપિ ચ યઃ સ્તુતઃ શતમખૈર્જાતસ્તુ તીવ્રાદરા-
ત્તીર્થાંભોભૃતભૂરિ રત્નકલશૈર્ભર્માચલે મજ્જિતઃ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષાકેવલમોક્ષપર્વસુ મહાધસ્ત્રષુ સંપૂજિતો,
ભવ્યાનાં વિદધાતુ સોંતિમજિનો ભદ્રાવલીં સર્વદા ।।૧।।

।। મંત્ર ।। ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય,પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુનિવારણાય શ્રીમતે મહાવીર જિનેંદ્રાય પરમેષ્ઠિન, જલં, ચંદનં, પુષ્પ, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેધં, ફલ યજામહે સ્વાહા ।।

## ।। દ્વિતીય જન્મકલ્યાણક પૂજા ।।

### ।। દુહા ।।

ભૂપ સ્વપ્ન પાઠક ભણી, પુછે તેડી પ્રભાત ।।
સ્વપ્ન અર્થ સોહામણા, ભાખે તે ભલી ભાત ।। ૧ ।।

### ।। ઢાળ પહેલી ।। રાગ કેરબો ।।

।। ગોપીચંદ લડકા, વાદળ વરસે કે કંચન મહેલમેં—એ દેશી ।।

સિદ્ધારથ રાજા, સ્વપ્ન મહિમા રે તુમે સાંભલો ।। એ આંકણી ।। જિનવર ચક્રી જનની નિરખે, ચૌદ સ્વપ્ન એ ચંગ ।। વાસુદેવની પ્રસૂ વિલોકે, સાત સ્વપ્ન સુખ સંગ રે ।। સિ૦ ।। સ્વપ્ન ચાર બલદેવ સવિત્રી, દેખે શુભ અવદાતા ।। એક સ્વપ્ન અવલોકે ઉત્તમ, મંડલિકની માત રે ।। સિ૦ ।।૨।। વરેણ્ય લક્ષણ વિનીત વિચક્ષણ, ધીર વીર ગંભીર ।। નિરૂપમ જગદાનંદન નંદન, હોશે તુમ કુલ હીર રે ।। સિ૦ ।।૩।। રાજ્ય પતિ રાજાનો રાજા, ચક્રી ચારુ ચરિત્ર ।। અથવા ત્રિભુવન માણક અરિહા, થાશે પુત્ર પવિત્ર રે ।। સિદ્ધારથ રાજા૦ ।।૪।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

સ્વપ્ન અર્થ એ સાંભલી, મહીપતિ મન હરખાય ॥
જોષીને સંતોષિને, વિગતે કરે વિદાય ॥ ૧ ॥

ઇન્દ્ર ધનદ આદેશથી, તિર્યગ્જૃંભક તામ ॥
ભૂરિ કનક રત્ને ભરે, સિદ્ધારથ નૃપ ધામ ॥૨॥

ગુપ્ત થયા પ્રભુ ગર્ભમાં, જનની ભક્તિ નિમિત્ત ॥
ત્રિશલા શોક ધરે તદા, ચિંતે પ્રભુ નિજ ચિત્ત ॥૩॥

॥ ઢાળ બીજી ॥
॥ પામ્યો પામ્યો પદ્મણી નારી હો—એ દેશી ॥

ન્યારી ન્યારી નિતાંત નઠારી હો, ગતિ મોહ કરમની ન્યારી ॥ એ આંકણી ॥ કર્યું મેં સુખ કરવાને, એ તો ઉલટું મુજ અંબાને, થયું અતિ દુઃખકારી હો ॥ ગતિ૦॥ ॥૧॥ જનની મન દુઃખ કારણ જાણી, અંસુ હલાવ્યું અચરિજ આણી, અવધે એમ વિહારી હો ॥ ગતિ૦ ॥૨॥ સમજી ગર્ભ કુશલતા શાણી, રાણી ત્રિશલા હર્ષ ભરાણી, વિષમ વિકલ્પ વિસારી હો ॥ ગતિ૦ ॥૩॥ જિન માણિક્ય અભિગ્રહ ધારે, માતાપિતા જીવંતાં મ્હારે, થાવું નહી આગાહી હો ॥ ગતિ મોહ કરમની ન્યારી ॥૪॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

પૂરે દોહદ ભૂપતિ, સખી શિખામણ દેત ॥
વહતી ગર્ભ વિનોદથી, ત્રિશલા શાત સમેત ॥ ૧ ॥
ભૂમિ ધાન્ય ભરે ભરી, સદાગતિ સુખકાર ॥
શકુન સકલ જય સૂચવે, આશા તેજ ઉદાર ॥ ૨ ॥
રવિ મુખગ્રહ ઉત્તમ સવિ, લલિત યોગ શુભલગ્ન ॥
મંગલ માલ મહોત્સવે, જનપદ સંમદ મગ્ન ॥ ૩ ॥
ચૈત્ર શુક્લ તેરશ નિશિ, ઉત્તરાફાલ્ગુની ચંદ ॥
જગજીવન જિન જનમિયા, પ્રગટયો પરમાનંદ ॥ ૪ ॥
વાગી દુંદુભિ વ્યોમમાં, પ્રસર્યો ભુવન પ્રકાશ ॥
સુખ પામ્યા સહુ નારકી, ઉર્વી લહી ઉશ્વાસ ॥ ૫ ॥

॥ ઢાળ ત્રીજી ॥

॥ ભકિત નૌકામાં બેસીને અમે ભવ તરીયે—એ દેશી ॥

છપ્પન દિગ કુમારી આવીને, કરે નિજ કરણી ॥ નિજ કરણી રે, અનાદિ ભવ તરણી ॥ છપ્પન૦ ॥ એ આંકણી ॥ જિન જિનજનની નમી, જોજન ક્ષેત્રથી રે ॥ કચરો કાઢીને, કરતી શુદ્ધ ધરણી ॥ શુદ્ધ ધરણી રે, કરતી શુદ્ધ ધરણી ॥ છપ્પન૦ ॥૧॥ વારિ કુસુમ વરસે, મુકુર કલશાવલી રે, વીંજણ ચામરને ધરતી, દીપ સરણી ॥દીપ સરણી રે, ધરતી દીપ સરણી ॥ છપ્પન૦ ॥ ૨ ॥ રંભા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુ ભાવે ।। આ૦ ।।૨।। તવ સુર વૃંદા ચોસઠ ઈંદા, સર્વ સમુદિત થાવે રે, થાવે રે થાવે બહુ ભાવે ।। આ૦ ।। શાસ્ત્ર પ્રમાણી સ્નાત્ર પૂજાની, શુભ સામગ્રી મિલાવે રે, મિલાવે રે મિલાવે બહુ ભાવે ।। આ૦ ।। ૩ ।। જિન મુખ નિરખે હૈડે હરખે, નિરુપમ સુખ રસ પાવે રે, પાવે રે પાવે બહુ ભાવે ।। આ૦ ।। હરિહર મલિયા, ભકને હલિયા, જિન માણુક ગુણ ગાવે રે, ગાવે રે ગાવે બહુ ભાવે ।। આપ્ત ધામ હરિ આવે૦ ।। ૪ ।।

।। દુહા ।।

ક્ષીરોદધિ દ્રહ કુંડના, માગધ ને વરદામ ।।
લલિત તીર્થ જલ લાવતા, ઔષધિ ફલ અભિરામ ।।૧।।
તીરથ મૃત્તિકા તથા, ચંદન સુમનસ ચંગ ।।
સરસ ધૂપ ચૂરણ શુચિ, આણે અતિ ઉછરંગ ।।૨।।
દર્પણ ચામર દીપતાં, છત્ર કલશ શ્રીકાર ।।
સામગ્રી સવિ સ્નાત્રની, કરતા સુર તૈયાર ।। ૩ ।।

।। ઢાળ પાંચમી ।। રાગ કાફી ।।
।। ચિત્ત તુમે કરો ભવિક જન, મણી તંદુલ ઉદાર—એ દેશી ।।

સુરપતિ કરે મેરુ ઉપર, જિન જન્માભિષેક ।। એ આંકણી ।। આઠ જાતિના કલશ અનોપમ, આઠ સહસ પ્રત્યેક ।। ક્ષીર નીર ભરી જિનપર ઢોલે, ઇમ અઢીસેં અભિષેક ।। સુર૦ ।।૧।। અચ્યુતાદિક હરિ સામાનિક, લોક-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાલ મુખ લેખ ॥ ઇંદ્રાણી આનંદ ભરાણી, ન્હવણ કરે ધરી ટેક ॥ સુર૦ ॥ ચંદન ચરચી, કુસુમે અરચી, ધરી આભરણ અનેક ॥ સ્તવન નમન કરી, જઈ જિન જનની, સમીપ ઠવે સુવિવેક ॥ સુર૦ ॥ ૩ ॥ નિદ્રા હરી ધરી, અંગુઠ અમૃત, વરસી ધન અતિરેક ॥ નંદીશ્વર જિન-માણુક મહિમા, કરતા સુરવર છેક ॥ સુર૦ ॥૪॥ કાવ્યં ગર્ભસ્થોપિ ચયઃ ॥

॥ મંત્રઃ- ઔઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ શ્રી જલાદિકંયજા૦ સ્વાહા ॥

## ॥ તૃતીય દીક્ષાકલ્યાણક પૂજા ।

### ॥ દુહા ॥

સવારમાં સિદ્ધારથે, છોડયા બંદિ સમસ્ત ॥
સસ્તી કરી વસ્તુ સવી, શણગાર્યું પુર શસ્ત ॥૧॥
બાંધ્યાં તારણ બારણે, સ્વસ્તિક પૂર્યા સાર ॥
સુમનસ ધૂપ સુગંધતા નૃત્યાદિક મનોહાર ॥ ૨ ॥
કરજ રહિત રઈ યત કરી, આપ્યાં દાન અપાર ॥
ઓચ્છવ રંગ વધામણાં, જિન પૂજા જયકાર ॥૩ ॥
વાજાં વર વજડાવિયાં, ગવરાવ્યાં શુભ ગીત ॥
સ્થિતિ–પતિતા ઓચ્છવ કર્યો, રૂડી કુલવટ રીત ॥૪॥
જ્ઞાતિ જમાડી જુક્તિશું, દઈ સ્વજન સન્માન ॥
નામ ઠવ્યું નંદનતણું, વર્દ્ધમાન ગુણવાન ॥૫॥

૧. દેવ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરિ લાંછન કાંચન તનુ, અમૃત પાન કરંત ॥
દ્વિતીયા ચંદ્ર પરે વિભુ, દિન દિન વૃદ્ધિ લહંત ॥ ૬ ॥

॥ ઢાળ પહેલી ॥ રાગ ભૈરવી ॥

॥ એ જમવા અભિલાષ, સરસ મહી, એ જમવા અભિલાષ–એ દેશી ॥

વર્દ્ધમાન ભગવાન, ભુવનમણિ, વર્દ્ધમાન ભગવાન ॥ એ આંકણી૦ ॥ મનહર સ્ફુર્તિ મંગલ મૂર્તિ, નૂતન રૂપ નિધાન ॥ભુવન૦॥ શારદ શશિ સમ વદન મનોરમ, અધર વિદુર ઉપમાન ॥ ભુવન૦ ॥૧॥ ઘુંઘરવાલા કુંતલ કાલા, દંત તતિ તિસ વાન ॥ ભુવન૦ ॥ શ્વાસ સંબંધી, સમીર સુગંધી, કરપદ કમલ સમાન ॥ભુવન૦ ॥ ૨ ॥ ગજગતિ ગામી, અમલ અનામી, પુદ્ગલ પ્રબલ પ્રધાન ॥ ભુવન૦ ॥ સહ અષ્ટોત્તર લક્ષણ સુંદર, મતિ શ્રુત અવધિ માન ॥ ॥ ભુવન૦ ॥૩॥ પૂરણ પ્રતાપી મધુરાલાપી, વિદિત સકલ વિજ્ઞાન ॥ ભુવન૦ ॥ નિખિલાનંદન ત્રિશલાનંદન, ગુણ ગણ માણક ખાણ ॥ ભુવનમણિ વર્દ્ધમાન ભગવાન ॥૪॥

॥ દુહા ॥

ક્રીડા કરે પ્રભુ એકદા, લઘુ વય બાલક લ્હાર ॥
વાસવ તવ બલ વર્ણવે, મરુત સભા મોઝાર ॥૧॥

॥ ઢાળ બીજી ॥ રાગ ભૈરવી ॥

॥ હો ન દિલારામ તો કયા દિલકો આરામ હૈ–એ દેશી ॥

નાથ લઘુ બાલ તો એ શક્તિ વિશાલ, શક્તિ વિશાલ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શક્તિ વિશાલ વર્દ્ધમાનસુકુમાલ, નાથ લઘુ બાલ તો એ શકિત વિશાલ ાા લાખો જો લેખ મલી બીવડાવે લ્હારે, ભય મનમાં ન ધારે લગારે લગારે ાા તો એ શકિત વિશાલ ાા નાથ લઘુ બાલ તો એ શક્તિ વિશાલ ાા એ આંકણી૦ ાા

ાા સાખી ાા

મિથ્યાદ્રષ્ટિ મત્સરી, અમર એક તવ આય ાા
થૂલ ભયંકર અહિ થઈ, વૃક્ષ ઉપર વીંટાય ાા
ભય મનમાં ન ધારે લગારે લગારે ાા તો એ શક્તિ
વિશાલ ાા નાથ૦ ાા શકિત૦ ાા લાખો૦ ાા૧ાા

ાા સાખી ાા

દીર્ઘપૃષ્ઠને દેખતાં, બ્હીને નાઠા બાલ ાા
પકડી નિજ હાથે પ્રભુ, કરે દૂર તત્કાલ ાા
ભય મનમાં ન ધારે લગારે લગારે ાા તો એ શકિત
વિશાલ ાા નાથ૦ ાા શકિત૦ ાા લાખો૦ ાા ૨ ાા

ાા સાખી ાા

ધૃષ્ટપણે સુર તે ધરે, સાત તાલનું રૂપ ાા
પ્રકૃષ્ટ મુષ્ટિ પ્રહારથી, વાલે વિષ્ટપ ભૂપ ાા
ભય મનમાં ન ધારે લગારે લગારે ાા તો એ શકિત
વિશાલ નાથ૦ ાા શકિત૦ ાા લાખો૦ ાા૪ાા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ સાખી ॥

સુર ગયો જિન માણિકયને, ખામી નામી શિર ॥
તુષ્ટ ચિત્ત મઘવા તદા, નામ ધરે મહાવીર ॥

ભય મનમાં ન ધારે લગારે લગારે ॥ તો એ શક્તિ
વિશાલ ॥ નાથ૦ ॥ શક્તિ૦ ॥ લાખો૦ ॥ ૪ ॥

॥ દુહા ॥

આઠ વર્ષની ઉમ્મરે, માતા પિતા મનોહર ॥
નિશાળે જગનાથને, આણે હર્ષ અપાર ॥ ૧ ॥
સંશય પંડિતના સવિ, ટાલે ત્યાં જગતાત ॥
જૈનેંદ્ર વ્યાકરણ વર, તદા થયું વિખ્યાત ॥ ૨ ॥
પિતૃવ્ય નામ સુપાર્શ્વ છે, નંદિવર્દ્ધન ભ્રાત ॥
ભગિની તાસ સુદર્શના,પાવન જગ પ્રખ્યાત ॥ ૩ ॥
વરી યશોદા યૌવને, સુખ વિલસે સંસાર ॥
અઠ્ઠાવીશ વરસે ગયાં, માત પિતા દ્યુ મઝાર ॥૪॥
માગે સંજમ અનુમતિ, પ્રભુ નિજ બાંધવ પાસ ॥
પ્રત્યુત્તર આપે તદા, નંદિવર્ધન ખાસ ॥ ૫ ॥

॥ ઢાળ ત્રીજી ॥ રાગ કાલિંગડા ॥
॥ બીક લાગે ભાઈ બાપુ, પાસે જાતાં મુજને રે–એ દેશી ॥

હાલ નહીં ભાઈ આપું, વ્રતની સંમતિ તુજને રે ॥
માતા પિતાનો વિરહ વહ્નિ, દહે છે મુજને રે ॥ હાલ૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ આંકણી ॥ ભાઈ વાત રખે એ ભાખે, પીડ પામું તુજ પાખે ॥ ક્ષત ઉપર ખાર શું નાખે, વલ્લભ તુજ વિજોગ કેમ, ખમાય મુજને રે ॥ હાલ૦ ॥ ૧ ॥ મહાવીર કહે પિઅ માઈ, ભાર્યા સુત ભગિની ભાઈ ॥ થઈ સર્વ અનંત સગાઈ ॥ જગતમાં કયાં કયાં પ્રતિબંધ, કરવો જીવને રે ॥ હાલ૦ ॥ ૨ ॥ નંદી કહે મોહ નઠારો, પણ પ્રાણથકી તું પ્યારો ॥ વેઠાય વિરહ નહીં તારો, તેથી રજા બે વર્ષ પછી હું આપીશ તુજને રે ॥ હાલ૦ ॥૩॥ જિન માણક જલ્પે વારુ, હો વચન પ્રમાણ તમારું ॥ પણ આરંભ કોઇ મુજ સારુ, કરશો નહી હું રહીશ ફાસું, આહાર ગ્રહણે રે ॥ હાલ નહીં ભાઈ આપું, વ્રતની૦ ॥ ૪ ॥

॥ દુહા ॥

પ્રાસુક આહારી રહ્યા, બ્રહ્મચારી બે વાસ ॥
તીશ વર્ષ જગતાતજી, વસ્યા એમ ઘર વાસ ॥૧ ॥
અવલોકે અવધે વિભુ, સંજમ અવસર જામ ॥
નવ લોકાંતિક નિર્જરો, વિનવે આવી તામ ॥૨ ॥

॥ ઢાળ ચોથી ॥ રાગ કલ્યાણ ॥

॥ અબ મોહે તારો વાસુપૂજ્ય એ-દેશી ॥

પ્રભુ તુમ થાપો ધર્મ તીર્થ ॥ સ્વામી હો મોક્ષ ગામી, અબ તુમે થાપો ધર્મ તીર્થ ॥ એ આંકણી ॥ હે અરિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગંજન અરિહંત, બોધિ દાયક બલવંત, શિવ મારગ દર્શક
સંત ।। શિવ મારગ દર્શક સંતરે ।। તુમે થાપો ધર્મ તીર્થ
।। અબ તુમે થાપો ધર્મ તીર્થ ।।૧।।

।। સાખી ।।

જય જય જગદાનંદ જિન, જય જય ભદ્ર ભદંત ।।
જય જય ક્ષત્રિય વર વૃષભ, ભયભંજન ભગવંત ।।
સ્વામી હો મોક્ષ ગામી ।। અબ તુમે થાપો૦ ।।૨।।

।। સાખી ।।

નિરુપમ ગુણ મણિ નીરધિ, નિખિલ નીતિ નિષ્ણાત ।।
બૂઝ બૂઝ બુદ્ધિનિધિ, તારણ ત્રિભુવન તાત ।।
સ્વામી હો મોક્ષ ગામી ।। અબ તુમે થાપો૦ ।।૩।।
કલ્યાણક શ્રેણિ કરનાર, દિવ્યામૃત સુખદાતાર ।।
સૂરિમાણક જગમાં સાર ।। સૂરિમાણક જગમાં સાર રે ।।
તુમે થાપો ધર્મ તીર્થ ।। અબ તુમે થાપો૦ ।।૪।।

।। દુહા ।।

વરસી દાન દિયે વિભુ, દુઃખ દારિદ્ર નિવાર ।।
કનક રજત મણિ હરિ કરિ, વસ્તુ વિધિ પ્રકાર ।।૧।।
દિન દિન સોનૈયા દિયે, એક કોડી અડ લક્ષ ।।
નિર્જર પતિ નિર્દેશથી, દેવ પૂરે ધનદક્ષ ।।૨।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણુસેં અઠયાશી કોડિયો, એંશી લાખ દિનાર ॥
સર્વ દાન સંવત્સરે, આપે જગદાધાર ॥૩॥
દાન પ્રભુ હાથે ગ્રહે, ભવ્ય તેહ નર નાર ॥
રોગ મટે ષડ્ માસનો, હોય વર્ષ નહીં બાર ॥૪॥
નંદિવર્દ્ધનની હવે, સંમતિ પામી સાર ॥
છઠ્ઠ કરી સજ્જ થયા પ્રભુ, લેવા સંજમ ભાર ॥૫॥

॥ ઢાળ પાંચમી ॥

પૂનમ ચાંદની ખીલી પૂરી અહીં રે ॥ એ દેશી ॥

દીક્ષા અવસર જાણી કોડાકોડી દેવતા રે, [1]ઇંદ્રિમ ચોસઠ ભાવે આવે જિન દરબાર ॥ વંદો વંદો પરમ વિરાગી ત્યાગી વીરને રે ॥ એ આંકણી ॥

॥ સાખી ॥

કંચન મણિ કલશા કરી, તીર્થોદક ભરી તાર ॥
ન્હવરાવી જગનાથને, પહેરાવી શણગાર ॥
શોભિત ચંદ્રપ્રભા શિબિકામાં રત્ન સિંહાસને રે, પધરાવી નર પૂર્વક વહતા સુર ધરી પ્યાર ॥ વંદો વંદો ॥૧॥

॥ સાખી ॥

કુસુમ વૃષ્ટિ સુરવર કરે, બોલે મંગલ માલ ॥
શુક્ર ઈશાન ચામર ધરે, વાજિંત્ર નાદ વિશાલ ॥
ગોરી ગાવે ભાવે સાચે નાચે અપ્છરા રે, સુંદર મંગલ હય ગય રથ વર ધ્વજ શ્રીકાર ॥ વંદો વંદો૦ ॥૨॥

---

૧ ઇંદ્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ સાખી ॥

પ્રેમે પ્રભુ પદપદ્મને, નમે બહુ નર નાર ॥
કહે સ્વજન હણી કર્મને, શિવસુખ વરજો સાર ॥
આવી આડંબરથી જ્ઞાતખંડ ઉદ્યાનમાં રે, અશોક તલે તજી
ભૂષણ લોચ કરે નિરધાર ॥ વંદો વંદો૦ ॥ ૩ ॥

॥ સાખી ॥

૧સાહ વદ દશમી ઉત્તરા, જગ માણેક જિનરાય ॥
સિદ્ધ નમી વ્રત ઉચ્ચરે, મનઃપર્યવ, તવ થાય ॥
થાપી દેવાધીશ્વર દેવદૂષ્ય પ્રભુ ખંધલેરે, નમો નાથાય કહી
નંદીશ્વર જાય ઉદાર ॥ વંદો વંદો પરમ વિરાગી ત્યાગી
વીરને રે ॥ ૪ ॥ કાવ્યં ॥ ગર્ભસ્થોપિ ચ૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ જલાદિકં યજામહે સ્વાહા ॥

## ॥ ચતુર્થે કેવલજ્ઞાનકલ્યાણકે પૂજા ॥

॥ દુહા ॥

બંધુ વર્ગને જિન હવે, પૂછી કરે વિહાર ॥
સહતા સવિ ઉપસર્ગને, વહતા સંજમ ભાર ॥ ૧ ॥
દોય ઘડી દિવસ છતે, કુમાર નામે ગામ ॥
તે દિને જઈ કાઉસગ્ગ રહ્યા, રાતે આતમરામ ॥ ૨ ॥

---

૧ કારતક (માગશર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોપે ગોપ તિહાં કને, જિનને મારણ જાય ॥
ગોપતિ જાણી ગોપને, આપે શિક્ષા આય ॥ ૩ ॥
હવે તિહાં જિનને હરિ, કરતો સેવા કોડ ॥
વિનય ધરીને વિનવે, જુગતે બે કરજોડ ॥ ૪ ॥

॥ ઢાળ પહેલી ॥

॥ પ્રભુ અર્જ સુણી અહીં આવો, મંજરી બાલ બચાવો–એ દેશી ॥

આ અર્જ પ્રભુ અવધારો, તુમ પાસે રાખી તારો ॥ ॥ એ આંકણી ॥ ઉપસર્ગ છે ઘણાં આપને, નાથ કહું શિર નામી ॥ બાર વર્ષ વૈયાવચ્ચ બાબત, સાથે રહું હું સ્વામી ॥ આ૦ ॥ ૧ ॥ નાથ કહે કદિ થયું નથી એ, થશે નહિ નવ થાવે ॥ શક્રાદિકની સહાય થકી જે, અરિહા જ્ઞાન ઉપાવે ॥ હે ઇન્દ્ર થશે જે ભાવી, છે રીત અનાદિ આવી ॥૨॥ સર્વ જિનેશ્વર કેવળ સંપદ, નિજ શકૂતે ઊપજાવે ॥ તે માટે ઉપસર્ગ થશે તે, સહીશ સમતા ભાવે ॥ હે ઇન્દ્ર૦॥ ॥૩॥ હરવા તવ મરણાંત કષ્ટને, સિદ્ધારથને ઠાવે ॥ પ્રેમે જિન માણક પદ પ્રણમી, સુરપતિ સ્વર્ગે જાવે ॥ આ અર્જ પ્રભુ અવધારો૦ ॥ ૪॥

॥ દુહા ॥

બહુલ બ્રાહ્મણને ગૃહે, પરમાત્મને જિનરાય ॥
પ્રથમ કરે તપ પારણું, પંચ દિવ્ય પ્રગટાય ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચેલોત્ક્ષેપ સુગંધ જલ, વૃષ્ટિ દુંદુભિ શબ્દ ।।
અહો દાન ઉદ્ઘોષણા, થાય કનકનો અબ્દ ।। ૨ ।।
વિચરંતા વસુધા વિષે, ધરતા ઉત્તમ ધ્યાન ।।
એક દિવસ દ્વિજ આવીને, વિનવે શ્રી ભગવાન ।।૩।।

।। ઢાળ બીજી ।।

।। શું કહું કથની મ્હારી રાજ, શું કહું કથની મ્હારી-એ દેશી ।।

શું કહું દુઃખ હું મ્હારું રાજ, શું કહું દુઃખ હું મ્હારું ।। હવે શરણ છે એક તમારું રાજ, શું કહું દુઃખ મ્હારું ।। એ આંકણી ।। જગજીવન તુમે વરસ્યા જ્યારે, વરસીદાન વસુ વારે ।। તાત હતો નહીં હું અહીં ત્યારે, નિર્ભાગી અતિ ભારે ।। રાજ૦ ।।૧।। રાત દિવસ ધન કારણ રડિયો, જ્યાં ત્યાં અતિ આથડિયો ।। તો પણ રંચ ન ધન સાંપડિયો, નિબિડ વિધન ઘન નડિયો ।। રાજ૦ ।।૨।। પુણ્યે તુમ પદ પંકજ પામી, આજે અંતરજામી ।। નિરાશ્રય નિર્ધન શિરનામી, શરણ પડયો છું સ્વામી ।।રાજ૦।। ।।૩।। દીન દયાલ દયા દિલ ધારી, દરિદ્ર દુઃખ વિદારી ।। સુખી કરો મ્હને જગસુખકારી, જિન માણક જયકારી ।। રાજ શું દુઃખ મ્હારું ।।૪।।

।। દુહા ।।

દીન વચન સુણી એહવાં, પ્રભુજી પરમ કૃપાલ ।।
દેવદૂષ્ય અડધું દિયે, બ્રાહ્મણને તત્કાલ ।। ૧ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતિ ઉદાર અરિહંતનું, અર્દ્ધ વસ્ત્રનું દાન ॥
વસ્ત્ર પાત્રમાં સૂચવે, મૂર્છા નિજ સંતાન ॥ ૨ ॥
અર્ધ કંટક વળગી પડયું, જિન હરિ દ્રષ્ટે જોય ॥
કોઈક મમતાથી કહે, કિહાં પડયું ઈમ કોય ॥૩॥
વસ્ત્ર પાત્ર નિજ સંતતિ, દુર્લભ સુલભ નિહાલ ॥
કંટક પટ લગને થશે, શાસન કંટક જાલ ॥૪॥
નિર્લોભી પ્રભુ નવ લિયે, તે વાડવ લઈ જાય ॥
વર્ષાધિક ઇમ વીરજી, ચીવરધર કહેવાય ॥૫॥
સાડા બાર વરસ લગે, સહતા પરિષહ ઘોર ॥
ઘોર અભિગ્રહ ધારતા, હણુવા કર્મ કઠોર ॥૬॥

**॥ ઢાળ ત્રીજી ॥ રાગ બરવો ॥ તાલ કેરબો ॥**
**॥ મજા દેતે હૈ કયા યાર, તેરે બાલ ઘુંઘરવાલે—એ દેશી ॥**

ધન ધન વર્દ્ધમાન વડવીર, વિચરે ઉર્વીતલ ઉપગારી ॥ સુર નર તિરિ ઉપસર્ગ સુધીર, સમ્યગ્ સહતા સમતા ધારી ॥ એ આંકણી ॥ શૂલપાણિ ને કૌશિક વ્યાલ, ગુણ-હીણ ગોશાલો ગોવાલ ॥ વ્યંતરી કટ પૂતના વિકરાલ, કરે પરિષહ પ્રભુને દુઃખકારી ॥ ધન૦ ॥ ૧ ॥ કપટી કુટિલ હૃદયનો ક્રૂર, સંતાપે બહુ સંગમ સુર ॥ પ્રભુજી પામ્યા દુઃખ ભરપૂર, રહ્યા ષડ્ માસી નિરાહારી ॥ ધન૦ ॥૨॥ ગોપે ખીલા ઠોકયા કાન, મૂકી ખેંચ રાડ મહાન ॥ થયું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતિ ભૈરવ તવ ઉદ્યાન, ફાટી પર્વત શીલા ભારી ॥ ધન૦ ॥૩॥ ઉધર્યા અપરાધી અસુમંત, શ્રી જિનમાણુક કરુ–ણાવંત ॥ મૂઠી બાકુલ લેઈ મહંત, તાતજી ચંદનબાલા તારી ॥ ધન ધન વર્દ્ધમાન વડવીર૦ ॥૪॥

॥ દુહા ॥

કર્યો એક ષડ્ માસી તપ, પંચ દિવસ ઉણુ એક ॥
નવ ચોમાસી તપ કર્યા, ત્રણુ માસી બે ટંક ॥૧॥
દોઢ માસી અઢી માસિયા, બે બે ષડ્ બે માસ ॥
દ્વાદશ માસખમણુ કર્યાં, બ્હોંતેર કીધાં પાસ ॥૨॥
બાર અટ્ઠમ વલી છટ્ઠ કર્યા, બસ્સેં ઓગણુત્રીસ ॥
ભદ્રાદિક પ્રતિમા ધરી, દિન દુગ ચઉ દશ ઈશ ॥૩॥
નિર્જલ તપ સવિ પારણાં, ત્રણુસેં ઓગણુપચાસ ॥
કાલ સમસ્ત પ્રમાદનો, અંતર્મુહૂર્ત્ત જાસ ॥૪॥
એ રીતે તપ આચરી, સમતા સાધન સાથ ॥
કિલષ્ટ કર્મ દલ ક્ષય કરે, જ્ઞાતપુત્ર જગનાથ ॥૫॥

॥ ઢાળ ચોથી ॥ રાગ સોહની ॥ કવ્વાલી ॥
॥ રાજા મેરા કિધેની ગયા–એ દેશી ॥

વીર જિણંદા! જયકારા જયકારા, ભવિજન પૂજે ભાવશું ॥ એ આંકણી કાયા માયા મમતા મારી, શમ દમ સંજમ ધરમ સ્વીકારી ॥ અલગ બન્યા અણુગારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અણગારા ॥ ભવિ૦ ॥ સમિતિ ગુપ્તિ શોભિત સોભાગી, નિરૂપલેપ નિસ્નેહ નિરાગી ॥ પ્રતિબંધ ચઉ તજનારા ॥ તજનારા ॥ ભવિ૦॥૧॥ પરમજ્ઞાન દર્શન વ્રતધારી, પરમાલય પ્રભુ પરમ વિહારી ॥ વીર્ય પરમ વરનારા ॥ વરનારા ॥ભવિ૦॥ અજ્જવ મદ્દવ લાઘવ પુષ્ટિ, શાંતિ મુક્તિ ગુપ્તિ તુષ્ટિ ॥ સત્ય પરમ સેવનારા ॥ સેવનારા ભવિ૦ ॥૨॥ નિંદ શયન જાગરણ નિવારી, ઉજ્જાગરણ દશા અવધારી ॥ ધ્યાન શુકલ ધરનારા ॥ ધરનારા ॥ ભવિ૦ ॥ શક્તિ અપૂરવ યોગે સ્વામી, ક્ષપકશ્રેણિ ચઢી આતમ રામી ॥ ઘાતી કરમ હણનારા ॥ હણનારા ॥ ભવિ૦ ॥૩॥ માધવ શુદિ દશમી મનોહારી, ચંદ્ર ઉત્તરા ફાલ્ગુની ચારી ॥ વિજય મુહૂર્ત્ત શુભકારા ॥ શુભકારા ॥ ભવિ૦ ॥ સાલ તરુ તલે છટ્ઠ તપ શાલી, વરિયા કેવલ શ્રી રૂપાલી ॥ સૂરિમાણુક પ્રભુ પ્યારા ॥ પ્રભુ પ્યારા ॥ ભવિજન પૂજો ભાવશું ॥ વીર જિણંદ જયકારા જયકારા૦ ॥૪॥

॥ દુહા ॥

સર્વવેદી જિન કેવલી, હવે થયા અરિહંત ॥
જાણે જીવાજીવના, ભાવ સકલ ભગવંત ॥૧॥
પ્રથમ સમવસરણે પ્રભુ, જિમ સ્થલપર જલધાર ॥
દીધી ક્ષણભર દેશના, નિષ્ફલ ગઈ નિરધાર ॥૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નયરી અપાપા આવિયા, વન મહસેન વિશાલ ॥
સમવસરણ સુરવર રચે, ત્રણ ગઢ ઝાકઝમાલ ॥૩॥
દરેક ગઢે ચઉ દ્વાર છે, દેવ દેવી રખવાલ ॥
છત્ર ધ્વજ શ્રીકાર છે, મણિમય તોરણ માલ ॥૪॥
શાલિભંજિકા શોભતી, ધૂપધાણાં ઝલકાર ॥
પ્રતિદ્વાર વર વાપિકા, કંચન કમલ ઉદાર ॥૫॥
કંચન વપ્ર વિષે કરે, દેવછંદ ઈશાન ॥
દ્વાર દ્વાર અતિ દીપતા, વીશ સહસ સોપાન ॥૬॥
રત્ન ગઢે દ્વાદશ સભા, કનક ગઢે તિર્યંચ ॥
રૌપ્ય ગઢે વાહન રહે, વેર વિરોધ ન રંચ ॥૭॥

॥ ઢાળ પાંચમી ॥

॥ શું નટવર વસંત થૈ થૈ નાચી રહ્યો ॥ એ—દેશી ॥

જિનરાજ વર્દ્ધમાન બ્રાહ્મ વ્યાપી રહ્યો, વ્યાપી રહ્યો સુપ્રલાપી રહ્યો, ॥ જિન૦ ॥ સાખી ॥ પુષ્પ વૃષ્ટિ દિવ્ય ધ્વનિ, ભામંડલ ઝલકાર ॥ શિર પર છત્ર ચામર ઢલે, દુંદુભિનાદ રસાલ ॥ અનુપમ ઓપત વિટપી અશોકથી, ભવિક લોક શોક કાપી રહ્યો, કાપી રહ્યો સુપ્રલાપી રહ્યો ॥ ॥ જિન૦ ॥ ૧ ॥ સાખી ॥ શોભિત રત્ન સિંહાસને બેઠા શ્રી જિનચંદ ॥ પદ પંકજ પ્રેમે કરી, સેવે સુર નર ઈંદ ॥ મધુર સ્વરે વર માલકોશ રાગમાં, અમૃત દેશના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપી રહ્યો, આપી રહ્યો સુપ્રલાપી રહ્યો ॥ જિન૦ ॥૨॥ સાખી ॥ સ્યાદ્‌વાદ રસ કૂંપિકા, નય ગમ ભંગ નિધાન ॥ વાણી યોજન ગામિની, વરસી શ્રી ભગવાન ॥ ગણધર પદવી સાથગુણ સેવધિ, સંઘ ચતુર્વિધ સ્થાપી રહ્યો, સ્થાપી રહ્યો સુપ્રલાપી રહ્યો॥ જિન૦ ॥ ૩ ॥ સાખી ॥ જ્ઞાન મહોત્સવ સુર કરે, વર્ત્યો જય જયકાર ॥ દેવછંદ બિરાજતા, જિનવર જગદાધાર ॥ સૂરિ માણેક મહાવીર પદ સેવતાં; સમકિત બીજ શુભ વાપી રહ્યો, વાપી રહ્યો ભવ માપી રહ્યો ॥ જિનરાજ વર્દ્ધમાન બ્રહ્મ વ્યાપી રહ્યો ॥૪॥

॥ કાવ્યં ॥ ગર્ભસ્થોપિ ચ૦ ॥

**॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ શ્રી સર્વજ્ઞાય જલં યજા૦ સ્વાહા ॥**

## ॥ પંચમ નિર્વાણકલ્યાણક પૂજા ॥

### ॥ દુહા ॥

એકાદશ ગણધર થયા, સાધુ ચૌદ હજાર ॥
છત્રીશ સહસ સુસાધવી, ચરણ કરણ વ્રતધાર ॥ ૧ ॥
દોઢ લાખ નવ સહસ છે, શ્રાવક શુદ્ધાચાર ॥
શ્રાવિકા ત્રણ લાખ ને, ઉપર સહસ અઢાર ॥ ૨ ॥
ત્રણસેં ચૌદ પૂરવધરા, સહસ ત્રિંશત અવધીશ ॥
કેવલી સગ શત સાતસેં, વક્રિય લબ્ધિ મુનીશ ॥૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિપુલમતિ મુનિ પાંચસેં, ચઉ શત વાદી સાર ॥
દેવ દેવી પરિકર બહુ, પાવન પ્રભુ પરિવાર ॥ ૪ ॥

॥ ઢાળ પહેલી ॥ રાગ માઢ ॥

॥ પ્રેમનો કોલ દિયો રાજકુમાર ॥ એ—દેશી ॥

ભાવથી નિત ભજિયે વીર ભદંત, અતિશય ભરિયા અરિહંત ॥ ભાવથી૦ ॥ એ આંકણી ॥ નિર્મલરૂપ શરીર નીરોગી, શ્વાસ સુગંધિત શસ્ય ॥ માંસ રુધીર ક્ષીર ધવલ મનોહર, આહાર નીહાર અદ્રશ્ય ॥ મૂલ અતિશય એ ચાર મહંત ॥ ભાવથી૦ ॥૧॥ સુર નર તિરિ જન કોડાકોડી, જોજન માંહી સમાય ॥ જોજનગામિનિ વાણી નિજ નિજ, ભાષામાં સમજાય ॥ પાછળ શિર ભામંડલ ભાસંત ॥ ભાવથી૦ ॥ ૨ ॥ રોગ દુકાલ ઈતિ ને ભીતિ, મારી વૈર મહાન ॥ અતિવૃષ્ટિ અવૃષ્ટિ ન હોવે, પાંચસેં કોશ પ્રમાણ ॥ કર્મ ક્ષયથી અગીયાર એ કંત ॥ ભાવથી૦॥ ॥૩॥ સૂરિ માણેક પ્રભુ શાસન સ્વામી, વર્દ્ધમાન જિનરાય ॥ ભક્તિ નિર્ભર ભાવે ભજતાં, જન્મ કોટિ અઘ જાય ॥ આતમ અનુભવ અતિશય ઉલ્લસંત ॥ ભાવથી નિત ભજિયે વીર ભદંત ॥૪॥

॥ દુહા ॥

ચૈત્યવૃક્ષ વપ્રત્રીયી, સિંહાસન શ્રીકાર ॥
ધર્મચક્ર ધ્વજ ગગનમાં, દુંદુભિ નાદ ઉદાર ॥ ૧ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

છત્ર ત્રય ચામર ચલે, વાયુ અનુકૂલ વાય ॥
કનક કમલ નવ પગ ઠવે, કાંટા ઉંધા થાય ॥ ૨ ॥
પક્ષી દિયે પ્રદક્ષિણા, વરસે શુચિજલ ફૂલ ॥
નખ કચ શ્મશ્રુ વધે નહિં, અક્ષ ઋતુ અનુકૂલ ॥૩॥
કોડી સુર સેવા કરે, પ્રણમે તરુવર જાત ॥
દિયે ચતુર્મુખ દેશના, સુરકૃત નવદશ ખ્યાત ॥ ૪ ॥
ઇમ ચોત્રીશ અતિશય ધરે, વિચરે દેશ વિદેશ ॥
વાણી પાંત્રીસ ગુણ વદે, આપે વર ઉપદેશ ॥ ૫ ॥

॥ ઢાળ બીજી ॥

॥ મન માયાના કરનારા રે, જરા જો ને તપાસી તારી કાયા ।

॥ એ—દેશી ॥

વદે વર્ધમાન જિનરાયા રે, મહાપુણ્યે મનુષ્ય ભવ પાયા ॥ આ ઉત્તમ અવસર આયા રે, સદા સેવો ધરમ સુખદાયા ॥ એ આંકણી ॥ કૂડી છે કાયા મિથ્યા છે માયા, છાઇ વાદલની છાયા ॥ મોહે મુંઝાયા ભરમે ભૂલાયા, ફોગટ ફંદામાં ફસાયા રે ॥ મહા૦ ॥૧॥ લોભે લુંટાયા, કામે કૂટાયા, મ્હારા તારામાં મરાયા ॥ ડા'પણ ડાહ્યા જન્મ ગુમાયા, પાછળ તે પસ્તાયા રે ॥ મહા૦ ॥ ૨ ॥ પ્રભુ પૂજાયા, સંત સેવાયા, ધર્મ મારગમાં ધાયા ॥ સમતા સહાયા ધ્યાન ધરાયા, કલ્યાણ તેજ કમાયા રે ॥ મહા૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥૩॥ જ્ઞાન ભણાયા શ્રદ્ધા સોહાયા, સંજમ શુદ્ધ સધાયા ॥
મોક્ષ ઉપાયા એહ મનાયા, સૂરિ માણુક સમજાયા રે ॥
મહા પુણ્યે મનુષ્ય ભવ પાયા ॥ વંદે વર્દ્ધમાન૦ ॥૪॥

॥ દુહા ॥

પ્રસન્નચંદ્ર પૃથ્વીપતિ, દશાર્ણભદ્ર નરેશ ॥
ઉદાયન આદિ ઘણા, પ્રતિબોધ્યા પરમેશ ॥૧॥
શ્રેણિકાદિ નવ સત્ત્વને, આપ્યું જિનપદ સાર ॥
મેઘકુમારાદિક બહુ, તાર્યા રાજકુમાર ॥૨॥
ઋષભદત્ત નિજ તાતજી, દેવાનંદા માય ॥
બ્યાસી દિવસ સંબંધથી, પહોંચાડયા શિવ ઠાય ॥૩॥
રૌહિણેય અર્જુન પ્રમુખ, ઉધર્યા અધમ અનેક ॥
નિરુપમ જિનપદ નામને, વેદે એમ વિવેક ॥૪॥
અસ્થિક ગામ પ્રણીત ભૂમિ, શ્રાવસ્તિપુર છેક ॥
આલંભિકા નગરી વસ્યા, ચોમાસુ એકેક ॥૫॥
ત્રણ ચંપા બે ભદ્રિકા, ષડ્ મિથિલા શુભ વાસ ॥
વૈશાલી વાણિજ્યમાં, બાર કર્યાં ચોમાસ ॥૬॥
રાજગૃહી નગરી રહ્યા, ચોમાસાં દશ ચાર ॥
ચરમ ચોમાસું આવિયા, પાવાપુર મોઝાર ॥૭॥

॥ ઢાળ ત્રીજી ॥ રાગ માલકોશ ॥

જય જય વીર જિણંદ, જગતગુરુ જય જય વીર જિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ણુંદ ।। એ આંકણી ।। કાર્ત્તિકમાસ અમાવસી રજની, સ્વાતિનક્ષત્રનો ચંદ ।। જગત૦ ।। સોલ પ્રહર દેશના દઇ સ્વામી છટ્ઠ તપ કરી સુખકંદ ।। જગત૦ ।।૧।। પદ્માસન રહી એકાકી પ્રભુ, પામ્યા પદ મહાનંદ ।। જગત૦ ।।ભાવ ઉદ્યોત ગયે ગણ ભૂપતિ, વિરચે દીપક વૃંદ ।। જગત૦ ।। ।।૨।। એ અવસર સવિ સુરપતિ આવી, વંદે પદ અરવિંદ ।। જગત૦ ।। કરણી ઉચિત સવિ સુર મલી કરતા, નિર્ભર નિરાનંદ ।। જગત૦ ।।૩।। દાઢાદિક લઈ રત્નથૂભ રચો, સર્વ સુરાસુર ઇંદ ।। જગત૦।। નંદીશ્વર જિન માણિક મહિમા, કરતા ભાવ અમંદ ।। જગતગુરુ જય જય વીર જિણંદ ।।૪।।

॥ દુહા ॥

વર્દ્ધમાન વચને તદા, શ્રી ગૌતમ ગણધાર ।।
દેવશર્મ પ્રતિબોધવા, ગયા હતા નિરધાર ।।૧।।
પ્રતિબોધી તે વિપ્રને, પાછા વલિયા જામ ।।
તવ તે શ્રવણે સાંભળે, વીર લહ્યા શિવધામ ।।૨।।
ધ્રસક પડયો તવ ધ્રાસકો, ઉપન્યો ખેદ અપાર ।।
વીર વીર કહી વલવલે, સમરે ગુણ સંભાર ।।૩।।
પૂછીશ કોને પ્રશ્ન હું, ભંતે કહી ભગવંત ।।
ઉત્તર કુણ મુજ આપશે, ગોયમ કહી ગુણવંત ।।૪।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહો પ્રભુ આ શું કર્યું, દીનાનાથ દયાલ ॥
તે અવસર મુજને તમે, કાઢયો દૂર કૃપાલ ॥૫॥

॥ ઢાળ ચોથી ॥

॥ પંથીડા સંદેશો દેજો મારા નાથને ॥ એ—દેશી ॥

શાસન સ્વામી સંત સનેહી સાહિબા, અલવેસર વિભુ આતમના આધાર જો ॥ આથડતો અહીં મૂકી મુજને એકલો, માલિક કિમ જઇ બેઠા મોક્ષ મોઝાર જો ॥ વિશ્વંભર વિમલાતમ વ્હાલા વીરજી ॥ એ આંકણી ॥ ૧ ॥ મન મોહન તુમે જાણ્યું કેવલ માગશે, લાગશે અથવા કેડે એ જિમ બાલ જો ॥ વલ્લભ તેથી ટાલ્યો મુજને વેગલો, ભલું કર્યું એ ત્રિભુવન જન પ્રતિપાલ જો ॥ વિશ્વંભર૦ ॥૨॥ અહો હવે મેં જાણ્યું શ્રી અરિહંતજી, નિસ્નેહા વીતરાગ હોય નિરધાર જો ॥ મ્હોટો છે અપરાધ પ્રભુ ઈહાં માહરો, શ્રુત ઉપયોગ મેં દીધો નહિં તે વાર જો ॥ વિશ્વંભર૦॥૩॥ સ્નેહ થકી સર્યું ધિગ્ એક પાક્ષિક સ્નેહને, એક જ છું મુજ કોઈ નથી સંસાર જો ॥ સૂરિમાણુક ઇમ ગૌતમ સમતા ભાવતા, વરિયા કેવલજ્ઞાન અનંત ઉદાર જો ॥ વિશ્વંભર૦ વિમલાતમ૦ ॥૪॥

॥ દુહા ॥

ગૌતમ કેવળ જ્ઞાનનો, ઓચ્છવ અમર ઉદાર ॥
કરતા પૂરણ કોડથી, જિન શાસન જયકાર ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધયા સાધુ સાતસેં, સાધ્વી શત દશ ચાર ॥
ગયા અનુત્તર આઠસેં, વીર તણા અણગાર ॥૨॥
ત્રીશ વર્ષ ઘરમાં સવિ, વલી બેંતાલીશ વર્ષ ॥
શ્રમણ ધરમ પાલી વસી, આયુષ બ્હોંતેર વર્ષ ॥૩॥
પાર્શ્વનાથ નિર્વાણથી, અઢીસેં વરસે સાર ॥
વીર જિનેશ્વર શિવ વર્યા, કલ્પસૂત્ર અધિકાર ॥૪॥
સિદ્ધ બુદ્ધ મુક્તાતમા, અનુપમ સાદિ અનંત ॥
અપુનર્ભવ સુખ અનુભવે, ભજો વીર ભગવંત ॥૫॥

**॥ ઢાળ પાંચમી ॥**

**॥ લાગી લગન મ્હને તારી હો લલના, લાગી૦ એ—દેશી ॥**

લાગી લગન મ્હને તારી હો જિનજી, લાગી લગન મ્હને તારી ॥ તું ત્રિભુવન ઉપગારી હો જિનજી, લાગી લગન મ્હને તારી ॥ એ આંકણી ॥ અકલ સકલ અવિચલ અવિનાશી, નિવૃત્તિ નગર નિવાસી હો જિનજી ॥ લાગી૦ ॥ કેવલ જ્ઞાન અનંત પ્રકાશી; વિશદાનંદ વિલાસી હો જિનજી ॥ લાગી૦ ॥ તું૦ ॥૧॥ વર્ણાદિક વીશ રહિત વિરંગી, આકૃતિ-મુક્ત અનંગી હો જિનજી ॥ રાગી૦ ॥ વેદ વિવર્જિત અરુહ અસંગી, નિરુપમ નિજગુણ રંગી હો જિનજી ॥લાગી૦ ॥ તું ॥૨॥ નિત્ય નિરંજન તું નિરુપાધિ, નિર્બંધન નિર્વ્યાધિ હો જિનજી ॥ લાગી૦ ॥ નિર્મલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યોતિ નિરીહ નિરાવધિ, સહજ સ્વરૂપ સમાધિ હો જિનજી ॥ લાગી૦ ॥ તું૦ ॥૩॥ સૂરિ માણેક જિનશાસન સ્વામી, વર્દ્ધમાન વિશરામી હો જિનજી ॥ લાગી૦ ॥ નિઃશ્રેયસ શિવ સુખ ધનનામી, આપો અંતરજામી હો જિનજી ॥ ॥ લાગી૦ ॥ તું૦ ॥ ૪ ॥ કાવ્યં ॥ ગર્ભસ્થોપિ ચ૦ ॥

**॥ મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ ૫૦શ્રીમતે પારંગતાય જલ યજામહે સ્વાહા ॥**

**॥ અથ કલશ ॥ રાગ ધન્યાશ્રી ॥**

**॥ છેલ ન દો મુઝે ગાલી, મેં માજા પાલી ॥ એ દેશી ॥**

ચોવીશમો જિનરાયો, મેં આજે ગાયો ॥ ત્રિભુવન કેરો તાયો રે, મેં આજે ગાયો ॥ ચોવીશમો૦ ॥ એ આંકણી ॥ જ્ઞાત કુલોદધિ જવાતૃક જિન, ત્રિશલા દેવીનો જાયો રે ॥ મેં૦ ॥ પરમ ધરમ વર જ્ઞાનપ્રકાશક, પુણ્ય મહોદય પાયો રે ॥ મેં૦ ॥ ચો૦ ॥૧॥ પરમેષ્ઠિ અર્હંત નાથ સર્વજ્ઞ, પારંગતાય નમાયો રે ॥ મેં૦ ॥ પંચ કલ્યાણક પ્રભુના પ્રીતે, જપતાં પાપ જલાયો રે ॥ મેં૦ ॥ ચો૦ ॥ ॥૨॥ તપ ગણ ગગન તપન તેજસ્વી, વિજયસિંહ સૂરિ રાયો રે ॥ મેં૦ ॥ સત્ય કપૂર ક્ષમા જિન ઉત્તમ, પદ્મવિજય જયદાયો રે ॥ મેં૦ ॥ ચો૦ ॥ ૩ ॥ રૂપ કીર્તિ ઉદ્યોતવિજયના, અમર ગુમાન અમાયો રે ॥ મે૦ ॥ સુગુરુ પ્રતાપવિજય પદ સેવત, જ્ઞાન માણિક્ય કમાયો રે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ મેં૦ ॥ ચો૦ ॥ ૪ ॥ રસ ઋષિ નિધિ શશિ, વર્ષ (૧૯૭૬) મહા વદી, એકાદશી કવિ ધ્યાયો રે ॥ મેં૦ ॥ વિનય મેઘવિજય્ આગ્રહથી, એ અધિકાર રચાયો રે ॥ ॥ મેં૦ ॥ ચો૦ ॥ ૫ ॥ પુણ્ય પવિત્ર પાટણ ક્ષેત્ર, પંચાસર જિનરાયો રે ॥ મેં૦ ॥ તાસ પસાયે રહી ચોમસું, પૂજન ભાવ બનાયો રે ॥ મેં૦ ॥ ચો૦ ॥ ૬ ॥ શાસન પતિ કલ્યાણક સુણતાં, સંઘ સકલ હરખાયો રે ॥ મેં૦ ॥ સૂરિ માણેક દેવાર્ય સમરતાં, ઓચ્છવ રંગ વધાયો રે ॥ મેં૦ ॥ ચોવીશમો૦ ॥૭॥ ઇતિ કલશ સંપૂર્ણ ॥

---

ઉપધાન તપ, વરસી તપ, ચૈત્રી તથા આસો માસની આયંબિલની ઓળી વિગેરે મહાન તપમાં પ્રભાવના નિમિત્તે વહેંચવા માટે અમારે ત્યાંથી હરેક પ્રકારના જૈન ધર્મના પુસ્તકો મળશે તથા ચરિત્રો, ધર્મકથાઓ, જીવનમણિદ્રસ્ટના પુસ્તકો, શ્રી જયભિક્ખુ તથા મોહનલાલ ધામી આદિ લેખકોના પુસ્તકો મળશે.

**ઠે. જૈન પ્રકાશન મંદિર**

૩૦૯/૪, દોશીવાડાની પોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ દાદા સાહેબકી પૂજા ॥

॥ પહેલી સ્થાપન કરકે આહ્વાહનકા શ્લોક પઢે ॥

સકલગુણગરિષ્ઠાન્ સત્તપોભિર્વરિષ્ઠાન્ ॥
શમદમયજુષ્ટાંશ્ચારુચારિત્રનિષ્ઠાન્ ॥
નિખિલજગતી–પેઠે દર્શિતાત્મપ્રભાવાન્ ॥
મુનિપકુશલસૂરીન્ સ્થાપયામ્યત્ર પીઠે ॥ ૧ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ શ્રી જિનદત્ત શ્રી જિનકુશલ શ્રીજિનચંદ્ર-સૂરિગુરો અત્રાવતરાવતર સ્વાહા ॥ ૨ ॥ ૐ હ્રીઁ શ્રીઁ જિનદત્ત-સૂરિગુરો અત્ર તિષ્ઠ તિષ્ઠઃઠઃઠઃઠઃ સ્વાહા ॥ ઈતિ પ્રતિષ્ઠાપનમ્ ॥ ૐ હ્રીઁ શ્રીઁ જિનદત્તસૂરીગુરો અત્ર મમ સંનિહિતો ભવ વષટ્ ॥ ઈતિ સંનિધિ કરણમ ॥૩॥ અથ જલકા કલશ લેકે સ્નાત્રકર્તા શુચિ હોકે રહે ॥

### ॥ સ્તુતિપ્રારંભ ॥ પ્રથમ જલપૂજા ॥

॥ દુહા ॥

ઈશ્વર જગ ચિંતામણી, કર પરમેષ્ઠી ધ્યાન ॥
ગણધર પદ ગુણ વર્ણના, પૂજન કરો સુજાન ॥ ૧ ॥
સુધર્માં મુનિપતિ પ્રગટ, વીર જિનેશ્વર પાટ ॥
મિથ્યામત તમ હરણકો, ભવ્ય દિખાવન બાટ ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુસ્થિત સુપ્રતિબદ્ધ ગુરુ, સૂરિમંત્રકો જાપ ॥
કોટિ કિયો જબ ધ્યાન ધર, કોટિક ગચ્છ સુથાપ ॥ ૩ ॥
દશ પૂર્વી શ્રુતકેવલી, ભયે વજ્રધર સ્વામ ॥
તા દિનતેં ગુરુગચ્છકો, વજ્રશાખ ભયો નામ ॥ ૪ ॥
ચંદ્ર સૂરિ ભયે ચંદ્ર સમ, અતિહી બુદ્ધિનિધાન ॥
ચંદ્રકુલી સબ જગતમેં, પસરો બહુ વિજ્ઞાન ॥ ૫ ॥
વર્દ્ધમાનકે પાટ પર, સૂરિ જિનેશ્વર ભાસ ॥
સત્યવાસિકો જિતકર, સુવિહિત પક્ષ પ્રકાશ ॥ ૬ ॥
અણુહિલપુર પાટણ સભા, લોક મિલે તિહાં લક્ષ ॥
ખરતર બિરુદ સુધાનિધિ, દુર્લભરાજ સમક્ષ ॥ ૭ ॥
અભયદેવ સૂરિ ભયે, નવ અંગ ટીકાકાર ॥
થંભણ પારસ પ્રગટ કર, કુષ્ઠ મિટાવનહાર ॥ ૮ ॥
શ્રી જિનવલ્લભસુરિ ગુરુ, રચના શાસ્ત્ર અનેક ॥
પ્રતિબોધે શ્રાવક બહુત, તાકે પટ્ટ વિશેષ ॥ ૯ ॥
હુંબડ શ્રાવક વાઘડી, અઢાર હજાર ॥
જૈન દયાધર્મી કિયે, બરતે જય જયકાર ॥ ૧૦ ॥
દાદા નામ વિખ્યાત જસ, સુર નર સેવક જાસ ॥
દત્ત સૂરિ ગુરુ પૂજતાં, આનંદ હર્ષ ઉલ્લાસ ॥ ૧૧ ॥
દિલ્લી મેં પાતસાહને, હુકમ ઉઠાયા શીસ ॥
મણિધારી જિનચંદ ગુરુ, પૂજે બિસવાબીસ ॥ ૧૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાકે પટ્ટ પરંપરા, શ્રી જિન કુશલસૂરીંદ ॥
અકબરકો પરચ્યા દિયા, દાદા શ્રી જિનચંદ ॥ ૧૩ ॥
એસે દાદા ચારકો, પૂજો ચિત્ત લગાય ॥
જલ ચંદન કુસુમાદિ કર, ધ્વજ સોગંધ ચઢાય ॥ ૧૪ ॥

॥ ચાલ દાદા ચિરંજીવો–એ દેશી ॥

ગુરુરાજ તણી કર પૂજન ભવિ, સુખકર મિલસી લચ્છી ઘણી ॥ એ આંકણી૦ ॥ ગુરુ ચરણકમલની બલિહારી, ॥ ગુ૦ ॥ ૧ ॥ સંવત ઇગ્યારે વારે શશી, બત્તીશે જન્મ્યા શુભ દિવસી, શ્રાવકકુલ હુંબડને હુલસી ॥ ગુ૦ ॥ ૨ ॥ જસ બાછગસા પિતુનામ ભણે, વારડ દે માતા હર્ષ ઘણે, ઇકતાલીસે દીક્ષા પભણે ॥ ગુ૦ ॥ ૩ ॥ ગુણહતરે વલ્લભ પાટ ધરી, ગુરુ માયાબીજનો જાય કરી, ગુરુ જગમેં પ્રગટયા તરણ તરી ॥ ગુ૦ ॥ ૪ ॥ મણિધારી જિનચંદ ઉપકારી, જિનદત્ત સૂરીંદકે પટધારી, ભયે દાદા દૂજા સુખકારી ॥ ગુ૦ ॥૫॥ રાશલ પિતુ દેલ્હણદે માતા; શ્રીમાલ ગોત્ર બોધનશાતા, દિલ્લી પાતસાહ સુગુણ ગાતા ॥ ગુ૦ ॥ ॥ ૬ ॥ જસુ ચૌથે પાટ ઉદ્યોત કરી, જિનકુશલ સુરીંદ અતિ હર્ષ ભરી, તેરાશે તીસે જનમ ધરી ॥ગુ૦ ॥ ૭ ॥ જસ જિલ્લા જનક જગત્ર જિયો, વર જૈતસરી શુભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વપ્ન લિયે, ગુરુ છાજેડ ગોત્ર ઉદ્ધાર કિયે ॥ ગુ૦ ॥ ॥ ૮ ॥ ધન સંતાલીસે દીક્ષા ધરી, જિનચંદસૂરીશ્વર પાટ વરી, ગુણહતરે સૂરિમંત્ર જાપ કરી ॥ ગુ૦ ॥ ૯ ॥ સેવામેં બાવન વીર ખરા, જોગણિયો ચોસઠ હુકમ ધરા, ગુરુ જગમેં કઈ ઉપકાર કરા ॥ ગુ૦ ॥ ૧૦ ॥ માણેકસૂરીશ્વર પદ છાજે, જિનચંદસૂરિ જગમેં ગાજે, ભયે દાદા ચોથે સુખ કાજે ॥ ગુ૦ ॥૧૧॥ જિન ચાંદ ઉગાયો ઉજિયાલો, અમ્માવસકી પૂનમવાલો, સબ શ્રાવક મિલ પૂજત ચાલો ॥ ગુ૦ ॥ ૧૨ ॥ જિન અકબરકો પરચા દીના, કાજીકી ટોપી વશ કીના, બકરીકા ભેદ કહ્યા તીના ॥ ગુ૦ ॥૧૩॥ ગંધોદક સુરભિ કલશ ભરી, પ્રક્ષાલન સદ્ગુરુ ચરણ પરી, યા પૂજન કવિ ઋદ્ધિસાર કરી ॥ ગુ૦ ॥ ૧૪ ॥

॥ કાવ્યં ॥

સુરનદીજલનિર્મલધારકૈઃ પ્રબલદુષ્કૃતદાહનિવારકૈઃ ॥
સકલમંગલવાંછિતદાયકૌ, કુશલસૂરિગુરોશ્ચરણૌ યજે ॥૧॥

**॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમગુરુદેવાય ભગવતે શ્રી જિનશાસનોદ્દીપકાય શ્રી જિનદત્તસૂરીશ્વરાય, મણિમણ્ડિભાલ-સ્થલાય શ્રી જિનચંદ્રસૂરીશ્વરાય શ્રી જિનકુશલસૂરીશ્વરાય અક-બર સુરત્રાણપ્રતિબોધકાય શ્રી જિનચંદ્રસૂરીશ્વરાય જલં નિર્વ-પામિ તે સ્વાહા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ દ્વિતીય કેશરચંદન પૂજા ॥

### ॥ દુહા ॥

કેશર ચંદન મૃગમદા, કર ઘનસાર મિલાપ ॥
પરચા જિનદત્તસૂરિકા, પૂજ્યા ટુટે પાપ ॥ ૧ ॥

### ॥ ચાલ બાન બાજેકી ॥

દીનકે દયાલ રાજ, સાર સાર તું ॥ એ આંકણી ॥ આયે ભરુઅછ નગ્ર, ધામ ધૂમ ધૂમ ॥ બાજત નિશાન ઠૌર, હર્ષ રંગ હૂં ॥હ૦ ॥ દી૦ ॥ ૧ ॥ મુસલમાન મુગલપૂત, ફૌજ મૌજમૂં ॥ ફોત મોત હો ગયા, હાયકારસૂં ॥હા૦ ॥ દી૦ ॥ ૨ ॥ સંઘ વિઘ્ન દેખ આપ, હુકમ દીન યૂં ॥ લાવો મેરે પાસ આસ, જીવદાન દૂં ॥જી૦॥દી૦ ॥૩॥ મૃતક પૂત મંત્રસે, ઉઠાય દીન તું ॥ દેખકે અચંભ રંગ, દસ ખાસફૂં ॥ દા૦ ॥ દી૦ ॥ ૪ ॥ કરત સેવ ભાવપૂર, તુરકરાજ જું ॥ છોડકે અભક્ષ્ય ખાન, હાજરી ભરૂં ॥હા૦॥ દી૦ ॥૫॥ બીજ ખીજકે પડી, પ્રતિક્રમણકેમૂ ॥ હાથસે ઉઠાય પાત્ર, ઢાંક દીન છૂં ॥ ઢાં૦ ॥ દી૦ ॥ ૬ ॥ દામની અમોલ બોલ, સિદ્ધરાજ તૂં ॥ દેઉં વરદાન છોડ, બદ કીન કયું ॥ બ૦ ॥ દી૦ ॥ દત્તનામ જપત જાપ, કરત નાંહ ચૂં ॥ પૈર મેં પડુંગી નાહ, છોડ દીનકું ॥છો૦॥દી૦॥ ॥૮॥ કરેગે નિહાલ આપ, પલકમેં કનું ॥ રામઋદ્ધિસાર દાસ, ચરણ છાંહ લૂં ॥ ચ૦ ॥ દી૦ ॥ ૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કાવ્યં ॥

મલયચન્દનકેશરવારિણા, નિખિલજાડયરુજાતપહારિણા ॥
સકલમંગલવાંછિતદાયકૌ, કુશલસૂરિગુરોશ્ચરણૌ યજે ॥૧॥

॥ મંત્રઃ—ૐ હ્રીઁ શ્રી૦ જિનદત્ત૦ કેશરચંદનં નિર્વપામિ તે સ્વાહા ॥

## ॥ તૃતીય પુષ્પ પૂજા ॥

॥ દુહા ॥

ચંપા ચમેલી માલતી, મરુવા અરુ મચકુંદ ॥
જો ચઢે ગુરુચરણ પર, નિત ઘર હોય આનંદ ॥૧॥

॥ નિંદ તો ગઈ વાદીલા મારી, એ ચાલ—રાગ માંડ ॥

ગુરૂ પરતિખ સુરતરુરૂપ, સુગુરૂસમ દૂજો તો નહિં ॥ દૂજો તો નહિં રે, સુમતિ જન દૂજો તો નહિં ॥ ગુરુ પર તિખ સુરતરુરુપ, સુગુરુને પૂજો તો સહી ॥ એ આંકણી ॥ ચિતોડનગરી વજ્રથંભમેં, વિદ્યા પોથી રહી રે ॥ સુ૦ ॥ ॥ વિ૦ ॥ હેજી મંત્ર જંત્રવિદ્યાસે પૂરી, ગુરૂ નિજ હાથ ગ્રહી ॥ ગુ૦ ॥ ગુરૂ ॥ પર૦ ॥ ૧ ॥ પુર ઉજ્જયિની મહા-કાલકે, મંદિર થંભ કહી રે ॥ સુ૦ ॥ મં૦ ॥ હેજી સિદ્ધસેન દિવાકરકી પોથી, વિદ્યા સરબ લહી રે ॥ વિ૦ ॥ ગુરૂ ॥ પર૦ ॥ ૨ ઉજ્જયિની વ્યાખ્યાન બીચમેં, શ્રાવિકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપ ગ્રહી રે ॥ સુ૦॥ શ્રી૦ ॥ હેજી જોગનિયાં છલનેકો આઈ, સબકો ખીલ દઇ ॥ સુ૦ ॥ ગુ૦ ॥૩॥ દીન હોય જોગનિયાં ચૌસઠ, ગુરૂકી દાસ ભઇ રે ॥ સુ૦ ॥ ગુ૦ ॥ હેજી સાત દીયાં વરદાન હરષસે, પસર્યા સુયશ મહી ॥ પ૦ ॥ ગુ૦ ॥ ૪ ॥ પુષ્પમાલ ગુરૂ ગુણકી ગુંથી, ચાહો ચિત્ત ચહી રે ॥ સુ૦ ॥ ચા૦ ॥ હેજી કહે રામ ઋદ્ધિસાર સુયસકી, છુટી આપ દઇ ॥ બૂ૦ ॥ ગુ૦ ॥૫॥

॥ કાવ્યં ॥

કમલ ચમ્પક કેતકીપુષ્પકૈઃ, પરિમલાહૃતષટ્—પદવૃન્દકૈઃ ॥
સકલમંગલવાંછિતદાયકૌ, કુશલસૂરિગુરોશ્ચરણૌ યજે ॥૧॥

॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ જિનદત્ત પુષ્પાણિ નિર્વપામિ તે સ્વાહા ॥

## ॥ ચતુર્થ ધૂપ પૂજા ॥

### ॥ દુહા ॥

ધૂપ પૂજ કર સુગુરૂકી, પસરે પરિમલ પૂર ॥;
જસ સુંગધ જગમેં બઢે, ચઢે સવાયા નૂર ॥૧॥

॥ રાગ સોરઠ ॥ કુબજાને જાદુ ડારા—એ દેશી ॥

અંબિકા બિરુદ બખાને ગુરૂ તેરો ॥ અં૦ ॥ તુમ યુગ પ્રધાન નહીં છાનો ॥ ગુ૦ ॥ એ આંકણી ॥ ગઢ ગિરનાર પૈ અંબર શ્રાવક, એસો નિયમ ચિત્ત ઠાને ॥ યુગપ્રધાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇસ યુગમેં કોઈ, દેખું જન્મ પ્રમાણે ॥ ગુ૦ ॥ અં૦ ॥ ॥૧॥ કર ઉપવાસ તીન દિન બીતે, પ્રગટો અંબા જ્ઞાને ॥ ગુ૦ ॥ પ્રગટ હોય કરમેં લિખ દીના, સુબરન અક્ષર દાને ॥ ગુ૦ ॥ અં૦ ॥૨॥ યા ગુણસંયુત અક્ષર બાંચે, તાકો યુગવર જાને ॥ ગુ૦ ॥ અંબડ મુલક મુલકમેં ફિરતા, સુરિ સકલ પતવાને ગુ૦ ॥ અં૦ ॥૩॥ આયા પાસ તુમ્હારે સદ્‌ગુરૂ, કર પસાર દિખલાને ॥ ગુ૦ ॥ વાસક્ષેપ ઉન ઉપર ડાલા, ચેલા બાંચ સુનાને ॥ ગુ૦ ॥અં૦ ॥૪॥ સર્વ દેવ હૈ દાસ જિનોંકે, મરુધર કલ્પ પ્રમાણે ॥ યુગપ્રધાન જિનદત્ત સૂરીશ્વર, અંબડ શીશ ઝુકાને ॥ ગુ૦ ॥ અં૦ ॥૫॥ ઉદ્યોતન સુરિ રે નિજ હથ, ચૌરાશી ગચ્છ ઠાને ॥સો સબ તુમ્હારી સેવા સારે, ચૌરાસી ગચ્છ માને ॥ ગુ૦ ॥ અં૦ ॥૬॥ જો મિથ્યાત્વી તુમકો ન પૂજે,સો નહીં તત્ત્વ પિછાને ॥ભદ્રબાહુ સ્વામી તુમ કીર્તન, કીની ગ્રંથ પ્રમાણે ॥ગુ૦॥ અં૦ ॥૭॥ યુગપ્રધાન પરિક્રી એ ગિંડિકા, ગણધર પદ વૃત્તિ મ્યાને ॥ કહે રામ ઋદ્ધિસાર ગુરૂકો, પૂજાધૂપકરીને ॥ગુ૦॥અં૦॥૮॥

॥ કાવ્યં ॥

અગરચંદનધુપદશાંગજૈઃ, પ્રસરિતાખિલદિક્ષુ સુધૂમ્રકૈઃ ॥
સકલમંગલવાંછિતદાયકૌ,કુશલસૂરિગુરોશ્ચરણૌ યજે ॥૧॥

॥ મંત્રઃ—ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ધૂપં નિર્વપામિ તે સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ પંચમ દીપક પૂજા ॥

### ॥ દુહા ॥

દીપ પૂંજ કર સુગણુ નર, નિત નિત મંગલ હોત ॥
ઉજિયાલા જગમેં જુગત, રહે અખંડિત જોત ॥૧॥

### ॥ ચાલ ખ્યાલકી ॥

પૂજન કીજયોજી નર નારી, ગુરુ મહારાજકા હો ॥ પૂ૦ ॥ સિંધુ દેશમેં પંચ નદી પર, સાધે પાંચો પીર ॥ લોઈ ઉપર પુરૂષ તિરાએ, એસે ગુરુ સધીર ॥ પૂ૦ ॥૧॥ પ્રગટ હોય કે પાંચ પીરને, સાત દીયાં વરદાન ॥ સિંધુ દેશમેં ખરતર શ્રાવક, હોવેગા ધનવાન ॥પૂ૦॥૨॥ સિંધુ દેશ મુલતાન નગરમેં, બરા મહોત્સવ દેખ ॥ અંબડ ઓર ગચ્છકા શ્રાવક, ગુરૂસે કીના દ્વેષ ॥૩॥ અણહિલ-પુર પત્તનમેં આવો, તો મૈં જાનુ સચ્ચા ॥ બડે મહોત્સવ આવેંગે તું, નિર્ધન હોગા કચ્ચા ॥ પૂ૦ ॥ ૪ ॥ પત્તન બીચ પધારે દાદા, સન્મુખ નિર્ધન આયા ॥ ગુરુ બત-લાયા કયોં રે અંબડ, અહંકાર ફલ પાયા ॥ પૂ૦ ॥૫॥ મનમેં કપટ કિયા અંબડને, ખરતર મહિમા ધારી ॥ જહર દિયા ઉન અશન પાનમેં, ગુરુ વિધિ જાની સારી ॥ પૂ૦ ॥ ૬ ॥ ભણુશાલી મુખવર શ્રાવકસે, નિર્વિષ મુદ્રી મંગાઈ॥ જહર ઉતારા તબ લોંકોમેં, અંબર નિંદા પાઈ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ પૂ૦ ॥ ૭॥ મરકે વ્યંતર હુઆ તો અંબડ, રજોહરણહર લીના ॥ ભણુશાલી વ્યંતર વચનોંસે, ગોત્ર ઉતારા કીના ॥ પૂ૦ ॥૮॥ સજજન હોય ગુરુ ઓધા લેકે, ગોત્ર બચાયા સારા ॥ ઋદ્ધિસાર મહિમા સદ્ગુરૂકી, દીપકકા ઉજિય ૧૨। ॥ પૂ૦॥૯॥

॥ કાવ્યં ॥

અતિસુદીપ્તિમયૈ:ખલુદીપકૈ- ર્વિમલકાંચનભાજનસંસ્થિતૈ:
સકલમંગલવાંછિતદાયકૌ, કુશલસૂરિગુરોશ્વરણૌ યજે ॥૧॥

॥ મંત્ર :- ૐ હ્રીં પરમ૦ દીપં નિર્વપામિ તે સ્વાહા ॥

## ॥ ષષ્ઠ અક્ષત પૂજા ॥

॥ દુહા ॥

અક્ષત પૂજા ગુરૂ તણી, કરો મહાશય રંગ ॥
ક્ષતિ ન હોવે અંગમેં, જીતી રણમેં જંગ ॥ ૧ ॥

॥ રાગ આશાવરી ॥ અવધૂત શો યોગા ગુરુ મેરા ॥ એ દેશી ॥

રતન અમોલક પાયો સુગુરૂ સમ, રતન અમોલક પાયો ॥ગુરૂ સંકટ સબહી મિટાયો ॥ સુ૦ ॥ એ આંકણી ॥ વિક્રમપુર નગરી લોકનકો, હૈજા રોગ સતાયો ॥ બહુત ઉપાય કિયા શાંતકા, જરા ફરક નહીં આયો ॥સુ૦ ॥૨૦॥ ॥૧॥ યોગી જંગમ બ્રહ્મ સંન્યાસી, દેવી દેવ મનાયો ॥ ફરક નહીં કિનહીને કીના, હાહાકાર મચાયો સુ૦ ॥૨૦ ॥ ૨ ॥ રતન ચિંતામણી સરિખો સાહિબ, વિક્રમપુરમેં આયો ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જનસંઘકો કષ્ટ દૂર કર, જેજેકાર બરતાયો ાસુ૦ાર૦ા૩ા મહિમા સુન માહેશ્વર બ્રાહ્મણુ, સબહી શીશ નમાયો ાજીવ-નદાન કરો મહારાજા, ગુરૂતબ યોં ફરમાયો ાસુ૦ાર૦ા૪ા જો તુમ સમકિત વ્રતકો ધારો, અબહી કર દૂં ઉપાયો ાતહત વચન કરે રોગ મિટાયો, આનંદ હર્ષ બધાયો ાસુ૦ાર ૦ા ાપા જો કોઇ શ્રાવક વ્રત નહીં ધાર્યો, પુત્રી પુત્ર ચડાયો ા સાધુ પાંચસે દીક્ષિત કીના, સાધવીયાં સમુદાયો ાસુ૦ાર૦ા ા૬ા મંત્ર કલા ગુરૂ અતિશય ધારી, ઐસો ધર્મ દીપાયો ા ઋદ્ધિસાર પર કિરપા કીની, સાચો ઇલમ બતલાયો ાસુ૦ા ા ર૦ ા૭ા

॥ કાવ્યં ॥

સરલતન્દુલકૈરતિનિર્મલૈઃ; પ્રવરમૌક્તિકપુંજવદુજ્જવલૈઃ ।
સકલમંગલવાંછિતદાયકૌ, કુશલસૂરિગુરોશ્ચરણૌ યજે ॥૧॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ અક્ષતં નિર્વપામિ તે સ્વાહા ।

## ॥ સપ્તમ નૈવેદ્ય પૂજા ॥

॥ દુહા ॥

નૈવેદ્યપૂજા સાતમી, કરો ભવિક ચિત્ત ચાવ ॥
ગુરૂગુણ અગણિત કુણગિણે, ગુરૂ ભવતારણ નાવ ॥૧॥

॥ રાગ કલ્યાણ ॥ તેરી પૂજા બની હૈ રસમેં—એ ચાલ ॥

હો ગુરૂ કિયા અસુરકો વશમેં ॥ એ આંકણી ॥ બડ નગરમેં આપ પધારે; સાભલા ધસમસમેં ॥ બ્રાહ્મણ લોક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બડે અભિમાની, મિલ કર આયા સુસમેં ॥ હો ગુ૦ ॥૧॥ મહિમા દેખ શકયા નહીં ગુરૂકી, ભરે મિથ્યાત્વી ગુસમેં ॥ મૃતક ગઉ જિનમંદિર આગે, રખાદી સનમુખ ચસમેં ॥ ॥ હો ગુ૦ ॥ ૨ ॥ શ્રાવક દેખ ભયે આકુલતા, કહે ગુરૂસે કરમેં ॥ ચિંતા દૂર કરી હૈ સંઘકી, ગઉ ઉઠ ચાલી ડસમેં ॥ હો ગુ૦॥૩॥ મરી ગઉકો જીતી કીની, લોગ રહ્યા સબ હસમેં ॥ જાકે ગાય પડી રૂદ્રાલય, સંઘ ભયા સબ ખુશમેં ॥ હો ગુ૦ ॥૪॥ બ્રાહ્મણ પાંવ પડે સબ ગુરુકો, દેખ ત-માસા ઇસમેં ॥ હુકમ ઉઠાવેંગે શિર ઉપર, તુમ સંતતિકી દિશમેં ॥ હો ગુરૂ૦ ॥૫॥ નમસ્કાર હૈ ચમત્કારકો, કીની પૂજા રસમેં ॥ કહે રામઋદ્ધિસાર ગુરૂકી, આનંદ મંગલ જસમેં ॥ હો ગુ૦ ॥૬॥

॥ કાવ્યં ॥

બહુ વિધૈશ્વરૂભિર્વટકૈર્યકૈઃ; પ્રચુરસર્પિર્ષિપકૂવસુખજજકૈઃ॥
સકલમંગલવાંછિતદાયકૌ, કુશલસૂરિગુરોશ્ચરણૌ યજે ॥૧॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ નૈવેદ્યં નિર્વપામિ તે સ્વાહા ।

## ॥ અષ્ટમ ફલ પૂજા ॥

### ॥ દુહા ॥

ફલ પૂજાસે ફલ મિલે, પ્રગટે નવે વિધાન ॥
ચિહું દિશ કીરત વિસ્તરે, પૂજન કરો સુજાન ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાલો સંઘ સબ પૂજનકો ગુરુ, સમર્યા સનમુખ આવત હૈ રે ॥ ચા૦ ॥ એ આંકણી ॥ આનંદપુર પટ્ટનકો રાજા, ગુરુ શોભા સુન પાવત હૈ રે ॥ ચા૦॥ ૧ ॥ ભેજા નિજ પરધાન બુલાને, નૃપ અરદાસ સુનાવત હૈ રે ॥ ચા૦ ॥ લાભ જાન ગુરુ નગર પધારે, ભૂપતિ આય બધાવત હૈ રે ॥ ॥ ચા૦॥૨॥ રાજકુમારકો કુષ્ઠ મિટાયો, અચરજ તુરત દિખાવત હૈ રે ॥ ચા૦ ॥ દશ હજાર કુટુંબ સંગ નૃપકું, શ્રાવક ધર્મ ધરાવત હૈ રે ॥ ચા૦ ॥૩॥ દયામૂલ આજ્ઞા જિનવરકી, બારા વ્રત ઉચરાવત હૈ રે ॥ચા૦॥ એસે ચાર રાજ સમકિતધર, ખરતર સંઘ બનાવત હૈ રે ॥ ચા૦ ॥ ॥૪॥ કુષ્ઠ જલંધર ક્ષયી ભગંદર, કઈયક લોક જીવાવત હૈ રે ॥ ચા૦ ॥ બ્રાહ્મણ ક્ષત્રી અરુ માહેશ્વર, ઓસવંશ પસરાવત હૈ રે ॥ ચા૦ ॥ ૫ ॥ તીસ હજાર એક લાખ શ્રાવક, મહિમા અધિક રચાવત હૈ રે ॥ ચા૦ ॥ કહત રામં ઋદ્ધિસાર ગુરુકો, ફલ પૂજા ફલ પાવત હૈ રે ॥ચા૦ ॥૬॥

॥ કાવ્યં ॥

પનસમોચદાફલકર્કટૈ:,સુસુખદૈ:કલિ શ્રીફલચિર્ભટૈ: ॥
સકલમંગલવાંછિતદાયકૌ, કુશલસૂરિગુરોશ્ચરણૌ યજે ॥૧॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ફલં નિર્વપામિ તે સ્વાહા ॥૮॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ नवम वस्त्र पूजा ॥

### ॥ दुहा ॥

વસ્ત્ર અતર ગુરુ પૂજના, ચોવા ચંદન ચંપેલ ॥
દુશ્મન સબ સજ્જન હુએ. કરે સુરંગા ખેલ ॥ ૧ ॥

॥ મનડું કીમહી ન બાજે હો કુંથુ જિન ॥ એ ચાલ ॥

લખમી લીલા પાવે રે સુંદર, લખમી લીલા પાવે ॥ જો ગુરુ વસ્ત્ર ચઢાવે રે ॥ સું૦ ॥ સુજસ અત્તર મહકાવે રે ॥ સું ૦ ॥ દુરજન શીશ નમાવે રે ॥ સું૦॥ એ આંકણી॥ દરિયા બીજ જહાજ શ્રાવકકી, ડુબન ખતરે આવે ॥ સાચે મન સમરે સદ્ગુરૂકો, દુ:ખકી ટેર સુનાવે રે ॥ સું૦॥૧॥ વાચંતા વ્યાખ્યાન સુરીશ્વર, પંખી રૂપે થાવે ॥ જાય સમુદ્રમેં જ્યાજ તિરાઈ, ફિર પીછા જબ આવે રે ॥ સું૦॥ ॥૨॥ પૂછે સંઘ અચરજમેં ભરિયા, ગુરુ સબ બાત સુનાવે રે ॥ સું૦॥ એસે દાદા દત્ત કુશલ ગુરુ, પરચા પ્રગટ દિખાવે રે ॥ સું૦ ॥ ૩ ॥ બોથર ગૂજરમલ શ્રાવકકી, દાદા કુશલ તિરાવે રે ॥ સું૦॥ સુખ સુરિગુરુ સમય સુંદરકી, જ્યાજ અલોપ દિખાવે રે ॥સું૦॥૪॥ બારાસેં ઇગ્યારે દત સુરિ, અજમેર અણુસણુઠાવે રે ॥ સું૦॥ ઉપજ્યા સુધર્મા દેવલોકે, સીમંધર ફરમાવે રે ॥ સું ॥૫ ॥ ઇક અવતારી કારજ સારી, મુક્તિનગરમેં જાવે રે ॥ સું૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુશલ સૂરિ દેરાઉર નગરે, ભુવનપતિ સુર થાવે રે ।।સું૦।।
।।૬।। ફાગણુ વદિ અમ્માવસ સીધા, પૂનમ દરશ દિખાવે
રે ।।સું૦।। મણિધારી દિલ્લીમેં પૂજ્યા, સંકટ સુપને નાવે
રે ।।સું૦।।૭।। રથી ઉડી નહીં દેખ બાદસા, વાંહી ચરણુ
પધરાવે રે ।। સું૦ ।। વસ્ત્ર અત્તર પૂજા સદ્ગુરૂકી, ઋદ્ધિ
સાર મન ભાવે રે ।। સું૦ ।। ૮ ।।

।। કાવ્યં ।।

અખિલહારશુભૈર્નવચીરકૈ: પ્રવરપ્રાવરણુ: ખલુ ગન્ધત: ।।
સકલમંગલવાંછિતદાયકૌ, કુશલસૂરિગુરૌશ્ચરણૌ યજે ।।૧।।

।। મંત્ર ।। ૐ હ્રીં શ્રીં પરમ૦ વસ્ત્ર ચોવાચન્દનં પુષ્પસારં નિર્વપામિ તે સ્વાહા ।।

## ।। દશમ ધ્વજ પૂજા ।।

### ।। દુહા ।।

ધ્વજપૂજા ગુરૂરાજકી, લહકે પાવન પ્રચાર ।।
તીન લોકકે શિખર પર, પહુંચે સો નર નાર ।।૧।।

।। ચાલ ।। જિનગુણુ ગાવત સુરસુંદરી રે ।। ચાલ ।।

ધ્વજ પૂજન કર હરખ ભરી રે ।। ધ્વ૦ ।। સજી સોલે
શિણગાર સહેલ્યાં, શ્રી સદગુરુકે દ્વાર ખરી રે ।। ધ્વ૦ ।।
અપછર રૂપ સુતન સુકલીની, ઠમ ઠમ પગ ઝણુકાર કરી
રે ।। ધ્વ૦ ।। ૧ ।। ગાવત મંગલ દેત પ્રદક્ષિણા, ધન ધન
આનંદ આજ ધરી રે ।। ધ્વ૦ ।। નિર્ધનકો લખમી બક-
સાવત, પુત્ર વિના જાકે પુત્ર કરી રે ।। ધ્વ૦ ।।૨।। જો જો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરતિખ પરચા દેખ્યા, સુનોભવિક દિલ બીચ ધરીરે ॥ધ્વ૦॥ ફતેમલ્લભડગતિયાશ્રાવક, પહેલી શંકા જોરે કરી રે ॥ધ્વ૦॥ ॥૩॥ પરતિખ દેખું તબ મૈં જાનુ, પ્રગટયા તતખિણુ તરૂણુ તરી રે ॥ ધ્વ૦ ॥ પુષ્પમાલ શિરકેશર ટીકા, અધર શ્વેત પોશાક કરી રે ॥ ધ્વ૦ ॥૪॥ માગ માગ વર બોલે વાણી, ફરક બતાવે ગુરૂમેધઝરીરે ॥ ધ્વ૦॥ ફરક ઉગાયો દોય લાખ પર, તેરી મહિમા વિત હરી રે ॥ ધ્વ૦ ॥ ॥ ૫ ॥ ગુનચંદ ગોલેછાકો તેં, પરતિખ દીના દરસ ફરી રે ॥ ધ્વ૦ ॥ વિક્રમ પુરમેં થંભ તુમ્હારા, ચિત્ર કરાવત સુરસુંદરી રે ॥ ધ્વ૦ ॥ ॥ ૬ ॥ થાનમલ્લ લૂણ્યા પર કિરપા, લખમી લીલા સહજ વરીરે ॥ લખમીપતિ દુગડકી સાહિબ; હુંડીકી ભુગતાન કરીરે ॥ ધ્વ૦ ॥૭॥ જો ઉપકાર કર્યો તેં મેરા દીની સન્મુખ અમૃત ઝરી રે ॥ધ્વ૦॥ તેરી કૃપાસે સિદ્ધિ પાઈ, જાગે જસ અરૂ ભાગ ભરી રે ॥ ધ્વ૦ ॥ ૮ ॥ ભુખા ભોજન તિસિયા પાની, ભરત હાજરી દેવ પરી રે ॥ ધ્વ૦ ॥ વિષમ બખત પર સહાય હમારે, ઋદ્ધિસારકી ગરજ સરી રે ॥ ધ્વ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥

મૃદુ મધુર ધ્વનિકિંકણીનાદકૈ, ર્ધ્વજવિચિત્રિવિરતૃતવાસકૈઃ॥
સકલમંગલવાંછિતદાયકૌ, કુશલસૂરિગુરોશ્ચરણૌ યજે ॥૧॥

॥ મંત્રઃ- ૐ હ્રીં શ્રીં પરમ૦ શિખરોપરિ ધ્વજાં આરોપયામિ તે સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દુહા ॥

ભટ્ટારક પદવી મિલી, જિતે વાદિવૃંદ ॥
કંઠ વિરાજ સરસ્વતી, જગમેં શ્રી જિનચંદ ॥ ૧ ॥

॥ રાગ—આશાવરી અથવા ધન્યાશ્રી ॥

પૂજા જગસુખકારી, સુગુરૂ તેરી પૂજા૦ ॥ તેરે ચરણુ-કમલબલિહારી ॥ સુ૦ ॥ સાહ સલેમી દિલ્લીકો બાદસ્યા, સુનકે શોભા તિહારી ॥ ભટ્ટ હરાયો ચરચા કરકે, ભટ્ટારક પદ ધારી ॥સુ૦॥૧॥ અમ્મવસકી પૂનમ કીની, ચાંદ ઉગાયો ભારી ॥ ચઢકે ગગન કરી હૈ ચરચા, સૂરજસેં તપધારી॥સુ૦॥૨॥ ચઉદસે ઉગણીસ સાલમેં, લખનઉ નગર મઝારી ॥ ગોરા ફિરંગી ટોપીવાલા, દિલમેં યહ બાત બિચારી ॥સુ૦॥૩॥ જૈન સિંતબર દેવ જો સચ્ચા, પૂરે મનસા હમારી ॥વાણી નિકસી રાજ્ય તુમ્હારા, હોવેગા અધિકારી ॥સુ૦॥૪॥ અંધેકી ખોલી આંખ સુરતમેં, પૂજે સબ નર નારી ॥ કહાં લગ ગુણ બરણુ મૈં તેરા, તું ઇ-શ્વર જયકારી ॥સુ૦॥૫॥ ઓગણીસે સવંત્સર તેરન, મગસર માસ મઝારી ॥ શુકલ દુજ જિનચંદસૂરીશ્વર, ખરતરગચ્છ આચારી સુ૦॥૬॥ કુશલસૂરિકે નિજ સં-તાની, ક્ષેમકીર્તિ મનુહારી ॥ પ્રતિબોધ્યા જિન ક્ષત્રી પાંચસે, જાન સહિત અણગારી ॥સુ૦॥૭॥ ક્ષેમ ધાડ શાખા જબ પ્રગટી, જગમેં આનંદકારી ॥ ધર્મશીલ સાધુ ગુણ પૂરે, કુશલ નિધાન ઉદારી ॥સુ૦॥૮॥ યા પૂજન કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખ આનંદ, અન્ન ધન લક્ષ્મી સારી ।। કહત રામઋદ્ધિસાર ગુરૂકી, જય જય શબ્દ ઉચ્ચારી ।। સુ૦ ।। ૯ ।।

।। ઇતિ શ્રીસમરતદાદાગુરુ પૂજા સંપૂર્ણ ।।

## ।। આરતિ લિખ્યતે ।।

જય જય ગુરૂ દેવા, આરતિ મંગલ મેવા, આનંદ સુખ લેવા ।। જ૦ ।। આંકણી ।। ઈક વ્રત દુય વ્રત તીન ચાર વ્રત, પંચ વ્રતમેં સોહે ।।ગુ૦ ।। જગત જીવ નિસતારણુ, સુર નર મન મોહે ।। જ૦ ।। ૧ ।। દુઃખ દ્રોહ સબ હર કર સદ્ગુરૂ, રાજન પ્રતિબોધે ।। સુત લખમી વર દેકર, શ્રાવકકુલ શોધે ।। જ૦ ।। ૨ ।। વિદ્યા પુસ્તક ધર કર સદ્ગુરૂ, મુગ્લપુત તારે ।। વશ કરે જોગન ચઉસઠ, પાંચ પીર સારે ।। જ૦ ।। ૩ ।। બીજ પડંતી વારી સદ્ગુરૂ, સમંદર જહાજ તારી ।। વીર કિયે બસ બાવન, પ્રગટે અવતારી ।। ।। જ૦।।૪।। જિનદત્ત જિનચંદ કુશલ સૂરિ ગુરૂ, ખરતર ગચ્છ રાજા ।। ચોરાશી ગચ્છ પૂજે, મનવાંછિત તાજા ।। જ૦ ।।૫।। મન શુદ્ધ આરતિ કષ્ટનિવારણુ, સદ્ગુરૂકી કિજે ।। જો માંગે સો પાવે, જગમે જસ લીજે ।।જ૦ ।। ।। ૬ ।। વિક્રમપુરમેં ભગત તુમ્હારો, મંત્ર કલાધારી નિત ઉઠ ધ્યાન લગાવત, મનવાંછિત ફલ પાવત, રામઋદ્ધિ સારી ।। જ૦ ।।૭।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જૈનાચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ વિરચિત
## ॥ શ્રી ઋષિમંડલ પૂજા ॥
### ॥ દુહા ॥

શ્રી શ્રી શ્રી શાંતિ પ્રભુ, પ્રણમી નવ વચ કાય;
ઋષિમંડલ પૂજા રચું. શાંતિકરણ સુખદાય. ॥૧॥
મેરૂગિરિ નંદીશ્વર, શાશ્વત શ્રી જિનરાજ;
પૂજા અષ્ટ પ્રકારસે, વિરચે શુરરાજ. ॥૨॥
જિનવર ગુણ મનમેં ધરી, શ્રાવક સમક્તિ વંત.
તિમ અડવિધ પૂજન કરે, ચાર વીસ ભગવંત. ॥ ૩॥
૧ ૨ ૩ ૪ ૫
જલ ચંદન ઔર ફુલસે, દીપક ધુપ પ્રદાન;
૬ ૭ ૮
વર અક્ષત નવેધ ફલં, પૂજા અષ્ટ વિધાન. ॥૪॥
દેવ નમી પ્રણમી ગુરૂ, જિનવાણી ચિત્તલાય;
મિયાગામ પૂજા રચી, વીરવચન સુપસાય. ॥૫॥

### (૧) ॥ શ્રી ઋષભદેવ પૂજા ॥
### ॥ દુહા ॥

અદિ જિનેશ્વર આદિ નૃપ, આદિ મુનીશ્વર રાય;
યુગલોધર્મ નિવારકો, જીવ સકલ સુખદાય ॥૧॥

( રાગ-સારંગ )

મન મગન આદિજિન ધ્યાનમેં, મન મગન આદિ જિન ધ્યાનમેં ॥ દૂર ભઈ દુનિયા તનમનસે, નાભિનંદન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિન ગાનમેં ॥ મન૦॥ અં૦ ॥ જગ ચિંતામણિ જગગુરૂ જગધની, ગાવત સબ કોઇ તાનમેં ॥ હરિહર બ્રહ્મા શિવ પરમેષ્ઠી, માવત જિનગુણ માનમેં ॥મન૦ ॥ ૧ ॥ ભૂમંડલ ભવિ કમલ વિબોધન, દિનકર સમ જગ જ્ઞાનમેં । સર્વ જીવ હિતકારક પ્રભુજી, નિઃશ્રેયસ સુખદાનમેં ॥ મન૦ ॥ ॥૨॥ ચૌસઠ ઇંદ્ર કરે જસ સેવા, આતમ લક્ષ્મી અમાનમેં। હર્ષ ધરી પ્રભુ પૂજા રચી હૈ, વલ્લભ વીર વખાન મેં ॥ મન૦ ॥ ૩ ॥

(કાવ્યમ્–શિખરિણી છંદ)

નમસ્યામાકાર્ષુ : સુરપતિ દિનેશામર વરા;
સુમાધુર્યૈ દેવા પગજલ સુપુરે હિમઘટૈ :।
સુભદ્ર શ્રી પુષ્પાક્ષત ફલ સુરાલ દ્યુતિ કરૈ-
ર્જામસ્તં દેવં જિનપતિમહો મંગલકરમ્ ॥ ૧ ॥

॥ મંત્રઃ- ૐ હ્રીં શ્રીં૦ પરમપુરૂષાય, પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥ ૧ ॥

## (૨) ॥ શ્રી અજિતનાથ જિન પૂજા ॥

### ॥ દુહા ॥

વિજયા માત સુજાતકી, પૂજા શિવ સુખદાય ॥
પરમાનંદ ભાવે કરેં, જન્મ મરણ મિટ જાય ॥૧॥

(સોરઠ–સદ્ગુરૂ ચરણ વિના અજ્ઞાન તિમિર ટલસે નહીં રે એ દેશી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનવર સરણુ વિના સંસાર ભ્રમણુ ટલસેં નહી રે, જન્મ
મરણુ દેનારૂં કર્મ બીજ જલસે નહીં રે ॥ અંચલિ ॥
જિન વચનામૃત પાન વિના, સત્યાસત્ય કે જ્ઞાન વિના ॥
પાપપુંજ પ્રભુ ધ્યાન વિના, બલસે નહીં રે ॥ જિ૦॥૧॥
ભવભય હારક ભાન વિના, પ્રભુ પરમાતમ જ્ઞાન વિના,
શુભ મન આતમ માન વિના, ચલસે નહીં રે ॥ જિ૦॥૨॥
શુભ ગુરૂદેવ વિજ્ઞાન વિના ધરમ યથારથ જાણુ વિના ॥
સમકિત ભેદ પિછાણુ વિના, પલસેં નહીં રે ॥ જિ૦॥૩॥
સુર નર પૂજિત નાણુ વિના આઠ દસ દોષ કે હાણુ વિના
પૂજા પ્રભુકી આણુ વિના, ફલસે નહીં રે ॥ જિ૦ ॥૪॥
નિજ ગુણ આતમ ખાન વિના, વલ્લભવીર વખાન વિના ॥
અજિત જિનેસર દાન વિના, મલસે નહીં રે ॥ જિ૦ ॥૫॥

( કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્ )

**(૩) ॥ સંભવનાથ જિન પૂજા ॥**

**॥ દુહા ॥**

જિતારી સંભવ પ્રભુ, શ્રી સંભવ જિન દેવ ॥
સુરસુરપતિ નર નરપતિ, કરતે નિશદિન સેવ ॥ ૧ ॥
મૂલ અતિશય ચાર હૈં પ્રાતિહાર્ય સુર આઠ ॥
જ્ઞાન અનંતા જાનિયે, જ્ઞાનાતિશય ઠાઠ ॥ ૨ ॥

**(વરવા તાલ કહરવા ધનધન વો જગમેં નરનાર—એ દેશી)**

શ્રી શ્રી શ્રી સંભવ જિનરાજ, પૂજા કરો કરાવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવે શ્રી શ્રી શ્રી સંભવ જિનરાજ ॥ અંચલિત ૦॥ પૂજા હે પ્રભુકી રંગરેલ, દેવે મુક્તિ પુરીમેં મેલ ॥ પાવે નિજ ગુણુ આતમ ખેલ, નહીં ફિર જન્મ મરણુકો પાવે ॥શ્રી ॥૧॥ દુજા મૂલ અતિશય જાન, પૂજાતિશય સુંદર માન ॥ જસ ચઉતીસ ભેદ વખાન, જિનાગમમેં ગણુધર ફરમાવે ॥શ્રી૦ ॥૨॥ જનમે પ્રભુ અતિશય ચાર, ક્ષય ઘાતી કરમ અગિયાર ॥ કિયે ઉન્નીસ દેવ વિચાર, સુરાસુર નરનારી ગુણુ ગાવે ॥શ્રી૦॥૩॥ તીજા વચનાતિશય સાર, ભેદ પણુ-તીસ મનમેં ધાર ॥એક યોજનમેં વિસ્તાર, સમજ નિજ નિજ ભાષામેં આવે ॥ શ્રી૦ ॥૪॥ આતમ લક્ષ્મી દાતાર, પ્રભુ પૂજા લહો ભવપાર ॥ હર્ષ વીર વચન આધાર,ચરણુમેં વલ્લભ સીસ નમાવે ॥શ્રી૦॥૫॥

( કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્ )

## ॥ શ્રી અભિનંદન સ્વામી પૂજા ॥

### ॥ દુહા ॥

ચૌથા અતિશય જાનિયે, અપાય અપગમ નામ ॥
અભિનંદન ચોથા પ્રભુ, પૂજા કરો અતિશય ધામ ॥૧॥

(રાગ માલકોશ, નવણ કરો જિનચંદ આનંદભર—એ દેશી)

પૂજન કરો અભિનંદન આનંદભર, ॥ પૂજન૦॥ અંચલિ૦॥ સંવર નંદન વંદન પૂજન, કાટે કલિમલ ફંદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ આ૦ ॥ ૧ ॥ જગદભિનંદન જગહિતકારી, ભવભ્રમ દુરિત નિકંદ ॥ આ૦ ॥ ૨ ॥ લોકાલોક પ્રકાશક જિનવર, જિમ ગગને રવિ ચંદ ॥ આ૦ ॥ ૩ ॥ વાંછિત પૂરણ અંતર્યામી, ચિદ્ ઘન આનંદ કંદ ॥ આ૦ ॥ ૪ ॥ આતમ લક્ષ્મી વીર વચનસે, વલ્લભ હર્ષ અમંદ ॥ આ૦ ॥ ૫ ॥

( કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્ )

## (૫) ॥ શ્રી સુમતિનાથ સ્વામી પૂજા ॥

### ॥ દુહા ॥

પંચમ સુમતિનાથજી, સુમતિ તણા ભંડાર ॥
સુમતિનાથ સુમતિ દીજે, તરનેકો ભવપાર ॥ ૧ ॥

( માઢ–તાલ–દાદરા ચાલ મોરે ગમકા તરાના એ દેશી )

સુમતિજિન વંદો, પાપ નિકંદો, ભવજલ તારણહાર, પ્રભુ પૂજા અમંદો, હોવે આનંદો, શિવસુખ કંદો, ભવ જલ તારણહાર ॥ અંચલિ૦ ॥ રાગ ગયો ગયો દ્વેષ ગયો, મોહ ગયો ગયો ભાગ ॥ રજત કનક મણિ તિગડું સોહે, તિસ કારણ મહાભાગ ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ કનક કમલ સુર વિરચિત ઉપર, નિર્મલ પાય ઠવંત ॥ વિચરંતા અવનિતલેરે, મોહ રિપુ ભગવંત ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ સંસાર પાર ઉતારણી રે, વાણી જસ સ્યાદ્વાદ । કુમતિ મદ તરુ દારુણી રે, સુમતિ મન આસ્વાદ ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ જીવ ભવિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रतिबोधता रे, अज्ञानातिमिर करी नाश । रत्नत्रयी कंठे ठवी रे, झगमग ज्योति प्रकाश ।। प्रभु० ।। ४ ।। आतम लक्ष्मी निज गुण प्रगटे, पूजन हर्ष अमान। अपुनरावृत्ति पद मिले रे, वल्लभ वीर प्रमान ।। प्रभु० ।। ।। ५ ।।

( काव्यं मंत्रश्च पूर्ववत् )

## (६) ।। श्री पद्मप्रभ स्वामी पूजा ।।

### ।। दुहा ।।

छट्ठा जिन श्री पद्मप्रभ, षट् काया रखवार ।।
पूजो भवि भक्ति करी, सुख संपद दातार ।।१।।

( दक्षिणी ठुमरी )

(जावो जावो नेमि पिया थारी गति जानी रे—ए देशी)

पदम प्रभुकी पूजा शिवसुख दानी रे । प० ।। अंच-लि०।। प्रभु मुख देखी चंद, पावत भवि आनंद ।। सुरा-सुर नर मुनि पति गुण खानी रे ।। प० ।।१।। शुद्ध भवि चित्त स्थिर, पूजत जिनंद धीर । आनंद परम लहे भक्ति मन आनी रे ।। प० ।।२।। दरस दुरित जावे, रोग सोग पासे नावे। अशोक प्रथम पाडिहेर तरु मानी रे ।।प० ।।३।। वचन पियूष जिन, भविजन करे ईन । धरे नृप कुल नभ दिन मणि ज्ञानी रे ।। प० ।। आतम अनूप रुप, निज गुणधर भूप ।। वल्लभ हर्ष मन वीर वानी जानी रे ।। प० ।। ५ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્ )

## (૭) શ્રી સુપાર્શ્વનાથ જિન પૂજા ॥

॥ દુહા ॥

શ્રીસુપાર્શ્વજિન સેવિયે, સપ્તમ શ્રી અરિહંત ॥
સાતોં ભયકો ટારકે, પામે ભવકો અંત ॥ ૧ ॥

( રાગ-શ્યામ કલ્યાણ )

પ્રભુ પૂજન ભવિજન હિતકારા ॥ અંચલિ૦॥ જલ ચલ કુસુમ સુગંધી મહકે, પાંચ વરણુ મનોહારા ॥ પ્ર૦ ॥૧॥ સુરવૃષ્ટિ જિન સુમના સેવે, પાવે ભવ નિસ્તારા ॥ પ્ર૦ ॥૨॥ દિવ્ય ધ્વનિ સુર નર મન મોહે, સુસ્વર રાગ સુધારા ॥ પ્ર૦ ॥૩॥ પૃથ્વી નંદન પૂજન વંદન, આનંદ મંગલકારા ॥ પ્ર૦ ॥ ૪ ॥ આતમ લક્ષ્મી હર્ષ ધરીને, વલ્લભ વીર આધારા ॥ પ્ર૦ ॥૫॥

( કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્ )

## (૮) ॥ શ્રી ચંદ્રપ્રભ સ્વામી પૂજા ॥

॥ દુહા ॥

ચંદ્ર પ્રભ જિન આઠમા, પૂજો ભવિ ચિત્ત લાય ॥
અષ્ટ કરમ દુરેં ટરે, અષ્ટમ શુભ ગતિ થાય ॥૧॥

(ગઝલ તાલ કવાલી-ચાલ નાટક આશક તો હો ચુકા હું-એ દેશી)

પૂજન તો હો રહા હૈ, ચાહે તારો યા ન તારો ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંચલિ૰ ।। ચંદ પ્રભુજી સ્વામી, રૂપ કરો નિજ ધામી ।। તુમ શરણુ હો રહા હૈ, ચાહે તારો યા ન તારો ।।૧।। યતિ શ્રાદ્ધ ધર્મ ભેદ, વેદ નામ તીર્થ વેદ ।। ચામર દો હો રહા હૈ, ચાહે તારો યા ન તારો ।।૨।। બાહ્ય ઔર અંદર, સબ જીતે હૈં જિનેંદર ।। સામ્રાજ્ય હો રહા હૈ, ચાહે તારો યા ન તારો ।।૩।। આસન સિંહ સોહે, ભવિ જીવ મન મોહે ।। આનંદ હો રહા હૈ, ચાહે તારો યા ન તારો ।।૪।। આતમ લક્ષ્મી દાતા, વલ્લભ વીર ગાતા ।। દિલ હર્ષ હો રહા હૈ, ચાહે તારો યા ન તારો ।।૫।।

(કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્)

## (૯) ।। શ્રી સુવિધિનાથજિન પૂજા ।।

### ।। દુહા ।।

નવમ સુવિધિ જિન પૂજિયે, નવનિધિ શુવિધિ ધરંત ।।
બ્રહ્મ ગુપ્ત નવ સાધકે, નવ નવ ભવ ન કરંત ।। ૧ ।।

### ।। દેશી વણઝારેકા ।।

શ્રી સુવિધિ જિનંદ સુખકારી, પ્રભુ પૂજા પાર ઉતારી ।। અંચલિ૰ ।। દ્વાદશ તરણી જીપંતુ, ભામંડલ પુંઠ દીપંતુ ।। અષ્ટમ પાડિહેર વિહારી ।।પ્ર૰ ।।૧।। મોક્ષ સાર્થવાહ મન લાવી, સેવો શિવ અર્થે આવી ।। ઇમ દુંદુભિ શબ્દ ઉચ્ચારી ।। પ્ર૰ ।।૨।। પ્રભુ સમ નહી અન્ય કોઈ પ્રાણી, તીન જગતમેં દાની જ્ઞાની ।। તીન છત્ર પ્રભુ શિર ધારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ પ્ર૦ ॥ ૩ ॥ ઈમ અડ પાડિહેર કહાવે, પ્રભુ પાસે નિત સુર ઠાવે । સેવે સુર નર અમરી નારી ॥ પ્ર૦ ॥૪॥ આતમ લક્ષ્મી ગુણ ભારી, ધારે પ્રભુ હર્ષ અપારી । વલ્લભ મન વીર પધારી ॥ પ્ર૦ ॥ ૫ ॥

## (૧૦) ॥ શ્રી શીતલનાથ જિન પૂજા ॥

### ॥ દુહા ॥

દશમા શીતલનાથજી, દશ યતિ ધર્મ પુનીત ।
કામ દશા દશ ટાળવા, પૂજો આગમ રીત ॥ ૧ ॥

(રાગ પીલુ-ખ્યાલ ટપ્પા)

મેરે જિનંદ શીતલ મહારાયા । પૂજન ચિદ્ઘન રૂપ કરી રે ॥મેરે૦॥ અંચલિ૦ ॥ શીતલ ચંદનસે પ્રભુ થારી, શીતલતા અતિ જાઉં બલિહારી ॥ ચંદન શીતલતા બાહ્ય-કારી । તુમ અંતર કરનાર, કરમ હરનાર, મુજ મન ચાહ ખરી રે ॥ મેરે૦ ॥૧॥ કર કરૂણા કરૂણા ભંડારી, કરૂણા સાગર અભિધા ધારી । મૈં સેવક આયો તુમ દ્વારી । વિરૂદ નિવાહો રાજ, મેરે શિરતાજ, કે વિપદા દૂર હરી રે ॥ મેરે૦ ॥ ૨ ॥ દોષ નહીં ગુણ વૃંદ આધારી, જિનવર બ્રહ્મા શંભુ મુરારી । આતમ લક્ષ્મી હર્ષ અપારી । વલ્લભ વીર સનાથ, મુક્તિકા સાથ, કે આનંદરૂપ વરી રે॥ મેરે૦॥ ૩॥

[ કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્ ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૧) ॥ શ્રી શ્રેયાંસનાથ જિન પૂજા ॥

॥ દુહા ॥

શ્રી શ્રેયાંસ જિનેસરૂ, પદકજ મધુકર હોય ॥
આતમ શ્રેયસ સાધિયે, જન્મ મરણ મિટે દોય ॥ ૧ ॥

( કેશરીયા થાશુ પ્રીત લગી રે—એ દેશી )

શ્રેયાંસ જિનંદકી પૂજા કરૂં રે, શુભ ભાવસે ॥ અંચલિ૦ ॥ ગજવર મન રેવા નદી રે, સીતા મન શ્રી-રામ । લક્ષ્મી મન વિષ્ણુ વસે રે, ગિરિજા મન શિવ નામ રે, શ્રેયાંસ જિનંદકી પૂજા કરૂં રે શુભ ભાવસે ॥ ૧ ॥ મધુકર મનમેં માલતી રે, ચકવા મન દિન ઇંદ, તિમ મુજ મન તુમહી વસેરે, શ્રી શ્રેયાંસ જિનંદ રે, શ્રેયાંસ જિનદકી પૂજા કરૂં રે શુભ ભાવસે ॥૨॥ શાંત રસે નયનાં ભરેરે, મુખકજ અતિહી પ્રસન્ન । રાગદ્વેષ રંચક નહીં રે, પ્રભુજી તુમ ધન્ન ધન્ન રે, શ્રેયાંસ જિનંદકી પૂજા કરૂં રે શુભ ભાવસે ॥ ૩ ॥ અંક વિના સ્ત્રી શોભતો રે, શસ્ત્ર વિના પ્રભુ હાથ । તિસ કારણ તુમહી પ્રભુ રે, વીતરાગ જગ નાથ રે, શ્રેયાંસ જિનંદકી પૂજા કરૂં રે શુભ ભાવસે ॥૪॥ આતમ લક્ષ્મી દેખકે રે, હોવે હર્ષ અમંદ । જિન પૂજા ફલ એ સહી રે, વલ્લભ વીર જિનંદરે, શ્રેયાંસ જિનંદકી પૂજા કરૂં રે શભ ભાવસે ॥ ૫ ॥

( કાવ્ય મંત્રશ્ચ પૂર્વવત્ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૨) શ્રી વાસુપૂજ્ય જિન પૂજા ॥

॥ દુહા ॥

પૂજો જિનવર બારમા, ઉપદેસે અંગ બાર ॥
દ્વાદશ વ્રત શ્રાવકતણાં, દ્વાદશ પ્રતિમા સાર ॥ ૧ ॥

( રાગ–જય જયવંતી, તું હૈ એક પ્યારી પ્રાણ–એ દેશી )

વાસુપૂજ્ય પૂજો પ્રાણી, પ્રભુ હૈ અનંતજ્ઞાની । પ્રભુ સબ ગુણખાની, જીવકો સરન હૈ ॥ વા૦ ॥ ॥ ૧ ॥ પ્રભુ પ્યારો પ્રાણ જાન, આતમ આધાર માન ॥ પ્રભુ કેહી શુભ ધ્યાન, મિટત મરન હૈ ॥ ॥ વા૦ ॥ ૨ ॥ દાતા નિર્ભય દાન, દાતા શિવ સુખ થાન ॥ પ્રભુકો ભવિ પિછાન, તારન તરન હૈ ॥ વા૦ ॥ ૩ ॥ વસુપૂજ્ય રાય તાત, જયારાણી માત જાત ॥ સુર નર દિન રાત, પૂજત ચરન હૈ ॥ વા૦ ॥૪॥ આતમ આનંદ ચંદ, જિન લક્ષ્મી હર્ષ કંદ ॥ વીર ગુણ કટે ફંદ, વલ્લભ પરન હૈ ॥ વા૦ ॥ ૫ ॥

( કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત )

## (૧૩) ॥ શ્રી વિમલનાથ જિન પુજા ॥

॥ દુહા ॥

વિમલ ચરણ ધારી પ્રભુ, વિમલનાથ ભગવંત ॥
વિમલ વિમલ પોતે થયા, સેવક વિમલ કરંત ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( રાગ–સીહા કાનડા )

પૂજન વિમલ જિનેશ્વર કીજે, પૂજન૦ ॥અંચલિ૦॥ સુર નર મુનિ જસ ચરન પરત હે, કરમ ભરમ સબ ઝટ પટ છીજે ॥પૂ૦ ॥૧॥ તુમ સમ જિન નહીં ઔર ધરત હે, ઉપશમ રસ સજજન મન રીજે ॥ પૂ૦ ॥ ૨ ॥ કોઈ સંગ નારી કોઈ નાચ કરત હે, દેખત ભવિ જનકો મન ખીજે ॥ પૂ૦ ॥ ૩ ॥ ભવજલ જો નહીં આપ તરત હે, સેવક કો વો કયા ફલ દીજે ॥ પૂ૦ ॥૪॥ આતમ લક્ષ્મી હર્ષ ભરત હે, વલ્લભ વીર વચન રસ પીજે ॥પૂ૦ ॥૫॥

(કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્)

## (૧૪) ॥ શ્રી અનંતનાથ જિન પૂજા ।

### ॥ દુહા ॥

અનંતનાથ પ્રભુ પૂજિએ, ચઉદસમા જિનદેવ ॥
ચાર અનંતા પામિએ, સુર નર ગણ કરે સેવ ॥ ૧ ॥

( રાગ ભૈરવી–લાગી લગન કૈસે છૂટે એ દેશી )

અનંત જિનેશ્વર જગ પરમેશ્વર, પ્રાણજીવન સુખ કંદા રે ॥ અનંત૦ ॥ અંચલિ૦॥ જસ ગણધર મુનિવર ગણ મધુકર, સેવત પદ અરવિંદા રે ॥ સિંહસેન નૃપ નંદન વંદન, કરત સુરાસુર ઇંદા રે ॥ અનંત૦ ॥૧॥ જગ મંડલ સહુ નિર્મલ કારણ, જિનશાસન નભ ચંદા રે ॥ ઉદય ભયો ભવિ કુમુદ ખિડાવન, સુયશા માતા નંદા રે ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત૦ ॥ ૨ ॥ લોકાલોક અનંત દ્રવ્ય ગુણ, પર્યાય પ્રગટ દિનંદા રે । સાર્થક નામ પ્રભુ તુમ કહિએ, અનંત અનંત આનંદા રે ॥અનંત૦॥૩॥ દુરિત નિવારિણી પૂજા સુંદર, કાટે ભવ ભય ફંદા રે । આતમ લક્ષ્મી હર્ષ ધરીને, વલ્લભ વીર જિનંદા રે ॥ અનંત૦ ॥૪॥

( કાવ્ય મંત્રશ્ચ પૂર્વવત્ )

## (૧૫) શ્રી ધર્મનાથ જિન પૂજા ॥

### ॥ દુહા ॥

દાયક નાયક સારથી, દેશક સુમિત્ર ॥
ધર્મનાથ પ્રભુ પૂજિએ, મન વચ કાય પવિત્ર ॥ ૧ ॥

( વરવા તથા પહાડી ॥ રસદી બૂંદા પરી )

શ્રી ધર્મનાથ મહારાજ અર્ચન સુંદર બના ॥ અંચલિ૦ ॥ ધર્મનાથ પ્રભુધર્મ કહંતા, સાધુ શ્રાવક ભેદ લહંતા, સેવી થયે બહુ ભવિ ભગવંતા, વામી કર્મ સમાજ અર્ચન સુંદર બના ॥ શ્રી૦ ॥ ૧ ॥ ભવસાગર નિર્યામક ધારી, સાર્થવાહ ભવ અટવી ભારી, મહા ગોપ પદવી જિન સારી, મહામાહણ જિનરાજ અર્ચન સુંદર બના ॥ શ્રી૦ ॥૨॥ દ્રવ્ય ભાવ દો પ્રાણ પિછાને, દ્રવ્ય પ્રાણ દશ જગમેં જાને, ભાવ પ્રાણ પ્રભુ ચાર વખાને, ચાર મિલે શિવરાજ અર્ચન સુંદર બના ॥ શ્રી૦ ॥ ૩ ॥ જ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીર્ય જીવન સુખ ધારી, ભાવ અનંતા ચાર પ્રકારી, આતમ લક્ષ્મી હર્ષ અપારી, વલ્લભ વીરસું કાજ અર્ચન સુંદર બના ॥ શ્રી૦ ॥ ૪ ॥

( કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્ )

## (૧૬) ॥ શ્રી શાંતિનાથ જિન પૂજા

### ॥ દુહા ॥

જગ શાંતિ પ્રગટાવવા, પ્રગટ ભયે જિનરાજ ॥
શાંતિનાથ શાંતિ કરી, નામ લિયો મહારાજ ॥૧॥

( રાગ ગૌડી-દેશી-વીર જિનેશ્વર સ્વામી )

શાંતિ જિનેશ્વર સ્વામી શિવશંકર, શાંતિ૦॥અંચલિ૦॥ અચિરા નંદન પૂજન વંદન, અચરા નંદ પદ પામી શિવંકર ॥ શાં૦ ॥ ૧ ॥ હિંસા[૧] જૂઠ[૨] ચોરી[૩] અરુ ક્રીડા[૪], હાંસી[૫] રતિ[૬] ભય[૭] વામી શિવંકર ॥ શાં૦ ॥ ૨ ॥ ક્રોધ[૮] માન[૯] માયા[૧૦] મદ[૧૧] અરતિ[૧૨], લોભ[૧૩] પ્રેમ[૧૪] દિયે દામી શિવંકર ॥ શાં૦ ॥૩॥ મત્સર[૧૫] શોક[૧૬] અજ્ઞાન[૧૭] ને નિદ્રા[૧૮], અષ્ટાદશ દોષ નામી શિવંકર ॥ શાં૦॥૪॥ આતમ લક્ષ્મી હર્ષ અનુપમ, વલ્લભ વીર નમામિ શિવંકર ॥ શાં૦ ॥ ૫ ॥

( કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૭) ॥ શ્રી કુંથુનાથ સ્વામી પૂજા ॥

### ॥ દુહા ॥

સત્તરમા જિન સેવિએ, કુંથુ નાથ દયાલ ॥
સંયમ સત્તર ભેદસું, ભાખે ત્રિભુવન પાલ ॥૧॥
પ્રભુ સમરણ લય લાઈએ, મન વંછિત ફલ થાય ॥
ભવ તજી ભવિ શિવ પાઈએ, કુંથુ જિણંદ ગુણ ગાય ॥૨॥

(શ્રી રાગ)

કુંથુ જિન પૂજા શિવ તરુ કંદ, કુંથુ૦ અંચલિ૦ ॥ ગજપુર છઠ્ઠા ચક્રી સુહંકર, શ્રી રાણી સુર રાજા નંદ ॥ જગ ઉપકારી પ્રભુ હિતકારી, સેવે સુર નર મુનિ ગુણ ઈંદ ॥ કુંથુ૦ ॥૧॥ રૂધિરામિષ ગોપય સમ નેતુ, નિરામય સુંદર તનુ ચંદા સ્વેદ રહિત મલ ઉજ્જિત કાંતિ, શ્વાસોચ્છ્વાસ સુગંધ અરવિંદ ॥ કું૦ ॥૨॥ વિધિ આહાર નિહાર પ્રભુકી, દેખે નહીં છઉમત્થ જન વૃંદ । આતમ લક્ષ્મી હર્ષ અપૂરવ, વલ્લભ વીર વચન વિકસંદ ॥ કુંથુ૦ ॥ ૩ ॥

( કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્ )

## (૧૮) ॥ શ્રી અરનાથ સ્વામી પૂજા ॥

### ॥ દુહા ॥

અષ્ટાદશ શીલાંગરથ, ધોરી પ્રભુ હજાર ॥
અષ્ટાદશમ જિનેસરુ, પૂજી લો ભવપાર ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુમતિ સંયમ ઉર ધરી, કુમતિ સંગ નિવાર ॥
અનુભવ અમૃત ધારીએ, વારિએ વિષય વિકાર ॥ ૨ ॥

(પીલુ તથા બરવા)

પ્રભુ પૂજન ભવિ અતિ સુખકારી, ભવ ભવ સંકટ દૂર નિવારી ॥ પ્ર૦ ॥ અંચલિ૦ ॥ શ્રી અરનાથ જિનંદ મહારાયા, ઘાતિ કરમ દૃઢ ક્ષય કિએ ચારી ॥ નિર્મલ લોકાલોક પ્રકાશી, પ્રગટ ભયો કેવલ ઉજયારી ॥ પ્ર૦ ॥૧॥ સુર નર તિર્યંગ કોટાકોટી, સમવસરણ ભૂમિ મગ ભારી । અર્દ્ધ માગધી વાણી ગામિનો, યોજન નર સુર તિર્યંગ ધારી ॥ પ્ર૦ ॥૨॥ ભામંડલ પ્રભુ પુંઠે સોહે, રોગ ઉપદ્રવ દૂર નિવારી । આતમ લક્ષ્મી હર્ષ મનાવે, વલ્લભ વીર વચન અનુસારી ॥ પ્ર૦ ॥ ૩ ॥

(કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્)

## (૧૯) ॥ શ્રી મલ્લિનાથ જિન પૂજા ॥

### ॥ દુહા ॥

કુંભરાય કુલ ગગનમેં, સહસ કિરણ અવતાર ।
પૂજા મલ્લિ જિનંદકી, ટારે ભવ અંધકાર ॥ ૧ ॥

(સોરઠ, વીર જિન દાની માને એક જરી–એ દેશી)

જિનવર પૂજા ભવપાર કરો ॥ અંચલિ૦ ॥ મલ્લિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનેશ્વર જગ પરમેશ્વર । તારણ । તરણ તરી । જિનવર પૂજા૦ ॥૧॥ વૈરેતિ અતિ અમૃષ્ટિ અવૃષ્ટિ । હોવે ન રોગ મરી ॥ જિનવર પૂજા૦ ॥૨॥ દુર્ભિક્ષ સ્વપર દલભય નાસે । જિહાં પ્રભુ પાય ધરી ॥ જિનવર પૂજા૦ ॥ ૩ ॥ પૂજક પૂજાસે પૂજ્ય હોવે । જિમ શ્રેણિક ને હરિ ॥ જિનવર પૂજા૦ ॥૪॥ આતમ લક્ષ્મી હર્ષ ચરણમેં । વલ્લભ વીર પરી ॥ જિનવર પૂજા૦ ॥ ૫ ॥

( કાવ્યં મંત્રશ્ચ પુર્વવત્ )

## (૨૦) ॥ શ્રી મુનિસુવ્રત સ્વામી પૂજા ॥

### ॥ દુહા ॥

મુનિસુવ્રત જિન વીસમા, મુનિસુવ્રત ભંડાર ॥
પૂજે ભવિ શુભ ભાવસે, શિવ કમલા દાતાર ॥ ૧ ॥

( હોરી–સિંધ કાફી )

કરરે કરરે કરરે કરરે મુનિ સુવ્રત જિન અર્ચન કરરે ॥ અંચલિ૦ ॥ સરસ કમલ દલ નયન સુહંકર, વદન શાંત શશધરરે । એકાદશ અતિશય જિન સોહે, ઓગણીસ કિએ સુર વરરે ॥૪॥ મુ૦ ॥૧॥ ધર્મ પ્રકાશકચક્ર આકાશે, ચાલે જિનવર પૂર રે ॥ ચામર ફટિક સિંહાસન સુંદર, પાદ પીઠ સહ ચરરે ॥૪॥ મુ૦ ॥ ૨ ॥ તીન છત્ર ધ્વજ વિજય પતાકા, ફરકે ફરરર ફરરે । આતમ લક્ષ્મી હર્ષ બતાવે, વલ્લભ વીર સિમર રે ॥ ૪ ॥ મુનિ૦ ॥ ૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્)

## (૨૧) ॥ શ્રી નેમીનાથ જિન પૂજા ॥

### ॥ દુહા ॥

નેમિ જિનવર એકવીસમા, અંતર શત્રુ નમાય ॥
માન નમિ ભવિ પૂજિએ, થિર કરી મન વચ કાય ॥ ૧ ॥

(હોઈ આનંદ બહાર–એ દેશી)

પૂજો ભવિ ભગવંત રે, પ્રભુ બૈઠે મગનમેં ॥ અંચલિ૦॥ કનઃ કમલ નવ ઉપરે રે, વિચરે પાય ઠવંત રે ॥ પ્રભુ૦॥૧॥ રજત કનક ઔર રત્ન કેરે, પ્રાકાર તિગ સોહંત ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ સમવસરણુ પ્રભુ બઠતે રે, ચાર મુખ દિખંત રે ॥ પ્ર૦ ॥ ૩ ॥ આતમ લક્ષ્મી હર્ષસેરે, વલ્લભ વીર કહંત રે ॥ પ્ર૦ ॥ ૪ ॥

(કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્)

## (૨૨) ॥ શ્રી નેમિનાથ જિન પૂજા ॥

### ॥ દુહા ॥

બ્રહ્મચારી પ્રભુ બાલસે, બાવીસમા જિનરાય ॥
નેમિનાથ પરતાપસે, પાપ તાપ મિટ જાય ॥ ૧ ॥

(કવ્વાલી)

પ્રભુ શ્રી નેમિ જિન પૂજન નશીબાંવર ભવિ પાવે ॥ પ્રભુ૦ ॥ અંચલિ૦ ॥ શિવાદેવી માત નંદન કે, ભવિ નિશ દિન ગુણુ ગાવે ॥ તજી રાજુલસી નારી, કહી ક્ષય મોહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિવ જાવે ॥ પ્રભુ૦ ॥૧॥ તરુ અશોક નિત્ય છાયા, અધો મુખ કંટકા થાવે। તરુ ગણ માર્ગમેં નમતે, ગગન ધ્વનિ દુંદુભિ ભાવે ॥ પ્રભુ૦ ॥૨॥ પવન સુખદાઈ ચલતિ હૈ, પ્રદક્ષિણા પક્ષિગણ લાવે ॥ આતમ લક્ષ્મી અતિ હર્ષે, વલ્લભ મન વીર ગુણ આવે. ॥ પ્રભુ૦ ॥ ૩ ॥

(કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્)

## (૨૩) ॥ શ્રી પાર્શ્વનાથ જિન પૂજા ॥

### ॥ દુહા ॥

તેવીસમા પ્રભુ પાસજી, મનવંછિત દાતાર।
ભવસાગરમેં દ્વીપ સમ, જગજીવન આધાર ॥ ૧ ॥

(માન માયાના કરનારારે—એ દેશી)

હિતકારી જગત ઉપકારી રે, પ્રભુ પાર્શ્વનાથ અવતારી। દુઃખ દોહગ દૂર નિવારી રે, ભવસાગર પાર ઉતારી ॥ અંચલિ૦ ॥ પારસ પુરિસાદાની કહાએ, વંછિત ફલ દાતારી। અશ્વસેન વામાદેવીકે નંદન, પૂજન મંગલ કારી રે ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ શોધન ભૂમિ સાથ હી વર્ષા, સુગંધ નિર્મલવારી ॥ પાંચ વરણ ફૂલોંકી વર્ષા, જાનુદઘન મનોહારી રે ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ કેશ દાઢિ મૂછ નખ અવસ્થિત, કોટિ જઘન્ય સુર ચારી। આતમ લક્ષ્મી હર્ષ અનુકુલ, ઋતુ વલ્લભ વીર સારી રે ॥ પ્રભૂ૦ ॥ ૩ ॥

(કાવ્યં મંત્રશ્ચ પૂવવત્)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૪) ॥ શ્રી મહાવીર સ્વામી પૂજા ॥

॥ દુહા ॥

ચરમ જિનેસર વીરજી, સિદ્ધારથ કુલ ચંદ ॥
ત્રિશલા માત સુજાતકો, પૂજો આનંદકંદ ॥ ૧ ॥

(રાગ ધનાશ્રી)

પૂજન કરો રે આનંદી જિનંદ પદ પૂજન૦ ॥ અંચલિ૦ ॥ વીર જિનેશ્વર જગ પરમેશ્વર, કર્મ કલંક નિકંદી, જિનંદ પદ પૂજ૦ ॥ ૧ ॥ શાસન નાયક શિવ સુખ દાયક, પૂજા શિવ તરૂ કંદી. જિનંદ પદ૦ ॥ ૨ ॥ વર્ધમાન પ્રભુ વૃદ્ધિ કરતા, નિજ ગુણ કથન કરંદી. જિનંદ પદ૦ ॥૩॥ વદન કમલ કાંતિ હંસ નિર્મલ, તન મન ભવિ વિકસંદી. જિનંદ પદ૦ ॥ ૪ ॥ આતમ લક્ષ્મી હર્ષ મનાવે, વલ્લવ વીર આનંદી. જિનંદ પદ૦ ॥ ૫ ॥

(કાવ્યં મંત્રશ્ચ પૂર્વવત્)

## —કળશ—

(રેખતા)

જિનંદ ગુણ ગાયા આનંદે, કરણ ત્રય જોગ ભવિ વંદે । જનમ જનમકે અઘ જાવે, પ્રભુ ગુણ ગાવે સુખ પાવે ॥ જિ૦ ॥ ૧ ॥ સુરાસુર ઇંદ્ર નર નારી, ગણિ મુનિ સાધવી સારી । મિલિ સબ ગુણ પ્રભુ ગાવે, કભી નહી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તોભી અંત આવે ।। જિ૦ ।। ૨ ।। મૈં અતિ તુચ્છ મતિ
ધારી, પ્રભુ ગુણ કૈસે લહું પારી । ગાયા ગુણ તોભી
ભક્તિસે, લવે શિશુ માતા શક્તિસે ।। જિ૦ ।।૩।। તપગચ્છ
ગગન રવિ રૂપા, શ્રી વિજયાનંદ સૂર ભૂપા । ન્યાયાં-
ભોનિધિ વિરૂદ ધારી, શ્રી આત્મારામ બલિહારી ।। જિ૦
।।૪।। વિજય લક્ષ્મી ગુરૂ દાદા, વિજય શ્રી હર્ષ ગુરૂ પાદા ।।
વિજય વલ્લભ ગુણ ગાવે, ચરણમેં નિત્ય ચિત્ત લાવે ।।
૭ ૩ ૬ ૨
જિ૦ ।। ૫ ।। સંવત્ ઋષિ શંભુદગ વેદા, યુગલ પ્રભુ વીર
૩ ૧
ગત ખેદા। આતમ સંવત્ રસ ચંદા, સંવત્ વિક્રમ નર
૭ ૬ ૯ ૧
ઇંદા ।। જિ૦ ।।૬।। ઋષિ રસ અંક શશિ આવે, પ્રતિપદા-
ભાદ્ર સુદિ થાવે । જનમ મહિમા દિવસ જાનો, કવિ કવિતા
પૂરણ માનો ।। જિ૦ ।।૭।। વિજય કમલ સૂરિ રાજે,
ઉપાધ્યાય વીરવિજય ગાજે । કરી પ્રેરણા કૃતિ કાજે, કૃપા
પૂરણ થઈ આજે ।। જિ૦ ।।૮।। પ્રવર્ત્તકશ્રી મુનિ કાંતિ,
વિજયજી ટારે મન ભ્રાંતિ । આતમ લક્ષ્મી હર્ષ પાવે,
વલ્લભ પૂજે પ્રભુ ભાવે ।।જિ૦ ।।૯।। હુઈ રચના મિયા-
ગામે, નિકટ શાંતિ પ્રભુ ધામે । આગમ વિપરીત વયણ
ભાખે, મિથ્યા દુષ્કૃત પ્રભુ સાખે ।। ।। જિ૦ ।।૧૦।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંત્રઃ—ૐ હ્રીઁ શ્રીઁ મહાવીરનાથાય નમઃ

મમ સર્વ કર્મ ક્ષયં કુરૂ કુરૂ સ્વાહા,

(ઈતિ શ્રી વિજય વલ્લભસૂરિવિરચિતા શ્રી ઋષિમંડલ પૂજા)

## આરતી

મૈં તો આરતી ઉતારું જિનરાજ કી રે, જિનરાજ કી રે, મહારાજ કી રે ॥ અંચલી૦ ॥ ઋષભ અજિત સંભવ અભિનંદા, સુમતિ પદ્મ સુપાર્શ્વચંદા, કટો જન્મ મરણ કા ફન્દા, જિનરાજ કી રે ॥ ૧ ॥ સુવિધિ શીતલ શ્રેયાંસ સ્વામી, વાસુ પજ્ય પ્રભુ હૈં નામી, મૈં તો સેવક પંથ અનુગામી, જિનરાજ કી રે ॥૨॥ બિમલ અનંત ધર્મ જિનસ્વામી, શાંતિકુંથુ અરહઅંત-ર્યામી, મલ્લિનાથ જિનેશ્વર સ્વામી, જિનરાજ કી રે ॥૩॥ મુનિસુવ્રતરાજ દુલારે, નમિ નેમી તારણ હારે, હમ સબ ચરણોં પર બલિહારે, જિનરાજકી રે ॥ ૪ ॥ પાર્શ્વનાથજી અન્તર્યામી, શ્રી મહાવીર પ્રભુ શિવધામી, નિશ દિન ચરણુન શીશ નમામિ, જિનરાજ કી રે ॥૫॥ જો કોઈ નિત્ય ચૌબીસી ગાવે, પાપી કર્મોસે છુટ જાવે, આત્મ વલ્લભ હર્ષ મનાવે, જિનરાજકી રે ॥ ૬ ॥

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ

## आरतिओ

## ॥ શ્રી શાંતિજિન આરતિ ॥

જય જય આરતિ શાંતિ તુમારી, તોરા ચરણકમલકી મેં જાઉં બલિહારી ॥ જય૦ ॥ ૧ ॥ વિશ્વસેન અચિરાજી કે નંદા, શાંતિનાથ મુખ પૂનમચંદા ॥ જય૦ ॥ ૨ ॥ ચાલીશ ધનુષ-સોવનમય કાયા, મૃગ લંછન પ્રભુ ચરણ સુહાયા ॥ જય૦ ॥૩॥ ચક્રવર્તી પ્રભુ પાંચમા સોહે, સોલમા જિનવર જગ સહુ મોહે ॥ જય૦ ॥૪॥ મંગલ આરતિ ભોરહિ કીજે, જન્મ જન્મનો લાહો લીજે ॥ જય૦ ॥ ૫ ॥ કર જોડી સેવક ગુણ ગાવે, સૌ નર નારી અમર પદ પાવે ॥ જય૦ ॥ ૬ ॥

## ॥ શ્રી આદિજિન આરતિ ॥

અપચ્છરા કરતી આરતિ જિન આગે ॥ હાંરે જિન આગે રે જિન આગે ॥ હાંરે એ તો અવિચળ સુખડાં માગે ॥ હાંરે નાભિ નંદન પાસ ॥ અપચ્છરા કરતી આરતિ જિન આગે ॥ ૧ ॥ તાં થેઈ નાટક નાચતી પાય ઠમકે ॥ હાંરે દોય ચરણે ઝાંઝર ઝમકે ॥ હાંરે સોવન મય ઘૂઘરી ઘમકે ॥ હાંરે લેતી ફુદડી બાળ ॥ અ૦ ॥ ૨ ॥ તાલ મૃદંગ ને વાંસળી ડફ વીણા ॥ હાંરે રૂડા ગાવંતી સ્વર ઝીણા ॥ હાંરે મધુર સુરાસુર વયણાં ॥ હાંરે જોતી મુખડું નિહાલ ॥ અ૦ ॥ ૩ ॥ ધન્ય મરુદેવા માતને પ્રભુ જાયા ॥ હાંરે તોરી કંચનવરણી કાયા ॥ હાંરે મેં તો પૂરવ પુન્યે પાયા ॥ હાંરે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેખ્યો પ્રભુનો દેદાર ।। અ૦ ।। ૪ ।। પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો, હાંરે પ્રભુ સેવક છું હું તારો ।। હાંરે ભવોભવના દુઃખડાં વારે ।। હાંરે તુમે દીન દયાળ ।। અ૦ ।। ૫ ।। સેવક જાણી આપનો ચિત્ત ધરજો ।। હાંરે મોરી આપદા સઘળી હરજો ।। હાંરે મુનિ માણેક સુખીઓ કરજો ।। હાંરે જાણી પોતાનો બાળ ।। અપચ્છરા કરતી આરતિ જિન આગે ।। ૬ ।।

।। શ્રી આદિજિન આરતિ ।।

જય જય આરતિ આદિજિણંદા,નાભિરાયા મરુદેવીકો નંદા ।। જય જય આરતિ૦ ।। ૧ ।। પહેલી આરતિ પૂજા કીજે, નરભવ પામીને લાહો લીજે ।। જય જય આરતિ૦ ।। ૨ ।। દૂસરી આરતિ દીનદયાળા, ધુળેવ મંડપમાં જગ અજવાળ્યાં ।। જય જય આરતિ૦ ।। ૩ ।। તીસરી આરતિ ત્રિભુવન દેવા, સુરનર ઈંદ્ર કરે તોરી સેવા ।। જય જય આરતિ૦ ।। ૪ ।। ચોથી આરતિ ચઉગતિ ચૂરે, મનવાંછિત ફળ શિવસુખ પૂરે ।। જય જય આરતિ૦ ।।૫।। પંચમી આરતિ પુન્ય ઉપાયો, મૂળચંદે રિખવ ગુણ ગાયો ।। જય જય આરતિ૦ ।। ૬ ।।

।। શ્રી મહાવીર સ્વામીની આરતિ ।।

જય દેવ જય દેવ, જય સુખના સ્વામી (પ્રભુ૦ ૨) તુજને વંદન કરીએ, (૨) ભવભવના ભામી ।। જય દેવ૦ ।। ૧ ।। સિદ્ધારથના સુત, ત્રિશલાના જાયા, પ્રભુ૦ (૨) જસોદાના છો કથજી, (૨) ત્રિભુવન જગરાયા ।। જય દેવ૦ ।। ૨ ।। બાળપણમાં આપ, ગયા રમવા કાજે; (પ્રભુ૦ ૨) દેવતાએ દીધો પડછાયો, (૨) બીવરાવવા કાજે ।। જય૦ ।। ૩ ।। એકવારનું રૂપ લીધું છે નાગનું, (પ્રભુ૦ ૨) બીજી વારનું રૂપ (૨) લીધું બાળકનું ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જય દેવ૦ ॥ ૪ ॥ બાળક બીના સઉ, પોતે નથી બીતા, ( પ્રભુ૦ ૨ ) દેવતાનું કાંઈ ન ચાલ્યું, (૨) હારી જતા રે'તા ॥ જય દેવ૦ ॥ ૫ ॥ એવા છે ભગવાન, મહાવીર તમે જાણો; ( પ્રભુ૦ ૨ ) વંદે છે સઉ તેને, (૨) નમે રાય રાણો ॥ જય દેવ૦ ॥ ૬ ॥

## ॥ ચોવીશ તીર્થંકરની આરતિ ॥

જયદેવ જયદેવ, જય જય જિનચંદા, ( પ્રભુ૦ ૨ ) પરમ મહેશ્વર દેવા, (૨) અમૃત સુખકંદા ॥ જયદેવ૦ ॥ ૧ ॥ આદીશ્વર જિનરાજ, સુનંદા સ્વામી; ( પ્રભુ૦ ૨) અજિત અચળપદ પામ્યા, (૨) સંભવ ગુણગ્રામી ॥ જય૦ ॥ ૨ ॥ અભિનદન ભગવાન, સુમતિ જગ ત્રાતા; પ્રભુ૦ (૨) પદ્મ સુપાર્શ્વ જિણંદા, (૨) અભયદાન દાતા ॥ જય૦ ॥ ૩ ॥ ચંદ્ર સુવિધિ જગનાથ, શીતળ ઉપકારી; ( પ્રભુ૦ ૨ ) શ્રી શ્રેયાંસને વંદું, (૨) દુરિત પડળહારી ॥ જય૦ ॥ ૪ ॥ વાસુપૂજ્ય મહારાજ, વિમલ વિમલ પ્રાણી; ( પ્રભુ૦ ૨ ) અનંત ધર્મ પ્રભુજી, (૨) વરિયા શિવરાણી ॥ જયદે૦ ॥ ૫ ॥ શાંતિ કુંથુ અરનાથ, મંગલકર મલ્લિ, ( પ્રભુ૦ ૨ ) મુનિસુવ્રત નમિ, નેમ, (૨) કાપો અઘવલ્લિ ॥ જય૦ ॥ ૬ ॥ પાર્શ્વનાથ મહાવીર, જગજન હિતકારી; ( પ્રભુ૦ ૨ ) શિવસુખ અમને આપો, (૨) ભવજલધિ તારી ॥ જય૦ ૭ ॥ માણિક જૈન સમાજ, અવિરત ગુણ ગાવે; (પ્રભુ૦ ૨) પદ પંકેરુહ પ્રણમી, (૨) સમક્તિ બીજ વાવે ॥ જયદેવ૦ ॥ ૮ ॥

## ॥ આરતિ ॥

પહેલી આરતિ પ્રથમ જિણંદા, શેત્રુંજામંડણ રીખવ જિનંદા; દૂસરી આરતિ મરુદેવીનંદા, જુગલાધરમનિવારનખંડા; ॥૧॥ તીસરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આરતિ ત્રિભુવન મોહીએ, રત્ન સીંગ્રાસન મારા પ્રભુજીને સોહીએ; ચોથી આરતિ નિત નવી પૂજા, દેવ નિરંજન અવર ન દૂજા ॥૨॥ પાંચમી આરતિ પ્રભુજીકો સોહીએ, પ્રભુજીના ગુણ સેવક ગાવે, આરતિ કીજે પ્રભુ શાંતિ જિણંદકી, હરણ લછનકી મેં જાઉં બલિહારી ॥૩॥ વિશ્વસેન અચિરાજીકો નંદા, શાંતિનાથ મુખ પુનમચંદા; આરતિ કીજે પ્રભુ નેમ જિનંદકી, શંખ લંછનકી મેં જાઉ બલિહારી. ॥ ૪ ॥ સમુદ્રવિજય શિવાદેવીકા નંદા, નેમનાથ મુખ પુનમચંદા; આરતિ કીજે, પ્રભુ પાસ જિણંદકી, મણિધર લંછનકી મેં જાઉં બલિહારી ॥ ૫ ॥ અશ્વસેન વામાજીકો નંદા, પાર્શ્વનાથ મુખ પૂનમ ચંદા; આરતિ કીજે પ્રભુ વીર જિણંદકી, સિંહ લંછનકી મેં જાઉં બલિહારી ॥ ૬ ॥ સિદ્ધારથ રાજા ત્રિશલાદેવીકો નંદા, વીર જિણંદ મુખ પૂનમચંદા, આરતિ કીજે પ્રભુ ચોવીશ જિણંદકી ચોવીશ જિણંદકી મેં જાઉં બલીહારી. ॥ ૭ ॥

## ॥ પંચજ્ઞાનની આરતિ ॥

જય પારસ દેવા, જય પારસ દેવા, સુરનર કરે તોરી સેવા, ત્રણ જગના દેવા ॥ જય દેવ જય દેવ ॥ ૧ ॥ પહેલું રે મતિજ્ઞાન, અટ્ઠાવીશ ભેદે, અષ્ટ કર્મને છેદે, પાપનાં દળ છેદે ॥ જય દેવ જય દેવ ॥ ૨ ॥ બીજુ રે શ્રુતજ્ઞાન, ચૌદ વીશ જૂજા, ચૌદ પૂરવધર સુદ્ધા, ભાગે ભવ ક્ષુધા ॥ જય દેવ જય દેવ ॥ ૩ ॥ ત્રીજી રે આરતિ અવધિજ્ઞાન કેરી, મટાટે ભવની ફેરી, સેવા કરૂં તોરી ॥ જય દેવ જય દેવ. ॥ ૪ ॥ ચોથી રે આરતિ મનઃપર્યવ જાણો, દોય ભેદનો રાણો, મુક્તિ સપરાણો ॥ જય દેવ જય દેવ ॥ ૫ ॥ પંચમી રે આરતિ કેવળ એક ભાખ્યું; અખંડ સુખ જેણે ચાખ્યું, અજરા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મર રાખ્યું. ॥ જય દેવ જય દેવ. ॥ ૬ ॥ આરતિ રે પંચજ્ઞાન, જે કોઈ ગાશે; સમકિત શુદ્ધિ અભ્યાસે, સૌભાગ્ય ગુણ ગાશે. જય દેવ જય દેવ ॥ ૭ ॥

## ॥ શ્રી મંગળદીવો ॥

ચારો મંગલ ચાર, આજ ઘેર પ્રભુજી પધાર્યા ॥ પહેલે મંગળ પ્રભુજીને પૂજું, ઘસી કેસર ઘનસાર ॥ આજ ઘેર પ્રભુજી પધાર્યા. બીજું મંગળ અગર ઉખેવું, કંઠ ઠવું ફૂલહાર ॥ આજ ઘેર પ્રભુજી પધાર્યા ॥ ત્રીજે મંગળ આરતિ ઉતારું, ઘંટ બજાવું રણ-કાર ॥ આજ ઘેર પ્રભુજી પધાર્યા ॥ ચોથે મંગળ પ્રભુ ગુણ ગાઉં, નાચું થેઈ થેઈકાર ॥ આજ ઘેર પ્રભુજી પધાર્યા ॥ રૂપચંદ રહે નાથ નિરંજન, ચરણ કમળ બલિહાર ॥ આજ ઘેર પ્રભુજી પધાર્યા ॥

## ॥ શ્રી મંગળ દીવો ॥

દીવો રે દીવો પ્રભુ મંગળિક દીવો. આરતિ ઉતારણ બહુ ચિરંજીવો ॥ સોહામણો ઘેર પરવ દીવાળી, અંબર ખેલે અમરા બાળી ॥ દીપાળ ભણે એણે કુળ અજવાળી, ભાવે ભગતે વિઘન નિવારી ॥ સફળ હુઓ એણે એ કળિકાળે, આરતિ ઉતારી રાજા કુમારપાળે ॥ અમ ઘેર મંગળિક, તુમ ઘેર મંગળિક, મંગળિક ચતુ-ર્વિધ સંઘને હોજો ॥ દીવો રે દીવો પ્રભુ મંગળિક દીવો, આરતિ ઉતારણ બહુ ચિરંજીવો ॥

## ॥ શ્રી મંગળ ચાર ॥

ચારો મંગળ ચાર, આજ મ્હારે ચારો મંગળ ચાર ॥ દેખ્યો દરસ સરસ જિનજીકો, શોભા સુંદર સાર ॥ આજ૦ ॥ ॥ ૧ ॥ છિનું છિનું છિનું મન મોહન ચરચો, ઘસી કેશર ઘનસાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજ૦ ॥ ૨ ॥ વિવિધ જાતિકે પૂષ્પ મંગાવો, મોગર લાલ ગુલાબ ॥ આજ૦ ॥ ૩ ॥ ધૂપ ઉખેવો ને કરો આરતિ, મુખ બોલો જયકાર ॥ આજ૦ ॥ ૪ ॥ હર્ષ ધરી આદીશ્વર પૂજો, ચૌમુખ પ્રતિમા ચાર ॥ આજ૦ ॥ ૫ ॥ હૈયે ધરી ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવપાર ॥ આજ૦ ॥ ૬ ॥ સકલચંદ સેવક જિનજીકો, આનંદઘન ઉપકાર ॥ આજ૦ ॥ ૭ ॥

# આધ્યાત્મિકાદિ પદ્યસંગ્રહ

(૧)

(રાગ આશાવરી અથવા ધન્યાશ્રી)

અબ હમ અમર ભયે ન મરેંગે.
યા કારન મિથ્યાત દિયો તજ, ક્યું કર દેહ ધરેંગે ? અબ૦ ૧
રાગ દોસ જગ બંધ કરત હૈ, ઈનકો નાશ કરેંગે;
મર્યો અનંત કાલ તેં પ્રાની, સો હમ કાલ હરેંગે. અબ૦ ૨
દેહ વિનાશી હું અવિનાશી, અપની ગતિ પકરેંગે;
નાસી જાસી હમ થિરવાસી, ચોખે વ્હૈ નિખરેંગે અબ૦ ૩
મર્યો અનંત વાર બિનસમજ્યો, અબ સુખ દુઃખ વિસરેંગે;
આનંદઘન નિકટ અક્ષર દો, નહિ સમરે સો મરેંગે અબ૦ ૪

(૨)

(રાગ આશાવરી)

બેર બેર નહિ આવે અવસર, બેર બેર નહિ આવે;
જ્યું જાણે ત્યું કર લે ભલાઈ, જનમ જનમ સુખ પાવે–અવ૦ ૧
તન ધન જોબન સબહી જૂઠો, પ્રાણ પલકમેં જાવે–અવ૦ ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તન છૂટે ધન કૌન કામકો ? કાયકું કૃપણુ કહાવે ?–અવ૦ ૩
જાકે દિલમેં સાચ બસત હૈ, તાકું જૂઠ ન ભાવે–અવ૦ ૪
આનંદઘન પ્રભુ ચલત પંથમેં, સમરી સમરી ગુણુ ગાવે–અવ૦ ૫

(૩)

દરિસન પ્રાણુજીવન મોહે દીજે,
બિનદરિસન મોહે કલ ન પરત હૈ, તલફ તલફ તન છીજે–દરિ૦ ૧
કહા કહું કછું કહંત ન આવત, બિનસેજા કયું જીજે ?
સોહું ખાઈ સખી કાહુ મનાવો ? આપ હિ આપ પતીજે–દરિ૦ ૨
દેઉર દેરાની સાસુ જેઠાની, યુંહિ સબ મિલ ખીજે;
**આનંદઘન** બિન પ્રાણુ ન રહે છિન, કોડિ જતન જો કીજે–દરિ૦ ૩

(૪)

(રાગ ભૈરવ માલકોશ વિગેરે)

મારા નાથની વધાઈ બાજે છે, મારા પ્રભુની૦
શરણુાઈ સુર નોબત બાજે, ઓર ઘનાઘન ગાજે છે–મારા૦ ૧
ઈંદ્રાણી મિલ મંગલ ગાવે, મોતીયન ચોક પૂરાવે છે–મારા૦ ૨
સેવક પ્રભુજી શું અરજ કરે છે,ચરણુની સેવા પ્યારી લાગે છે–મારા૦૩

(૫)

(રાગ–હમીર કલ્યાણી)

રામ કહો રહેમાન કહો કોઉ, કાન કહો મહાદેવી રી;
પારસનાથ કહો કોઈ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવ રી–રામ૦ ૧
ભોજનભેદ કહાવત નાના, એક મૃત્તિકા રૂપ રી;
તૈસે ખંદ કલ્પના રોપિત, આપ અખંડ સરૂપ રી–રામ૦ ૨
જિન પદ રમે **રામ** સો કહીયે, રહિમ કરે **રહેમાન** રી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરષે કરમ કાન સો કહિયે, મહાદેવ નિર્વાન રી–રામ૦ ૩
પારસ રૂપ પારસ સો કહિયે, બ્રહ્મ ચિહ્નને સો બ્રહ્મ રી;
ઈણુ વિધ સાધો આપ આનંદઘન, ચેતનમય નિષ્કર્મ રી–રામ૦ ૪

## શ્રી પાર્શ્વજિન સ્તવન

॥ તર્જ : મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા ॥

દેખી શ્રી પાર્શ્વતણી મૂર્તિ અલબેલડી,
ઉજ્જવળ ભયો અવતાર રે—(૨) મોક્ષગામી ભવથી ઉગારજો,
શિવગામી ભવથી ઉગારજો,

અંતરા—

મસ્તકે મુગટ સોહે કાને કુંડળિયા,
ગળે મોતનકા હાર રે. (૨) મોક્ષગામી૦
પગલે પગલે તારા ગુણો સંભારતા,
અંતરના વીસરે ઉચાટ રે. (૨) શિવગામી૦
આપના દર્શને આત્મા જગાડયો,
જ્ઞાન દીપક પ્રગટાવ રે. (૨) મોક્ષગામી૦
આત્મા અનંતા પ્રભુ, આપે ઉગાર્યા,
તારો ચંદુને ભવપાર રે;
તારો સેવકને ભવપાર રે. (૨) શિવગામી૦

## શ્રી નેમિનાથ જિન સ્તવન

॥ તર્જ–લેશો નીસાસા પરણેતરના ॥

પરણ્યા વિના સ્વામી ન જાઓ. રાજુલ વિનવે નેમ,
પિયુજી પાછા વળો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રડતી મૂકીને રિસાઈ ચાલ્યા, તોરણીએથી કેમ? પિયુજી૦ ॥૧॥
નેમજી કહે છે રાજુલ સુણજો, નથી તમારો વાંક, રાજુલ ધૈર્ય ધરો.
કુંવારા વિયોગ કર્મે લખાયા, છૂટે ન પડિયા ટાંક–રાજુલ૦ ॥૨॥
મુજને પરણી સ્વામી માગો તો, આપું પિતાનું રાજ–પિયુજી૦
માલ ને મિલ્કત આપના ચરણે, જીવન તમારે કાજ–પિયુજી૦ ॥૩॥
નેમજી ભાખે અબળા ન પરણું, સંયમ લઈશું આજ–રાજુલ૦
આત્મ સિદ્ધિથી અમે ભોગવશું, ત્રણ ભુવનનું રાજ–રાજુલ૦ ॥૪॥
આઠે ભવે તમે રાખી છે પ્રીતડી, નવમે તજો ના પ્રાણ–પિયુજી૦
સ્વામીજી થઈને સુખ ભોગવિયા, અનુભવ નિધાન-પિયુજી૦ ॥૫॥
આઠે ભવોની પ્રીતડી સાચી, નવમે પુરું હું કોડ–રાજુલ૦
સંયમ લઈને સાથે વિચરશું, પામીશું સુખ અજોડ–રાજુલ ॥૬॥

## શ્રી મહાવીર સ્વામીનું પારણું

(રાગ–પ્રીતમ પેરીસ ચાલો)

સ્નેહે સ્નેહે હિંચોળું શ્રી ભગવાન—વીરને હાલો હાલો
વ્હાલું વ્હાલું વીરા એક તારું નામ—" " "
વ્હાલું વ્હાલું મહાવીર તારું ધ્યાન—" " "

અંતરો—

ચૈત્ર સુદ તેરશનો દહાડો ત્રિશલાની કુખે તું જાઓ;
ત્રણે ભુવનમાં વર્ત્યો જય જયકાર—વીરને હાલો હાલો—૧
દેવ દેવી સહુએ હુલરાવ્યા, મેરુ ઉપર પ્રેમે ન્હવરાવ્યા;
જેની ભક્તિનું થાયે નહિ બ્યાન—વીરને હાલો હાલો—૨
માત પિતાની ભક્તિ કરવા, ભ્રાતૃ પ્રેમને નહિ વિસરવા;
ત્રીશ વર્ષે હંકાર્યું, દીક્ષા વહાણુ—વીરને હાલો હાલો—૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપ જપ સંયમને બહુ પાળી, કષ્ટ ઘણાંને નહિ ગણુકારી;
ઝગમગ જ્યોતિ સમ પામ્યા, કેવળજ્ઞાન—વીરને હાલો હાલો—૪
જગ કલ્યાણે જીવન ઝુકાવ્યું, ભાન ભૂલ્યાને જ્ઞાન બતાવ્યું;
મૈત્રી ભાવ ઉતાર્યા ભવજલ પાર, વીરને હાલો હાલો—૫
અધમ ઉદ્ધારક ભવિજન તારક, ગુણ અનંતાના જે ધારક;
એવા વીરને છે વંદન વારંવાર,-વીરને હાલો હાલો—૬
વંદન કરીએ ભાવે સ્મરીએ, ત્રિકાળ તારું પૂજન કરીએ;
ત્હારા નામે સદા સુખ થાય,-વીરને હાલો હાલો—૭
વ્હાલું વ્હાલું—

## પૂજા ભણાવતી વખતે દુહામાં ઉતારી શકાય તેવા રાગોનો સંગ્રહ

૧

ભાવિ ભાવે દેરાસર આવો, જિણંદવર જય બોલો;
પછી પૂજન કરી શુભ ભાવે, હૃદયપટ ખોલોને ॥ એ દેશી ॥

૨

નહિ છોડું રે પ્રભુજી તારો છેડલો, મને આ ભવ પાર ઉતાર રે .નહિ૦
મને ભવોભવ પાર ઉતાર રે, નહિ છોડું રે
પ્રભુજી તારો છેડલો ॥ એ દેશી ॥

૩

નાવરિયા રે કરો કૃપા નજરિયાં, નજરિયાં નજરિયાં નજરિયાં રે
કરો કૃપા નજરિયાં ॥ એ દેશી ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪

તારું ધ્યાન કરે મસ્તાન મને, મારું દિલ ચહે પ્રભુ તુજ કને ॥એ દેશી॥

૫

આનંદભર અમે આવ્યાં, અબોલડાં શાને લીધાં છે,
ભક્તિ ભરણું લાવ્યાં—અબોલડાં૦
પ્રભુ તુજ વાણી શેલ સમાણી, જાણીને મનડાં ભાવ્યાં—અબો૦
ચંડકૌશિક ડશિયો તુજ શરણે, બુઝ બુઝ વચનો
સુહાવ્યાં—અબો૦ ॥ એ દેશી ॥

૬

મેરી અરજી ઉપર પ્રભુ ધ્યાન ધરો,
મેરે દિલકો યે દર્દ તમામ હરો ॥ એ દેશી ॥

૭

ધૂલેવા નગરમાં પધારજો રે, વાલેરી લાગે છે વાટ રે;
ધૂલેવારાજ! ધૂલેવા નગરમાં પધારજો રે.
ઉંચા તે દહેરાં શોભતાં રે, દીપંતો દરબાર રે-ધૂલેવારાજ૦ ॥એ દેશી॥

૮

વાળો વાળો તુમે રથડો વાળો રે;
તુમે જગતના છો પ્રતિપાળો રે—વાળો વાળો૦ ॥ એ દેશી ॥

૯

ગોઠીડા તું દ્વાર ઉઘાડ, પણ છે પૂજાનું; પણ છે પૂજાનું દિલ છે દેરાનું;
મ કરીશ વાર લગાર, પણ છે પૂજાનું; મારે જાવું છે જિન દરબાર. પણ૦
માને ભેટવા પારસનાથ...
ગોઠીડા તું દ્વાર ઉઘાડ, પણ છે પૂજાનું ॥ એ દેશી ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦

હાંરે કીને દેખા હમેરા સ્વામી, સ્વામીજી અંતરજામી—કીને દેખા૦
આઠ ભવોકી પ્રીત નિવારી, નવમેં ગયા શિવગામી રે
કીને દેખા૦ ।। એ દેશી ।।

૧૧

આનંદ મંગળ ગાવો, જૈન ધર્મનો લેવો લહાવો;
મ્હારી બ્હેનો અવસર આવો નહિ આવશે.
ફરીથી મળશે નાણું, પણ નહિ મળે આ ટાણું;
લ્હાવો લેવો એ આપણું તો કામ છે, હાં હાં રે૦
જૈન બ્હેનો આજે, સૌ ભવજળ તરવા કાજે;
ભક્તિ કરવી તે આપણું તો કામ છે, હાં હાં રે૦ ।। એ દેશી ।।

૧૨

પ્યારો લાગે મુને સારો લાગે, હરિસણમાં ગંભીરોજી પ્યારો લાગે.
સોના કેરી ઝારીઓ ને, માંહી ભર્યાં છે પાણી;
ન્હવણ કરાવું મેરે જિનજીકે અંગ—હરિસણ૦
કેશર ચંદન ભર્યા રે કચોળાં, પૂજા કરી મેરા જિનજીકો અંગ
હરિસણ૦ એ દેશી ।।

૧૩

કોઈ વસંતલ્યો વસંતલ્યો, મારી વાડીમાં બ્હેકબ્હેકમ્હોકી હોરાજ-કોઈ૦
કોઇ કેવળ લ્યો કેવળ લ્યો, મને કેવળજ્ઞાન બહુ વ્હાલું હો રાજ-કોઈ૦
।। એ દેશી ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪

લાવે લાવે મોતીશા શેઠ, ન્હવણ જળ લાવે છે;
ન્હવરાવે મરુદેવાનંદ પ્રભુ પધરાવે છે.
સહુ સંઘને હરખ ન માય, ન્હવણ જળ લાવે છે;
મારી બ્હેનોને હરખ ન માય, પ્રભુ પધરાવે છે. ॥ એ દેશી ॥

૧૫

આદિનાથ જિણંદ ભવપાર કરો, મારાં જન્મ મરણનાં દુઃખ હરો;
તું પ્રભુ શિવઘર બન્યો, (ને) હું અશિવ ઘરમાં રમું;
તું અંનત સુખમાં રમે છે, હું ભવદુઃખમાં ભમું;
મારી દુઃખી દશાનો વિચાર કરો. આદિ૦ ॥ એ દેશી ॥

૧૬

અમદાવાદમાં રે કે મંધર સ્વામી મળ્યા.
કર્યાં દર્શન સુંદર રે, (કે) કર્મ વિપાક ટળ્યા. ॥ એ દેશી ॥

૧૭

સાચું બોલોને નેમનાથ, અબોલડા શાના લીધા છે.
સાચું બોલોને મારા નાથ, અબોલડા શાના લીધા છે.
હૈયામાં રહી ગઈ છે હામ, અબોલડા શાના લીધા છે.
આઠ ભવાંતર પ્રીત નિવારી, નવમે કુંવારી મૂકો નહિ
શ્યામ—અબો૦ એ દેશી ॥

૧૮

વાળો વાળો તમે રથડો વાળો રે, તુમ જગતના છો પ્રતિપાળો રે;
તુમે ગઢ ગિરનારના રસિયા રે, તુમે મોક્ષપુરીમાં વસિયા રે....,
વાળો વાળો૦ એ દેશી ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯

આશા ધરીને અમે આવીઆ જિણંદજી,
લીધા વિના નવી જાઉં રે, માયા તોરી લાગી રે જિણંદજી.
રાણી સુણંદાનો ન્હાનલો જિણંદજી,
મને ત્રિભુવન તિલક ભેટાય રે, માયા તોરી લાગી રે જિણંદજી. એ દેશી.

૨૦

ડંકો વાગ્યો શાસનના પ્રેમી જાગજો રે.
પ્રેમી જાગજો રે ધરમી જાગજો રે.
દૂર કરો સંસારી કામો આજથી રે.
આજથી રે વૈરાગ્યથી રે—ડંકો૦
વીરે સ્થાપ્યું શાસનને શોભાવજો રે—ડંકો૦ ॥ એ દેશી ॥

૨૧

રંગે રમે, આનંદે રમે, આજ દેવ દેવીઓ રંગે રમે;
પ્રભુજીને દેખી મોટા ભૂપ નમે—આજ દેવ૦
પ્રભુજીને પાયે સોનીડો રે આવે,
મુગટ ચઢાવી પ્રભુજી પાય નમે—આજ દેવ૦
પ્રભુજીને પાયે માળીડો રે આવે,
હાર ચઢાવી પ્રભુ પાય નમે—આજ દેવ૦ ॥ એ દેશી ॥

૨૨

વિનંતિ સાંભળોને મહારાજ, મેં તો ઝાલ્યો તમારો હાથ.
સવારે ઉઠી તમારૂં ધ્યાન ધરૂં છું, મધ્યાહ્નને કરું તારી સેવ;
રાત દિવસ તાહરુ ધ્યાન ધરું, એવી પડી છે મુને ટેવ;
વિનંતિ સાંભળોને મહારાજ ॥ એ દેશી ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૩

વાજાં વાગીઆં રે વાજાં વાગીઆં,
વાજાં વાગ્યાં દેરાસર દરબાર—મોહન વાજાં વાગીઆં.
સૌ સંઘને હરખ ન માય—॥ મોહન૦ ॥
મારી બેનોને હરખ ન માય—મોહન૦ ॥ એ દેશી ॥

## ૨૪

રાજુલ બેઠાં બારીએ રે, જુવે જાનોની વાટ;
કઈ રે દિશાએ જાનો આવશે રે, ઉડે અબિલ ગુલાલ.
ઉગમણી દિશાએ જાનો આવશે રે, ઉડે અબિલ ગુલાલ,
કોણ ઘોડે કોણ રથ હાથીએ રે, કોણ તેજી પલાણ.
કૃષ્ણ ઘોડે બળદેવ હાથીએ રે, જાદવ તેજી પલાણ;
નેમજી તે બેઠા પાલખી રે. ઉપર ચામર ઢોલાય ॥ એ દેશી ॥

## ૨૫

વાગે છે રે વાગે છે, દેરાસર વાજાં વાગે છે,
જેનો શબ્દ ગગનમાં ગાજે છે–દેરાસર૦
ઝીણી ઝીણી ઘૂઘરી ઘમકે છે,
ઈંદ્રાણીના પાઉલ ઠમકે છે–દેરાસર૦
પ્રભુ સમવસરણમાં બિરાજે છે, જેમાં ચોત્રીસ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીશ વાણી ગાજે છે–દેરાસર૦
પ્રભુ જન્મે અતિશય ચાર છે, ઘાતિ કર્મ ક્ષયે અગિયાર છે;
વળી દેવ કર્યા ઓગણીસ રે–દેરાસર૦ ॥ એ દેશી ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૬

દિવસ દીપે આજ મંગલકારી, હાંરે નવપદની છે બલિહારી–દિવસ૦
હાંરે ભાવિ પ્રાણી પાપથી ધ્રૂજો, હાંરે નવપદજીને વધાવો–દિવસ૦
હાંરે થાળ ભરી ભરી મોતીડા લાવો, હાંરે તુમે નવપદજીને વધાવો
—દિવસ૦ ॥ એ દેશી ॥

૨૭

સિદ્ધાચલનો વાસી, પ્યારો લાગે મોરા રાજિંદા;
વિમલાચલનો વાસી પ્યારો લાગે મોરા રાજિંદા.
એણે રે ડુંગરીએ ઝીણી ઝીણી કોરણી, ઝીણી ઝીણી કોરણી;
ઉપર શિખર બિરાજે મોરા રાજિંદા સિદ્ધા૦ ॥ એ દેશી ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન પ્રકાશન મંદિર, અમદાવાદ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અમારાં પ્રકાશનો




જૈન પ્રકાશન મંદિર
૩૦૯/૪ ખત્રીની ખડકી
દોશીવાડાની પોળ
અમદાવાદ-૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org